# સમાધિતંત્ર પ્રવચન ભાગ-૫

(શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર પર પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૯૭૪-૭૫ના સમાધિભાવપ્રેરક અક્ષરશઃ પ્રવચન)




પ્રકાશક :-શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ

ॐ

परमात्मने नमः।

# સમાધિતંત્ર પ્રવચન

## (ભાગ-૫)

(શ્રીમદ્ દેવનંદી અપરનામ પૂજ્યપાદસ્વામી વિરચિત શ્રી સમાધિતંત્ર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શબ્દશઃ પ્રવચનો)

(શ્લોક-૭૮ થી ૧૦૦, પ્રવચન-૯૧ થી ૧૧૫)

**પ્રકાશક**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

**સહપ્રકાશક**

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
| --- | --- | --- |
| ૨૦૭૬ | ૨૫૪૬ | ૨૦૨૦ |

**પ્રકાશન તિથિ**

તા. ૦૬-૦૭-૨૦૨૦, અષાઢ વદ ૧

વીરશાસન જયંતિ,

શ્રી વીરશાસન જયંતિ અર્થાત્ રાજગૃહીના વિપુલાચલપર્વત ઉપરથી

શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ પ્રથમવાર છૂટવાનો દિવસ

## પ્રાપ્તિસ્થાન

**૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**

**સોનગઢ (સૌરાષ્ટ્ર)–૩૬૪૨૫૦. ફોન–૦૨૮૪૬–૨૪૪૩૩૪**

**૨. શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

**૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,**

**વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૫૬**

**ફોન–(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬**

**www.vitragvani.com, email-info@vitragvani.com**

**ટાઈપ સેટિંગ :**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

**ભાવનગર**

**મો. ૯૭૨૫૨૫૧૧૩૧**

# પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

મહાવીર ભગવાન, ગૌતમ ગણધર ત્યારબાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહમાં જઈ સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરીને ભરતમાં આવેલ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે એ જગતવિદિત છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે. આવા પવિત્ર દેવ-ગુરુ-શાસ્ત્રનું મંગળ સ્મરણ કરીને શ્રી વીરશાસન જયંતિના (શ્રી વીરશાસન જયંતિ અર્થાત્ રાજગૃહીના વિપુલાચલ પર્વત ઉપરથી શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ પ્રથમવાર છૂટવાનો દિવસ) શુભદિવસે 'સમાધિતંત્ર પ્રવચન' (ભાગ-૫) પાઠકવર્ગના હસ્તકમળમાં મૂકતાં અત્યંત હર્ષ થઈ રહ્યો છે.

વર્તમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિમાં જે કહેવાઈ રહ્યું છે, તેને પ્રત્યક્ષ ઝીલનારા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને તેમના અનન્ય ભક્ત, કે જેમની વિદ્યમાનતા શ્રી કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વખતે સાક્ષાત્ હતી, એવા વ્હાલા પૂજ્ય કહાન ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર પ્રવચનો, એનું શું કહેવું? જે વિષય વચનગોચર નથી, વિકલ્પગોચર નથી તેને કથંચિત્ વક્તવ્ય કરવો એ કહાન ગુરુદેવશ્રીની સમર્થ પ્રચંડ શક્તિના દર્શન કરાવે છે અને ભાવિમાં ૐકાર ધ્વનિ છૂટવાની છે તેનું સૂચક છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રસ્તુત પ્રવચનો અધ્યાત્મના અનેકવિધ રહસ્યોને વ્યક્ત કરી રહ્યા છે. આચાર્ય ભગવાનના હૃદયમાં પેસીને તેમના ભાવોને સ્પષ્ટ કરવાનું સામર્થ્ય પ્રસ્તુત પ્રવચનોમાં વ્યક્ત થાય છે. અનંત કાળથી મિથ્યાત્વદશામાં ભ્રમણ કરતો અજ્ઞાની જીવ બહિરાત્મદશાને નષ્ટ કરી, અંતરાત્મપણું પ્રગટ કરી પરમાત્મદશાને કઈ રીતે પ્રાપ્ત કરે છે તેનું રોચક વિવેચન આચાર્ય ભગવાને તો કર્યું છે પરંતુ સાંપ્રત મુમુક્ષુ સમાજને સાદી તથા સરળ ભાષામાં પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્પષ્ટ કર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પ્રવચનોમાં ભાવભાસનપૂર્વકની સમજણને અધિક મહત્તા આપી છે એવી શૈલી પણ વ્યક્ત થઈ રહી છે. પ્રત્યેક પ્રવચન ભેદજ્ઞાનપૂર્ણ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય જ્ઞાતાધારાના દર્શન પણ પ્રત્યેક પ્રવચનોમાં થઈ રહ્યા છે. અખંડ એકરૂપ સ્વરૂપાશ્રિત પરિણતિપૂર્વક સમજાવવાનું સામર્થ્ય પ્રવચનોમાં ઉભરાઈને બહાર આવી રહ્યું છે. જેમના એક પ્રવચનશ્રવણમાત્રથી

જેમના ભવનો અંત આવ્યો એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીનો ઉલ્લેખ અનેક પ્રવચનોમાં આવે છે. અત્રે એ વાતનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશનાનું સામર્થ્ય તો મહાપવિત્ર છે જ, પરંતુ પ્રવચન સંબંધિત વિકલ્પના નિમિત્તે મુમુક્ષુજીવના ભવનો અંત આવી શકે છે એ આ વાતનો પુરાવો છે. જેમના વિભાવઅંશમાં આટલું સામર્થ્ય છે તો તેઓશ્રીની પવિત્ર જ્ઞાનધારાના દર્શનથી મુમુક્ષુજીવનું આત્મકલ્યાણ ન થાય એ વાત અસ્થાનીય છે. આવા વ્હાલસોયા પૂજ્ય ગુરુદેવશ્રીનું જેટલું ગુણ સંકીર્તન કરવામાં આવે તે ઓછું જ છે. માટે આ પ્રસંગે તેમના ચરણોમાં ભક્તિભાવપૂર્વક શત શત વંદન હો, વંદન હો!

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ **(www. vitragvani.com)** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે સમાધિતંત્ર ગ્રંથ ઉપરના પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો **www.vitragvani.com** ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



શ્રીમદ્ દેવનંદી અપરનામ પૂજ્યપાદસ્વામી

# પ્રસ્તાવના

સમાધિતંત્ર ગ્રંથના રચયિતા શ્રીમદ્ પૂજ્યપાદસ્વામી આચાર્ય, મૂલસંઘ અંતર્મગત નંદિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ બહુ પ્રતિભાશાળી, પ્રખર તાર્કિક વિદ્વાન અને મહાન તપસ્વી હતા. પૂજ્યપાદસ્વામીનો સમય શ્રવણ બેલગોલના શિલાલેખ અનુસાર તેઓ શ્રી સમંતભદ્રાચાર્યની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા. શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સુપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ. પાંચમી શતાબ્દિમાં અને વિકલ્પની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા 'પૂજ્યપાદચરિતે' તથા 'રાજાવલીકથે' નામના ગ્રંથોમાં તેમના પિતાનું નામ 'માધવભટ્ટ' અને માતાનું નામ 'શ્રીદેવી' આપ્યું છે અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા હતા. ઉપલબ્ધ શિલાલેખોથી એ વાત પ્રસિદ્ધ છે કે તેઓશ્રી દેવનંદી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદસ્વામી નામથી પ્રસિદ્ધ છે. 'દેવનંદી'-એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા—વિપુલતાના કારણે તેઓએ પાછળથી 'જિનેન્દ્રબુદ્ધિ' એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને 'પૂજ્યપાદ' નામથી વિભૂષિત કર્યા.

ઉપલબ્ધ શિલાલેખો ઉપરથી તેમના જીવનકાળ દરમ્યાન ઘટિત અનેક અદ્ભુત ઘટનાઓ દૃષ્ટવ્ય છે. શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલા શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને 'જિનેન્દ્રબુદ્ધિ' નામે વર્ણવ્યા છે.

વળી, તેઓ ઔષધઋદ્ધિના ધારક હતા. વિદેહક્ષેત્રસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થયું હતું. તેમના પાદોદક (ચરણ-જલ)ના સ્પર્શથી એક વખત લોઢુ પણ સોનું થઈ ગયું હતું. તદ્ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું. પરંતુ 'શાન્ત્યષ્ટક' ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર-તેજ પુનઃ પ્રાપ્ત થયું હતું. મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

તેઓશ્રીએ અનેક ગ્રંથોની રચના પણ કરી છે. જેમકે 'જૈનેન્દ્ર વ્યાકરણ', 'સર્વાર્થસિદ્ધિ', 'જૈનાભિષેક', 'છંદશાસ્ત્ર', 'સમાધિતંત્ર, સમાધિશતક', 'ઈષ્ટોપદેશ'. આમાં

ઈષ્ટોપદેશ તથા સમાધિતંત્ર આધ્યાત્મિક ગ્રંથો છે, જે મુમુક્ષુજીવોને આત્મકલ્યાણ થવામાં મહાનિમિત્તભૂત છે. સમાધિતંત્ર ગ્રંથના અંતમાં આપેલી પ્રશસ્તિ અનુસાર ગ્રંથના ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર (પ્રભેન્દુ) આ ગ્રંથના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ શ્રી સમંતભદ્રાચાર્ય દ્વારા રચિત રત્નકરંડ શ્રાવકાચારના પણ સંસ્કૃત ટીકાકાર છે.

પ્રસ્તુત પ્રવચનોમાં સમાધિતંત્ર ગ્રંથના મૂળ શ્લોકો, ગુજરાતી અન્વયાર્થ, ભાવાર્થ આદિ તથા શ્રી પ્રભાચંદ્ર વિનિર્મિત સંસ્કૃત ટીકા ગુજરાતી અનુવાદ સહિત પાઠકવર્ગની સુવિધા અર્થે લેવામાં આવેલ છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના સાતિશય દિવ્ય પ્રવચનોનો ભાવપૂર્વક સ્વાધ્યાય કરી પાઠકવર્ગ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સહિત વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વ-ભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ

માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો- મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય

સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨00૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક | પૃ.સં. |
|---|---|---|---|
| ૯૧ | ૧૬.૦૭.૧૯૭૫ | ૭૮ | ૦૩ |
| ૯૨ | ૧૭.૦૭.૧૯૭૫ | ૭૮-૭૯ | ૧૫ |
| ૯૩ | ૧૮.૦૭.૧૯૭૫ | ૭૯-૮૦ | ૨૮ |
| ૯૪ | ૧૯.૦૭.૧૯૭૫ | ૮૦-૮૧ | ૪૦ |
| ૯૫ | ૨૦.૦૭.૧૯૭૫ | ૮૧-૮૨ | ૫૨ |
| ૯૬ | ૨૧.૦૭.૧૯૭૫ | ૮૨-૮૩ | ૬૫ |
| ૯૭ | ૨૨.૦૭.૧૯૭૫ | ૮૪ | ૭૯ |
| ૯૮ | ૨૩.૦૭.૧૯૭૫ | ૮૫ | ૯૨ |
| ૯૯ | ૨૪.૦૭.૧૯૭૫ | ૮૫-૮૬ | ૧૦૫ |
| ૧૦૦ | ૨૫.૦૭.૧૯૭૫ | ૮૬-૮૭ | ૧૧૯ |
| ૧૦૧ | ૨૬.૦૭.૧૯૭૫ | ૮૭ | ૧૩૧ |
| ૧૦૨ | ૨૭.૦૭.૧૯૭૫ | ૮૮-૮૯ | ૧૪૪ |
| ૧૦૩ | ૨૮.૦૭.૧૯૭૫ | ૮૯-૯૦ | ૧૫૭ |
| ૧૦૪ | ૨૯.૦૭.૧૯૭૫ | ૯૧ | ૧૭૧ |
| ૧૦૫ | ૩૦.૦૭.૧૯૭૫ | ૯૧-૯૨ | ૧૮૪ |
| ૧૦૬ | ૩૧.૦૭.૧૯૭૫ | ૯૨-૯૩ | ૧૯૮ |
| ૧૦૭ | ૦૧.૦૮.૧૯૭૫ | ૯૩ | ૨૧૨ |
| ૧૦૮ | ૦૨.૦૮.૧૯૭૫ | ૯૩-૯૪ | ૨૨૪ |
| ૧૦૯ | ૦૩.૦૮.૧૯૭૫ | ૯૫ | ૨૩૭ |
| ૧૧૦ | ૦૪.૦૮.૧૯૭૫ | ૯૬-૯૭ | ૨૪૯ |
| ૧૧૧ | ૦૫.૦૮.૧૯૭૫ | ૯૭-૯૮ | ૨૬૧ |
| ૧૧૨ | ૦૬.૦૮.૧૯૭૫ | ૯૮ | ૨૭૩ |
| ૧૧૩ | ૦૭.૦૮.૧૯૭૫ | ૯૯ | ૨૮૬ |
| ૧૧૪ | ૦૯.૦૮.૧૯૭૫ | ૯૯-૧૦૦ | ૨૯૮ |
| ૧૧૫ | ૧૦.૦૮.૧૯૭૫ | ૧૦૦ | ૩૧૨ |


શ્લોક ૧૦૧ થી ૧૦૫ પર પ્રવચન ઉપલબ્ધ નથી.

ૐ

श्री परमात्मने नमः

# સમાધિતંત્ર પ્રવચન

(ભાગ-૫)

(શ્રીમદ્ દેવનન્દી અપરનામ પૂજ્યપાદસ્વામી વિરચિત
શ્રી સમાધિતંત્ર ગ્રંથ ઉપર
અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
અક્ષરશઃ પ્રવચનો)

एवं च स एव बुध्यते यो व्यवहारेऽनादरपरः यस्तु तत्रादरपरः स न बुध्यत इत्याह–

*व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे।
जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे।।७८।।

સૂતો જે વ્યવહારમાં, તે જાગે નિજમાંય;
જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય. ૭૮.

टीका :– व्यवहारे विकल्पाभिधानलक्षणोप्रवृत्तिनिवृत्यादिस्वरूपे वा सुषुप्तोऽप्रयत्नपरो यः स जागर्त्यात्मगोचरे आत्मविषये संेदनोद्यतो भवति। यस्तु व्यवहारेऽस्मिन्नुक्तप्रकारे जागर्ति स सुषुप्तः आत्मगोचरे।।७८।।

---

*. जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणे कज्जे।।३१।।
(मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः)

આવું જ્ઞાન તેને જ થાય છે કે જે વ્યવહાર વિશે અનાદર રાખે છે, પરંતુ જેને ત્યાં (વ્યવહારમાં) આદર છે તેને આવું જ્ઞાન થતું નથી. તે કહે છે :-

શ્લોક – ૭૮

અન્વયાર્થ :- (यः) જે (व्यवहारे) વ્યવહારમાં (सुषुप्तः) સૂતેલો છે, (सः) તે (आत्म गोचरे) આત્માના વિષયમાં (जागर्ति) જાગે છે (च) અને જે (अस्मिन् व्यवहारे) આ વ્યવહારમાં (जागर्ति) જાગે છે તે (आत्मगोचरे) આત્માના વિષયમાં (सुषुप्तः) સૂતેલો છે.

ટીકા :- વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે તેમાં ('વિકલ્પના સ્થાનરૂપ') અર્થાત્ પ્રવૃત્તિ-નિવૃત્તિ-આદિસ્વરૂપ (વ્યવહારમાં) જે સૂતો છે-પ્રયત્નપરાયણ નથી, તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે અર્થાત્ સંવેદનમાં (આત્માનુભવમાં) તત્પર હોય છે, પણ જે આ ઉક્ત પ્રકારના વ્યવહારમાં જાગે છે તે આત્મ-વિષયમાં સૂતો છે. (અર્થાત્ આત્મદર્શન પામતો નથી.)

ભાવાર્થ :- જ્ઞાની, પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સાંસારિક કાર્યોમાં અનાસક્ત તેમ જ અપ્રયત્નશીલ હોય છે અને આત્માનુભવના કાર્યમાં સજાગ રહે છે – તત્પર રહે છે, જ્યારે અજ્ઞાની પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સંસારનાં કાર્યોમાં પ્રયત્નશીલ રહે છે – જાગૃત રહે છે અને આત્માનુભવના કાર્યમાં અતત્પર રહે છે.

વિશેષ

અહીં આચાર્યે એ બતાવ્યું છે કે પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહારમાં-અર્થાત્, અહિંસા, ભક્તિ, વ્રત, નિયમાદિ શુભ પ્રવૃત્તિરૂપ વ્યવહારમાં અને હિંસા, જૂઠ, ચોરી, આદિ અશુભ કાર્યથી નિવૃત્તિરૂપ વ્યવહારમાં-એમ બન્ને વ્યવહારોમાં જે અતત્પર હોય છે તે જ આત્માનુભવ કરી શકે છે, પરંતુ ભક્તિ આદિ શુભ કાર્યોમાં પ્રવૃત્તિથી અને અશુભ કાર્યમાં નિવૃત્તિથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, કારણ કે તે પ્રવૃત્તિ વિકલ્પારૂઢ છે – રાગયુક્ત છે. રાગ ભલે શુભ હોય તો પણ તેનાથી આત્મજ્ઞાન થતું નથી.

જ્ઞાની તો આત્મસ્વરૂપમાં સ્થિરતારૂપ પ્રવૃત્તિ કરે છે, તેથી તેને વ્યવહાર ધર્મની સ્વયં નિવૃત્તિ થઈ જાય છે. તેની તે પ્રવૃત્તિ વિકલ્પારૂઢ નથી, પણ નિર્વિકલ્પ છે અને તેનાથી ધર્મ થાય છે.

જ્ઞાનીને અસ્થિરતાને લીધે કદાચિત્ પૂજા-ભક્તિ આદિનો શુભ રાગ આવે, પણ તે તેને ભલો માનતો નથી, તેને તેનું સ્વામીત્વ કે કર્તાબુદ્ધિ નથી. તેને તે રાગ હેયબુદ્ધિએ વર્તે છે; તેથી તેમાં તેની પ્રવૃત્તિ દેખાવા છતાં તે વાસ્તવમાં નિવૃત્તિમય જ છે.

અજ્ઞાની શુભરાગમય પ્રવૃત્તિને ધર્મ માની તેનાથી સંતુષ્ટ થાય છે અને આત્મસ્વરૂપની ભાવના માટે અતત્પર હોય છે.

''વળી કોઈ જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી તેમાં અતિ અનુરાગી થઈ પ્રવર્તે છે,

**પણ તે તો જેમ અન્યમતી ભક્તિથી મુક્તિ માને છે તેવું આનું પણ શ્રદ્ધાન થયું; ભક્તિ તો રાગરૂપ છે અને રાગથી બંધ છે, માટે તે મોક્ષનું કારણ નથી. રાગનો ઉદય આવતા જો ભક્તિ ન કરે તો પાપાનુરાગ થાય, એટલા માટે અશુભ રાગ છોડવા અર્થે જ્ઞાની ભક્તિમાં પ્રવર્તે છે વા મોક્ષમાર્ગમાં બાહ્ય નિમિત્તમાત્ર પણ જાણે છે, પરંતુ ત્યાં જ ઉપાદેયપણું માની સંતુષ્ટ થતો નથી, પણ શુદ્ધોપયોગનો ઉદ્યમી રહે છે...''૧**

**''...આ ભક્તિ, કેવળ ભક્તિ જ છે પ્રધાન જેને એવા અજ્ઞાની જીવોને જ હોય છે તથા તીવ્ર રાગજ્વર મટાડવા અર્થે વા અસ્થાનનો રાગ નિષેધવા અર્થે કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે''૨ એટલે કે જ્ઞાની જ્યારે સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી ત્યારે તેને આવી ભક્તિ હેયબુદ્ધિએ હોય છે. ૭૮.**

---

**અષાઢ સુદ ૮, બુધવાર તા. ૧૬-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૭૮,**
**પ્રવચન - ૯૧**

સમાધિતંત્ર. ૭૮ ગાથા. '**ટીકા :- વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે...**' એવો વ્યવહાર. એમ. વ્યવહારની વ્યાખ્યા કરી. બહુ સરસ. વિકલ્પ જેનું લક્ષણ એનું નામ વ્યવહાર. આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ હો, જાત્રાનો હો, વાંચનનો હો, શ્રવણનો હો એ વિકલ્પ છે એ વ્યવહાર છે. આહાહા..! ઝીણી વાત બાપુ ભગવાનનો માર્ગ સૂક્ષ્મ છે. વિકલ્પ નામ જેનું લક્ષણ એવો જે વ્યવહાર એમાં જે તત્પર નથી, એના ઉપર જેને રસ નથી એવા શુભ વિકલ્પો—દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિના. એવા ભાવમાં જેને તત્પરતા, રસ નથી એ આત્માના અનુભવને કરી શકે છે. આહાહા..! આવી વાત છે. ઝીણી વાત બાપુ! માર્ગ એવો વીતરાગનો છે. અત્યારે તો એને ડહોળી નાખ્યો છે બધો માર્ગ. આહાહા..!

અહીં તો કહે છે કે જે પરની દયા પાળવાનો ભાવ, ભગવાનની પૂજાનો ભાવ, જાત્રાનો ભાવ, ભગવાનના સ્મરણનો ભાવ, સાંભળવાનો ભાવ, કહેવાનો ભાવ... આહાહા..! એ બધો વ્યવહાર છે અને એનું લક્ષણ વિકલ્પ છે. આહાહા..! રાગ. એ રાગમાં જે તત્પર નથી, રાગનો જેને રસ નથી અને રાગનો જેને આદર નથી. આહાહા..! '**તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે...**' આહાહા..! એ આત્મા આનંદસ્વરૂપ સહજાનંદ મૂર્તિ પ્રભુ, સહજાનંદ.

પંચાસ્તિકાયમાં લીધું છે ને. પહેલો શ્લોક લીધો છે. સહજ આનંદમય પ્રભુ છે આત્મા અને સહજ ચૈતન્ય પ્રકાશમય હોવાથી તે અતિમહાન પદાર્થ છે. અહીં સાંભળ્યું પણ ન હોય કે આ શું કહે છે. આહાહા..! ભગવાન આત્મા એને આત્મા કહીએ કે જેમાં અંદર સહજ આનંદ ભર્યો છે. અતીન્દ્રિય આનંદ. સહજ આનંદમય અને સહજ ચૈતન્યના પ્રકાશ, ચૈતન્યના પ્રકાશમય. એવો હોવાથી અતિ મહાન પદાર્થ છે. આહાહા..! એવા પદાર્થમાં તત્પરતા કોને હોય? કે જેને વ્યવહારની ક્રિયાકાંડના રાગમાં રસ નથી. જેને વ્યવહારની દયા, દાન, ભક્તિ, પૂજાના ભાવમાં આદર નથી તે આવા આત્માનો આદર કરી શકે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચય અને વ્યવહાર પ્રતિપક્ષ છે.

ઉત્તર :- પ્રતિ વિરોધ છે ને? આહાહા..! એક તો એ ન્યાય આવ્યો છે. ઓલું હમણાં આવ્યું હતું ને આપણે? કે આત્મામાં શરીરનો અભાવ છે. ભગવાન આત્મામાં આ શરીર, આ જડ-માટી એનો તો અભાવ છે. તો જેનો અભાવ એને કરે શું? અકર્તા છે.

બીજી રીતે સહજ આનંદસ્વરૂપ અને સહજ ચૈતન્ય પ્રકાશસ્વરૂપ ભગવાન આત્મા એમાં રાગ વ્યવહાર વિકલ્પનો અભાવ છે. આહાહા..! તો જેનો અભાવ એને કરે શું? આહાહા..! એથી આગળ જતાં એ પર્યાયનો દ્રવ્યમાં અભાવ છે તો પર્યાયને કરે શું દ્રવ્ય? આહાહા..! જાદવજીભાઈ! સાંભળતા નથી લાગતા બરાબર. ઓછું સાંભળતા લાગે છે. સાંભળે છે ઓછું. ભાઈ આ મૃત્યુ મહોત્સવની વાત કરી કે જ્ઞાનીને તો આમ કરવું, પણ અમારે અજ્ઞાનીને શું કરવું? એમ પૂછે છે. શું કીધું? દિલીપની કાકી પૂછે છે. સાંભળે છે ક્યાં એ? ભાઈ આ તો મૃત્યુ મહોત્સવની વાત આવી એ તો જ્ઞાનીને માટે છે. પણ હવે અમારે શું કરવું? વાત સાચી. તમારે આ કરવું. કે પરવસ્તુ છે તેનો હું કર્તા નથી. કેમકે પરવસ્તુ મારામાં નથી. મારામાં હોય એને હું કરું. આહાહા..! આવો વીતરાગમાર્ગ!

મુમુક્ષુ :- તો તો ઘરનું કાંઈ કામ ન થાય.

ઉત્તર :- કોણ કરી શકે છે ઘરના કામ? રાંધવાનું અને ચોખા દાળ બનાવો, ખીચડી બનાવો. આત્મા કરે? ભારે આકરું! બૈરા સાંજે ખીચડી કરે, કઢી કરે, પાપડ ઊના કરે. પાપડ. આહાહા..!

ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે તારી ચીજમાં એ શરીર અને આ પરચીજ નથી તો એનો તું કર્તા હોઈ શકે નહિ. આહાહા..! એનો નિર્ણય તો કરે. આહાહા..! હવે આપણે તો અહીં વ્યવહાર ચાલે છે. જે આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, અપવાસ આદિ કરું, પૂજા કરું, જાત્રા કરું, સમ્મેદશિખરની, શેત્રુંજયની એવો જે વિકલ્પ ઊઠે છે એ વ્યવહાર છે. વ્યવહારનું લક્ષણ જ વિકલ્પ છે એમ કહે છે. એય.. શાંતિભાઈ!

તો એ વિકલ્પનો જેને રસ છે, પ્રેમ છે, રુચિ છે, એને આત્માની રુચિ નથી. આહાહા..! એવી વાત છે, બાપુ! માર્ગ આવો. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર, ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આમ કહેતા હતા એ આ વાત છે. આહાહા..! કહે છે કે અહીંયાં તો આપણે વ્યવહારની વાત આવી છે. પરનું તો કરી શકે નહિ, પણ વ્યવહાર જે રાગ છે એ પણ જીવનું, આત્માનું કર્તવ્ય નથી.

કેમકે એ કર્તવ્ય માને તો તો મિથ્યાદૃષ્ટિ થાય છે. એનો રસ આવે છે વ્યવહારનો અને નિશ્ચયનો અનાદર થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય ને?

ઉત્તર :- એ વાત જ જૂઠી છે તદ્દન. વ્યવહાર કરતાં-કરતાં, વિકલ્પ કરતા-કરતા નિર્વિકલ્પ થાય. એ માટે તો કહે છે. અરેરે..!

કહે છે '**વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે...**' આહાહા..! નિશ્ચય એટલે નિર્વિકલ્પ જેનું લક્ષણ. આહાહા..! માર્ગ બાપુ! દુનિયાએ માન્યો છે અને એ કર્યો. એ જિંદગી ચાલી જાય છે. આહાહા..! એ નથી ખબર સાધુને, નથી ખબર નામ ધારી શ્રાવકને. એય..! માર્ગ એવો બાપુ. માર્ગ જુદી જાતનો છે. આહાહા..! કહે છે '**વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ...**' વ્યવહારમાં એટલે વિકલ્પ જેનું લક્ષણ એટલે કે વિકલ્પમાં એમ. એટલે કે શુભરાગની વૃત્તિમાં. આહાહા..! એમાં જેનું તત્પરપણું નથી.

'**પ્રવૃત્તિ-નિવૃત્તિ-આદિસ્વરૂપ (વ્યવહારમાં) જે સૂતો છે...**' એટલે એવા વિકલ્પમાં જે સૂતો છે. એટલે કે તેને જાગૃતપણે મારા છે એમ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! ધર્મ વીતરાગમાર્ગ બાપુ! એવો માર્ગ ક્યાંય બીજે છે નહિ. આહાહા..! અરે..! દુનિયાને એવું લાગે કે આ તો હાય.. હાય... આ બધો વ્યવહાર કરીએ તો લોપ થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે તો અહીં કહેવાય છે. આહાહા..!

ભગવાન આત્મા સહજ આનંદ અને સહજ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. એવો જેને સ્વભાવનો આદર થઈને, સ્વભાવમાં એકાગ્રતા થાય એને વ્યવહારનો આદર રહે નહિ. હોય ખરો વ્યવહાર. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! પછી નિશ્ચય કાઢી નાખે. એ તો સોનગઢનું છે. અરે.. પણ સોગનઢનું છે કે આ તે વસ્તુનું છે? આ તો ભગવાન કહે છે. આહાહા..! લોકોને બિચારાને મળ્યું નથી અને એમ ને એમ આંધળી દોડે. એય..! આ બધા શેઠિયા થાય વળી સ્થાનકવાસીમાં. એના અગ્રેસર થઈને હલવે. આ માર્ગ આમ છે... આ માર્ગ આમ.. મિથ્યાત્વનું પોષણ છે એમ કહે છે. કહો, સુજાનમલજી! આહાહા..! ભારે ગજબ વાત છે. સમાધિતંત્ર છે ને?

એટલે કે જે વ્યવહાર એટલે જેનું વિકલ્પ રાગ લક્ષણ. એ રાગ છે. ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો અરે.. સાંભળવા વખતનો એ પણ અંદર વિકલ્પ રાગ છે. આહાહા..! એ રાગમાં જેને રસ છે એટલે કે રાગનો જેને આદર છે, એને ભગવાન રાગ વિનાના સ્વભાવનો એને આદર નથી. આહાહા..! આ તો સીધી વાત છે. આ પહેલું સમજવા માટે આ સમજવું છે એમ. આહાહા..! અહીં તો વળી આઘું ગયું હતું વિચારમાં. અહીં તો અહીં સુધી આવ્યું ને.

પણ પર્યાય જે છે એ પણ એક સમયની દશા છે અને એ દશાનો અંશ ત્રિકાળમાં નથી. તો જેમાં નથી એને શી રીતે કરે? આહાહા..! ભારે માર્ગ બાપુ! વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથના

આ કથનો છે બધા. ખબર નથી. જિંદગી એમ ને એમ ચાલી જાય છે. મિથ્યાત્વસહિત જિંદગી જાય છે. જાય ચાર ગતિમાં રખડવા. આહાહા..! નરક ને પશુ ને ઢોર(માં) અવતરશે મિથ્યાત્વસહિત છે તે.

અહીં કહે છે કે એકવાર સાંભળતો ખરો, પ્રભુ! જેને વ્યવહાર નામ વિકલ્પનું જેને લક્ષણ એવા વિકલ્પમાં જે તત્પર નથી એટલે વિકલ્પમાં સૂતો છે એટલે કે વિકલ્પ મારા છે અને વિકલ્પ મને હિતકર છે એવી જેને દૃષ્ટિ નથી એ આત્માની દૃષ્ટિ કરી શકે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે? '**વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે...**' ભારે પણ. આચાર્યો પણ ભિન્ન-ભિન્ન, ટીકામાં ભિન્ન-ભિન્ન લક્ષણ બાંધે છે. આહાહા..! '**તેમાં (વિકલ્પના સ્થાનરૂપ) અર્થાત્ પ્રવૃત્તિ-નિવૃત્તિ-આદિસ્વરૂપ...**' શુભમાં પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ એવો જે વ્યવહાર તે વિકલ્પ છે. આહાહા..!

એમાં '**જે સૂતો છે-પ્રયત્નપરાયણ નથી,...**' એટલે કે વ્યવહારના રાગમાં જેને આદર નથી, '**તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે...**' આહાહા..! એ આત્માના સંવેદનમાં તત્પર હોય છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. જેને વ્યવહારનો રસ નથી, તેને આનંદનો રસ છે અને આનંદમાં તત્પર છે, તેને આનંદનો સ્વાદ આવે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ક્યાંનો ક્યાંથી કાઢ્યો? કેટલાક એમ કહે. બાપુ! તને ખબર નથી, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર મહાવિદેહમાં બિરાજે છે. સીમંધર ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર તરીકે બિરાજે છે. ત્યાં મુનિ ગયા હતા. આઠ દિન ત્યાં રહ્યા હતા.

સમાધિશતક યોગીન્દ્રદેવ કહે છે ને, પૂજ્યપાદ સ્વામી ગયા હતા એમ કહે છે. કહે છે ત્યાં ગયા હતા. પણ અમથું ન ગયા હોય તો પૂજ્યપાદ સ્વામી... બધી એક જ વાત છે. આહાહા..! એ તો દરેક સંતો દિગંબર મુનિઓની તો એક જ પ્રકારની વાત છે. કોઈ મુનિ હોય, દ્રવ્યસંગ્રહ કર્તા હોય એની એક જ વાત છે. એ સિવાયના માર્ગ જે બીજા નીકળ્યા એ બધા તત્ત્વથી વિરૂદ્ધ થઈને નીકળ્યા. સમજાણું કાંઈ? જેમાં આવી તત્ત્વની વાત સત્ય ચીજ છે નહિ. અસત્યની વાતું. વ્યવહાર કરો, દયા પાળો, ભક્તિ કરો, જાત્રા કરો, તમારે કલ્યાણ થશે. એ બધી અસત્યની મિથ્યાત્વની વાતું છે. આહાહા..! ચેતનજી!

મુમુક્ષુ :- અમારે તો ભગવાનની ભક્તિ અને આગમ...

ઉત્તર :- આગમ ને મૂર્તિ બે એમ કે પંચમકાળમાં આધાર. અહીં તો ના પાડે છે સાંભળને ભાઈ! મૂર્તિ અને આગમ એ પરવસ્તુ છે, તેના તરફનો ભાવ તે શુભરાગ છે અને એ શુભરાગમાં રસ છે એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! એવું માર્ગનું સ્વરૂપ બાપુ! તીર્થંકરો, કેવળીઓએ આપ્યું એની ખબર ન મળે અને એમ ને એમ સંસાર, જિંદગી પૂરી થઈ જાય. આહાહા..!

મુમુક્ષુ :- તો રસ ક્યારે છૂટે?

ઉત્તર :- આ માને ત્યારે છૂટે.

મુમુક્ષુ :- માની લીધું .. પ્રગટ જ નથી.

ઉત્તર :- ક્યાં માન્યું છે અંદરથી? અંદરથી માનવું જોઈએ ને? આહાહા..!

જેને વ્યવહારનું લક્ષણ વિકલ્પ એટલે રાગ એનો જેને અંતરદષ્ટિમાં આશ્રય નથી અને જેનો એમાં આદર નથી. આહાહા..! (ભલે રાગ) હો, એ જીવ આત્મદર્શનમાં જાગે છે. એ સમ્યગ્દર્શન એને થાય છે. એમ કહે છે. આહાહા..! માણસને લાગે આકરું. પકડાણું ન હોય, બીજું પકડ્યું હોય એટલે આ વાત એને ઠીક (ન લાગે). આપણે ચાલીએ એ ચાલવા દ્યો. એ તો અનાદિથી ચાલે છે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ!

તે '**સંવેદનમાં (આત્માનુભવમાં) તત્પર હોય છે,...**' એને આત્માના સ્વભાવની સન્મુખતામાં એ તત્પર છે અને રાગથી વિમુખપણે એ તત્પર છે. આહાહા..! સમાધિનો અધિકાર છે ને? આમ તો બોલે બધા લોગસ્સમાં. 'સમાહિવરમુત્તમંદિંતુ' અર્થની કાંઈ ખબર ન મળે. ગડિયા હાંકે જાય. 'સમાહિવરમુત્તમંદિંતુ' એટલે શું? ઓલા બાવા સમાધિ ચલાવે એ સમાધિ હશે? કાંઈ ખબર ન મળે. 'સમાહિવરમુત્તમંદિંતુ' આવે છે ને? 'ચંદેસુ નિમ્મલયરા આઈચેસ્સુ.' આહાહા..! સમાધિ એટલે જેને રાગનો રસ ઊડી ગયો છે અને આત્માના રસમાં જે એકાગ્ર છે એને સમાધિ અને એને સમ્યગ્દર્શનની સમાધિ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બોધિ ને સમાધિ છે.

ઉત્તર :- એ બોધિમાં ત્રણેય આવી જાય--દર્શન-જ્ઞાન-ચારિત્ર. અહીં ત્રણે આવી ગયું સમાધિમાં. આહાહા..! એટલે કે જેને વ્યવહારમાં જેની પૂંઠ છે અને સ્વભાવમાં જેનો આદર છે એ ચૈતન્યસ્વભાવનું વેદન કરી શકે છે. આહાહા..! રતિભાઈ!

'**પણ જે આ ઉક્ત પ્રકારના વ્યવહારમાં જાગે છે...**' એ વ્યવહારના રસમાં જેની તત્પરતા છે અને વીર્ય ત્યાં જ રોકાઈ ગયું છે. આહાહા..! શુભરાગની રચનામાં રોકાણું છે વીર્ય '**તે આત્મ-વિષયમાં સૂતો છે.**' એ આત્માના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરવામાં એ સૂઈ ગયો છે. ભાન નથી એને કાંઈ. આહાહા..! પણ એ આત્મા કોણ છે, અંદર શું છે? એની એને ખબર ન મળે. એ તો આ પર્યાયમાં જ્ઞાનનો ઉઘાડ ભાળે અને રાગ એ આત્મા. આહાહા..! પણ એ જ્ઞાનની પર્યાયની પાછળ અંદર આખું તત્ત્વ પડ્યું છે. સહજાનંદનો મૂર્ત સ્વભાવ, પૂર્ણ ચૈતન્ય પ્રકાશની મૂર્તિ એને અહીંયાં આત્મા કહે છે. એ આત્મામાં જેને રસ નથી તેને વ્યવહારમાં રસ છે. આહાહા..! છે ને?

'**વ્યવહારમાં જાગે છે તે આત્મ-વિષયમાં સૂતો છે.**' આહાહા..! એક ઘા ને બે કટકા કહે છે અહીં તો. ઘા તો એક જ વાગે ને, કટકા બે થાય. આહાહા..! એમ વ્યવહારના રસમાંથી ખસી ગયો છે. હોય, આદર નથી. એને અંતર નિશ્ચય સ્વભાવનો સંવેદન અને આદર છે અને જેને સંવેદનનો આદર નથી એટલે કે સ્વભાવના તરફનો આદર નથી એને વ્યવહારનો આદર તે અસમાધિમાં પડ્યો છે. આહાહા..! ભારે ભાઈ! હજી એને તો સાંભળવા મળે નહિ, એ વિચારે કે દિ', બેસાડે કે દિ', રુચિ કરે કે દિ'? આહાહા..! બહુ દુર્લભ વસ્તુ છે. '(**અર્થાત્ આત્મદર્શન પામતો નથી.**)'

ભાવાર્થ. બહુ અધિકાર સરસ છે. આ અષ્ટાન્હિકાનો દિવસ છે પહેલો. અષ્ટાનિકા એટલે?

ભગવાનની મૂર્તિઓ બાવન જિનાલય નંદિશ્વર દ્વીપમાં છે. નંદિશ્વર દ્વીપ છે આઠમો. એમાં બાવન જિનાલય જિનમૂર્તિઓ છે બાવન મંદિરો. અનેક મૂર્તિઓ છે. એક એક મંદિરમાં ૧૦૮ રત્નમય મૂર્તિઓ છે. એને અષ્ટાન્હિકા કહેવાય. અષ્ટ, અનિક એટલે દિવસ. એ આઠ આ બુધવારથી ઓલા બુધવાર સુધી આઠ દિવસના નંદિશ્વરદ્વિપના દિવસ કહેવાય છે. દેવો ત્યાં પૂજા કરવા જાય છે. છે શુભભાવ. સમકિતી છે. પણ એને શુભભાવમાં આદર નથી. હેયબુદ્ધિએ તે શુભભાવમાં આવે છે. આહાહા..! બાવન જિનાલય છે નંદિશ્વર દ્વીપે.

મુમુક્ષુ :- એટલું કરે તોપણ આદર નથી?

ઉત્તર :- શું કહે છે? શુભભાવમાં આદર નથી, હેયબુદ્ધિ છે. હરખ નથી. હરખ આત્મામાં છે. આહાહા..! હોય છે. અસ્થિરતાને લઈને હોય છે, પણ હેયબુદ્ધિ છે. અજ્ઞાનીને ઉપાદેયબુદ્ધિ છે તે મિથ્યાત્વભાવ છે. આહાહા..!

ભગવાન આત્મા સહજાનંદ સ્વરૂપનું દળ છે. એ જેને ઉપાદેય નથી. સહજ આનંદ અને સહજ ચૈતન્યમય એ વસ્તુ છે. ચૈતન્યભાવો નહિ, ચૈતન્યમય, સહજ આનંદમય એ વસ્તુ છે. એ વસ્તુની જેને ખબર નથી, આદર નથી, ખબર નથી કે આ શું આત્મા તે ચીજ છે? આહાહા..! એવાઓને વ્યવહારના રસમાં જિંદગી ગાળે છે બિચારા. એ મિથ્યાદષ્ટિ જીવ છે. એને જૈનની દષ્ટિની ખબર નથી. આહાહા..! વીતરાગ તીર્થંકરદેવ જેને સમ્યગ્દર્શન કહે એની એને ખબર નથી. ખબર ન મળે. સમ્યગ્દર્શન તો નથી પણ ખબર પણ નથી. આહાહા..! આવી વાત છે, બાપુ!

'**ભાવાર્થ :- જ્ઞાની, પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સાંસારિક કાર્યોમાં અનાસક્ત તેમ જ અપ્રયત્નશીલ હોય છે...**' એ શુભભાવ. એ સંસારિક કાર્ય છે બધા. આહાહા..! સાચા મુનિ હોય સંત, સાચા સાધુ. જે અંદર આત્માનો અકષાય ભાવ પ્રગટ્યો છે, સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ, આનંદનું વેદન છે. એ મુનિઓ જંગલમાં વસે. સાચા સંત દિગંબર મુનિ જંગલમાં વસે. એની નગ્ન દશા હોય છે. એને વસ્ત્રનો ધાગો હોતો નથી. એને પણ જ્યારે પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે. આહાહા..! સમજાણું કાંઈ? તો એ જાણે છે કે સંસાર છે. આહાહા..! મારું લક્ષ શુભરાગ-પર ઉપર ગયું છે. એટલો ભાવ પણ સંસાર છે. આહાહા..! બહુ કામ આકરું જગતને.

જૈનમાં જન્મ્યા એને પણ ખબર ન મળે. વાડામાં ૫૦-૬૦-૭૦ ગયા. એય..! જાદવજીભાઈ! તમારો છોકરો તો આ બધી હા પાડે હોં. ક્યાં ગયા જયંતિભાઈ? બેઠા છે. એ તમારો દિલીપ તો હા પાડે આ. એ સંસ્કાર લઈને આવ્યો છે પૂર્વભવમાંથી. ૧૬ વર્ષની ઉંમર છે, ૧૭ બેઠું હશે ભાદરવામાં. ઘણા લાખોપતિ છે. આ બાપ છે, એનો ઓલો દીકરો, એનો દીકરો એ છે દિલીપ.

મુમુક્ષુ :- બાપાને ભાગ મળેને, દીકરો કમાય તો.

ઉત્તર :- કાંઈ મળે નહિ એને. પણ એને આ રસ પડે છે. આ વાત સાંભળીને એમ કહે હોં.. આહાહા..! નહિતર તો હજી ૧૭ વર્ષ ચાલે છે. આ ફેરે મહિનો રહી ગયો છે પ્રવચનસાર સાંભળીને. આહાહા..! તમારા ઘણા લાખો રૂપિયાની દરકાર એને નથી. આહાહા..!

મુમુક્ષુ :- એમની ફરજ છે ને.

ઉત્તર :- ફરજ છે તો વળી પૂછ્યું હતું એને એકવાર કે તું ધંધો ન કરીશ તો શું કરીશ? એમ પૂછ્યું હતું એને.

મુમુક્ષુ :- એ પ્રશ્ન તો ગેરવ્યાજબી છે.

ઉત્તર :- ગેરવ્યાજબી પ્રશ્ન છે. એય.. જયંતિભાઈ! આ તમારા બાપે પૂછ્યું હતું દિલીપને. કે તું જ્યારે ધંધો કરીશ નહિ. પરણવું નથી હવે મારે જાવ. ૧૬-૧૭ વર્ષ. અને ધંધો કરવા હું આવવાનો નથી જાવજીવ. તમારા હુંડીના વેપાર ત્યાં ચાલે કલકત્તામાં. હું કરવાનો નથી. ત્યારે પૂછયું કે ત્યારે શું કરીશ? જવાબ એવો આપ્યો કે હું પાઠશાળા ભણાવીને મારી રીતે કરી લઈશ. આહાહા..! પણ એલા આટલાબધા લાખોપતિ તમે. હવે એ છોકરાને જોવે કેટલું? બસ્સો રૂપિયા મહિને કદાચ. સારી રીતે ખરચે તો. એય.. જયંતિભાઈ! પણ તમારા ઓલા નાના છે છોકરા નાના બે. એને પૂછ્યું હતું મેં. કે ભાઈ આ નિવૃત્તિ લેવાનો છે. પરણવાનો નથી અને ધંધો કરવાનો નથી. શું કરશો તમે? અમે છીએ, આપશું. નાના છોકરા તમારા. પૌત્ર. પછી બીજે દિ' પૂછયું. પાછું બીજે દિ' પૂછયું. કહે અમે આપીશું. અમારી પાસે પૈસા ઘણા છે અમારા બાપ પાસે. અમે રળીએ તો જ આપીએ એવું છે નહિ કાંઈ. એય..! જાદવજીભાઈ! એવું છોકરા બોલ્યા નાના. દિલીપથી બે નાના છે ને?

બાપુ! આ તો આત્માની વાત બાપા કોને ન બેસે? આહાહા..! જેને આત્માની ગરજ હોય એને બાપુ આ જન્મ-મરણના ફેરા ટાળવા ચોર્યાસીના અવતાર દુઃખી છે એ. એ રાજા દુઃખી, શેઠિયા દુઃખી, દુઃખીના દાળિયા બિચારા છે. આહાહા..! એ રાગની રમતુંમાં રેળાઈ ગયા છે એ બધા. આ તો શુભની વાત ચાલે છે. આ તો અશુભમાં હજી તો. આ રળું ને આ ખાવ, ને આમ કરું ને આમ કરું. અશુભભાવમાં એકાકાર છે. આહાહા..! એના તો ક્યાંય આરા છે નહિ. કાંતિભાઈ!

અહીં તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું તત્ત્વ સંતો જગત પાસે જાહેર કરે છે. ભાઈ! કહે છે, જેને એ સાંસારિક કાર્યોમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ. શુભની પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ. બધું એકનું એક અશુભ છે. '**સાંસારિક કાર્યોમાં અનાસક્ત...**' ધર્મી તો એની રીત, એમાં પ્રેમ હોતો નથી એને. '**તેમ જ અપ્રયત્નશીલ હોય છે...**' એટલે? એમાં તત્પર નથી. આદર નથી ધર્મીને. આહાહા..! ભાવ હોય ખરો. '**અને આત્માનુભવના કાર્યમાં સજાગ રહે છે—**' આહાહા..! ધર્મી તો એને કહીએ, જેને આત્માના આનંદસ્વરૂપમાં જાગૃત રહે છે. જેના વેદનમાં અતીન્દ્રિય આનંદ હોય, એને ધર્મી સમકિતી કહીએ. આહાહા..!

'**આત્માનુભવ...**' એટલે આત્માનો અનુભવ એટલે આનંદનો અનુભવ. આહાહા..! આત્મા સહજાનંદસ્વરૂપ અને એનો અનુભવ એ આનંદનું વેદન હોય જેને. આહાહા..! ભારે આકરું કામ. જગતને એક તો સાંભળવા મળે નહિ, એને મુશ્કેલી પડે આ તો. '**આત્માનુભવના કાર્યમાં સજાગ રહે છે—**' સમ્યગ્દષ્ટિ જીવ—ધર્મી જીવ જે આત્માનો સ્વભાવ રાગરહિત છે એવા સ્વભાવમાં એ જાગૃત રહે છે એટલે આનંદના વેદનમાં હોય છે. આહાહા..! બહુ ટોટલ કરીને સાર કહી દીધો છે.

**'તત્પર રહે છે, જ્યારે અજ્ઞાની પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સંસારના કાર્યોમાં...'** શુભભાવ કરું અને અશુભથી નિવર્તુ. આ દુકાનના ધંધા છોડ્યા, ફલાણું છોડ્યું, ઢીંકણું છોડ્યું, એ તો અશુભ છોડ્યું અને શુભ કર્યું એમ. એ બધો અજ્ઞાનીએ શુભભાવમાં તત્પર છે. ત્યાં જ એનું લક્ષ છે. આહાહા..! માર્ગ ભારે આકરો ભાઈ! સોનગઢના નાના ગામમાં પાદરમાં આવું! માર્ગ તો આ છે, બાપુ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નાનુ ગામ નથી, આખા ભારતમાં પ્રસિદ્ધ છે.

ઉત્તર :- **'અજ્ઞાની પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સંસારના કાર્યોમાં પ્રયત્નશીલ રહે છે-જાગૃત રહે છે અને આત્માનુભવના કાર્યમાં અતત્પર રહે છે.'** અંતરમાં સ્વભાવનું વેદન કરવું એમાં એની તત્પરતા અજ્ઞાનીની નથી. આહાહા..! એ તો આ વ્યવહારની ક્રિયાકાંડના રાગમાં તત્પર છે. આહાહા..!

**વિશેષ :— 'અહીં આચાર્યે એ બતાવ્યું છે કે પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહારમાં-અર્થાત્, અહિંસા,...'** ના ભાવમાં. પરની દયા પાળવી, પરને ન મારવો એવો અહિંસાભાવ, **'ભક્તિ,...'** ભાવ. ભગવાનની તીર્થ જાત્રા, ભક્તિ આદિ પૂજા આદિ હંમેશા કરે એ ભક્તિભાવ, એ શુભભાવ. **'વ્રત,...'** આ બાર વ્રત અને પંચ મહાવ્રત એ વ્રત એ શુભભાવ. રાગ છે, એ વિકલ્પ છે, એ વ્યવહાર છે. આહાહા..! **'નિયમાદિ...'** નિયમ લે કે આટલું ખપે ને આટલું ન ખપે, રસનો ત્યાગ છે, મારે બે રસ ખપે છે, પાંચ રસ ખપતા નથી વગેરે. એ બધો શુભભાવ છે. આહાહા..!

**'પ્રવૃત્તિરૂપ વ્યવહારમાં અને હિંસા, જૂઠ, ચોરી, આદિ અશુભ કાર્યથી નિવૃત્તિરૂપ...'** હિંસાનો ભાવ, જૂઠું ચોરી, વિષય મૈથુનનો ભાવ છૂટયો, બ્રહ્મચર્યનો થયો, પણ એ શુભભાવ છે. આહાહા..! **'વ્યવહારમાં-એમ બન્ને વ્યવહારોમાં જે અતત્પર હોય છે...'** એ પંચ મહાવ્રતાદિના પરિણામમાં અને અવ્રતના પરિણામમાં, અશુભમાં તત્પર નથી. આહાહા..! **'તે જ આત્માનુભવ કરી શકે છે,...'** કહો, સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદભાઈ! જેને રાગનો પ્રેમ છે એને આત્માનો પ્રેમ નથી એમ કહે છે. આવું ભારે. એવા રાગ કર્યા અનંતવાર અને પ્રેમ કર્યો અનંત વાર. ભગવાનની ભક્તિ અનંત વાર કરી છે. શાસ્ત્રમાં તો ત્યાં સુધી લે કે સાક્ષાત્ સમવસરણમાં અનંત વાર ગયો છે. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. કાયમ તીર્થંકરો. ત્યાં જ્યારે અવતાર હતો ત્યાં એ સમવસરણમાં ગયેલો. પૂજા કરેલી, મણિરત્નના દીવા અને હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ. જય ભગવાન, નારાયણ સત્ પ્રભુ. પણ એ તો બધો શુભભાવ છે. પ્રભુ! આકરું પડે એવું છે ભાઈ! આ તો વીતરાગમાર્ગ સર્વજ્ઞનો પરમેશ્વર વીતરાગ જિનેશ્વર, એના આ તો કથનો અને માર્ગ છે. આહાહા..!

એને પહેલા રુચે તો ખરો, કહે છે. સમજાણું કાંઈ? એની રુચિ તો કર. આહાહા..! જે રાગની રુચિ છે એને ફેરવીને સહજાનંદ મૂર્તિ પ્રભુ છે, એને પોષાણમાં તો લે. એને રુચિમાં તો લે. આહાહા..! હજી તો એ પોષાતું નથી એને. શુભરાગના પોષાણમાં આ પોષાતો નથી. આહાહા..! વાણિયાને માલ પોષાય એ લવા જાય ને? ત્યાં પાંચ રૂપિયાનો બાજરો મળે અને સાડા છએ વેચાય

તો લેવા જાય. પણ પાંચે મળે અને સાડા ચારે વેચાય તો લેવા જાય? એમ જેને રાગનો રસ છે એને આત્માનો રસ આવતો નથી. આહાહા..! બહુ વાતું આકરી ભાઈ! હવે આમાં વાદવિવાદ કરવો, ચર્ચા કરો. શું કરે? કોની સાથે? આહાહા..!

**'એમ બન્ને વ્યવહારોમાં...'** બન્ને કોણ? **'અહિંસા, ભક્તિ, વ્રત, નિયમાદિ શુભ પ્રવૃત્તિરૂપ...'** અને હિંસા છોડવી, **'જૂઠું, ચોરી, આદિ અશુભથી નિવૃત્તિરૂપ વ્યવહારમાં—એમ બન્ને વ્યવહારોમાં જે અતત્પર હોય છે તે જ આત્માનુભવ કરી શકે છે,...'** આહાહા..! શુભ-અશુભમાં જેની રુચિ ન હોય, રસ ન હોય એ આત્માનો અનુભવ અને આનંદનો સ્વાદ લઈ શકે. આ તો વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે. કે સોનગઢનું છે આ? ઘણા એમ કહે છે. એ સોનગઢની વાત છે. અરે.. ભગવાન! તને ખબર નથી બાપુ! આહાહા..!

મુમુક્ષુ :- ચેતનગઢની વાત છે.

ઉત્તર :- ચેતનગઢ છે. વાત સાચી.

આ તો આત્મા પ્રભુ આત્માની વાત છે. ભગવાન ત્રિલોકનાથે... ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં સીમંધર પરમાત્મા બિરાજે છે એ આ પ્રમાણે ત્યાં કહે છે. એ કહેલાના માપ એના કહેણ આવ્યા છે. આહાહા..! ના ન પાડ, ના ન પાડ. એ કહેણને ના ન પાડ ભાઈ! તને.. આહાહા..! કન્યાને માટે, કન્યા નહિ વર-છોકરા માટે લ્યોને. સારી કન્યા સારા ઘરની આવતી હોય, મોટાના કહેણ. એનું નાળીયેર વધાવી લે કે નહિ? જાદવજીભાઈ! મોટાનું કહેણ હોય તો વધાવી લે. ભલે પછી છોડી જરી નમણી ઓછી હોય પણ હવે કરોડપતિ છે અને દસ-વીસ લાખ આપવાનો છે. આ હમણાં ન આપ્યા ત્રીસ લાખ? સર્વોદય કાંતિલાલ નહિ? છોકરી પરણાવીને. કરોડપતિ છે. સર્વોદય મંદિર નહિ મુંબઈ. સર્વોદય લીંબડીના છે ને. ત્યાં વ્યાખ્યાન હમણાં વાંચ્યું હતું ને. દસ હજાર માણસ. હમણાં વાંચ્યું હતું ત્યાં આપણે જઈને. બહુ માણસ. માણસ સ્થાનકવાસી, દેરાવાસી બહુ છે ઘાટકોપર. બધા આવે સાંભળવા. માર્ગ તો આ છે બાપા! આહાહા..!

એની છોડીને પરણાવી તો ત્રીસ લાખ આપવાના હતા. એક કરોડપતિ છે. એને મળી ગયું હશે કોક. અને વળી પાછું મનમાં એમ રહે કે પૈસા તો આવશે, વળી મરી જશે તો પૈસા બધા આપણે આવશે. ત્યાં ક્યાં છે એની પાસે કોઈ. એવાનું કહેણ.. અને આ ત્રણલોકના નાથ મહાપુરુષના કહેણ આવ્યા તારા ઘરે, ભાઈ! આહાહા..! કે શુભરાગનો રસ છોડી દે એ અમારા સત્પુરુષોના, જ્ઞાનીઓના કહેણ છે અને અંતર આત્માના રસમાં આવી જા, એને વધાવી લે, ના ન પાડ, અરુચિ ન કર, કંટાળો ન લાવ. આહાહા..! પ્રેમચંદભાઈ! આવું છે.

બહુ ગાથા ઊંચી. એમાં વળી એનું લક્ષણ બાંધ્યું. આહાહા..! વિકલ્પ જેનું લક્ષણ છે. આહાહા..! દ્રવ્યસંગ્રહમાં વ્યવહારને શુભરાગ કહ્યો છે, ભાઈ શુભ ઉપયોગ. એને અહીં શુભ ઉપયોગ કહો કે વિકલ્પ કહો કે વ્યવહાર કહો. આહાહા..! ભાઈ! વ્યવહાર અને નિશ્ચયની ચીજ આખી બે ભિન્ન છે. આહાહા..! બેય નયનો વિષય વિરુદ્ધ છે. વ્યવહારનયનો વિષય પરના લક્ષવાળો શુભભાવ

હોય છે. આહાહા..! નિશ્ચયનો વિષય શુભથી છોડી પૂર્ણાનંદનો નાથ ધ્રુવ છે તે તેનો વિષય છે. આહાહા..!

ભલે પર્યાય વિષય કરે છે, પણ પર્યાયનો વિષય તે પૂર્ણ સહજ આનંદસ્વરૂપનું દળ, પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ધ્રુવનું દળ એ પર્યાયનો વિષય છે. આહાહા..! (ત્યાં) જા, એનો વિષય કર તું, ભાઈ! આહાહા..! તે પરને વિષય બનાવ્યો છે ધ્યેય, હવે આ સ્વનો વિષય બનાવ બાપુ. તારું કલ્યાણ કરવું હોય તો માર્ગ આ છે. આહાહા..!

લોકોને બિચારાને 'દ્રવ્ય ક્રિયારુચિ જીવડા ભાવ ધર્મરુચિ હીણ. ઉપદેશક પણ તેહવા, શું કરે જીવ નવીન?' આહા..! દેવચંદજીએ કહ્યું છે એ. ખરતરગચ્છમાં થયા છે. 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા...' એ તો એક તો ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત અને રુચિવાળા. 'ભાવધર્મ રુચિ હીણ...' રાગથી ભિન્ન ક્રિયા આત્માનો સ્વભાવ, આનંદની રુચિ અને એની શ્રદ્ધાની ખબર નથી. 'ઉપદેશક પણ એવા...' મળ્યા એને. માળી મકવાણીને ઓલો કહે છે ને. જહલો જોગી અને માળી મકવાણી બે ભેગા થઈ ગયા. આહાહા..! એક તો એને રુચિ અને એને ઉપદેશક એવા મળ્યા. 'શું કરે જીવ નવીન પ્રભુ?' ભગવાને કહે છે, હે નાથ! જીવો શું કરે બિચારા? આહાહા..!

'ચંદ્રાનન જિન સાંભળીએ અરજ આ નાથ.' ભગવાન બિરાજે છે ને ચંદ્રાનન. વીસ વિરહમાન ભગવાનમાં એક ચંદ્રાનન ભગવાન છે. મહાવિદેહમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, વર્તમાન સમવસરણમાં બિરાજે છે. આહાહા..! છોટાભાઈ! આવે છે ને એ? 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા ભાવધર્મ રુચિ હીણ, ઉપદેશ પણ તેહવા...' માથે બેઠા હોય અને એ ઉપદેશ દે એ ઓલાને સારું લાગે. આહાહા..! હવે આ કહે વ્યવહારનો રસ એ મિથ્યાદષ્ટિ. મારી નાખ્યા. કાંઈક વ્યવહાર કરીએ સારું પછી કરતા કરતા નિશ્ચય થાય કે એમ ને એમ થાતા હશે? આહાહા..! વ્યવહારના મીંડા મૂક ત્યારે નિશ્ચય થાશે લે. આહાહા..! એ તો વિકલ્પ છે. વિકલ્પ કરતા કરતા નિશ્ચય સમ્યગ્દર્શન થાય? એ તો નિર્વિકલ્પ દૃષ્ટિ છે અનુભવની. આહાહા..! આવી વાત છે. બાબુભાઈ! દહેગામમાં. આહાહા..!

**'ભક્તિ આદિ શુભ કાર્યોમાં પ્રવૃત્તિથી અને અશુભ કાર્યમાં નિવૃત્તિથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી,...'** બહુ સરસ ગાથા છે. નંદીશ્વરદ્વીપનો પહેલો દિવસ છે આજે. અષ્ટાન્હિકા. ઈન્દ્રો નંદીશ્વર દ્વીપે પૂજાએ જાય આઠ દિ'. જાણે છે કે શુભભાવ છે. પણ સ્વરૂપનો આદર સ્થિરતા અંદર ન હોય એટલે અસ્થિરતામાં એવો ભાવ આવે. પણ તેમાં હેયબુદ્ધિએ જાણે એને. આહાહા..! અજ્ઞાની એને ઉપાદેયબુદ્ધિથી, આદરબુદ્ધિથી (કરે) બેમાં આટલો ફેર છે.

**'કારણ કે તે પ્રવૃત્તિ વિકલ્પારૂઢ છે—'** ભક્તિ, વ્રતાદિના ભાવ એ બધી પ્રવૃત્તિ વિકલ્પ રાગરૂપ છે. પછી વિકલ્પનો અર્થ કર્યો, **'રાગયુક્ત છે.'** એમ. **'રાગ ભલે શુભ હોય તોપણ તેનાથી આત્મજ્ઞાન થતું નથી.'** એનાથી સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! **'જ્ઞાની તો આત્મસ્વરૂપમાં સ્થિરતારૂપ પ્રવૃત્તિ કરે છે.'** ધર્મી જીવ તો એને કહીએ કે આત્મસ્વરૂપ જે આનંદ અને જ્ઞાનસ્વરૂપ

છે એમાં સ્થિરતા કરે છે. આહાહા..! એમાં સ્થિરતારૂપ પ્રવૃત્તિ કરે છે. એ પ્રવૃત્તિ પરિણતિ, આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં પ્રવૃત્તિ એટલે સ્થિરતા કરે છે. આહાહા..! ભાષા પણ આકરી અને ભાવ પણ આકરા. શું થાય બાપુ! માર્ગ તો આ છે ભાઈ! કપૂરભાઈ!

કલકત્તામાં તો વળી આ છોકરાઓ જાગ્યા છે. જાય છે શનિવાર કે રવિવારે કાંઈક. એવું સાંભળ્યું છે. રવિવારે-રવિવારે ત્યાં જાય છે. તમારો છોકરો દિલીપને બધું. શનિ અને રવિ એવું સાંભળ્યું છે. શનિવારે બપોરના અને રવિવારે. મોટું કોઈ ઘર હોય બોલાવે ત્યાં જાય. ભક્તિ કરે અને પછી એમ કરે. એ તો બહુ ચોખ્ખું કહે. આહાહા..! એ રાગાદિ ક્રિયા બંધનું કારણ છે. એ છોકરો કહે છે તમારો. એય.. જયંતિભાઈ! તમને કાંઈ ભાન પણ ન મળે કાંઈ. કેમકે એ બાજુનું લક્ષ નહિ ને. ઓલો તો અત્યારથી પોકાર કરે છે. નહિ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ શુભરાગ છે. રાગથી ધર્મ થાય નહિ. જુઓ!

મુમુક્ષુ :- પુસ્તક પણ છાપ્યા છે.

ઉત્તર :- છાપ્યા છે. પુસ્તક છપાણું નથી? છોકરાઓએ છપાવ્યું હતું એ કહે છે. એને આપ્યું હતું ને. ભાઈ લાવ્યા હતા ને જયંતિભાઈ. કેટલાક લાવ્યા હતા. કેટલાક બીજા આમને કોટામાં આપ્યા હતા. શશીભાઈ આવ્યા હતા ને ખારા-ખારા. કોટામાં રહ્યાને અમે આઠ દિન. ત્યાં પાંચ-પાંચ હજાર માણસ. આઠ દિ'. મોટું ત્યાં લાવ્યા હતા. બસ્સો, ત્રણસો પુસ્તક. મેં કીધું સાથે ક્યાં અમે લઈ જઈએ એવો બોજો. પછી અહીં બહેન આવ્યા તે લાવ્યા હતા. જયકુંવરબેન. ચીતલવાળા એ લાવ્યા હતા. ભાઈ પણ થોડા લાવ્યા હતા સાંઠેક. જયંતિભાઈ લાવ્યા હતા. એમાં આ બધું લખેલું છે. છોકારાઓએ છાપેલા છે. બાળમંડળ છે ત્યાં. આહાહા..! અરે.. બાપુ! એ વાતની ગંધ ક્યાં છે, ભાઈ!

કહે છે, જ્ઞાની સ્થિરતારૂપ પ્રવૃત્તિ કરે છે. આહાહા..! આત્માના આનંદમાં જેના પરિણામ ઘૂસી ગયા છે. આહાહા..! છે તો પરિણામ, પરિણામમાં. એ બાજુ ઢળી ગયો છે. '**તેથી તેને વ્યવહાર ધર્મથી સ્વયં નિવૃત્તિ થઈ જાય છે.**' સ્વયં નિવૃત્તિ થઈ જાય છે. '**તેની તે પ્રવૃત્તિ વિકલ્પારૂઢ નથી,...**' આનંદસ્વરૂપના ધ્યાનમાં એકાકાર થતાં એને રાગનું આરૂઢપણું ત્યાં નથી. આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ રાગ વિનાની ક્રિયા. આહાહા..! એ સ્વભાવ સન્મુખ થઈ છે. રાગથી વિમુખ થઈ છે. સ્વભાવથી સન્મુખ થઈ છે.

'**નિર્વિકલ્પ છે અને તેનાથી ધર્મ થાય છે.**' આહાહા..! શુદ્ધ સહજ આનંદ અને સહજ જ્ઞાનમય વસ્તુ, વસ્તુ છે ને. સત્ છે ને? સત્‌નું સત્વ સ્વભાવ છે ને? આહાહા..! સત્‌ને હેતુ શો? આહાહા..! રાગ હોય તો ધર્મ પમાશે, નિર્વિકલ્પ થાય એવો હેતુ છે નહિ કહે છે. આહાહા..! રાગની ઉપેક્ષા કરી અને નિશ્ચય સ્વભાવની અપેક્ષા કરી અને જે પરિણતિ ઊભી થાય તેને ધર્મ અને નિર્વિકલ્પદશા કહે છે. આહાહા..! એને પરમાત્મા ધર્મ કહે છે. ભારે!

અહીં તો પાંચ-પચાસ મંદિર બનાવે, બે-પાંચ-દસ લાખ ખર્ચે. ધર્મ કર્યો. ધૂળમાંય ધર્મ નથી. તારા અબજ રૂપિયા ખરચ તોપણ શું? અને લાખ કરોડ મંદિર બનાવ તોપણ શું? એ કોણ બનાવે?

એ તો જડની ક્રિયા પરની છે. આકરું પડે ભારે કામ. આત્મામાં એ ચીજ નથી તેને એ કરે શી રીતે એ? પોતાની સત્તામાં એ ચીજ નથી. અહીં નથી તો એ કરે શી રીતે? આહાહા..! શું ન્યાય! અને જેની સત્તામાં રાગ નથી.. આહાહા..! જેના સ્વભાવમાં રાગ નથી એવો ભગવાન આત્મા એ રાગને શી રીતે કરે? આહાહા..!

અહીં તો ત્રીજે નંબરે લઈ જતાં જેના દ્રવ્યમાં પર્યાય નથી. આહાહા..! એ દ્રવ્ય પર્યાયને શું કરે? જે એમાં નથી એને શું કરે? આહાહા..! કહો, કાંતિભાઈ! આ ચીમનભાઈને હમણા ભાઈ અમારે ચેતનજી અને જયંતિભાઈ આવ્યા હતા. શાંતિભાઈ આવ્યા હતા ત્યાં. મને કહે કે શું વાત છે? આ ત્રણ બોલ છે જુઓ. માખણ છે આ ત્રણ. શાંતિભાઈ! તમે આવ્યા હતા.

બાપુ! પરનું સત્ છે એને આ સત્ શું કરે? એમ રાગનું સત્ છે એને નિર્મળ સત્તા (ને) નિર્મળ પર્યાય શું કરે? એમ નિર્મળ પર્યાયની સત્તા છે એ દ્રવ્ય એને શું કરે? સત્ છે ને એ? પર્યાય પણ સત્ છે. એ વખતની તે સત્ છે. સત્‌ને દ્રવ્ય શું કરે? આહાહા..! જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ છે... આહાહા..! એ પર્યાયને એ દ્રવ્ય કરતું નથી કહે છે. પર્યાય તો દ્રવ્યને કરે નહિ એ તો વસ્તુ છે ત્રિકાળ. પણ આ તો પરિણતિ નવી થાય.. આહાહા..! એ સત્ છે, ત્રિકાળ સત્ છે, તો આ પર્યાય ત્રિકાળ સત્.. પર્યાય સત્ ત્રિકાળને કરે નહિ. તેમ ત્રિકાળ સત્ છે તે પર્યાયને કરે નહિ. આહાહા..! ભાઈ! અંદર વસ્તુસ્થિતિ એવી છે ને. ભાસન જ્ઞાનમાં આમ થવું જોઈએ. એણે કરવું જોઈએ આ. સમજાણું કાંઈ?

અરે..! ચોર્યાસીના અવતારમાં દુઃખી છે. માણસ હોય મરીને જાય કાગડો, કૂતરા થાય. આહાહા..! ભાન નથી આત્મા કોણ છે. અહીંયાં અબજોપતિ કહેવાતા હોય અને દેહ છૂટે ત્યાં કાગડીને કૂખે અવતરે. આહાહા..! મમતા કરી હોય છે ને. વાણિયાને તો દારૂ-માંસ હોય નહિ તો આવા અશુભભાવ તીવ્ર તો હોય નહિ. આવા ભાવ હોય અશુભ. રળવાના, આના, બાયડીના, ભોગના, આબરૂના. આહાહા..! એ આત્માને આડો કરી નાખ્યો વિકારથી. એ આડોડિયા આડોડિયામાં જન્મશે. આ મનુષ્ય છે એ આમ ઊભા અને તિર્યંચ છે એ આડા છે આમ. ગાય, ઘોડા, ભેંસ, કૂતરા આડા. એ આડોડિયા આડામાં ઊપજશે. તિર્યંચ આડા છે. આહાહા..! ભારે બાપા! આહાહા..!

અમારે કુંવરજીભાઈને કહ્યું હતું ને ભાઈ! કુંવરજીભાઈને દુકાન ઉપર હતાને અમે ત્યાં પાલેજ. ભાગીદાર હતા. બે દુકાનો હતી. બે દુકાનો જુદી હતી. અમારી અને એની. આ તો વાત છે. ૬૬ની. ૬૬. ૨૦ વર્ષની ઉંમર હતી તે દિ'. આ દુકાનેથી હું એ દુકાને ગયેલો. કહેવાતો હું ભગત તે દિ' તો. કેમકે રાત્રે આહાર નહિ, અથાણું નહિ. બિલકુલ રાતે આહાર-પાણીનો ત્યાગ. ૬૬ની સાલથી. પાણી-આહારનો બિંદુ નહિ. ત્યારે પછી ભગત રહ્યા એટલે મારી સામું જોવે, બોલે (નહિ), સાંભળે. મમતા બહુ હતી એને.

ભાઈ! કુંવરજીભાઈ કીધું. મારાથી મોટા હતા ચાર વર્ષ. આ તમે આટલી મમતા કરો છો મને તો એવું લાગે છે ભાઈ! ૬૬ની વાત છે હોં. આપણે જાણે વાણિયા છીએ તો માંસ ને દારૂ ખાતા

નથી. એટલે આપણે એવા તો પાપ નથી. નરકમાં તો નહિ જઈએ. ૬૬ની સાલ. ૨૦ વર્ષની ઉંમર હતી. ૪૬માં જન્મ. ૮૬ ચાલે છે ને અત્યારે. ૮૦ ને ૬. શરીરને. આત્માને કાંઈ મળે નહિ. આત્મા તો અનાદિનો છે. આહાહા..! મરીને ઢોર થાશો કીધું હોં. દેવમાં જવાના લક્ષણ દેખાતા નથી કીધું. માણસ-માણસ થાય એવા ભાવ પણ નથી દેખાતા કીધું. આહાહા..! તે દિ' તો હજી બહુ પૈસા (નહોતા). પાંચ-પાંચ હજારની પેદાશ હતી વર્ષની. દુકાનમાં. પાંચ હજારની પેદાશ હતી. મરી ગયા ત્યારે બે લાખની પેદાશ. દસ વર્ષ પહેલાં મરી ગયા છે. મરતાં મમતા... મમતા... મમતા... મમતા... દુકાને લઈ જાવ. દુકાને લઈ જાવ. નહિતર મરી જઈશ. છોકરાઓ કહે પણ કામ શું છે? દસ લાખની મૂડી હતી તે દિ'. બે લાખની પેદાશ હતી. દસ વર્ષ પહેલા મરી ગયા. આહાહા..! આ મગજ ફરી ગયું. જાવ કુંડાળે. આહાહા..! છોકરાઓ કહે પણ કોના માટે તમે રળો છો? અમે ના પાડી અમારે ઘણું છે હવે. તે દિ' દશ વર્ષ પહેલાં હોં. આ દશા જગતની. વાણિયા જૈનમાં જન્મ્યા, પણ ન મળે ખબર ધર્મની, ન મળે ખબર આ પુણ્યની.

અહીં કહે છે કે પુણ્યના રસીલા એ આત્માના ધર્મને નહિ કરી શકે. આહાહા..! એ '**પણ તે તેને ભલો માનતો નથી, તેને તેનું સ્વામીત્વ કે કર્તાબુદ્ધિ નથી.**' રાગનું સ્વામીપણું ધર્મીને નથી. આહાહા..! એમ '**કર્તાબુદ્ધિ નથી. તેને તે રાગ હેયબુદ્ધિએ વર્તે છે; તથા તેમાં તેની પ્રવૃત્તિ દેખાવા છતાં તે વાસ્તવમાં નિવૃત્તિમય છે.**' આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**અષાઢ સુદ ૯, ગુરુવાર તા. ૧૭-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૭૮-૭૯,**
**પ્રવચન - ૯૨**

સમાધિતંત્ર. ૭૮ ગાથા. ૧૧૭ પાને. નીચેથી બીજો પેરેગ્રાફ. '**અજ્ઞાની શુભરાગમય પ્રવૃત્તિને ધર્મ માની...**' પરના લક્ષથી થયેલો શુભભાવ. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ ભાવ એ 'પ્રવૃત્તિને ધર્મ માની તેનાથી સંતુષ્ટ થાય છે...' અમે ધર્મ કરીએ છીએ. '**અને આત્મસ્વરૂપની ભાવના માટે અતત્પર હોય છે.**' બહારની ક્રિયાકાંડના શુભભાવમાં એની લીનતા હોય છે. આહાહા..! અમે શુભભાવ કરીએ છીએ તો એનાથી શુદ્ધતા થશે એમ અજ્ઞાની માન્યતાને લઈને શુભ ઉપયોગમાં તત્પર રહે છે. એને આત્મસ્વરૂપની ભાવના માટે અતત્પર છે. આહાહા..! સ્વનો આશ્રય લઈને સ્વના આત્મામાં તત્પર થવું એ અજ્ઞાનીને હોતું નથી.

મુમુક્ષુ :- પ્રશ્નનો જવાબ આવે છે.

ઉત્તર :- પ્રશ્ન હોય તો બધામાં જવાબ આવે છે ને. આહાહા..! વ્યવહાર કીધો વિકલ્પ નામ જેનું લક્ષણ. આહાહા..!

મુમુક્ષ :- પહેલાં નિશ્ચય લીધો છે.

ઉત્તર :- એ વ્યવહારનો અર્થ જ વિકલ્પ અને વિકલ્પનો અર્થ રાગ. આહાહા..! **વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ.** એમ. વ્યવહારે કીધું છે ને પાઠમાં. તો વ્યવહારે એટલે શું? કે '**વ્યવહારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે તેમાં (વિકલ્પના સ્થાનરૂપ) અર્થાત્ પ્રવૃત્તિ-નિવૃત્તિ...**' આહાહા..! શુભની પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ. બધો વિકલ્પનું સ્થાન છે. આહાહા..! ભારે કામ ભાઈ! જગતને આ વાત બેસવી...

મુમુક્ષુ :- કોઈ કાળે જગતને બેસતી નથી.

ઉત્તર :- પાત્ર જીવને બેસે એવી છે આ. જેનો સંસારનો અંત નિકટ છે. આહાહા..! એવી વાત છે ભાઈ! દુનિયા તો એને એમ કહે કે આ તો નિશ્ચયાભાસી વ્યવહારના ભાવને તદ્દન તરછોડે છે. જુઓને એને કહે. વિષય પણ પરદ્રવ્ય છે કે નહિ? વાણી એ પરદ્રવ્ય છે કે સ્વદ્રવ્ય? અને પરદ્રવ્યને અનુસારે થાય એ રાગ થાય કે વીતરાગતા થાય? અને તેથી તો કુંદકુંદાચાર્યે કહ્યું '**परदव्वा दुग्गइ**' આહાહા..! હોય ખરો એ જુદી વાત છે. પણ એ પોતે રાગ છે, સ્વભાવ ચૈતન્યનો નિર્મળ શુદ્ધ પિંડ છે. એનાથી વિરૂદ્ધભાવ છે.

તેથી કહે છે, '**વળી કોઈ જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી...**' પંચાસ્તિકાયમાં છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં. મોક્ષમાર્ગપ્રકાશમાં કહ્યું છે. '**કોઈ જીવ ભક્તિ...**' ભગવાનની ભક્તિ. આહાહા..! ભગવાનની પૂજા. આવું આકરું કામ ભારે. હવે મોટા દેરાસર કરાવવા અને આ ૨૫-૨૬ લાખના પરમાગમ મંદિર કરાવવા. એમ લોકો કહે ને. તો કરાવ્યું શું કરવા તમે એને? કોણ કરે? બાપુ સાંભળને ભાઈ! કોણ કરાવે? રામજીભાઈએ ત્યાં ધ્યાન રાખ્યું માટે એનાથી થયું છે? રામજીભાઈ બહુ ધ્યાન આપતા. વ્યાખ્યાન પછી બહાર નીકળે. બધા પૂછે આનું કેમ કરવું? ત્યાંથી દેખાય પણ ખરું એમને. લ્યો!

મુમુક્ષુ :- ત્યાં સામું જ હતું ને.

ઉત્તર :- ત્યાં સામું જ હતું ને. રસ્તામાં પૂછતાને બધાને. રસ્તામાં પૂછતા એલા ફલાણા કેમ થયું? ફલાણા ક્યાં સુધી? એ તો વિકલ્પ હોય એ જુદી વાત છે. પણ એથી આ બને છે એમ નથી. એટલી વાત છે. આહાહા..! અરેરે..! જગતને આ મૂળ વસ્તુ. દર્શન ભ્રષ્ટ.. ભ્રષ્ટ જ્ઞાનમાં અને ચારિત્રમાં બધે ભ્રષ્ટ છે. ચારિત્ર ભ્રષ્ટ હોય એને દૃષ્ટિમાં શ્રદ્ધામાં છે કે આ ખોટું. સમજાય છે? આહાહા..! તો ચારિત્ર ભ્રષ્ટ એ તરશે, પણ દર્શન ભ્રષ્ટ તો બધામાં ભ્રષ્ટ થઈને... આહાહા..! આવી વાત બેસવી જગતને..

ભગવાન પૂર્ણ આનંદ અને સહજાનંદ અને સહજ ચૈતન્ય પ્રકાશનો પુંજ પ્રભુ, એવા ચૈતન્યના મહાપ્રભુની અસ્તિત્વની સ્વ આશ્રય પ્રતીતિ છોડીને, પરાશ્રયની પ્રતીતિમાં લાભ માનવો એ

આત્માની હિંસા કરે છે. એટલે કે આત્મા આવો પરના અવલંબન વિનાનો અને પરના આશ્રય વિના નિરપેક્ષ નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે એ વાત એ માનતો નથી. એટલે એણે આત્મા જ માન્યો નહિ એણે. અને એનો સ્વભાવ જ એવો છે કે એ સ્વભાવથી જણાય, પ્રત્યક્ષ દષ્ટા થાય. આહાહા..! જેના સ્વરૂપને જાણવા માટે રાગની, વ્યવહારની... આહાહા..! એ સાંભળવાની પણ અપેક્ષા જેને નથી. પોપટભાઈ! આવો માર્ગ ભારે! સવાર-સાંજ સંભળાવવું.

મુમુક્ષુ :- કલકત્તાથી અહીં આવે સાંભળવા અને આપ કહો સાંભળતો નથી.

ઉત્તર :- આ શાંતિભાઈ ક્યાંથી આવ્યા લ્યો. ધનબાદથી, આવડા આ કલકત્તેથી. બાપુ! એ હો ભલે પણ એ અંદર પરલક્ષીભાવ એ શુભરાગ છે. આહાહા..! એમાં પરલક્ષી ભાવમાં એટલો ખ્યાલ આવે એને કે આ સંભળાય છે એનાથી લાભ નહિ થાય. એને સ્વભાવ સન્મુખ જોતાં લાભ થાય. એવો ખ્યાલ સાંભળનારને આ રીતે આવે. એટલી વાત છે. તે પણ એ ખ્યાલ આવ્યો ક્યારે કહેવાય? કે સ્વનો આશ્રય કરીને અનુભવમાં નિર્ણય કરે, ધારણાનો નિર્ણય નહિ. આહાહા..! આખા જન્મ-મરણને ઉથાપી નાખવાની વાત છે બાપુ! એ કાંઈ પોપાબાઈના રાજ નથી. આહાહા..!

પૂર્ણ વીતરાગ મૂર્તિ પ્રભુ 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ.' વિકલ્પ માંડીને બધું કર્મ પરચીજ છે. આહાહા..! અતિ તીવ્ર મિથ્યા છે એમ ઠરાવ્યું છેલ્લે. હજી ક્રમશઃ છે. લખેને દાખલા, શાસ્ત્રમાં વ્યવહારના આધાર એવા ઘણા આવે. શ્વેતાંબરમાં તો એ જ આવે ગાથા આખી ભગવતીમાં. 'શ્રવણે ણાણે જ્ઞાને' ગાથા છે. શ્રવણથી જ્ઞાન થાય, જ્ઞાનથી વિજ્ઞાન થાય, જ્ઞાનથી પચ્ચખાણ થાય. એવું આવે છે. 'શ્રવણે નાણે જ્ઞાને પચ્ચખાણે સંજમે' એવું આવે છે. આખો શ્લોક આવે છે ભગવતીમાં. આ બાઈયું જે પૂચ્છીસૂણં કરે એ આ કરે મોઢે. આહાહા..! ભારે માર્ગ! ત્રણ લોકના નાથની વાણી સાંભળવી, એ વાણી પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :- અનંતા રજકણ.

ઉત્તર :- આહાહા..! એના ઉપર સાંભળવાના લક્ષે તો વિકલ્પ છે. છતાં એક ઠેકાણે કહ્યું છે ને ભાઈ! આચાર્યના શબ્દો(માં) રસ આનંદનો રસ ટપકે. એ કઈ અપેક્ષાએ? સ્વભાવનો આશ્રય લઈને જે વાંચે સમજે છે... આહાહા..! એને ત્યાં આનંદ ઝરે છે એમ કહેવું છે. એ વાંચન-શ્રવણ વખતે પણ ધર્મીને તો સ્વભાવની શુદ્ધિની વૃદ્ધિ થતી જ જાય છે. આહાહા..! એ એને લઈને નહિ. એ કાળમાં પોતાની શુદ્ધિની ઉપર જોર છે ને ત્યાં? આહાહા..!

પરિણામ મારું ધ્યાન કરે તો કરો, હું કોનું કરું? આહાહા..! લોકોને કઠણ પડે. એ જાણે કોણ? કે પર્યાય પાછી. જાણે પર્યાય. પરિણામ... ધ્રુવનું ધ્યાન કરે તો કરો પરિણામ. પર્યાય એમ જાણે. પણ હું કોનું ધ્યાન કરું? હું એટલે ધ્રુવ. એમ. આહાહા..! એવી અટપટી વાતનું સમાધાન ન સમજે તો એને શાંતિ ન મળે અને અશાંતિનો ખદબદાટ રહ્યા જ કરે. આહાહા..! ભગવાન એમ કહે કે તું મારી સામું જો છો એ કરતા તારી સામું જો ને. એ સાંભળવા માટે સાંભળે છે. આહાહા..! કારણ કે જ્યાં તને લાભ થાય એ ચીજ તો તારી પાસે પડી છે. પ્રત્યક્ષ વસ્તુ આનંદનો નાથ પ્રત્યક્ષ પડી છે

ચીજ. આહાહા..! ફક્ત તારા સ્વીકારની શ્રદ્ધા વિના એ નથી એમ તને થઈ ગયું છે. પર્યાયના અને રાગના સ્વીકારમાં પ્રત્યક્ષ વસ્તુ નિત્યાનંદ, સહજાનંદ મૂર્તિ સ્વભાવનો સાગર આખો. ઓહો..! એ એના સત્કાર અને સન્મુખ વિના એ છે એવી પ્રતીતિ તને આવતી નથી. આહાહા..! કામ એવું છે અને એ..

એ પ્રવચનસારમાં લીધું છે ને ઓલું નહિ કે ભાઈ! આવું સાંભળીને કોઈ અસુરમાં પણ જન્મે અને પછી વૈભવ મળે એવું છે ને? એ પણ એમના ખ્યાલમાં રાખી છે વાત. દૃષ્ટિનું જોર છે અને રાગની મંદતામાં આવી ગયો. છતાં ખસી ગયો જરી. મુનિ થઈને તું. ત્યારે એ અસુરકુમારમાં ઉતરે. એ છે ને પાઠ? પ્રવચનસાર. ૭મી ગાથા કઈ? આહાહા..! એ છઠ્ઠી. એ સાતમી પછી આવશે. '**संपज्जदि णिव्वाणं**' પામશે મોક્ષને પણ '**देवासुरमणुयुवरायविहवे हिं**' આહાહા..! એટલો પણ ખ્યાલ રાખે છે કે કોઈ જીવ સમ્યગ્દર્શન પામ્યો છે, ચારિત્ર પામ્યો છે, તો કોઈ વખતે એને જરી ખસી જાય છે તો એ અસુરમાં ઊપજે છે. ભવનપતિ આદિ અસુરમાં ઊપજે. તો અસુરમાં ઊપજે એ મિથ્યાદૃષ્ટિ ઊપજે.

છતાં છઠ્ઠી ગાથામાં. '**चारित्तं खलु धम्मो**' સાતમામાં લીધું છે. એના પહેલા જરીક અંદર બધો ખ્યાલ રાખીને વાત કરી છે. આહાહા..! '**देवासुरमणुयुवरायविहवे हिं जिवस्स चरितादो**' પછી વાત એ છે. એ ચારિત્રથી '**दंसणणाणप्पहाणादो**' જેમાં દર્શન-જ્ઞાન પ્રધાન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન છે અને એ ચારિત્રથી એની મુક્તિ થાય, પણ કોઈ જીવને આ રીતે પણ થાય. એમ કહ્યું કહો, પાછી ભાષા એમ લીધી. અસુરમાં ઊપજે એ જીવને પણ ચરિત્રથી દંસણણા પ્રધાનથી સમ્યગ્દર્શન જ્ઞાનની મુખ્યતાથી એ જીવને પણ મુક્તિ થાય. આહાહા..! સમજાણું? જરીક ખસી ગયો છે એવો ખ્યાલ રાખીને પણ એને જોર તો ચારિત્ર અને દર્શન-જ્ઞાન ઉપર હતું. પણ જરીક કાંઈક ખસી ગયો કોઈ પ્રસંગે. એથી એને કહે છે એવા જીવને. '**चरितादो दंसणणाणप्पहाणादो संपज्जदि णिव्वाणं**' નિર્વાણને પામશે. આહાહા..! છઠ્ઠી ગાથા. પાંચ પહેલી શરૂ કરી છે ને? પછી આ છઠ્ઠી.

**चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो।।७।।**

ઓહોહો..! ભાઈ! આ તો તકરાર અને વાદવિવાદ કરીને બેસે એ વાત વિષય નથી બાપુ! આ તો ધીરેથી સત્યને કેમ શરણે જાવું? આહાહા..! પરમ સત્ય સાહેબો પડ્યો છે અંદર. પરમાત્મસ્વરૂપ સાહેબ આત્મા છે. આહાહા..! '**णाण दंसण प्रदानात्**' આવ્યું છે ને એમાં? જેનું આચરણ. મુખ્ય તો દર્શન-જ્ઞાન- આચરણ છે. એમાં એ (પ્રવેશ) થયા પછી અંદર સ્થિરતા થઈ શકે. આહાહા..! એવા જીવને પણ કોઈ અસુરકુમારમાં જાય, ત્યાંથી મનુષ્યના વૈભવ પામી મોક્ષ જશે કહે. સમજાણું? એમ લીધું. કુંદકુંદાચાર્ય.

મુમુક્ષુ :- એ તો ચારિત્ર ભ્રષ્ટ થયો

ઉત્તર :- જરીક દર્શનથી ભ્રષ્ટ થયો હતો. પરિણામમાં સહેજ ઓલું થઈ ગયું. ત્યારે અસુરકુમારમાં

જાય ને? ચારિત્ર ભ્રષ્ટ સમકિતી અસુરકુમારમાં ન જાય. આહાહા..! ઓહોહો..! કેવી કુંદકુંદાચાર્યની તીખ્ખી, ઝીણી વાણી. એમાં આવું જરીક કાંઈક એને ખ્યાલમાં રાખીને કહે છે, બાપુ! અંદર કોઈ પરિણામ સહેજ જોરથી ખસી ગયા છે. અસુરમાં ઊપજ્યો. પણ એ વૈભવમાંથી મનુષ્ય થઈને વૈભવ પામી કેવળ પામી મોક્ષ જશે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો મધ્યસ્થથી સત્યને ગ્રહણ કરે તો એવી વાત છે આ તો. અમે માન્યું એમ એમાંથી નીકળવું જોઈએ, અમે માન્યું એમાંથી લાભ થાય એમ એને ન હોય. આ તો સર્વજ્ઞની વાણી અને સર્વજ્ઞની વાણી સાંભળનાર સર્વજ્ઞની સભા કહેવાય છે. આહાહા..! ત્રણ લોકના નાથની વાણી સાંભળે બાપુ! સર્વજ્ઞની સભામાં એનો વ્યવહાર કેવો હોય? આહાહા..! રામજીભાઈએ કીધું ને થોડું થોડું કહેતા રહેજો કહે. સવારમાં કીધું હતું. સાંભળવા ટાણે એણે ધ્યાન રાખવું જોઈએ, ભાઈ! હિંમતભાઈ જેવા જેણે અર્થ કર્યા છે એને બધો ખ્યાલ છે, પણ એની સાંભળવાની કેવી શૈલી છે જોઈ? આ બધા ચારના અર્થ એણે કર્યા છે ગુજરાતી.

મુમુક્ષુ :- એ સિવાય પણ ઘણું કર્યું છે.

ઉત્તર :- ઘણું કર્યું છે. વાત સાચી.

મુમુક્ષુ :- સમવસરણની સ્તુતિ કરી ને.

ઉત્તર :- હા સ્તુતિ કરીને. સમવસરણની સ્તુતિ કરી.

મુમુક્ષુ :- અષ્ટપાહુડનું ન કર્યું?

ઉત્તર :- અષ્ટપાહુડનું કર્યું, સ્તુતિ બનાવી. હા એણે કર્યું. બીજા શબ્દોનો સુધારો કર્યો. પણ એને એમ નથી કે આ સાંભળતા મારે શું સાંભળવું? મને તો આવડે છે. એમ નથી. આહાહા..!

અહીં કહે છે કે બાપુ! પર્યાય દીઠ પર્યાય ફરે અને એના વેણલા જે આવે અંદરથી. આહાહા..! બાપુ! એને સમજવા જોઈએ, એને સાંભળવા જોઈએ. સાંભળેલું હોય તો પણ સાંભળવામાં ધ્યાન રાખવું. શ્રીમદ્દે કહ્યું છે એક ઠેકાણે કે આ વાત તમને બેઠી હોય અને સાંભળેલી હોય છતાં તમારી પર્યાય બીજી છે અને મારી પર્યાય કહેવા વખતે બીજી છે. આહાહા..! એની શૈલી તો અલૌકિક છે. એ તો આ જરી બેમાં બહુ વિચાર નહોતો. શ્વેતાંબર-દિગંબરની ભિન્નતા ન થઈ. નહિતર બેની ભિન્નતા.. પછી છેલ્લે કરી નાખી છે. લ્યો સૂત્રના નામ આપ્યા પણ એ લોકો એના ભક્તો હવે ન માની શકે. ઘણા વર્ષથી આગ્રહમાં પડ્યા હોય. ત્યાં છેલ્લા સૂત્રના નામ આપ્યા ત્યાં ૧૯ તો દિગંબરના શાસ્ત્રના નામ. શ્વેતાંબરના એક શાસ્ત્રનું નામ નહિ. એક ગ્રંથ છે એનું નામ આપ્યું ૨૦મું. ૧૯ તો સિદ્ધાંતો. એમાં કોઈ દશવૈકાલિક, ઉત્તરાધ્યયન એ નામ નથી. પછી ખ્યાલમાં વાત આવી ગઈ એને. કે આ વસ્તુ સાચી (નથી). શ્વેતાંબરના શાસ્ત્ર સત્ય નથી. ઝીણી વાત છે હોં. કોઈને શ્વેતાંબર હોય દુઃખ થાય એને માટે વાત નથી. આ તો સત્યની સ્થિતિ કેમ ઊભી થાય એમ વાત છે. આહાહા..!

અહીં કહે છે, '**જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી તેમાં અતિ અનુરાગી થઈ પ્રવર્તે**

**છે,...**' એણે એમાં એકમાં લખ્યું છે કે નિશ્ચય અધ્યાત્મની વાત ઓલી થઈ જશે એટલે એણે ભક્તિમાં આવવું. એમ લખ્યું છે એક પત્રમાં. એ તો વ્યવહાર આવે એ જણાવે. બાકી આવવું એટલે કાંઈ ફરજ છે અને કર્તવ્ય છે એમ નથી. પણ એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. પૂર્ણ વીતરાગ ન હોય એને દ્રવ્યનું જોર દૃષ્ટિમાં હોવા છતાં જેના દ્રવ્યમાં પર્યાય નથી એવું ભાન હોવા છતાં, એ દ્રવ્ય પર્યાયનો પણ કર્તા નથી એવું ભાન હોવા છતાં... આહાહા..! શુભભાવ આવે, પણ એને હેય તરીકે જાણીને તેમાં લક્ષ રાખ્યું છે એ પણ હેય તરીકે લક્ષ રાખ્યું છે. આવો માર્ગ આકરો.

અરે.. દુઃખી છે અનંત કાળથી. આહાહા..! એની એને ખબર નથી. અતીન્દ્રિય આનંદનો નાથ, આનંદના પાટલેથી ખસી ગયો. આ પાટલે બેઠો હોય ને માણસ ખસી જાય. આહાહા..! એક બાઈ પાટલે બેઠી હતી અને રસોઈ કરતી હતી. વૈષ્ણવ હતી. કપડું એક પહેરેલું, એમાં વીંછી કરડ્યો અંદર. પુંઠે વીંછી કર્યો ત્યાં બરાબર. પાટલામાં કાણું હશે ને કાંઈક. અને એક જ લૂગડું પહેરે. વૈષ્ણવ ખરા ને? રાંધવા વખતે. ઝાઝા કપડા ન પહેરે એક જ. પાતળું અને પાટલામાંથી કાણાની નીચેથી વીંછી ડંખ્યો. હાય. હાય.. ઓલા તડમાંથી આવ્યો ને? સળંગ હોય તો તો ન આવે. એમ અખંડ ચૈતન્યના ધ્રુવ પાટલે અખંડપણે જો બેસે, તો તો કાંઈ રાગાદિ આવે નહિ. આહાહા..! પણ ત્યાંથી ખસે તો એ રાગ વીંછીનો ડંખ છે એ. આહાહા..! આકરું કામ.

રાગ વિષકુંભ કહ્યો છે ને? ઝેરનો ઘડો કહ્યો છે. આહાહા..! વિષકુંભ કહ્યો છે જુઓને આ તો. આહાહા..! વીતરાગી સંતોની વાણી તો જુઓ. કહે છે કે અમારી ભક્તિનો રાગ તને આવે, ત્રિલોકના નાથનો રાગ આવે એને ઝેરનો ઘડો કહીએ. અરેરે..! એ વીતરાગી મુનિઓ કહે હોં. આહાહા..! સત્યની સ્થિતિ જ આવી છે ત્યાં શું થાય? સત્યનું સ્વરૂપ જ એવું છે. આનંદનો નાથ પૂર્ણ આનંદના લક્ષમાં હતી દૃષ્ટિ ત્યાં સુધી તો એને આદર અખંડાનંદ પૂર્ણનો હતો. આહાહા..! અને તેના આદરમાં રહીને પણ રાગ આવે, પણ તેને એ ઝેર સમાન, દુઃખ સમાન જાણે છે. આવે માટે સારો છે એમ નહિ. એ તો કહી ગયા ને?

'**તેને ભલો માનતો નથી,...**' ઉપરના પેરેગ્રાફમાં. ત્રણ. '**તેને તેનું સ્વામીત્વ કે કર્તાબુદ્ધિ નથી. તેને તે રાગ હેયબુદ્ધિએ વર્તે છે;...**' આહાહા..! આવી તકરાર કરે. આહાહા..! સોગાનીની દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર બહુ હતું. બે ઠેકાણે લખેલું છે કે નહિ? બે ઠેકાણે નહિ? આ અમારી પદ્ધતિ દ્રવ્ય પ્રધાનનું કથન છે. શરૂઆતમાં છે. છે ને ક્યાંક. પત્રમાં? હા એ છે. એ છે. આવ્યું. 'અપની તો યહી દૃષ્ટિપ્રધાન શૈલી હૈ' એમ શૈલી. એને કાંઈ ઉપદેશ કરવો નહોતો. એના કાંઈ દુનિયામાં રાજી થાય અને સભા ભરાય એવું કાંઈ નહોતું. છે ને?

પ્રશ્ન છે કે 'આપ શુદ્ધ પર્યાયકો દૃષ્ટિકી અપેક્ષાસે ભિન્ન કહતે હોં કિ જ્ઞાનકી અપેક્ષાસે?' 'દૃષ્ટિકી અપેક્ષા સે ભિન્ન કહતે હૈં. જ્ઞાનકી અપેક્ષાસે તો નહીં.' કેમ કે જ્ઞાન જાણે છે એમ. દૃષ્ટિમાં ભેદ નથી ને. 'દૃષ્ટિ કરનેકા પ્રયોજનમેં ભિન્નતા કા જોર દિયે બિના દૃષ્ટિ અભેદ નહીં હોતી; તો દૃષ્ટિ કી અપેક્ષાસે ભી ભિન્ન કહતે હૈં; ઔર અપની યહી દૃષ્ટિપ્રધાન શૈલી હૈ, સો ઐસા હી કહતે

હૈ.' ૪૩૫માં છે. પ્રશ્નમાં. ૪૩૫ હોં.

'મુઝે દ્રવ્યકા બહોત પક્ષ હો ગયા હૈ.' એટલે મારું લક્ષ વધારે જોર ત્યાં છે. 'ઇસલિયે કથનમેં દ્રવ્યમેં...' કૌંસમાં લખ્યું પછી લાલભાઈએ. 'દ્રવ્યકી પ્રધાનતાસે હી સબ બાત આતી હૈં.' બે ઠેકાણે આવ્યું ને? પહેલું બીજો અને આ. ૪૩૫. એ તો યથાર્થ છે.

**'વળી કોઈ જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી...'** ભગવાનની ભક્તિ અને પૂજા. ઓહો..! મોક્ષનું કારણ છે. એમાંથી હળવે-હળવે આગળ વધશું. શાંતિભાઈ! આવો માર્ગ છે, બાપુ! અરે..! લોકોને સત્ય સાંભળવા મળે નહિ. એ સત્યના વિચારને અને સત્યની રુચિમાં ક્યારે જાય? અરે.. દુર્લભ પડ્યું. અને સંસાર ચોર્યાસી લાખ. ભવસિંધુના તળીયે જઈને પડ્યો છે. આહાહા..! રાગને એકત્વ માનનારો ભવસિંધુને તળિયે ઊંડો પડ્યો છે. આહાહા..! એનો ઉદ્ધાર સહજ સ્વભાવ સાગર સિંધુ એનો આશ્રય વિના એનો ઉદ્ધાર થાય એવું નથી. આહાહા..!

જુઓને નિગોદના ભવ અઢાર એક શ્વાસમાં. આ શું કહે છે આ? એને વિચાર કરીને અસ્તિપણે એને શ્રદ્ધવામાં આવવું જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો સાડા ત્રણે આવ્યા. લાલભાઈ આવ્યા? નથી આવ્યા? ઠીક. આવવાના હતા એવો કાગળ હતો. આહાહા..!

**'અજ્ઞાની શુભરાગમય...' 'કોઈ જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી તેમાં અતિ અનુરાગી થઈ...'** બસ અનુરાગી. ધર્મ અનુરાગી, ધર્મ અનુરાગી. એમ. ધર્મના પ્રેમમાં અનુરાગ એ તો રાગ છે. આહાહા..! **'પ્રવર્તે છે, પણ તે તો જેમ અન્યમતી ભક્તિથી મુક્તિ માને છે તેવું આનું પણ શ્રદ્ધાન થયું;...'** આહાહા..! **'ભક્તિ તો રાગરૂપ છે અને રાગથી બંધ છે.'** આ મોક્ષમાર્ગ(પ્રકાશક)નું છે. 'માટે તે મોક્ષનું કારણ નથી.'

**'રાગનો ઉદય આવતાં જો ભક્તિ ન કરે તો પાપાનુરાગ થાય,...'** ઓલો ધર્મ અનુરાગ શુભ. છે શુભ. આહાહા..! **'એટલા માટે અશુભ રાગ છોડવા અર્થે જ્ઞાની ભક્તિમાં પ્રવર્તે છે વા મોક્ષમાર્ગમાં બાહ્ય નિમિત્તમાત્ર પણ જાણે છે,...'** નિમિત્ત છે એ તો. નિમિત્ત છે એનો અર્થ કે એનાથી થાતું નથી. મોક્ષમાર્ગમાં બાહ્ય નિમિત્ત. ભાષા એમ લીધી છે ને? આહાહા..! નિમિત્ત છે એક રાગ મંદ એટલું. એનાથી અહીં શુદ્ધતા પ્રગટે કે એનાથી શુદ્ધ ઉપયોગ પ્રગટે શુભરાગથી, શુભરાગ કરતાં વિશેષ કરતા શુદ્ધતા પ્રગટે. તદ્દન વિરૂદ્ધ માન્યતા. મિથ્યાદૃષ્ટિની માન્યતા છે એ. આહાહા..! ભારે કામ આવું.

અરે.. ચોર્યાસીના આતાપમાં તપી રહ્યો છે બાપુ. એની આકુળતાના દુઃખની એને ખબર નથી. આનંદનો અનુભવ વિના આકુળતાનું એને દુઃખ ક્યાં લાગે? કોની સાથે મેળવે? શુભ-અશુભભાવ કષાય છે. અગ્નિ છે, ભઠ્ઠી છે. આહાહા..! ભગવાન આનંદ અને શાંતિની ભઠ્ઠી છે. એના વિરૂદ્ધનો આ શુભભાવ દુઃખરૂપ છે. **'પરંતુ ત્યાં જ ઉપાદેયપણું માની સંતુષ્ટ થતો નથી,...'** આહાહા..! **'પણ શુદ્ધોપયોગનો ઉદ્યમી રહે છે...'** શુદ્ધ ઉપયોગ જે સ્વભાવ સન્મુખ થઈને શુદ્ધ થાય તે મોક્ષનું કારણ છે. આહાહા..!

હવે, પંચાસ્તિકાયનું ૧૩૬ ગાથાની ટીકા. '**આ ભક્તિ કેવળ ભક્તિ જ છે પ્રધાન જેને...**' જેને એ ભક્તિની અંદર મુખ્યતા થઈ ગઈ છે જેને દૃષ્ટિમાં. આહાહા..! '**એવા અજ્ઞાની જીવોને જ હોય છે.**' આ ભક્તિ '**કેવળ ભક્તિપ્રધાન છે.**' આહાહા..! સ્વના આશ્રયથી જ્ઞાતા-દૃષ્ટાપણું છે નહિ જેને. '**એવા અજ્ઞાની જીવોને જ હોય છે;...**' આહાહા..! '**તીવ્ર રાગજ્વર મટાડવા અર્થે...**' તીવ્ર રાગજ્વર મટાડવા. વ્યવહારથી કથન છે ને. બાકી તો એ જ સમયે શુભ આવે, પણ વિકલ્પમાં એમ આવે ને કે શુભ થાય, અશુભ ન થાય એમ. એવો વિકલ્પ આવે. થાય તો એની યોગ્યતાને કાળે એને કારણે. પણ વ્યવહારમાં એવો વિકલ્પ અશુભભાવ ન થાય. એ અશુભભાવ વંચનાર્થં. છે? રાગજ્વર મટાડવા અર્થે. '**વા અસ્થાનનો રાગ નિષેધવા અર્થે...**' બીજામાં રાગ ન જાય એ ખાતર ત્યાં '**કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે.**' ભક્તિ.

'**એટલે કે જ્ઞાની જ્યારે સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી...**' ઉપયોગ દૃષ્ટિમાં તો દર્શન શુદ્ધતા પૂર્ણ એ વધતી જ રહી છે નિરંતર. પણ ઉપયોગ એમાં નથી જામતો, ચારિત્રની અપેક્ષાએ ઉપયોગ જામતો નથી અંદર. ત્યારે સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી '**ત્યારે તેને આવી ભક્તિ હેય-બુદ્ધિએ હોય છે.**' કહો, સમજાણું કાંઈ? વાતના વલણ બીજા, શરીરના વલણ બીજા. આહાહા..! અંતરનું વલણ બીજું.

અજ્ઞાનીઓ ઈચ્છાથી નિરચ્છક શુદ્ધ ઉપયોગનું માપ ન કહી શકે. તો આ શુદ્ધ લબ્ધિ છે, પ્રાપ્ત જીવના ઉપયોગને પ્રાપ્ત થવાને લાયક. એવી લબ્ધિનું તો માપ સાધારણ ઈચ્છાવાળા ન કરી શકે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે તેને હોય છે.

---

**यश्चात्मगोचरे जागर्ति स मुक्तिं प्राप्नोतीत्याह–**

आत्मानमन्तरे दृष्टवा दृष्ट्वा देहादिकं बहिः।
तयोरन्तरविज्ञानादभ्यासादच्युतो भवेत्।।७९।।

**અંદર દેખી આત્મને, દેહાદિકને બાહ્ય,**
**ભેદજ્ઞાન-અભ્યાસથી, શિવપદ-પ્રાપ્તિ થાય. ૭૯.**

**टीका :– आत्मानमन्तरेऽभ्यन्तरे दृष्टवा देहादिकं बहिर्दष्टवा तयोरात्मदेहयोरन्तरविज्ञानात् भेद–विज्ञानात् अच्युतो मुक्तो भवेत्। ततोऽच्युतो भवन्नप्यभ्यासाद्भेदज्ञानभावनातो भवति ते पुनर्भेदवि–ज्ञानमात्रात्।।७९।।**

---

જે આત્મસ્વરૂપમાં જાગે છે, તે મુક્તિ પામે છે, તે કહે છે :-

શ્લોક – ૭૯

અન્વયાર્થ :- (अन्तरे) અંતરંગમાં (आत्मानं) આત્માના વાસ્તવિક સ્વરૂપને (दृष्ट्वा) જોઈને અને (बहिः) બાહ્યમાં (देहादिकं) શરીરાદિ પર ભાવોને (दृष्ट्वा) જોઈને (तयोः) બન્નેના-આત્મા અને શરીરાદિકના- (अन्तरविज्ञानात्) ભેદવિજ્ઞાનથી તથા (अभ्यासात्) તેના અભ્યાસથી (अच्युतः भवेत्) અચ્યુત એટલે મુક્ત થવાય.

ટીકા :- આત્માને અંતરમાં – અભ્યંતરમાં જોઈને અને દેહાદિકને બાહ્ય જોઈને, તે બન્નેના અર્થાત્ આત્મા અને દેહના અંતરવિજ્ઞાનથી એટલે ભેદવિજ્ઞાનથી (જીવ) અચ્યુત એટલે મુક્ત થાય. તેથી એકલા ભેદજ્ઞાનથી જ અચ્યુત થાય એમ નહિ, પણ તેના (ભેદજ્ઞાનના) અભ્યાસથી-ભેદજ્ઞાનની ભાવનાથી અચ્યુત થાય.

ભાવાર્થ :- આત્મા અને દેહના ભેદજ્ઞાનથી અને તેના નિરંતર અભ્યાસથી અર્થાત્ ભેદજ્ઞાનની નિરંતર ભાવનાથી-એ બંનેથી જ સંસારથી મુક્ત થવાય, કારણ કે અભ્યાસથી ભેદજ્ઞાનમાં દઢતા આવે છે અને દઢતાથી આત્મસ્વરૂપમાં સ્થિરતા પામી મુક્ત થવાય છે.

વિશેષ

જ્યારે જીવ અંદરના આત્માને અને બાહ્ય શરીરાદિક પર પદાર્થોને તેમનાં લક્ષણો દ્વારા એક બીજાથી ભિન્ન ભિન્ન સમજે છે – બંનેનું ભેદવિજ્ઞાન કરે છે, ત્યારે તેની પરિણતિ-માં પલટો આવે છે. તે બાહ્ય વિષયોથી હઠી અંતર્મુખ થાય છે અને પોતાના ઉપયોગને ઈન્દ્રિયોના વિષયોમાં નહિ ભમાવતાં તેને હવે સ્વસન્મુખ વાળી આત્મસ્વરૂપમાં એકાગ્ર થવા અભ્યાસ કરે છે. આત્મસાધનનો અભ્યાસ વધારતાં વધારતાં એને આત્મસ્વરૂપમાં એટલી દઢતા-સ્થિરતા પ્રાપ્ત થાય છે કે તે ફરીથી આત્મસ્વરૂપથી ચ્યુત થતો નથી, અને આત્મિક ગુણોનો પૂર્ણ વિકાસ થતાં તે મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

ભેદ-વિજ્ઞાન એ મુક્તિનું પ્રથમ પગથિયું છે. તેના વિના મુક્તિ કદી પ્રાપ્ત થાય નહિ. માટે ભેદ-વિજ્ઞાન કરી તેનો અભ્યાસ ત્યાં સુધી જારી રાખવો કે જ્યાં સુધી જ્ઞાનનો ઉપયોગ પર પદાર્થોથી હઠી આત્મસ્વરૂપમાં સ્થિર થાય.૧

''જે કોઈ સિદ્ધ થયા તે ભેદ-વિજ્ઞાનથી સિદ્ધ થાય છે; જે કોઈ બંધાયા છે તે તેના જ (ભેદ-વિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.''૨

ભેદજ્ઞાન-જ્યોતિને કેવલજ્ઞાનને ઉત્પન્ન કરનારી કહી છે.૩

અવિચળ આત્માનુભૂતિનું મૂળ કારણ ભેદવિજ્ઞાન છે. ૭૯.

---

૧-૨. શ્રી સમયસાર કલશ ૧૩૦, ૧૩૧

૩. જુઓ-શ્રી સમયસાર ગાથા-૨ની ટીકા.

# શ્લોક-૭૯ ઉપર પ્રવચન

**'જે આત્મસ્વરૂપમાં જાગે છે, તે મુક્તિ પામે છે, તે કહે છે :–'** ૭૯. એમાં તો કહ્યું હતું ને ૭૮માં. વ્યવહારે **'व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे।'** વ્યવહારના રાગનો રસ જેને ઊડી ગયો છે. રસનો જેને આદર નથી એ આત્મામાં, આત્માના સ્વભાવ સન્મુખ થઈ શકે છે. જાગતી વ્યવહારે પણ, રાગના રસમાં જાગી ગયો છે, જાગતો રહે છે. સુષુપ્ત આત્મગોચરે. એ આત્માના અંતર વલણમાં જાગૃત થતો નથી. આહાહા..! બહુ ટૂંકામાં પણ..

વ્યવહારના રસમાં જાગે છે તે નિશ્ચયના રસમાં સૂતો છે. નિશ્ચયના રસમાં જાગે છે તે વ્યવહારમાં સૂતો છે. હોય છે ખરો, પણ એની જાગૃતતા નામ એકાગ્રતા હોતી નથી. આહાહા..! ૭૯.

**आत्मानमन्तरे दृष्टवा दृष्ट्वा देहादिकं बहिः।**
**तयोरन्तरविज्ञानादभ्यासादच्युतो भवेत्।।७९।।**

**'ટીકા :— આત્માને અંતરમાં – અભ્યંતરમાં જોઈને...'** અંતરાત્મા કહ્યો ને એ? વસ્તુ જે અંતરમાં શુદ્ધ આનંદકંદ પ્રભુ વર્તે એ અંતરાત્મા. એની જેને દૃષ્ટિ થઈ છે તે અંતરાત્મા. .. અંતરાત્મા જે પર્યાયની પાછળ આખો આત્મા પૂર્ણ ધ્રુવ શુદ્ધ અભેદ અખંડ આનંદનો નાથ એને જેણે જોયો, માન્યો, જાણ્યો અને **'દેહાદિકને બાહ્ય જોઈને,...'** એ જીવ દેહાદિક બાહ્ય જોઈને. આહાહા..! **'બન્નેના અર્થાત્ આત્મા અને દેહના અંતરવિજ્ઞાનથી એટલે ભેદવિજ્ઞાનથી (જીવ) અચ્યુત એટલે મુક્ત થાય.'** ભેદવિજ્ઞાનથી ચ્યુત થતો નથી. એમ. એટલે મુક્ત થાય છે. આહાહા..!

આત્મા અભ્યંતરમાં વસ્તુ છે. શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એ અંતર અભ્યંતર દૃષ્ટિનો વિષય છે, તે અભ્યંતર જોઈને. આહાહા..! **'દેહાદિકને બાહ્ય જોઈને,...'** દેહ, વાણી, મન, રાગાદિ **'તે બન્નેના અર્થાત્ આત્મા અને દેહના અંતરવિજ્ઞાનથી એટલે ભેદવિજ્ઞાનથી (જીવ) અચ્યુત એટલે મુક્ત થાય.'** આહાહા..! **'એકલા ભેદજ્ઞાનથી જ અચ્યુત થાય એમ નહિ, પણ તેના (ભેદજ્ઞાનના) અભ્યાસથી...'** આહાહા..! **'अभ्यासात्'** શબ્દ છે ને પાઠમાં? એનો અભ્યાસ ભેદ થયા પછી પણ વારંવાર ભેદનો અભ્યાસ હોય એમ. આહાહા..!

**'(ભેદજ્ઞાનના) અભ્યાસથી–ભેદજ્ઞાનની ભાવનાથી અચ્યુત થાય.'** એટલે મોક્ષને પામે છે. આહાહા..! રાગથી ભિન્ન પડીને આત્માના અભ્યંતર આનંદના સ્વરૂપનો અનુભવ કરીને તે મુક્તિને પામે છે. રાગથી ભિન્ન પડેલો અને રાગથી ભિન્ન પડવાના અભ્યાસવાળો. પહેલો પણ રાગથી ભિન્ન પડ્યો, પછી પણ રાગ છે એનાથી ભિન્ન પડતો જાય છે, એ અચ્યુત મોક્ષને પામે છે. રાગમાં રહેલો એ મુક્તિને પામતો નથી. એને વ્યવહારથી મુક્તિનું કારણ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ કારણ-ફારણ છે નહિ. અશુભ ટાળ્યો છે ને. (શુભ) ટાળશે એ અપેક્ષાએ

કથન આવે પરંપરા. પણ રાગ તો પરંપરા અનર્થનું મૂળ છે. બહારમાં આવ્યું છે બાર ભાવનાનું. કુંદકુંદાચાર્યનું. વંચાઈ ગયું છે. રાગ તો પરંપરા અનર્થનું મૂળ છે. વર્તમાન દુઃખદાયક અને ભવિષ્યમાં પણ રાગના ફળ તરીકે પુણ્ય બંધાય અને પુણ્યના ફળ તરીકે સંયોગ મળે. સંયોગ ઉપર લક્ષ જાય એટલે રાગ જ થાય એને. આહાહા..! ભારે આકરું કામ. એ વીતરાગની વાણી મળે એ પણ સંયોગ છે. સંયોગી ચીજ છે ને એ? એનાથી સંયોગી ભાવ જ ઉત્પન્ન થાય એના લક્ષે. એના લક્ષે સ્વભાવ-ભાવ ન થાય.

અને આમાં ચર્ચા વાર્તા ક્યાં કરે? જે માનીને બેઠો હોય, હવે એની માન્યતા ન ફેરવે ત્યાં સુધી આ વાત એને કેમ ગળે ઉતરે? આહાહા..! શું કહે છે આ તો એકાંત નિશ્ચયની જ વાત છે. શ્રીમદ્ પણ એમ કહે છે કે અનેકાંત પણ સમ્યક્ એકાંત વિના.. આવે છે ને. એ વ્યવહારની ઉપેક્ષા થઈ એ વ્યવહાર આવી ગયો. ઉપેક્ષા થઈ એ જ વ્યવહાર આવી ગયો. કે વ્યવહાર કારણ છે નહિ. આહાહા..! પણ એકલા નિશ્ચયથી જ મુક્તિ થાય છે. એમાં વ્યવહારની ઉપેક્ષા આવી ગઈ, અપેક્ષા નહિ. આહાહા..! ઉપેક્ષા એટલે વ્યવહાર જાણ્યો છે, રાગ જાણ્યો છે. કીધુંને અહીં ન કીધું?

**દેહાદિકને બાહ્ય જોઈને** રાગાદિ પણ વ્યવહારથી બહાર જોઈને. જુઓ બેય આવી ગયું છે અંદર. કહ્યું હતું એ વખતે. એ તો દેહાદિક નહિ રાગાદિ પણ એમ. '**આત્માને અંતરમાં - અભ્યંતરમાં જોઈને અને દેહાદિકને બાહ્ય જોઈને, તે બન્નેના અર્થાત્ આત્મા અને દેહના અંતરવિજ્ઞાનથી...**' અંતર વિજ્ઞાનથી '**એટલે ભેદવિજ્ઞાનથી...**' મોક્ષ પામે છે. આહાહા..! એકલા ભેદજ્ઞાનથી અચ્યુત થાય એમ નહિ. પણ તેના અભ્યાસથી ભેદજ્ઞાનની ભાવનાથી અચ્યુત થાય છે. '**पुनर्भेदविज्ञानमात्रात्।।**' એમ છે ને સંસ્કૃતમાં. '**भवन्नप्यभ्यासाद्भेदज्ञानभावनातो भवति**' એ આવે છે ને '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' (શ્લોક-૧૩૧ સમયસાર) છેક ભેદવિજ્ઞાન કરતા... કરતા... કરતા... પરથી ખસીને અંદર જાય છે. ત્યારે એને મુક્તિ થાય છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન પૂર્ણ થાય ત્યારે.

ઉત્તર :- પૂરું થાય ત્યારે. પૂરું તો ક્યારે થાય? કે રાગરહિત થઈને ઠરે ત્યારે પૂરું થાય. આહાહા..! આવો માર્ગ આ. એ કરતા એવું હતું ને. કપૂરભાઈ! એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચૌરિંદિયા, પંચિદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, તસ્સ મિચ્છામી દુક્કડં. કાંઈ છે એમાં ? અને તસ્સઉત્તરી કરણેણં તાવ કાયં ઠાણેણં મોણેણં જાણેણં અપ્પાણં વોસિરામી. લ્યો થઈ ગઈ સામાયિક. આહાહા..! અરે.. બાપુ! એ સામાયિક એમ ન થાય. સામાયિક તો સમતાનો લાભ મળે, વીતરાગતાનો લાભ મળે, સામાયિક થાય. વીતરાગતાનો લાભ ક્યારે મળે? જિનસ્વરૂપી પ્રભુ શુદ્ધદળ છે આત્મા એ અભ્યંતર, એનો આશ્રય કરે ત્યારે એને આત્મામાં વીતરાગતાનો લાભ થાય. આહાહા..! ત્યારે એને સાચો કાયોત્સર્ગ થાય. રાગ ને કાયાના લક્ષને છોડી અને પૂર્ણાનંદના નાથમાં સ્થિર થાય ત્યારે એને કાયોત્સર્ગ થાય. આ તો .. આ ભગવાનને વંદન કરે ને ત્યારે જરી ઉભા રહીને ચૈત્યવંદન કરે ત્યારે થોડીવાર, પણ એ તો હજી

વિકલ્પ છે. આહાહા..!

'**ભાવાર્થ :– આત્મા અને દેહના ભેદજ્ઞાનથી અને તેના નિરંતર અભ્યાસથી,...**' બે વાત છે ને? '**ભેદજ્ઞાનની નિરંતર ભાવનાથી...**' અભ્યાસની વ્યાખ્યા. '**એ બંનેથી સંસારથી મુક્ત થવાય, કારણ કે અભ્યાસથી ભેદજ્ઞાનમાં દઢતા આવે છે...**' રાગથી ભિન્ન પડતા ભાન થયું છતાં એમ ને એમ ભિન્ન પડતાં દઢતા વિશેષ સ્થિરતા જ્ઞાનથી થાય છે. '**અને દઢતાથી આત્મસ્વરૂપમાં સ્થિરતા પામી મુક્ત થવાય છે.**' આહાહા..! આ મોટા વરઘોડા, ગજરથ ને ૨૫-૨૫ હજાર માણસો હોય. એક એક હજાર માણસમાં એક એક બેંડવાજા હોય. ૨૫ હજાર હોય તો ૨૫ બેન્ડવાજા. આહાહા..! આ જયપુરમાં કીધું હતું ને છેલ્લે. ૨૧ હાથી. એ તો એક સાથે હોં. એક સાથે બહાર મોઢા આગળ ૨૧ હાથી ચાલે. પાછળ ૪૦ હજાર માણસ.

મુમુક્ષુ :– ઘણો લાભ થયો.

ઉત્તર :– એ તો પરની ક્રિયા થઈ. અને એમાં લક્ષ રહે તો એ શુભભાવ છે. એમાં આત્મા ક્યાં આવ્યો?

મુમુક્ષુ :– એ ધર્મની પ્રભાવના...

ઉત્તર :– એ ધર્મની પ્રભાવના અંદર થતી હશે કે બહાર?

મુમુક્ષુ :– નિશ્ચય અને વ્યવહાર બે પ્રકારના..

ઉત્તર :– વ્યવહારનો અર્થ એને શુભભાવ થાય એ વ્યવહાર. બહારમાં બીજો સમજે તો વ્યવહાર એમ વ્યવહાર છે? શુદ્ધતાનો લાભ એ નિશ્ચય અને શુભનું થવું તે વ્યવહાર. પણ શુભ થયો માટે બીજો ધર્મ પામ્યો, ધર્મ પ્રભાવના થઈ એનો અહીં લાભ છે એમ છે? આહાહા..! ભારે કામ ભાઈ! મારે ભલે એકાદ-બે ભવ કરવા પડે પણ જગતને હું તારવા રોકાઉં. દૃષ્ટિ જ મિથ્યા છે. આહાહા..! એ વિકલ્પમાં જોર છે હજી ભવ કરવાનો અને બીજાનું કરી દઉં. આહાહા..! એ વ્યવહારના એકલા રસીલા એને આત્મા આશ્રયનું ભાન છે નહિ. આહાહા..!

**વિશેષ :—** '**જ્યારે જીવ અંદરના આત્માને...**' અંદરના આત્માને એટલે ધ્રુવ. સહજ આનંદદળ, સહજજ્ઞાન પ્રકાશનું સત્ત્વ એવો જે અભ્યંતર આત્મા એને '**અને બાહ્ય શરીરાદિક પરપદાર્થોને...**' આવ્યું ને. આત્માનું લક્ષણ ચૈતન્ય અને બંધનું લક્ષણ રાગ. સર્વવિશુદ્ધમાં આવ્યું હતું. રાગ લક્ષણ છે એ. આહાહા..! અહીંયાં આવ્યું, વ્યવહારનું લક્ષણ વિકલ્પ. આહાહા..! લક્ષણ કહ્યું જુઓ. આહાહા..! '**विकल्प अभिधान लक्षणे**' વ્યવહાર એટલે વિકલ્પ જેનું નામ એવું જેનું લક્ષણ છે, નામ વિકલ્પ જેનું એવું લક્ષણ. આહાહા..!

'**જીવ અંદરના આત્માને અને બાહ્ય શરીરાદિક પર પદાર્થોને...**' સ્વ અભ્યંતર આત્માને જાણ્યો એ જીવ રાગાદિ બાહ્યને એના લક્ષણથી જાણે છે. '**એક બીજાથી ભિન્ન ભિન્ન સમજે છે...**' પોતાનું આનંદસ્વરૂપ એનાથી રાગ ભિન્ન છે, રાગથી આત્મા આનંદસ્વરૂપ ભિન્ન છે. આનાથી આ ભિન્ન અને એનાથી એ ભિન્ન. વ્યવહારથી નિશ્ચય ભિન્ન, નિશ્ચયથી વ્યવહાર ભિન્ન. એ '**બંનેનું ભેદવિજ્ઞાન કરે છે, ત્યારે તેની પરિણતિમાં પલટો આવે છે.**' ત્યારે તેની પરિણતિ દ્રવ્ય ઉપર

જાય છે. પર્યાયમાં કાર્ય થાય છે ને? કાર્ય તો પર્યાયમાં થાય છે ને? એટલે પલટો ખાય છે. પર્યાય આમ (જતી હતી) એ આમ જાય છે. આહાહા..! જે પર્યાય રાગ ઉપર જાય છે એ પર્યાયને દ્રવ્ય ઉપર મૂકી. અંતર વાળી. ત્યારે પલટો ખાધો. પરિણતિમાં પલટો આવે છે.

**'તે બાહ્ય વિષયોથી હઠી...'** લ્યો! વિષયોમાં તો બધું આવી ગયું. વીતરાગની વાણી (અને) વીતરાગ પોતે બાહ્ય વિષય છે. આહાહા..! **'બાહ્ય વિષયોથી હઠી અંતર્મુખ થાય છે અને પોતાના ઉપયોગને ઈન્દ્રિયોના વિષયોમાં નહિ ભમાવતાં...'** લ્યો! **'તેને હવે સ્વસન્મુખ વાળી આત્મસ્વરૂપમાં એકાગ્ર થવા અભ્યાસ કરે છે. આત્મસાધનાનો અભ્યાસ વધારતાં વધારતાં...'** અંતરમાં એકાગ્રતાની સન્મુખતાને વધારતાં, **'વધારતાં એને આત્મસ્વરૂપમાં એટલી દઢતા-સ્થિરતા પ્રાપ્ત થાય છે કે તે ફરીથી આત્મસ્વરૂપથી ચ્યુત થતો નથી,...'** ચ્યુત થતો નથી એટલે મુક્તિ થાય છે. આહાહા..!

**'અને આત્મિક ગુણોનો પૂર્ણ વિકાસ થતાં તે મોક્ષપદ પ્રાપ્ત કરે છે.'** ઘણી જ સરળ અને સીધી. અભ્યંતર ભગવાન આત્મા જે વિકલ્પમાં પણ નથી, એક સમયની પર્યાયમાં પણ અભ્યંતર તત્ત્વ છે નહિ. આહાહા..! અભ્યંતર દ્રવ્યસ્વભાવ એના સન્મુખ દૃષ્ટિને, પર્યાયને વાળતા. **'આત્મિક ગુણોનો પૂર્ણ વિકાસ...'** થાય છે અને એમાં અભ્યાસથી આત્મસ્વરૂપથી ચ્યુત થતો નથી.

**'ભેદ-વિજ્ઞાન એ મુક્તિનું પ્રથમ પગથિયું છે.'** ભગવાન આત્મા અને રાગથી માંડીને પરચીજ, બધાથી ભેદજ્ઞાન એ પહેલું પગથિયું છે. વ્યવહારથી નિશ્ચય થાય એવું પગથિયું છે નહિ. એનાથી ભિન્ન પાડવું એ પગથિયું છે એમ કહે છે. આહાહા..! જે બહિર્લક્ષે થયેલો રાગ અને અંતર-લક્ષે થયેલી અરાગદશા બે ભિન્નદશા છે. આહાહા..! એ મુક્તિનું પહેલું પગથિયું છે. મુક્તિનો પહેલો ઉપાય ભક્તિ ને રસ ને તપ ને કરો, કરતા કરતા નિશ્ચય થાશે. એમ અહીં ના પાડી. એ પગથિયું જ નથી. આહાહા..! મેડીએ જવા માટે ભોંયરે ઉતર્યો એ તો.

મુમુક્ષુ :- છેટું રહી ગયું.

ઉત્તર :- છેટે પડે. વચ્ચે ઓરડો હોય, નીચે ભોંયરું હોય, માથે મેડી હોય. હવે મેડીએ જાવું છે તો એ પહેલો નીચે ઉતરે, અભ્યાસ થાય નીચે ઉતરવાનો તો ઉપર ચડવાનો અભ્યાસ થાય. (એમ બને નહિ) આહાહા..! નીચે ઉતરવામાં તો પગ પડતું મૂકવું છે આખું એને. એટલે એમાં કાંઈ જોર નથી. ઉપર ચડવામાં તો પગને આખું આમાં જોર મૂકવું પડે છે. આ ગીરનાર જે જાય ને એ ચડતા વખતે એને બહુ મહેનત પડે, પણ ઉતરતા પછી કાંઈક, પગથિયા ઉપર શરીર પડતું મૂકવું છે ને આમ ફટ.. ફટ.. ફટ.. ઓલું તો ઉપાડવું છે આમ બધું. એમ આત્મામાં અંદર ઊર્ધ્વપણે જાતા અંદર પુરુષાર્થની ઉગ્રતા છે ત્યાં. અને રાગમાં જાવું એ તો નીચે ભોંયરે જાવું, નીચે પડતા મૂકવા જેવું છે. આહાહા..!

**'માટે ભેદ-વિજ્ઞાન કરી તેનો અભ્યાસ ત્યાં સુધી જારી રાખવો કે જ્યાં સુધી જ્ઞાનનો ઉપયોગ પર પદાર્થોથી હઠી આત્મસ્વરૂપમાં સ્થિર થાય.'** છે ને એ કળશને એ? વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૦, શુક્રવાર તા. ૧૮-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૭૯-૮૦,**
**પ્રવચન - ૯૩**

સમાધિતંત્ર, ગાથા-૭૯, આધાર આપ્યો છે સંવર અધિકારનો. '**જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદ-વિજ્ઞાનથી સિદ્ધ થાય છે;...**' સંવરની ગાથા છે આ. કહ્યું હતું ને? ભેદ-વિજ્ઞાન થયા. 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે. બાકી બુરો અજ્ઞાન. ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તું માન.' પૂનમચંદ નથી? ક્યાં ગયા? દેખાતા નથી. ત્યાં બેઠા. એ ગાથા કાલની. હતી એ હતી. સાથે હતા. આહાહા..! રાગથી શરીર તો ભિન્ન છે, નિમિત્તનું લક્ષ છોડી દઈ, રાગનું લક્ષ છોડી દઈ અને પર્યાયમાં અંશબુદ્ધિ છે એને છોડી દઈ, એનાથી ભિન્ન ચૈતન્ય ધ્રુવ, એનું જે જ્ઞાન કરે છે એ ભેદજ્ઞાન છે. તો એ ભેદજ્ઞાનથી જેટલા સમકિત પામ્યા, જ્ઞાન પામ્યા, ચારિત્ર પામ્યા અને કેવળ પામ્યા એ એનાથી પામ્યા છે.

મુમુક્ષુ :- કોઈ ઠેકાણે એમ કીધું કે સમ્યગ્દર્શનથી પામ્યા છે.

ઉત્તર :- એ સમ્યગ્દર્શનનો જ અર્થ થયો ને એ. સમ્યગ્દર્શનની સાથે જ્ઞાન-ચારિત્ર હોય છે. ભેદજ્ઞાન થયું ને એ ભેદ. સમ્યગ્જ્ઞાનથી વાત ચાલે ત્યારે તે ભેદજ્ઞાન છે. પ્રતીતની વાત થાય ત્યારે ધ્રુવની પ્રતીતિ. એક સમયના અંશ તરફનું વલણ તો અનાદિનું છે. શાસ્ત્રનું જ્ઞાન, પણ એ પર્યાયમાં થાય છે. અને એ પર્યાય ઉપર બુદ્ધિ છે ત્યાં સુધી આત્મા શું છે એ એણે જાણ્યો નથી. આત્મા તો એને કહીએ, જે પર્યાયથી પણ ભિન્ન શુદ્ધ અખંડ અભેદ ચૈતન્ય વસ્તુ એને આત્મા કહીએ. એ આત્મા ઉપર દૃષ્ટિ પડતાં પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ છૂટી જાય છે. એવી વાત છે.

હવે આ તો હજી સાંભળવાથી વાંધા કાઢે છે. આહાહા..! સાંભળવું તો ક્યાંય રહી ગયું. ભગવાનની વાણી સાંભળવી એ કાંઈ સમ્યગ્દર્શનનું સાધન નથી. આહાહા..! આવી વાતું બાપા! કેમકે જ્યાં સુધી પર્યાયબુદ્ધિમાં હોય છે. સાંભળવું એ તો એકકોર રહી ગયું, પણ સાંભળ્યું છે એનું જે જ્ઞાન પોતાથી થયું છે. એમાં પણ બુદ્ધિ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એને આત્માના આનંદનો સ્વાદ આવતો નથી. ત્યાં સુધી એને દુઃખનો સ્વાદ છે. એવી વાત છે, ભાઈ! જયંતિભાઈ!

જ્યારે એ ભેદજ્ઞાન કરે છે એટલે પરથી ભિન્ન પડી, પર્યાયમાંથી પણ ભિન્ન પડી. આહાહા..! પર્યાય પોતે પર્યાયથી ભિન્ન પડીને એમ સ્વભાવને પકડે છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ! એ લોકોને આ ભાઈ એકાંત લાગે બધું એવું છે. આહાહા..!

મુમુક્ષુ :- લોકોને લાગે છે ને?

ઉત્તર :- લોકોને લાગે. પાત્ર જીવને ન લાગે. આહાહા..! એટલે આ ઝઘડા એના ઊભા રહે.

મુમુક્ષુ :- લોકનો સ્વભાવ જ...

ઉત્તર :- આહાહા..! ભગવાનની વાણીથી જ્ઞાન થાય એ તો છે નહિ. આહાહા..! સાંભળવાથી જ્ઞાન થાય એ તો છે નહિ, પણ સાંભળવાથી જે જ્ઞાનનો પોતાને કારણે જે ક્ષયોપશમ થયો એને કારણે પણ ધર્મ ન થાય. આહાહા..!

અહીં તો વસ્તુસ્થિતિ એક સમયમાં ભગવાન ધ્રુવ આનંદનો કંદ પ્રભુ છે. એને સન્મુખ થઈને સ્પર્શે નહિ જ્યાં સુધી ત્યાં સુધી એને ધર્મ ન થાય, ત્યાં સુધી એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન આવે અને સ્વાદ ન આવે ત્યાં સુધી એને ધર્મ ન થાય. આહાહા..! આવી વાત ભારે! એ સ્વાદ તો જે વસ્તુમાં પડી છે ચીજ, એની સન્મુખ થઈને એકાગ્ર થાય તો સ્વાદ આવે. એ ભગવાનની સામું જોઈને જ્ઞાન થાય એમાંથી આ.. ત્યાં સુખ છે? આહાહા..!

મુમુક્ષુ :- બધો વ્યવહાર આપે ઉડાડી દીધો.

ઉત્તર :- વ્યવહારને ઉડાડ્યા વિના નિશ્ચયમાં જાશે નહિ. કાંતિભાઈ! વસ્તુ આવી છે, ભાઈ! આહાહા..!

જેને ચૈતન્યદળ જે આનંદકંદ પ્રભુ, એના ઉપર જાવું ત્યારે તો એની દૃષ્ટિમાં પરથી બધેથી ખસી જવું પડે. સમજાણું કાંઈ? ત્યારે એને ભેદજ્ઞાન કહેવાય. અને પરથી જુદો એ અપેક્ષાએ. આમ સ્વભાવમાં એકતા થઈ એ તો અભેદ થયો, પણ પરની અપેક્ષાથી એને ભેદજ્ઞાન કીધું. આહાહા..! અરેરે..! ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા એટલા બધા એનાથી સિદ્ધ થયા છે. કહો, સિદ્ધ થયા એટલે સમ્યગ્દર્શન પામીને કેવળજ્ઞાનને જે પામ્યા એ બધા ભેદવિજ્ઞાનથી પામ્યા છે. એથી એકલા સિદ્ધ થયા એમ નહિ, પણ નીચેથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, શુક્લધ્યાન કે કેવળજ્ઞાન એ બધું પરના આશ્રય છોડીને, સ્વના આશ્રયથી પામ્યા છે. કાંતિભાઈ! આવી વાત છે બાપુ! સહેલું કરીને બીજી રીતે કહેશે તો એ માર્ગ એમ હાથ નહિ આવે. આહાહા..! રાજી થાય લોકો. લોકો હોં. આહાહા..! વ્યવહાર કાંઈક સાધન તો જોઈએ ને. એમ કહેતા હતા ત્યાં શ્રીમદ્‌માં. અગાસમાં ગયાને જ્યારે ત્યારે. કહે કે પણ એનું કાંઈ સાધન?

મુમુક્ષુ :- ભક્તિ કરે એ સાધન.

ઉત્તર :- ભક્તિ, આ વાંચન, બખબખિયા કરવા, બહારમાં સ્તુતિ કરવી, રાગડા તાણવા (એ) કાંઈ સાધન નહિ? ભાઈ! સાધન તો પરથી ભિન્ન પાડવું એવી પ્રજ્ઞા જ્ઞાન એ સાધન છે. આહાહા..! એ શાસ્ત્રના લાખ જ્ઞાન કર્યા હોય, અગ્યાર અંગ અને નવ પૂર્વ. એ જ્ઞાન પણ કાંઈ જ્ઞાન નથી. આહાહા..! ભેદજ્ઞાન તે જ્ઞાન છે. બાબુભાઈ! આહાહા..! આવી વાત છે, બાપુ! એ શાસ્ત્રના ભણતર કર્યા, લાખ-કરોડ શ્લોક કર્યા કંઠે અને શાસ્ત્ર..

મુમુક્ષુ :- અગ્યાર અંગ અને નવ પૂર્વ વાંચ્યા.

ઉત્તર :- શાસ્ત્ર કર્યા, બનાવ્યા જુઓને. પણ શું છે એ? એ વસ્તુ કાંઈ સમ્યગ્દર્શન કે ભેદજ્ઞાન નથી એ ચીજ. આહાહા..!

એથી કહે છે '**જે કોઈ સિદ્ધ થયા છે...**' અનંત જીવો સિદ્ધ થયા છે. આહાહા..! છ મહિના

અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધદશાને પામે. સંસારનો અંત લાવીને, ઉદયભાવનો અંત લાવીને સ્વભાવભાવને પ્રગટ કરે. આહાહા..! એ '**જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદ-વિજ્ઞાનથી સિદ્ધ થાય છે; જે કોઈ બંધાયા છે...**' ભાષા તો જુઓ! ઓહોહો..! '**તે તેના જ (ભેદ-વિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.**' કર્મથી બંધાયા છે અને ફલાણાથી બંધાયા છે એમ નહિ. આહાહા..! જેણે પર્યાયબુદ્ધિ છોડી નથી, રાગબુદ્ધિ છોડી નથી તે બંધાયા છે. સમજાણું કાંઈ?

પ્રભુ એક સમયમાં પરમાત્માસ્વરૂપે બિરાજમાન છે. એને આત્મા કહીએ ને? ૩૮ ગાથામાં તો એ લીધું ને નહિ? નિયમસાર. આ આત્મા ધ્રુવ, અભેદ શુદ્ધ ચૈતન્યઘન તે આત્મા. પર્યાયની આજ્ઞા લીધી નથી. આહાહા..! એવો જે ભગવાન પૂર્ણસ્વરૂપ ચૈતન્યદળ એ પર્યાયમાં આવતો નથી. ભાઈએ દાખલો આપ્યો છે ને. નિહાલભાઈએ. અરીસાનો નહિ? અરીસાનો દાખલો આપ્યો છે. અરીસો છે એની પર્યાયમાં આ બધું ભાસે છે. એનું દળ જે રહે છે એ પર્યાયમાં આવતું નથી. આહાહા..! અને એ પર્યાય જે છે એ એમાં ભાસે ને? સર્પ, કોલસા, અગ્નિ, બરફ. છે તો એની પર્યાય. એ નહિ, પણ એ પર્યાયમાં ભાસે છે આમ. પણ એ પર્યાયમાં આખું દળ ચૈતન્ય આવ્યું નથી. કારણ કે આ તો પલટતી દશા છે અને ઓલી (ચૈતન્ય દળ), તો એકરૂપ દશા છે વસ્તુ છે. આહાહા..! તો એ પર્યાયમાં દળ નથી, દળ તો દળમાં છે. આહાહા..! એવું જેને ભેદજ્ઞાન નથી, એ બંધાણા છે એમ કહે છે. કર્મને લઈને બંધાણા છે, ફલાણાને બંધાણો—એમ નથી કહ્યું અહીંયાં. આહાહા..! જેણે રાગ અને પર્યાયથી ભિન્ન ભગવાનને ભેદ પાડીને અનુભવ્યો નથી. આહાહા..! એ જીવો સંસારમાં બંધાયેલા છે. કહો, રતિભાઈ! આહાહા..! આવી વાત છે.

'**તે તેના જ (ભેદ-વિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.**' એ પહેલો અને બીજો બે શ્લોક છે ને? ૧૩૦—૧૩૧. ૧૩૦માં એમ ભેદવિજ્ઞાન ત્યાં સુધી કહ્યું કે જ્યાં સુધી પૂરું ન થાય ત્યાં સુધી. એ ૧૩૦ કળશ છે. આ ૧૩૧ છે. આહાહા..! એક એક શ્લોકે ઓહોહો..! એક ને એક બે વાત. એટલે કે પરથી ભિન્ન પાડવું એ બે થઈ ગયા. બેમાંથી એક જુદો પાડીને એકના ઉપર દૃષ્ટિ દેવી.. આહાહા..! એનાથી સમ્યગ્દર્શન અને એનાથી સમ્યગ્જ્ઞાન, એનાથી ચારિત્ર, એનાથી શુક્લધ્યાન, એનાથી કેવળજ્ઞાન. અને એ ભેદવિજ્ઞાનનો અભાવ, રાગમાં અને પર્યાયમાં રાજીપો, જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન થયું શાસ્ત્રનું અને એમાં એને કાંઈક રાગની મંદતા જેવું દેખાય એથી સંતોષપણાને માને, એ સંતોષ નથી, એ તો દુઃખ છે. આહાહા..!

જેમ લક્ષ્મીના લક્ષથી મમતા અને દુઃખ છે એમ પર તરફના જ્ઞાનના જાણપણામાં પણ દુઃખ છે. આહાહા..! કેમકે જ્યાં સુખ ન આવ્યું, પરના લક્ષે સુખ ક્યાંથી આવે? એમ એમાં ક્યાં સુખ હતું? આહાહા..! શાસ્ત્રના જ્ઞાનની પર્યાયમાં સુખ ક્યાં હતું? આહાહા..! આવી વાત છે. આનંદ અને સુખ તો ધ્રુવસ્વરૂપમાં છે. પર્યાયમાં આવે તો તે ધ્રુવના સ્વરૂપમાં જાય ત્યારે પર્યાયમાં આવે આનંદ. કાંઈ પર્યાયમાં રહીને પર્યાયમાં સુખનો આનંદ આવે એમ હોય નહિ. આહાહા..! શું પણ સંવરની ક્રિયા! આ સંવર. ઓલા પાંચ આહાર વોસિરાવેને ભાઈ! લ્યો, કોઈ પૂછે કેટલું ઘટ્યું, ફલાણાને કેટલું ઘટ્યું!

શું ઘટે? ધૂળ ઘટે. સાંભળને. આહાહા..!

જેણે '**णाणसहावाधियं**' પર્યાય અને રાગથી પણ ભિન્ન-જુદો, (પોતાથી) પૂર્ણ એવું જેને ભેદજ્ઞાન નથી, એ બંધાયેલા નરક અને નિગોદના ભાવને કરે છે એ. આહાહા..! આવી વાત છે. સુજાનમલજી! આવી વાત છે. દુનિયાને સમજાવતા આવડ્યું, લાખ-બે લાખ માણસ ભેગા થાય અને રાજી થાય એથી તને શું? આહાહા..! જ્યાં સુધી તારી બુદ્ધિ પર્યાયમાં અને રાગ ઉપર પડી છે ત્યાં સુધી એ બંધાયેલો છે અને જેની બુદ્ધિ રાગ અને પર્યાયથી ખસીને પર્યાય દ્રવ્યમાં જાય છે, એને સુખની અંકુરદશા સુખનો (અંકુર) ફૂટે છે. આહાહા..! હવે અહીં તો હજી કહે જિનવાણીથી સુખ થાય, ધર્મ થાય. અરે.. ભાઈ! તે સાંભળી નથી પ્રભુ વાત! જિનવાણી તો પરદ્રવ્ય છે, ભગવાન પરદ્રવ્ય છે, જિનવાણી પરદ્રવ્ય છે. આહાહા..! અને પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં વિકલ્પ જ થાય છે. વ્યવહાર ન આવ્યો?

વ્યવહાર એટલે અભિધાન વિકલ્પ જેનું લક્ષણ છે. આહાહા..! વ્યવહાર એટલે વિકલ્પ જેનું લક્ષણ છે, એટલે કે રાગ જેનું લક્ષણ છે, એટલે કે બંધ જેનો ભાવ છે. આહાહા..! રાગ એ બંધભાવ છે ને? બંધ લક્ષણ છે ને? સમજાણું કાંઈ? આહાહા..! બહુ સરસ આવી ગયો છે વ્યવહાર નહિ? કેટલામું? વ્યવહારે. ૭૮ ગાથા. વ્યવહારે વિકલ્પ અભિધાન લક્ષણે. આહાહા..! વ્યવહાર એટલે રાગનું નામ લક્ષણવાળું, જેનું રાગ લક્ષણવાળું સ્વરૂપ છે. આહાહા..! હવે એ વ્યવહારથી જીવને નિશ્ચય થાય, બહુ મિથ્યાબુદ્ધિ! આહાહા..! ભાઈ! આ તો માર્ગ અંતરના છે, એ કોઈ બહારની વિદ્વતા અને પંડિતાઈ ને બહારના બધા ત્યાગના ખોખાં, વ્રત ને તપને લે એ કોઈ ધર્મનું સાધન નથી. સમજાણું કાંઈ?

'**ભેદજ્ઞાન-જ્યોતિને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી કહી છે.**' બીજી ગાથામાં. સમયસારની બીજી ગાથા. એમાં '**ભેદજ્ઞાન-જ્યોતિને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી કહી છે.**' આહાહા..! ઠીક પણ મેળવ્યું છે ભાઈએ હોં. છોટાભાઈએ મહેનત સારી કરી છે. મેળવ્યું છે બધું. આવે છે ને બીજી ગાથામાં આવે છે. કેવળજ્ઞાન ઉત્પન્ન કરનાર ભેદજ્ઞાન જ્યોતિ છે. આહાહા..! એ ભેદજ્ઞાન તે જ્ઞાન છે અને તેથી રાગ અને પર્યાયમાંથી બુદ્ધિ ખસીને પર્યાય જાય છે દ્રવ્યમાં, આ બુદ્ધિ. પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે એ નહિ. આહાહા..! પર્યાયમાં રહીને દ્રવ્યને શી રીતે જાણે?

આ દ્રવ્ય છે અને આ પર્યાય છે એ તો ભેદ થઈ ગયો. હવે જ્ઞાનની પર્યાય જ્ઞાયકમાં જે સ્પર્શે, જ્ઞાયકમાં એકરૂપ થાય. એકરૂપનો અર્થ? રાગરૂપે એકરૂપ તો છે, ખરેખર તો પર્યાયમાં એકત્વબુદ્ધિ છે એ જ મિથ્યાત્વ અને સંસાર છે. એ અહીંયાં કહે છે, ભેદજ્ઞાન-જ્યોતિ, એનાથી ભિન્ન પડીને, એ તો અંતરની ભાવનાની વાત છે કે નહિ? કાંઈ બહારથી મળે એવું છે એ? આહાહા..!

'**ભેદજ્ઞાન-જ્યોતિને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી કહી છે.**' સમયસારની ગાથા બીજી. ટીકા છે ને. આવી ગઈ છે વાત એ. છે ને આપણે? '**સર્વ સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' આહાહા..! '**આ**

**(જીવ),...**' એમ પાછું. જીવનું છે ને? સવારમાં એ આવ્યું હતું ને? એ કહેતા હતા. આત્મા રસના અભાવ સ્વભાવરૂપ આત્મા. એ નાસ્તિથી પહેલી વાત કરી છે. પછી આત્મા... આહાહા..!

ચેતન લક્ષણે લક્ષિત જે ચેતનપણું સ્વદ્રવ્યને આશ્રયે છે. ત્યાં જીવ (શબ્દ) મૂક્યો છે. પહેલો ઓલો આત્મા કહ્યો હતો એટલે કોઈ એમ કહે આત્મા અને જીવ જુદા એમ નથી એટલે ભાષા એમ મૂકી છે, પહેલો આત્મા (શબ્દ) મૂક્યો છે. આત્મા, રસના અભાવસ્વભાવવાળો એમ કહીને છેલ્લે એ આત્મા એટલે કે જીવ, ચૈતન્ય લક્ષણે લક્ષિત એ ચૈતન્યપણું જીવને આશ્રયે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં એ કહ્યું હતું. '**જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...**' કોણ? કેવળજ્ઞાન. '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવમાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટીને દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત...**' દર્શન-જ્ઞાન સ્વભાવ, એમાં નિયત એ ચારિત્ર. '**વૃત્તિરૂપ (અસ્તિત્વરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે...**' આત્મતત્ત્વ સાથે. પર્યાયની એકત્વબુદ્ધિ છોડીને '**આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો..**' પરિણમતો થકો સ્વસમય છે. ઓહો..! કેટલું ભર્યું છે!

વ્યવહારના રસમાં પડ્યા એને આ કઠણ પડે માણસને. કારણ કે ઊંડે અંતરમાં જાવું છે એને બહારની કોઈ અપેક્ષા છે નહિ. ઊંડે એટલે કે અંદર ધ્રુવ તત્ત્વમાં જાવું છે ને? એને બાહ્યની પર્યાય જે બાહ્યરૂપ છે, એમાંથી (હટીને) અંતરમાં ધ્રુવસ્વભાવમાં જાવું છે એને. આહાહા..! એ કાંઈ પ્રયત્ન અને પુરુષાર્થ ઓછો છે? આહાહા..! એથી કહે છે કે '**ભેદજ્ઞાન-જ્યોતિને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી કહી છે.**' આહાહા..!

ત્યારે એમ કહે, પણ જ્યાં સુધી અમારે એ ન થાય ત્યાં સુધી અમારે શું કરવું? વળી એમ પૂછે. પરથી ભેદ પાડવાનો પ્રયત્ન કરવો. આહાહા..! હિંમતભાઈ! આવી વાતું છે. દુનિયા તો... કહેશે આગળ હોં.. ધર્મીને દુનિયા પાગલ દેખાય પહેલાં. જ્યાં સુધી વિકલ્પની.. દૃષ્ટિ થઈ પણ વિકલ્પ છે ત્યાં સુધી. આહાહા..! પછી તો ઠરતાં તો એને દુનિયા લાકડા જેવી એટલે કે અચેતન વસ્તુ છે. આખી દુનિયા. આ ચેતન ત્યાં નથી. આમાં કહેશે. ૮૦માં. આહાહા..!

'**અવિચળ આત્માનુભૂતિનું મૂળ કારણ ભેદવિજ્ઞાન છે.**' સરવાળો કર્યો. અવિચળ—ચળે નહિ એવી આત્માનુભૂતિ. આત્માને અનુસરીને થતું જ્ઞાન ને વેદન ને અનુભવ, એ મૂળ કારણ વિજ્ઞાન છે. એનું મૂળ કારણ ભેદવિજ્ઞાન છે. આહાહા..! એમ ને એમ સાધારણ બુદ્ધિમાં જીંદગી ગાળે, વેપારમાં હુશિયાર ગણાય, હિંમતભાઈ! પાંચ-પચાસ હજાર પેદા કરતા હોય, મૂડી હોય બે-પાંચ લાખ, દસ લાખ, વીસ લાખની, બસ થઈ રહ્યું હવે એ તો. કાંઈક આગળ વધ્યો એમ કહે. કાંઈક બીજા કરતા.. બાબુભાઈ! બાબુભાઈએ તો સોંપી દીધું છે એમ કોક કહેતું હતું. એના ભાઈને સોપ્યું છે કાંઈક. વેપાર-બેપાર. તમારા બાબુભાઈની વાત છે. કોણ કરતું હતું તે સોંપે? એ તો એને

કારણે... આહાહા..!

ભોંયરામાં માલ હોય ત્યાં જાય ત્યારે માલ મળે ને? મેડી ઉપર રહીને ભોંયરાનો માલ મળે નહિ. આહાહા..! એમ અંતરમાં ભોંયરે પડ્યો છે ભગવાન અંદર. એને ઉપર જતાં, પર્યાયમાં અને રાગમાં જતાં એ પ્રાપ્ત થાય? આહાહા..! એક જણે એ મગાવ્યું છે હમણા આનું આ. ક્ષમાસાગરનો કાગળ આવ્યો છે. છે ને? ખંભાતથી આવ્યો છે કે અમને ટોડરમલ્લની હિન્દી. એણે લખ્યું છે ઓલું હોં કે 'અધ્યાત્મ પુરુષ ટોડરમલ' એમ લખ્યું છે. એણે લખ્યું છે. અધ્યાત્મ પુરુષ ટોડરમલ એ હિન્દી અને એનો ગુજરાતી અનુવાદ સંસ્થા તરફથી બહાર પડ્યો છે તો મોકલો એમ. એ તો જિજ્ઞાસા હોય એ લોકોને. ભલે શ્વેતાંબર હોય પણ એમ કે આ શું છે આ તે? બધી આ દિગંબરની વાતું કરે છે અને ટોડરમલને... અને હવે તો કાંઈ ગુપ્ત વાત રહી નથી. આહાહા..!

'**અવિચળ આત્માનુભૂતિનું મૂળ કારણ...**' આહાહા..! એટલે આત્મદ્રવ્યની અનુભૂતિ, અનુભવ થવો, એનું મૂળ કારણ પરથી ભેદવિજ્ઞાન તે છે. પરથી ભેદ થતાં સ્વરૂપનો અનુભવ થાય છે. એમ કહે છે. આહાહા..! વ્યવહારના વિકલ્પ પણ જ્યાં મદદગાર નથી... આહાહા..! પર્યાયમાં એટલા અગ્યાર અંગ અને નવ પૂર્વના જાણપણા કર્યા, એ પણ ઉપર ને ઉપર રહ્યા, અંદરમાં કામ ન કરે એ કહે છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો અને જૈનને નામે લોકોએ બીજો કરી નાખ્યો. માર્ગ તો માર્ગ છે, એ કાંઈ બીજો માર્ગ થાતો નથી, પણ એણે કલ્પ્યો એવી રીતે. આહાહા..! બીજો એણે માન્યો છે. આ વ્યવહારથી થાય ને રાગથી થાય.

વ્યવહાર સાધન કહ્યું છે ને. નિશ્ચય સાધ્ય અને વ્યવહાર સાધક કહ્યો છે ને! બાપુ એ તો જ્ઞાન કરાવવાની વાત છે, ભાઈ! નિશ્ચયની દૃષ્ટિ અને અનુભવ છે, ત્યાં રાગની મર્યાદા કેટલી છે એનું જ્ઞાન કરાવ્યું છે. સાધક-ફાધક એ છે જ નહિ. આહાહા..! જે જે ત્યાં સાધક છે, તે તે ત્યાં બાધક છે. આવે છે ને? રાગ-દ્વેષની વાતો શું કરવી કહે છે ભાઈ! આહાહા..! નય-નિક્ષેપ અને પ્રમાણથી જે વસ્તુનો નિર્ણય કરવા જાય છે એ વિકલ્પ પણ (પહેલા) જ્યાં સાધક કહ્યો, એ (અનુભવમાં) બાધક છે ત્યાં. આહાહા..! તો રાગ અને દ્વેષના સ્થૂળ શુભ વિકલ્પો અને શુભ ઉપયોગ એની શું વાત કરવી? એ સાધન છે જ નહિ. આહાહા..!

આ બધું તમે શું કરો ત્યારે આ? આ અષ્ટાનિકા, આઠ દિ'. લ્યો આ ત્રીજો દિ' છે ને આજે? આઠ, નવ, દશમ ત્રીજો દિ' છે. પ્રવિણભાઈ તરફથી છે ને? મૂળશંકરભાઈના પ્રવિણભાઈ બિચારા ગુજરી ગયા. લાગણીવાળા હતા હોં. અહીંયાં રહ્યા હતા બિચારા બાર વર્ષ. નાની ઉંમર પચાસ વર્ષની ઉંમર આ દેહથી. એના તરફથી છે નહિ કાંઈક? આ દસ, આઠ દિ'. આઠ-આઠ ને? દસ દિ' તો ઓલા પર્યુષણના દસ દિ'.

ઓહોહો..! ભાઈ! એવો શુભરાગ હોય છે, પણ એ શુભરાગ છે તે હેય છે. આહાહા..! આવી વાત. (એનાથી) ભેદ કરે તો લાભ થાય, એ પોતે ચીજથી લાભ થાય એમ નહિ. ગીરધરભાઈ! આ ગીરધરભાઈને ત્યાં મોટું મંદિર થાય છે અત્યારે હજી.

મુમુક્ષુ :- પોતે બનાવે છે ને?

ઉત્તર :- એ જ બનાવે છે. ગીરધરભાઈ જ છે ને કર્તા ત્યાં તો. શેઠિયા ઘરના ગામના હતા અને વળી આમાં એને પ્રેમ થઈ ગયો એટલે એ કર્તા તો એ છે ને અત્યારે. આહાહા..! પણ એ તો એ થવાકાળે થાય છે, એમાં શુભભાવ આવે, હોય છે શુભભાવ. પણ એ નિશ્ચયથી તો હેય છે. આહાહા..!

આવો માર્ગ વીતરાગનો, સીમંધર ભગવાન પાસે ગયા અને સાંભળ્યો. અનુભવ તો હતો, ચારિત્ર હતું, પણ આ વિશેષ સ્પષ્ટ થઈ ગયું. આ પણ ગયા હતા. પૂજ્યપાદસ્વામી પણ ગયા છે ત્યાં ભગવાન પાસે. ભરતક્ષેત્રના માનવી, સાધુપણે... આહાહા..! જેને દેહથી, એ દેહે દેહથી ત્યાં જાત્રા થઈ. એવા સંતોએ આ શાસ્ત્ર રચ્યા. એમાં સ્પષ્ટ મૂક્યું છે. કોઈ સમાજને સમતોલ રહે કે નહિ, એને ઠીક પડે કે નહિ... આહાહા..! અહીં તો ઉડાડી દીધું. વ્યવહારથી ભગવાનની ભક્તિ અને વ્યવહાર ને બધું, એનાથી ભેદજ્ઞાન કર તો થાય. એને રાખીને થાય (નહીં). આહાહા..! દુનિયાની કાંઈ પડી નથી આ દિગંબર સંતોને, કે આ સમતોલ રહેશે કે નહિ માણસો? સમાજમાં આ વાત રહેશે, સંઘરશે કે નહિ? વિરોધ થશે કે નહિ? એ સ્વતંત્ર જીવ છે. માર્ગ તો આ છે. આહાહા..! સમજાણું કાંઈ?

---

**यस्य च देहात्मनोर्भेददर्शनं तस्य प्रारब्धयोगावस्थायां निष्पन्नयोगावस्थायां च कीदृशं जगत्प्रतिभासत इत्याह–**

**पूर्वं दृष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज्जगत्।**
**स्वभ्यस्तात्मधियः पश्चात् काष्ठपाषाणरूपवत्।।८०।।**

**સ્વાત્મદર્શીને પ્રથમ તો, જગ ઉન્મત્ત જણાય;**
**દૃઢ અભ્યાસ પછી જગત્, કાષ્ટ-દૃષદ્‌વત્ થાય. ૮૦.**

**टीका :– पूर्वं प्रथमं दृष्टात्मतत्त्वस्य देहाद्भेदेन प्रतिपन्नात्मस्वरूपस्य प्रारब्धयोगिनः विभात्युन्मत्तवज्जगत् स्वरूपचिंतनविकलत्वाच्छुभेतरचेष्टायुक्तमिदं जगत् नाना–बाह्यविकल्पैरूप–तमुन्मत्तमिव प्रतिभासते। पश्चान्निष्पन्नयोगावस्थायां सत्यां स्वभ्यस्तात्मधियः सुष्टुभावितमात्मस्वरूपं येन तस्य निश्चलात्मस्वरूपमनुभवतो जगद्विषयचिन्ताभावात् काष्ठपाषाणवत्प्रतिभाति। तत्र परमौदासीन्याव–लम्बात् ।।८०।।**

---

**જેને દેહ અને આત્માનું ભેદ-દર્શન છે, તેને પ્રાથમિક યોગાવસ્થામાં અને પૂર્ણ (સિદ્ધિ) યોગાવસ્થામાં જગત્ કેવું પ્રતિભાસે છે? તે કહે છે :-**

**શ્લોક - ૮૦**

**અન્વયાર્થ :- (पूर्व) પ્રથમ અર્થાત્ યોગાભ્યાસની પ્રાથમિક અવસ્થામાં, (दृष्टात्मतत्त्वस्य) જેને આત્મદર્શન થયું છે એવા અંતરાત્માને (जगत्) જગત્ (उन्मत्त्वत्) ઉન્મત્ત જેવું-પાગલ**

જેવું (विभाति) જણાય છે, અને (पश्चात्) પછીથી અર્થાત્ યોગની પરિપક્વ અવસ્થામાં, (स्वभ्यस्तात्मधियः) આત્મસ્વરૂપના અભ્યાસમાં પરિપક્વબુદ્ધિવાળા અંતરાત્માને આ જગત્ કાષ્ઠ-પાષાણ જેવું (काष्ठपाषाणरूपवत्) ભાસે છે.

ટીકા :- પ્રથમ, જેણે આત્મ-તત્ત્વ જાણ્યું છે અર્થાત્ દેહથી આત્મસ્વરૂપ ભિન્ન છે એવું જેને પ્રથમ જ્ઞાન થયું છે તેવા યોગનો આરંભ કરના યોગીને જગત્ ઉન્મત્ત જેવું (પાગલ જેવું) લાગે છે—અર્થાત્ સ્વરૂપ-ચિંતનના વિકલપણાને લીધે શુભ-અશુભ ચેષ્ટાયુક્ત આ જગત્ વિવિધ બાહ્ય વિકલ્પયુક્ત, ઊન્મત્ત જેવું લાગે છે. પછીથી એટલે જ્યારે યોગની પરિપક્વ અવસ્થા થાય, ત્યારે જેને આત્મબુદ્ધિનો સારો અભ્યાસ થયો છે અર્થાત્ જેણે આત્મસ્વરૂપની સારી પેઠે ભાવના કરી છે, તેવા નિશ્ચલ આત્મસ્વરૂપનો અનુભવ કરનારને, જગત્ સંબંધી ચિંતાના અભાવને લીધે અર્થાત્ પરમ ઉદાસીનપણાના અવલંબનને લીધે તે (જગત્) કાષ્ઠ-પાષાણવત્ પ્રતિભાસે છે.

ભાવાર્થ :- જેને સ્વ-પરનું ભેદજ્ઞાન થયું છે તેવા અંતરાત્માને, આત્માનુભવની પ્રથમ ભૂમિકામાં અર્થાત્ યોગના આરંભકાળમાં આ સચેષ્ટ અને વિકલ્પારૂઢ જગત્ ઉન્મત્ત જેવું-પાગલ જેવું લાગે છે, પરંતુ બાદમાં જ્યારે તે યોગના પરિપક્વ અભ્યાસ દ્વારા આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જાય છે, ત્યારે તેને આ જગત્ સંબંધી બુદ્ધિપૂર્વક કાંઈ વિકલ્પ ઊઠતો નથી. કારણ કે તેને તે સમયે નિર્વિકલ્પ દશા વર્તે છે.

### વિશેષ

પ્રથમ ભૂમિકામાં અર્થાત્ સવિકલ્પ દશામાં જ્ઞાનીનો ઉપયોગ બાહ્ય પદાર્થો તરફ જાય છે અને તેથી વિવિધ વિકલ્પો થાય છે, પરંતુ જેમ જેમ તે સ્વરૂપ-સ્થિરતાનો અભ્યાસ વધારતો જાય છે, તેમ તેમ ઉપયોગનું પર તરફનું વલણ છૂટતું જાય છે અને તે સ્વરૂપમાં સ્થિર થતો જાય છે. અભ્યાસના બળે છેવટે આત્મસ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા એટલી જામે છે કે તેને તે સમયે બાહ્ય જગત્નો બિલકુલ વિચાર પણ આવતો નથી.

''વળી જે જ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઈ નિર્વિકલ્પ અનુભવમાં કેવળ સ્વરૂપસન્મુખ થયું, કેમકે આ જ્ઞાન ક્ષયોપશમરૂપ છે, તે એક કાળમાં એક જ્ઞેયને જ જાણી શકે; હવે તે જ જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજે જ બંધ થયું. ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિક વિકાર હોવા છતાં પણ સ્વરૂપ-ધ્યાનીને તેની કાંઈ ખબર નથી...''૮૦.૧

૧. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક - શ્રી ટોડરમલ્લજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી- પૃ.૩૪૫ (ગુ. આવૃત્તિ)

# શ્લોક-૮૦ ઉપર પ્રવચન

**'જેને દેહ અને આત્માનું ભેદ-દર્શન છે, તેને પ્રાથમિક યોગાવસ્થામાં અને પૂર્ણ (સિદ્ધ) અવસ્થામાં જગત કેવું પ્રતિભાસે છે? તે કહે છે -'** ૮૦-૮૦.

**पूर्वं दृष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज्जगत्।**
**स्वभ्यस्तात्मधियः पश्चात् काष्ठपाषाणरूपवत्।।८०।।**
**સ્વાત્મદર્શીને પ્રથમ તો, જગ ઉન્મત્ત જણાય;**
**દઢ અભ્યાસ પછી જગત્, કાષ્ટ-દષદ્‌વત્ થાય. ૮૦.**

પત્થર. '**દષદ્**' એટલે પત્થર ને? હા, પત્થર. પાષાણ છે ને? કાષ્ઠપાષાણ. દષદ્ શબ્દ પડ્યો છે, કોના શ્લોક છે આ? એણે કર્યું આ નીચે આ? છોટાભાઈએ? આ તો ઓલો દષદ્ શબ્દ મૂક્યો છે ને? પત્થરના અર્થમાં પત્થર પડ્યો છે માથે. પાષાણ મૂક્યું છે. એમાં દષદ્ શબ્દ છે. વ્યાકરણ ભણેલા ખરા ને? વ્યાકરણ.

**'ટીકા :— પ્રથમ, જેણે આત્મ-તત્ત્વ જાણ્યું છે અર્થાત્ દેહથી આત્મસ્વરૂપ ભિન્ન છે...'** ભિન્ન છે એમ અનુભવ્યું છે એને જાણ્યું કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા દેહથી ભિન્ન છે એમ ધાર્યું છે એ ભિન્ન નથી. આહાહા..! એ આત્મા દેહથી ભિન્ન છે એમ જેણે અનુભવ્યું છે. જાણ્યું છે એટલે અનુભવ્યું છે. **'એવું જેને પ્રથમ જ્ઞાન થયું છે તેવા યોગનો આરંભ કરનાર યોગીને...'** આહાહા..! દેખો! સમકિતી પણ યોગી છે એક.

સ્વરૂપમાં જોડાણ કરે તે યોગી, યોગ કરે તે યોગી. એવા સ્વરૂપ યોગીને **'જગત્ ઉન્મત્ત જેવું (પાગલ જેવું) લાગે છે-'** આહાહા..! શું આ કરે છે? શું આ બોલે છે? વિકલ્પના કોલાહલવાળું જગત. વિકલ્પના કોલાહલથી પુષ્ટિમાં પડ્યું છે જગત. એ તો પાષાણ. ઉન્મત્ત, પાગલ જેવું છે કહે. એને ખબર નથી. એ વિકલ્પથી પણ પાર છે આત્મા અને વિકલ્પથી પમાય એવો નથી. એને આ વિકલ્પથી પામશે અને વિકલ્પની જાળમાં ઊભા, જ્ઞાનીને કહે છે કે પ્રથમ શરૂઆતવાળાને વિકલ્પ હોય છે ને હજી? એટલે એને પાગલ જેવા દેખાય છે કહે છે. આહાહા..!

દિગંબર સાધુ હોય, પણ એ વિકલ્પથી લાભ માનતા હોય તો એ પણ પાગલ જેવા દેખાય એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? વ્યવહારથી વાત લેતા આવ્યા છે ને? ૭૮, ૭૯ અને ૮૦. વ્ય-વહાર એટલે જેનું અભિધાન વિકલ્પ લક્ષણ છે. એટલે જે વિકલ્પો છે એમાં પડ્યા છે અને એનાથી આત્માનું સાધન કરીએ છીએ એમ માનનારા ધર્મીને પાગલ જેવા (લાગે). શરૂઆતમાં વિકલ્પ ઊઠે એટલે એને દેખાય છે એમ કહે છે. આહાહા..! આવું છે.

**'અર્થાત્ સ્વરૂપ-ચિંતનના વિકલપણાને લીધે શુભ-અશુભ ચેષ્ટાયુક્ત આ જગત્ વિવિધ બાહ્ય વિકલ્પયુક્ત,...'** સ્વરૂપ ચિંતવનના વિકલપણાને લીધે. રાગને લીધે. '**શુભ-અશુભ ચેષ્ટાયુક્ત આ જગત્ વિવિધ બાહ્ય વિકલ્પયુક્ત, (રાગસહિત) ઉન્મત્ત જેવું લાગે છે.**' આહાહા..! ત્યાં તો ત્યાં સુધી કીધું. પહેલાં આવી ગયું છે કે ઉપદેશનો વિકલ્પ ઉઠે છે એ પાગલ જેવું છે. આહાહા..! મુનિને હોં, સમ્યગ્દૃષ્ટિને, પાગલ જેવું દેખાય છે, પાગલ. આહાહા..! કારણ કે વસ્તુ છે એ તો જ્ઞાનમૂર્તિ, વીતરાગમૂર્તિ, અને આ બધી વિકલ્પની જાળ... આહાહા..! ઓલા ઉપદેશ દેવાની હોંશુ કરે, આ કહે છે કે ઉપદેશ દેવામાં વિકલ્પ આવ્યો એ પાગલપણું છે. આહા..! બહુ ફેર.

વિકલ્પ છે ને? સ્વરૂપનું ચિંતવન કરતા સ્થિર થયો નથી જ્યાં સુધી પૂર્ણ, એમાં વિકલ્પ આવે જ્ઞાનીને, એની ચિંતવનામાં વિકલ્પને લઈને, ઓલા વિકલ્પવાળા જેવો જે છે... આહાહા..! એ એને પાગલ જેવા દેખાય. ક્યાં ભગવાન ત્રણ લોકનો નાથ આનંદનો સાગર, જેમાં તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ પ્રવેશ કરે નહિ. બંધનું કારણ, નુકસાનનું કારણ છે. આહાહા..! કાંતિભાઈ! કહો. ભાવ એ શુભ છે ને? તીર્થંકર બાંધવાનો. શુભરાગ છે. એ વિકલ્પ આવે કહે છે. પણ એ વિકલ્પના કાળમાં એને વિકલ્પથી લાભ માનનારા અને વિકલ્પમાં જ પડ્યા છે, એને એ પાગલ જેવા દેખાય છે એમ કહે છે.

હોય મોટા ડાહ્યા જગતને સમજાવવામાં અને મોટા પંડિત કહેવાય. પણ જે વિકલ્પની જાળથી એમાં રોકાઈ ગયા છે, એ બધા પાગલ છે. ભગવાન તો એમ કહ્યું કે અમારી ભક્તિના રાગમાં રોકાયેલો છે. આહાહા..! એ જ અમને લાભદાયક (માને એ) પાગલ છે કહે છે. ભગવાન એમ કહે છે. સંતો એમ કહે છે ભગવાન એમ કહે છે ને? આહાહા..! અમારી ભક્તિ અને અમારી પૂજાનો ભાવ તને જે થાય છે, એમાંથી તું લાભ માને છો, જ્ઞાનીને ચિંતવનમાં વિકલ્પ આવ્યો પણ એ તો ભિન્ન તરીકે આવ્યો છે. સમજાણું? અને અજ્ઞાનીના જે વિકલ્પ છે એ તો એકત્વબુદ્ધિથી છે એના. એથી ચિંતવનના કાળમાં વિકલ્પ આવ્યો એને આ પાગલ જેવી દુનિયા દેખાય છે એમ કહે છે. આહાહા..!

સનેપાતિયો હસે ને એટલે એ સુખી છે? એ તો પાગલ છે પાગલ. કેમકે દુઃખની પરાકાષ્ઠા વધી ગઈ છે એથી બેભાન થઈ ગયો છે. આહાહા..! એમ અજ્ઞાની શુભના વિકલ્પમાં લીન થયેલા એ અનાત્મામાં લીન થયેલા, એને જ્ઞાનીને શરૂઆતમાં વિકલ્પ છે હજી, ભિન્ન પડ્યું છતાં સ્થિરતા પૂર્ણ ચારિત્રની નથી, એ કાળે એને (અજ્ઞાની) પાગલ જેવા દેખાય એમ કહે છે. પછી ફેરવશે. આહાહા..!

જુઓ સંતોની વાણી તો જુઓ! ઓહોહો..! જ્યાં વીતરાગતા ઘોલન જ્યાં છે વીતરાગતાનું. એમાં જે વિકલ્પ ઉઠ્યો છે કહે છે હજી. તદ્દન સ્થિર નથી થયો. એવા વિકલ્પની જાળ, ચિંતવનમાં જગતના જીવો રાગથી હરખ ને હોશુંમાં પડ્યા છે. એનાથી અમારું કલ્યાણ થશે. આહાહા..! એ પાગલ છે. આહાહા..! અને મુનિને કાંઈ પડી નથી એવાને પાગલ કહેતા. એ પાગલનું સ્વરૂપ સમજાવ્યું ને. આહાહા..! મહાપ્રભુ ચૈતન્ય વસ્તુ તરીકે મહાપ્રત્યક્ષ છે. પર્યાયની અપેક્ષાએ અપ્રગટ કહેવાય, પણ વસ્તુની અપેક્ષાએ પ્રગટ પ્રસિદ્ધ છે. આહાહા..! પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત કીધું છે

ને ઓલા છઠ્ઠા બોલ, છ બોલ અવ્યક્ત. એ તો આની-આમ પર્યાયમાં આવ્યું નથી બહાર એથી એને અવ્યક્ત કીધું, પણ વસ્તુમાં છે એ તો પોતે પ્રગટ જ છે, પ્રસિદ્ધ જ છે. આહાહા..!

એવા આત્માને આત્મા તરીકે નહિ જાણનારા અને વિકલ્પની જાળ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એમાં મશગુલ અને હરખના સનેપાત છે એને, એ જ્ઞાનીને પાગલ દેખાય છે. શું કરે છે આ? આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! પરમાત્મપ્રકાશમાં તો એમ પણ કહ્યું છે, જગતને જ્ઞાની પાગલ જેવું દેખે છે, જગત ધર્મીને પાગલ દેખાય છે. આ શું વાતું કરે છે? પરમાત્મા પૂર્ણાનંદને અત્યારે... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... ધ્રુવ પૂર્ણાનંદનો નાથ. આહાહા..! એ શુદ્ધ જ છે. ત્રિકાળ શુદ્ધ છે. નિગોદમાં હો કે સિદ્ધમાં હો વસ્તુ તો શુદ્ધ જ છે. આહાહા..! એવું શુદ્ધનું જ્યાં ભાન થયું છે, એ ભાનવાળાને હજી કાંઈક વિકલ્પ તો આવે, અસ્થિરતા (છે), પૂર્ણ સ્થિર થયો નથી એટલે. એમાં એમ કહે આ જગતના પ્રાણીને જોઈ.. આહાહા..! એને પાગલ જેવા દેખાય છે. સમજાણું કાંઈ?

**'શુભ-અશુભ ચેષ્ટાયુક્ત...'** એમ કહ્યું ને? **'विभात्युन्मत्तवज्जगत् स्वरूपचिंतनविकलत्वाच्छुभेतरचेष्टायुक्तमिदं जगत्'** એમ. સંસ્કૃત છે. સારું કર્યું છે. યોગનો આરંભ કરનાર યોગી-ધર્મી જીવને જગત ઉન્મત્ત જેવું **'સ્વરૂપ ચિંતનના વિકલ્પપણાને લીધે શુભ-અશુભ ચેષ્ટાયુક્ત આ જગત વિવિધ બાહ્ય વિકલ્પયુક્ત,...'** આહાહા..! **'ઉન્મત્ત જેવું લાગે છે.'** આહાહા..!

**'પછીથી એટલે જ્યારે યોગની પરિપક્વ અવસ્થા થાય,...'** એટલે સ્થિર થાય અંદર. **'ત્યારે જેને આત્મબુદ્ધિનો સારો અભ્યાસ થયો છે અર્થાત્ જેણે આત્મસ્વરૂપની સારી પેઠે ભાવના કરી છે,...'** ભાવના શબ્દે એકાગ્રતા. **'તેવા નિશ્ચલ આત્મસ્વરૂપનો અનુભવ કરનારને,...'** ચળે નહિ એવી સ્થિરતા જ્યાં જામી છે. આહાહા..! એકલા આનંદના જ્યાં ઘૂંટડા પીવે છે. ભાઈએ દાખલો આપ્યો છે ને એ? શેરડીના રસનો. નિહાલભાઈએ. ગન્ના-ગન્ના. ગન્નાનો રસ આમ શેરડીનો તૃષા લાગી હોય. ગટ... ગટ... ગટ... ગટ... ગટ... ગટ... આહાહા..! એમ અનુભવના કાળમાં આનંદનો શેરડીના રસની જેમ ગટ-ગટ અનુભવ. આહાહા..!

જેને સ્વરૂપની તૃષા આનંદની પીપાસા લાગી છે એને સ્વરૂપમાં જતાં એને, આનંદદશા જાગે છે. એની એ પીપાસા તૂટી જાય છે. આહાહા..! વસ્તુ તો આ છે. એ સિવાય બધી વાતું જેટલી શાસ્ત્રોમાં ચરણાનુયોગની આવે. ચરણાનુયોગની આવે ત્યારે ઓલો વળી એમ કહે કે ભાઈ! કે કુંદકુંદાચાર્યને તમે કરવા જાશો, બીજા આચાર્યોનું બલિદાન થશે. અરે.. પ્રભુ! બીજા આચાર્યો પણ એ જ કહે છે. વ્યવહારનું સ્વરૂપ જણાવે છે, પણ જણાવતા એનો નિષેધ કરીને આત્માના ઉપર લાવવું એમ બતાવે છે. આહાહા..! ચરણાનુયોગમાં એ બતાવે તો ખરીને વ્યાખ્યા તો. આમ વ્રત હોય, એનો અતિચાર આમ ટાળવું. એમ બધું બતાવે., પણ એનું પ્રયોજન અંતરમાં જાવું, વીતરાગતા પ્રગટ કરવી એ એનું પ્રયોજન છે. એ બતાવીને એમાં રાખવાનું પ્રયોજન નથી. આહા..!

**'જેણે આત્મસ્વરૂપની સારી પેઠે ભાવના કરી છે, તેવા નિશ્ચલ આત્મસ્વરૂપનો અનુભવ**

**કરનારને, જગત્ સંબંધી ચિંતાના અભાવને લીધે...**' એમ. પછી વિકલ્પ નથી ને એટલે. પહેલા જે સ્વરૂપનું ચિંતવન વિકલ્પ હોય છે ત્યારે આ જગત ઉન્મત જેવું દેખાય. પણ જ્યારે ચિંતાના અભાવને લીધે '**અર્થાત્ પરમ ઉદાસીનપણાના અવલંબનને લીધે તે (જગત્) કાષ્ઠ–પાષાણવત્ પ્રતિભાસે છે.**' જેને ચૈતન્યની જાગૃતિનો અભાવ છે, એવા પથરા ને લાકડા જેવા દેખાય કહે છે જગત. આહાહા..!

જેને ચૈતન્યની જાગૃતિનો અભાવ છે. આહાહા..! ચાલતા મડદા દેખાય, એમ નથી આવ્યું મોક્ષ અધિકારમાં અષ્ટપાહુડમાં. ચાલતા શબ છે, ચાલતા મડદાં. ઓલા ઠાઠડીમાં બાંધીને ઉપાડે. આહાહા..! આનંદનો નાથ જેને જાણ્યો નથી, આનંદનું શરણ લીધું નથી, આનંદના જેને સ્વાદ આવ્યા નથી. આહાહા..! એટલે કે જીવ જાણ્યો નથી એમ. આહાહા..! જીવ તો આવો છે. આહાહા..! એવા જીવ વિકલ્પની જાળમાં પડ્યા છે, એને જ્ઞાનીને પ્રથમ કલ્પનાની ચિંતાના અવસરમાં એ ઉન્મત્ત જેવા દેખાય, પછી આનંદમાં અંદર રહે એટલે પછી પત્થર અને લાકડા જેવા છે બધા. આહાહા..!

આવું બધું કહેતા જગતને ઠીક નહિ લાગે, એવું મુનિઓને નથી. કરુણાબુદ્ધિ છે એમાં વિકલ્પથી. ભાઈ! આહાહા..! તારો ચૈતન્ય જાગૃત સ્વભાવનો પિંડ, એને તે જગાડ્યો નહિ અને રાગના પુણ્ય અને પાપના વિકલ્પની જાળમાં ગૂંચાઈ ગયો છે, ભાઈ! પત્થર જેવા, લાકડા જેવા છે. એ બધા અણાત્મા છે. એમ કહે છે. આત્માને આત્મા થઈને જેણે જાણ્યો નથી. એવા વિકલ્પમાં રોકાયેલા જીવો લાકડા અને પથરા જેવા દેખાય કહે છે. એય..! આહાહા..! જૈનદર્શન આમ કહે છે અને ફલાણા દર્શન આમ કહે છે. એમ કરીને કેટલાક લખે છે. પણ જૈનદર્શન કહે છે, જૈનદર્શન વસ્તુનું સ્વરૂપ આ છે. અમરચંદજી લખે ત્યાં તો એ લખે છે. જૈનદર્શનમાં આમ કહેવાણું, જૈનદર્શન આમ કહે છે. વસ્તુનું સ્વરૂપ જ આ છે ત્યાં જૈનદર્શન એટલે શું?

મુમુક્ષુ :- એ આમ કહે, અમે આમ કહીએ.

ઉત્તર :- હા, એનો શું અર્થ? મહાવીરને ચીતર્યા છે આમાં મોટા. આમ હતા ને તેમ હતા ને ફલાણું હતા ને. મહાવીર પોતે સમકિતી અને ત્રણ જ્ઞાન લઈને આવ્યા છે હવે એને.. એ ફક્ત સ્વરૂપનું સાધન અંતર કરવું હતું એ બાકી હતું એ અહીં કર્યું. એ કર્યું, એણે બીજું કાંઈ કર્યું નથી. ઉપદેશ પણ આપ્યો નથી અને સમવસરણ રચાણું નથી. આહાહા..! એ તો બધું પરમાં થઈ ગયું.

જ્ઞાનમાં ઉપદેશની વાણી નીકળતા જ્ઞાનમાં ખબર નથી? જ્યારથી કેવળજ્ઞાન થયું ત્યારથી ખબર છે કે આ સમયે આ વાણી નીકળશે. કાંઈ નવું જાણવું રહ્યું છે? આહાહા..! એણે આવો ઉપદેશ આપ્યો, મેં આમ કર્યું, જગતમાં બહુ હિંસા હતી એટલે બૌદ્ધ અને મહાવીરે બેય હિંસા ઠારી. અરેરે..!

મુમુક્ષુ :- સ્ત્રીઓને હક્ક અપાવ્યા.

ઉત્તર :- સ્ત્રીઓને હક્ક અપાવ્યા. બધાને સરખો. સ્ત્રીઓને અને બધાને સરખો હક્ક. આહાહા..!

અહીં કહે છે '**પરમ ઉદાસીનપણાના અવલંબનને લીધે તે (જગત્) કાષ્ઠ–પાષાણવત્ પ્રતિભાસે છે.**'

**'ભાવાર્થ :- જેને સ્વ-પરનું ભેદજ્ઞાન થયું છે તેવા અંતરાત્માને,...'** એમ. **'આત્માનુભવની પ્રથમ ભૂમિકામાં અર્થાત્ યોગના આરંભકાળમાં આ સચેષ્ટ અને વિકલ્પારૂઢ જગત્...'** ચેષ્ટાવાળું અને વિકલ્પવાળું જગત્ **'ઉન્મત્ત જેવું-પાગલ જેવું લાગે છે,...'** હોંશુ ને હરખ વિકલ્પમાં કરે છે એ બધા પાગલ જેવા, પથરા જેવા છે એમ કહે છે અહીં. આહાહા..!

**'પરંતુ બાદમાં જ્યારે તે યોગના પરિપક્વ અભ્યાસ દ્વારા આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જાય છે,...'** અતીન્દ્રિય પ્રચુર આનંદના સ્વાદમાં જ્યાં આવી જાય છે, **'ત્યારે તેને આ જગત્ સંબંધી બુદ્ધિપૂર્વક કાંઈ વિકલ્પ ઉઠતો નથી. કારણ કે તેને તે સમયે નિર્વિકલ્પદશા વર્તે છે.'** એમ. પાષાણનો અર્થ કે એ ચીજમાં આત્મા નથી અને એ ચીજ મારામાં નથી એવું સહેજે જ્ઞાન થઈ જાય છે. પથરા જેવા છે. આહાહા..! વિશેષ છે કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ ૧૧, શનિવાર તા. ૧૯-૦૭-૧૯૭૫
## શ્લોક - ૮૦-૮૧,
## પ્રવચન - ૯૪

સમાધિતંત્ર. એનું વિશેષ. ટીકા અને ભાવાર્થ થઈ ગયા છે. કહે છે કે ધર્મી જીવને પહેલો ધર્મ કેમ પમાય? એ વાત તો આવી ગઈ છે. કે આત્મા જે દ્રવ્યસ્વભાવ છે નિત્ય ત્રિકાળ. એમાં એની દૃષ્ટિ પ્રસરતાં એને દ્રવ્યસ્વભાવનો લાભ પર્યાયમાં થાય એને ધર્મ કહેવામાં આવે છે. પ્રથમ કરનારને શું કરવું? કે દ્રવ્યસ્વભાવ સન્મુખ થવું. જે પર્યાય વર્તમાન પર તરફ વળેલી છે એને પર્યાયની અપેક્ષાએ એમ કહેવામાં આવે કે એને અંતરમાં વાળવી. આહાહા..! આ એને પ્રથમમાં પ્રથમ કરવાનું છે. કેમકે જેમાં અનંત શક્તિનો સંગ્રહ પડ્યો છે, એવું પરમાત્મસ્વરૂપ એમાં દૃષ્ટિ આપ્યા વિના અને શ્રદ્ધાને એમાં પ્રસરાવ્યા વિના, એનો લાભ—આત્મલાભ પર્યાયમાં થાય નહિ. વસ્તુ તો વસ્તુ છે. પણ પર્યાયમાં એનો લાભ ક્યારે થાય? કે એના સન્મુખમાં એકાગ્ર થતાં, સંયોગ, રાગ અને પર્યાય ઉપરનું પણ લક્ષ છોડી દઈ... કેમકે પર્યાયની એકતા તો અનાદિની માનેલી છે. પણ દ્રવ્યસ્વભાવની એકતા એણે કદિ કરી નથી. આહાહા..! આવી વાત છે.

એથી એણે પ્રથમ આત્માને દૃષ્ટિમાં લઈ અનુભવ કરવો. હવે એ અનુભવ કરનારને **'પ્રથમ ભૂમિકામાં અર્થાત્ સવિકલ્પ દશામાં...'** હોય જ્યારે. અંતરનો અનુભવ છૂટી અને રાગના વિકલ્પમાં આવે, ત્યારે બાહ્ય પદાર્થો તરફ વિકલ્પ જાય. સ્વરૂપનો ઉપયોગ અંતરમાં ન હોય ત્યારે વિકલ્પ આવે તો વિકલ્પનું લક્ષ તો બહાર ઉપર જાય. વિકલ્પના લક્ષે

અંતર ઉપર જાય એવો એનો સ્વભાવ નથી. એથી ધર્મીને પણ દ્રવ્યદૃષ્ટિ—વસ્તુની દૃષ્ટિ, વસ્તુની પર્યાયમાં તેનું ભાવભાસન, ભાવમાં તેનું ભાસન જ્ઞાન થયું. આહાહા..! એને પણ જ્યારે વિકલ્પ ઉઠે છે ત્યારે બાહ્ય તરફ જાય છે. '**અને તેથી વિવિધ વિકલ્પો થાય છે.**' આહાહા..! બહુ માર્ગ ઝીણો એવો. આ કાંઈ કરવાનું કહે... આ કરવાનું નથી? આહાહા..! આમ કરે, દયા પાળે, વ્રત કરે, અપવાસ કરે, ભક્તિ કરે, જાત્રા કરે.

મુમુક્ષુ :- ઘણા વર્ષો .. કોઈ એમ ન કહે કે ...

ઉત્તર :- એવું કરવાનું હોય તે તો નહિ, પણ કરવું છે એ માન્યતા છે એ જ સ્વરૂપનું મરણ છે.

મુમુક્ષુ :- કરવું એ મરવું.

ઉત્તર :- જ્ઞાનાનંદ સ્વરૂપમાં કરવું, રાગ કરું, એ તો દૃષ્ટિ વિપરીત છે. કેમકે જે વસ્તુ સ્વભાવમાં નથી. એ તો વાત આવી ગઈ છે ને અનેકવાર? કે શરીર આત્મામાં નથી, એનો અભાવ છે. તો અભાવનો કર્તા શી રીતે થાય? અને એમ રાગ અને વિકારનો ભાવ પણ સ્વભાવમાં અભાવ છે, તો એનો અભાવ છે એનો કર્તા શી રીતે થાય એ? આહાહા..! આઘી લઈ જતા વાત એક સમયની પર્યાય પણ દ્રવ્યમાં તો અભાવ છે. જેનો અભાવ છે એને કરે શું? આહાહા..! માર્ગ એવો છે બાપા ઝીણો બહુ ભાઈ! અને એનું ફળ પણ આનંદ છે ને? આહાહા..!

જેને અતીન્દ્રિય આનંદ અનંતકાળમાં જાણ્યો નથી, જોયો નથી, વેદ્યો નથી. આ સંસારના કલ્પનાના સુખ ઝેર જેવા દુઃખ, એને એણે વેદ્યા છે. નરકમાં પણ દુઃખ વેદ્યું અને સ્વર્ગમાં પણ દુઃખને વેદ્યું છે. આ શેઠાઈ પાંચ-પચાસ લાખ, દસ લાખ, વીસ લાખ હોય, એ પણ દુઃખને વેદનાર છે. આહાહા..! એ લક્ષ્મીને નહિ. એ લક્ષ્મી તરફના વલણવાળો (ભાવ કે) આ મારી ચીજ છે, હું રહ્યો, મારા પૈસા એવો જે મિથ્યાત્વભાવ... આહાહા..! એનું એને વેદન છે. એમાં એને ભગવાન આત્માનો અતીન્દ્રિય આનંદ, જે એનો ધર્મ અને સ્વભાવ છે, એ સ્વભાવ સન્મુખ થઈને ધર્મની પ્રગટ દશાના આનંદનો સ્વાદ તો કોઈ દિ' લીધો નથી.

એથી કહે છે કે સ્વરૂપમાં ભાન થયું, દૃષ્ટિ થઈ, છતાં તે તરફ વિકલ્પ ઉઠે ત્યારે પર તરફ વલણ જાય એ સંસાર છે. આહાહા..! '**પરંતુ જેમ જેમ તે સ્વરૂપ-સ્થિરતાનો અભ્યાસ વધારતો જાય છે,...**' હવે રાગ ઘટાડું, વિકલ્પ ઘટાડું એમ નહિ. પણ સ્વરૂપમાં જેમ જેમ સ્થિર થતો જાય, તેમ તેમ રાગની ઉત્પત્તિ ઘટતી જાય. સ્થિર થતો જાય. આહાહા..! '**તેમ તેમ ઉપયોગનું પર તરફનું વલણ છૂટતું જાય છે...**' અંતર સ્વરૂપનો અનુભવ અને દૃષ્ટિ હોવા છતાં અસ્થિરતાને કારણે જે વિકલ્પ ઉઠ્યા, એથી એનું લક્ષ તો પર ઉપર જાય, એને સ્વભાવ સન્મુખની વિશેષ દશા પ્રગટ કરતાં એ રાગ ઘટી જાય છે. વિકલ્પો મંદ પડી જાય, ઓછા થઈ જાય. આહાહા..!

'**અને તે સ્વરૂપમાં સ્થિર થતો જાય છે.**' આવી વાત છે. આહાહા..! જાણપણાનું વિશેષપણું હોય કે ન હોય, એની સાથે સંબંધ નથી. આહાહા..! એ વસ્તુના સ્વરૂપનું—ભાવ દ્રવ્યભાવ એનું—ભાસન જ્ઞાનમાં પ્રત્યક્ષ થયું... આહાહા..! એને અંતરમાં સ્થિર થતાં-થતાં વિકલ્પો ઘટી જાય છે.

આહાહા..! '**અભ્યાસના બળે છેવટે આત્મસ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા એટલી જામે છે કે તેને તે સમયે બાહ્ય જગતનો બિલકુલ વિચાર પણ આવતો નથી.**' આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળવાનો પણ વિકલ્પ આવતો નથી. આહાહા..!

'**વળી...**' હવે મોક્ષમાર્ગનો દાખલો આપે છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીનો. '**જે જ્ઞાન પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું...**' જ્ઞાનની જે અવસ્થા-પર્યાય પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું '**તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઈ નિર્વિકલ્પ અનુભવમાં કેવળ સ્વરૂપસન્મુખ થયું,...**' આહાહા..! પાંચ ઇન્દ્રિય અને મનમાં પ્રવર્તતું હતું ને? સાંભળવામાં, ભગવાનના દર્શનમાં, આહાહા..! જે વિકલ્પો પ્રવર્તતા હતાં, જે જ્ઞાન. એ '**સર્વ બાજુથી સમેટાઈ...**' અંતર તરફ જાય છે. '**નિર્વિકલ્પ અનુભવમાં કેવળ સ્વરૂપસન્મુખ થયું,...**' આ એની ક્રિયા અને આ એનો ધર્મ ઉપાય. આહાહા..!

વાત પહેલી એ છે કે જેને આનંદસ્વરૂપ છે આત્મા એવું જેને ભાન ભાસનમાં આવ્યું, એ પછી આનંદમાં રહેવા માટે વારંવાર પ્રયાસ કરે છે. સમજાણું કાંઈ? એ વારંવાર અભ્યાસ કરતા આનંદમાં સ્થિર થાય છે ત્યારે રાગના વિકલ્પો ઘટી જાય છે, તદ્દન ઉપયોગમાં સ્થિર થાય ત્યારે વિકલ્પ રહેતો નથી. આહાહા..! તેથી જગત ઉપરનું લક્ષ પણ ત્યાં રહેતું નથી.

'**કેમકે આ જ્ઞાન ક્ષયોપશમરૂપ છે,...**' રહસ્યપૂર્ણ ચિઠ્ઠીની છે આ વાત. ટોડરમલની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. કાલે કાગળ આવ્યો છેને કોઈ ખંભાતથી આવ્યો છે. ક્ષમાસાગર કોઈક સાધુ દેરાવાસી છે. કાગળ આવ્યો છે અહીં. અધ્યાત્મપુરુષ ટોડરમલજીની હુંડી. હુંડીનો અર્થ આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. એમ લાગે છે ને ભાઈ? અને એનો ગુજરાતી અનુવાદ થયો છે સંસ્થા તરફથી. તો એક નકલ મોકલવી ઘટે. શું કીધું? મોકલવા ઘટતું-ઘટતું. ઘટતું એટલે જેમ બને તેમ. એનો અર્થ. ભાષા એની નરમ છે. અને તે પણ અધ્યાત્મ(પુરૂષ) ટોડરમલ એમ શબ્દ વાપર્યો છે. શ્વેતાંબર તરીકે છે છતાં.. અધ્યાત્મી પુરુષ ટોડરમલજીની હુંડી અને એનો ગુજરાતી અનુવાદ સંસ્થા તરફથી થયો છે. સંસ્થાના મુખ્ય માણસને અમે કહીએ છીએ એક આ મોકલવા ઘટતું. એ આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે. ટોડરમલની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીને ભાઈ હુંડી કહે છે. એને હુંડી એમ લખ્યું લાગે છે. એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીનો આ બોલ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવતો હશે. પણ આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે ને. એ તો આવે છે હુંડી લખાણ... હુંડીમાં લખાણ. સમવાયમાં આવે છે. પણ આને એ હુંડી. એમાં કાંઈ હુંડી શબ્દ નથી પણ એને રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે. આ હુંડીનું આવ્યું હુંડીનું. ક્યાં ગયા જયંતિભાઈ ગયા? ભાવનગર ગયા. ઠીક. હુંડીનો ધંધો છે ને તમારે? આહાહા..!

એમાં પણ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી પાછી. એ ચિઠ્ઠીને હુંડી કહેતા હશે હોં ચિઠ્ઠીને. દેરાવાસી સાધુ છે. ખંભાતના છે. ક્ષમાસાગર નામ. એટલુંય બિચારા વાંચવા માગે છે ને. અધ્યાત્મીપુરુષ તરીકે ટોડરમલ

દિગંબરના જેણે શ્વેતાંબરને ગૃહીત મિથ્યાત્વ ઠરાવ્યા છે, અન્યમતિ ઠરાવ્યા છે. એને અધ્યાત્મપુરુષ કહે એટલું તો..

મુમુક્ષુ :- એના ઉપરનું વિવેચન...

ઉત્તર :- વિવેચન. આ ગુજરાતી આપણે થયું છે ને અધ્યાત્મસંદેશ. એ મગાવે છે. મૂળ તો એ મગાવે છે. અધ્યાત્મસંદેશ આપણે એ છપાણું છે ને. આહાહા..! ઠીક પણ હવે એટલું વિચારે. વાંચવાનો ભાવ છે. જેઠાભાઈ! કોઈ ક્ષમાસાગર છે. શ્વેતાંબર છે કોક. ક્ષમાસાગર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં હશે. ક્યાં છે? ખંભાત.

મુમુક્ષુ :- શિહોર હતા ને?

ઉત્તર :- શિહોર હતા કૈલાસચંદ. એ આપણે ત્યાં આવ્યા હતા ને. ભાઈ ગયા હતા ને ચીમનભાઈ. બે મહિના ગયા હતા નહિ ચીમનભાઈ ત્યાં. એ સરવાળો પાછો કાંઈ નીકળ્યો નહિ. અહીંયાં આવ્યા. આવી વાત શ્વેતાંબરમાં છે. શ્વેતાંબરમાં હોય તો બે મહિના સાંભળ્યું શું? તમારામાં હોય ત્યાં સાંભળ્યું શું? વળી આચાર્ય તમે નામ ધરાવો છો મોટા. પણ લોકોને આગ્રહ મૂકવો ભારે.

મુમુક્ષુ :- આગ્રહ મૂકી દે તો રોટલા કોણ દે?

ઉત્તર :- રોટલા. એ તો જેના નસીબમાં દાણે દાણે નામ લખ્યું એ તો આવશે જ તે. આહાહા..! પ્રાણજીવન માસ્તરે એમ કહ્યું હતું ત્યાં. કેવું ગામ કીધું? ઘંટેશ્વર. તે દિ' રામજીભાઈનું હતું ને. માણસોને બધાને જમણ રામજીભાઈ તરફથી હતું તે દિ'. એ ત્યાં ઘંટેશ્વરમાં બોલ્યા, મહારાજ! આ છોડશો પછી રોટલાનું શું થાશે? અરે.. ભગવાન! આવી ભાષા છે, ભાઈ! રોટલા અને આહાર દે. ઓલો પણ કહેતો હતો આવ્યો હતો એ. બે દિ' પહેલાં કહે. આ બધા રોટલીના દુકાનદાર છે. મેં પણ એ ધંધો માંડ્યો છે, કહે. મેં પણ દુકાનદારીનો ધંધો માંડ્યો છે એમ કહેતો હતો. અરે.. બાપુ! આહાહા..! લોકો માન આપે. પુસ્તક છપાવે આમ, માસિક કાઢે સ્વયં અંબર. સર્વાંબર. એવું માસિક કાઢે, લોકો આપે. એમાં આત્માને શું થયું? ભાઈ! આહાહા..!

ભાઈએ દાખલો નથી આપ્યો? નિહાલભાઈએ. કે બાગમાં કે જંગલમાં કે ગામમાં ફુલ હોય અને એ ફુલને કોઈ સૂંઘે કે ન સૂંઘે એ ઉપર એની કિંમત છે? કોઈ સૂંઘે તો એ ઉંચુ કહેવાય અને ન સૂંઘે તો નીચું કહેવાય એમ એની કિંમત છે? બાબુભાઈ! એનામાં છે એ. એમ આત્માને કોઈ પસંદ કરે કે વાહ! તમારી વાત દૃષ્ટિની બહુ સારી છે, તો એની કિંમત છે? આહાહા..!

અહીં કહે છે કે જ્ઞાન જે પરમાં પ્રવર્તતું હતું એક કાળમાં એક જ્ઞાનને જાણી શકે ક્ષયોપશમજ્ઞાન છે તો. આહાહા..! હવે વિકલ્પ કેમ ઘટે એની વાત કરે છે. કે '**તે જ જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવું સહેજે જ બંધ થયું. ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિ વિકાર હોવા છતાં પણ સ્વરૂપ-ધ્યાનીને તેની કાંઈ ખબર નથી...**' લ્યો આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. ટોડરમલજીનું. ગૃહસ્થ હતા. ગૃહસ્થ હતા એટલે શું? વસ્તુમાં ક્યાં ગૃહસ્થપણું છે? આહાહા..! 'શ્રી

મોક્ષમાર્ગ પ્રકાશક - શ્રી ટોડરમલજી રહસ્યપૂર્ણ ચિઠ્ઠી - પૃ. ૩૪૫ (ગુ. આવૃત્તિ)' એમ લખ્યું.

કેમકે જ્ઞાનનો ક્ષયોપશમભાવ એક જ્ઞેયમાં પ્રવર્તે ત્યારે જ્યારે આત્માના ઉપયોગમાં પ્રવર્ત્યો ત્યારે બહારના ઉપયોગમાંથી હઠી ગયો. એમ સિદ્ધ કર્યું છે. એથી એને પછી વિકલ્પ રહેતા નથી.

---

**ननु स्वभ्यस्तात्मधियः इति व्यर्थम्। शरीराद्भेदेनात्मनस्तत्स्वरूपविद्भ्यः श्रवणात्स्वंय वाऽन्येषां तत्स्वरूपप्रतिपादनान्मुक्तिर्भविष्यतीत्याशङ्कयाह–**

**श्रृण्वन्नप्यन्यतः कामं वदन्नपि कलेवशत्।**
**नात्मानं भावयेद्भिन्नं यावत्तावन्न मोक्षभाक्।।८१।।**
**બહુ સુણે ભાખે ભલે, દેહભિન્નની વાત;**
**પણ તેને નહિ અનુભવે, ત્યાં લગી નહિ શિવલાભ. ૮૧.**

**टीका :– अन्यत उपाध्यायादेः कामं अत्यर्थं श्रृण्वन्नपि कलेवराद्भिन्नमात्मानमाकर्णयन्नपि ततो भिन्नं तं स्वयमन्यान् प्रति वदन्नपि यावत्कलेवराद्भिन्नमात्मानं न भावयेत्। तावन्न मोक्षभाक्मोक्षभाजनं तावन्न भवेत्।।८१।।**

---

**'स्वभ्यस्तात्मधियः' એ પદ વ્યર્થ છે, કારણ કે 'શરીરથી આત્મા ભિન્ન છે' તેવું તેના સ્વરૂપમાં જાણનારાઓ પાસેથી સાંભળવાથી અથવા સ્વયં બીજાઓને તેનું સ્વરૂપ સમજાવ-વાથી મુક્તિ થઈ શકે છે – એવી આશંકા કરી કહે છે :–**

**શ્લોક – ૮૧**

**અન્વયાર્થ :– આત્માનું સ્વરૂપ (अन्यतः) બીજા પાસેથી (कामम्) બહુ જ (शृण्वन् अपि) સાંભળવા છતાં તથા (कलेवरात्) મુખથી (वदन् अपि) બીજાઓને કહેવા છતાં પણ (यावत्) જ્યાં સુધી (आत्मानं) આત્માને (भिन्नं) શરીરાદિથી ભિન્ન (न भावयेत्) ભાવે નહિ, (तावत्) ત્યાં સુધી (मोक्षभाक् न) જીવ મોક્ષને પાત્ર થતો નથી.**

**ટીકા :– બીજા પાસેથી એટલે ઉપાધ્યાયાદિ પાસેથી બહુ જ સાંભળવા છતાં અર્થાત્ શરીરથી આત્મા ભિન્ન છે એવું શ્રવણ કરવા છતાં, તેનાથી (શરીરથી) તે (આત્મા) ભિન્ન છે એવું સ્વયં બીજાઓ પ્રતિ કહેવા છતાં, જ્યાં સુધી શરીરથી આત્મા ભિન્ન છે એવી ભાવના ન કરે, ત્યાં સુધી જીવ મોક્ષભાજન–મોક્ષપાત્ર થઈ શકે નહિ.**

**ભાવાર્થ :– 'શરીરાદિથી આત્મા ભિન્ન છે' એ વાત ઘણીવાર ગુરુમુખેથી સાંભળે તથા બીજાઓને તેવો ઉપદેશ પણ વારંવાર આપે, છતાં જ્યાં સુધી આત્માને શરીરાદિથી દઢપણે ભિન્ન અનુભવે નહિ અર્થાત્ જ્યાં સુધી સ્વસન્મુખતાપૂર્વક તેનું તેને ભાવ–ભાસન થાય નહિ, ત્યાં સુધી જીવ મુક્તિ લાયક બની શકે નહિ.**

**વિશેષ**

**ભેદ-વિજ્ઞાન દ્વારા સ્વસન્મુખતાપૂર્વક જીવ-અજીવાદિ તત્ત્વોનું ભાવ-ભાસન થવું - સાચી પ્રતીતિ થવી - તે જ નિશ્ચય સમ્યક્ત્વ છે, તે વિના જીવ મોક્ષને પાત્ર થાય નહિ.**

**''વળી શાસ્ત્રમાં 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' (મોક્ષશાસ્ત્ર અ.૧, સૂત્ર ૨) એવું વચન કહ્યું છે, તેથી શાસ્ત્રોમાં જેમ જીવાદિ તત્ત્વ લખ્યાં છે તેમ પોતે શીખી લે છે, ત્યાં જ ઉપયોગ લગાવે છે તથા અન્યને ઉપદેશ આપે છે, પરંતુ પોતાને તેનો 'ભાવ ભાસતો' નથી; અને ત્યાં તો તે વસ્તુના ભાવનું જ નામ તત્ત્વ કહ્યું છે, એટલે ભાવ ભાસ્યા વિના તત્ત્વાર્થશ્રદ્ધાન ક્યાંથી હોય?''**

**''વળી કોઈ વખત શાસ્ત્રાનુસાર સાચી વાત પણ બતાવે, પરંતુ ત્યાં અંતરંગ નિર્ધારરૂપ શ્રદ્ધાન નથી; તેથી જેમ કેફી મનુષ્ય માતાને માતા પણ કહે, તો પણ તે શાણો નથી; તેમ આને પણ સમ્યગ્દ્રષ્ટિ કહેતા નથી.''**

**''વળી જેમ કોઈ બીજાની જ વાતો કરતો હોય તેમ આત્માનું કથન કરે છે, પરંતુ 'એ આત્મા હું જ છું' એવો ભાવ ભાસતો નથી. વળી જેમ કોઈ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય તેમ આ આત્મા અને શરીરની ભિન્નતા પ્રરૂપે છે, પરંતુ 'હું એ શરીરાદિથી ભિન્ન છું' એવો ભાવ ભાસતો નથી...''૧**

**માટે 'આત્મા શરીરથી ભિન્ન છે' એવું જાણવા છતાં, જો તેનું ભાવ-ભાસન ન થાય અર્થાત્ અનુભવમાં ન આવે તો તે જાણવું કાર્યકારી નથી. ૮૧.**

## શ્લોક-૮૧ ઉપર પ્રવચન

હવે શિષ્ય પ્રશ્ન કરે છે. **'स्वभ्यस्तात्मधियः' 'એ પદ વ્યર્થ છે,...' 'स्वभ्यस्तात्मधियः'** પોતાના અભ્યાસથી આત્માનું જ્ઞાન થાય છે. એ વ્યર્થ પદ છે તમારું. શિષ્ય પ્રશ્નકાર કહે છે.

---

૧. જુઓ - મોક્ષમાર્ગ પ્રકાશક - ગુ. આવૃત્તિ પૃ. ૨૨૮, ૨૨૯.

**शरीराद्भिन्नमात्ममानं शृणवन्नपि वदन्नपि।**
**तावन्न मुच्यते यावन्न भेदाभ्यासनिष्ठितः।।**

(જ્ઞાનાર્ણવ)

'શરીરથી આત્મા ભિન્ન છે' એમ સાંભળવા તથા બોલવા છતાં, જ્યાં સુધી તે (બંનેના) ભેદાભ્યાસમાં તિષ્ઠિત (પરિપક્વ) થતો નથી ત્યાં સુધી તે મુક્તિ પામતો નથી.

**'કારણ કે શરીરથી આત્મા ભિન્ન છે તેવું તેના સ્વરૂપના જાણનારાઓ પાસેથી સાંભળવાથી...'** જાણનારાઓ પાસેથી સાંભળવાથી જાણ્યું. એમાં વળી '**स्वभ्यस्तात्मधियः**' આવ્યું હતું ને ૮૦નો શબ્દ છે. ૮૦નો એ શબ્દ છે. '**स्वभ्यस्तात्मधियः**' ત્રીજું પદ છે. આહાહા..! ભગવાન આત્માને આનંદના નાથને અભ્યાસમાં જેણે લીધો, અંતરનો અનુભવ થાય તેને આત્મજ્ઞાન થાય. સાંભળ્યું માટે એને આત્મજ્ઞાન થયું છે... આહાહા..!

**'તેવું તેના સ્વરૂપના જાણનારાઓ પાસેથી સાંભળવાથી અથવા સ્વયં બીજાઓને તેનું સ્વરૂપ સમજાવવાથી...'** બીજાઓને કહે કે આત્મા આવો છે ને આત્મા આવો છે ને આત્મા આવો છે. એથી શું થયું? કહે છે. આહાહા..! '**મુક્ત થઈ શકે છે –**' એમ કહે છે શિષ્ય. સ્વના અભ્યાસનું શું કામ ત્યાં વળી? આનંદસ્વરૂપ ભગવાન આત્મા એના સન્મુખ થઈને એનું જ્ઞાન કરવું, એને ધ્યાનમાં લેવો, એનું શું કામ છે? સમજનારાઓ પાસેથી સાંભળ્યું અને સાંભળીને જાણ્યું અને બીજાને જણાવવાનો પણ એવો ઉપદેશ કરે તો એની મુક્તિ થાય. આહાહા..! મુદ્દાની વાત લીધી છે.

જેને આત્મા આનંદસ્વરૂપ છે તેને રાગથી, શરીરથી, ભિન્નપણાનો અનુભવ કરવો એ તમે જે કહ્યું, એ વાત એમ નહિ. શિષ્ય પ્રશ્ન કરે છે. એ તો બીજા પાસેથી સાંભળ્યું કે આત્મા રાગથી અને શરીરથી ભિન્ન છે અને પોતે પણ શરીરથી ભિન્ન છે એવું સમજાવવામાં હુશિયાર છે. આહાહા..! એથી એને આત્મજ્ઞાન થયું, એને સ્વનો અભ્યાસ કરે તો આત્મજ્ઞાની કહેવું એ વાત મને બેસતી નથી કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ મુદ્દાની રકમની વાત લીધી છે.

**श्रृण्वन्नप्यन्यतः कामं वदन्नपि कलेवशत्।**
**नात्मानं भावयेद्भिन्नं यावत्तावन्न मोक्षभाक्।।८१।।**

આહાહા..! **'ટીકા :– બીજા પાસેથી એટલે ઉપાધ્યાયાદિ પાસેથી બહુ જ સાંભળવા છતાં...'** સાંભળ્યું લ્યો કહે છે. આહાહા..! અરે..! ભગવાન પાસેથી સાંભળ્યું સમવસરણમાં. એથી શું થયું? **'અર્થાત્ શરીરથી આત્મા ભિન્ન છે એવું શ્રવણ કરવા છતાં, તેનાથી (શરીરથી) તે (આત્મા) ભિન્ન છે એવું સ્વયં બીજાઓને કહેવા છતાં,...'** અને કથનમાં એ જ મૂકે વાત. ભાઈ! શરીરથી આત્મા જુદો છે. એથી શું થયું? કહે છે. એને સ્વનો અભ્યાસ નથી, એ તો પરનો અભ્યાસ છે. આહાહા..! સમજાણું કાંઈ?

સ્વ ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ દ્રવ્યસ્વભાવ એનો જેને આત્મધિ આત્મજ્ઞાન થયું નથી એ સાંભળવાને આ કહે અને સાંભળે, બીજા પાસેથી સાંભળે અને જગતને કહે, એથી તે આત્મજ્ઞાન નથી. એ આત્મધિ નથી, આત્માની બુદ્ધિ નથી, આત્મજ્ઞાન નથી. આહાહા..! શું કહ્યું સમજાણું? કે **'બીજા પાસેથી એટલે ઉપાધ્યાયાદિ...'** આદિમાં બધું લેવું. ઉપાધ્યાય સમજાવનાર છે ખરા ને? **'બહુ જ સાંભળવા છતાં...' પાછું એમ. ઘણીવાર સાંભળ્યું. સેંકડોવાર સાંભળે. 'બહુ જ સાંભળવા છતાં...'** ભાષા અહીં વજન છે. ઘણું સાંભળવા છતાં. આહાહા..! **'શરીરથી આત્મા**

**ભિન્ન છે એવું શ્રવણ કરવા છતાં,...**' આહાહા..! અને '**તેનાથી ભિન્ન છે એવું સ્વયં બીજાઓ પ્રત્યે કહેવા છતાં,...**' આહાહા..!

'**જ્યાં સુધી શરીરથી આત્મા ભિન્ન છે એવી ભાવના ન કરે,...**' એટલે કે અંતર આનંદસ્વરૂપમાં એકાગ્રતા ન કરે. આહાહા..! ત્યાં સુધી એણે ભિન્ન જાણ્યું નથી. સમજાણું કાંઈ? દેહથી લક્ષ છોડી, કથનથી અને રાગથી લક્ષ છોડી અને જે પર્યાયના લક્ષમાં પડ્યો છે એણે આ બધું સાંભળ્યું છતાં એ પર્યાયને દ્રવ્ય તરફ ઢાળીને ભગવાન શુદ્ધ ચૈતન્યના અભ્યાસથી ભાવભાસન નથી એની મુક્તિ નથી. ઓલો કહે કે સાંભળ્યું અને કહે એટલે એની મુક્તિ થઈ જશે.

ઓલામાં આવે છે નહિ નિયમસારમાં. એ ગાથા. શેમાં આવે છે નહિ? બીજાને કહે છે. એ ગાથા એક આવે છે. લાલભાઈએ .. કરી હતી. નિયમસાર હોં. .. કહે છે એમ. એવું આવે છે. કહેવાનું કથન શબ્દ છે, અહીં છે આ બાજુ છે. આ આવ્યું લ્યો. ૭૪મો કળશ. ૫૦મી ગાથાનો. કીધું અહીં છે. 'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી — આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.' કીધું, કહે છે એનો અર્થ આમ નથી. આ ચર્ચા થઈ હતી લાલભાઈ સાથે. એમ કે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે. તો અહીં તો આવ્યું કે તો તત્ત્વ કહે છે છતાં મુક્તિને પામતો નથી. કહે છે નામ ભાવે છે. ભાઈ! આ ગાથા. એ ૭૪-૭૪ કળશ. ૭૪મો કળશ. કીધું એને હાથ આવવું હોય ત્યારે આવે ને. આવ્યું બરાબર. આ ઠેકાણે છે કીધું.

**न ह्यमास्कं शुद्धजीवास्तिकाया–**
**दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।**
**इत्थं व्यक्तं वक्ति यस्तत्त्वेदी**
**सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्।।७४।।**

'**इत्थं व्यक्तं वक्ति**' એમ છે જે આમ કહે છે. તે મુક્તિને પામશે. એનો અર્થ કે એ ભાવને અંદરમાં પરિણમાવે છે. કહેવાનો એક શબ્દ છે. સમજાણું? તે મુક્તિને પામશે. એમ એનો અર્થ છે. લ્યો આવી ગયું ૭૪મું. છે ૫૦માનો. શ્લોક પણ ૭૪મો છે લ્યો. '**वक्ति**' શબ્દ છે ને? '**इत्थं व्यक्तं वक्ति**' સ્પષ્ટપણે જે કહે છે તે મુક્તિને પામે. કીધું કહે છેનો અર્થ એમ નથી. એ રીતે જે અનુભવે છે. સમજાણું? કહે છે તો અહીંયાં આવ્યું. લ્યો ટાકણે ઠીક યાદ આવી ગયું.

મુમુક્ષુ :- એને એવું ભાવ...

ઉત્તર :- ભાવની રમણતા જેને છે. આહાહા..! એ રમણતા છે. જે કહે છે એ તો એ વિકલ્પ આવે એ તો જુદી વસ્તુ છે. અંદર કહે છે એવું વાચ્ય જે છે એને એ અનુભવે છે નિર્વિકલ્પપણે. એને મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? પોતે સાંભળે અને સાંભળેલું છે માટે એને ભેદજ્ઞાન થયું અને બીજાને કહે છે માટે ભેદજ્ઞાન છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવો માર્ગ છે. ભાગ્યશાળી છો. બાપા! આહાહા..!

મૂળના સ્પર્શ વિના બાપુ કાંઈ છે નહિ એમ કહે છે. ગમે તેવી પ્રરૂપણા કરતા આવડે, બોલતા આવડે, લાખો માણસને કહે અને સાંભળવાથી એને ખ્યાલમાં પણ આવ્યું હોય, એ કાંઈ વસ્તુ નથી. આહાહા..!

'**શરીરથી આત્મા ભિન્ન છે...**' એવી ભાવના ન કરે એમ. અંતરમાં ચૈતન્યને અને શરીરથી ભિન્ન અશરીરી ભગવાન આત્માને અનુભવે નહિ,.. આહાહા..! ત્યાં સુધી એની મુક્તિ એટલે ધર્મ નથી અને મુક્તિ નથી એમ. એમ કહે છે. સમજાણું કાંઈ? સમાધિતંત્ર છે ને આ? સમાધિ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી મુક્તિ નથી. વાત ભલે કરે, લાખો માણસને કહે અને શાસ્ત્ર વાંચે ને ધારે, ધારણાથી વાત કરે. આહાહા..! ભગવાન આત્મા નિજ અભ્યાસથી... આહાહા..! સાંભળવાનો અભ્યાસ એ નહિ અને કહેવાનો અભ્યાસ એ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- કઠણ પડે.

ઉત્તર :- કઠણ વસ્તુ એવી છે ત્યાં. કઠણ એટલે શું? જેવું સત્ છે તેવું એણે રાગથી, શરીરથી ભિન્ન કરીને જાણ્યું, અનુભવ્યું નથી એને મુક્તિ ક્યાંથી હોય? ગમે તેટલું સાંભળ્યું અને ગમે તેટલાને સમજાવે.. આહાહા..! એટલે કે એને ધર્મ નથી એમ કહેવું છે. મુક્તિ નથી તે અહીંયાં પણ સમ્યગ્દર્શન થતાં, ભિન્ન થતાં ત્યાં મુક્તિનો અંશ પ્રગટ થાય છે. એની મુક્તિની શરૂઆત થઈ ગઈ એને. એ મુક્તિની શરૂઆત બીજા પાસેથી સાંભળીને ધારે અને બીજાને સંભળાવે એથી ત્યાં મુક્તિની શરૂઆત થાય, એમ નથી કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત કરી ભાઈ!

નિહાલભાઈએ લખ્યું એક ઠેકાણે. સાંભળનારની લગની તો ઘણી છે સાંભળવાની ને એની. છે એક ઠેકાણે. પણ અંતરમાં ઉતરવાના ઠેકાણા નથી. એવી વાત છે. જ્યાં પ્રભુ છે પૂર્ણ આનંદ ત્યાં દૃષ્ટિ ગઈ નહિ, અભેદ થઈ નહિ ત્યાં સુધી એની મુક્તિ ક્યાં છે? એટલે એને ધર્મ ક્યાં છે? એમ. આહાહા..! ઝીણી વાત બાપુ! આ તો મૂળ ચીજ છે. સમજાણું કાંઈ?

'**ત્યાં સુધી જીવ મોક્ષભાજન-મોક્ષપાત્ર થઈ શકે નહિ.**' જોયું! મોક્ષને પાત્ર થઈ શકે નહિ. '**यावत्तावन्न मोक्षभाक्**' એમ શબ્દ છે ને? ત્યાં લગી નહિ શિવલાભ. એમ. મોક્ષપાત્ર થઈ શકે નહિ એવો અર્થ કર્યો છે. '**मोक्षभाक्**' મોક્ષભાજન. સંસ્કૃતમાં છે ને. '**भाक्**'નો અર્થ છે ભાજન. સાચી વાત છે. એ ઠીક છે. શરૂઆત જ ત્યાં મોક્ષની ભાજન નથી એને. આહાહા..! મોક્ષ થઈ શકે એવો એ પાત્ર જ થયો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

શરીરથી ભિન્ન ચૈતન્યનો અભ્યાસ નથી. ચૈતન્યનો અભ્યાસ નથી. સાંભળવાનો અભ્યાસ અને કહેવાનો અભ્યાસ એ નહિ. આહાહા..! એમ શબ્દ છે ને મૂળ? '**पूर्वं दृष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज्जगत्। स्वभ्यस्तात्मधियः**' પોતાનો અભ્યાસ આત્માનો. આહાહા..! પૂર્ણ ધ્રુવ શુદ્ધ આનંદનું ધામ ભગવાન એવા આનંદનો જેણે અંતરમાં પ્રયત્નનો અભ્યાસ કર્યો નથી તો એ મોક્ષને પાત્ર નથી, એને મોક્ષ થઈ શકે નહિ અને મોક્ષનું પાત્ર એ નથી. આહાહા..! કે ભાઈ બહુ સમજાવતા આવડ્યું જગતને અને પોતે બહુ સાંભળ્યું હજારો વર્ષ માટે તે મોક્ષને પાત્ર થાય છે, એમ નથી.

આહાહા..!

સમાધિતંત્ર છે ને? એ સમાધિભાવ પ્રગટ્યો નથી તેને મુક્તિનો પાત્ર કેમ કહેવાય? કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ક્યાં ગયો તમારો રસીક? બધું સાંભળવા જેવું છે હોં આ. એમ ન કાઢી નાખવું કે બહુ ઊંચું છે અને અમે તો નાના બાળક છીએ. આહાહા..!

મુમુક્ષુ :- સંસ્કાર પડે છે ને.

ઉત્તર :- એ સંસ્કાર પડે છે એ કઈ જાતના એ પડે છે તો એને સાક્ષીમાં અંદર આવવું જોઈએ ને? આહાહા..! એ તો બીજો કહે, પણ એને થવું જોઈએ કે આ સ્વ તરફ ઢળવાના પડે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- સાંભળે તો સંસ્કાર પડે અને સંસ્કાર પડે તો સન્મુખ થાય.

ઉત્તર :- એમ નથી. એમ નથી. એ સંસ્કાર કહેવાય નહિ. સંસ્કાર તો..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પણ અંદરમાં પરિણમ્યું છે એને અહીં સંસ્કાર કહેવામાં આવે છે. આહાહા..!

અંતર આનંદનું ધામ પ્રભુ, એવું જે પરમ સ્વરૂપ એમાં જેની દૃષ્ટિ જામી છે અંદર, પહેલી શરૂઆતથી, એને જાણતા... જાણતા... જાણતા... એને અનુભવ થાય છે. અને અનુભવ થતાં પછી અહીં મુક્તિનો પાત્ર થાય છે અને પછી સ્થિરતા થાય ત્યારે મુક્તિ થાય. આહાહા..! અહીં તો સમાધિતંત્ર છે ને. કહે છે કે એ સાંભળ્યું માટે સમાધિ પ્રગટી, અને સંભળાવ્યું માટે સમાધિ પ્રગટી, સમાધિ એટલે ધર્મ. આહાહા..! એમ નથી.

'**ભાવાર્થ :- શરીરાદિથી આત્મા...**' આદિ શબ્દ પડ્યો છે ને? એટલે રાગથી ભિન્ન. એમ. કલેવર આદિ છે ને શબ્દ સંસ્કૃતમાં. કલેવર આદિ ભિન્ન નહિ? છે? કલેવર છે નહિ? કલેવરાત્ ભિન્ન. પણ એ તો શરીરથી ભિન્ન એનો અર્થ. રાગથી ભિન્ન એમાં આવી ગયું. એ તો શરીરનું લક્ષ છોડીને ભિન્ન અહીં થયો એટલે રાગથી પણ ભિન્ન થઈ ગયું. એવું જેણે ભિન્ન કર્યું નથી. આહાહા..! એમ કહેવું છે અહીં તો. ભલે શરીરથી તો.. છઠ્ઠી ગાથામાં એમ કીધું ને? પરદ્રવ્યના ભાવ... દ્રવ્ય અને દ્રવ્યના ભાવથી લક્ષ છોડીને એ રાગથી છોડીને એમ નથી ત્યાં. છઠ્ઠી ગાથામાં. પરદ્રવ્ય અને એના ભાવ એટલે આ રાગના ભાવ એમ નહિ. કર્મના ઉદયનો ભાવ, એનું લક્ષ છોડીને જેને આત્માની ઉપાસના કરી, એટલે એ તો અહીં લક્ષ છોડ્યું એટલે અહીં લક્ષ ગયું એટલે એ રાગથી પણ લક્ષ છૂટી ગયું છે. આહાહા..! પણ એમ કેમ કહ્યું? કે એ સર્વથા રાગથી અસ્થિરતાથી છૂટ્યો નથી માટે એને શરીરના લક્ષમાંથી છોડતા અહીં લક્ષમાં ગયો ત્યારે એને ઉપાસના દ્રવ્યની થઈ. (પણ) રાગથી સર્વથા છૂટ્યો નથી અસ્થિરતાથી એમ. પણ રાગથી ભિન્ન છું એમ ભાન થયું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આ તો અંતર અધ્યાત્મની રચના અલૌકિક વાત છે. કોઈ સાધારણ શબ્દોથી પકડી લે અને સમજાય એવી વાત નથી, બાપુ! જેઠાભાઈ! આહાહા..! આવી વાતું. એવો એણે નિર્ણય કરવો

જોઈએ. કે આત્માનો અંતર અભ્યાસ થયા વિના આ સાંભળવામાત્રથી અને કહેવામાત્રથી મારું કલ્યાણ થઈ જશે કે સમકિત થશે... આહાહા..! એમ નથી. એ તો સંસારનું ભાજન રહેશે. એમ કહે છે. અને ભિન્ન પાડેલો અભ્યાસના ભાનવાળો તે મોક્ષને માટે પાત્ર થઈ ગયો. સંસાર ભાજન ખસી ગયું. આહાહા..! કહો, સુજાનમલજી! આવી વાત છે, બાપુ! મૂળ તો આ વાત છે.

'**कलेवरात्**' એમ છે ને? '**कलेवरात्**' ઠીક. એ પણ એમાં આવી ગયું. '**भिन्नमात्मान**' અજીવથી ભિન્ન જાણ્યો, એમ આસ્રવથી ભિન્ન જણાઈ ગયો એમાં. આહાહા..! અંતરના ચૈતન્યના જ્ઞાયકભાવના અંતર અભ્યાસથી અજીવથી ભિન્ન ભાસ થયો, એવો આસ્રવથી ભિન્ન ભાસ થયો અંદર. ભાસન થયું. ભિન્ન સ્વરૂપનું જ્ઞાન થયું. ઓલી ધારણા હતી એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને ધારણા થઈને માની લીધું કે આપણે કાંઈક હવે સમજ્યા છીએ, આગળ વધ્યા છીએ. એ તો અટકી ગયો ત્યાં. રોકાઈ ગયો એ તો ત્યાં.

'**શરીરાદિથી આત્મા ભિન્ન છે...**' ભાઈએ વધારે ખુલાસો કર્યો. '**એ વાત ઘણીવાર ગુરુમુખેથી સાંભળે...**' લ્યો ઠીક! '**अत्यर्थं**' એમ છે ને? '**उपाध्यायादेः कामं अत्यर्थं**' બહુ વાર. '**अत्यर्थं**' એટલે બહુવાર. ઘણું. ઘણું સાંભળે. '**कामं अत्यर्थं**' આહાહા..! જુઓને સમ્યગ્દૃષ્ટિ છે સર્વાર્થસિદ્ધના દેવો. ૩૩ સાગર સુધી ચર્ચા કરે છે સ્વર્ગના દેવ. સર્વાર્થસિદ્ધના દેવ. છતાં એને સ્થિરતા થતી નથી. અને ત્યાંથી છૂટીને મનુષ્ય થતાં આત્મજ્ઞાન પામીને જ્યાં સ્થિરતા અંતર્મુહૂર્ત કરે છે ત્યાં કેવળ થાય છે. ૩૩ સાગર તત્ત્વની ચર્ચામાં રોકાતા છતાં આગળ વધતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

૩૩ સાગર કોને કહે? એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એટલું બોલતા આવડવું મુશ્કેલ પડે સામું. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, દસ ક્રોડાક્રોડી. એક ક્રોડાક્રોડી, એક ક્રોડ એમ પણ નહિ. એક ક્રોડાક્રોડી નહિ, દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગર અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એટલા ૩૩ સાગર એવી ચર્ચા કરી એણે. આહાહા..! પણ ગુણસ્થાન ફર્યું નહિ. કેમકે અંદરનો આશ્રય કર્યા વિના ગુણસ્થાન ફરે નહિ. આહાહા..!

બહારના આશ્રયથી એટલી ચર્ચા ૩૩ સાગર સુધી કરી. આહાહા..! ૩૩ સાગર કેટલી ચર્ચા કરતા હશે? કેવી? અને એને કાંઈ રાંધવું નથી, ખાવું નથી, દુકાન નથી, વેપાર નથી, બાયડી નથી, કાંઈ નથી. ૩૩ સાગર. આને તો હજી ધંધામાં કેટલો રોકાય પાપમાં. ૨૦-૨૨ કલાક. ૮ કલાક ઉંઘમાં અને દસ કલાક ધંધામાં. એક-બે કલાક દિશાપાણીમાં. કલાક એક હોય એ સાંભળવામાં આવે. એમાં પણ ઓલો બેઠો હોય તે સંભળાવે. જય નારાયણ. બસ. પ્રમાણવચન. કાંઈ ભાન ન મળે.

'દસ બોઘા દસ બોઘલી દસ બોઘા કા બચ્ચા' ભેગા થયા હોય. 'માથે કહે ગપ્પા એ કહે છે સચ્ચા.' પ્રમાણ વચન. શું પ્રમાણ વચન પણ? શું કહ્યું અને શું કહે છે એની તને ખબર નથી કાંઈ. એય..! સુજાનમલજી! આહાહા..! તને પ્રમાણ થયું છે કે નહિ? આહાહા..! રાગથી ભિન્ન

પડીને ચૈતન્યનું ભાન થઈને પ્રમાણ થાય. ત્યારે કીધું ને પોતે પાંચમી ગાથામાં? '**तं एयत्तंविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' મારા વૈભવથી હું કહીશ. કહીશ છતાં તું સાંભળીશ. આહાહા..! છતાં તું અનુભવથી પ્રમાણ કરજે. આહાહા..! ભાષા તો જુઓ સમયસારના એક એક પદની! '**तं एयत्तंविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' મારો ભગવાન એકત્વસ્વભાવથી છે અને રાગથી ભિન્ન છે, મને અનુભવ છે એવા મારા નિજવૈભવથી, ભગવાને કીધું માટે કહીશ એમ નહિ. આહાહા..! મારો ભગવાન જ જાગ્યો છે અંદરથી. આહાહા..! અને એવા જાગવાના ભાવની ભૂમિકાથી હું તમને કહીશ. આહાહા..!

'**तं एयत्तंविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज**' પાછું વળી કીધું. પાછું દેખાડવામાં આવે. વખત ને સમય ને વાણીને બધો યોગ હોય ને? '**जदि दाएज्ज पमाणं**' આહાહા..! પહેલું એમ કીધું '**तं एयत्तंविहत्तं दाएहं अप्पणो**' દેખાડીશ મારા વૈભવથી. પણ પાછું દેખાડવાનો વખત કેટલો રહે અને કેમ છે? એમ કહીને કહ્યું '**जदि दाएज्ज**' દેખાડવાના પ્રસંગમાં આવું! આહાહા..! પ્રમાણ કરજે. '**जदि दाएज्ज पमाणँ**' એ ત્રીજું પદ છે. '**जदि दाएज्ज**' આહાહા..! જ્યારથી આ તેં સાંભળ્યું. આહાહા..! ત્યારથી અંદર ઉતરજે. એમ કહે છે. આહાહા..! ભારે વાત! કુંદકુંદાચાર્ય ગજબ કામ કર્યા.

'**जदि दाएज्ज**' દેખાડું તો પ્રમાણ કરજે. '**चुक्केज्ज छलं ण धेत्तव्वं**' ભાષાના કોઈ પ્રસંગમાં ભૂતકાળ ને ભવિષ્યકાળ ને એવા ભંગમાં ભૂલ પડી જાય (અને), તને એ જાતના વ્યાકરણનું જ્ઞાન હોય, એથી તું લક્ષ એમ ન રાખીશ. મારે જે કહેવું છે તે ઉપર લક્ષ રાખીને પ્રમાણ કરજે. આહાહા..! કારણ કે વ્યાકરણનો જાણનારો ઓલો સાંભળનાર, એમાં ક્યાંક ઘણા પ્રકાર વ્યાકરણના. ઘણા છે ને જુઓને વ્યાકરણ બનાવ્યું છે ને? . નહિ? કેટલો એક તો ગ્રંથ બનાવ્યો મોટો. ૨૦ હજાર શ્લોકનો. વ્યાકરણના આના આવા રૂપ અને આમાં આ રૂપને. રામઃ રામૌ રામઃ આવે છે ને? બહુ સ્પષ્ટીકરણ. પણ એમાં આત્માને શું? એવા વ્યાકરણના પ્રોફેસર હોય જાણનારા અને આ વાત હું કહું છું પ્રભુ આત્મા આનંદના સ્વભાવથી એકત્વ છે અને રાગથી તે વિભક્ત છે. અનુભવથી પ્રમાણ કરજે. વાણી સાંભળીને હા એમ (કહીશ) નહિ. એમ કહે છે. આહાહા..! જોયું! વાણી સાંભળવાનો તો વિકલ્પ છે. વિકલ્પમાં ખ્યાલમાં તને આવ્યું કે આમ કહે છે, એ વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**चुक्केज्ज छलं ण धेत्तव्वं**' ચુકવું એટલે મૂળ ચીજથી નહિ. પણ વ્યાકરણ આદિ, વ્યુત્પત્તિ આદિના બોલોમાં આવી જાય ભાષામાં અને તું એનો જાણનારો સંસ્કૃતનો જાતનો. ત્યાં અટકીશ નહિ કહે જો આમાં ફેર પડ્યો.. જો આમાં ફેર.. હવે સાંભળને ફેર શું? શિવભૂતિ મુનિ લ્યો. શબ્દ પણ યાદ રહેતા નહોતા. ભાવભાસન હતું. મા રૂષ, મા તુષ. એમ ગુરુએ કહ્યું. એ શબ્દ યાદ ન રહ્યા મા રૂષ અને મા તુષ. એ બાઈ ઓલી અડદની દાળ પલાળેલી છડી દાળ, ફોતરા કાઢતી હતી બીજી બાઈ પૂછે છે, બહેન શું કરો છો? તુષમાષ. ફોતરાથી દાળને જુદી કરીએ છીએ. તો એને એટલા શબ્દોમાંથી. ભાવ ભાસન તો હતું. તુષ નામ ફોતરું એમાંથી માસ નામ અડદનો કસ હોય દાળ, એ

જુદી. ઓહો..! આ વિકલ્પ છે ફોતરું છે આ. માલ ભગવાનનો આનંદનો નાથ પ્રભુ છે અંદર. બસ એમાં ગયા તો કેવળજ્ઞાન થઈ ગયું લ્યો! આહાહા..!

૩૩ સાગર સુધી ચર્ચા કરે વિકલ્પથી તો ગુણસ્થાન ન ફરે. કારણ કે સ્વનો આશ્રય વધવો જોઈએ ને? પરના આશ્રયની ગમે તેટલી ચર્ચા હોય, પણ સ્વનો આશ્રય વધ્યા વિના ગુણસ્થાન વધે નહિ. આહાહા..! પરને આશ્રયે ગુણસ્થાન વધે, પાંચમું કે સાતમું કે થાય, પછી છઠ્ઠુ આવે છે ને? આહાહા..! બહુ વાત અલૌકિક વાત છે. પદ્ધતિ-પદ્ધતિ. અમૃતના સાગરને ખોલીને મૂક્યો છે. આહાહા..! બાપુ! તું અમૃતનો સાગર છો પ્રભુ, તારા આનંદનું ધામ તું છો. શ્રીમદ્દે કહ્યું ને? 'સ્વયં જ્યોતિ સુખ ધામ.' ચૈતન્ય સ્વયં જ્યોત વસ્તુ છે ને. કોઈથી નહિ કરાયેલી અને સતરૂપે છે ને. આહાહા..! અને સ્વયં જ્યોતિ સુખધામ એ આનંદનું સ્થળ છે. આહાહા..! હવા-પાણી કરવા માટે નથી જતા બહાર? ફલાણે શું આ કહેવાય કાંઈક?

મુમુક્ષુ :- કાશ્મીર જાય.

ઉત્તર :- કાશ્મીર. હવાફેર માટે કાશ્મીર જાય. આબુ જાય. આમ બાપુ આનંદનું ધામ છે ત્યાં જા ને તું. આહાહા..! આ સંસારનો થાક ઉતારવો હોય તો ત્યાં જા અંદર. આહાહા..!

અહીં એ કહે છે, શરીરથી ગુરુમુખે ઘણીવાર સાંભળ્યું. '**બીજાઓને તેવો ઉપદેશ પણ વારંવાર આપે,...**' દસલક્ષણી પર્વમાં જઈને આવો આત્મા... આવો આત્મા.. આમાં છે. વાતું કરે. આહાહા..! છતાં જ્યાં સુધી આત્માને શરીરાદિથી દઢપણે ભિન્ન અનુભવે નહિ, અંતરમાં અનુભવ કરે નહિ '**જ્યાં સુધી સ્વસન્મુખતાપૂર્વક તેનું તેને ભાવ-ભાસન થાય નહિ,...**' દ્રવ્યસ્વભાવનું ભાવરૂપભાસન. દ્રવ્યસ્વભાવનું ભાસન પર્યાયમાં, જ્ઞાનમાં. એ જ્ઞાનમાં આ શુદ્ધ ચૈતન્ય છે એવું ભાસન ન થાય '**ત્યાં સુધી જીવ મુક્તિ લાયક બની શકે નહિ.**' આહાહા..!

દ્રવ્યનો ભાવ, વસ્તુનો ભાવ, એનું ભાસન. કહેવું એ નહિ, ધારવું એ નહિ. અહીં તો ભાસન. એની જ્ઞાનની દશામાં એ ભાસે. આહાહા..! ત્યારે તે મુક્તિને લાયક થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ ૧૨, રવિવાર તા. ૨૦-૦૭-૧૯૭૫
## શ્લોક - ૮૧-૮૨,
## પ્રવચન - ૯૫

સમાધિતંત્ર. ૮૧ ગાથા. એનું વિશેષ. '**ભેદ-વિજ્ઞાન દ્વારા...**' એટલે કે અજીવ અને રાગથી (ભિન્ન) આત્મા ચિદાનંદસ્વરૂપ, તેને રાગ અને શરીરથી ભેદજ્ઞાન દ્વારા, પરથી ભિન્ન દ્વારા '**સ્વસન્મુખતાપૂર્વક...**' સ્વમાં અભેદ દ્વારા. અભેદ એટલે સ્વસન્મુખતા. ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ, ધ્રુવસ્વભાવ, એમાં તત્પરતા... પ્રયત્નની તત્પરતા કહો, સ્વસન્મુખ કહો,

કે વસ્તુ સાથે પર્યાયની અભેદતા કહો. એવા '**સ્વસન્મુખતાપૂર્વક જીવ-અજીવાદિ તત્ત્વોનું ભાવ-ભાસન થવું – સાચી પ્રતીતિ થવી – તે જ નિશ્ચયસમ્યક્‌ત્વ છે,...**' સાચું સમકિત એ કહેવાય કે સ્વસન્મુખ થઈને પરથી ભિન્ન પાડી અને પોતાના સ્વભાવ સન્મુખ થઈને. ઝીણી વાતું બહુ પણ. માર્ગ તો એવો છે, અનાદિનો અભ્યાસ નથી. એથી ચીજ જે છે વસ્તુ નિત્યાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વભાવ જેનો, એની સન્મુખ થઈને અને પરપર્યાય રાગ ને નિમિત્તથી પણ વિમુખ થઈને, સ્વસ્વભાવમાં અભેદતાને પામે એટલે કે સ્વસન્મુખ થઈને તે પર્યાય તેમાં રમે. આહાહા..! આવી વાત છે. શશીભાઈ!

એવું ભાવ-ભાસન થવું. એટલે? ભાવ નામ સ્વભાવ જે ચૈતન્ય શુદ્ધ અખંડ આનંદ એવો ભાવ, એનું ભાસન થવું. જ્ઞાનમાં તે ભાવનું ભાન થવું. ઓહોહો..! .. પ્રભુ ચિદાનંદ નિત્ય આનંદ છે એવી વર્તમાન પર્યાયમાંથી સ્વસન્મુખને કરતા જે સ્વ છે એ પર્યાયમાં ભાસન ભાન થયું એની જે સાચી પ્રતીતિ થવી... આહાહા..! એ સાચું સમકિત છે. એ નિશ્ચય સમકિત છે. ભારે ભાઈ આવું.

આ જે ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. આહાહા..! કે જે વસ્તુ ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાયકભાવ પ્રભુ ધ્રુવ એને પરથી ભિન્ન પાડી એટલે પરનું લક્ષ છોડી અંતરના ત્રિકાળી સ્વભાવનું લક્ષ કરી અને પર્યાયને અભેદ કરી એટલે કે પર્યાયને વસ્તુ તરફ સન્મુખ કરી. આહાહા..! જે ભાવ નામ જ્ઞાયકભાવ, આનંદભાવ, શાંતભાવ, શુદ્ધભાવ, એનું જ્ઞાનમાં ભાસન નામ જ્ઞાન થવું, ભાવનું ભાસન નામ જ્ઞાન થવું અને એમાં પ્રતીતિ થવી કે આ વસ્તુ જે જ્ઞાયક .. જણાણું એની પ્રતીતિ થવી, એનું નામ સાચું સમકિત છે. આહાહા..! આ માર્ગ છે. એ વિના એના જ્ઞાન અને વર્તન ને વ્રત ને ફ્રત બધા એકડા વિનાના મીંડા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે વિના જીવ મોક્ષને પાત્ર થાય નહિ.**' જોયું! મારે નાખ્યું છે બધે. ત્યારે તો મોક્ષ થવાને પાત્ર થાય એ. ભગવાન આત્મા બહારથી વૃત્તિને સમેટી અને અંતર સ્વભાવમાં પરિણતિને અભેદ કરે. આહાહા..! કેટલી ધીરજ અને કેટલી ત્યાં નિવૃત્તિ જોઈએ! આહાહા..! એ કોઈ બહારથી મળે એવી ચીજ નથી. જયંતિભાઈ! આ શું માડ્યું 'તુ ત્યારે તમે બધા સામાયિક ને પોષા ને પડિક્કમણા કર્યા હતા ને.

મુમુક્ષુ :- ગુરુએ શીખવ્યું એમ કર્યું હતું.

ઉત્તર :- આહાહા..!

કહે છે કે એ વસ્તુ આવી છે અને રાગથી ભિન્ન પડીને સ્વસન્મુખ થવું એવી ધારણા કરી હોય, તોપણ એ નિષ્ફળ છે. એ તો સ્વસન્મુખ થઈને આત્મા આનંદસ્વરૂપ ને જ્ઞાયકસ્વરૂપ એવું એની પર્યાયમાં ભાસન, ભાવનું ભાસન, ભાવ તો દ્રવ્યને કહેવાય, ગુણને કહેવાય અને પર્યાયને પણ કહેવાય. પણ અહીં ભાવ એટલે વસ્તુ ત્રિકાળી, એનું જ્ઞાનની વર્તમાન દશામાં સ્વસન્મુખ થઈને આ વસ્તુ શુદ્ધ અખંડ અભેદ છે એવું જે પર્યાયમાં ભાન થવું, એની પ્રતીતિ સાચી થવી એનું નામ સાચું સમ્યગ્દર્શન છે. એ હવે મોક્ષને પાત્ર થયો. આહાહા..!

**'વળી શાસ્ત્રમાં...'** **'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्'** પહેલું સૂત્ર છે ને? પહેલાંનું બીજું સૂત્ર. **'એવું વચન કહ્યું છે, તેથી શાસ્ત્રોમાં જેમ જીવાદિ તત્ત્વ લખ્યાં છે તેમ પોતે શીખી લે છે,...'** આહાહા..! શાસ્ત્રમાં લખ્યા એ રીતે શીખી લે **'ત્યાં જ ઉપયોગ લગાવે છે...'** એટલે કે જીવ, અજીવ આદિ શું છે? એમ. એકલા જીવમાં એની વાત નથી અત્યારે. **'જીવાદિ તત્ત્વ લખ્યાં છે તેમ પોતે શીખી લે છે,...'** અને નવ તત્ત્વમાં ઉપયોગ લગાવે. આ આસ્રવ કહેવાય ને આ સંવર કહેવાય ને આ જીવ કહેવાય. સમજાણું કાંઈ? આહાહા..!

**'ત્યાં જ ઉપયોગ...'** એટલે જીવાદિ નવ જેમ છે તેમ લખ્યા એમ જાણ્યા અને ત્યાં ઉપયોગ નવમાં લગાવે. **'તથા અન્યને ઉપદેશ આપે છે,...'** આહાહા..! **'પરંતુ પોતાને તેનો ભાવ ભાસતો નથી;...'** પણ એને એ ચીજ શું છે? નવ શું છે? કેમ છે? જ્ઞાયકભાવનું ભાસન થઈને એમાં આ પર્યાયોનો અભાવ છે, એવા એક જ્ઞાયકભાવને ભાસન થતાં, એની બીજી પર્યાયનો અભાવ છે, એવું તેને જ્ઞાનમાં સ્વભાવનું ભાસન થતાં આ પ્રકારે એને સાચું જ્ઞાન અને સાચી પ્રતીતિ થાય. આહાહા..! ત્યારે તો એને ધર્મની શરૂઆત થાય. એ પૂજા ને ભક્તિને લાખ કરે, લાખ જાત્રાઓ કરે, અબજો રૂપિયા ખર્ચે ને મંદિરો બનાવે. શું કહેવાય આ પૂજા? એય.. ચેતનજી!

મુમુક્ષુ :- શાંતિ પૂજા.

ઉત્તર :- શાંતિ પૂજા, સિદ્ધનિ પૂજા, કર્મ પૂજા એ બધી આવે છે ને. લાખ કરે નહિ? અને અબજો રૂપિયા ખર્ચે નહિ, એમાં ધર્મ નથી. આહાહા..! શાંતિભાઈ! આ તમારા દિંગબરને બેસતું નથી ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- વાત અલૌકિક છે.

ઉત્તર :- આવી વાત છે, બાપુ! આહાહા..! હજી જેના જ્ઞાનમાં આ પ્રમાણે નથી એના તો જ્ઞાન સાચા થાય જ નહિ. જેના જ્ઞાનમાં કે આત્માની સન્મુખ થાય, ભાવભાસન થાય, એની પ્રતીતિ નામ સમ્યગ્દર્શન, એવું જેને હજી જ્ઞાન પણ નથી પરલક્ષી. સમજાણું કાંઈ? વિકલ્પના રાગમિશ્રિત વિચારમાં પણ આ વાત આ રીતે જાણી નથી, એને તો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન નિશ્ચય થાય જ નહિ. અને એવું વિકલ્પથી જાણ્યું માટે થાય એમ પણ નહિ. આહાહા..! પણ પ્રથમ વિકલ્પથી એવી વાત આ શું ચીજ આ? વસ્તુ શું છે? ગુણ શું છે? એની અવસ્થા શું છે? વિકાર શું છે? એ નવેય તત્ત્વ આવી ગયા એમાં. સમજાણું કાંઈ? એવો વિકલ્પથી રાગમિશ્રિત, સ્વસન્મુખ વિના રાગ મિશ્રિત વિચારમાં આવો જેને નિર્ણય નથી એ તો અંદરનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કરી શકશે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં તો હજી ધર્મની પહેલી સીઢી. આહાહા..! ધર્મનું પહેલું પગથીયું.

ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ. આહાહા..! આજે એક લેખ આવ્યો છે ભાઈ ઓલામાં. વાંચનારે આમ ન કરવું. ઠીક સારું લખ્યું છે હરિભાઈએ. હરિભાઈએ લખ્યું છે. સારું લખ્યું છે. આ છે ને શું કહેવાય? આત્મધર્મમાં. છેલ્લા પેરેગ્રાફમાં આવ્યું છે. હરિભાઈ નથી આવ્યા? પાછળ છે. આ

લખ્યું છે ઓલું. વાંચનારાઓએ આક્ષેપ કરવા કે અને સાધારણ સાંભળનારા હોય અને પોતે કાંઈક હોય એટલે તોછડાઈ કરવી એમ ન હોય, એવું ન હોય. સમજાણું? અને એવી વ્યક્તિઓને ઉતારી પાડવા એમ ન (હોય). સત્ય કહેવું એ સત્યની રીતે મીઠી મધુરી ભાષાથી કહેવું પણ તિરસ્કારની દૃષ્ટિથી, એમ ન હોય. કોઈ વ્યક્તિ સાથે વિરોધ ન હોય, એ પણ ભગવાન આત્મા સત્ત્વેષુ મૈત્રી. બધા આત્મા પ્રત્યે મૈત્રી હોય. એને દ્વેષથી ને જોવું જોઈએ. સમજાણું કાંઈ? વાંચનારને ભલામણ એમ છે કાંઈક. શું લખ્યું છે ભાઈએ? વાંચનારને.

મુમુક્ષુ :- વાંચનારાઓની જવાબદારી.

ઉત્તર :- જવાબદારી. ઠીક કીધું આવ્યું છે. ક્યાંક હશે કોકનું અંદર. આવ્યું હશે. આહાહા..!

આ તો બાપા! માર્ગ પોતાનો અંદર ઠરીને જવાનો માર્ગ છે. એમાં આવા વેગ ને જોર આવીને વસ્તુના સ્વરૂપ જણાવતા મીઠી ભાષાથી બોલે. કોઈ વ્યક્તિ પ્રત્યે વેર-વિરોધ વિના આત્મા છે, ભૂલ્યા છે. ભૂલ્યા એ..

મુમુક્ષુ :- વક્તા હોય તો જોર આપવું જોઈએ ને પર્યાયમાં?

ઉત્તર :- જોર પણ કઈ રીતે જોર?

મુમુક્ષુ :- હરિભાઈએ ખુલાસો કર્યો છે.

ઉત્તર :- કર્યો છે. ચેતનજી! વાંચ્યું? હમણાં વાંચ્યું મેં આ. કાલે સવારનું આવ્યું છે કાલે આવ્યું છે? કાલે આવ્યું છે.

મુમુક્ષુ :- મેં કાલે સાંજે વાંચ્યું.

ઉત્તર :- હા મેં અત્યારે હમણાં વાંચ્યું. સારું લખ્યું છે. જુઓ આમ જુઓ. તમારી પાસે. 'આત્મધર્મ આપણી પ્રિય અધ્યાત્મ પત્રિકા.' એ?

મુમુક્ષુ :- છેલ્લે પાને અંદર.

ઉત્તર :- છેલ્લે પાને. હા. હા. 'જિનવાણી વાંચનકારોની જવાબદારી' બહુ સારું આવ્યું છે. કડવા શબ્દોને... એ આત્મા છે, વસ્તુ સમજાવતા કુગુરુ, કુદેવ, કુશાસ્ત્રને સમજાવે, અને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રને સમભાવથી સમજાવે એથી કોઈનો તિરસ્કાર કે દ્વેષ ન હોય.

મુમુક્ષુ :- એવું જોર છે માટે એવા શબ્દો આવે.

ઉત્તર :- એ જોર તે શેમાં જોર છે? વાણીમાં? આહાહા..!

મુમુક્ષુ :- દૃષ્ટિની તિખાશ હોય તો?

ઉત્તર :- દૃષ્ટિની તિખાશ તે અંદર માટે હોય કે બહાર માટે? ક્યાંક આવ્યું હશે એને સાંભળવામાં. આવ્યું હતું ક્યાંય? આવ્યું હશે એમ લાગે છે. વાંચનારાઓમાંથી કોકે કડવાશની ભાષાને.. એમ ન હોય. આ તો મીઠો મહેરામણ ભગવાન ચિદાનંદનો નાથ, એની વાત કરતા પણ એમાં કડવાશ ને તિખાશ ન આવવી જોઈએ. આહાહા..! એ કહેવું છે એ કાંઈ બીજાને સમજાવવા માટે છે? વિકલ્પ આવ્યો છે, વાણી નીકળે છે. આહાહા..!

મુમુક્ષુ :- એવી વાણી નીકળે એમાં એને શું?

ઉત્તર :- પણ આ તો સમજાવવા માટે વિકલ્પ આવ્યો અને વાણી નીકળે એમ કીધું. પણ કડવાશથી કહેવું અને એવો વિકલ્પ આવે એ કાંઈ વસ્તુ છે? સમજાણું કાંઈ? કોઈ પ્રત્યે, અરે..! અભવિ જીવ હો ભલે, એથી શું? જીવ છે. સર્વ જીવ છે સિદ્ધસમ. એનું સ્વરૂપ તો પરમાત્મસ્વરૂપે જ બિરાજમાન છે. જેની પર્યાયદૃષ્ટિ ગઈ, એ બીજાને પર્યાયનું જોર શું કરવા દે?

મુમુક્ષુ :- દ્રવ્યદૃષ્ટિથી જીવે.

ઉત્તર :- દ્રવ્યથી જોવે. એનો ભગવાન આત્મા છે. ભગવાન ભૂલ્યો છે, તે ભૂલને ટાળીને ભગવાન થશે. આહાહા..!

અહીં કહે છે, '**ભાવ ભાસતો નથી; અને ત્યાં તો તે વસ્તુના ભાવનું જ નામ તત્ત્વ કહ્યું છે,...**' તત્ત્વાર્થ કહ્યું છે ને? તત્ત્વાર્થ. અર્થ એટલે વસ્તુ અને તત્ત્વ એટલે એનું સ્વરૂપ, એનો ભાવ. તત્ત્વાર્થ એમ કીધું ને? '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**' તો તત્ત્વ એ ભાવ અને અર્થ એ દ્રવ્ય, ગુણ અને પર્યાય એવી વસ્તુ. એનો ભાવ, એનો ભાવ ભાસન.. આહાહા..! એનું સ્વરૂપ જ એવું છે, વસ્તુનું જ્ઞાયકભાવનું સ્વરૂપ છે. એના ગુણનું સ્વરૂપ છે.

૧૫૪ ગાથામાં આવી ગયું હતું આપણે. પ્રવચનસારની. કે પર્યાયને અંતરમાં વાળતા. કારણ કે પર્યાય છે એ બાહ્ય છે અને વસ્તુ છે એ અંતર છે. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાય પ્રગટરૂપ બાહ્ય છે. ખરેખર તો પર્યાયની એકતાબુદ્ધિ એ પણ મિથ્યાત્વ છે. આહાહા..! એને દ્રવ્ય સાથે એકત્વ કરવું છે પર્યાયને હવે અહીં. આહાહા..! તો પર્યાય છે એ વસ્તુ છે અંદર ત્યાં જાય છે આમ પર્યાય અંદર, ત્યારે એ તો દ્રવ્યની ઉપર લક્ષ જાય છે, ત્યારે દ્રવ્યનું જ્ઞાન થાય છે, ગુણનું જ્ઞાન થાય છે અને એ પર્યાય પોતે પણ કેમ છે એનું જ્ઞાનમાં તો છે ને? શ્રદ્ધામાં, નિર્વિકલ્પતામાં એકલો ધ્યેય દ્રવ્ય છે. પણ એની સાથે જે જ્ઞાન થાય એ તો બધાને જાણે છે. જ્ઞાનનું ઘણું જાણવું એ કાંઈ રાગનું કારણ નથી. આહાહા..! એ વસ્તુ છે, આ તો પોતાના આત્માને માટે વાત છે. દુનિયાને સમજાવું, એને કહું એ માટે ધારણા કરે, તો મને આવડે એમ બીજા પાસે તારે પાડવું છે બહાર? આહાહા..! પોતાના આત્મા માટે આ તો કરવાની વાત છે અહીં તો. સમજાણું કાંઈ?

કહે છે '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**' એવું જે ઉમાસ્વામીનું બીજું સૂત્ર. પહેલું સૂત્ર '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' ઓલું કાળનું જોયું ભાઈ આજે હોં. કાળનું. ચંદુભાઈ લાવ્યા હતા. કાળશ એકે.

મુમુક્ષુ :- કાળશ એક.

ઉત્તર :- હા એ દિગંબરમાં કાળ બસ એટલું છે. અને આ શ્વેતાંબરમાં કાળશ એકે.

મુમુક્ષુ :- કેટલાક માને છે અને કેટલાક નથી માનતા.

ઉત્તર :- એમ હોય? એવી વાત છે અહીં તે.

મુમુક્ષુ :- પણ ભગવાને શું કીધું એ આશ્ચર્યની વાત છે.

ઉત્તર :- એનો અર્થ જ સંશય. સંશય માટે આ માટે કહ્યા છે. આહાહા..! કાળદ્રવ્ય માનતા નથી ને શ્વેતાંબર. કોઈ કાળ કહે છે એવું એનામાં તત્ત્વાર્થસૂત્રમાં સૂત્ર ફેરવી નાખ્યું છે. અહીં તો કાળ છે, એ અહીં આપણા ઘણું લખ્યું છે. પ્રવચનસારમાં ઘણું સિદ્ધ કર્યું છે. કે જે પર્યાય છે એક સમયની... આ જે પરમાણુ છે, એક પ્રદેશથી. પ્રદેશ એટલે આકાશનો, ત્યાંથી બીજે પ્રદેશે આમ જાય છે, તેમાં એક સમયનું માપ આવી જાય છે. સમયનું, કાળનું માપ આવી જાય છે, તો એ સમયનું માપ આવે છે એ પર્યાય છે, એ પર્યાય છે. જેટલામાં પર્યાય છે તેટલામાં એનું દ્રવ્ય છે. આ કાળ નામનો પદાર્થ છે, વસ્તુ છે. કાળ એક એક કોક કહે છે એમ નહિ. છે. આહાહા..!

અરે.. ક્યાં જગતને. સત્ય શું છે એને કેમ અંતર શોધવું? એ પોતા માટેની વાત છે અહીં. મને આવું આવડશે માટે હું બીજાને શીખવીશ અને એને વિસ્મયતા પમાડીશ. કે ઓહો..! ભારે વાત ભાઈ તમારી. એ તો બધા લક્ષણ બીજી જાતના છે. શશીભાઈ! આવી વાત છે જરી હોં. એમ કે એવી વાત હું કરું કે એને એમ લાગે કે આહા..! ભારે જ્ઞાન તમારું હોં. અને ભારે થોડામાં બહુ કાઢો છો તમે. એય.. છોટાભાઈ! એ દૃષ્ટિમાં વિપરીતતા છે.

બીજાઓ એમ કહે અને વિસ્મય પામે એના માટે કહેવું, એને માટે ધારવું એ તો દૃષ્ટિ વિપરીત છે. આહાહા..! એવી વાતું છે, બાપુ! અહીંયાં તો ભાવભાસન... તત્ત્વ-અર્થ, દ્રવ્ય, ગુણ અને પર્યાય એ અર્થ કહેવાય છે અને એનું સ્વરૂપ જે ભાવ, જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ, પર્યાયભાવ... આહાહા..! એનું.. આ તો માર્ગ એવો બાપા! તીર્થંકર કેવળીનો માર્ગ એટલે આહાહા..! જેની સભામાં સો સો ઈન્દ્રો ભેગા થાય, એકાવતારી ઈન્દ્રો અને સિંહ અને નાગ.. આહાહા..! આમ કેસરિયા સિંહ સેંકડો આવીને ઊભા રહે સભામાં. એ કેવી વાણી હોય ત્યાં? આહાહા..! શાંત... શાંત... શાંતિથી સાંભળે. આહાહા..!

કહે છે કે એને ભાવનું ભાસન થવું જોઈએ. એમ છે ને વચન અહીં? '**પરંતુ પોતાને તેનો ભાવ ભાસતો નથી;...**' આહાહા..! જ્ઞાયક સ્વરૂપ વસ્તુ આ, એનો જ્ઞાનાદિગુણ અને પર્યાય આ. એવું ભાવનું અંદર ભાસન એટલે તે સન્મુખ થઈને અભેદ થઈ નથી દશા. આહાહા..! એને ભાવ-ભાસન નથી. આહાહા..! બાપુ! આ તો ધર્મની વાત છે, ભાઈ! આ કોઈ કથા નથી સંસારની. ત્રણ લોકના નાથ તીર્થંકર જગતના વીતરાતમૂર્તિ પ્રભુ. આહાહા..! એ વીતરાગની દશા જેને, પૂર્ણ દશા પ્રગટી છે, જ્ઞાન જેને એક સમયમાં પૂર્ણ જાણે ત્રણ કાળ. બાપુ! એ ભાષા છે એ જુદી વાત છે. એને લક્ષમાં લઈને આવો ભાવ જગતમાં છે.. આહાહા..! એવું ક્યારે થાય? કે પોતાના સામર્થ્યના ભાવનું જેને ભાસન થાય. આહાહા..! તેના ગુણનું ભાસન થાય કે આ શક્તિઓ એટલી સામર્થ્યવાળી છે કે તેને પ્રતીતમાં લેતા તે શક્તિ વ્યક્તરૂપે થઈને પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરશે. સમજાણું કાંઈ? આહાહા..!

માણસો એમ કહે છે કે આ સોનગઢવાળાએ સમકિતને મોંઘુ કરી નાખ્યું. બાપુ! સોંઘુ-મોંઘું તો જેમ છે એમ છે. શાકવાળા હોય ને. આખો દિ' વેચે. મણ લઈને આવ્યો હોય ગામડામાંથી. એમાં ૩૫ શેર ખપી ગયું હોય, ૫ શેર રહ્યું હોય ટુવાવાળું. ટુવાવાળું આ ભીંડા કે કારેલા કે એવું હોય ને?

જરીક આમ કાંઈક. તો એ વાણિયા શોધીને લેય છોટાભાઈ જેવા હોય.

મુમુક્ષુ :- હિંમતભાઈ જેવા હોય તો?

ઉત્તર :- ના, એના બાપનું નામ મેં તો લીધું છે. બરાબર જોઈ જોઈને લે ને? આહાહા..! એમાં ઓલા પાંચ શેર રહી ગયું ટુવાવાળું. વાણિયો આવ્યો એક લોભી. ઓલાએ કહ્યું કે જો ભાઈ અમે મણ લઈને આવ્યા છીએ અને પાંચ શેર વધ્યું છે આ. એ લઈને ઘરે જાવું અમારે એ કરતાં આ અમે ચાર આને શેર આપ્યું છે. તમને ત્રણ આને શેર આપીએ. ઓલો ટુવો તો છે જરી. ઓલો લોભી. સોંઘુ મળ્યું ને? પાંચ શેર લીધું પંદર આનાનું. ઘરે જાય ત્યાં આખો ટુવો. આખો ભીંડો ને કારેલા. આ સોંઘુ મળ્યું એને. સોંઘુ અને મોંઘુ તો બાપુ જેમ છે એમ ભાઈ! આહાહા..! વસ્તુ જ્યાં આવી છે ત્યાં એને મોંઘુ અને સોંઘુ શું કહેવું? એને આમથી તમે માનો, તમને આમ થઈ જાય છે અને આને આમ થઈ જશે. શેત્રુંજયની જાત્રા કરો તમારું કલ્યાણ થઈ જશે. સમ્મેદશિખરની જાત્રા કરો તો તમારે ૪૯ ભવે. એક જણો કહેતો હતો સાધુ. મારી પાસે એક લખાણ છે. કીધું, એ શાસ્ત્ર ભગવાનના નહિ. સમ્મેદશિખર અને પરદ્રવ્યની જાત્રાથી ભવ ઘટે એ શાસ્ત્રનું વચન વીતરાગનું નહિ. તો પછી કહે, ના, ના બરાબર વાત. એ ગયું કીધું હવે. જે આશય હતો એ આવી ગયો આમાં.

ભગવાન ચિદાનંદનો નાથ જેમાં ભવનો ભાવ અને ભવ નથી, એવી ચીજના અનુભવ વિના ભવ ઘટે, ત્રણ કાળમાં ઘટે નહિ. એ કરોડવાર સમ્મેદશિખર જાય અને શેત્રુંજય કારતક સુદ પુનમે અને ચૈત્ર સુદ પુનમે અને વારંવાર હંમેશા જાય. કેસરિયાજી કેટલાક જાય. એય..! જયંતિભાઈ! ઓલા નહિ તમારે ભોગીભાઈ છે ને? આપણે કોન્ટ્રાક્ટરના બાપ. એ જાય છે. કેસરિયા એકવાર જાય, બે વાર જાય. કેસરિયાજી શું સાક્ષાત્ સમવસરણમાં જાય નહિ અનંતવાર. એથી શું ધર્મ થાય છે? આહાહા..! કેમકે જ્યાં પરદ્રવ્યનો આશ્રય છે ત્યાં તો વિકાર જ ઉત્પન્ન થાય છે. આકરું લાગે છે માણસને.

અહીં તો સ્વદ્રવ્યનું ભાન થવું, ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદનો નાથ. આહાહા..! એવી ચીજ આત્મા છે. અનંતી સિદ્ધની પર્યાયથી પણ જેમાં અધિકપણું એવી અનંતી સિદ્ધ પર્યાય જેને શક્તિમાં પડી છે. એવો આ ભગવાન આત્મા.. આહાહા..! અરે.. જગતને ક્યાં સમકિત કેમ માનવું અને કેમ? એની ખબર ન મળે. અને એના વિના વ્રત લઈને બેઠા એન તપસ્યાઓ કરી, એ નિર્જરા ચારિત્ર લીધા એ સંવર. ધૂળેય નથી બધા એકડા વિનાના. રણમાં પોક મૂકવા જેવું છે. એ પોક કોઈ સાંભળે નહિ અને એનું રુદન બંધ રહે નહિ. આહાહા..! આવો માર્ગ છે.

**'ભાવ ભાસતો નથી; અને ત્યાં તો તે વસ્તુના ભાવનું જ નામ તત્ત્વ કહ્યું છે,...'** તત્ત્વાર્થશ્રદ્ધાનમાં વસ્તુનો સ્વભાવ જેવો ભાવ, જેવી અસ્તિ છે, તેનું જ્ઞાનમાં ભાન થવું તેને તત્ત્વ કહ્યું છે. **'એટલે ભાવ ભાસ્યા વિના તત્ત્વાર્થશ્રદ્ધાન ક્યાંથી હોય?'** એ મોક્ષમાર્ગની વાત છે. ગુજરાતી આવૃત્તિ-૨૨૮, ૨૨.

**'વળી કોઈ વખત શાસ્ત્રાનુસાર સાચી વાત પણ બતાવે,...'** આહાહા..! શાસ્ત્ર અનુસાર.

**'સાચી વાત પણ બતાવે, પરંતુ ત્યાં અંતરંગ નિર્ધારરૂપ શ્રદ્ધાન નથી;...'** અંતરંગ નિશ્ચયરૂપ સ્વભાવના ભાનવાળી જે નિશ્ચયરૂપ શ્રદ્ધા એ નથી એને. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત! **'તેથી જેમ કેફી મનુષ્ય માતાને માતા પણ કહે,...'** અફીણના કેફમાં માને મા કહે, **'તો પણ તે શાણો નથી;...'** કારણ કે એમાં મા કહી દે છે અને કોઈવાર બાયડી કહી દે. એને ક્યાં ભાન છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આમ થાય કે આ તો મારી મા છે. એ માતા છે એવું યથાર્થ જ્ઞાન કેફીને ક્યાં થાય? આહાહા..!

એક મોઢની વાત નહોતી કરી? બોટાદની? મોઢ વાણિયો હતો. એને નવી મા હતી. નવી મા. પછી એની વહુ ગઈ હતી ન્હાવા, પણ વહુના લૂગડા પહેરીને એની નવી મા સૂતેલી. વહુના લૂગડા. એટલે આને વિષયની ભાવના થઈ અને એ જાણે કે આ વહુ છે મારી. લૂગડા પહેરેલા વહુના. ઠેબુ માર્યું ઉઠાડવા. ઓલી બાઈ કહે કેમ બેટા? કેમ? વહુ ગઈ છે ન્હાવા.

મુમુક્ષુ :- શરમાઈ જાય.

ઉત્તર :- વૃત્તિ એકદમ ખેંચાઈ ગઈ. આહાહા..! કેમ ભાઈ? વહુ ગઈ છે ન્હાવા. આહાહા..! અભિપ્રાય ફરી ગયો એકદમ. આમ સ્ત્રી માનીને જે ઠેબુ માર્યું. અરે.. આ તો મા. ભલે નવી મા પણ માતા છે ને? અરે.. ભાઈ! વહુ ગયા છે ન્હાવા. આટલું જ્યાં કીધું, એકદમ વૃત્તિ ફરી ગઈ. ભાવનો ખ્યાલ આવી ગયો કે આ તો મા છે. લૂગડા પહેર્યા છે મારી સ્ત્રીના. કારણ કે ધોવા ગઈ હતી કપડા મૂકી ગઈ છે અને આણે પહેર્યા છે. આના કપડા એ ધોવા ગઈ હશે. આહાહા..!

એમ આત્મામાં રાગ અને ભેદને વિકલ્પને છોડીને... આહાહા..! અને રાગના ભેખ પહેર્યા છે જીવે. રાગના વિકલ્પનો ભેખ છે. એને એ અજ્ઞાની અનાદિથી આત્મા માની રહ્યો છે. પણ જ્યારે એને ભાન થયું, અરે..! રાગનો ભેખ એ તો પરવસ્તુ છે, એ કીધું ને પહેલું? આહાહા..! એ તો વિકારી ભેખ છે, વસ્તુની પર્યાય એ નહિ. આહાહા..! વસ્તુની દશા તો નિર્વિકલ્પ અને નિર્વિકારી હોય, એમ જ્યાં ભાન ભાવનું અંદર થાય, એમાં પ્રતીતિ થાય તેને સમકિત કહેવામાં આવે છે. આહાહા..!

**'તેથી જેમ કેફી મનુષ્ય માતાને માતા પણ કહે,...'** કેફમાં. ત્યાં લીધું છે ને. તત્ત્વાર્થસૂત્રમાં નહિ? પહેલા અધ્યાયમાં લીધું છે. **'તોપણ તે શાણો નથી; તેમ આને પણ સમ્યગ્દૃષ્ટિ કહેતા નથી.'** આહાહા..! શાસ્ત્રાનુસાર સાચી વાત બતાવે, પણ અંતરમાં જ્ઞાયકભાવ પૂર્ણાનંદનો નાથ, એનું ભાવનું, એના ભાવનું જ્ઞાન તો અંદર આવ્યું નથી. આહાહા..! એથી તેને સમકિતી કહીએ નહિ. આહાહા..!

**'વળી જેમ કોઈ બીજાની જ વાતો કરતો હોય...'** આ મોક્ષમાર્ગ પ્રકાશકનું છે. **'જેમ કોઈ બીજાની જ વાતો કરતો હોય તેમ આત્માનું કથન કરે છે, પરંતુ એ આત્મા હું જ છું...'** આવો જે જ્ઞાનાનંદ સ્વભાવી વસ્તુ તે હું છું એવું તે સન્મુખ થઈને પ્રતીતિ કરતો નથી. એવો ભાવ એને ભાસતો નથી. આહાહા..! બહુ વાત સારી લીધી છે. છોટાભાઈએ પણ મેળવ્યું છે ને બધું સારું

મેળવ્યું છે. અભ્યાસી હતા ને નહિ? કેવા હતા? બી.એ.

મુમુક્ષુ :- બી.એ.

ઉત્તર :- બી.એસ.? તમારી જેમ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બી.એસ નહિ? તમે બી.એસ નહિ? ઠીક હશે કાંઈક. પણ મગજવાળો માણસ. છોટાભાઈ આપણે આવતા અહીં વ્યાખ્યાનમાં. છેલ્લી સ્થિતિ હતી ત્યાં ગયા હતા ને ડેલામાં નહિ? માંદા હતા ને. ગયા હતા અમે. છેલ્લી સ્થિતિ હતી. આહાહા..! સારો મેળ કર્યો છે.

'**જેમ કોઈ બીજાની જ વાતો કરતો હોય તેમ આત્માનું કથન કરે છે,...**' આહાહા..! પણ એ આનંદનો નાથ અને પૂર્ણ શુદ્ધ તે હું છું, એવું એને અંતર ભાસ્યું નથી. આહાહા..! આત્મામાં આનંદ છે, પરમાં આનંદ નથી. એમ વાતું કરે પણ આનંદ છે એ ભાસ્યો તો નથી. એ કલ્પનાથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**પરંતુ એ આત્મા...**' આ આનંદ તે આ હું છું એવું એની પર્યાયમાં એને ભાવ ભાસ્યો નથી. આહાહા..! જેમ રેકોર્ડમાં બોલે એને ભાવની ખબર છે? નહિતર તો બરાબર બોલે છે. આહાહા..! આ વાણીની આ રેકોર્ડ છે, પણ એ રેકોર્ડમાં આવે છે તો ઓલો આત્મા, આ જે કહું છું તે આ આત્મા, એમ સન્મુખ થઈને નિર્ધાર કર્યો નથી, ભાવ ભાસ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**વળી જેમ કોઈ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય તેમ આ આત્મા અને શરીરની ભિન્નતા પ્રરૂપે છે,...**' શરીર જુદું છે, ભાઈ! વાણી જુદી છે, કર્મ જુદા છે. એથી શું થયું? કહે. અંતરમાં ચૈતન્યમૂર્તિથી શરીર ભિન્ન છે એવું ભાવનું તો ભાસન થયું નથી. આહાહા..!

મુમુક્ષુ :- પણ .. છોડી દે?

ઉત્તર :- અરે..! ત્રણ લોકનો નાથ કહે તોપણ એને ભાસ્યો નથી. એ તો અગ્યાર અંગને અનંતવાર ધાર્યા છે. એ તો બધું પરલક્ષી જ્ઞાન છે. સ્વના ભાવના ભાસનનું જ્ઞાન નથી. આહાહા..! એક જાણ્યું એણે સર્વ જાણ્યું. આહાહા..! ભલે બીજું જ્ઞાન થોડું હોય, સમજાવતા ન આવડે. સમજાણું? આહાહા..! એટલે કેટલાકને એમ કે આને સમજાવતા આવડતું નથી, બોલતા આવડતું નથી. પણ સમજાવવું અને બોલવું એ તો પરચીજ છે. સાંભળને. એની સાથે શું સંબંધ છે? સમજાવતા આવડ્યું માટે જ્ઞાની છે અને ધર્મી છે. એમ છે? અને સમજાવતા ન આવડે એથી અનુભવી નથી એમ ઠરે છે? સમજાણું કાંઈ? આ તો મુદ્દાના રકમની વાત છે ભાઈ આ તો. આહાહા..!

'**કોઈ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય...**' આ છોકરો એના બાપનો આ છે. એમ બતાવતો હોય. પણ એ શરીર ભિન્ન છે (એમ) ભાવ ભાસ્યો નથી અંદર. આહાહા..! '**શરીરથી ભિન્નતા પ્રરૂપે છે, પરંતું હું એ શરીરાદિથી ભિન્ન છું...**' મારી ચીજમાં એ શરીર જ નથી. અરે..! મારી ચીજમાં રાગ પણ નથી. એવા સ્વ અસ્તિત્વમાં રાગની નાસ્તિ છે, એમ અનુભવ કર્યા વિના એણે ધારણામાં વાત લીધી, પણ એને ભાવ ભાસ્યો નથી. આહાહા..! આ તો ગર્વ ઉતારી નાખે

એવી વાત છે બધી. સુજાનમલજી!

મુમુક્ષુ :- આપની વાત ગ્રહણ કરે તો..

ઉત્તર :- આહાહા..! આ તો પોતાને માટે છે કે કાં પરને સમજાવવા માટે છે આ વાત?

મુમુક્ષુ :- અમારે એમ કરવું કે .. એટલા વર્ષથી અમને સમજાવતા નથી.

ઉત્તર :- પોતાનું થયા પછીનો વિકલ્પ આવે ત્યારે વાણીમાં આવે તો આવવું હોય એ આવે. એવી વાત છે ઝીણી બાપુ. આહાહા..!

હજી અશુભમાં પણ જેને રસ રહે છે એ જે શાસ્ત્રની વાતું કરે કે આમ છે, એ એને કેમ એ વાત બેસે અંદર? આહાહા..! સમજાણું કાંઈ? આ સંસારના ધંધા, હિંસા, જૂઠું, ચોરી, ધંધો, વેપાર એવા પાપ, એવા અશુભભાવમાં પણ જેને વિષયવાસના, એમાં જેને રસ છે. એને આ વાત શી રીતે બેસે? ભલે વાત કરે પણ એને બેઠી નથી હજી. એમ કહે છે. સમજાણું કાંઈ? બીજા વખાણ કરે, પ્રશંસા કરે, ઓહો..! તમે તો ભારે! આહાહા..! અને લોકો પછી જન્મજયંતિ ઉજવે એની.

મુમુક્ષુ :- જન્મ થયા કરે.

ઉત્તર :- એને કાંઈ ન હોય. આ ઘણાને અત્યારે એ થયું છે ને જુઓને. અમે આવા છીએ માટે લોકો પછી જન્મજયંતી ઉજવે. ઓહોહો..! આહાહા..! બધી દશા બાપુ! આવી વાતું છે. જન્મજયંતિ તો જેને આનંદનું ભાન થયું છે અને મોક્ષનો નિશ્ચય થઈ ગયો છે. અહીંયાં તો શાસ્ત્ર તો એમ કહે છે જેને મોક્ષ થઈ ગયો છે એની જન્મજયંતિ હોય. સમજાણું કાંઈ? જેણે જન્મને સફળ કર્યો. છતાં કોઈને મોક્ષ થયો નથી, પણ મોક્ષ થવાને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ અંતરથી અનુભવમાં આવ્યું છે. તો એને અલ્પકાળે તો મોક્ષ થવાનો છે (એમ) ચોક્કસ જેને થઈ ગયું છે. સમજાય છે કાંઈ? આહાહા..! જેમ કુંદકુંદાચાર્ય લ્યો. જેને સંસાર આસન્નનો (અંત) નિકટ આવ્યા છે. સંસારનો કાંઠો જેને નજીક છે. પગ મૂકે એટલે જ્યારે ભવથી અભાવ થવાનો છે. આહાહા..! અમૃતચંદ્રાચાર્ય પોતે, મુનિ, પંચ મહાવ્રતધારી, હજાર વર્ષ પહેલા સંતની વાત કરતા એના કાળજા જોઈ લીધા. આહાહા..! જેને સંસારનો કાંઠો સિંધું, ભવસિંધું. ચોર્યાસીના ડૂબકા મારતો-મારતો અનંત ભવ કર્યા, હવે એનો કાંઠો આવી ગયો છે કહે. આહાહા..!

જુઓને કુંદકુંદાચાર્ય. આહાહા..! છે ને આમાં? પ્રવચનસારમાં પહેલી ગાથામાં. આહાહા..! ભવના કિનારા દેખાણા હવે કહે છે. આ એક કે બે ભવે સિદ્ધપદ છે. આહાહા..! એવું જેને ભાવ-ભાસન થયું એને સાચું સમકિત કહેવામાં આવે છે. આહાહા..!

‘**પરંતુ હું એ શરીરાદિથી ભિન્ન છું...**’ શરીરાદિ, રાગાદિ એમ. ‘**એવો ભાવ ભાસતો નથી...**’ ‘**માટે આત્મા શરીરથી ભિન્ન છે એવું જાણવા છતાં, જો તેનું ભાવ-ભાસન ન થાય...**’ એ અજીવ છે, રાગ છે, એ જીવના સ્વભાવમાં નથી. એવું જ્ઞાનનું ભાવનું ભાસન ન થાય. ‘**અનુભવમાં ન આવે તો તે જાણવું કાર્યકારી નથી.**’ તો તે જાણવું કાર્યકારી નથી. આહાહા..! સમજાણું કાંઈ? હીરાભાઈ! આવી વાતું છે.

તે ભાવનામાં પ્રવૃત્ત થઈ તેણે (અંતરાત્માએ) શું કરવું ? તે કહે છે :-

तथैव भावयेद्देहाद्व्यावृत्त्यात्मानमात्मनि।
यथा न पुनरात्मानं देहे स्वप्नेऽपि योजयेत्।।८२।।

નિજને તનથી વાળીને, અનુભવવો નિજમાંય;
જેથી તે સ્વપ્નેય પણ તનમાં નહિ જોડાય. ૮૨.

શ્લોક - ૮૨

**અન્વયાર્થ :-** અંતરાત્માએ (देहात्) દેહથી (आत्मानं) આત્માને (व्यावृत्य) પાછો વાળી અર્થાત્ ભિન્ન અનુભવીને (आत्मनि) આત્મા વિષે (तथा एव) એવી રીતે (भावयेत्) તેની (આત્માની) ભાવના કરવી (यथा पुनः) કે જેથી ફરીથી (स्वप्नेऽपि) સ્વપ્નમાં પણ (देहे) દેહમાં (आत्मानं) આત્માને તે (न योजयेत्) યોજે નહિ, અર્થાત્ શરીરમાં આત્મ-બુદ્ધિ કરે નહિ.

**ટીકા :-** દેહથી આત્માને વ્યાવૃત્ત કરીને (ભિન્ન અનુભવીને)-શરીરથી પૃથક્ કરીને (અનુભવીને) આત્મા વિષે સ્થિત સ્વસ્વરૂપને એવી રીતે ભાવવું (અનુભવવું)-અર્થાત્ શરીરથી ભેદ કરીને (ભિન્ન કરીને) દઢતર ભેદભાવનાના પ્રકારે (એવી રીતે) ભાવવું કે ફરીથી સ્વપ્નમાં-સ્વપ્નાવસ્થામાં-દેહની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થાય તો પણ તેમાં (દેહમાં) આત્માનું જોડાણ થાય નહિ અર્થાત્ દેહને આત્મસ્વરૂપે માનવામાં આવે નહિ.

**ભાવાર્થ :-** શરીરથી આત્માને ભિન્ન જાણી અર્થાત્ આત્માને આત્મારૂપે જ જાણી, શરીરરૂપે નહિ જાણી, તેની એવી દઢ ભાવના કરવી કે સ્વપ્નમાં પણ ફરીથી દેહને આત્મા માનવાનો અધ્યવસાય થાય નહિ.

**વિશેષ**

સ્વ-પરને ભિન્ન જાણવાનું ચિહ્ન તો જ્ઞાન-વૈરાગ્યશક્તિ છે. ભેદ-વિજ્ઞાનની ભાવનાથી એ વૈરાગ્યભાવ એટલે રાગથી વિરૂદ્ધ ભાવ-પર પદાર્થોમાં ઉપેક્ષા ભાવ જો શ્રદ્ધા અને જ્ઞાનમાં પણ ન હોય તો તે ભાવના કાર્યકારી નથી.

''સમ્યગ્દષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યશક્તિ હોય છે; કારણ કે તે (સમ્યગ્દષ્ટિ જીવ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે 'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે (ટકે છે) અને પરથી રાગના યોગથી-સર્વ પ્રકારે વિરમે છે.''[1]

---

૧. શ્રી સમયસાર-કલશ-૧૩૬

# શ્લોક-૮૨ ઉપર પ્રવચન

**'તે ભાવનામાં પ્રવૃત્ત થઈ તેણે (અંતરાત્માએ) શું કરવું?'** ત્યારે હવે શું કરવું એણે? એ વાત છે. ૮૨.

**तथैव भावयेद्देहाद्व्यावृत्त्यात्मानमात्मनि।**
**यथा न पुनरात्मानं देहे स्वप्नेऽपि योजयेत्॥८२॥**
**નિજને તનથી વાળીને, અનુભવવો નિજમાંય;**
**જેથી તે સ્વપ્નેય પણ તનમાં નહિ જોડાય. ૮૨.**

શું શબ્દ છે એ? વ્યાવૃત્ત છે ઠીક. આહાહા..!

સ્વપ્નામાં પણ ન આવે એને કે આ શરીર હું છું. સ્વપ્નમાં પણ એમ આવે કે હું તો ચૈતન્ય ચમત્કાર ભિન્ન છું. આહાહા..! સમજાણું કાંઈ? એવી કહે છે કે એને લગની અંદરની લાગવી જોઈએ. આહાહા..!

નીચે શ્લોક આપ્યો છે જ્ઞાનાર્ણવનો. **'શરીરથી આત્મા ભિન્ન છે એમ સાંભળવા...'** ઉપરની સાથે મેળવવો. **'તથા બોલવા છતાં,...'** છે? **'शरीराद्भिन्नमात्ममानं शृणवन्नपि वदन्नपि।'** બોલવા છતાં અને સાંભળવા છતાં **'ભેદાભ્યાસમાં નિશ્ચિત થતો નથી...'** એનાથી જુદો પડીને આત્માના આનંદમાં આવતો નથી. **'(પરિપક્વ) થતો નથી...'** એટલે અનુભવ થતો નથી. **'ત્યાં સુધી તે મુક્તિને પામતો નથી.'** આહાહા..! અંગિયાર અંગ ભણ્યો હશે અનંત વાર. તેના આત્માની ખબર નહિ હોય એને? એને માહાત્મ્ય આવ્યું છે પણ ધારણામાં આવ્યું છે. સ્પર્શ કરીને આવ્યું નથી. ત્રિકાળીને સ્પર્શ્યો નથી. આહાહા..! આમ તો છએ દ્રવ્યને જાણે કે નહિ? તેમાં જીવદ્રવ્ય આવતું નથી? એ જ્ઞાનમાં શાસ્ત્રે કહ્યું તે પ્રમાણે એને ધારણા જ્ઞાનમાં આવ્યું છે. કે આ જીવ તો અભેદ છે, શુદ્ધ છે, અખંડ છે, એવી ધારણા થઈ, પરોક્ષ રીતે એમ મહિમા પણ આવી. જીવ આ અખંડ પૂર્ણ અનંત ગુણનો પિંડ છે એવું અનંત અચિંત્ય સામર્થ્ય, પરોક્ષ રીતે માહાત્મ્ય પણ આવ્યું છે. એટલું ભણે ને. પણ અંદર પ્રત્યક્ષ વેદનમાં આવ્યું નથી એને. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ!

**'તે મુક્તિને પામતો નથી.'** ૮૨. **'ટીકા :- દેહથી આત્માને વ્યાવૃત્ત કરીને...'** વ્યાવૃત્ત શબ્દ ભાઈએ કીધો હતો ને. વ્યાવૃત્ત શબ્દ છે. **'देहाद्व्यावृत्त्य'** છે. દેહથી ભગવાન આત્માને જુદો પાડીને, આહા..! ભિન્ન અનુભવીને. રાગ અને શરીરથી પ્રભુ આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર, એવું જેણે અનુભવ્યું. આહાહા..! **'શરીરથી પૃથક્ કરીને (અનુભવીને) આત્મા વિષે...'** કરીને હવે અંદર વાત આવી આ તો. બોલીને, ધારણા કરીને, સમજાવીને એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'દેહથી આત્માને વ્યાવૃત્ત કરીને (ભિન્ન અનુભવીને)-શરીરથી પૃથક્ કરીને**

**(અનુભવીને) આત્મા વિષે સ્થિત સ્વરૂપને એવી રીતે ભાવવું...**' આત્મા આનંદસ્વરૂપના વિષે સ્થિત સ્વસ્વરૂપને એવી રીતે ભાવવું, અનુભવવું કે '**શરીરથી ભેદ કરીને (ભિન્ન કરીને) દઢતર ભેદભાવનાના પ્રકારે...**' દઢત્તર. પરથી ભેદ અને સ્વમાં એકાગ્રતાના પ્રકારે ભેદભાવના છે ને? રાગ અને શરીરથી ભિન્ન પડીને સ્વની એકાગ્રતા. એ ભાવના. એ ભેદભાવના. આહાહા..! આવી વાતું લ્યો! આમાં તો એકલી એકેંદ્રિયા, બેઇંદિયા તેઇંદિયા એની તો ક્યાંય વાત પણ આવી નહિ. પ્રેમચંદભાઈ! એય.. ચીમનભાઈ! શું કર્યું હતું ત્યારે આ અત્યાર સુધી ત્યારે તમે બધું? એકેંદ્રિયા... આહાહા..!

એવું છે. અનાદિ અભ્યાસ નહિ વસ્તુનો. સ્વનું માહાત્મ્ય એને આવ્યું નથી અંદરમાં. આમ શાસ્ત્ર વખાણે આત્મા આવો છે.. આવો છે.. એમ કરીને ધારણામાં તો માહાત્મ્ય આવ્યું, પણ અંદર ભાવ ભાસ્યા વિના માહાત્મ્ય યથાર્થ આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ, લ્યો હવે આ. હવે માંડ માંડ સમજે. અમારે છોકરો એક કહેતો હતો ત્યાં, આપણે બોર્ડિંગનો. કે મહારાજ ઝીણું બહુ. મેં કીધું વાત તો સાચી બાપા. ઝીણું તો છે ભાઈ! આહાહા..! ઝીણા મોતી પકડવામાં સાણસા કામ આવે? આ દીકરીયું કરે છે ને આ તોરણ કરે, નાળીયેર મોતીના ભરે.

નાળીયેર પણ આવે છે અમારે હોં ત્યાં કોકના ભરેલા. મોતી-બોતીના આવે છે ને. આવે છે. મૂક્યા છે. મોતીના ભરેલા મૂકે ને. એમાં ચિત્ર હોય, સાથિયો હોય. તો એ સાણસે મોતી મૂકાય એમાં? સાથિયા આમ પૂરવા હોય તો આમ લાલ.. લાલ.. લાલ.. આમ કરે પછી આમ કરે ને પછી મૂકે, ટપકા કરે. તો ઝીણા મોતી પણ સાણસે ન પકડાય, તો આ ઝીણી વાતું વિકલ્પથી કેમ પકડાય? આહાહા..! એવી વાતું બાપુ! આ તો જન્મ-મરણના અંત લાવવાની વાતું છે. બહારથી રાજી રાજી થઈને બધા ફરે. આહાહા..! બે-પાંચ લાખ ખર્ચે, ધર્મ ધુરંધરનું બિરૂદ આપી દે એને. અને તકતી લગાવે આરસપહાણમાં. એ પોતે તસ્દી બહુ લે તકતી લગાડવા માટે. આહાહા..! જુઓ આપણે પાંચ લાખ ખર્ચ્યા છે. પોતે બીજા ન કરે બીજાને ઉભા કરે. એના પ્રમાણમાં કાંઈક કરવું જોઈએને તમારે? અપાસરામાં બે લાખ ખર્ચ્યા જુઓ. નાખો ભાઈ તકતી એના નામની. એણે મહેનત કરી તસ્દીની. એની તકતી લગાડો. એમાં એનું શું થયું? આહાહા..!

આત્મામાં અનુભવની કોતરણી ન કરી જેણે, એણે લક્ષ્મી પોતાની અનંતગુણવાળી લક્ષ્મી છે, એની એને સંપદાની પ્રતીત ન કરી એને વાપરતા આવડ્યું નથી. આહાહા..! અનંત ગુણનો ધણી જેને એકાગ્ર થઈને વાપરતા આવડે એને... પોતાની લક્ષ્મીને વાપરતા આવડે અનુભવમાં. સમજાણું કાંઈ? આવી વાતું ભાઈ ભારે. લ્યો ભાવનગર આ બધા આવે છે તો રવિવારે ભાવનગરવાળા. આવી વાતું ઝીણી આવે. ચીમનભાઈ! માર્ગ બાપા આવો છે હોં. બીજા કોઈ છેતરશે. અવળો-હલકો કરીને બતાવશે, છેતરાઈ જશે, ભાઈ! જિંદગી ચાલી જશે. આહાહા..!

ઓલું આંધળાનું નહોતું કહ્યું? અમારે દાખલો આપતા હીરાજી મહારાજ. ભરૂચથી ઓલી કોર જાવું હોય નર્મદાને ઓળંગીને, કોઈ જાત્રાનું કાંઈક હશે, કે આ છોકરો અને એની મા બે જણા. એનો

બાપ મરી ગયેલો, છોકરો આંધળો. પછી વહાણ પડેલા ફૂટલા. કાગળ ચોડીને કર્યા સારા. અને પાંચ રૂપિયા આ કાંઠેથી ઓલે કાંઠે લઈ જવાના પાંચ રૂપિયા લેતા બીજા સારા. આ કહે કે બે રૂપિયા. બેઠા. અને એ જ્યાં ઓલા વહાણ કાગળ ચોડીને કાણાને સરખા કર્યા હતા. એટલે પાણી આવવા માંડ્યા જ્યાં આગળ, ભાઈ! તમે જાણતા નથી. એ પાંચ અને અમે બે. એમાં કાંઈક દગો છે એની ખબર તમને નથી. હું તો આંધળો જુઓ. આ ચશ્મા કાઢી નાખ્યા. હું તો આંધળો છું, તમે પણ આંધળા? કે પાંચ રૂપિયા આ કાંઠેથી ઓલા કાંઠાને લે છે અને હું બે લઉં છું. એમ આ સોંઘુ બતાવે છે માણસો બીજાને. દયા પાળો, ભક્તિ કરો, દાન કરો, વ્રત કરો, અપવાસ કરો, તમને કલ્યાણ થશે, એ બધા આંધળાના વહાણમાં બેઠા છે. એય.. કપુરભાઈ! આહાહા..!

'**(એવી રીતે) ભાવવું કે ફરીથી સ્વપ્નામાં પણ...**' આહાહા..! દેહની ઉપલબ્ધિ થાય તો પણ. એટલે દેહ મળે ભલે એમ કહે છે. શરીર બીજું મળે એક-બે, '**તોપણ તેમાં (દેહમાં) આત્માનું જોડાણ થાય નહિ અર્થાત્ દેહને આત્મસ્વરૂપે માનવામાં આવે નહિ.**' એવું દઢત્તર આત્માના અંદરમાં સ્વભાવનું ભાન કરીને દઢ થાય તો સ્વપ્ને પણ દેહ ફરીને મળે તો એ મારું છે એમ સ્વપ્નામાં પણ થાય નહિ. એને ભેદજ્ઞાન કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ ૧૩, સોમવાર તા. ૨૧-૦૭-૧૯૭૫
## શ્લોક - ૮૨-૮૩,
## પ્રવચન - ૯૬

સમાધિતંત્ર. ૮૨ ગાથાનો ભાવાર્થ. '**શરીરથી આત્માને ભિન્ન જાણી...**' આત્માના અવયવો-અવયવોથી પણ ભગવાન આત્માને જુદો જાણે. આ બધા અવયવો છે એ પણ શરીર છે ને? કાન, નાક, આંખ. એ બધા શરીરથી ધ્રુવ સ્વભાવનું લક્ષ કરીને, નિત્યાનંદના ધ્યાનમાં આવીને, જે શરીરથી ભિન્ન આત્માને જાણે છે. '**આત્માને આત્મારૂપે જ જાણી,...**' જ્ઞાયકભાવ ચૈતન્યભાવ એવો જે સ્વભાવ એને શરીરથી ભિન્ન જાણી, એ '**શરીરરૂપે નહિ જાણી,...**' આત્માને આત્મારૂપે જાણી અને શરીરરૂપે નહિ જાણી. આહાહા..!

એને ધ્રુવનું અંદર બહુમાન આવવું જોઈએ. પર્યાય કરતા, પર્યાયમાં એકત્વબુદ્ધિ છે. શરીરમાં એકત્વબુદ્ધિ એ તો એકકોર રાખો. પણ એક સમયની પર્યાયમાં પણ જેની

એકત્વબુદ્ધિ છે એ શરીરથી ભિન્ન નહિ જાણી શકે. એથી વસ્તુ જે છે એમાં દૃષ્ટિને પ્રસારી, શરીરથી આત્માને ભિન્ન જાણી અને આત્માથી શરીરને ભિન્ન જાણી. આહાહા..! આવો ગુણ છે. '**તેની એવી દઢ ભાવના કરવી...**' પોતાનું જે અસ્તિત્વ છે, એ શરીરથી તો એની હયા-તી ભિન્ન છે. શરીરની હયાતી, શરીરને કારણે છે. આત્માની હયાતીને કારણે શરીરની હયાતી નથી. આહાહા..! મૂળ ઉપર ઘા આવ્યા વિના ભિન્ન પડી શકે એવું નથી. એમ કહે છે. આ કઠણ પડે ને માણસને. પણ કઠણ પડે એ અભ્યાસ નથી એને.

મુમુક્ષુ :- અણ અભ્યાસે કઠણ લાગે.

ઉત્તર :- અભ્યાસે કઠણ ન પડે. આહાહા..!

જ્ઞાયકભાવ ચૈતન્યસ્વરૂપ એ અતીન્દ્રિય આનંદનું દળ છે. પ્રદેશે-પ્રદેશે અનંત આનંદ પડ્યો છે એમાં. આહાહા..! જેને આનંદની પીપાસા છે તે જ્યાં આનંદ છે ત્યાં તેને ગોતે. આહાહા..! એ ઢુંઢતા શરીરથી ભિન્ન આત્માને જાણે અને આત્માથી ભિન્ન શરીરને જાણે. આહાહા..! બહુ માર્ગ આવો બાપુ! નહીંતર વર્તમાન માણસને તો ક્રિયાકાંડમાં એવા દોરાઈ ગયા. આહાહા..! એને આ સાંભળવું પણ કઠણ પડે એવું છે. વસ્તુ એવી ઝીણી છે, તત્ત્વ છે ને.

કહે છે કે '**સ્વપ્નમાં પણ ફરીથી દેહને આત્મા માનવાનો અધ્યવસાય થાય નહિ.**' આહાહા..! જેણે ભગવાન આત્માને શરીરથી ભિન્ન જાણ્યો, તો મારા જ્ઞાયકભાવના અસ્તિત્વમાં શરીરપણાની નાસ્તિ છે. અભાવ આવ્યો હતો ને. શરીરનો તો એમાં અભાવ છે. ભાવવાનને અનુભવતા શરીરનો અભાવ એમાં અનુભવમાં આવી જાય છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! આહાહા..! વસ્તુસ્થિતિ જ એવી છે ત્યાં. ભલે એક ક્ષેત્રે આ બધું દેખાય. પણ રજકણે રજકણની અવસ્થા ભગવાન આત્માથી ભિન્ન છે. આહાહા..! એવું જાણીને '**સ્વપ્નમાં પણ ફરીથી...**' દેહ તે હું અને દેહ તે મારો એમ ન આવે અધ્યવસાય, એવી દઢ શ્રદ્ધા અને દઢ અનુભવ કરવો એમ કહે છે. આહાહા..!

**વિશેષ :** એ સમયસારનું જરી નાખે છે. '**સ્વ-પરને ભિન્ન જાણવાનું ચિહ્ન...**' આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે અને શરીર એ જડ અને અજીવ છે એવા ભિન્ન જાણવાનું લક્ષણ, એંધાણ, ચિહ્ન શું? '**જ્ઞાન-વૈરાગ્ય શક્તિ છે.**' આહાહા..! સ્વરૂપના અસ્તિત્વનું જ્ઞાન અને રાગથી અભાવસ્વભાવરૂપનું ભાન એ વૈરાગ્ય. '**ભેદ-વિજ્ઞાનની ભાવનાથી એ વૈરાગ્યભાવ એટલે રાગથી વિરૂદ્ધભાવ...**' આહાહા..! આત્મા રાગથી ભિન્ન ભાસતા રાગ તદ્દન આત્માથી ભિન્ન છે એવું અંદરમાં ભાન થાય છે. આહાહા..! એવો વૈરાગ્ય કરવો કે ભેદવિજ્ઞાનની ભાવનાથી વૈરાગ્યભાવ એટલો થાય કે રાગથી વિરૂદ્ધભાવ (એટલે) પરપદાર્થમાં ઉપેક્ષાભાવ (થાય). આહાહા..!

'**જો શ્રદ્ધા અને જ્ઞાનમાં પણ ન હોય...**' પરપદાર્થની ઉપેક્ષા એવા શ્રદ્ધા અને જ્ઞાનમાં ન હોય અને શરીરાદિ અને વાણી આદિ પર તે હું. એની અપેક્ષાથી હું છું, એવી જેને ભાવના છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! રાગથી વિરૂદ્ધ ભાવ પરપદાર્થોમાં ઉપેક્ષા ભાવ જો શ્રદ્ધા અને જ્ઞાનમાં પણ ન હોય '**તો તે ભાવના કાર્યકારી નથી.**' ભાવના તો સ્વભાવ પૂર્ણ છે તેમાં એકાગ્ર થતાં

પરપદાર્થની ઉપેક્ષા એમાં આવી જાય છે. આહાહા..!

ઈન્દ્રના ઈન્દ્રાસન, ઈન્દ્રપદ હોય, ચક્રવર્તીના ચક્રવર્તીપદ હોય, તોપણ સ્વભાવનું ભાન-જ્ઞાન થતાં અને પરથી રાગથી એકત્વ છૂટતાં એને પરની ઉપેક્ષા થઈ જાય છે. છ ખંડના રાજમાં ચક્રવર્તીનું રાજ... સમ્યગ્દૃષ્ટિને અંતરના સ્વરૂપનું અસ્તિનું જ્ઞાન છે અને રાગના અભાવનું ત્યાં નાસ્તિપણાનો વૈરાગ્ય છે. આહાહા..! રાગ મારામાં નથી તો પછી આ ચક્રવર્તી પદ ક્યાંથી આવ્યા મારામાં? આહાહા..! એવી વાત છે ભાઈ! મુદ્દાની રકમની દૃષ્ટિ અને પરથી વૈરાગ્ય એ મૂળ ચીજ છે.

પરમાં ઉલ્લસિત વીર્ય થઈને ઉલ્લાસતા આવે એને ચૈતન્યના સ્વભાવનું પરથી ભાન નથી. સમજાણું કાંઈ? એક ફેરી એવો વિચાર આવ્યો કે ભગવાનના શરીરને હજાર આંખે જોતા ઈન્દ્ર.

મુમુક્ષુ :- ભગવાનના શરીરને હજાર આંખે જોવે.

ઉત્તર :- એ તો એક વિકલ્પ કાળ હોય ત્યારે એને. બાકી અંદરની જ્ઞાનનેત્રથી અનંત ચક્ષુ ખોલીને આત્માને જોવે અંદર. આહાહા..! ઓલું તો ભગવાનનું શરીર એટલું સુંદર ને એટલી નમણાઈ અને એટલી એક શરીરના એકે એક અવયવો શાંતરસના પરિણમનવાળા એમાં એ જાતના. એવા જ પરમાણું ત્યાં આવ્યા છે. એને જોવાને ઈન્દ્ર હજાર આંખ કરે છે. એનું રૂપ એ વિકલ્પનો કાળ કેવો! આહાહા..!

અહીં કહે છે કે અનંત ગુણનો પિંડ એનું રૂપ જોવા આત્માનું નેત્રને ઘણાં ખીલવટ કરી અને એણે આત્માને અંદર જોવો, એને જાણવો. આહાહા..! જેથી એને જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ બે સાથે પ્રગટે. આ માણસ કહે છે આવું પણ ભાઈ! અમારે આ સંસારમાં રહેવું, બાયડી-છોકરામાં રહેવું, હવે આવા ધંધા કરવા, હવે આવી તમે વાત કરો. આહાહા..! ભાઈ! તું બહારનું કરી ક્યાં શકે છો? તારા ભાવમાં એનું અસ્તિત્વ ક્યાં છે? એથી ત્યાં રોકાઈને શું તેં કર્યું તેં? તારી દૃષ્ટિ ત્યાં રોકી. કર્યું તો કાંઈ નથી પરનું. આહાહા..! એ દૃષ્ટિને રાગથી પણ છોડી અને દૃષ્ટિનો વિષય જે પરમાત્મસ્વરૂપ ભગવાન પોતે એમાં દૃષ્ટિને પ્રસારી અને જ્ઞાન થયું ત્યારે, અહીં પ્રસારી જ્ઞાન થયું તો રાગના અભાવ-સ્વભાવરૂપ વૈરાગ્ય થયો. આહાહા..! એનું નામ વૈરાગ્ય.

દૃષ્ટિના વિષયને પૂર્ણ તરીકે પ્રતીતમાં, અનુભવમાં લીધું એને પર તરફનો વૈરાગ્ય થયો એને વૈરાગ્ય કહેવામાં આવે છે. આહાહા..! શુભ-અશુભભાવ. છે ને? '**રાગથી વિરૂદ્ધભાવ-પર પદાર્થોમાં ઉપેક્ષા ભાવ જો શ્રદ્ધા અને જ્ઞાનમાં પણ ન હોય તો તે ભાવના કાર્યકારી નથી.**' એ સ્વરૂપની ભાવના જ નથી એમ કહે છે. આહાહા..!

હવે આ શું કહે છે? શ્લોક છે ને? કળશ-૧૩૬ સમયસાર. '**સમ્યગ્દૃષ્ટિને...**' વસ્તુ પૂર્ણ આનંદનો નાથ જેને પકડાઈ ગયો અંદરમાં, એટલે કે એને પક્કડ થઈ, અનુભવ થયો, ગ્રહણ કર્યો, એ જેવી જેટલી જે પ્રકારે સ્વભાવના માહાત્મ્યવાળી ચીજ છે એ જ રીતે એની દૃષ્ટિમાં આવી ગઈ ચીજ, એ સમ્યગ્દૃષ્ટિ એટલે સાચી દૃષ્ટિવાળો '**નિયમથી જ્ઞાન અને વૈરાગ્યશક્તિ હોય છે;...**' આહાહા..! સ્વરૂપનું જ્ઞાન અને રાગથી અભાવરૂપ વૈરાગ્ય. આહાહા..!

ઓલામાં તો નાખ્યું છે નહિ. રાગની મૈત્રી. જયસેનાચાર્યે નાખ્યું છે. એ તો નિમિત્ત તરીકે એવો રાગ હોય એમ કહ્યું. એના અર્થમાં તો પછી ભાઈએ કળશમાંથી એ કાઢી નાખ્યું. પૂર્ણ શુદ્ધ છે તેનો અનુભવ, પ્રતીત તે જ્ઞાન. અને અશુદ્ધતાનો અભાવરૂપ પરિણમન તે વૈરાગ્ય. આહાહા..! આવી વ્યાખ્યા છે, ભાઈ! એણે અનંતકાળ ગાળ્યો, ઉંધી શ્રદ્ધા. બહુ તો આ જાણપણાના ભાવ થાય શાસ્ત્રમાં અને એમાં એ સંતોષાઈ જાય, અટકી ગયો ત્યાં. સંતોષ કે અમને કાંઈક જાણવું છે. ધારણા થઈ છે. આહાહા..! એ પર્યાયની એકત્વબુદ્ધિમાં રોકાઈ ગયો છે.

ક્ષયોપશમજ્ઞાનના અંશની પણ જેને અધિકતા લાગે એને પૂર્ણાનંદના નાથની ક્ષયોપશમથી અધિકતા એને ન લાગે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો! એય..! ગોપાણી! ક્યાં આમાં પાળિયાદમાં કાંઈ હતું નહિ આવું. આ વળી ભાગ્યશાળીને. પાળીયાદ તો પાકું. વિશાશ્રીમાળી. એમના દાદા હતા, શેઠ હતા. સ્થાનકવાસીના શેઠ. પાળિયાદમાં. બિચારા ખાનદાન માણસ હોં. પણ આ વાત નહોતી ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- આ વાત હોય એને સંપ્રદાયમાં રહેવા દે નહિ.

ઉત્તર :- રહેવાદે નહિ. એમના બાપના બાપ બહુ ખાનદાન ભાઈ છે. સ્થિતિ સાધારણ પણ શેઠિયા એને શેઠ ઠરે. સ્થાનકવાસીના અગ્રેસર. પણ આ ચીજ નહોતી ત્યાં. હીરાજી મહારાજ પોતે એને સાંભળેલી નહિ જ્યાં. એ તો આ ક્રિયા કરીએ— દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા. ભક્તિ-પૂજા તો ક્યાં હતી? અને દયા, વ્રત, તપ, અપવાસ બસ એ ધર્મ. આહાહા..! અરેરે..! ભગવાન આત્મા પૂર્ણ શક્તિનો પર્યાપ્તથી ભરેલો. આ છ પર્યાપ્તિ બીજી ચીજ છે. આ તો પરિપૂર્ણ પર્યાપ્ત... અનંતગુણથી પરિપૂર્ણ પર્યાપ્ત વસ્તુ અંદર છે. આહાહા..! છ પર્યાપ્તિ બાંધી ન હોય ત્યાં સુધી અપર્યાપ્તો કહેવાય અને છ પૂરી બાંધે ત્યારે પર્યાપ્ત. એ તો જડની અપર્યાપ્ત અને પર્યાપ્ત. આહાહા..!

પણ ભગવાન આત્મા પૂર્ણ એક-એક પ્રદેશે અનંત આનંદનો ખાણ, ખાણ છે એ. એવા અસંખ્ય પ્રદેશથી વ્યાપક, અતીન્દ્રિય આનંદના રસથી પરિપૂર્ણ ભરેલો પ્રભુ, એની દૃષ્ટિમાં એ ન આવે જ્યાં સુધી, ત્યાં સુધી એનું જ્ઞાન સાચું ન થાય અને તેને રાગથી અભાવરૂપ વૈરાગ્ય પણ હોઈ શકે નહિ. આહાહા..! છ ખંડના રાજમાં રહ્યો છતાં એ વૈરાગી હોય. નિહાલભાઈએ તો કહ્યું છે ને, ચક્રવર્તી છ ખંડ સાધે (નહિ). એય.. રતિભાઈ! પછી? અખંડને સાધે. યાદ છે. એ છ ખંડને નથી સાધતા. આહાહા..! અખંડને સાધે છે. આહાહા..!

જેની દૃષ્ટિમાં પરમાત્મા અખંડ સ્વરૂપ જ્યાં અંદર અનુભવાઈ ગયું. આહાહા..! એ તો અખંડને સાધે છે. એવા ભલે પ્રસંગ હોય બહાર લડાઈ આદિમાં. પણ ત્યાં તો અખંડ ઉપર જ જેનું સાધકપણું થયું છે. આહાહા..!

‘**કારણ કે તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ...**’ જુઓ આ. સ્વરૂપનું ગ્રહણ તે જ્ઞાન, પરનો ત્યાગ તે વૈરાગ્ય. આહાહા..! રાગનો ત્યાગ તે વૈરાગ્ય હોં. આ બહારનો ત્યાગ નહિ. આહાહા..! ‘**સ્વરૂપનું ગ્રહણ...**’ એટલે પકડવું. ‘**અને પરનો ત્યાગ કરવાની વિધિ**

વડે...' રાગના અભાવ-સ્વભાવરૂપ વિધિ વડે. આહાહા..! **'પોતાના વસ્તુત્વનો...'** પોતાનો વસ્તુત્વ. વસ્તુના સ્વરૂપનો. વસ્તુ છે ને? એનું વસ્તુપણું. એમ. આનંદપણું, જ્ઞાનપણું, શાંતિપણું, વીતરાગતાપણું, સ્વચ્છ, સ્વતંત્રપણું આદિ અનંતગુણોનું સ્વરૂપ **'અભ્યાસ કરવા માટે...'** આ એનો અભ્યાસ. શાસ્ત્રનો અભ્યાસ એ નહિ. આહાહા..!

**'આ સ્વ છે અને આ પર છે...'** એવું અંદર ભાસન થવું, ભાવનું ભાસન થવું. સ્વ ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ, એવા ભાવનું જ્ઞાન થવું, જ્ઞાનની પર્યાયમાં આ પૂર્ણ આનંદ છે, પૂર્ણ સ્વરૂપ છે તેનું જ્ઞાન થવું. એ પર્યાયમાં દ્રવ્ય આવે નહિ. પણ પર્યાયમાં દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે, તેનું જ્ઞાન આવે. સમજાણું કાંઈ? અને એ **'આ સ્વ છે અને આ પર છે એવો ભેદ પરમાર્થે જાણીને...'** રાગાદિનો વિકલ્પ પણ પર છે, ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ રાગ તે તદ્દન ભિન્ન ચીજ છે. રાગ તે અજીવ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો વિકલ્પ છે તે અજીવ છે. અજીવ આવે છે ને? પહેલા જીવ-અજીવ અધિકારમાં. એમ જ આવે ને પણ. એ જીવ નહિ.

જીવ તો અનંત આનંદ અને અનંત ગુણનો પિંડ પ્રભુ, શુદ્ધ સ્વભાવથી ભરેલો એનો આશ્રય લઈને જે શુદ્ધ ઉપયોગ થાય તે પર્યાયમાં તે દ્રવ્યનું જ્ઞાન આવે. અને તે પર્યાય રાગથી વિરક્તપણે પરિણમે. આહા..! ગમે તે પ્રસંગમાં શ્રદ્ધા અને જ્ઞાન થયા, એ શ્રદ્ધા અને જ્ઞાનનું કાર્ય તો થયા કરે કે નહિ? ભલે રાગ હોય, લડાઈ હોય, વિષય વાસનાનો વિકલ્પ હોય, પણ એ વખતે શ્રદ્ધા જ્ઞાનનું કાર્ય-પરિણમન છે કે નહિ? આહાહા..! એ વખતે પણ હું તો પૂર્ણાનંદ છું એવી શ્રદ્ધા અને આ રાગપણે નથી એવી શ્રદ્ધા અને એવું જ્ઞાન. આહાહા..! શ્રદ્ધા અને જ્ઞાનનું કાર્ય, શ્રદ્ધા અને જ્ઞાનપણે પરિણમવું, એ પરિણમન કાર્ય તો સદા નિરંતર હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ એની વસ્તુની સ્થિતિ આ છે. આહાહા..!

સ્વ આ છે. આહાહા..! આ તો જેને સ્વનું હિત કરવું હોય એની વાત છે. આહાહા..! જેને આ વાતું કરવી હોય અને જગતમાં દેખાવ કરવો હોય એને માટે તો આ વાત છે નહિ. આહાહા..! આવું છે આ. દાખલો નહોતો આપ્યો ભાઈએ? નિહાલભાઈએ આપ્યો હતો. એ જંગલમાં કે બાગમાં ફૂલ હોય, એને સૂંઘે કોક તો એની કિંમત થાય? તો સુગંધપણે રહે અને સૂંઘે નહિ તો સુગંધપણે ન રહે? એ તો સુગંધ સ્વરૂપે જ છે. આહાહા..! એમ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન અને રાગના અભાવ-સ્વભાવનો વૈરાગ્ય, એને કોઈ જાણે કે આ આવો છે તો જ એ ત્યાં રહે વસ્તુ? અને કોઈ એને ન જાણે તો તેથી વસ્તુ વઈ જાય ત્યાંથી? આહાહા..!

અહીં તો કહે છે કે **'આ સ્વ છે અને આ પર છે એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે...'** ભલે રાગ હોય, પણ એ રાગથી અભાવ-સ્વભાવરૂપમાં જ હોય છે. રાગના ભાવમાં એ હોતો નથી. આહાહા..! આવો ધર્મ અને આ રીત છે. માણસને સાંભળતા એવું લાગે નવાને તો આ શું નવી જાતનો ધર્મ કાઢ્યો આ? વીતરાગનો માર્ગ જ આ છે. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ એણે આ માર્ગને જાણ્યો અને એવો અનુભવીને પૂર્ણ કર્યો ત્યારે આ વાણી આવી. આહાહા..! તીર્થંકર છદ્મસ્થ

હોય ત્યાં સુધી ઉપદેશ ન આપે. કોઈ સાધારણ ભાષા કહે, ઉપદેશ તો કેવળજ્ઞાન થાય ત્યારે આપે. ત્યારે ઉપદેશનો વિકલ્પ અને ઉપદેશ.. વિકલ્પ તો તૂટી ગયો છે, પણ ઉપદેશની વાણીનો યોગ ત્યારે એને હોય છે.

કહે છે કે '**પરથી રાગના યોગથી-સર્વ પ્રકારે વિરમે છે.**' આહાહા..! પરમાર્થે સ્વ અને આ પર એવો ભેદ પરમાર્થે જાણી... પરમાર્થે જાણી. આહાહા..! સ્વમાં રહે છે અને પરથી રાગના યોગથી સંબંધથી સર્વ પ્રકારે વિરમે છે. આહાહા..! સ્વભાવને અને રાગને સંબંધ જ નથી. આહાહા..! એવો જે વૈરાગ્યરૂપે પરિણમવું એનું નામ પરથી ઉદાસીન અને પોતામાં ઠરે છે એ એનું નામ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભેદ-વિજ્ઞાનની દઢ ભાવનાથી...**' શરીર અને રાગથી ભિન્ન પાડવાની દઢ એકાગ્રતાથી. આહાહા..! ભાવના એટલે એકાગ્રતા હોં. વિકલ્પથી આમ ભાવવું, એમ નહિ. એ ભાવના નહિ. વસ્તુ જે છે મહાપ્રભુ, જેની કિંમત પર્યાયના એક સમયની આગળ મહાકિંમતી ચીજ છે એ. એક સમયની પર્યાયની કિંમત કરતા નિર્મળ પર્યાય, સિદ્ધની પર્યાય. આહાહા..! એથી પણ પ્રભુ મહા હીરો કિંમતીમાં કિંમતી એ ચીજ છે. જેની કિંમત આંકી શકાય નહિ. એવી બેહદ ચીજને પરથી ભિન્ન પાડીને, પોતાની દઢ ભાવના એટલે સ્વભાવમાં એકાગ્રતાથી, '**અંતરાત્મા શરીરાદિ પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષાભાવ સેવે છે.**' આહાહા..! એનું નામ સમાધિ. રાગથી ઉપેક્ષા અને પૂર્ણ સ્વરૂપની અપેક્ષા. આહાહા..!

પૂર્ણ ધ્રુવ સ્વરૂપ નિત્યાનંદની અપેક્ષા અને રાગની ઉપેક્ષા. એ જ્ઞાન અને વૈરાગ્ય. આહાહા..! આવી વાત છે, ભાઈ! લોકોને ઠીક પડે, ન પડે. પંડિતોને... વસ્તુ તો આ રીતે છે. એ ૮૨ થઈ.

૮૩. આત્મા સિવાયના બહાર ચીજો રાગાદિ કે પર એની કોઈપણ સ્વચ્છતા અને અનુકૂળતા કે માહાત્મ્ય એનું જેને આવે. ઓહો..! સુંદર શરીર, વાણી સુંદર. આંખ, પાંચ ઇન્દ્રિય નમણી, રૂપાળી. આહાહા..! એની જેને વિસ્મયતા, કુતુહલતા આવે, એને આત્માની ખબર નથી. સમજાણું કાંઈ? આવી વાત છે. આમાં શું કરવું અમારે? એમ કેટલાક કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરીએ એને તો તમે ધર્મ કહેતા નથી. હવે કરવાનું અમારે શું ત્યારે? આ કરવાનું નથી. ભાઈ! પૂર્ણસ્વરૂપને શ્રદ્ધામાં લેવું એ કાર્ય નથી? અને રાગના અભાવ-સ્વભાવરૂપે પરિણમન કરવું એ વૈરાગ્યનું કાર્ય નથી? આહાહા..! પણ એ કાર્યની સૂઝ પડતી નથી, અને બહારના કાર્યમાં સૂઝ પડીને કાંઈક અમે કરીએ છીએ. આહાહા..! એમ કરવું છે એમાં રાગાદિને કરીને માને છે. પોતે હણાઈ જાય છે એમાં એની એને ખબર નથી. આહાહા..!

यथा परमौदासीन्यावस्थायां स्वपरविकल्पस्त्याज्यस्तथा व्रतविकल्पोऽपि। यत :–

अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः।
अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत्।।८३।।
પુણ્ય વ્રતે, અઘ અવ્રતે, મોક્ષ ઉભયનો નાશ;
અવ્રત જેમ વ્રતો તણો, કરે શિવાર્થી ત્યાગ. ૮૩.

टीका :– अपुण्यमधर्मः अव्रतैर्हिंसादिविकल्पैः परिणतस्य भवति। पुण्यं धर्मो व्रतैः हिंसादिविरतिविकल्पैः परिणतस्य भवति। मोक्षः पुनस्तयोः पुण्यापुण्ययोर्व्ययो विनाशो मोक्षः। यथैव हि लोहश्रृङ्खला बंधहेतुस्तथा। सुवर्णश्रृङ्खलाऽपि। अतो यथोभयश्रृङ्खलाभावाद्व्यवहारे मुक्तिस्तथा परमार्थेऽपीति। ततस्तस्मात्मोक्षार्थी अव्रतानीव। इव शब्दो यथाऽर्थः यथाऽव्रतानि त्यजेत्तथा व्रतान्यपि।।८३।।

---

જેમ પરમ ઉદાસીન અવસ્થામાં સ્વ-પરનો વિકલ્પ ત્યાગવા યોગ્ય છે, તેમ વ્રતનો વિકલ્પ પણ (ત્યાગવા યોગ્ય છે) કારણ કે :–

શ્લોક – ૮૩

અન્વયાર્થ :– (अव्रतैः) હિંસાદિ પાંચ અવ્રતોથી (अपुण्यम्) અપુણ્ય થાય છે અને (व्रतैः) અહિંસાદિ વ્રતોથી (पुण्यम्) પુણ્ય થાય છે. (तयोः) બંનેનો-પુણ્ય અને પાપનો (व्ययः) નાશ તે (मोक्षः) મોક્ષ છે; (ततः) તેથી (मोक्षार्थी) મોક્ષના અભિલાષી પુરુષે (अव्रतानि इव) અવ્રતોની માફક (व्रतानि अपि) વ્રતોનો પણ (त्यजेत्) ત્યાગ કરવો.

ટીકા :– અવ્રતોથી એટલે હિંસાદિ વિકલ્પોથી પરિણત (જીવ)ને અપુણ્ય-અધર્મ થાય છે અને વ્રતોથી અર્થાત્ અહિંસાદિ વિકલ્પોથી પરિણત (જીવ)ને પુણ્ય-ધર્મ થાય છે. મોક્ષ તો, તે બંનેનો એટલે પુણ્ય અને અપુણ્યનો વ્યય એટલે વિનાશ તે મોક્ષ છે. જેમ લોઢાની સાંકળ (બેડી) બંધનું કારણ છે (એટલે તેનાથી બંધ થાય છે), તેમ સુવર્ણની સાંકળ (બેડી) પણ (બંધનું કારણ છે); માટે જેમ બેઉ સાંકળના અભાવે, વ્યવહારમાં મુક્તિ (છૂટકારો) છે, તેમ પરમાર્થમાં પણ (પુણ્ય-પાપના અભાવે મોક્ષ છે). તેથી મોક્ષના અર્થીએ અવ્રતોની જેમ (इव શબ્દ યથાના અર્થમાં છે) વ્રતોને પણ છોડવાં.

ભાવાર્થ :– મોક્ષમાર્ગમાં હિંસાદિ પાંચ અવ્રતભાવોની જેમ પાંચ અહિંસાદિ વ્રતભાવો પણ બાધક છે, કારણ કે અવ્રતભાવ તે અશુભ ભાવ છે, તે પાપબંધનું કારણ છે અને વ્રતભાવ તે શુભ ભાવ છે, તે પુણ્યબંધનું કારણ છે; બંને બંધના કારણ છે. પુણ્ય અને પાપ એ બંનેનો નાશ થાય ત્યારે જ મુક્તિ થાય છે. માટે મોક્ષાર્થીએ લોઢા અને સોનાની બેડીની જેમ અવ્રતભાવોનો તેમ જ વ્રતભાવોનો પણ ત્યાગ કરવો જોઈએ.૧

**પુણ્ય અને પાપ - બંને વિભાવ પરિણતિથી ઉપજ્યા હોવાથી બંને બંધરૂપ જ છે; બંને સંસારનું કારણ હોઈ એકરૂપ જ છે. માટે મોક્ષાર્થીએ તો એ બંનેનો ત્યાગ કરી શુદ્ધોપયોગની નિરંતર ભાવના ભાવી આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો યોગ્ય છે. ૮૩.**

## શ્લોક-૮૩ ઉપર પ્રવચન

અહીં તો હવે વિશેષ કહે છે. '**જેમ પરમ ઉદાસીન અવસ્થામાં સ્વ-પરનો વિકલ્પ ત્યાગવા યોગ્ય છે,...**' આત્માના આનંદમાં લીન થતાં એને રાગના અભાવરૂપી અવસ્થા થઈ જાય છે, એટલે ત્યાં વિકલ્પનો ત્યાગ થઈ જાય છે. '**તેમ વ્રતનો વિકલ્પ પણ (ત્યાગવા યોગ્ય છે)...**' આહાહા..! કહો, આ વ્રત-વ્રત. બાર વ્રત અને સમકિત થયા પછીની વાત છે.

આત્મા પૂર્ણ આનંદનો નાથ એનો અનુભવ થયો? સમ્યક્ નામ સત્યતા એવી પ્રતીતમાં સત્યનું સ્વરૂપ છે તેવું પ્રતીતમાં આવ્યું, એને હવે કહે છે કે આગળ વધતાં, જ્યારે વ્રતનો વિકલ્પ આવે, પાંચમે હોય, છઠ્ઠે હાય વ્રતનો વિકલ્પ, એ પણ ત્યાગવા યોગ્ય છે. વ્રતનો વિકલ્પ પણ આદરવા જેવો નથી. આહાહા..! '**કારણ કે :-**'

**अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः।**
**अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत्॥८३॥**
**પુણ્ય વ્રતે, અઘ અવ્રતે, મોક્ષ ઉભયનો નાશ;**
**અવ્રત જેમ વ્રતો તણો, કરે શિવાર્થી ત્યાગ. ૮૩.**

'**ટીકા :- અવ્રતોથી એટલે હિંસાદિ...**' જૂઠું, ચોરી, વિષય, ભોગ અને પરિગ્રહની માન્યતા. એવા '**વિકલ્પોથી પરિણત (જીવ)ને અપુણ્ય-અધર્મ થાય છે...**' અપુણ્ય એટલે અધર્મ. હિંસા, જૂઠું, ચોરી, વિષયની વાસના અને પરિગ્રહના ત્યાગની વૃત્તિ શુદ્ધ, ત્યાગનો અભાવ એ વિકલ્પ પરિણત જીવને અધર્મ થાય છે. આહાહા..! અવ્રતમાં આ પરિગ્રહ મારો આદિ જે ભાવ, એ બધો અધર્મ-અપુણ્ય છે. અપુણ્ય એટલે અધર્મ. પુણ્યને અહીંયાં ધર્મ કરીકે ગણીને વ્યવહારે એને અધર્મ કીધો છે.

'**અને વ્રતોથી અર્થાત્ અહિંસાદિ...**' સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આહાહા..! અત્યારે આ બહુ વાતું કરે છે ને? ભગવાનનો માર્ગ અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત. ત્રણ ઉપર

૧. જુઓ - શ્રી સમયસાર - ગાથા ૧૪૫ થી ૧૫૦.

વાતું ચારેકોર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અર્થ જાણે કલ્પનાથી કરે. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત. અહિંસાની વ્યાખ્યા કરી કે પરજીવને ન મારવો, અપરિગ્રહ-પરિગ્રહનો સંગ્રહ ન કરવો જેથી પરિગ્રહ બીજાને મળે. આહાહા..! અનેકાંત. આમેય હોય ને આમેય હોય. આહાહા..! એટલી બધી વાતું અત્યારે પુસ્તક છપાણા છે. એ બિચારા સુખસાગર છે સાધુ. આચાર્યના સંઘમાં રહેતા પહેલા, નહિ? ધર્મસાગરમાં રહેતા. એના ગુરુ હતા વીરસાગર, શિવસાગર. એમાં રહેતા. પછી જુદા પડી ગયા. એણે લખ્યું એક ઠેકાણે. અત્યારના પુસ્તકો એવા બહાર પડે છે કે બધું કથન વિરોધ આવે છે. આહાહા..! જે હોય તે પુસ્તક બહાર પાડીને પોતાનું નામ આગળ પડવા, અમે આમ કર્યું છે... અમે આમ કર્યું છે... અને અમે આમ કર્યુ છે. એના પૈસા.. આજે મોટું આવ્યું છે એક ઠેકાણે. ક્યાંથી કીધું એ? આબુ-આબુ. આબુ છે ને આબુ? ત્યાંથી એક આવ્યું છે. મોટો કાગળ.

અહીંયાં અમે એક માનસ્તંભ કરીએ છીએ, અહીંયાં એક શિક્ષણ (સંસ્થા) કાઢીએ છીએ અને ગરીબોને કેમ મદદ કરવી એ બધું મોટું ફંડ કરીએ છીએ. ૨૦ હજારનું થયું છે અને બધા પાસે અમે પૈસાની માગણી કરી એમ પૈસાની. એવું માને કે આ બધું ૨૫૦૦ વર્ષ મેં ઉજવ્યા એનો આ ધર્મ. અરે..! આહાહા..!

અહીં તો મહાવીર ભગવાનનો આવે છે ને આ ઉદય શું? એકમ. દિવ્યધ્વનિનો દિવસ. એકમે દિવ્યધ્વનિનો દિવસ. ગુરુવાર-ગુરુવાર. મંગળ અને બુધ બે દિ' પછી અષ્ટાન્હિકા. તો દિવ્યધ્વનિમાં તો આ કહ્યું દિવ્યધ્વનિમાં તો કહે છે. કે જેમ અવ્રત પાપ છે એટલે અધર્મ છે, એમ વ્રતનો વિકલ્પ પણ પુણ્ય છે, એ છોડવા જેવો છે. નિશ્ચય વ્રત જે સ્વરૂપમાં રમણતાની સ્થિરતા એ જુદી વસ્તુ છે. પણ આ જે વિકલ્પ ઉઠે છે, હું વ્રત પાળું, અવ્રત છોડું ને આ કરું, એ બધો રાગનો ભાગ છે. આહાહા..! સમકિતીને જે વ્રતનો વિકલ્પ ઉઠે એની વાત છે. મિથ્યાદૃષ્ટિને તો હોય જ નહિ એ. સમ્યગ્દર્શન અને શ્રદ્ધા જ્ઞાનના પરિણમન કાળમાં પણ આગળ વધેલો છે એને આવો વિકલ્પ આવે, પણ એ વ્રતનો વિકલ્પ પણ છોડવા જેવો છે. આ લોકો તો એમ જ માને. એ વ્રતનો વિકલ્પ છે એ જ સંવર છે. આહાહા..! દીક્ષા લીધી, વ્રત છે હવે, બાયડી-છોકરા છોડ્યા, કુટુંબ છોડ્યું, દુકાનનો ધંધો છોડ્યો, અને બાયું હોય તો રાંધવું છોડ્યું.

મુમુક્ષુ :- છ કાયનો કૂટોથી બચ્યા.

ઉત્તર :- છ કાયના કૂટોથી બચ્યા. ધૂળેય બચ્યો નથી સાંભળને. તારો કૂટો શું થાય છે એની તને ખબર નથી. ઓહો..! એકલો જ્ઞાયકસ્વભાવથી ભરેલો, આનંદના સ્વભાવથી છલોછલ પૂર્ણ ભરેલો પ્રભુ, એને જ્યાં આનંદને ગોતવા પરમાં જાય છે એ મોટી હિંસા છે. જીવનું જીવન આવું છે એનો એણે નકાર કર્યો, આ તો પરમાં સુખબુદ્ધિ છે. એના વખાણ થાય ત્યાં રાજી થાય. નિંદા થાય તો અરાજી થાય. આહાહા..! એ બધી આત્માની હિંસા છે.

અહીં તો કહે છે કે એવું ભાન થયું એને પંચમ ગુણસ્થાનમાં જતાં શાંતિ, સ્થિરતા વધી, એને જે વ્રતનો વિકલ્પ આવે અને એથી આગળ જતાં મુનિને શાંતિ, સ્થિરતા વધી અંદર, એવા કાળે એને પંચ મહાવ્રતનો વિકલ્પ આવે. લ્યો. ઓલા દ્રવ્યલિંગ અને ભાવલિંગ ગ્રહણ કરવું એમ આવે. ચરણાનુયોગમાં. પ્રવચનસારમાં આવે છે. અમને દ્રવ્યલિંગ, ભાવલિંગ આપો પ્રભુ. અને એ આપે છે એમ કહે. એ તો બધી વ્યવહારની વાતું છે. ચરણાનુયોગની વાતું. એ વ્યવહાર કહેવાય છે. એને વિનય છે પ્રભુનો પછી ગુરુએ આપ્યું. શું આપ્યું એને?

એને એમ કહે તું તારા સ્વરૂપમાં સ્થિર થા, અનુભવની દૃષ્ટિ તો છે, એને માટે નહિ, મુનિપણાની વાત છે ને. એમાં સ્થિર થા, એ તારું ચારિત્ર છે અને એ તારા નિશ્ચય વ્રત છે. આવો જે વ્યવહારનો વ્રત દ્રવ્યલિંગ તરીકે આવે, એને ગ્રહણ કરજે એમ કહે. પરમાર્થે કે દૃષ્ટિમાંથી શ્રદ્ધા અને જ્ઞાનનું જે કાર્ય છે, એ તો રાગને છોડવાનું કાર્ય છે. એમ કહે. આહાહા..! બહુ વાતું ફેર. અરે.. જીંદગીયું જાય જગતની. આહાહા..! સત્યના પંથે આવે નહિ અને સત્યના પંથે આવ્યા વિના સત્યનું પૂર્ણ ફળ એને મળે નહિ. પૂર્ણ ફળ એટલે મોક્ષ. આહાહા..!

‘**અવ્રતોથી એટલે હિંસાદિ...**’ જૂઠું, આદિ વિકલ્પથી હોં. ‘**પરિણત (જીવ)ને અપુણ્ય–અધર્મ થાય છે અને વ્રતોથી અર્થાત્ અહિંસાદિ,...**’ સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એવો પંચ મહાવ્રત અને બાર વ્રતના વિકલ્પ ‘**(જીવ)ને પુણ્ય – ધર્મ થાય છે.**’ વ્યવહાર ધર્મ. ઓલું નિશ્ચય સ્વભાવનું ભાન થયું છે ને? એવો ધર્મ વીતરાગી દશા, વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન, વીતરાગી અંશે સ્થિરતા આવી છે એને જે આ વ્યવહાર રાગ આવે એને વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે.

‘**મોક્ષ તો, તે બંનેનો એટલે પુણ્ય અને અપુણ્યનો...**’ વ્રતનો વિકલ્પ અને અવ્રતનો વિકલ્પ. ‘**વ્યય એટલે વિનાશ તે મોક્ષ છે.**’ લ્યો એ આવ્યું. ‘**व्रतैर्मोक्षस्तयोर्व्ययः**’ એને વ્યય? ‘**તો તે બંનેનો એટલે પુણ્ય અને અપુણ્યનો વ્યય એટલે વિનાશ તે મોક્ષ છે.**’ આહાહા..! વ્રતને તો શાસ્ત્રમાં આસ્રવમાં નાખ્યા છે. છઠ્ઠા અધિકાર તત્ત્વાર્થસૂત્રમાં. હવે એને પાછું છે તો એ તત્ત્વાર્થસૂત્ર દિંગબરનું કરેલું. એ શ્વેતાંબરનું કરેલું નથી. છતાં એને લઈને પાછું, એમાં જ અધિકાર ચોથો છે કે વ્રત એ આસ્રવનો અધિકાર છે. હવે એને પાછા સંવર બનાવ્યા. અને ઠાણાંગમાં પાઠ છે કે પંચ મહાવ્રત તે નિર્જરાનું કારણ છે. હવે ત્યાં એને ઠરાવ્યું.

મુમુક્ષુ :- નિશ્ચયમાં ઉતારવા માટે.

ઉત્તર :- એ તો આ વ્રતની વાત છે. તો આ તત્ત્વાર્થસૂત્રને માન્ય રાખે તો વ્રતના વિકલ્પને આસ્રવ કહ્યો છે, પુણ્યાસ્રવ. બંધનું કારણ વ્રતનો વિકલ્પ છે એ તો. આહાહા..! ચારિત્રનું કાર્ય નથી. ચારિત્ર તો સ્વરૂપમાં જે પૂર્ણ સ્વરૂપ શ્રદ્ધામાં આવ્યું છે પરિણમનમાં, અને પૂર્ણ સ્વરૂપનું જે જ્ઞાન થયું છે, એમાં ઠરે છે, ઠરે છે. સ્થિરતા થાય છે તે ચારિત્ર છે. વ્રતનો ભાવ એ કાંઈ ચારિત્ર નથી. આહાહા..!

‘**જેમ...**’ દાખલો આપે છે. ‘**લોઢાની સાંકળ (બેડી) બંધનું કારણ છે (એટલે તેનાથી બંધ**

**થાય છે), તેમ સુવર્ણની સાંકળ (બેડી) પણ (બંધનું કારણ છે); માટે જેમ બેઉ સાંકળના અભાવે, વ્યવહારમાં મુક્તિ (છૂટકારો) છે,...**' સાંકળનું બંધન નહિ તો એ છૂટ્યો એકલો એમ કહેવાય વ્યવહારે. '**તેમ પરમાર્થમાં પણ...**' આહાહા..! '**(પુણ્ય-પાપના અભાવે મોક્ષ છે.)**' શ્રદ્ધા-જ્ઞાને તો પૂર્ણાનંદની શ્રદ્ધા કરી છે, જ્ઞાને પૂર્ણાનંદને સ્વીકાર્યો છે. હવે એમાં ઠરવું ત્યારે તો વ્રતનો વિકલ્પ પણ છોડે ત્યારે સ્થિત થાય. આહાહા..! અને તે ચારિત્ર પછી મુક્તિ છે. વ્રતના વિકલ્પથી તો બંધ છે. આહાહા..!

અને એક આર્જિકા કહે છે કે દિગંબરમાં એણે આસ્રવ કહ્યો છે. અમારા શાસ્ત્રમાં તો એને સંવર કહ્યો છે. આહાહા..! અરે.. મારીને શું કરે છે આ? ક્યાં જાશે? બોલતા કાંઈક આવડે બોલતા ભાષા કાંઈક. આહાહા..! મકોડાને પાંખુ આવે અને ઊડીને પડે દરિયામાં. એ પાંખ મરવા માટે આવી છે. એમ આ શાસ્ત્રની ધારણા અને વાતું, ઊંધી બધી શ્રદ્ધા, પાંખુ આવી ખરી જાણવાની, પણ એ બૂડવા માટે છે એને. આહા..! ભાઈ! ત્યાં કાંઈ કુદરતના નિયમમાં સત્ય હશે તે રહેશે. તમે વાડાથી માની બેસો કે અમારા વ્રત અને સંવર છે. દિગંબરમાં એમ કે વ્રતને આસ્રવ કહ્યા. આહાહા..!

મુમુક્ષુ :- એ તો શ્વેતાંબરના તત્ત્વાર્થસૂત્રમાં છે ને?

ઉત્તર :- એનામાં જ છે ને. પણ આને માન્ય નથી ને. સ્થાનકવાસીને માને... ઓલો મેળ કરવા માંડ્યા છે. સ્થાનકવાસી માને નહિ એને.

મુમુક્ષુ :- ...

ઉત્તર : એ તો એણે કર્યો છે સમન્વય. એણે. એ આ સ્થાનકવાસી માને નહિ. એના સૂત્રને માને નહિ. તત્ત્વાર્થસૂત્ર જ દિગંબરનું કરેલું એટલે માને નહિ. એટલે આત્મારામે જરી સમન્વય કર્યો. તો સમન્વયમાં મેળ વિનાનું ત્યાં. શ્વેતાંબરના શાસ્ત્રો સાથે દિગંબરના શાસ્ત્રનો મેળ કોઈ રીતે નહિ થાય. શું થાય ભાઈ? હળવો માર્ગ બતાવી અને એનાથી કલ્યાણ થાય એમ બતાવે.

મુમુક્ષુ :- બેયનું કેટલુંક તો મળતું આવે ને.

ઉત્તર :- એ મળતું આવે એ વસ્તુ નહિ. એ આવે તો ખરાને. કેટલીક વાત તો હોય ને એમાં. છ દ્રવ્ય કે ફલાણું, એમાં પણ ફેર છે. કાળદ્રવ્ય ના પાડે છે. પ્રદેશોમાં ફેર છે, દ્રવ્યમાં ફેર છે, ગુણમાં ફેર છે. આહાહા..! બહુ ફેર છે ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એના કથનના પ્રવાહથી આ દિગંબર ધર્મ છે. આહાહા..!

'**માટે જેમ બેઉ સાંકળના અભાવે, વ્યવહારમાં મુક્તિ (છૂટકારો) છે, તેમ પરમાર્થમાં પણ (પુણ્ય-પાપના અભાવે મોક્ષ છે).**' આહાહા..! પાછું એમાં એમ કહે છે કે જેમ મોક્ષનો માર્ગ છે ને? એના અભાવે મોક્ષ થાય છે ને? એમ અમારા વ્રતને અભાવે મોક્ષ થાય તો એક જાત છે. શું કહે છે સમજાણું? મોક્ષ થાય એ મોક્ષના માર્ગના અભાવ થઈને થાય છે ને? એનો વ્યય થાય છે. એમ જ્યારે મોક્ષમાર્ગનો પણ વ્યય થાય અને મોક્ષ થાય છે, એમ અમારા વ્રતનો પણ એ રીતે જ છે. અરે.. એવી વાત કરે છે માણસો. સાંભળી છે. આહાહા..!

અરે.. ભાઈ! એમ તું ઊંધુ માર તેથી કાંઈ સત્ય નહિ થઈ જાય. લોકો રાજી થાશે. લોકો રાજી થાય છે ને. આ બિચારા જુઓને દીક્ષામાં પડે છે ને? પતંગિયા જેમ પડે છે અગ્નિમાં, એમ પડે છે ફડાક. દીક્ષાઓ-દીક્ષાઓ. કોને દીક્ષા? હજી તો મિથ્યાદૃષ્ટિ ગૃહીત એને શ્રદ્ધા જ હજી મિથ્યાત્વની છે એને દીક્ષા કેવી? અહીં તો સાચા સમકિતી અને જ્ઞાનીને જે વ્રતનો વિકલ્પ ઊઠે એ પણ વસ્તુ નહિ, છોડવા જેવું છે. આહાહા..!

'**તેથી મોક્ષના અર્થીએ અવ્રતોની જેમ...**' '(**इव** શબ્દ **યથા**ના અર્થમાં છે એમ.)' યથા ઠીક. '**अव्रतानीव**' છે ને ત્રીજું પદ? '**अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि**' એમ. એવું નાખ્યું. '(**इव** શબ્દ **યથા**ના અર્થમાં છે એમ.)' એમ. એની જેમ '**વ્રતોને પણ છોડવાં.**' વ્રતના વિકલ્પ વખતે પણ શ્રદ્ધામાં એને છોડવાલાયક છે એમ જાણવું. આહાહા..! એ વ્રતનો વિકલ્પ છે તે આસ્રવ છે, ભલે પુણ્યાસ્રવ છે, પણ આસ્રવ છે.

ખરેખર તો ભગવાન આનંદસ્વરૂપથી ખસી જતાં એ ભાવ પાપ છે એમ કીધું નથી? પુણ્ય-પાપના અધિકારે છેલ્લો અધિકાર લીધો છે. આહાહા..! આનંદને ઓટલેથી લપસી જવું, ખસી જવું, ત્યારે એને વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ આવે છે. આહાહા..! એ વિકલ્પને, ખરેખર સ્વરૂપથી ખસે છે માટે તેને પાપ જ કહેવામાં આવે છે. એ તો ઓલું અવ્રતની અપેક્ષાએ પુણ્ય અને કહ્યું, પણ પરમાર્થે સ્વભાવમાંથી ખસે છે એથી ખરેખર તો એ પાપ જ છે. આહાહા..!

'**ભાવાર્થ :- મોક્ષમાર્ગમાં હિંસાદિ પાંચ અવ્રતભાવોની જેમ પાંચ અહિંસાદિ વ્રતભાવો પણ બાધક છે,...**' અવ્રત જેમ વિઘ્ન કરનારા છે તેમ વ્રત પણ સ્વરૂપને વિઘ્ન કરનારા છે. આહાહા..! સંપ્રદાયમાં તો આ જ ચાલે વાત. વ્રત લ્યો, વ્રત લ્યો, ત્યાગ કરો, આ કરો, આ કરો. એ સંયમ છે. ધૂળેય નથી સંયમ. મોક્ષમાર્ગમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય અને પરિગ્રહનો ભાવ એ અવ્રતભાવો છે, એમ પાંચ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો વિકલ્પ એ વ્રતભાવો પણ બાધક છે. આહાહા..! જે-જે કહ્યા સાધક તે-તે ખરેખર બાધક છે. એ આવે છે સમયસાર નાટકમાં. વ્યવહાર સાધક ત્યાં નિશ્ચય સાધ્ય છે એમ આવે છે ને? પંચાસ્તિકાયમાં. પણ એ જે સાધક કહ્યા એ જ બાધક છે. આહાહા..!

'**કારણ કે અવ્રતભાવ તે અશુભ ભાવ છે, તે પાપબંધનું કારણ છે અને વ્રતભાવ તે શુભ ભાવ છે,...**' આહાહા..! બંધભાવ છે. '**તે પુણ્યબંધનું કારણ છે; બંને બંધના કારણ છે.**' આહાહા..! કોઈ એમ કહે છે કે તો કુંદકુંદાચાર્યે કેમ પાળ્યા એને? એમ કહે છે. એ દિગંબરમાં એમ કહે છે. એ તો નબળાઈથી હતા, પાળ્યા નથી. હતા. આહાહા..! એને રાખવાનો ભાવ નથી, પણ એ ભૂમિકામાં એવા વિકલ્પો હતા, એટલે વ્યવહારનયના શાસ્ત્રની અપેક્ષાએ પાળ્યા એમ કહેવામાં આવ્યા. વ્યવહારનયના ગ્રંથ હોય ચરણાનુયોગના. એ પાળ્યા નથી. રાગને પાળે? કે રાગને જાણે? આહાહા..! આ ગડબડ કરી નાખી બહુ, અરે.. ભાઈ! આ મરણના ટાણા આવશે ભાઈ! ભીંસાઈ જઈશ ત્યાં તું. એ રાગથી ધર્મ માનનારા, દેહ છૂટવાને કાળે ફાંસો મળશે એને. આહાહા..! ફાંસીએ

ચડાવે એમ ફાંસીએ ચડશે ત્યાં. કારણ કે રાગની એકતાબુદ્ધિ... આહાહા..! દુઃખમાં આમ દબાઈ જશે. એ રાગ છે એ દુઃખ છે, વિકલ્પ છે. હવે એની જેને એકતા થઈ અને એમાં લાભ માન્યો! આહાહા..! મરણટાણે – દેહ છોડવા ટાણે શરણ કોણ? શરણ તો એ વ્રત અને અવ્રતના વિકલ્પથી રહિત પ્રભુ શરણ છે. એણે તો તે વ્રતથી લાભ માન્યો. અને જેનાથી લાભ માને એને છોડે કેમ દૃષ્ટિમાં? આહાહા..! કામ ભારે.

**'પુણ્ય અને પાપ બંનેનો નાશ થાય ત્યારે જ મુક્તિ થાય છે. માટે મોક્ષાર્થીએ...'** પરમાનંદનું ધ્યેય જેને પ્રાપ્ત કરવાનું છે. પરમ આનંદરૂપી મોક્ષનો લાભ માટે જેનો પ્રયત્ન છે. આહાહા..! એવા એ **'લોઢા અને સોનાની બેડીની જેમ અવ્રતભાવોનો તેમ જ વ્રતભાવોનો પણ ત્યાગ કરવો જોઈએ.'** ગાથા ૧૪૫ થી ૧૫૦ પુણ્ય-પાપ અધિકારમાં. નીચે છે ને? પુણ્ય-પાપ અધિકારની ગાથા છે. ચંડાળણીના બે પુત્રોનો દાખલો આપ્યો છે ને ત્યાં? એક ઉછર્યો બ્રાહ્મણના ઘરે અને ઉછર્યો ચંડાળને ઘરે, પણ છે તો બેય ચંડાળણીના. એમ અવ્રત છે એ ચંડાળણીને ઘરે ઉછર્યો. પુત્ર એનો ને એનો. વિભાવનો પુત્ર ત્યાં ઉછર્યો અને વ્રત છે એ બ્રાહ્મણને ઘરે એટલે કે આ અમને ખપે નહિ, આ અમને ખપે નહિ, ફલાણું આ ખપે નહિ, અમારા ખપે નહિ એવો ભાવ શુભ. આહાહા..! ખપે નહિ એ વિકલ્પ છે, રાગ છે. એ ચંડાળણીનો દીકરો છે એ. એમ લખ્યું છે હોં એમાં. કે આ અમને ખપે નહિ... આ અમને ખપે નહિ.. એ ભાવ જ તારો રાગ છે.

**'અવ્રતભાવોનો તેમ જ વ્રતભાવોનો પણ ત્યાગ કરવો જોઈએ.'** આહાહા..! **'પુણ્ય અને પાપ બંને વિભાવ પરિણતિથી ઉપજ્યા...'** જુઓ આવ્યું. વિકારીભાવ, વિભાવભાવ એવી પર્યાયથી ઊપજ્યા હોવાથી. આહાહા..! એ કાંઈ સ્વભાવભાવથી ઉત્પન્ન થયા નથી. ભગવાન આત્માનો જે આનંદ અને જ્ઞાન શાંત સ્વભાવ, એમાંથી એ ઉત્પન્ન થયા નથી. એ તો વિભાવમાંથી ઉત્પન્ન થયેલા છે બેય. આહાહા..!

**'બંને બંધરૂપ જ છે;...'** આહાહા..! **'બંને સંસારનું કારણ હોઈ એકરૂપ જ છે.'** અવ્રત પણ સંસારનું કારણ અને વ્રતનો વિકલ્પ પણ સંસાર છે. સંસારનું કારણ છે. **'માટે મોક્ષાર્થીએ તો એ બંનેનો ત્યાગ કરી શુદ્ધોપયોગની નિરંતર ભાવના ભાવી...'** શુદ્ધ ઉપયોગની નિરંતર ભાવના એટલે કે શુદ્ધભાવ ત્રિકાળ છે, તેની ભાવના એટલે એકાગ્રતા કરી.. આહાહા..! **'આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો...'** આત્મસ્વરૂપ જે આનંદ અને શાંત વીતરાગ મૂર્તિ, અનંત ગુણનું ધામ, તેમાં એકાગ્રતા કરવી, તેમાં તત્પર થવું, તેમાં સ્વભાવની સન્મુખ થઈને એકાકાર થવું. આહાહા..! એ મોક્ષનું કારણ છે. વ્રતાદિના વિકલ્પ એ મોક્ષનું કારણ નથી. આહાહા..! કહો, જેઠાભાઈ! આ બધા વ્રત તમે કરતા હતા ને તમે પાળીયાદ આ ખાવું ને આ ન ખાવું? તમારું આવ્યું છે હો આમાં આ મહિને આત્મધર્મમાં. કે એક જૈન એમ કહેતા કે ભાઈ કર્મથી વિકાર થાય એ અમારે માન્ય નથી. એટલે તમે. આમાં આવ્યું છે. આપણે આત્મધર્મ છે ને? નામ નથી આપ્યું. વાંચ્યું નહિ હોય. વાંચ્યું છે? એમાં છે એ. એ તમારું. તો બીજો કહે કે ના, કર્મથી વિકાર

થાય એમ માનો તો ચર્ચા કરીએ. આહાહા..! એની જ વાત છે. આવી છે. આપણા આત્મધર્મમાં આવી છે. જોઈ છે. આહાહા..!

અહીં તો '**શુદ્ધોપયોગની નિરંતર ભાવના ભાવી આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો યોગ્ય છે.**' આહાહા..! જ્યાં ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે એને શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો ત્યાં ઠરવું એણે, એ ચારિત્ર છે અને એ મુક્તિનું કારણ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**कथं तानि त्यजेदिति तेषां त्यागक्रमं दर्शयन्नाह –**

**अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः।**
**त्याज्जेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः।।८४।।**
**અવ્રતને પરિત્યાગીને, વ્રતમાં રહે સુનિષ્ઠ;**
**વ્રતને પણ પછી પરિહરે, લહી પરમ પદ નિજ. ૮૪.**

**टीका :– अव्रतानि हिंसादिनी प्रथमतः परित्यज्य व्रतेषु परिनिष्ठितो भवेत्। पश्चात्तान्यपि त्यजेत्। किं कृत्वा? सम्प्राप्य। किं तत्? परमं पदं परमवीतरागतालक्षणं क्षीणकषायगुणस्थानं। कस्य तत्पदं? आत्मनः।।८४।।**

---

**તે કેવી રીતે તજવાં તેનો ત્યાગ-ક્રમ દર્શાવી કહે છે :-**

**શ્લોક - ૮૪**

**અન્વયાર્થ :- (अव्रतानि) હિંસાદિક પાંચ અવ્રતોને (परित्यज्य) છોડીને (व्रतेषु) અહિંસાદિક વ્રતોમાં (परिनिष्ठितः) નિષ્ઠાવાન રહેવું - અર્થાત્ તેનું દઢતાથી પાલન કરવું; પછી (आत्मनः) આત્માના (परमं पदं) પરમ વીતરાગ પદને (प्राप्य) પ્રાપ્ત કરીને (तानि अपि) તે વ્રતોને પણ (त्यजेत्) ત્યજવાં.**

**ટીકા :- પ્રથમ હિંસાદિ અવ્રતોનો પરિત્યાગ કરીને અવ્રતોમાં પરિનિષ્ઠિત થવું. પછી તેનો પણ ત્યાગ કરવો. શું કરીને? પ્રાપ્ત કરીને. શું (પ્રાપ્ત કરીને)? પરમ પદને અર્થાત્ પરમ વીતરાગતારૂપ ક્ષીણકષાયગુણસ્થાન (પ્રાપ્ત કરીને). કોના તે પદને? આત્માના.**

**ભાવાર્થ :- અવ્રત અશુભ ભાવ છે તથા વ્રત શુભ ભાવ છે, બંને આસ્રવો છે. તે બંને છોડવા યોગ્ય છે તેવી શ્રદ્ધા તો અનંતરાત્માને છે, પણ તે બંને એકી સાથે છોડી શકાતાં નહિ હોવાથી તે પ્રથમ અશુભભાવરૂપ અવ્રતોને છોડી શુભભાવરૂપ વ્રતોમાં અતન્મય ભાવે વર્તે છે. પછી પુરુષાર્થ વધારી વીતરાગ પદની પ્રાપ્તિ માટે આ શુભભાવરૂપ વ્રતોનો પણ**

ત્યાગ કરે છે.

**વિશેષ**

**જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ શુદ્ધોપયોગરૂપ ન પરિણમે, ત્યાં સુધી તેને અશુભથી બચવા માટે પૂજા, ભક્તિ, વ્રત, તપ, સંયમ, શીલાદિના શુભ ભાવ આવે છે, પરંતુ તેમાં તેને હેયબુદ્ધિ વર્તે છે. તેને તે ધર્મ માનતો નથી.**

**સમ્યક્ત્વ વિના વ્રતાદિના શુભ વિકલ્પોને વ્યવહારથી ચારિત્ર નામ પણ પ્રાપ્ત થતું નથી, અર્થાત્ મિથ્યાદૃષ્ટિના શુભ વિકલ્પોને તો વ્યવહારથી પણ ચારિત્ર કહેતા નથી, તે બાલ વ્રત-તપાદિ કહેવાય છે. તેવા શુભ વિકલ્પો સંસારનું કારણ છે. મોક્ષનું કારણ નથી, છતાં કોઈ તેને મોક્ષનું પરંપરા પણ કારણ માને તો તે તેની મૂલમાં ભૂલ છે. ૮૪.**

---

**અષાઢ સુદ ૧૪, મંગળવાર તા. ૨૨-૭-૧૯૭૫**
**શ્લોક - ૮૪,**
**પ્રવચન - ૯૭**

સમાધિતંત્ર. ૮૪ શ્લોક. '**તે કેવી રીતે ત્યજવાં તેનો ત્યાગ-ક્રમ દર્શાવી કહે છે :-**' અવ્રત અને વ્રત બેયને છોડવા પણ કેવી રીતે?

**अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः।**
**त्याजेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः॥८४॥**
**અવ્રતને પરિત્યાગીને, વ્રતમાં રહે સુનિષ્ઠ;**
**વ્રતને પણ પછી પરિહરે, લહી પરમ પદ નિજ. ૮૪.**

એની '**ટીકા :- પ્રથમ હિંસાદિ અવ્રતનો પરિત્યાગ કરીને અવ્રતોમાં પરિનિષ્ઠિત થવું.**' એટલે આ તો સમ્યગ્દર્શન પછીની વાત છે. સમજાણું કાંઈ? જેને ત્રિકાળી સ્વભાવનો અનુભવ થયો છે, ત્રિકાળી સ્વભાવ જે પરમપદ મહા, અભેદ કહો, ધ્રુવ કહો, નિત્ય કહો, એકલો કહો, સદશભાવ કહો, અખંડ કહો એવો જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, એમાં જેની દૃષ્ટિ પ્રસરી છે. એનો જેને અંતરમાં સ્વીકાર થયો છે, એવા સમ્યગ્દૃષ્ટિએ પ્રથમ શું કરવું? એમ અહીં કહે છે. આ વ્રત-અવ્રતની વચ્ચેનો.

'**પ્રથમ હિંસાદિ અવ્રતોનો પરિત્યાગ કરીને...**' એટલે? કે એ સમ્યગ્દર્શનમાં ચોથે ગુણસ્થાને આવા અવ્રતનો ત્યાગ અને વ્રતના વિકલ્પનું ગ્રહણ હોય નહિ. એમ કહીને એમ કહે છે કે જેને આત્મા ધ્રુવ ચિદાનંદ અખંડ ત્રિકાળ સ્વભાવ એને જેણે અનુભવ્યો અને પકડ્યો છે. એમાં દૃષ્ટિ અને

જ્ઞાનનું પ્રસાર પ્રસર્યું છે વસ્તુમાં, એ જીવને અવ્રતનો ત્યાગ કરીને... વ્રતનો ત્યાગ કાંઈ એકલા ચોથે ગુણસ્થાને જ અવ્રતનો ત્યાગ થાય અને વ્રતનું ગ્રહણ થાય, એમ નહિ. પાઠ તો એવો છે કે અવ્રતનો ત્યાગ કરીને. એનો અર્થ? કે એ જીવે સ્વરૂપને વિશેષ આશ્રય લઈને જેણે શાંતિ ચોથા કરતા વિશેષ પ્રગટ કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? જેને અંતર આત્મા આનંદનું ધામ એવી જેને દૃષ્ટિમાં પ્રસાર કરીને અનુભવ્યો છે એવા અનંતસંપન્ન ચોથે ગુણસ્થાને એને અવ્રતનો ત્યાગ કરવો, પણ એ ક્યારે થાય એને?

મુમુક્ષુ :- પંચમ ગુણસ્થાનમાં.

ઉત્તર :- પંચમ એને શાંતિ થોડી વધી હોય એની વાત છે. એમ ને એમ અવ્રતનો ત્યાગ થઈને વ્રતનું ગ્રહણ થાય એ ચોથે ન હોઈ શકે. સમજાણું કાંઈ? એટલે કે એણે આગળ વધી અને સ્વરૂપનો આશ્રય જે ચોથે હતો એના કરતા ઉગ્રપણે આશ્રય લઈ અને જેને શાંતિનો અંશ ચોથા કરતા વધ્યો છે અને મુનિને પણ પાંચમા કરતા પણ જેને શાંતિની વૃદ્ધિ થઈ છે. એની વાત છે. આમ સીધી વાત કરે અવ્રતને છોડે, વ્રતને (ગ્રહણ કરે). પણ વ્રત કઈ ભૂમિકામાં આવે?

અવ્રત '**હિંસાદિ અવ્રતોનો પરિત્યાગ કરીને...**' શબ્દ તો એ પડ્યો છે '**परित्यज्य**' સર્વથા પ્રકારે છોડે. એ ક્યારે છોડે? કે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદનો ઘન પ્રભુ, ત્રિકાળ સ્વભાવનો અનુભવ જેને વિશેષ થયો છે. ચોથા કરતા જેને વ્રતના વિકલ્પ આવે છે, એણે ધ્રુવનો વિશેષ આશ્રય લીધો છે એથી એને ત્યાં આગળ વ્યવહારમાં અણુવ્રતાદિ અને મુનિને વ્રત ને મહાવ્રતાદિના પરિણામ આવે. આહાહા..! સમજાણું આમાં? નહિતર આમ તો કહે ચોથેથી અવ્રતનો ત્યાગ (હોય). પણ અવ્રતનો ત્યાગ કઈ ભૂમિકાએ હોય? આલંબન અંદર વધ્યું છે.

જેણે ભગવાન આત્માને પરમાનંદ સ્વરૂપનો આશ્રય વિશેષ લીધો છે. આહાહા..! એટલે કે જેને ગુણસ્થાન પાંચમું કે છઠ્ઠું થયું છે. આહાહા..! અહીં તો એકદમ મુનિપણાની અપેક્ષાની વાત છે. એ '**અવ્રતોનો પરિત્યાગ કરીને વ્રતોમાં પરિનિષ્ઠિત થવું.**' એટલે કે એને શુદ્ધના આશ્રયમાં ઉગ્રપણે થયો છે એણે અવ્રતનો ત્યાગ કર્યો છે અને એને વ્રતના વિકલ્પોમાં તત્પર રહેવું વ્યવહારે. '**परिनिष्ठित**' શબ્દ છે ને? નિષ્ઠાવાન રહેવું. જેવા વ્રતનો વિકલ્પ છે તે પ્રમાણે તેમાં રહેવું. શબ્દ તો આ છે ને '**परिनिष्ठित**' એણે અર્થ પણ એમ કર્યો છે. '**परिनिष्ठितो भवेत्।**' એનો અર્થ કે શુભભાવમાં વ્રતનો જે શુભભાવ છે એ કાળે એને આત્માનો આશ્રય વધ્યો છે, એને આવા વ્રતના વિકલ્પો આવે તો એને આગળ એ બરાબર વ્યવહાર એણે પાળવા. નિશ્ચિત રહેવું. એને વ્રતમાં દોષ લાગે કે એની મુનિદશા બીજી થાય એમ ન થવું. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ તો અંતરની વાતું તો અંતરમાં બેસે ત્યારે એને સમજાય એવી છે. આહાહા..! આમ કહે કે આપણે શ્રદ્ધા તો છે હવે આપણે અવ્રત છોડો અને વ્રત લ્યો. એમ નહિ. વસ્તુ જે ત્રિકાળી સ્વભાવ એને ઉત્પાદ-વ્યયપર્યાયે પકડ્યો છે તેને. સમજાણું કાંઈ? જેની પર્યાય વસ્તુસ્વભાવ ત્રિકાળીમાં જેની પર્યાય પ્રસરી ગઈ છે. આહાહા..! જેના પરિણામ, પરિણામ એટલે પર્યાય.

પરિણામી જે ત્રિકાળી સ્વભાવ ત્યાં આગળ એ પર્યાય બેઠી છે, પ્રસરી છે. આહાહા..! એને આગળ વધવા માટે વ્રતનો વિકલ્પ આગળ વધ્યો છે સ્થિરતામાં. એમ કહે છે. આહાહા..! એને વ્રતમાં પરિનિષ્ઠ થવું—નિષ્ઠાવાન થવું. એટલે જેમ છે તેમ તેને પાળવા માટે તત્પર રહેવું. બેયમાં 'પરિ' શબ્દ છે. પરિત્યજ્ય અને પરિનિષ્ઠિત. આહાહા..!

'**પછી તેનો પણ ત્યાગ કરવો.**' એટલે? કે એણે આત્માનો ઉગ્ર આશ્રય લઈ અને એ શુભવિકલ્પના વ્રત છે એ આસ્રવ છે એને પણ એણે છોડવો. આહાહા..! સમાધિતંત્ર અધિકાર છે ને? એટલે જેને સમાધિ પ્રગટી છે ચોથા ગુણસ્થાનમાં, એને સમાધિ વિશેષ થઈ છે, એને આ વ્રતનો વિકલ્પ હોય. આહાહા..! એ પણ આસ્રવ છે. એકલા અવ્રત (છોડયા) ને વ્રત લઈ લીધા, એ સમ્યગ્દર્શન વિના એની શુદ્ધિ-વૃદ્ધિ હોય નહિ અને શુદ્ધિ-વૃદ્ધિ વિના વ્યવહારનો સાચો વિકલ્પ વ્રતનો એને હોય નહિ. સમજાણું કાંઈ? આવી વાત છે. ઘણા લખે છે આ દાખલો અવ્રત છોડો અને વ્રત... પણ કોને? જેને અવ્રતનો ત્યાગ થાય તેને સ્વરૂપનો આશ્રય ઉગ્ર વધી ગયેલો હોય છે. ચોથા કરતા... આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે ભાઈ!

સર્વસ્વ વસ્તુ જ પોતે આત્મા આનંદનો નાથ છે. આહાહા..! એવા ધ્રુવને ધ્યેય બનાવ્યા વિના અંદર એકાગ્રતા ન થાય. પર્યાયનું લક્ષ અને પરિણામ ઉપર રહે એ બુદ્ધિ તો અનાદિની મિથ્યાબુદ્ધિ છે. સમજાણું કાંઈ? એ પરિણામની બુદ્ધિ છોડી જેણે અપરિણામી દ્રવ્યસ્વભાવનો આશ્રય લઈ અને જેને અંતર અનુભવનો સ્વાદ આનંદનો આવ્યો છે, એ જીવે શું કરવું? એમ કહે છે. કે પહેલાં એણે અવ્રતને છોડવું. એટલે અવ્રતને છોડવું એ કઈ ભૂમિકાએ હોય? ચોથે હોય? એટલે એણે આગળ સ્વદ્રવ્યનો આશ્રય લઈ અને અવ્રતના પરિણામને છોડવા. અને તે આગળ વધેલી દશા(માં) એને વ્રતના વિકલ્પ આવે, તે ભૂમિકાએ વ્યવહાર આવે, એને બરાબર પાળવો એમ કહેવામાં આવે છે. આહાહા..!

'**પછી તેનો ત્યાગ કરવો. શું કરીને?**' એનો ત્યાગ કરવો એટલે પછી શું? એટલે દ્રવ્યના સ્વભાવનો ઉગ્ર આશ્રય લેવો. આહાહા..! તેથી વ્રતના વિકલ્પ એને છૂટી જાય. આહાહા..! સમાધિતંત્ર છે ને? સમાધિ, શાંતિ, પ્રથમ ચોથે ગુણસ્થાને દર્શનપૂર્વક અનંતાનુબંધીનો અભાવ થઈ અને શાંતિ અને પ્રતીતિ બેય આવી છે. હવે કહે છે કે આગળ એને વધવું છે. તો એ અવ્રતનો ભાવ છે એ છૂટે. ક્યારે? કે જેણે આત્માનો ઉગ્ર આશ્રય લીધો છે. આહાહા..! વાત આ છે.

ઓલા કળશમાં આવે છે કે ભાઈ બાર અંગનું જ્ઞાન છે એ વિકલ્પાત્મક, પણ એમાં અનુભૂતિનું કથન છે. તો એનો અર્થ એ કે એમાં એ સાર વસ્તુના સ્વભાવને પકડીને અનુભવવો એ અનુભૂતિ સાર છે. બારેય અંગમાં એ સાર છે. આહાહા..! અનુભૂતિ કહી છે એનો અર્થ? દ્રવ્ય જે સ્વભાવ ત્રિકાળ એને અનુસરીને અનુભૂતિ કરવી એવું બાર અંગમાં કહેવામાં આવ્યું છે. ત્યારે અહીં કહે છે કે એણે અવ્રતને છોડીને આગળ વધવું એટલે અવ્રત આમ છૂટે.

ભગવાન આત્માનો... આહાહા..! ઉગ્ર આશ્રય લીધો છે એને શાંતિનો સ્રોત વિશેષ વહે છે.

આહાહા..! એને એ ભૂમિકામાં વ્રતના વિકલ્પો હોય છે. એને પરિનિષ્ઠપણે નિષ્ઠાપણે બરાબર રાખવા એમ. આહાહા..! કહો, ભાઈ! સમજાણું કાંઈ? આ તો કહે અવ્રત છોડ્યા અને બાયડી-છોકરા છોડે, દુકાન છોડી અવ્રત છોડ્યું. રાંધવું નહિ એનો ત્યાગ કર્યો. રોટલી રાંધે એમાં અગ્નિ બળે. અગ્નિ બળે ને? એ ત્યાગ કહેવાય?

જેના શુદ્ધ ચૈતન્યના આશ્રયે પ્રથમ દૃષ્ટિનું વેદન થયું છે એ આગળ જ્યાં આશ્રય ઉગ્ર લે છે દ્રવ્યનો. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ એને ઉગ્રપણે અવલંબે છે એને શાંતિ અને આનંદનો અંશ વધી ગયો હોય છે. એ ભૂમિકામાં (એને) અવ્રતનો ત્યાગ થઈને વ્રતના વિકલ્પ હોય છે એમ કહે છે. આહાહા..! કહો, કાંતિભાઈ! અહીં તો આમાં તો એવું નથી લખ્યું. અહીં તો અવ્રતનો પરિત્યાગ, વ્રતનો પરિનિષ્ઠ. પણ વ્રતના વિકલ્પો કઈ ભૂમિકાએ હોય? આહાહા..! જ્યાં ધ્રુવનો આશ્રય લઈ અને શાંતિની, આનંદની દશા જેને વધી છે એથી એને અવ્રતનો ત્યાગ કરીને વ્રતના વિકલ્પો એને આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

શું કરીને ત્યાગ કરવો? જોયું! '**પરમ પદને અર્થાત્ પરમ વીતરાગતારૂપ ક્ષીણકષાયગુણસ્થાન (પ્રાપ્ત કરીને)**.' થયું કે નહિ? વ્રતના વિકલ્પ કાળે એને દ્રવ્યનો આશ્રય પ્રથમ કરતા વધી ગયો છે અને હવે વ્રતના વિકલ્પને છોડવાના પ્રસંગમાં તેને દ્રવ્યનો ઉગ્ર આશ્રય થઈ ગયો છે. ત્યારે એને વીતરાગતા અને બારમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? મૂળ ચીજના આશ્રય અને દ્રવ્યદૃષ્ટિ વિના જે કાંઈ કરવામાં આવે એ બધું ફોગટ થાય. કહો, ચેતનજી! આહાહા..! લ્યો અવ્રતને છોડો, લ્યો લઈ લ્યો વ્રતને. પણ શી રીતે? કોને એ વ્રતના વિકલ્પ હોય? કઈ ભૂમિકાએ હોય? એ ભૂમિકામાં કેવી દશા એને હોય? સમજાણું કાંઈ? આહાહા..!

અવ્રતનો ભાવ એ ચોથે તો છૂટે નહિ. પાંચમે અંશે છૂટે અને છઠ્ઠે બરાબર છૂટે. તો એનો અર્થ શું થયો? ભગવાન પૂર્ણાનંદનું અવલંબન ઘણું ઉગ્ર થઈ ગયું છે. જેટલું અવલંબન ઓછું છે એથી એને એવા વ્રતના વિકલ્પો એ ભૂમિકાએ આવે છે અને ઉગ્ર અવલંબન થઈ જાય અંદર ત્યારે એ વ્રતનો વિકલ્પ છોડીને આ કરવું એણે આ પરમ વીતરાગ પદમાં આવવું નિર્વિકલ્પમાં એમ. આહાહા..! આવું એવું લાગે.

મુમુક્ષુ :- શરતો અંદર ઘણી.

ઉત્તર :- છે અંદર જુઓને શરતો છે ને અંદર.

ભગવાનના ભેટા વિનાની વાતું. અવ્રતને છોડું ને વ્રતને... અને પછી વ્રતને છોડું, પરમપદને પ્રાપ્ત, વીતરાગને પ્રાપ્ત. પણ કોને? કેને હોય એ? આહાહા..! જેણે ચૈતન્યસ્વભાવ પૂર્ણ ધ્રુવસ્વભાવ, અમોઘ સ્વભાવ, નિર્મળ સ્વભાવ, એનો જેણે આશ્રય લીધો છે, મોટાની ઓથે ગયો છે એ કહે છે. મહાપ્રભુ છે એને ઓથે ગયો છે. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદનો નાથ એને પડખે ચડ્યો છે, ત્યારે એને મિથ્યાત્વ જાય છે અને વિશેષ પડખે જાય ત્યારે એને અવ્રતનો ત્યાગ થાય છે. આહાહા..! કહો, આવી શરત છે. શુકનલાલજી!

એ દાખલો આવી ગયો છે ને કે તડકે ઊભા રહે એ કરતા છાંયે ઊભા રહેવું. પણ એ બધું સમ્યગ્દર્શન પછીની વાત છે. જેને અંતર આ જ્યાં જેમાં ધર્મ કરવો એ ચીજ શું છે? એ ધર્મ કરનારો કેવો ધર્મી જીવ શું છે? એવું ધર્મીનું અંતર્ગત જ્ઞાન અને પ્રતીતિ અંતરમાં આવ્યા વિના એમાં ઠરવું એ ક્યાં છે એની તો એને ખબર ન મળે, અને ઠરવું છે એ દશામાં એને અવ્રતનો ત્યાગ થઈને વ્રતના વિકલ્પ આવે છે. પહેલો જે ઠર્યો છે ચોથે એ કરતા વધારે ઠર્યો છે. આહાહા..! મહત્તા તો એની છે. પણ અહીં તો અવ્રત છોડીને વ્રતના વિકલ્પમાં આવવું એમ કહેવામાં (ગર્ભિત છે કે) આગળ વધીને ચૈતન્યનો આશ્રય ઉગ્ર લઈને.. આહાહા..! સમજાણું કાંઈ?

અવ્રતને છોડવું તો એ અવ્રત આ રાગ છે, અવ્રત છે એને છોડું. એમ છે? એનો અર્થ કે જ્યારે સ્વભાવમાં ઉગ્રપણે જ્યારે આશ્રય અને અવલંબન લે છે ત્યારે તેની દશા અવ્રતના ભાવ વિનાની થઈ જાય છે. ત્યારે તેને આત્મામાં ઉગ્ર આનંદમાં પણ... તદ્દન ઉગ્ર આનંદમાં આવે તો તો વીતરાગપદ આવે. એ કીધું ને વ્રતને છોડીને વીતરાગભાવને અવ્રતને (ત્રીજી ભૂમિકાને) પ્રગટ કરું. કારણ કે વ્રતનો ભાવ પણ શુભરાગ આસ્રવ છે, દુઃખરૂપ છે. આહાહા..! વ્રતનો ભાવ એ દુઃખરૂપ છે. આહાહા..! પણ અવ્રતના દુઃખના ભાવ કરતા, વ્રતના ભાવમાં દુઃખ થોડું છે. શુભ છે ને? છે તો દુઃખ. એ દુઃખને અંગીકાર કરવું એમ જે કહ્યું. '**परिनिष्ठितः**' છે ને? એનો અર્થ એ કે ભાઈ! તારા નાથને અંદર પડખે વિશેષ જા. આહાહા..! અને વિશેષ પડખે જતાં તને શુદ્ધિ અને શાંતિ વૃદ્ધિ પામશે. એમાં એને આવા વ્રત વિકલ્પ આવે એમાં નિશ્ચિત રહેજે. આહાહા..! અદ્ધરને અદ્ધર અવ્રત છોડીને વ્રત. શું પણ અવ્રત થોડીને વ્રત? સુજાનમલજી! આહાહા..! તારો દરબાર અંદર પડ્યો છે મોટો પ્રભુ! આહાહા..! અનંતગુણનો સમાજનો દરબાર પોતે પ્રભુ છે. એ દરબારમાં જઈ અને શાંતિ અને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે એને હજી દરબારમાં આગળ વધીને.. આહાહા..! એને અવ્રતનો ભાવ હોતો નથી અને તે કાળે તેને શુભવિકલ્પ વ્રતનો હોય છે, બસ એટલી વાત છે. સમજાણું કાંઈ? સુજાનલમજી! આવો માર્ગ છે. આહાહા..!

જ્યાં ત્રિકાળી સ્વભાવ એ શુભ ઉપયોગ ખરેખર તો અચેતન છે. આહાહા..! અવ્રતનો ભાવ એ અચેતન છે અને વ્રતનો વિકલ્પ એ અચેતન છે, પણ એ અચેતનની મંદતા છે. અશુભમાં અચેતનની ઉગ્રતા છે. સમજાણું કાંઈ? એટલે કે વ્રતનો વિકલ્પ છે તો અચેતન-અજીવ, નિશ્ચયથી તો. આહાહા..! પણ એ વ્રતના વિકલ્પની કઈ ભૂમિકા હોય? એનું અંદરમાં ગર્ભિતપણે રાખીને આ વાત કરી છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્યાં દ્રવ્યસ્વભાવ જ ભુલાય અને વાતું થાય કે અવ્રત છોડીને વ્રત, એ વસ્તુ ક્યાં છે ત્યાં? સમજાણું કાંઈ?

વસ્તુસ્વભાવ જે છે ચેતન, એને ભૂલીને હવે અવ્રતને છોડીને વ્રત લે એમ ક્યાંથી આવે? સમજાણું કાંઈ? તડકે ઊભો કરતા છાંયે ઊભા રહેવું.

મુમુક્ષુ :- હજી ત્રીજા માણસના આવનારાની વાટ જોવી.

ઉત્તર :- વાટ જોઈને. એ જ કહું છું ને. ત્રીજો એટલે શુદ્ધતા આવે એની વાટ જોઈને ત્યાં

ઊભા રહેવું, એનો અર્થ એમ છે. છે તો શુદ્ધતાનું વલણ. અંદર ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ, એના જ આશ્રયની ઉગ્રતા છે, અને એ ઉગ્રતા આવે નહિ ત્યાં સુધી એને અવ્રતના ભાવ કરતા વ્રતમાં આવવું એ છાંયો વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! આવી વ્યાખ્યા અને આ સ્વરૂપ! ભાઈ! માર્ગ તો એવો છે બાપુ!

'**પરમ પદને અર્થાત્ પરમ વીતરાગતારૂપ ક્ષીણકષાયગુણસ્થાન (પ્રાપ્ત કરીને).**' એનો અર્થ કે ઉગ્રપણે વીતરાગનો ભાવ જેણે પ્રગટ કર્યો છે સ્વભાવના આશ્રયથી, એને પછી વ્રતનો વિકલ્પ છૂટી જાય છે. સમજાણું કાંઈ? આ તો આચાર્યોના વચનો છે. ભાઈએ તો એકવાર નથી કહ્યું? નિહાલભાઈએ. કે સાંભળવું અને સંભળાવવું એ નુકસાનનું કારણ છે. બીજી રીતે પાછું કહ્યું કે પોતાના સ્વને લક્ષે જો આચાર્યોના શબ્દોને વાંચે તો ત્યાં રસના બિંદુ ટપકે છે. જુઓ ત્યાં એમ કહ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- એમ બે વિરૂદ્ધ વાત કરી છે?

ઉત્તર :- વિરૂદ્ધ નથી. જેને સ્વના લક્ષ વિના જે કાંઈ સાંભળે અને કરે એને લક્ષ હોય, છતાં વિકલ્પ ઊઠે છે એ નુકસાનદાયક છે. એ વિકલ્પની અપેક્ષા લઈને વાત કરી. અને અહીંયાં સ્વભાવનો આશ્રય લઈને વાત થાય છે. આહાહા..! ત્યારે એનું વાંચન, શ્રવણ, મનન હોવા છતાં સ્વના આશ્રયના લક્ષમાં એની શુદ્ધિ વધે છે. એ વિકલ્પને લઈને વધે છે, સાંભળવાને લઈને વધે છે, એમ નહિ. આહાહા..! આવી વાત છે ભાઈ! જરીક પણ જો ન્યાય ફરી જાય તો આખી વસ્તુ ફરી જાય છે. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગ અરિહંત પરમેશ્વર, એની આ વાણી અને એનો આ માર્ગ. આહાહા..!

પ્રથમ તો સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ તો પહેલી વાત. હવે આમાં પ્રથમ જે કીધું એ સમ્યગ્દર્શન પછી પ્રથમની વાત છે. '**પ્રથમ હિંસાદિ અવ્રતોનો ત્યાગ કરીને...**' એટલે પ્રથમ એટલે કોને? તદ્દન મિથ્યાદૃષ્ટિ છે એને પ્રથમ અવ્રત છોડીને વ્રત એમ છે? ભાષા તો એમ છે. '**પ્રથમતઃ**' છે ને ભાઈ! તાવત્ આમાં નથી શબ્દ. ઓલો તાવત્ આવે છે. પ્રથમ, પણ પ્રથમ કોને? જેને ધ્રુવનો અનુભવ થયો નથી એને પ્રથમ અવ્રત છોડીને વ્રત, એમ આહીં છે? આહાહા..!

પણ જેને ભગવાન આત્માના ભેટા પર્યાયમાં થયા છે.. આહાહા..! પર્યાયમાં આખું પૂર્ણ સ્વરૂપ છે એવું જ્ઞાન આવી ગયું છે. ભલે એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. સમજાણું કાંઈ? માર્ગ આવા બાપા છે. આહાહા..! જગતના ઝંઝાળ, રખડવાના ભાવમાં આ છોડવા કેમ? આહાહા..! પહેલું તો જેમાં એ ભવ અને ભવનો ભાવ નથી, એવો સ્વભાવવાળો ભાવ છે. કહો, સમજાણું કાંઈ? ભવ અને ભવનો ભાવ જેમાં નથી. અને જેમાં એકલા અભાવસ્વભાવના ભાવ જ પડ્યા છે. આહાહા..! એ જ્ઞાન અનંત આદિ અભવસ્વભાવ છે એ. ભવ વિનાનો સ્વભાવ એ છે. સમજાણું કાંઈ? એ ભાષાથી કીધું અબદ્ધસ્પૃષ્ટ. આહાહા..! એ બધા ગુણોનો પિંડ આખો એ અબદ્ધસ્વભાવથી ભરેલો છે. એમાં બંધભાવનો એમાં અભાવ છે. આહાહા..! એવા સ્વભાવનો

આશ્રય લીધા વિના, પ્રથમ અવ્રતને છોડવા અને વ્રતને ગ્રહણ કરવા એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

ઘણાને એમ થઈ જાય, બસ હવે બસ થઈ ગયું જાવ. હવે તમારે સમકિત તો છે, શ્રદ્ધા છે, હવે અવ્રત છોડો. પણ શી રીતે? આહાહા..! આ મોટી તકરારીની ગાથા છે આ. ગાથા તકરારની હશે? અહીં તો અવ્રતના વિકલ્પનો ત્યાગ અશુભનો, અને શુભના વિકલ્પનું થવું કઈ ભૂમિકાએ હોય? એનું ધ્યાન કરાવીને આ વાત કરી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મિથ્યાત્વનું .. સુખ...

ઉત્તર :- એ તો વાત આવી ગઈ હવે. અત્યારે અહીંયાં વાત પણ નથી એની.

પ્રથમ સમ્યગ્દર્શન ગ્રહણ કરી, મિથ્યાત્વને છોડવું, એ તો છૂટી જાય એના ઉદયથી. એ વાત તો અહીં છે જ નહિ. એ તો થઈ ગયેલો છે એને હવે આ વ્રત અને અવ્રતની વચ્ચે કેમ રમત છે એ વાતું છે. આહાહા..! આવો માર્ગ ભાઈ! અરે.. જેના જન્મ-મરણના અંત આવે. એ અંત આવે એ વળી વ્યવહાર છે, પણ જેના ફળમાં અતીન્દ્રિય અનંત આનંદ આવે. આહાહા..! થોડો પણ અતીન્દ્રિય આનંદની લહેજતમાં ઇન્દ્રના ઇન્દ્રાસનના ભોગ ઝેર જેવા દેખાય. આહાહા..! સમ્યગ્દષ્ટિને ચક્રવર્તીનું રાજ દેખાય, એ રાજમાં નથી. તેમ એને વિકલ્પ આવે એમાં એ નથી. એ તો સહજસ્વરૂપ વીતરાગ પ્રતિમા સ્વરૂપ ભગવાન આત્મા એમાં સમ્યગ્દષ્ટિ હોય છે. પણ એ સમ્યગ્દષ્ટિની ભૂમિકમાં હજી એ અવ્રતનો ભાવ છે ચોથે, એને છોડીને વ્રતના ભાવમાં પરિનિષ્ઠ થવું એ કોને? કે જેણે આત્માની શાંતિ અંદર સ્વભાવનો આશ્રય લઈને વધારી છે. પર સાથે સંબંધ શું છે? આહાહા..! પરદ્રવ્યને અને આત્માને કાંઈ સંબંધ નથી. કે દેવ-ગુરુ-ધર્મને લઈને અહીં શુદ્ધિ પ્રગટે (એમ નથી).

અહીં તો દિવ્યધ્વનિથી પણ આત્માને લાભ નથી એ વાત છે. આહાહા..! લાભ તો ભગવાન લાભ ભંડાર પડ્યો છે. આહાહા..! અનંતગુણનો સમાજનો રાજા છે. આ રાજી થયા.. જીવરાજા. ઓહોહો..! 'રાજ્યતે શોભતે ઈતિ રાજા.' અનંત.. જેમ રાજા એની લક્ષ્મીથી શોભે છે એમ આત્મા અનંતા ગુણથી, અનંત ગુણથી... એક એક ગુણની શક્તિ અનંત અને અમાપ એવી બેહદશક્તિ એવી અનંતી શક્તિથી જીવરાજા શોભે છે. એ એની લક્ષ્મી છે. આહાહા..! એવી રાજલક્ષ્મી એની રાજલક્ષ્મી છે. આહાહા..! શોભતી લક્ષ્મી છે. એવા આનંદના નાથને જેણે પરિણામમાં પડી પડીને અનાદિકાળ ગાળ્યો પર્યાયમાં રહીને. એ અગ્યાર અંગના જ્ઞાન કર્યા, નવ પૂર્વના કર્યા. એ બધું પર્યાયમાં રહીને થયું છે. દ્રવ્યમાં આવીને થયું નથી એને. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયા તો ભગવાન દ્રવ્યમાં આવ્યો છે પર્યાયે. પર્યાય ત્યાં જાય છે ને? દ્રવ્ય ક્યાં પર્યાયમાં આવે છે? આહા..! વર્તમાન પરિણામ જે છે એ પરિણામી ત્રિકાળી અપરિણામી દ્રવ્યસ્વભાવમાં જાય છે. આહાહા..! એટલે કે એની સન્મુખ થાય છે. આહાહા..! આખા સંસારથી વિમુખ થઈ ગયો દૃષ્ટિ એ દૃષ્ટિની અપેક્ષાએ. હવે એને આગળ વધવું. એમ બતાવવું છે અહીંયાં. સમાધિ વધારવી છે ને? આહાહા..! સમાધિ નામ કષાયના અભાવરૂપ પરિણતિ એની વધે તે સમાધિ વધી. આહાહા..!

ઓલા બાવા સમાધિ લે ને એ અહીં નથી. અહીં તો આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત તે સમાધિ. વ્યાધિ શરીરની જેમાં નથી, ઉપાધિ બહાર સંયોગ ધંધાની નથી, અને આધિ નામ સંકલ્પ વિકલ્પ આધિ જ્યાં નથી. આહાહા..! એનાથી રહિત પ્રભુ જે આત્મા એને સમાધિ.... સમ્યગ્દર્શન એ પણ એક સમાધિ છે.

શ્વેતાંબરમાં આવે છે એ. 'ચિત્ત સમાધિ હોવે દશ બોલે.' એ પહેલું શરૂ કર્યું હતું ૭૮માં. બોટાદ. દશાસૂત્ર છે પુસ્તક એમાં આ 'ચિત્ત સમાધિ હોવે દશ બોલે.' એવા દશ બોલ છે. એય.. ચેતનજી! દશાસૂત્ર. દશાસૂત્રનું છે ને વાંચ્યું હતું મેં. આ .. કાંઈ. પણ સાંભળે. ૭૮ની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૩. સમ્યગ્દર્શન એ ચિત્સમાધિ પહેલી છે. સમજાણું? એવી દસ સમાધિ છે. છેલ્લી કેવળજ્ઞાન છે. એ આ સમાધિની વાત છે આ.

સમાધિ જેને પ્રગટી છે, શાંતિ જેને પ્રગટી છે એ સમાધિતંત્ર છે એ. સમાધિનો ધંધો છે એ. આ વેપારના .. નથી કહેતા કાંઈક? સ્વતંત્ર છે, ફલાણું છે, ઢીંકણું છે. સ્વતંત્ર તો આ છે. સ્વ-તંત્ર. આહાહા..! જેણે દૃષ્ટિએ પરમાત્માને પકડ્યો અને કબજે લઈ લીધો. આહાહા..! પર્યાયે પરમાત્માને કબજે લીધી. હવે એ કેવળજ્ઞાનને બંધ થશે. પણ અહીં કહે છે કે થશે એમાં એને પુરુષાર્થની જાગૃતિ કેવી હોય? આહાહા..!

'**કોના તે પદને? આત્માના.**' જોયું! વ્રતનો વિકલ્પ છોડી આત્મપદને પામવું. વીતરાગભાવ એટલે આત્મપદ એટલે બારમું ગુણસ્થાન એટલે આત્મપદ. આહાહા..!

'**ભાવાર્થ :- અવ્રત અશુભભાવ છે તથા વ્રત શુભ ભાવ છે, બંને આસ્રવો છે.**' બેય મેલ અને આસ્રવ છે. આહાહા..! મુનિને પણ છઠ્ઠે ગુણસ્થાને મહાવ્રતનો જે વિકલ્પ આવે. શાંતિ વધી છે, ઉગ્ર થઈ છે, એથી એને મહાવ્રતનો વિકલ્પ આવે એ ભૂમિકાને (યોગ્ય). પણ એ વિકલ્પ છે એ તો પોતે દુઃખરૂપ છે, આસ્રવ છે. આહાહા..! '**બંને આસ્રવો છે. તે બંને છોડવા યોગ્ય છે તેવી શ્રદ્ધા તો અંતરાત્માને છે,...**' પહેલી હોય છે એમ કહે છે. સમ્યગ્દર્શનમાં જ અંતરાત્મા જ્યાં પ્રગટ્યો, અંતરાત્મા જે વસ્તુ છે અંદર, એની જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો તે કાળમાં શુભ અને અશુભ હેય છે એમ અનુભવમાં આવ્યું. બેય છોડવા લાયક છે દૃષ્ટિ થઈ છે.

'**પણ તે બંને એક સાથે છોડી શકાતા નહિ...**' આટલો ફેર. ક્રમ પાડવો છે ને? બંને એક સાથે છોડી શકાય નહિ. '**તે પ્રથમ અશુભભાવરૂપ અવ્રતોને છોડી શુભભાવરૂપ વ્રતોમાં અતન્મય ભાવે વર્તે છે.**' એકાકાર ભાવે વર્તતો નથી. આહાહા..! શુભભાવમાં મુનિ કે સમકિતી અતન્મયપણે વર્તે છે. રાગના સ્વભાવને એકપણે માનીને વર્તતો નથી. આહાહા..! કહો, પ્રેમચંદભાઈ! આવી વાત ક્યાં છે? આહાહા..! મીઠા વેણલા મહેરામણ ડોલે છે અંદર, કહે છે. આહાહા..! તારો નાથ મીઠા મધુરા સ્વાદથી ભરેલો આત્મા છે. એની આ વીણા વગાડે છે અંદર. આહાહા..! કે જેને અવ્રતના ભાવમાં સમ્યગ્દર્શનની ભૂમિકામાં અવ્રત હોય છે, હવે એણે અવ્રતને છોડીને શુભમાં આવવું. કેમકે અવ્રતને છોડવું અને શુભમાં આવવું... એક સમયમાં બે ભેગું ન થાય કે અવ્રતનેય છોડું અને વ્રતનેય

છોડવું. પહેલું અવ્રત એને હોય છે.

'**અશુભભાવરૂપ અવ્રતોને છોડી શુભભાવરૂપ વ્રતોમાં અતન્મય ભાવે વર્તે છે. પછી પુરુષાર્થ વધારી...**' જુઓ! એટલે કે પૂર્ણાનંદનો નાથ પુરુષાર્થનો પિંડ છે તેને પર્યાયે આશ્રય લઈને.. આહાહા..! ત્રિકાળી પુરુષાર્થનો પિંડ પ્રભુ એને વર્તમાન પુરુષાર્થની પર્યાયે એનો આશ્રય લઈને પરમ '**વીતરાગ પદની પ્રાપ્તિ માટે આ શુભભાવરૂપ વ્રતોનો પણ ત્યાગ કરે છે.**' એટલે ઉગ્ર આશ્રય ભગવાનનો લે છે પોતાનો, એટલે વિકલ્પ તેને શુભ રહેતો નથી. શુભ ઉત્પન્ન થતો નથી એમ કહે છે. એણે વ્રતને છોડ્યું એમ કહેવામાં આવે છે. આહાહા..!

એકકોર કહેવું સમયસારમાં ૩૪ (ગાથા). રાગનો ત્યાગ કર્તા કહેવું એ પરમાર્થે વાત સાચી નથી. ૩૪. આહાહા..! રાગનો ત્યાગ આત્મા કરે એ પરમાર્થે સાચું નથી. અહીં કહે કે વ્રતનો ત્યાગ... આહાહા..! કઈ અપેક્ષાએ છે? કે એણે આગળ વધીને ભગવાનનો ઉગ્ર આશ્રય લઈને, વ્રતનો વિકલ્પ ઉત્પન્ન ન થાય, એવી ભૂમિકા એણે અંગીકાર કરવી. આહાહા..! આવી વાતું છે. સંપ્રદાયમાં આવી વાત ચાલતી નથી.

અત્યારે તો દિગંબર સંપ્રદાયમાં ગોટા ઉઠ્યા છે બધા. શ્વેતાંબર, સ્થાનકવાસી, શ્વેતાંબરમાં તો એ વાત જ નથી આવી. એના શાસ્ત્રમાં જ આવું નથી. કારણ કે એ શાસ્ત્રો બધા કલ્પિત બનાવ્યા છે. આ તો ભગવાનના કહેલાં શાસ્ત્રો છે. એના વાડામાં પણ ઠેકાણા વિનાનું થઈ ગયું છે અત્યારે તો. સમ્યગ્દર્શન વિના આ વ્રત લેવા અને એના પચ્ચખાણ. માને છે હોં. અહીંયાં તો સંપ્રદાયની વાત (નથી), આ તો વસ્તુની છે. આહાહા..!

**વિશેષ :—** '**જ્યાં સુધી સમ્યગ્દષ્ટિ શુદ્ધોપયોગ ન પરિણમે,...**' જોયું! સમ્યગ્દષ્ટિ. આત્માની દષ્ટિ અનુભવ થઈ છે. અને આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. આહાહા..! એ '**ત્યાં સુધી તેને અશુભથી બચવા માટે પૂજા, ભક્તિ, વ્રત, તપ, સંયમ, શીલાદિના શુભ ભાવ આવે છે,...**' આહાહા..! અશુભથી બચવા એ પંચાસ્તિકાયમાં આવી ગયું છે. અશુભ વંચનાર્થં અને અસ્થાને રાગ ન જાય એ માટે એવો શુભભાવ હોય છે. પણ છે એ આસ્રવ. બંધનું કારણ. એ પૂજા, ભક્તિ, વ્રત, તપ, સંયમ-ઇન્દ્રિયનો દમન કરવો. આહાહા..! શીલાદિક-રાગની મંદતા આદિનો સ્વભાવ એ શુભભાવ આવે છે.

'**પરંતુ તેમાં તેને હેયબુદ્ધિ વર્તે છે.**' આહાહા..! સમ્યગ્દષ્ટિને, સાચી દષ્ટિ જેને પૂર્ણાનંદનો નાથ પૂર્ણ છે, ત્રિકાળ સ્વભાવ છે એ ચૈતન્ય સ્વભાવ છે એવું જ્યાં દષ્ટિમાં અનુભવ્યું છે, એને આ ભાવ આવે, પણ એ હેયબુદ્ધિએ હોય છે. કેમકે વ્રતનો વિકલ્પ ખરેખર તો અજીવ અને અચેતન છે. આહાહા..! એ ચેતનના સ્વભાવનો આદર કરનારને, ચૈતન્ય સ્વભાવનો જ્યાં આદર છે. આહાહા..! ત્યાં આગળ એવા અચેતનભાવનો આદર હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી ધર્મકથા. હવે આવી કેવી કથા? ધર્મકથા એ છે. એ શુભભાવને ધર્મ માને એ અધર્મકથા છે. શુભભાવથી ધર્મ થાય, પૂજા, ભક્તિ, વ્રત, તપ, સંયમ તેનાથી ધર્મ થાય એમ જે માને એ તો એની બુદ્ધિ

મિથ્યાત્વ છે. આહાહા..! એ અધર્મબુદ્ધિ છે. એ કથા પણ વિકથા છે, એ ઉપદેશ પણ કુકથા છે કહે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્યાં સુધી સમ્યગ્દષ્ટિ શુદ્ધોપયોગરૂપ ન પરિણમે,...**' એટલે શુભ-અશુભરહિત જેવો વસ્તુનો સ્વભાવ એવો જ શુદ્ધોપયોગનું આચરણ ન કરે. આહાહા..! '**ત્યાં સુધી તેને અશુભથી બચવા માટે...**' ભગવાનની પૂજા હોય છે. આ નંદીશ્વર દ્વીપ ને ચાલે છેને અત્યારે જુઓને. એ ભાવ શુભ છે. ઈન્દ્રો પણ નંદીશ્વર દ્વીપે જાય છે આઠ દિ' એ તો ભાવ શુભ છે, આસ્રવ છે. ધર્મ નહિ. તેમ ધર્મનું કારણ પણ નહિ. એ 'હેયબુદ્ધિએ વર્તે છે. તેને તે ધર્મ માનતો નથી.' આહાહા..!

સમ્યગ્દષ્ટિ જીવ સત્યદષ્ટિ, સત્યસાહેબ પૂર્ણાનંદના નાથની જેને દષ્ટિ થઈ છે એ સત્‌સ્વરૂપ છે તેને તે રીતે દષ્ટિ સત્‌દષ્ટિ છે. તે જીવ શુભભાવને ધર્મ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેટલી ભાષા લીધી જોયું! ઓલામાં તો વિચાર સુદ્ધા... કળશટીકામાં નાખ્યું છે. વિચાર શબ્દે વિકલ્પ છે.

'**સમ્યક્‌ત્વ વિના વ્રતાદિના શુભ વિકલ્પોને વ્યવહારથી ચારિત્ર નામ પણ પ્રાપ્ત થતું નથી,...**' આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં અનંત ગુણનો પિંડ પ્રભુ, અનુભવમાં દષ્ટિમાં આવ્યો નથી અને જેની દષ્ટિ પર્યાય ઉપર છે એવા '**સમ્યક્‌ત્વ વિનાના વ્રતાદિના શુભ વિકલ્પને વ્યવહારથી ચારિત્ર નામ પણ પ્રાપ્ત થતું નથી.**' આહાહા..! સમજાણું કાંઈ? સત્‌દષ્ટિ વિના સત્‌સ્વરૂપ ભગવાન પૂર્ણ શુદ્ધ એ સત્ છે. એની અપેક્ષાએ વિકલ્પ આદિ બધા અસત્ અચેતન છે. આહાહા..! એવી ચૈતન્યની દષ્ટિ વિના '**વ્રતાદિના શુભ વિકલ્પોને વ્યવહારથી ચારિત્ર નામ પણ પ્રાપ્ત થતું નથી,...**' જેને આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, અનુભવમાં દષ્ટિમાં આવીને સ્વાદ જેણે ચાખ્યા છે. એને અશુભભાવ ને શુભભાવ... શુભભાવને વ્યવહાર ચારિત્રની ઉપમા કહેવામાં આવે છે. વ્યવહાર. છે બંધનું કારણ.

'**મિથ્યાદષ્ટિના શુભ વિકલ્પોને તો વ્યવહારથી પણ ચારિત્ર કહેતા નથી,...**' જેની દષ્ટિ જ સત્ય નથી. આહાહા..! ભગવાન સત્યસ્વરૂપ પ્રભુ, એનો જેને આશ્રય લીધો નથી અને પર્યાય બુદ્ધિમાં પર્યાયનો આશ્રય લઈને પડ્યો છે એના આવા શુભભાવને પણ વ્યવહાર ચારિત્ર કહેવામાં આવતું નથી. આહાહા..! '**તે બાળવ્રત...**' અને બાળ '**તપાદિ કહેવાય છે.**' મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ. આહાહા..! જ્યાં ભગવાન જાગતી જ્યોત, ચૈતન્ય જેની દષ્ટિમાં આવ્યો નથી એને આવા વ્રત-તપના વિકલ્પને, બાળ વ્રત અને બાળતપ કહેવામાં આવે છે. આવો માર્ગ વીતરાગનો બાપુ! માર્ગ એવો છે.

'**તેવા શુભ વિકલ્પો સંસારનું કારણ છે.**' મિથ્યાદષ્ટિના વ્રતાદિના ભાવ એ બધા સંસારરૂપ છે. અરે.. સમ્યગ્દષ્ટિના શુભભાવ સંસાર છે. આહાહા..! જેટલી નિર્મળ દષ્ટિ દ્રવ્યને આશ્રયે થઈ, સમજાણું? એટલો અસંસાર. અને શુભભાવ એને થાય એ મુનિને પંચ મહાવ્રતનો વિકલ્પ એ સંસાર છે. જગપંથ છે એમ કીધું છે ને? સમયસાર નાટકમાં. ઉત જગપંથ. આહાહા..! આવે, હોય, પણ

એ સંસારના ભવ કરવાનો એ માર્ગ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'મોક્ષનું કારણ નથી,...'** એ વ્રત ને તપ ને ઈન્દ્રિય દમન અને આત્માના અનુભવ સમ્યક્ વિના એ બધા બાળવ્રત અને બાળતપ છે. આહાહા..! આ વર્ષીતપ કરે છે. નથી કરતી બાયું? શેઠિયાની વહુ ને આ બધા મોટા મોટા. એ બધા બાળવ્રત અને બાળતપ છે. સમજાણું? જેને હજી દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા એની ખબર નથી. અને આત્મા કેવો એની પણ ખબર નથી. એવા ખબર વિનાના માણસો વ્રત, તપ કરે તે બાળવ્રત અને બાળતપ મૂર્ખાઈ ભરેલા વ્રત છે. આહાહા..! આવું સમાજમાં મૂકાતું હશે? આ શું મૂક્યું છે? આચાર્યે સમાજમાં મૂક્યું છે કે ગુપ્ત રાખ્યું છે આ? બંધ અધિકારમાં નથી આવ્યું? એ આણે મૂક્યું છે. બાળવ્રત અને બાળતપ. બંધ અધિકારમાં છે. આહાહા..!

ચૈતન્યના શાંતિ સ્વભાવનો આશ્રય લઈને જે શાંતિ પ્રગટી છે એ શાંતિના પગલા જેને આગળ વધ્યા છે. એવા જીવને પણ જ્યારે શુભભાવ આવે, તો એને સંસાર કહેવાય. આહાહા..! તો જેને હજી શાંતિના ઘર જોયા નથી, શાંતિના પગલે ચાલ્યો નથી. એને એવા શુભભાવ તો એકલા મૂર્ખાઈ ભરેલા છે કહે છે. આહાહા..! મેળ ન ખાય ભાઈ! આ દુનિયા સાથે મેળ ન ખાય. સમન્વય કરો.. સમન્વય કરો... કોની સાથે સમન્વય? આ ૨૫૦૦ વર્ષમાં બહુ ચાલ્યું છે અત્યારે. સમન્વયનું ને આ ને તે ને. જેને ઠીક લાગે એવા પુસ્તકો બનાવે છે. હુકમચંદજી પંડિત અને આપણા હિંમતભાઈ. ત્યાં હુકમચંદજી આવે છે. એના શાસ્ત્રો રચાણા. બહુ સરસ. ૨૫૦૦ વર્ષના નામે એમણે પણ કર્યા છે. શું કીધું? સર્વોદય? ભગવાન મહાવીર ને સર્વોદય (તીર્થ) એ ને? હુકમચંદજી જયપુર. ભગવાનનો જે માર્ગ છે તેને પુષ્ટિવાળું શાસ્ત્ર હોય કે એનાથી ઊંધું હોય એને શાસ્ત્ર કહેવાય? આહાહા..!

મુમુક્ષુ :- અનેકાંત છે ને?

ઉત્તર :- અનેકાંત એવું. આનાથી થાય અને આનાથી ન થાય એ અનેકાંત છે. શુભથી પણ થાય અને શુદ્ધથી પણ થાય, એ એકાંત મત મિથ્યાદૃષ્ટિનો છે. સમજાણું? સમન્વય કરો. પણ ભગવાનનો માર્ગ જ સમભાવી જે છે, એવું જેને બેઠું નથી, ઊંધું બેઠું. એની સાથે સમન્વય શી રીતે કરવો? આહાહા..! .. રાખે સંસાર. બીજું શું? બીજાની સાથે શું કામ છે? જાણે કે આવો માર્ગ છે. એથી એની સાથે વેરવિરોધ ન હોય. ભૂલ્યો છે તે પર્યાયમાં ભૂલ્યો. વસ્તુ તો છે એ છે. આહાહા..!

અહીં તો કહે છે કે **'મોક્ષનું કારણ નથી, છતાં કોઈ તેને મોક્ષનું પરંપરા પણ કારણ માને...'** ખુલાસો વધારે કરે છે. સમ્યગ્દૃષ્ટિના શુભભાવને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે શાસ્ત્રમાં. કઈ અપેક્ષાએ? કે અત્યારે અશુભ છોડ્યું છે અને પછી શુભ છોડશે એ અપેક્ષાએ પરંપરા. પણ શુભ પોતે પરંપરા કારણ છે, એમ નથી. છે ને બાર ભાવના કુંદકુંદાચાર્યની. એમાં તો કહ્યું છે કે આસ્રવ પરંપરા અનર્થનું કારણ છે. એવો શ્લોક છે. થઈ ગયો છે. બાર ભાવનાનું. શુભભાવ પણ અનર્થનું કારણ છે. આહાહા..!

૭૪માં આવ્યું નહિ? કર્તાકર્મમાં. શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે. કેમકે શુભથી પુણ્ય બંધાશે અને એનાથી સંયોગી ચીજ મળશે. અને સંયોગ ઉપર લક્ષ જશે એટલે

રાગ જ થશે એને. સ્વભાવના આશ્રય વિના જેટલો સંયોગ ઉપર લક્ષ જશે. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! કહે છે કે એવા પુણ્ય બંધાય શુભથી કે ભગવાનની વાણી મળે, સમવસરણ મળે, પણ એ તો સંયોગી ચીજ થઈ. અને એના ઉપર લક્ષ જશે એટલે એને રાગ જ થશે. ભલે શુભરાગ થાય, પણ એ છે રાગ અને દુઃખ. આહાહા..! સમજાણું? એ વિશેષ કહેશે... '**માને તો તે તેની મૂળમાં ભૂલ છે.**' વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

कुतोऽव्रत-व्रतविकल्पपरित्यागे परमपदप्राप्तिरित्याह–

यदन्तर्जल्पसंपृक्तमुत्प्रेक्षाजालमात्मनः।
मूलं दुःखस्य तन्नाशे शिष्ठमिष्टं परं पदम्।।८५।।
અંતર્જલ્પે યુક્ત જે, વિકલ્પ કેરી જાળ,
તેદુઃખમૂળ,તસનાશથી,ઈષ્ટ-પરમ-પદલાભ.૮૫.

टीका :- यदुत्प्रेक्षाजालं चिंताजालं कथम्भूतं? अन्तर्जल्पसंपृक्तं अन्तर्वचनव्यापारोपेतं। आत्मनो दुःखस्य मूलं कारणं। तन्नाशे तस्योत्प्रेक्षाजालस्य विनाशे। इष्टमभिलषितं यत्पदं तच्छिष्टं प्रतिपादितम्।।८५।।

---

**અવ્રત-વ્રતના વિકલ્પનો પરિત્યાગ કરતાં પરમપદની પ્રાપ્તિ શી રીતે થાય? તે કહે છે :-**

**શ્લોક – ૮૫**

**અન્વયાર્થ :- (अन्तर्जल्पसंपृक्तं) અંતરંગ જલ્પયુક્ત (यत् उत्प्रेक्षाजालं) જે વિકલ્પજાળ છે તે (आत्मनः) આત્માના (दुःखस्य) દુઃખનું (मूलं) મૂળ-કારણ છે. (तन्नाशे) તેનો એટલે વિકલ્પજાળનો નાશ થતાં (इष्ट) હિતકારી (परमं पदं शिष्टम्) પરમ પદની પ્રાપ્તિ થાય છે— એમ પ્રતિપાદન કર્યું છે.**

**ટીકા :- જે ઉત્પ્રેક્ષાજાલ એટલે વિકલ્પજાળ છે, તે કેવી છે? અન્તર્જલ્પથી યુક્ત અર્થાત્ અંતરંગ વચન-વ્યાપારથી યુક્ત છે, તે આત્માના દુઃખનું મૂળ એટલે કારણ છે. તેનો નાશ થતાં અર્થાત્ તે ઉત્પ્રેક્ષાજાળનો (વિકલ્પજાળનો) નાશ થતાં, જે પદ ઈષ્ટ એટલે અભિલષિત છે (જે પદની અભિલાષા કરવામાં આવી છે) તે શિષ્ટ છે અર્થાત્ તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.**

**ભાવાર્થ :- અંતરંગ જલ્પ (સૂક્ષ્મ વચન-પ્રવૃત્તિ) યુક્ત જે અનેક પ્રકારના વિકલ્પરૂપ કલ્પનાજાળ છે તે સંસારી આત્માને દુઃખનું મૂળ છે. તેનો નાશ થાય તો જ પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાય.**

**આ જીવ પોતાના ચિદાનંદમય પરમ અતીન્દ્રિય અવિનાશી નિર્વિકલ્પ સ્વરૂપને ભૂલી,**

જ્યાં સુધી બાહ્ય વિષયોના લક્ષે દુઃખોના મૂળ કારણભૂત અંતર્જલ્પરૂપ અનેક વિકલ્પોની જાળમાં ફસાયેલો રહે છે, ત્યાં સુધી તેને સુખમય પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થતી નથી. તે પદની પ્રાપ્તિ તો તેને હોય જે અંતર્જલ્પરૂપ વિકલ્પોની જાળનો સર્વથા ત્યાગ કરી પોતાના ચૈતન્ય ચમત્કારરૂપ વિજ્ઞાનઘન આત્મામાં લીન થઈ જાય.

વિશેષ

હિંસાદિ અવ્રતરૂપ અશુભ વિકલ્પો અને અહિંસાદિ વ્રતરૂપ શુભ વિકલ્પો-બંને પ્રકારના વિકલ્પો રાગ-દ્વેષાદિરૂપ હોવાથી આત્મસ્વરૂપના ઘાતક છે. ભગવાનની પૂજા-ભક્તિ, અણુવ્રત મહાવ્રતાદિ તથા તપાદિ કરવાના ભાવ પણ શુભ વિકલ્પ છે. આ સમસ્ત શુભ-અશુભ વિકલ્પોથી હઠી ઉપયોગ જ્યારે આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે જ પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાય છે.

''આત્માને આત્મા વડે બે પુણ્ય-પાપરૂપ શુભાશુભ યોગોથી રોકીને દર્શન-જ્ઞાનમાં સ્થિત થઈ અને અન્ય વસ્તુની ઇચ્છાથી વિરમી (અટકી) જે આત્મા (ઇચ્છારહિત હોવાથી) સર્વ સંગથી રહિત થઈ પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે – કર્મ અને નોકર્મને ધ્યાતો નથી, પોતે ચેતયિતા (દેખનાર-જાણનાર) હોવાથી એકત્વને જ ચિંતવે છે-ચેતે છે-અનુભવે છે, તે આત્મા આત્માને ધ્યાતો, દર્શન-જ્ઞાનમય અને અનન્યમય થઈ અલ્પકાળમાં જ કર્મથી રહિત આત્માને પામે છે.''૧

''...વસ્તુસ્વરૂપને જેમ છે તેમ જાણીને જ્યાં જ્ઞાન તેમાં એકાગ્ર થાય ત્યાં રાગ કે વિકલ્પની ઉત્પત્તિ જ થતી નથી; એનું નામ જ ચિત્તનો નિરોધ. આ સિવાય 'હું ચિત્તને રોકું, હું વિકલ્પને રોકું' એવી નાસ્તિના લક્ષે કાંઈ વિકલ્પ તૂટતો નથી, પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે. 'હું ચૈતન્યમાત્ર સ્વભાવ છું' એમ અસ્તિત્વભાવ તરફ જ્ઞાનનું જોર આપતાં ચિત્તનો નિરોધ સહેજે થઈ જાય છે, સ્વભાવની એકાગ્રતાના જોરે રાગનો-વિકલ્પનો અભાવ થઈ જાય છે; માટે પહેલાં વસ્તુના સ્વભાવને બધાં પડખાથી જેમ છે તેમ જાણવો જોઈએ.

જ્યાં શ્રુતજ્ઞાનને સન્મુખ વાળીને અંદર સ્વભાવમાં એકાગ્ર કર્યું ત્યાં સર્વ વિકલ્પો સ્વયં વિલય થાય છે અને અનંત ધર્મોનો ચૈતન્ય-પિંડલો સ્વસંવેદનમાં આવી જાય છે.'' ૮૫.

---

૧. શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ-ગાથા ૧૮૭, ૧૮૮, ૧૮૯.

૨. નયપ્રજ્ઞાપન-પૃ.૮,૨૩.

**અષાઢ સુદ ૧૫, બુધવાર તા. ૨૩-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૮૫**
**પ્રવચન - ૯૮**

૮૫ આવી છે ને? '**અવ્રત-વ્રતના વિકલ્પનો પરિત્યાગ કરતાં પરમપદની પ્રાપ્તિ શી રીતે થાય? તે કહે છે :—**'

**यदन्तर्जल्पसंपृक्तमुत्प्रेक्षाजालमात्मनः।**
**मूलं दुःखस्य तन्नाशे शिष्टमिष्टं परं पदम्।।८५।।**
**અંતર્જલ્પે યુક્ત જે, વિકલ્પ કેરી જાળ,**
**તે દુઃખમૂળ, તસ નાશથી, ઈષ્ટ-પરમ-પદલાભ. ૮૫.**

'**ટીકા :- જે ઉત્પ્રેક્ષાજાળ એટલે વિકલ્પજાળ છે,...**' આહાહા..! ભગવાન આત્મામાં જેટલા અંતરમાં વિકલ્પ ઊઠે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કે—આવા આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય એવા વિકલ્પ જે ઊઠે એ દુઃખનું કારણ છે. આહાહા..! એ વિકલ્પજાળ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ, એને પ્રાપ્ત કરવા માટે આ બધી વિકલ્પની જાળ એણે છોડવી પડશે. આહાહા..! એ વિના આત્માની પ્રાપ્તિ નહિ થાય. આહાહા..!

ઉત્પ્રેક્ષા એટલે વિકલ્પ. ચાહે તો શાસ્ત્રને સાંભળવાનો વિકલ્પ હોય. જુઓ એક બાજુ એમ કહે, 'આગમચેટ્ઠા તદો જેટ્ઠા' આવે છે? પ્રવચનસાર (ગાથા ૨૩૨). ચરણાનુયોગ. એકકોર એમ કહે કે દિવ્યધ્વનિથી પણ આત્માને આત્માનું જ્ઞાન થાય નહિ. પરમાત્મપ્રકાશ. નિમિત્ત છે એ અપેક્ષાએ એનું જ્ઞાન કરાવ્યું, બાકી ભગવાનની વાણી સાંભળે એ તો વિકલ્પ છે અંદર અને એનાથી પરદ્રવ્યથી અહીંયાં જ્ઞાન થાય એમ નથી. આહાહા..! બહુ ઝીણું બાપા! એને જેને જન્મ-મરણ મટવા... જેને જન્મ-મરણથી છૂટવું છે, એનો ઉપાય એ પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા છે. એને વિકલ્પની જાળથી રહિત અનુભવ કરવામાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત થાય, ધર્મની વૃદ્ધિ થાય અને ધર્મની પૂર્ણતા થાય. સમજાણું કાંઈ? આ જગતને ક્યાં પડ્યા છે અને શું છે એ ખબર પણ નથી. અહીં તો જાણે કે કાંઈક અહીંથી મળી જશે, અહીંથી મળી જશે. દેવ-ગુરુ અને શાસ્ત્રથી મળી જશે આત્મા. અહીં તો ના પાડી છે.

મુમુક્ષુ :- બીજે ક્યાંય હા પાડી છે?

ઉત્તર :- બીજે હા પાડી છે ને આ કીધી ને. 'આગમચેટ્ઠા તદો જેટ્ઠા' ત્યાં વળી બીજી ગતિ નથી એમ છે. એ આ પદાર્થનું જ્ઞાન થવામાં સર્વજ્ઞ ભગવાને જે આગમ કહ્યા, એની ચેષ્ટા તે જયેષ્ઠ છે. બીજો કોઈ ઉપાય નથી. આવે છે ને? બીજી કોઈ ગતિ નથી એમ આવે છે. આહાહા..! કઈ

અપેક્ષા છે? બાપુ! એને પરલક્ષી જ્ઞાન કરવામાં એ વીતરાગની વાણી એ જ નિમિત્ત હોય. બીજું કોઈ નિમિત્ત હોઈ શકે નહિ. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ અરિહંત તીર્થંકર જેને ત્રિકાળ જ્ઞાન છે, એની વાણીને પરમ આગમ કહીએ અને એ પરમ આગમ, આગમ ને પરમાગમ. આગમ એટલે જીવના ભેદો ને કર્મના ભેદનું વર્ણન તે આગમ છે. અને એકલા આત્મ અધ્યાત્મની વાતનું સ્વરૂપ તે પરમ આગમ છે. એ બધા પરમ આગમ અને આગમ.. એ આત્મામાં નિમિત્ત થવામાં પરમ આગમ જ એક ચીજ છે. એમ બતાવવું છે. પણ એથી પરમ આગમનું લક્ષ કરીને જે જ્ઞાન થાય, તે જ્ઞાનથી આત્મા પમાય એમ નથી. આહાહા..! ભારે ઝીણી વાત ભાઈ! હજી આ તો ધંધા આડે નવરા થતા નથી. એય..! કેશુભાઈ! આ બાયડી છોકરા સાચવવા, એનું આ કરવું, મોટા કરવા, એને પાલવવા.. આહાહા..! એને પરણાવવાના પાછા. મારી નાખ્યો છે જીવને. પરની કલ્પનાની જાળમાં કરી શકે નહિ કાંઈ. કલ્પનાની જાળે જીવને રોકી દીધો.

અહીં તો એથી આગળ વાત લઈ જાય છે. કે અંતરમાં આ આત્મા દ્રવ્ય છે ને આ ગુણ છે ને આ પર્યાય છે ને, ત્રિકાળી તે વસ્તુ છે એની શક્તિઓ તે સ્વભાવ છે, ભાવવાનનો ભાવ છે અને એની વર્તમાનદશા તે પર્યાય—એવો વિકલ્પ જે ઊઠે છે. આહાહા..! એ અંતર વચન-વ્યવહાર છે કહે છે. કહેશે અહીંયાં. છે અંદર છે? અંતર્જલ્પ અંતર વચન વ્યાપાર. આમ બોલવું વાણીથી એ તો જડ છે. આમ ભાષા છે એ તો જડની છે, પણ બોલવામાં જે વિકલ્પ છે રાગ એ જાળ રાગની છે. આહાહા..! પણ આ તો અંતર્જલ્પ કીધો છે અહીં તો. એનું સ્વરૂપ જે પરમાત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ આનંદ અને જ્ઞાન એનો એ સાગર ભગવાન આત્મા છે અંદર. આહાહા..! એને આ ભેદ પાડીને વિકલ્પ કરવો.. આહાહા..! એ વિકલ્પજાળથી પણ આત્મા પમાય એવો નથી. આહાહા..!

મુમુક્ષુ :- એ તો દુઃખનું કારણ છે.

ઉત્તર :- દુઃખરૂપ વિકલ્પ છે ને. આકરી વાત છે, ભાઈ! અનંતકાળમાં એને ધર્મ કેમ થાય? એ વાત વાસ્તવિક રીતે એણે કરી જ નથી. આહાહા..! આ દુનિયાના હેરાન-હેરાન ભાવમાં.

જુઓને અહીંયાં તો કહે છે '**તે કેવી છે? અંતર્જલ્પથી યુક્તથી અર્થાત્ અંતરંગ વચન-વ્યાપારથી યુક્ત છે.**' અંતરંગ વચન-વ્યાપારથી યુક્ત છે. અંતરનો એ વચનનો વેપાર છે, ભલે વાણીનો વેપાર બંધ થઈને મૌન પડ્યો બેઠો હોય. આહાહા..! પણ ભગવાન આનંદનું પ્રભુ સ્વરૂપ છે. એ આનંદ અને જ્ઞાનનો એ ગંજ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. એને અંતર્જલ્પ દ્વારા, વિકલ્પ દ્વારા પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. કેમકે એ વિકલ્પો તે અંતર વચનનો વેપાર છે અને દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવી ક્યાં અંદર? મહેનત આવી કરવી અશક્ય નથી, પણ છે દુર્લભ.

વસ્તુ છે એ પોતે ભગવાન આત્મા સિદ્ધ સ્વરૂપી નિર્વિકલ્પ અભેદ ચીજ છે. આહાહા..! પરમાત્મપ્રકાશમાં તો ત્યાં સુધી લીધું એક ઠેકાણે, નહિ? લિંગ એનું સ્વરૂપ નથી. આ તો ઓલા

લિંગ આવ્યું હતું ને? લિંગ આપણે ચાલે છે ને? પણ એ લિંગમાં તો ભાવ નિર્વિકલ્પદશા જે છે, નિર્વિકલ્પદશા, ભાવલિંગ. એ પણ એનું સ્વરૂપ નથી. પર્યાય છે ને એટલે. લીધું છે ને? આહાહા..!

અહીં તો વિકલ્પજાળની વાત છે. કે અંદર આવો છું ને તેવો છું, પૂર્ણ છું ને શુદ્ધ છું, ધ્રુવ છું ને અભેદ છું, એક છું ને અખંડ છું. આહાહા..! એવો જે વિકલ્પ ઊઠે છે એ અંતર વેપાર છે એ વચનનો વેપાર છે. એ વિકલ્પ છે એ દુઃખરૂપ છે. આહાહા..! બહુ કામ. એણે કાંઈ દરકાર જ કરી નથી. હું કોણ છું? કેમ પ્રાપ્ત થાય? એની દરકાર જ કરી નથી અનંતકાળમાં. આહાહા..! એમ ને એમ ચોર્યાસીની ઘાણીમાં પીલાયો છે.

મુમુક્ષુ :- મોજમજા કરે.

ઉત્તર :- ધૂળેય નથી. એ તો હું હમણા કહેવાનો હતો કે આ પૈસાવાળા કહેવાય આ. પાંચ-પચાસ લાખ પૈસા હોય અને છોકરા પાંચ-સાત મોટા, ચાર-ચાર-પાંચ હાથના લાંબા, બબ્બે લાખ પેદાશ કરતા હોય અને સુખી. ધૂળેય નથી. દુઃખી છે બિચારા એ.

મુમુક્ષુ :- દુઃખી અને બિચારા બેય.

ઉત્તર :- બિચારા રાંકા છે એ. એ વરાકા કીધું છે. એય..! આ રહ્યા જાદવજીભાઈ જુઓને. ઘણા લાખોપતિ છે. ઓલો છોકરો ના પાડે છે. ભાઈ ગયા? જયંતિભાઈ. હવે એનો દિકરો જયંતિભાઈ હુંડીનો ધંધો કરે ત્યાં. ઘણા લાખોપતિ. હવે એનો દીકરો ના પાડે છે. એ કહે મારે ધંધો કરવો નથી, મારે પરણવું નથી.

મુમુક્ષુ :- એ આત્માનો ધંધો કરવાનું તો કહે છે.

ઉત્તર :- હા એ કહે છે. આ નહિ. જાદવજીભાઈએ કર્યો અને જયંતિભાઈએ એના બાપે કર્યો એ મારે કરવો નથી હવે. એ બધી હા પાડે. એય.. કેશુભાઈ! એનો પૌત્ર છે ને દિલીપ-દિલીપ. મળ્યો છે કોઈ દિ'? જોયો નહિ હોય. અહીંયાં આવે છે. ૧૬ વર્ષની ઉંમર છે. ૧૭મું ભાદરવે બેઠું. એને તો કહે, ના. આપણે લગન કરવા નથી જાવજીવ. અને બાપના પૈસાના ધંધાના આપણે ધંધા કરવાના નથી. બાપુ! આ ધંધો જુદી જાત છે, ભાઈ! આહાહા..! આવા મનુષ્યપણાના ટાણા મળ્યા, એમાં જો આત્મા શું ચીજ છે એની જો પ્રાપ્તિ દૃષ્ટિમાં, અનુભવમાં ન આવી એ ચોર્યાસીના અવતારમાં રખડવાનું છે. એ શેઠિયા મોટા મરીને પણ ઢોરમાં જવાના પાછા. સમજાણું કાંઈ? આહાહા..! કોને પડી છે દરકાર?

મુમુક્ષુ :- ઢોર થાય એ ઘરડા થાય ત્યારે ખાટકી ને ત્યાં જશે.

ઉત્તર :- એ મોકલે ત્યાં ખાટકીને ત્યાં જશે એ. એય.. ગીરધરભાઈ! આહાહા..!

આહાહા..! અમારે કુંવરજીભાઈને કહ્યું હતું ને. મેં કીધું બાપુ! ભાઈ! મને તો એવું લાગે છે. ઓહોહો..! આ તો ૬૬ની સાલની વાત છે. ૬૬ વર્ષ પહેલાં. ૬૬ વર્ષ પહેલાં, ૬૬ની સાલની વાત છે. ૧૯૬૬. ભાઈ! જુઓ આ જંજાળ આટલી એટલી લાગે છે મને. તે દિ' તો પાંચ હજારની પેદાશ હતી. વર્ષની બહુ વધારે નહોતી. પછી મરતા વધારે પેદાશ. બે લાખની પેદાશ. ભાઈ! મને

એવું લાગે છે. આ તમે મરીને... જાણે આપણે વાણિયા છીએ ને એટલે આપણે માંસ-દારૂ છે નહિ. એટલે વાણિયા નરકમાં તો નહિ જાવ. એય.. કેશુભાઈ! તેમ દેવમાં જવાના લક્ષણ દેખાતા નથી, ભાઈ હો મને. ઉંમર મારી ૨૦ની તે દિ' દેહની. ૨૦ વર્ષની ઉંમર. ૬૬ વર્ષ પહેલાની વાત છે. પણ ભગત કહેવાતાને એટલે કોઈ ના ન પાડે. ના ન પાડે. એ ભગત કહે એ સાંભળો. એની સામું બોલાય નહિ. નહિતર એ તો મારાથી મોટા હતા. ચાર વર્ષ. અત્યારે ૮૬. એને ૯૦. ખુશાલભાઈને ૯૦ વર્ષ. ખુશાલભાઈ અને કુંવરજી મોટા હતા. ભાઈ! આ શું છે? આ શું માંડી છે? આટલી આ મમતા-મમતા આખો દિ' રળવું... રળવું... રળવું... ગામમાં સાધુ આવે તો સાંભળવાનો યોગ નહિ. સાંભળવા જાય તો રાતના આઠે જાય. દુકાન બંધ કરીને. ઓલું શું કહેવાય? નામું-બામુ લખીને પછી સાધુ આવે. રાતોડીયા આવ્યા હોં શ્રાવક એમ બીજા બોલે. અરે.. શું છે કીધું આ? આવી વૃત્તિ? હવે એ પેદા થાય ને ધૂળ થાય. સવારના ઉઠે છ વાગે તે રાતના આઠ વાગ્યા સુધી. ૧૪ કલાક મજુરી કરે. એ મજુરી છે કે બીજું શું?

મુમુક્ષુ :- એ વિના પૈસા ક્યાંથી મળે?

ઉત્તર :- એ પૈસા એનાથી મળે છે? પુણ્ય હોય તો, પૂર્વના પુણ્ય હોય તો મળે છે.

અમારે આ મનહરના ક્યાં... ભાઈ પ્રેમચંદભાઈને ખબર નથી? મનહરને કેટલી બુદ્ધિ અને કેટલો સાધારણ છે. હવે એની પાસે ૬૦ લાખ થઈ ગયા ચાર વર્ષમાં. ૬૦ લાખ. કોક તો કરોડ કહેતું હતું ખાનગી. ૫૦-૬૦ લાખ તો છે. આપણે ફાવાભાઈનો દીકરો, ધીરૂભાઈ, મનહર છે ને. સુરતમાં છે. હવે બુદ્ધિ એવી સાધારણ છે. છોકરાની બુદ્ધિ સાધારણ છે અને ફાવાભાઈની સાધારણ, એના બાપની સાધારણ, એના બાપની સાધારણ. એટલું જાણીએ છીએ અમે તો. મનહર ધીરજલાલ, ધીરજલાલ ગાંડાલાલ, ગાંડાલાલ ફુલચંદ. ત્યાં સુધી જોયું છે અમે. અમે અહીં ૫૯માં ગયા પછી ગુજરી ગયા ત્યાં ડોસા. ગાંડાભાઈના બાપ. સાધારણ હતા બિચારા. અરે.. આ ચીજ છે એ પૈસા મળે એ કાંઈ ડહાપણથી મળે છે? નહિ કેશુભાઈ! હુશિયાર બહુ ધ્યાન રાખે તો મળે નહિ? ત્યાં મુંબઈ રોકાય તો મળે, અહીં રોકાય તો ત્યાં મળે એને પૈસા?

મુમુક્ષુ :- અહીંયાં તો ખરચવા પડે.

ઉત્તર :- આહાહા..! એ તો બાપુ રાગ થાય, રળવાનો રાગ થાય વિકલ્પ. પણ એ પૈસા આવે એ કોઈ રાગથી આવે છે? એ તો પૂર્વના પુણ્ય જ્યારે બાંધેલા એ ખરવાની તૈયારી હોય ત્યારે એવો સંયોગ આવી જાય છે, એમાં આત્માને શું? આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની વાણી પરમાગમની, સંતો જગત પાસે જાહેર કરે છે. ભગવાન! સાંભળ કહે છે. આહાહા..! એ બહારના ધંધાની ક્રિયા તો તારી છે નહિ, શરીરને હલાવવું અને વાણીને બોલવું એ પણ તારી ક્રિયા છે નહિ, પણ અંતરમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાનો રાગ થાય એ પાપ રાગ અને તે અધર્મ છે, એ દુઃખરૂપ છે, એ તારી ચીજ નહિ. આહાહા..!

અહીંયાં તો દયા, દાન, અને વ્રતના વિકલ્પ જે આવે એ પણ તારી ચીજ નહિ, પ્રભુ! એ તો દુઃખરૂપ ભાવ છે. આહાહા..! એથી આગળ જઈને અંતરમાં અખંડ પ્રભુ ચૈતન્યમૂર્તિ બિરાજે છે આત્મા, એને ભેદથી વિકલ્પમાં, વિચારમાં લાવવો એ વિકલ્પ પણ દુઃખરૂપ છે. આહાહા..! સુજાનમલજી! આહાહા..! બાપુ! ક્યાંય શરણ નથી ભાઈ! ભવસિંધુનો દરિયો મોટો ચોર્યાસીનો અવતાર. ભવસિંધુ. ઊંડે... ઊંડે... ઊંડે... ચોર્યાસીના અવતારમાં અનંતા ભવ કરીને મરી ગયો છે. આહાહા..! ખબર નથી એને. જરીક કાંઈક પાંચ-પચ્ચીસ લાખ પૈસા થાય, બાયડી, છોકરા કાંઈક ઠીક થાય, વેપાર ઠીક ચાલે તો એમ માને કે અમે સુખી છીએ. ધૂળેય નથી સુખી, સાંભળને હવે.

અહીં તો પરમાત્મા ત્યાં સુધી લઈ ગયા વાતને કે ભગવાન આત્મા નિર્વિકલ્પ ચીજ છે એને અંતર્મુખમાં પ્રાપ્ત કરવા માટે આવા જે વિકલ્પો જે છે ગુણ-ગુણીના ભેદના અંતર વિકલ્પ, વચન વ્યવહાર એ કામનો નથી, એ દુઃખરૂપ છે. આહાહા..! રોગ શરીરમાં આવે એ દુઃખરૂપ નથી. એ તો દુઃખમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? નિર્ધનતા શરીરમાં રોગ, દેહનું ઉત્પન્ન થવું અને દેહનો વિયોગ થવો એ કાંઈ દુઃખ નથી. એમાં સંયોગમાં 'આ સંયોગ મારો છે' એવી જે બુદ્ધિ એ દુઃખ. અને સંયોગનો વિયોગકાળે અરે.. મારી ચીજ ગઈ, એનાથી ગઈ, જાય છે. હું હવે મરી જાઉં છું, શરીરથી રહિત થાઉં છું, એવો જે વિકલ્પ છે એ દુઃખરૂપ છે. આહાહા..!

કહે છે, કે '**ઉત્પ્રેક્ષાજાળ એટલે વિકલ્પજાળ છે, તે કેવી છે? અંતર્જલ્પથી યુક્ત અર્થાત્ અંતરંગ વચન-વ્યાપારથી યુક્ત છે,...**' આહાહા..! એ વાંચવું છોડી દીધું, બોલવું છોડી દીધું. આહાહા..! બહારનું. પણ અંતરમાં એ વિકલ્પની જાળ ઉઠ્યા કરે છે. અંતર વચન વેપાર. એને અંતર વચન વેપાર કહ્યો. આહાહા..! એ જ્ઞાતા-દૃષ્ટા એવો ભગવાન આત્મા, નિર્મળાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વભાવથી ભરેલો પ્રભુ છે, એમાં આ વિકલ્પ ઊઠે કે આ હું આવો છું, આ તેવો છું, આ મારામાં રાગ નથી, રાગ વિનાની હું ચીજ છું, એવી જે વિકલ્પની જાળ ઊઠે છે. આહાહા..! પ્રેમચંદભાઈ! આવો માર્ગ છે. ત્યારે તમે કહો કે આવો એકકોર કહો અને વળી ભગવાનની મૂર્તિ, મંદિરો. એ શું? વળી એને પૂજવા, ભગવાનની પૂજા એ તો વિકલ્પ છે. ભાઈ! એ તો અશુભરાગને વંચનાર્થે એવો શુભભાવ આવે. પણ એ શુભભાવ પણ છે તો દુઃખરૂપ. આહાહા..!

આત્મા આનંદનો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એવો અનુભવ હોવા છતાં, અંદર ઠરી ન શકે ત્યારે અશુભના પાપથી બચવાના શુભભાવ હોય, પણ છે એ દુઃખરૂપ. આહાહા..! ત્યારે કહે કે દુઃખરૂપ હોય તો કરવા શું કરવા? પણ એ થયા વિના રહે નહિ. નબળાઈ છે. આહાહા..! ભગવાનના જન્મનો મહોત્સવ કરે ઇન્દ્રો. તાંડવ નાચ કરે છે ને? ભગવાન જન્મે વીતરાગ તીર્થંકરદેવ. કેવળી થવાના એ ભવમાં. આવે એટલે કુટુંબ ભેગુ થઈને, ઇન્દ્ર ઘુઘરા બાંધીને આમ નાચે. હવે છે સમકિતી, એકાવતા-રી. બહારમાં હરખ જેવું દેખાય છે આમ. વિકલ્પ છે ને? હરખ જાણી કરે છે ને. અંદરમાં એને એ દુઃખરૂપ લાગે છે. અરેરે..! આત્માના આનંદથી વિપરીત ભાવરૂપ લાગે છે. જેઠાભાઈ! આવું છે. ભારે માર્ગ બાપા! આહાહા..!

અરે.. એણે માર્ગની જાતને જાણી નહિ. માર્ગની રીત શું છે એ એને પિછાણી નહિ. એમ ને એમ અનંતકાળથી રખડી મરે છે. સાધુ થાય બહારથી બાયડી, છોકરા કુટુંબ છોડીને. એ પણ કહે છે કે અંતરના વિકલ્પ જાળથી છૂટે નહિ તો એણે કાંઈ છોડ્યું નથી. આહાહા..!

'**વચન-વ્યાપારથી યુક્ત છે, તે આત્માના દુ:ખનું મૂળ એટલે કારણ છે.**' આહાહા..! '**તેનો નાશ થતાં અર્થાત્ તે ઉત્પ્રેક્ષાજાળનો (વિકલ્પજાળનો) નાશ થતાં, જે પદ ઈષ્ટ...**' છે. આહાહા..! ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે એવો જે '**ઈષ્ટ અભિલષિત છે...**' ધર્મીને જે ઈષ્ટ છે, અભિલષિત છે. '**(જે પદની અભિલાષા કરવામાં આવી છે)...**' જે પદની અભિલાષા પૂર્ણ આનંદ સ્વરૂપ પ્રભુ આત્મા '**તે શિષ્ટ છે...**' ઈષ્ટ તે શિષ્ટ છે. એમ કહે છે. મોક્ષ વીતરાગીદશા વીતરાગીભાવ ઈષ્ટ છે અને એ જ શિષ્ટ છે '**અર્થાત્ તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.**' એ કહેવામાં આવ્યું છે કે પ્રભુ તારી વીતરાગદશા, પરમાનંદ દશા અભિલષિત છે તેને પ્રાપ્ત કર. એ વિકલ્પની જાળને છોડીને પ્રાપ્ત કર. વિકલ્પની જાળથી એ પ્રાપ્ત થશે નહિ. આહાહા..!

'**ભાવાર્થ :– અંતરંગ જલ્પ (સૂક્ષ્મ વચન-પ્રવૃત્તિ)...**' લ્યો! સૂક્ષ્મ જલ્પ અંદર. પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને અંતર્જલ્પથી... ઓલામાં નથી કહ્યું? જલ્પમાં વર્તે તે મિથ્યાદષ્ટિ નહિ? નિયમસારમાં આવ્યું હતું? આજે આવ્યું હતું. બહિર અને અંતર્જલ્પમાં વર્તે તે બહિર્ આત્મા છે. આહાહા..! જુઓને વાણી તો જુઓ! અંતર્જલ્પ અને બહિર્માં વર્તે. એમાં વર્તે અને એનું વર્તન મારું છે એમ માને, એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! એટલે માણસને આ સોનગઢની વાત એવી લાગે છે ને. કે એ બધી નિશ્ચયની-નિશ્ચયની.

મુમુક્ષુ :- નિશ્ચયનો અર્થ સત્ય.

ઉત્તર :- એ નિશ્ચયનો અર્થ સત્ય અને વ્યવહારનો અર્થ અસત્ય અને ઉપચાર કથન કરવા. આહાહા..!

ઓલા કહેતા હતા ને તે દિ' ત્યાં. આ વ્રત ને તપસ્યા ને ભક્તિ ને પૂજા એ ભાવને તમે ધર્મ કહેતા નથી તો ગલતીથી લોકોનું કલ્યાણ અટકી જાય છે. જામનગરમાં આવ્યું હતું. એય..! નવલ-ભાઈ! ખબર છે કે નહિ? તે દિ' હતા? એ વખતે ૧૫-૨૦માં આવ્યા. આમ છે ને આમ છે ને આમ છે. સાંભળો. અમારી સાથે ચર્ચા કરો, કહે. વિચાર. વિચાર. ચર્ચા બર્ચા કોઈ સાથે કરતા નથી. આ જે અમે કહીએ છીએ અને માન્યું છે એથી બધું જેટલું જગતમાં બધું વિપરીત છે. બધા ગલતીમાં અકલ્યાણને માર્ગે છે, જાવ ઊઠો. આહાહા..! અમારા ગુરુ આમ કહે. હવે તારો ગુરુ ક્યાં હતો? પણ હિંમતભાઈ બિચારા માણસ એવો હોં. હિંમતભાઈ! તંબોળીનો કાકાનો દીકરો. શેઠ. ત્યાં શ્વેતાંબરનો શેઠ. પણ છોકરો એવો માણસ સજ્જન બહુ. મહારાજ આમ કહે છે હવે તમે શું કરવું તમારે? નહિતર એનો શેઠ.

બાપુ! આ માર્ગ આમ નથી ભાઈ! તમને ખબર નથી માટે તમે ગલત કરી નાખો. અરે..! વ્રત

અને તપ શું? અહીં તો અંતર્જલ્પનો વિકલ્પ પણ દુઃખનું કારણ છે એમ કીધું અહીં તો. તારા વ્રત ને તપ ને અપવાસ ને એ તો બધો રાગની ક્રિયા, જો રાગ મંદ હોય તો એને પુણ્ય કહેવાય છે. એ દુઃખરૂપ છે. આહાહા..! બાબુભાઈ! શું છે આ બધું? દહેગામમાં એ બધાને બેસે છે આ? આહાહા..!

ભાઈ! તું કોણ છો? ક્યાં છો? તારી તપાસ તો કર તું કોણ છો? ભાઈ! 'હું કોણ છું ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' એ અંતરમાં.. આહાહા..! એવી વાત લીધી છે. સમાધિની વાત છે ને? કે આત્માને સમાધિ એટલે સુખ થાય. ક્યારે કે આ વિકલ્પની જાળ છોડે ત્યારે. એ વ્યાખ્યાન આપે તો એમ અપાય. બાકી તો સ્વરૂપમાં જાય છે ત્યારે વિકલ્પ ઉત્પન્ન થતાં નથી એને છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ કેવો? હવે એકકોર આ ૨૬-૨૬ લાખના મંદિર કરવા. કરોડો રૂપિયા ખર્ચાઈ ગયા છે અહીં ૪૦ વર્ષમાં. મંદિરો ને બંગલા ને મકાન.

મુમુક્ષુ :- આ જમીન માગતી છે.

ઉત્તર :- જમીન માગતી છે. એ તો એને કારણે થયું, બાપુ! કોઈએ કર્યું છે. રામજીભાઈ પ્રમુખ છે ને? પ્રમુખ તો એ હતા કે નહિ? અત્યારે રાજીનામું ક્યાં છે? ઓલા પ્રમુખ તો ત્યાં પડ્યા બેઠા છે. ઓલું તમને પૂછીને કરે છે. એય..! આહાહા..! પણ કોઈના કર્યા થાય છે અહીં કહે છે? આહાહા..!

આ શરીરમાં આંગળી ઊંચી થવી એ આત્માથી નહિ, ભાઈ તને ખબર નથી. પ્રભુ! તું જ્ઞાન... ઓલામાં નાખ્યું છે. ઓલા પરમાત્મપ્રકાશમાં. કે જીવ તો પાંગળો છે એમ ભાઈએ નાખ્યું છે. કર્મને લઈને પરમાં જાય છે. એવું નાખ્યું છે ત્યાં. આહાહા..! એટલી ચીજ છે આત્મા આનંદનો નાથ, એ સંસારમાં કેમ જાય? પણ કર્મના સંગમાં પડેલી વૃત્તિ છે ને? એને લઈને એ ચાર ગતિમાં જાય છે. આહાહા..! અહીં મોટો ચક્રવર્તી હોય, હજારો રાણી હોય, છન્નું હજાર રાણીનો સાહેબો, એ મરીને સાતમી નરકમાં રવ-રવ નરકે જાય. આહાહા..! પડદો પડી ગયો, થઈ રહ્યું. જાવ. આહાહા..!

ચૈતન્ય નિર્વિકલ્પ નાથને જાણ્યો નહિ તે. એ વિકલ્પથી તને લાભ થાય એવી માન્યતામાં મિથ્યાત્વમાં ઘુંટાણો અને એવા અશુભભાવ તીવ્ર થયા હોય તો રવ-રવ નરકે જાય. આહાહા..! અને કોઈ શુભભાવવાળો હોય, સ્વરૂપના ભાન વિનાના વિકલ્પો કર્યા, દયા, દાન, વ્રતના અને અંતર્જલપના. એનાથી શુભભાવ થાય, સ્વર્ગમાં જાય. એથી એને આત્માને શું? ત્યાં પણ દુઃખી છે. સ્વર્ગમાં દેવો દુઃખી છે. આત્માની શાંતિથી ખસી ગયા છે. ચંદનના લાકડા અગ્નિવાળા હોય તો એ પણ બાળે. એમ ત્યાં સુખ સાહેબી ઘણી છે, પણ એના ઉપર લક્ષ જાય છે તો રાગ થાય એ બાળે છે આત્માને. આહાહા..!

અહીં તો કહે છે કે '**અંતરંગ જલ્પ (સૂક્ષ્મ વચન-પ્રવૃત્તિ) યુક્ત જે અનેક પ્રકારના વિકલ્પરૂપ કલ્પનાજાળ છે તે સંસારી આત્માને દુઃખનું મૂળ છે.**' આહાહા..! સંયોગ દુઃખનું કારણ નથી. એ તો નિમિત્ત છે. એ પોતાનો જે ભાવ છે ને વિકલ્પની જાત છે. સ્વરૂપ ભગવાન એ તો વીતરાગ મૂર્તિ નિર્વિકલ્પ સ્વરૂપ ચૈતન્યનું છે. એમાંથી ખસીને જેટલા વિકલ્પ વૃત્તિઓ ઊઠે એ બધા દુઃખરૂપ છે. ભગવાન આત્મા આનંદરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. ત્યારે આ વિકલ્પ દુઃખરૂપ

છે. આહાહા..! ભારે વાતું ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા એ પણ એક વિકલ્પ છે. એ દુઃખરૂપ છે. આવી વાતું ભાઈ આકરી.

ઓલા કહે કે આપણે ગુરુની ભક્તિ કરો, ગુરુ. ઓલો કહેતો હતો. બાવળાવાળો હતો ને એક ખોજો. હીરાલાલ ને? હીરાભાઈ નહિ? એક હતો મુસલમાન નામ ઓલાનું કાસમી. એ અહીં વેપાર કરતો હતો. શ્રીમદ્‌ના ભગત કહેવાય. એ તો એમ કહેતા હતા, અમારે તો શ્રીમદ્‌ને પકડ્યા, એ એમને મોક્ષ દેવો હશે તો દેશે કહે. અમારે કાંઈ કરવાનું છે નહિ.

મુમુક્ષુ :- અમારે એની ભક્તિ સિવાય બીજું કાંઈ નહિ.

ઉત્તર :- એ અમારો મોક્ષ કરી દેશે. કહો, આવા આંધળા. પછી એમાં અમારે એમ જોવાનું નથી કે આ શ્વેતાંબરનું મંદિર છે કે દિગંબરનું. અમે તો બધે જઈએ. એમ કહેતા હતા. આહાહા..! અરે.. જીવ ક્યાં અટકીને માની બેસે છે ને. એમ ને એમ ભવભ્રમણ અનંતા ઊભા રહે છે માથે. આહાહા..!

**'સંસારી આત્માને દુઃખનું મૂળ છે. તેનો નાશ થાય તો જ પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાય.'** એ વિકલ્પનો નાશ કરે તો નિર્વિકલ્પ વીતરાગપદની પ્રાપ્તિ થાય. આહાહા..! પહેલો એ વિકલ્પનો નાશ કરે, સમ્યગ્દર્શનરૂપી વીતરાગી પર્યાય થાય, પછી અસ્થિરતાના વિકલ્પનો નાશ કરે તો સ્થિરતારૂપ વીતરાગદશા થાય. આહાહા..! સહાયક ખરું કે નહિ? સહાયક છે એમ આવ્યું હતું ને ક્યાંક? સહાયક છે. છાપામાં આવ્યું હતું છાપામાં.

**'આ જીવ પોતાના ચિદાનંદમય પરમ અતીન્દ્રિય અવિનાશી નિર્વિકલ્પ સ્વરૂપને ભૂલી,...'** જુઓ! આહાહા..! **'આ જીવ પોતાના ચિદાનંદમય...'** ચિદ્ નામ જ્ઞાન અને આનંદમય. **'પરમ અતીન્દ્રિય અવિનાશી નિર્વિકલ્પ...'** અભેદ **'સ્વરૂપને ભૂલી, જ્યાં સુધી બાહ્ય વિષયોના લક્ષે...'** વિષયોના લક્ષે. એને ભગવાનની વાણીને વિષય કીધો, રાડ નાખી જાય. વાણી ભગવાનને વાણી, સ્ત્રી ને કુટુંબ એ બધો પર વિષય છે. ભલે દેવ-ગુરુ-શાસ્ત્રની વાણી (સાંભળવા)નો શુભરાગ હોય, પણ એનો વિષય તો પર છે. આહાહા..! આકરું કામ છે.

કહે છે કે **'બાહ્ય વિષયોના લક્ષે...'** ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો અને ચાહે તો મૂર્તિ ને પ્રતિમા ને શેત્રુંજય અને સમ્મેદશિખર હોય.

મુમુક્ષુ :- સોનગઢ રહી ગયું.

ઉત્તર :- એ સોનગઢ આવી ગયું ભેગું એમાં. સોનગઢ તો હમણા થયું નવું. આહાહા..!

**'બાહ્ય વિષયોના લક્ષે દુઃખોના મૂળ કારણભૂત અંતર્જલ્પરૂપ અનેક વિકલ્પોની જાળમાં ફસાયેલો રહે છે,...'** આહાહા..! 'ત્યાં સુધી તેને સુખમય પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થતી નથી.' અતીન્દ્રિય ભગવાન આત્મા આનંદસ્વરૂપ વીતરાગી આનંદસ્વરૂપ એ વિકલ્પમાં જ્યાં સુધી રોકાય, ત્યાં સુધી એને વીતરાગી આનંદમયની પ્રાપ્તિ થતી નથી. આહાહા..! આ તો બહુ એલ.એલ.બી.ની વાતું છે એમ કહે છે. આ તો એલ.એલ.બી. અને બી.એ.ની વાતું છે. શરૂઆત શું? શરૂઆતની વાત આ તો સાંભળને હવે. વિકલ્પથી રહિત થઈને અનુભવ કરવો આત્માનો એ જ શરૂઆત છે.

આહાહા..! વસ્તુ છે ચૈતન્ય ભગવાન. અહીંયાં શબ્દ વાપર્યાને જુઓને. પોતાના ચિદાનંદમય પરમ અતીન્દ્રિય અવિનાશી નિર્વિકલ્પસ્વરૂપ એમ. એને ભૂલીને. આહાહા..!

**'જ્યાં સુધી વિષયોના લક્ષે દુઃખોના મૂળ કારણભૂત અંતર્જલ્પરૂપ અનેક વિકલ્પોની જાળમાં ફસાયેલો રહે છે, ત્યાં સુધી તેને સુખમય પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થતી નથી.'** આહાહા..! **'તે પદની પ્રાપ્તિ તો તેને હોય જે અંતર્જલ્પરૂપ વિકલ્પોની જાળનો સર્વથા ત્યાગ કરી...'** આહાહા..! આ ત્યાગ કરવાનો છે. બાયડી-છોકરા છોડી, દુકાન છોડીને સાધુ થયો. ત્યાગ કર્યો. ધૂળેય નથી ત્યાગ કર્યો સાંભળને હવે. એય..!

મુમુક્ષુ :- ઘરબાર, બાયડી-છોકરા છોડે, બધું છોડે.

ઉત્તર :- ક્યાં હતું પણ એનામાં તો છોડે? એ તો બધું બહાર જ હતું. હતું ક્યાં એનામાં? કે દિ' એણે પકડ્યું હતું પર્યાયમાં તે છોડે? આહાહા..! બાયડી, છોકરા, દુકાન-ધંધો છોડ્યા અમે ત્યાગી થઈ ગયા હવે. ધૂળેય નથી ત્યાગી હવે સાંભળને. અંતરના જલ્પને છોડ્યા વિના મિથ્યાત્વનો ત્યાગ થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને પહેલો ત્યાગ તો એ છે. મિથ્યાત્વનો ત્યાગ એ પહેલો ત્યાગ છે. મિથ્યાત્વના ત્યાગમાં તો, નિર્વિકલ્પ આનંદનો અનુભવ કરે, સમ્યગ્દર્શન કરે તો મિથ્યાત્વનો ત્યાગ થાય. આહાહા..!

મુમુક્ષુ :- એ તો વ્રત ધારણ કરે એને સમકિત હોય જ તે.

ઉત્તર :- હોય જ તે. બસ અજ્ઞાની માને વ્રત લઈને બેઠા માટે સમકિત હોય જ અમારે. એકડા વિનાના મીંડા છે. વ્રત લીધા ને અમે ચારિત્ર લીધા. ક્યાં વ્રત હતો તારે સાંભળને. મિથ્યા શ્રદ્ધા પડી છે મોટી. આહાહા..! .. છે ને ૨૩૨ ગાથા. ચરણાનુયોગ. પ્રવચનસાર ૨૩૨. એકાગ્રતા તે શ્રમણપણાનું લક્ષણ છે. સ્વરૂપમાં એકાગ્રતા, શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર ત્રણની એકાગ્રતા છે અંદર. એનું નામ શ્રમણનું લક્ષણ અને શ્રમણસ્વરૂપ છે. હવે એકાગ્રતાની તો ખબર ન મળે. ક્યાં એકાગ્ર થવું? સમજાણું કાંઈ? ૨૩૨થી શરૂ કર્યું છે ને ચરણાનુયોગનું. આ તો જરી વિચાર આવ્યો હતો. કીધું આ આવશે ને ઓલું શું કહેવાય? ક્લાસ. એ વખતે આપણે આ આવશે. ચરણાનુયોગનું શરૂઆતનું આવશે. એટલે કીધું શું વાંચવું? એવો વિકલ્પ આવ્યો હતો. ૨૩૨ ગાથાથી સારી વાત છે. મોક્ષમાર્ગની છે ને? ૨૩૨થી.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગનું કથન જ ત્યાંથી છે.

ઉત્તર :- ત્યાંથી શરૂ થાય છે. બહુ સરસ. ઓહોહો..! સાધુ એટલે શું? સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ એમાં જેની એકાગ્રતા, એની સન્મુખમાં જેની એકાગ્રતા છે. આહાહા..! અને વિકલ્પ જાળ એ તો પરસ્વરૂપમાં એકાગ્રતા છે. સમજાણું કાંઈ? એ ચરણાનુયોગના અધિકારમાં આ વાત મૂકી છે લ્યો. એકાગ્રતા. અને એકાગ્રતા પછી ભાઈએ એમ લીધું છે કે આગમના જ્ઞાન વિના એકાગ્રતા થાય નહિ. નિશ્ચય છે ને આ વસ્તુસ્વરૂપ. આહાહા..!

જ્ઞાનમાં આત્મા પૂર્ણ છે, નિત્ય ધ્રુવ છે એવી દૃષ્ટિ અને એકાગ્રતા થયા વિના એને સમ્યગ્દર્શન

ન થાય. અને જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં એકાગ્ર વિના સમ્યગ્જ્ઞાન ન થાય. કાંઈ પરથી જ્ઞાન થાય છે શાસ્ત્ર અને પાનાથી? આહાહા..! અને સ્વરૂપમાં એકાગ્રતા થયા વિના ચારિત્ર ન થાય. સ્વરૂપમાં એકાગ્રતા સમકિત, સ્વરૂપમાં એકાગ્રતા જ્ઞાન, સ્વરૂપમાં એકાગ્રતા ચારિત્ર. આહાહા..! આ વિકલ્પ છે એ તો રાગની એકાગ્રતા છે કહે છે. આહાહા..!

'**પ્રાપ્તિ તો તેને હોય જે અંતર્જલ્પરૂપ વિકલ્પોની જાળનો સર્વથા ત્યાગ કરી...**' '**સુખમય પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થતી નથી.**' વિકલ્પથી. '**તે પદની પ્રાપ્તિ તો તેને હોય જે અંતર્જલ્પરૂપ વિકલ્પોની જાળનો સર્વથા ત્યાગ કરી પોતાના ચૈતન્ય ચમત્કારરૂપ વિજ્ઞાનઘન...**' આહાહા..! કેવો છે ભગવાન આત્મા? ચૈતન્યચમત્કારરૂપ. એવો ચમત્કાર છે કે એક સમયમાં જેની જ્ઞાનની દશા ત્રણ કાળ, ત્રણ લોકની હયાતીને સ્પર્શ્યા વિના જાણે એવો ચૈતન્ય ચમત્કાર છે. સમજાણું કાંઈ? બીજા ચમત્કાર જોવા આને આમ થયું, આને ઘરે આમ થયું. એ ચમત્કાર બધા સમજવા જેવા છે. આહાહા..!

હમણાં કોક આવ્યું હતું મોટર લઈને. બે દિ' પહેલાં. છોકરાને ઠીક નહોતું, અમે માનતા કરી છે અહીંની. એ સારું થયું માટે પગે લાગવા આવ્યા. આવા પણ છે.

મુમુક્ષુ :- એ સાજા થઈ જાય તો...

ઉત્તર :- એ સાજા તો એને પુણ્યમાં.

મુમુક્ષુ :- પણ પુણ્યમાં નિમિત્ત થાય છે ને આ.

ઉત્તર :- નિમિત્ત પણ થાય ત્યારે. ઓલી મોટર નથી મોઢા આગળ એક પૈડુંને. એવી મોટર હતી.

મુમુક્ષુ :- ત્રણ પૈડાવાળી.

ઉત્તર :- હા ત્રણ પૈડાવાળી. ત્યાં ઊભી હતી અને પછી નીચે ઉતર્યા. કોક કહેતું હતું. બાધા હતી તો.

મુમુક્ષુ :- ચેતનજી.

ઉત્તર :- હા ચેતનજી. બહારની ચીજ અને બહારની બાધાથી મટે? એ બધી ભ્રમણા છે.

મુમુક્ષુ :- સાચી શ્રદ્ધા એ પ્રેરણા છે.

ઉત્તર :- સાચી શ્રદ્ધા શેની? આંકડા ઉપર સાચી શ્રદ્ધા કરે તો આંબો થઈ જાય ત્યાં? બહુ નક્કી કરે કે.. આહાહા..! એ આંકડો નથી, આંબો છે... આંકડો નથી, આંબો છે... એમાં સાચી શ્રદ્ધા. આંકડામાંથી કેરી આવે? એ કેરો ક્યાં હતો? પોલું ભમ હોય હવે એનું ફળ. આંકડાનું ફળ તો પોલું ભમ. આકોળિયા હોય છે ને લાલ? લીલા. આહાહા..!

અહીંયાં તો '**ચૈતન્ય ચમત્કારરૂપ વિજ્ઞાનઘન...**' આહાહા..! એવો આત્મા. એમાં '**લીન થઈ જાય.**' ત્યારે એને આત્માનું ભાન થાય અને વીતરાગતા આવે. આહાહા..! આવી વાત ભારે.

**વિશેષ :—** '**હિંસાદિ અવ્રતરૂપ અશુભ વિકલ્પો...**' હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ

અને પરિગ્રહ, એનો ભાવ તે અશુભભાવ, એ અશુભ પાપભાવ. અશુભવિકલ્પ. '**અહિંસાદિ...**' પરની અહિંસા—દયા, સત્ય બોલવું, વિકલ્પ હોય અંદર. ચોરી નહિ, બ્રહ્મચર્ય પાળવું શરીરથી, એવો વ્રતરૂપી શુભવિકલ્પ છે એ તો શુભરાગ છે. આહાહા..! '**બંને પ્રકારના વિકલ્પો રાગ-દ્વેષાદિરૂપ હોવાથી આત્મસ્વરૂપના ઘાતક છે.**' મહાવ્રતના પરિણામ પણ આત્મસ્વરૂપના ઘાતક છે કહે છે. આહાહા..! છે? જુઓ!

'**ભગવાનની પૂજા, ભક્તિ, અણુવ્રત મહાવ્રતાદિ...**' છે એમાં છે? લખ્યું છે. શુભરાગ છે એ તો. આહાહા..! હોય ભલે, પણ છે રાગ. એ કાંઈ આત્માનો સ્વભાવ નહિ, ધર્મનું કારણ નથી. આહાહા..! '**તથા તપાદિ કરવાના ભાવ...**' અપવાસ કરું, ઉણોદરી કરું, રસ છોડું, એ બધો શુભવિકલ્પ છે. શુભરાગ છે. વિકલ્પનું—વૃત્તિનું ઉત્થાન છે, એ તો પુણ્ય છે, રાગ છે, અધર્મ છે. આહાહા..!

મુમુક્ષુ :- એ રાગ છે ત્યાં?

ઉત્તર :- એ ધર્મ નહિ એટલે અધર્મ છે એમ કીધું. સ્પષ્ટ ભાષા જરી. આહાહા..! ધર્મ નહિ. એ શુભભાવ અને અશુભભાવ બેય ધર્મ નહિ. આહાહા..!

'**આ સમસ્ત શુભ-અશુભ વિકલ્પોથી હઠી ઉપયોગ જ્યારે આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે...**' આત્મસ્વભાવ. સ્વરૂપ એટલે ત્રિકાળી સ્વભાવ, આનંદ અને જ્ઞાન એવો ત્રિકાળી સ્વભાવ, એમાં સ્થિર થાય. આહાહા..! '**ત્યારે જ પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાય છે.**' ત્યારે જ પ્રથમ સમ્યગ્દર્શન થાય, ત્યારે સમ્યગ્જ્ઞાન થાય, સ્વરૂપાચરણ થાય, પછી વિશેષ સ્થિરતા થાય, પછી પરમપદની પ્રાપ્તિ કેવળજ્ઞાન થાય. આહાહા..! સ્વશુદ્ધ ચૈતન્યમૂર્તિને આશ્રયથી આ બધું થાય. બધા વિકલ્પની જાળ વચમાં આવે શુભરાગ, પણ એનાથી વીતરાગતાની શુદ્ધિ થાય કે વૃદ્ધિ થાય કે પૂર્ણતા થાય? એનાથી ન થાય.

આમાં આવ્યું હતુંને ઓલું પરંપરાનું? પરંપરાએ પણ કારણ આ તેપણ માને તો ત્યાં મૂળમાં ભૂલ છે. ત્યાં ભૂલ કાઢે લોકો. પણ લખ્યું છે શાસ્ત્રમાં વ્યવહારને પરંપરા કારણ કહ્યું છે. એ તો જેને આત્મજ્ઞાન દર્શન થયું છે, આનંદનો સ્વાદ આવ્યો છે, એ જ્યારે અશુભથી મટીને શુભમાં આવ્યો છે, એથી શુભ, મટાડીને આગળ જશે એ અપેક્ષાએ કહ્યું છે. આહાહા..! બાકી તો શુભરાગ એ તો બંધનું, દુઃખનું કારણ છે. એ સુખનું કારણ થાય, પરંપરા પણ કારણ આ. આહાહા..! આત્માને એ વિકલ્પજાળ ઊંધા અર્થ કરી અને રખડાવી માર્યો એને. આહાહા..!

એક દિવસ એવો આવશે બધું છોડવું પડશે એને દેહ આદિ. .. જાવ. વાણી નહિ, દેહ નહિ. આહાહા..! બાયડી, છોકરા ને ધૂળ ને મકાન તો ક્યાંય પડ્યા રહેશે. ચાલ્યો જશે. પરને પોતાનું માની, દુઃખી થઈને, ચાર ગતિમાં રખડશે. આહાહા..! એને કહે છે કે સુખી થવું હોય તો એકવાર આ તો કર પ્રભુ! આહાહા..! તારી ચીજ તારી પાસે પ્રત્યક્ષ પડી છે. નિર્વિકલ્પ પરમ આનંદમય મૂર્તિ પોતે આત્મા પડ્યો છે. છે તે પ્રાપ્તની પ્રાપ્તિ કર. આહાહા..! રાગાદિ તો તારામાં છે નહિ. એને

પ્રાપ્ત કરવા જાય છે તો દુઃખી થઈશ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ બેસવો કઠણ પહેલો.

સાંભળ્યો ન હોય કેટલાકે નવા માણસ જેવા હોય તેણે. શું કહે છે આ તે વાત? આહાહા..! હવે આખો દિ' અમે અપવાસ કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, દાન કરીએ, દયા પાળીએ. તો કહે છે એ ધર્મ નહિ. અત્યાર સુધી ભાઈ અમે ધર્મ-ધર્મ માનતા હતા. બાપુ! એ તો વૃત્તિનું ઉત્થાન છે. એ વૃત્તિ ઊઠે છે એ તો વિકલ્પ છે, રાગ છે, એ ધર્મ નહિ. આહાહા..! એનું કારણ છે કે એ ચીજ પોતે વિકલ્પ રહિત એવી ચીજ છે એ વાત એને બેસતી નથી. આ પ્રભુ અંદર છે એ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવ છે. એ વિકલ્પને અડ્યો પણ નથી કોઈ દિ'. જે દ્રવ્યસ્વભાવ છે, ચૈતન્યસ્વભાવ છે એ વિકલ્પને અડ્યો પણ નથી. આહાહા..! સ્વભાવ વિભાવને કેમ અડે? એવી ચીજ અંદર છે એ વાત બેસતી નથી. સમજાણું કાંઈ? અને ઓલી જે રમતું કરી છે ને, પુણ્ય-પાપના વિકલ્પમાં રમ્યો છેને એ એને મોઢા આગળ થઈ પડ્યું છે. ઓલી વાત રહી ગઈ આખી. આહાહા..! '**ત્યારે જ પરમ વીતરાગપદની પ્રાપ્તિ થાય છે.**' આધાર આપ્યો.

સમયસાર ગુજરાતી આવૃત્તિ-ગાથા-૧૮૭, ૧૮૮, ૧૮૯, હવે આધાર આપ્યો છે. '**આત્માને આત્મા વડે...**' ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ એ ચિદાનંદ સ્વરૂપની પરિણતિ દ્વારા. આહાહા..! '**બે પુણ્ય-પાપરૂપ શુભાશુભ યોગોથી રોકીને...**' એ શુભ અને અશુભ બે પુણ્ય અને પાપ. એનાથી એ રોકીને '**દર્શન-જ્ઞાનમાં સ્થિત થઈ...**' આત્માને જે ચિદાનંદ સ્વરૂપ, આત્મા વડે એ ચિદાનંદની પરિણતિ દ્વારા. આહાહા..! સ્વરૂપમાં ઠરીને '**અન્ય વસ્તુની ઈચ્છાથી વિરમી (અટકી) જે આત્મા (ઈચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થઈ...**' મુનિપણું લેવું છે ને વિશેષ અહીંયાં.

'**પોતાને આત્માને આત્મા વડે ધ્યાવે છે...**' આનંદના નાથને આનંદના નાથની દશા, આનંદની દશા દ્વારા ધ્યાવે છે. આહાહા..! જ્ઞાનસ્વભાવને જ્ઞાનસ્વભાવ દ્વારા ધ્યાવે છે. આવું છે. એક પત્રમાં આવે છે શ્રીમદ્‌ના કે ભાઈ આવું દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ સાધન છે. એવું કાંઈક આવે છે. એક કાગળમાં આવે છે. ઓલો નહિ મોટો કાગળ છે. એ તો એક વાત જણાવી. પણ સાધન એ સાધન નથી. જરી કઠણ પડે એવી વાત છે. એમાં આગળ આવે છે ને 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન' ક્યા સાધન? વિકલ્પ ને ભક્તિ એ સાધન છે? ત્યાં અર્થ એવો થયા વિના ચાલે નહિ, બીજો અર્થ થઈ શકે એવો નથી ત્યાં. આહાહા..!

'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય ક્યા સાધન? આ ભક્તિ, વ્રત, તપના ભાવ ને એ બધું, પણ એ સાધન જ નથી. આહાહા..! બહુ આકરું કામ. કેમકે વસ્તુ પોતે જ નિર્વિકલ્પ પિંડ પડ્યો છે. જેવા સિદ્ધ એવો હું, હું એવો એવા સિદ્ધ. એ આવે છે કે નહિ? ભક્તિમાં નથી આવતું? તહાં તહાં. આવે છે ઓલી ભક્તિ. એમાં કાંઈ ફેર નથી. એવો આત્મા છે એ તદ્દન વીતરાગસ્વરૂપી છે, અકષાયસ્વભાવી છે, પૂર્ણ જ્ઞાતા-દૃષ્ટા છે, પૂર્ણ આનંદ છે, પર્યાયના અલ્પની અહીં વાત નહિ, આ તો પૂર્ણ સ્વરૂપ જ છે. એવો આત્મા એની દૃષ્ટિમાં બેસતો નથી. એટલે વિકલ્પની જાળથી કાંઈક થશે, એમ ત્યાં રોકાઈ જાય છે. આહાહા..! પ્રેમચંદભાઈ! આવી વાત છે બાપુ! આહાહા..!

એવો આત્મા છે... એ તો કીધું ને જુઓને. '**આત્માને આત્મા વડે...**' તો આત્મા આવો છે. જ્ઞાન અને આનંદસ્વરૂપી પ્રભુ આત્મા વડે. એની નિર્મળ પરિણતિ દ્વારા તે પ્રાપ્ત થાય છે. આહાહા..! પણ એવું છે એ એને વિશ્વાસમાં આવતું નથી અને વિશ્વાસમાં આવ્યા વિના સન્મુખ થઈ શકતો નથી. આહાહા..! અને પર તરફની જે સ્વભાવથી વિમુખતા એમાંથી એ ખસતો નથી. આહાહા..! આવી ચીજ છે, ભાઈ!

એથી અહીંયાં કહ્યું ને '**આત્માને આત્મા વડે...**' એટલે કે આત્મા વડે એટલે આત્મા જ એવો છે એ. જ્ઞાન અને આનંદ અને વીતરાગી સ્વભાવવાળો આત્મા, તે આત્મા વડે એટલે એની વીતરાગી પર્યાય દ્વારા. પણ આવો છે એવી વાત બેઠ્યા વિના આત્મા વડે એને ક્યાંથી આવે? સમજાણું કહું છું એ? આહાહા..! '**આત્માને આત્મા વડે...**' પુણ્ય-પાપને રોકીને. એનો અર્થ એ થયો કે આત્મા જ્ઞાન-દર્શન-આનંદથી પરિપૂર્ણ તત્ત્વ તે આત્મા. એને જ આત્મા કહ્યો ને? ૩૮ ગાથામાં નહિ? નિર્મળ. નિયમસારમાં. એ આત્મા. આમાં પણ કહ્યું પરમાત્મપ્રકાશમાં. ૬૮ ગાથા. '**जीवो न बंध मोखं करेइ**' જીવ તે બંધ-મોક્ષને કરતો નથી. આહાહા..! એને જીવ અને આત્મા કહીએ.

આનંદ અને જ્ઞાનસ્વરૂપી જ્ઞાતાથી ભરેલો ભગવાન, એને આત્મા કહીએ. અને એ આત્મા બેસે એટલે એની પર્યાયમાં પરિણતિ નિર્મળ થાય, એ દ્વારા આત્મા જણાય. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે, ભાઈ! દુનિયાને બેસે, ન બેસે, વિરોધ પણ કરે. સ્વતંત્ર છે, બાપુ! આહાહા..! આ તો વ્યવહારાભાસ થઈ જાય છે, નિશ્ચયાભાસ થઈ જાય છે. વ્યવહારથી લાભ થાય એનું આવતું નથી. વ્યવહાર છે ખરો હોં. વ્યવહારનો વિષય અને વ્યવહાર છે ખરો, પણ એ લાભદાયક નથી. અહીં કહ્યું ને, વિકલ્પ છે ખરા, પણ દુઃખનું કારણ છે. આહાહા..! વ્યવહાર અને વ્યવહારનો વિષય નથી એમ નહિ, છે પણ એ દુઃખરૂપ છે. આહાહા..!

ભગવાન આત્માની પ્રાપ્તિ દુઃખના કારણે ન થાય. એનો નિર્મળ સ્વભાવ, નિર્મળ પ્રભુ, એની પરિણતિ નિર્મળ દ્વારા તેની પ્રાપ્તિ થાય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧, ગુરુવાર તા. ૨૪-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૮૫-૮૬,**
**પ્રવચન - ૯૯**

૮૫ ગાથા. વિશેષનો બીજો પેરેગ્રાફ. '**આત્માને આત્મા વડે...**' આત્માને આત્મા વડે. '**પુણ્ય-પાપરૂપ શુભાશુભ યોગોથી રોકીને દર્શન-જ્ઞાનમાં સ્થિત થઈ અને અન્ય વસ્તુની ઈચ્છાથી વિરમી (અટકી) જે આત્મા (ઈચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થઈ...**' બધી લાંબી વાત છે ને. '**પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે...**' આહાહા..! એટલે કે આત્મા જે પૂર્ણ આનંદસ્વરૂપ એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એ ભક્તિ આદિના વિકલ્પથી રહિત થઈને. આહાહા..! પુણ્ય-પાપથી રોકીને કીધું ને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે ભક્તિ એનાથી આત્મા જણાય એવો નથી. એનાથી આત્માનું સમ્યગ્દર્શન થઈ શકે એવો એ નથી. આહાહા..!

'**આત્માને આત્મા વડે...**' એટલે કે વિકલ્પરહિત રાગરહિત નિર્વિકલ્પ સમાધિ દ્વારા. આહાહા..! આવી વાત છે. '**દર્શન-જ્ઞાનમાં સ્થિત થઈ...**' એટલે કે દર્શન-જ્ઞાન સ્વરૂપ જે ત્રિકાળ સ્વભાવી, એમાં સ્થિત થઈ. આહાહા..! '**અન્ય વસ્તુની ઈચ્છાથી વિરમી...**' ઈચ્છાથી પણ વિરક્ત થવું, વિશેષ મુનિપણાની વાત લીધી. રાગના સંગથી રહિત થઈ. '**પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે...**' આહાહા..! સમ્યગ્દર્શનના કાળમાં-સમ્યગ્દર્શનની પ્રાપ્તિના કાળમાં-પ્રથમ ધર્મની દૃષ્ટિ અનુભવના કાળમાં. આહાહા..! એ વિકલ્પો બધા છે તેનું લક્ષ છોડી દઈ અને પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ પરમાત્મસ્વરૂપી હું છું, એવો વિકલ્પ પણ છોડી દઈ. આહાહા..! એ આત્માને એ રીતે નિર્વિકલ્પ સમાધિ નામ શાંતિના કાળમાં એ આત્મા જણાય અને મનાય ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ?

૧૪૪માં લીધું છે ને? ૧૪૪. તે વખતે શ્રદ્ધાય છે. ભગવાન આત્મા પૂર્ણ આનંદનો નાથ સહજાનંદ સ્વરૂપ એ તો પૂર્ણ શાંતિ અને પૂર્ણ આનંદનો સાગર છે. આહાહા..! એવા '**આત્માને આત્મા વડે...**' એટલે કે નિર્વિકલ્પ શાંતિ અને સમાધિ દ્વારા. એ આત્મા વડે કહેવાય. આહાહા..! આવો માર્ગ ભારે. વ્યવહારના પક્ષવાળાને તો એવું લાગે. તો આ બધું કરીએ ને. આ જાત્રા કરીએ, ભક્તિ કરીએ ભગવાનની, એ બધા રાગ અને વિકલ્પ છે. એ કાંઈ સમકિત પામવાનું કારણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- સાધુ થાય તો સમકિત પામે.

ઉત્તર :- સાધુ કોને કહેવો? પણ એ સાધુને ભાન ક્યાં છે આત્મા શું? આત્માના નિર્વિકલ્પ અનુભવ વિના તો સમકિત ન હોય. સમકિત વિના જ્ઞાન અને ચારિત્ર હોય જ નહિ. સાધુ કોને

કહેવો? ભાઈ! આ તો ઓલો 'તે વખતે છે' ને એ યાદ આવ્યું.

અને ઓલામાં એમ કહ્યું હતું ને રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એ માન્યતા એ વ્યવહાર સમકિતમાં નામ ન પામે. આહાહા..! રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં છે. પણ એમાં જ્યારે નિશ્ચય સમ્યગ્દર્શન. આહાહા..! પૂર્ણ આનંદનો નાથ નિર્વિકલ્પ શાંતિ દ્વારા તે કાળે જે શાંતિ દ્વારા જણાય આત્મા, તે કાળે તેને શ્રદ્ધાય એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવાય છે. આહાહા..! જગતથી ભાઈ ઊંધુ બહુ આખું. વીતરાગનો માર્ગ તો.

અહીં તો કહે બધા સાધન શું? એમ પૂછતા હતા ત્યાં એ. અગાસ. નિશ્ચય પણ એનું સાધન? એમ પૂછતા હતા બધા. એક મારવાડી હતો. એ સાધન-ફાધન એ છે. આહાહા..! જેટલા વિકલ્પો છે દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, બહુમાન અને વિનય એ બધો વિકલ્પ છે, રાગ છે. રાગથી આત્માને રોકી અને આત્મા વડે અંદરમાં દૃષ્ટિ કરે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! આ દિવ્યધ્વનિનો દિવસ છે. આહાહા..! સુખામૃત, સમામૃત, શાંતરસથી ભરેલો ભગવાન છે. અકષાય જેનું સ્વરૂપ છે, સહજાત્મસ્વરૂપ વીતરાગમૂર્તિ જેનું રૂપ છે. એ તો વીતરાગની પર્યાય દ્વારા જ જણાય એવો અને શ્રદ્ધાય એવો છે. સમજાણું કાંઈ? એને સાધન આ બહારના ભક્તિ ને વ્રત એ સાધન-બાધન છે જ નહિ. આહાહા..! પ્રેમચંદભાઈ! આવી વાત બહુ આકરી પડે જગતને. વાડા બાંધીને બેઠા. એને આ એવું લાગે. જુઓ આ અત્યારે... એનાથી કાંઈ થાય નહિ તો પછી કરવું નહિ ને? કરવું નહિ એ તો આવે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ હોય, પણ એ વિકલ્પ ને રાગ છે. એ કોઈ સમ્યગ્દર્શન પામવાનું કારણ નથી. આહાહા..!

પ્રથમ સમ્યગ્દર્શન હજી તો હોં. ચોથું ગુણસ્થાન. આહાહા..! એ તો **'આત્માને આત્મા વડે...'** એમ ભાષા છે. ભગવાન આત્મા નિર્વિકલ્પ સમાધિ આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે. એવી જ નિર્વિકલ્પ સમાધિ નામ શાંતિ દ્વારા પુણ્ય-પાપના ભાવને રોકીને. આહાહા..! એ તો સહજ રોકાઈ જાય છે ત્યાં. ઉપદેશની શૈલી ચાલે ત્યારે એને શું કહે? દર્શન-જ્ઞાન એવું ત્રિકાળી સ્વરૂપ, ત્રિકાળી સ્વભાવ જ્ઞાન અને દર્શનનો સ્વભાવ ત્રિકાળ એમાં જે સ્થિત થાય એ તો વીતરાગી પર્યાય દ્વારા સ્થિત થવાય. આહાહા..!

**'અન્ય વસ્તુની ઈચ્છાથી વિરમી (અટકી) જે આત્મા સર્વ સંગથી રહિત થઈ...'** વિશેષ પછી મુનિપણાની વાત. **'પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે...'** આહાહા..! આ સમયસારની છે ગાથા. ૧૮૭, ૧૮૮, ૧૮૯. **'આત્માને...'** પોતાના આત્માને પાછો. ભગવાનનો આત્મા અને દેવ-ગુરુનો આત્મા એ તો પર છે. એનું લક્ષ કરવા જાશે તો રાગ જ થશે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**'આત્માને આત્મા વડે...'** નિર્વિકલ્પ શાંતિ દ્વારા ધ્યાનમાં ધ્યેય બનાવી, ધ્યાનનો વિષય જે આત્મા. આ પર છે એ તો રાગનો વિષય છે. આ તો નિર્વિકલ્પ રાગ શાંતિ એનો વિષય તો દ્રવ્યસ્વભાવ છે. ઓહોહો..! સમજાણું કાંઈ? **'આત્માને આત્મા વડે ધ્યાવે છે – કર્મ અને**

**નોકર્મને ધ્યાતો નથી,...**' એટલે રાગ અને કર્મ તરફનું લક્ષ એને છૂટી જાય છે. '**પોતે ચેતયિતા (દેખનાર-જાણનાર) હોવાથી એકત્વને જ ચિંતવે છે...**' એટલે સ્વભાવમાં એકત્વતાનો અનુભવ કરે છે, ચેતે છે, અનુભવે છે. આહાહા..! માર્ગ આવો.

વસ્તુ જે છે આત્મા એ તો વિકલ્પ અને રાગ વિનાની અને કર્મના સંબંધ વિનાની ચીજ છે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, શ્રદ્ધાનો રાગ, આ જાત્રાનો રાગ એ બધા રાગથી તો પ્રભુ રહિત છે. કેમકે રાગ છે તે આસ્રવ છે અને ભગવાન આત્મા તો આસ્રવરહિત જ્ઞાયક છે. આહાહા..! આજે એક આવ્યા હતો કોક. વયા ગયા હશે. અગાસથી. અગાસ રહું છું. મેં કીધું ભાઈ માર્ગ એવો ઝીણો છે ભાઈ! ત્યાં તો એમ કહે કે ભગવાનની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો. લ્યો! ભક્તિ કરતાં-કરતાં થઈ જશે. એ વીતરાગમાર્ગ એમ નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની વાણીમાં એમ આવ્યું નથી.

મુમુક્ષુ :- દિવ્યધ્વનિમાં એમ આવ્યું નથી.

ઉત્તર :- એમ આવ્યું નથી. એની દિવ્યધ્વનિમાં તો એ આવ્યું, સંતો કહે કે દિવ્યધ્વનિ દ્વારા કહે, બધી એક જ વાત છે. કે ભગવાન આત્મા સમાધિ નામ શાંત સુખસ્વરૂપ છે. એને નિર્વિકલ્પ..

કહે છે કે એ અંતરસ્વરૂપે આત્મા આત્મા વડે. એમ છે ને? '**પોતાના આત્માને આત્મા વડે...**' ત્યારે આત્મા વડે એટલે શું? દયા, દાનના વ્રત અને ભક્તિનો રાગ એ આત્મા છે? આહાહા..! બાપુ! આત્માને તે સમયે. આત્મા આત્મા વડે જાણે તે સમયે તેને શ્રદ્ધામાં આવે છે. ત્યારે તેને આત્મા જાણવામાં આવે છે. એ વિના શાસ્ત્રથી જાણે ને વાત (કરે) એ ત્યાં સુધી આત્મા જાણ્યો નથી એણે. આહાહા..! કહો, સુજાનમલજી! આવી વાત છે.

એની શ્રદ્ધામાં જ ઠેકાણા નથી. આમ વ્યવહાર કરીએ, વ્યવહાર સુધારીએ, તો સાધન થાય, નિશ્ચય પમાય. રાગને સુધારીએ તો અંદર વીતરાગ પર્યાય થાય. એ શલ્ય છે મિથ્યા. આહાહા..! સમજાણું કાંઈ? કઠણ પડે ભાઈ! શું થાય? માર્ગ તો આવો છે બાપુ! અનંત તીર્થંકરોએ, અનંત કેવળીઓએ, અનંત સંતો મુનિઓએ ભાવલિંગી સંતોએ તો આ કહ્યું છે. ઓલામાં આવે છે ને કારણ ગણી પ્રત્યક્ષ. આત્મસિદ્ધિમાં આવે છે ને એક ગાથા? એ બધી વાતું વ્યવહારની છે. સમકિત નથી આવતું? કારણ ગણી પ્રત્યક્ષ. સમકિત તેને ભાખ્યું કારણ... એ સમકિત નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આગ્રહ ત્યજી લક્ષ.. વર્તે સદ્‌ગુરુ લક્ષ. એ તો પર. પણ એ સદ્‌ગુરુ જે કહે છે એવા અભિપ્રાયમાં આવે. એ કહે છે કે તારો આત્મા વીતરાગ પર્યાયે પ્રાપ્ત થશે તને, મારા લક્ષે પ્રાપ્ત નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? વાત એ પરમાર્થની વાતું એવી ઝીણી છેને કે લોકોને તો આમ. આ તો બધું અરર..! આ થયું ત્યારે આ બધું કરીએને આ? આ જાત્રા કરીએ. કેટલાય માણસ કાલે ભેગા થયા હશે શેત્રુંજય. ખીચડો. એ જાત્રા કરશું અને એમાંથી ધર્મ થાશે. ધૂળેય ધર્મ નથી.

મુમુક્ષુ :- વર્ષમાં એકવાર ગયા તો બધા પાપ ધોવાઈ જાય. પછી નવેસર.

ઉત્તર :- ધૂળેય ધોવાય નહિ. પાપ તો ખરું પાપ તો મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ પાપ ક્યારે ધોવાય?

મુમુક્ષુ :- જૈન હોય એને મિથ્યાત્વ ન હોય.

ઉત્તર :- જૈન કહેવા કોને? વાડામાં પડ્યા એટલે જૈન થઈ ગયા? કોથળામાં કરિયાતા અને માથે લખે સાકર તો કરિયાતું મીઠું થઈ ગયું? કોથળો સમજો છો? બોરી. ઉપર લખે સાકર અને અંદર હોય કરિયાતું. કરિયાતું સમજો છો? કિરાતા. અંદર ભર્યું કરિયાતું, ઉપર લખે સાકર. એમ અંદર મિથ્યા શ્રદ્ધા પડી અને નામ આપે જૈન. આહાહા..! અમરચંદભાઈ! આવી વાતું છે, બાપુ! આહાહા..! જેના હજી વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી, કે રાગથી આત્મા પમાય નહિ, નિર્વિકલ્પ સમાધિ દ્વારા જ પમાય, ત્યારે જાણ્યો કહેવાય અને ત્યારે શ્રદ્ધ્યો કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? આ તો આખા સંસાર સમુદ્રને ઉથલાવી નાખવું છે ને? આહાહા..!

એ વિકલ્પ છે એ સંસાર છે. ચાહે તો દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ, ભક્તિનો અને જાત્રાનો રાગ એ પોતે સંસાર છે. આહાહા..! એ સંસારથી વિરક્ત થવું હોય, એને તો નિર્વિકલ્પ શાંતિ દ્વારા વિરક્ત થાય. આહાહા..! અને તે સમયે એ પરમાત્મપ્રકાશમાં બહુ મૂક્યું છે હોં. તે સમયે આમ થાય... તે સમયે.. એમ બહુ લખ્યું છે. અહીં વખતે છે ને જેમ અહીં. એ વખતે કહો કે સમય કહો. ૧૪૪માં એમ મૂક્યું છે કે તે વખતે શ્રદ્ધવામાં અને જાણવામાં આવે છે. રાગથી રહિત થઈ, સ્વભાવની સન્મુખની દૃષ્ટિ થતાં નિર્વિકલ્પ શાંતિ દ્વારા આ આત્મા જાણવામાં અને શ્રદ્ધવામાં આવે છે. તે વખતે. આહાહા..! એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ પમાય છે. એમ છે. વ્યપદેશ છે ને? આહાહા..! મૂળમાં પહેલેથી ભૂલ અને પરથી આ કરીએ, આ કર્યા, આ કર્યા, વ્રત પાળ્યા, ક્રિયા કરી, સાધુ થયા ને બધા એકડા વિનાના મીંડા છે. આહાહા..!

અહીં કહે છે, આત્માને આત્માને આત્મા વડે. પોતાના હોં. આહાહા..! '**પોતાના આત્માને...**' તો એ આત્મા પોતે કોણ? વીતરાગ સ્વરૂપી નિર્વિકલ્પ અભેદ શાંતસ્વરૂપ છે. એને આત્મા વડે, એની જાતની દશા નિર્વિકલ્પદશા દ્વારા. આહાહા..! '**ધ્યાવે છે – કર્મ અને નોકર્મને ધ્યાતો નથી,...**' એ તો નાસ્તિથી વાત કરી. '**પોતે ચેતયિતા હોવાથી એકત્વને જ ચિંતવે છે—**' પોતે જાણનાર-દેખનાર હોવાથી, જાણનાર-દેખનારને જ અનુભવે છે. આહાહા..!

શાસ્ત્રના જાણપણાનો ક્ષયોપશમ, એ તો ક્યાંય રહી ગયું. પણ એ સમ્યગ્જ્ઞાનનો થયો ક્ષયોપશમ, એની પણ જ્યાં દૃષ્ટિ નથી. દૃષ્ટિ એના ઉપર નથી. કેવળજ્ઞાનની પર્યાય ઉપર જ્યાં દૃષ્ટિ નથી. કેવળજ્ઞાન તો પર્યાય છે. આ વસ્તુ આત્માને આત્મા વડે આત્માને. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આ ભગવાનની દિવ્યધ્વનિમાં આ દેશના આવી હતી. વિપુલાચલ પર્વત. ઉપર ભગવાનને કેવળજ્ઞાન તો પહેલું થયું હતું વૈશાખ સુદ ૧૦. પણ આજે શ્રાવણ વદ એકમે દિવ્યધ્વનિ થઈ હતી. ગણધર પદ આજે મળ્યું હતું. એટલે તીર્થના નાયક આ થયા એટલે તીર્થ સ્થાપ્યું એમ કહ્યું. એ તિત્થયરાણં આવે છે ને? નમોત્થુણંમાં નહિ. નમોત્થુણં અરિહંતાણં, ભગવતાંણ, આઈગરાણં,

તિત્થયરાણં. એ તીર્થનું સ્થાપન મૂળ તો ગણધર છે. ત્યાં તીર્થ સ્થપાણું તે દિ આજે. આહાહા..! અને ભગવાન ગણધરે પોતે શાસ્ત્ર અને આગમની રચના કરી.

મુમુક્ષુ :- અંતર્મુહૂર્તમાં.

ઉત્તર :- અંતર્મુહૂર્તમાં. આહાહા..! ચૌદ પૂર્વ અને બાર અંગની રચના. એ આજનો દિ' છે. એ સાંભળ્યું એમાંથી કેટલુંક લીધું હોય એણે? સાંભળ્યું એ તો વાણી છે અને ઇન્દ્રિયનું લક્ષ ત્યાં જાય છે એટલે વાણીને સાંભળે. એ કાંઈ જ્ઞાન નથી. આહાહા..! જ્ઞાન તો સ્વ-આત્મા વડે આત્માને અનુભવતા જે જ્ઞાન થાય તે જ્ઞાનને જ્ઞાન કહે છે. આહાહા..! પછી હજારો શાસ્ત્રો રચે અને બનાવે, પણ આ આત્મા વડે આત્માને જાણે નહિ ત્યાં સુધી એણે આત્મા જાણ્યો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'એકત્વને જ ચિંતવે છે-ચેતે છે-અનુભવે છે, તે આત્મા આત્માને ધ્યાતો, દર્શન-જ્ઞાનમય અને અનન્યમય થઈ...'** અનેરાપણે ન થઈ અને અનન્યમય એકપણે થઈ. આહાહા..! દર્શન-જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં એકત્વ થઈ, નિર્મળ પર્યાય દ્વારા—વીતરાગી પર્યાય દ્વારા એકત્વ થઈ **'અલ્પકાળમાં જ કર્મથી રહિત આત્માને પામે છે.'** પહેલો સમ્યક્ પામે છે, પછી નિર્વિકલ્પ ઉગ્ર પર્યાય દ્વારા આત્માને ધ્યાવે છે ત્યારે કેવળજ્ઞાનને પામે છે. આહાહા..! અહીં તો બેય વાત લીધી. કે ભાઈ સમ્યગ્દર્શન પામવા કાળે આત્મા દ્વારા આત્મા પમાય છે, અને પછી કેવળજ્ઞાન પમાય એ પણ આત્માની પર્યાય દ્વારા આત્માને પમાય છે. આહાહા..! કોઈ સંહનન મજબુત હતું, વજ્રનારાચસંહનન મનુષ્યદેહ માટે તે કેવળજ્ઞાનને પામ્યો એમ નથી. એ આત્માના નિર્મળ પર્યાય દ્વારા આત્માને ધ્યાતા કેવળજ્ઞાનને પામે છે. આહાહા..! આવું તો એવું લાગે. ટૂંકુ લાગે. માણસને એવું લાગે. આહાહા..!

ઓલા સ્થાનકવાસીમાં કહે કે ભાઈ દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો. દેરાવાસીમાં ભક્તિ કરો, જાત્રા કરો, પૂજા કરો. દિગંબરમાં કહે લૂગડા છોડો અને આ ખપે, ન ખપે આહાર. આહાહા..! અને ભક્તિપંથમાં દેવ-ગુરુની ભક્તિ કરો. અહીં (પણ ભક્તિ) થાશે. આજ તો દિવસ છે ને દિવ્યધ્વનિનો. અરેરે..!

એ વિકલ્પ હોય છે, અશુભથી બચવા (એવો) ભાવ હોય છે. પણ એ ભાવ સમ્યગ્દર્શનનું કારણ છે, કે શુદ્ધિને ટકાવવાનું કારણ છે કે શુદ્ધિને વૃદ્ધિનું કારણ છે કે શુદ્ધિને ઉત્પત્તિનું કારણ છે, એમ નથી. આહાહા..! આવો માર્ગ! આહાહા..! આ શું શાસ્ત્રમાં છે કે આ શું આ વાત છે? આ તો સમયસારની ગાથા છે.

પછી નય પ્રજ્ઞાપનની વાત છે થોડી. **'વસ્તુસ્વરૂપને જેમ છે તેમ જાણીને જ્યાં જ્ઞાન તેમાં એકાગ્ર થાય ત્યાં રાગ કે વિકલ્પની ઉત્પત્તિ થતી નથી; એનું નામ જ ચિત્તનો નિરોધ.'** કહેવામાં આવે છે. ચિત્તનો નિરોધ કરો, ઈચ્છાનો નિરોધ કરો. એટલે શું? આનંદસ્વરૂપને ધ્યાનમાં લેતા નિર્વિકલ્પ દ્વારા ધ્યાનમાં આવતા ચિત્તનો વિકલ્પ ત્યાં ઉત્પન્ન થતો નથી. આહાહા..! એવી

વાત છે. વાતે વાતે ફેર. ચાલતા પ્રવાહમાં સંપ્રદાયનો પ્રવાહ ચાલે છે એ કરતા ભગવાનનો, સંપ્રદાય આખી જાત જુદી છે. આહાહા..! વીતરાગ તો આમ કહે છે. અરિહંત દેવ, ત્રિલોકનાથ.

'**આ સિવાય હું ચિત્તને રોકું, હું વિકલ્પને રોકું એવી નાસ્તિના લક્ષે કાંઈ વિકલ્પ તૂટતો નથી,...**' આહાહા..! ખુલાસો કર્યો છે. '**પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે.**' એ તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. વિકલ્પને તોડું (એમ વિચારતાં) તો વિકલ્પ તૂટતો નથી, એ તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહાહા..! પણ '**હું ચૈતન્યમાત્ર...**' અસ્તિથી વાત લે છે હવે. '**હું ચૈતન્યમાત્ર સ્વભાવ છું**' મારો જ્ઞાન-દર્શન સ્વભાવ ત્રિકાળ સ્વભાવ છે. ત્રિકાળી સ્વરૂપ છે અવિનાશી, એવું જે અસ્તિત્વ સ્વભાવ તરફ જ્ઞાનનું જોર આપતા. જ્ઞાનનું જોર એટલે જ્ઞાનમાં જ્ઞાન એકાગ્ર થતાં ચિત્તનો નિરોધ સહેજે થઈ જાય છે. વિકલ્પની ઉત્પત્તિ થતી નથી એ ચિત્તનો નિરોધ કર્યો એમ કહેવામાં આવે છે. એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં. એનો ખુલાસો કર્યો.

'**સ્વભાવની એકાગ્રતાના જોરે...**' ભગવાન સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... વસ્તુનો આનંદ જ્ઞાનસ્વભાવ, અવિનાશી સ્વભાવ, ત્રિકાળ સ્વભાવ, અભેદ સ્વભાવ, એકરૂપ સ્વભાવ, એવો ચૈતન્યનો અખંડ સ્વભાવ. આહાહા..! છે? '**સ્વભાવની એકાગ્રતાના જોરે...**' આ સ્વભાવની એકાગ્રતાને જોરે '**રાગનો-વિકલ્પનો અભાવ થઈ જાય છે;...**' રાગની ઉત્પત્તિ થતી નથી તો અભાવ થઈ જાય છે. આહાહા..! ઘણા આવું સાંભળીને એ જ પૂછે કે એ તો તમારી નિશ્ચયની વાત છે, પણ એના કોઈ ઉપાય? સાધન? આ સાધન નથી કહેતા? આહાહા..! એવા તો અનંત વાર સાધન કર્યા બહારના. વ્રત કર્યા, તપ કર્યા, ભક્તિ કરી, ભવે ભવે વીતરાગને પૂજ્યા, સમવસરણમાં અનંત તીર્થંકરોની પાસે ગયો. અને ભગવાનની ભક્તિ અને પૂજા સાક્ષાત્ સમવસરણમાં કરી, તોપણ કાંઈ વળ્યું નહિ.

મુમુક્ષુ :- કાંઈ વળ્યું નહિ?

ઉત્તર :- ધૂળેય વળ્યું નહિ કાંઈ. એ તો પરલક્ષી ભાવ છે બધો.

સ્વલક્ષી.. એ તો સવારમાં આવ્યું નહોતું? ઉપયોગ જેનું લક્ષણ છે. એ તો લક્ષનું લક્ષણ કરતાં... લક્ષનું લક્ષણ ઉપયોગ કરતા જે લક્ષણ ઉત્પન્ન થાય, એ પરના લક્ષે ઉત્પન્ન થાય ઉપયોગ? એ ઉપયોગને તો અણુપયોગ કહ્યો. સવારમાં કહ્યું હતું ને? આહાહા..! આ વીતરાગની વાણી! વીતરાગને સાંભળવા અને વીતરાગના દર્શન કરવા એ ઉપયોગ અણઉપયોગ છે. જીવની જાતનો ઉપયોગ નહિ. આહાહા..! આવું ભારે ભાઈ! બાપુ! આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર. આહાહા..! જગતથી અને વાડાના બાંધેલા માર્ગથી પણ આ તો જુદી જાત છે. એવી વાત છે. એને એવું પહેલું શ્રદ્ધામાં અને જ્ઞાનમાં એણે નક્કી કરવું પડશે. સમ્યગ્દર્શન થયા પહેલાં. સમજાણું કાંઈ? આહાહા..!

એ તો સ્વભાવના સાધનથી જ પ્રાપ્ત થાય એવો જીવ છે. જીવનું સ્વરૂપ એવું છે. આહાહા..! એ કોઈ બહાર ખૂબ દયા, દાન કરે, મંદિરો બનાવે, બહારની પ્રભાવનામાં. આહાહા..! બહુ ભક્તિ ધોમ-ધોમ. બખબખીયા વગાડે. એ તો બધી જડની ક્રિયા છે. એમાં રાગ છે એ પરલક્ષી શુભભાવ

છે. આહાહા..! એ શુભભાવ પણ ધર્મ, સમ્યગ્દર્શન પામવાને સાધન નથી. એ તો બાધક છે.

મુમુક્ષુ :- એ તો નપુંસકભાવ કહ્યો ને.

ઉત્તર :- નપુંસક છે એ. ખરેખર તો શુભભાવ એ નપુંસક. કેમકે આત્માનું જે વીર્ય છે, એને તો ભગવાને એમ કહ્યું, ત્રિલોકનાથે, કે વીર્ય એને કહીએ કે શુદ્ધ સ્વરૂપની નિર્મળ પરિણતિ રચે એને વીર્ય કહીએ. પણ જે રાગને રચે તે વીર્ય નહિ, જીવનું વીર્ય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભાઈ આ. માર્ગ તો આવો છે, બાપુ! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' એને બીજી રીતે અને ત્રીજી રીતે ખતવવા જાય, જાશે ચાર ગતિમાં રખડવા. આહાહા..!

કહે છે, '**વિકલ્પનો અભાવ થઈ જાય છે; માટે પહેલાં વસ્તુના સ્વભાવને બધાં પડખાથી જેમ છે તેમ જાણવો જોઈએ.**' એ તો એણે ખુલાસો કર્યો. નયનો. '**જ્યાં શ્રુતજ્ઞાનને સન્મુખ વાળીને...**' શું કહે છે એ? જે શ્રુતજ્ઞાન છે નિર્મળ વીતરાગી પર્યાય શ્રુતજ્ઞાનની, એને સન્મુખ વાળીને... વિકલ્પ જે છે એ તો પરલક્ષનું કાર્ય છે. આહાહા..! ભાવશ્રુતજ્ઞાન જે પર્યાય એ (દ્રવ્ય) સન્મુખ, શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ પ્રભુ એના તરફ નિર્મળ પર્યાયને વાળવી. આહાહા..! એમ કહેવામાં પર્યાય ઉપર લક્ષ છોડવા માટે વાત છે. પર્યાયમાં ઊભો રહીને આમ વાળવું એમ ન થાય. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રુતજ્ઞાનને સન્મુખ વાળીને (એટલે) આમ પર્યાયને દ્રવ્ય ઉપર ઢાળીને. આહાહા..! ભારે કામ ભાઈ! હજી તો પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે. જ્ઞાનની નિર્મળતા અને ચારિત્ર એ તો અલૌકિક કોઈ વાતું છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે '**શ્રુતજ્ઞાનને સન્મુખ વાળીને અંદર સ્વભાવ-માં એકાગ્ર કર્યું...**' કહ્યું એ. વસ્તુ નિર્વિકલ્પ સમાધિ સુખરૂપ છે. વસ્તુ ભગવાન આત્મા અભેદ નિર્વિકલ્પ આનંદરૂપ છે. એની પરિણતિમાં ભેદરૂપ જે પરિણતિ છે, નિર્વિકલ્પ શાંતિ અને આનંદની પર્યાય, એને અંતરમાં વાળવી. એમ કહે છે. આહાહા..! આવો ધર્મ કઈ જાતનો? એય.. શુક્લદા-સજી! અત્યાર સુધી આવું બધું સાંભળ્યું છે, સમ્મેદશિખર જાવ, શેત્રુંજય જાવ, જાત્રા કરો, તમારા પાપનો નાશ થશે. આ કઈ જાતની વાત છે?

બાપુ! આ તો વીતરાગની જાતની વાત છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં તો આ આવ્યું છે. લોકો બીજે રસ્તે દોરાઈ ગયા. ઓલામાં આવ્યું છે ક્યાંક. પરમાત્મપ્રકાશમાં ક્યાંક આવે છે. શું કહેવાય ઓલી? યશતિલક. યશતિલક. એમાં આવ્યું વૃથા ક્લેશ લોકો કરે છે. વસ્તુ વાસ્તવિક તત્ત્વ છે એનો અનુભવ કરવાનો મૂકી દઈને. આહાહા..! એવું છે ક્યાંક. પરમાત્મપ્રકાશમાં છે ક્યાંક. વૃથા વિકલ્પ કરીને અનેરે માર્ગે ચડી ગયા છે. એવું છે ક્યાંક. આ બાજુ છે ક્યાંક. આહાહા..! ક્લેશ છે એ ક્લેશ છે. આહાહા..! ભગવાનની પૂજા, જાત્રા, રાગ એ ક્લેશ છે. ભારે આકરી વાત ભાઈ!

મુમુક્ષુ :- ઉપદેશને સાંભળવો એ પણ ક્લેશ?

ઉત્તર :- એ રાગ છે વિકલ્પ એ ક્લેશ છે. આહાહા..! રાગ પોતે જ ક્લેશ છે. વ્રતનો વિકલ્પ

છે, અપવાસ કરું એનો વિકલ્પ છે એ બધો ક્લેશ છે, રાગ છે. આહાહા..! આપણે અપવાસ કર્યો હતો થઈ ગઈ એ નિર્જરા એને. નિર્જરા એટલે ધર્મ. ભારે સહેલો ભાઈ ધર્મ! આહાહા..!

અહીં તો ઉપવાસ નામ ભગવાન શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, એને શ્રુતજ્ઞાનથી અંતરમાં સમીપે વાળીને. આહાહા..! છે? '**સર્વ વિકલ્પો સ્વયં વિલય થાય છે...**' સર્વ વિકલ્પો સ્વયં વિકલ્પ વિલય થાય છે. આહાહા..! '**અને અનંત ધર્મોનો ચૈતન્ય-પિંડલો સ્વસંવેદનમાં આવી જાય છે.**' નયપ્રજ્ઞાપન. ભગવાન આત્મા પોતાના સન્મુખ પર્યાયને કરતા—પોતાની સન્મુખ પોતે થતાં. આહાહા..! અનાદિનો સન્મુખ તે વિમુખ છે. જે કાંઈ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ પરિણામ એ બધા વિમુખ પરિણામ છે. સ્વભાવના પરિણામ નહિ, સ્વભાવથી વિમુખના છે. આહાહા..! ભારે કામ ભાઈ! એય.. ગીરધરભાઈ!

એક જણો બિચારો કહે તમે આ નવું કાઢ્યું. અમે તો ભક્તિ કરતા, જાત્રા કરતા અને ધર્મ માનતા. તમે કહો કે ધર્મ નહિ. લ્યો! અમે આ બધું અનાદિથી કરતા આવીએ છીએ. અમારા બાપ-દાદા કરે છે આ બધું. નવ્વાણું જાત્રા કરવી શેત્રુંજ્યની. નવ્વાણું શું તારી લાખ કરને. શેત્રુંજયની અને સમ્મેદશિખરની. એ તો પરદ્રવ્યના લક્ષે તો શુભરાગ છે. આહાહા..! એ સમ્યગ્દર્શનનું કારણ પણ નથી અને સમ્યગ્દર્શન સ્વરૂપ પણ નથી. આહાહા..! પ્રેમચંદભાઈ! આવો માર્ગ ભાઈ! એ એને જ્યાં આ વાત અંતરથી બેસે. કહ્યું છેને ચૈતન્યની વાત. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એ વિકલ્પથી રહિત છે. એવી વાત ચિત્તના પ્રસન્નથી જેને એ વાત બેસે એ ભાવિ નિર્વાણ ભાજનં. આહાહા..! ચિત્તની પ્રસન્નતા એટલે? રાગથી રહિત પ્રસન્નતા આનંદમાં આવી અને આ વાતને જે બેસાડે છે. આહાહા..! એ અલ્પ કાળમાં કેવળજ્ઞાનને પામે છે.

---

**तस्य चोत्प्रेक्षाजालस्य नाशं कुर्वाणोऽनेन क्रमेण कुर्यादित्याह–**

**अव्रती व्रतमादाय व्रती ज्ञानपरायणः।**
**परात्मज्ञानसम्पन्नः स्वयमेव परो भवेत्।।८६।।**

**અવ્રતિ-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;**
**પરમ-જ્ઞાનને પામીને, સ્વયં 'પરમ' થઈ જાય. ૮૬.**

**टीका :– अव्रतित्वावस्थाभावि विकल्पजालं व्रतमादाय विनाशयेत्। व्रतित्वावस्थाभावि पुनर्विकल्पजालं ज्ञानपरायणो ज्ञानभावनानिष्ठो भूत्वा परमवीतरागतावस्थायां विनाशयेत्। संयोगिजिनावस्तायां परात्मज्ञानसम्पन्नः परं सकलज्ञानेभ्यः उत्कृष्टं तच्चा तदात्मज्ञानं च केवलज्ञानं तेन सम्पन्नो युक्तः स्वयमेव गुर्वाद्युपदेशानपेक्षः परः सिद्धस्वरूपः परमात्मा भवेत्।।८६।।**

તે ઉત્પ્રેક્ષાજાલનો નાશ કરનારે આ ક્રમથી કરવું – તે કહે છે :-

શ્લોક – ૮૬

અન્વયાર્થ :- (अव्रती) હિંસાદિક પાંચ અવ્રતોમાં અનુરક્ત માણસે (व्रतं आदाय) અહિંસાદિ વ્રતોનું ગ્રહણ કરીને અવ્રતાવસ્થામાં થતાં વિકલ્પોનો નાશ કરવો તથા (व्रती) અહિંસાદિક વ્રતોના ધારકે (ज्ञानपरायणः) જ્ઞાનસ્વભાવમાં લીન થઈ વ્રતાવસ્થામાં થતા વિકલ્પોનો નાશ કરવો અને પછી અરહંત-અવસ્થામાં (परात्मज्ञानसम्पन्नः) કેવળજ્ઞાનથી યુક્ત થઈ (स्वयम् एव) સ્વયં જ (पर भवेत्) પરમાત્મા થવું-સિદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવું.

ટીકા :- અવ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પોની જાલનો, વ્રત ગ્રહણ કરીને, વિનાશ કરવો, તથા વ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પોની જાલનો, જ્ઞાનપરાયણ થઈને, અર્થાત્ જ્ઞાનભાવનામાં લીન થઈને પરમ વીતરાગતાની અવસ્થામાં (તેનો) વિનાશ કરવો. સંયોગીજિન અવસ્થામાં પરાત્મજ્ઞાનસંપન્ન અર્થાત્ પર એટલે સર્વ જ્ઞાનોમાં ઉત્કૃષ્ટ જે આત્મજ્ઞાન-જે કેવળજ્ઞાન-તેનાથી સંપન્ન એટલે યુક્ત થઈને સ્વયં જ અર્થાત્ ગુરુ આદિના ઉપદેશની અપેક્ષા રાખ્યા વિના (નિરપેક્ષ થઈને) પર એટલે સિદ્ધસ્વરૂપ પરમાત્મા થવું.

ભાવાર્થ :- વિકલ્પ-જાળનો નાશ કરી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે કરવી તેનો નીચે પ્રમાણે આચાર્યે ક્રમ બતાવ્યો છે :-

૧. અવ્રત અવસ્થામાં હિંસાદિ પાપોના જે વિકલ્પો થાય તેનો અહિંસાદિ વ્રતોનું ગ્રહણ કરી નાશ કરવો.

૨. વ્રત અવસ્થામાં અહિંસાદિ શુભભાવરૂપ જે વિકલ્પો થાય તેનો જ્ઞાનપરાયણ થઈ અર્થાત્ જ્ઞાનભાવનામાં લીન થઈ વિનાશ કરવો.

૩. જ્ઞાનભાવનામાં લીન થતાં પરમ વીતરાગ તથા કેવળજ્ઞાનયુક્ત જિન દશા (અરહંત-અવસ્થા) પ્રગટે છે;

૪. અને સ્વયં જ સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

વિશેષ

''...વ્રત-અવ્રત એ બંને વિકલ્પરહિત જ્યાં પર દ્રવ્યના ગ્રહણ-ત્યાગનું કાંઈ પ્રયોજન નથી એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ છે, તે જ મોક્ષમાર્ગ છે...

...પહેલાં અશુભોપયોગ છૂટી શુભોપયોગ થાય, પછી શુભોપયોગ છૂટી શુદ્ધોપયોગ થાય, એવી ક્રમપરિપાટી છે.''૧

ધર્મની શરૂઆત ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનથી થાય છે. તે પહેલાં જીવની મિથ્યાત્વ અવસ્થા હોય છે. આ અવસ્થામાં જે વ્રત-તપાદિ કરવાનો વિકલ્પ આવે છે તે બધાં

૧. મોક્ષમાર્ગપ્રકાશક – ગુ. આવૃત્તિ પૃ.૨૬૦.

બાળ તપ ગણાય છે.૨

અવિરત સમ્યગ્દષ્ટિઓને, દેશવિરત શ્રાવકોને અને મુનિઓને ભૂમિકાનુસાર શુભ-અશુભ વિકલ્પો આવે છે, પરંતુ તેમને ભેદ-વિજ્ઞાન હોવાથી તે વિકલ્પોને તેઓ શ્રદ્ધાજ્ઞાનમાં પોતાનું સ્વરૂપ માનતા નથી, શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં તેમને વિઘ્નરૂપ માને છે અને તે છોડવા માટે પોતાની ભૂમિકાનુસાર પ્રયત્ન કરે છે.

''જેને (સમ્યગ્દષ્ટિ શ્રાવકને) જેટલે અંશે સમ્યગ્દર્શન હોય છે (શુદ્ધિ છે-શુદ્ધ ભાવ છે, રાગરહિત અંશ છે) તેટલે અંશે તેને બંધ નથી; જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે.

તેને જેટલે અંશે સમ્યગ્જ્ઞાન છે તેટલે અંશે બંધ નથી અને જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે;

તેને જેટલે અંશે સમ્યક્ ચારિત્ર છે તેટલે અંશે તેને બંધ નથી અને જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે.''૩

આથી સ્પષ્ટ છે કે સમ્યગ્દષ્ટિને ભૂમિકાનુસાર જે પૂજા, ભક્તિ, આદિ તથા વ્રત, મહાવ્રત, નિયમાદિનો શુભભાવ આવે છે તે પણ આસ્રવ-બંધનું કારણ છે, પણ તે સંવર-નિર્જરાનું કારણ નથી. સંવર-નિર્જરાનું કારણ તો શુભ અંશો સાથે જે શુદ્ધ અંશ છે તે જ છે. જે શુભ રાગ બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ કદી હોઈ શકે નહિ. માટે વ્રતાદિના શુભ વિકલ્પોને પણ અવ્રતાદિ અશુભ વિકલ્પોની જેમ મોક્ષમાર્ગમાં હેય-છોડવા યોગ્ય ગણવામાં આવ્યા છે.

''જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી, ત્યાં સુધી સમ્યગ્દષ્ટિને બે ધારા રહે છે - શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બંને સાથે રહેવામાં કોઈ વિરોધ નથી. તે સ્થિતિમાં કર્મ (અશુદ્ધભાવરૂપ કર્મ) પોતાનું કાર્ય કરે છે અને જ્ઞાન (શુદ્ધભાવરૂપ જ્ઞાનકર્મ) પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મબંધ થાય છે અને જેટલા

---

૨. જાુઓ - શ્રી સમયસાર ગાથા-૧૫૨, ૧૫૩.

૩. येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१२।।
येनांशेन ज्ञानं तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांसेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१३।।
येनांशेन चारित्रं तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांसेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१४।।
(પુરુષાર્થસિદ્ધિયુપાય-ગા.૨૧૨ થી ૨૧૪)

**અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય-કષાયના વિકલ્પો કે વ્રત-નિયમના વિકલ્પો-શુદ્ધસ્વરૂપનો વિચાર સુદ્ધા-કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે''૧**

**સાતમા અપ્રમત્ત ગુણસ્થાનથી જે નિર્વિકલ્પ દશા થાય છે તે દશામાં આત્મસ્વરૂપમાં સ્થિરતા જામતી જાય છે અને અંતે શુક્લધ્યાન દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. ૮૬.**

## શ્લોક-૮૬ ઉપર પ્રવચન

**'તે ઉત્પ્રેક્ષાજાળનો નાશ કરનારે આ ક્રમથી કરવું – તે કહે છે :–'** હવે. ૮૬.

**अव्रती व्रतमादाय व्रती ज्ञानपरायणः।**
**परात्मज्ञानसम्पन्नः स्वयमेव परो भवेत्।।८६।।**

**અવ્રતી-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;**
**પરમ-જ્ઞાનને પામીને, સ્વયં 'પરમ' થઈ જાય. ૮૬.**

આહાહા..! એક ચોર હતો ચોર. તે હવે ભાગ્યો અને જવું ક્યાં? પછી એક લોઢાનું ભૂંગળું હતું માણસ ઉતરે એવું. એમાં પેઠો. આહાહા..! હાય.. હાય.. ત્યાં થઈને શ્વાસ પણ લેવાય નહિ. મરી ગયો. થઈ રહ્યું. જેમ આ ઉંદર પકડાય છે ને? ઉંદર... ભીંતની જોડે આ કબાટ હોય ને ભીંતની જોડે કબાટ. બે-ચાર તસું છેટું હોય અને ઉંદર નીકળ્યો હોય, એમાં આમ ભરાઈ જાય, ટાંગા ટંગાઈ રહે અને આમ બસ ત્યાં ને ત્યાં સુકાઈ જાય હવે. કાંઈ નીકળી શકે નહિ. પગમાં આમ થઈ ગયું છે. એમ ઓલા ભુંગળામાં ગર્યો બચાવ માટે. મારી નાખશે મને. એમ કરીને. થઈ રહ્યું ત્યાં મરી ગયો, સુકાઈ ગયો. આ જુઓને પ્રતિકૂળતાના, એકતાના દુઃખ શરીરની. એવું અનંતવાર થઈ ગયું છે બાપુ! આહાહા..! મિથ્યાત્વના કારણે એવા અનંતભવ થયા છે. લ્યો ચીમનભાઈ આવ્યા. સમજાણું કાંઈ? આહાહા..!

એની '**ટીકા :– અવ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પોની જાળનો,...**' સમ્યગ્દર્શન થયા પછીની વાત છે આ. જેને આત્માના નિર્વિકલ્પ શાંતિ દ્વારા આત્માનો અનુભવ થયો છે, સમ્યગ્દર્શન થયું છે એ જીવ હજી અવ્રતમાં છે. એ '**અવ્રતીપણાની અવસ્થામાં વિકલ્પોની જાળનો,...**'

૧. શ્રી સમયસાર ગુ. આવૃત્તિ-કળશ-૧૧૦નો ભાવાર્થ.

અસ્થિરતાની જાળ છે ને હજી? ક્ષાયિક સમકિત થયું શ્રેણિકને લ્યો! શ્રેણિક રાજા. ક્ષાયિક સમકિતી. પણ હજી અવ્રતના વિકલ્પો તો ઘણા અસ્થિરતાના. તો એ જાળનો, '**વ્રત ગ્રહણ કરીને,...**' વ્રત ગ્રહણ કરીને એટલે? સ્વરૂપમાં આશ્રય ઉગ્ર કરીને જ્યારે પાંચમે અને છઠ્ઠા ગુણસ્થાનની દશા મુનીની થાય ત્યારે એને વ્રતનો વિકલ્પ આવે અને અવ્રતના વિકલ્પ છૂટે. સમજાણું કાંઈ?

'**અવ્રતીપણાની અવસ્થામાં...**' એટલે ચોથા ગુણસ્થાનમાં થતાં અવ્રત ને અવ્રતના વિકલ્પની જાળમાં, એ જાળને છોડવા વ્રત ગ્રહણ કરીને. પંચ મહાવ્રતના વિકલ્પો મુનિને... નગ્ન મુનિ દિગંબર હોય છે. સાચા સંત તો દિગંબર નગ્ન હોય છે અને એ જંગલમાં વસતા હોય છે. આ સર્વજ્ઞ પરમાત્માનો અનાદિનો સનાતન ધર્મ છે. એ કહે છે કે જ્યારે સમ્યક્ અનુભવ થયો, આત્મા વિકલ્પથી રહિત નિર્વિકલ્પ દશા દ્વારા આત્માને જાણ્યો અને અનુભવ્યો અને શ્રદ્ધ્યો, પણ તે કાળે હજી એને અવ્રતના વિકલ્પો તો છે. વિકલ્પથી ભિન્ન પડી ગયો, પણ વિકલ્પથી છૂટો અસ્થિરથી છૂટીને સ્થિર થયો નથી. આહાહા..!

આમ વ્રત લઈને, અજ્ઞાની વ્રત લે એ અહીં વાત નથી. આ બધા વ્રત લે છે ને અત્યારે ઘણા? એ તો અજ્ઞાની છે એને હજી સમ્યગ્દર્શનના ઠેકાણે નથી અને વ્રત ક્યાં આવ્યા એના? અહીં તો અવ્રતી એટલે ચોથે ગુણસ્થાને આત્મા નિર્વિકલ્પ સમાધિ, શાંતિ દ્વારા શ્રદ્ધવામાં, જાણવામાં આવ્યો એને પણ હજી અવ્રતના વિકલ્પોની જાળ એને હોય છે. એણે એ વિકલ્પની જાળ તોડવા વ્રત ગ્રહણ કરી, એટલે કે અંતર આત્માનો ઉગ્ર આશ્રય લઈ. આહાહા..! કારણ કે વ્રતનો વિકલ્પ તો અંતર આનંદનો ઉગ્ર આશ્રય હોય એને આવે. જ્યાં આનંદનું પ્રચુર વેદન જ નથી એને વ્રતના વિકલ્પ કેવા? આહાહા..! એ તો બાળવ્રત અને બાળતપ છે. આહાહા..! સમજાણું કાંઈ? વાતે વાતે બહુ ફેર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધી ખબર છે ભાઈ! અત્યારે ચાલે છે શું અને માર્ગ શું છે બાપુ! બધી ખબર છે, પણ શું થાય? માર્ગ તો આ છે.

અવ્રતીનો અર્થ એમ નથી કે સમકિતનું ભાન નથી અને અવ્રતી છે અને એના જાળને તોડવા વ્રત ગ્રહણ કરે. એમ નથી અહીં. પહેલું સમ્યક્ આત્માનો રાગરહિત, વિકલ્પ રહિત દૃષ્ટિ દ્વારા કે નિર્વિકલ્પ શાંતિ દ્વારા આત્માને જાણ્યો અને ઓળખ્યો માન્યો, અનુભવમાં આત્મા જણાણો કે આ આત્મા તો પૂર્ણ શુદ્ધ અને આનંદ છે. પણ એ જ્યાં સુધી આગળ વધ્યો નથી, ત્યાં સુધી એને અવ્રતના વિકલ્પો રાગ હોય છે.

એ '**વિકલ્પોની જાળનો, વ્રત ગ્રહણ કરીને, વિનાશ કરવો,...**' એણે આગળ સ્વરૂપનો આશ્રય ઉગ્ર લઈ અને એને વિકલ્પનો ત્યાં વ્યવહાર આવે ત્યારે ઓલા અવ્રતના વિકલ્પો નાશ થઈ જાય છે. આહાહા..! ભારે શરતું. શરતું ભારે. અમારે વ્રત લઈ લીધા લ્યો. ક્યાં વ્રત હતા સાંભળને? હજી સમકિતના ઠેકાણા નથી અને વ્રત ક્યાંથી આવ્યા તારે? અહીં તો સમ્યગ્દર્શન પછી દ્રવ્યનો ઉગ્ર આશ્રય લઈને ભગવાન આત્માનું ઉગ્ર અવલંબન લઈને નિર્મળ દશા જે પ્રગટ થઈ એને એ વખતે

વિકલ્પ હોય છે. નહિતર ખરેખર તો આ નિર્મળ દશા પ્રથમ સાતમાની થાય છે, પણ અહીં તો ઓલા અવ્રતને છોડીને વ્રત ગ્રહણ કરવું એટલું લીધું છે ને? એથી ઓલી સ્થિરતામાં અકષાયભાવ આવ્યો છે. અને એ વખતે એને વ્રતના વિકલ્પ પંચમહાવ્રતના હોય છે, તો એ વ્રત પણ આસ્રવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**વ્રત ગ્રહણ કરીને, વિનાશ કરવો, તથા વ્રતીપ્રણાની અવસ્થામાં થતાં વિકલ્પોની જાળનો,...**' મુનિ થયો, જેને પ્રચુર આનંદ છે, સ્વસંવેદન છે, એને જે પંચ મહાવ્રતના વિકલ્પ સાધુને યોગ્ય અઠ્યાવીશ મૂળગુણ, સમિતિ, ગુપ્તિ એવો જે વિકલ્પ રાગ હોય છે. એ રાગને... છે? '**થતાં વિકલ્પોની જાળનો, જ્ઞાનપરાયણ થઈને,...**' સ્વરૂપમાં લીનતા થઈને એ વ્રતના વિકલ્પનો નાશ કરવો. આહાહા..! સમજાણું કાંઈ?

ખરેખર તો વ્રતના વિકલ્પોનો રાગ કઈ ભૂમિકાએ હોય? પાંચમે કે છઠ્ઠે. આપણે વિશેષ છઠ્ઠાની વાત છે. મુનિપણું.. જેને આનંદસ્વરૂપ રાગરહિત આનંદનો ધામ અનુભવમાં આવ્યો છે, એને આનંદનો ઉગ્ર આશ્રય લઈ અને આનંદ વિશેષ વધ્યો છે એને અવ્રતના વિકલ્પો છોડીને વ્રતના વિકલ્પ ગ્રહણ કરવા એમ કહ્યું છે. આહાહા..! ભારે માર્ગ બાપુ! આહાહા..! વાડામાં હોય તો તો તકરાર જ કરે હોં. આ તો વાડો ન મળે. ગામડું ગામ નાનું. તકરાર કરે. ઓલા કહે નહિ. એમ ન હોય, ફલાણું ન હોય, ઢીંકણું ન હોય.

કીધું હતું ને એક ફેરી ત્યાં. ૮૫ની સાલમાં બોટાદ. સભા તો ત્યાં મોટી. ૮૫માં સભા મોટી હતી ને સભા તો. હજારો માણસો. કીધું જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અધર્મ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ બંધનું કારણ એટલે રાગ છે. અને પંચમહાવ્રતના પરિણામ તે આસ્રવ છે. બે વાત કરી હતી. ૮૫નો પોષ મહિનો બોટાદની વાત છે. કેટલા થયા વર્ષ? ૪૬. ૪૦ અને ૬. એક સાધુ જોડે બેઠો હતો. વોસરે... વોસરે.. જગજીવનજી. વોસરે-વોસરે. આ ન જોઈએ. પણ કોણ એનું સાંભળે ત્યાં? ત્યારે તો મુહપતિ હતી ને. બધું હતું ને. અને સભા મોટી. એણે શું કીધું કોઈએ સાંભળ્યું નહિ, હું સમજી ગયો કે આને.. કીધું, બેસી રહેવું હતું ને. તમારું કોણે સાંભળ્યું ત્યાં? તમે શું કીધું એની ખબર નથી. વીર્યહીન હતા. એટલે બીજાને સારું લગાડવા. મૂળચંદને સારું દેખાડવા. કે જુઓ મેં એને આમ કહ્યું હતું. સાંભળને હવે ભાઈ.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય. બંધનું કારણભાવ એ ધર્મ હોય? ધર્મથી બંધાય? એ તો જરીક કડક ભાષા કરી હતી કે એ પુણ્ય નહિ પણ એ અધર્મ છે. રાડ નાખે. હાય.. હાય.. અને પંચ મહાવ્રતના પરિણામ એ આસ્રવ છે. ભગવાન આનંદના નાથને અંદર સ્થિરતા નથી એટલે એવા વિકલ્પો આવે છે. છઠ્ઠા ગુણસ્થાને આનંદના વેદનની દશામાં હોં. આહાહા..! આ તો ક્યાં હજી આનંદનું ભાન નથી, સમકિતની ખબર નથી, એને તો ક્યાં વ્રત પણ હતા અને ક્યાં અવ્રતનો ત્યાગ છે? સમજાણું કાંઈ?

'**જ્ઞાનપરાયણ થઈને,...**' શું કીધું? એ ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન, આત્મશાંતિ સમાધિ

પ્રગટી, એ સમ્યગ્દર્શન એ સમાધિ અને એ સુખ છે. આનંદના સુખનું વેદન છે એ સમ્યગ્દર્શન. આહાહા..! સમાધિ-સમાધિ જે શબ્દ લીધો એનો અર્થ આનંદ. એ સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ આવ્યો ચોથે ગુણસ્થાને ત્યારે એને આગળ વધવા એ અવ્રતના વિકલ્પ તોડવા, આગળ વધવા એને સ્વનો ઉગ્ર આશ્રય લેવો. એમ વાત વ્રત ગ્રહણ કરવું એમ કીધું છે. પણ વ્રત હોય ક્યાં? આહાહા..!

મુનિપણું એટલે ઓહોહો..! પરમેશ્વર પદ. જેને ગણધર નમસ્કાર કરે. નમો લોએ સવ્વ સાહુણં. એ પદ બાપા જુદી ચીજ છે. એ અત્યારે નમુના દેખવા કઠણ છે. આહાહા..! એ વાત સાંભળવી કઠણ પડી ત્યાં નમુના ક્યાંથી લાવવા? આહાહા..! કહે છે કે એ મુનિપણાની દશા સમ્યગ્દર્શનની દશાથી આગળ વધેલો, વસ્તુના સ્વરૂપનો આશ્રય ઉગ્ર થયો એને વ્રતના વિકલ્પ આવે. એણે અવ્રતના વિકલ્પ છોડ્યા એમ કહેવાય. પણ એ વ્રતનો ભાવ એ પણ વિકલ્પ અને રાગ છે. એને છોડવા એણે શું કરવું? કે જ્ઞાનપરાયણ. કીધું ને?

ઓલામાં જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં પરાયણ વિશેષ થયો ત્યારે તે ભૂમિકામાં વ્રતના વિકલ્પ આવ્યા. હવે એ વ્રતનો એ પણ વિકલ્પ છે હજી, રાગ છે. સાચા સંત, ભાવલિંગી મુનિને દૃષ્ટિ અનુભવ દૃષ્ટિ અને સ્વસંવેદન છે, એને પણ એ વ્રતનો વિકલ્પ છે એ રાગ છે. આહાહા..! એ રાગને છોડવા '**જ્ઞાનપરાયણ થઈને, અર્થાત્ જ્ઞાનભાવનામાં લીન થઈને...**' આહાહા..! આવી વાત. જ્ઞાનસ્વરૂપી ભગવાન એવા જ્ઞાનમાં લીન થઈને એ વ્રતના વિકલ્પને છોડવા. આહાહા..! ભારે વિષય!

આ સમાધિતંત્ર છે ને? સમ્યગ્દર્શનની સમાધિ સુખરૂપ છે. સમ્યગ્જ્ઞાન સમાધિ સુખરૂપ છે અને સમ્યક્ચારિત્ર એ સમાધિ સુખરૂપ છે. આહાહા..! સમાધિ એટલે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે તે સમાધિ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે ત્રણેમાં. એને કહે છે કે વ્રતના વિકલ્પ આવે તો એણે વસ્તુના સ્વરૂપમાં વિશેષ ઉગ્રપણે ઠરી અને એને છોડવા. સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ! હવે કોઈ કહે કે નવો માર્ગ કાઢ્યો સોનગઢવાળાએ. એમ કહે છે. નવો શું અનાદિનો માર્ગ આ જ છે. લોકોને ખબર નહોતી માટે કાંઈ નવો માર્ગ થઈ જાય? આહાહા..!

ભાઈ! તને સર્વજ્ઞ વીતરાગ એવો તારો સ્વભાવ, અને જેને શક્તિરૂપે હતું તે વ્યક્ત કર્યું. શક્તિરૂપે એટલે સ્વભાવરૂપે, શક્તિરૂપ એટલે સ્વભાવરૂપ તે પરમાત્મસ્વરૂપ અને વીતરાગસ્વરૂપ જ છે એનું. એની શક્તિ કહો કે એનો સ્વભાવ કહો, સર્વજ્ઞ અને વીતરાગ સ્વભાવ જ છે. એ શક્તિમાંથી જેણે વ્યક્તિ કરી, અંતરમાં પરાયણ થઈને પ્રગટ દશા કરી એમાં હતી તે બહાર આવી. આહાહા..! એવા સર્વજ્ઞ પરમાત્માએ આમ ફરમાવ્યું છે. કહો, ચેતનજી! આહાહા..! ભગવાનનો દિવ્યધ્વનિ આજે.

મુમુક્ષુ :- ચેતનજીની જ વાત છે ને.

ઉત્તર :- આ ચેતનજીની. આહાહા..!

ચૈતન્ય સ્વભાવમાં ચૈતન્ય સ્વભાવને શ્રદ્ધવો અને માનવો એ તો એના સન્મુખ થઈને નિર્વિકલ્પ થાય ત્યારે જાણ્યો-માન્યો કહેવાય. આહાહા..! એ વસ્તુ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાય નહિ અને માનવું એ ક્યાંથી આવ્યું? એ ૧૭-૧૮ ગાથામાં લીધું છે. જે વસ્તુ છે આત્મા ભગવાન પૂર્ણ,

શક્તિવાળું એટલે એ તો આત્મા પોતે સ્વભાવે તો પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! એ શક્તિરૂપ કહો, સ્વભાવરૂપ કહો, એ પરમાત્મસ્વરૂપ છે, એને અંતરમાં એકાગ્ર થઈને, શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ કરવી એનું નામ મોક્ષનો માર્ગ અને એનું નામ મોક્ષ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ ૨, શુક્રવાર તા. ૨૫-૦૭-૧૯૭૫
## શ્લોક - ૮૬-૮૭,
## પ્રવચન - ૧૦૦

'**ટીકા :- અવ્રતીપણાની અવસ્થામાં થતાં...**' ચોથા ગુણસ્થાનની વાત છે. સમ્યગ્દર્શન થયું છે. નિર્વિકલ્પ વીતરાગ સ્વભાવ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે, એને હજી અવ્રતના વિકલ્પ હોય છે. એની વાત છે. એકલા મિથ્યાદૃષ્ટિની અહીં વાત છે નહિ. પ્રથમ ભૂમિકા જેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, એ ચૈતન્ય પરિપૂર્ણ સ્વભાવ વીતરાગ સ્વરૂપે પૂર્ણ સ્વરૂપ. એનો આશ્રય લઈ અને સમ્યગ્દર્શનમાં આનંદનું અલ્પ વેદન આવે એમાં પ્રતીતિ અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એવા જીવને અવ્રતના વિકલ્પો રાગના હોય છે.

તો એને '**વ્રત ગ્રહણ કરીને,...**' વ્રત ગ્રહણ કરી એમાં બે પ્રકાર. એક તો ચોથે ગુણસ્થાને પહેલા બાર અણુવ્રતના વિકલ્પ લે. ધ્યાન નથી તમારું બરાબર હોં. ચારેકોર ફર્યા કરે છે બહુ. આ શું નવી વાત આવે છે એ પકડવાની તમને ગરજ નથી. હિંમતભાઈને કહું છું. આખો કલાક ફર્યાફર.. ફર્યાફર કરે છે આમ ને આમ. અસ્થિરતા ઘણી. આ શું કહ્યું? નવી વાત હતી. પણ ઓલું આવડે છેને એટલે એના ઓલામાં નવી વાત ગ્રહણ કરવાની દરકાર નથી. આ ઘણા દિ'થી કહ્યું હતું હોં. મેં ભાઈને કહ્યું ચંદુભાઈને. આ ફેરી કહ્યું, એ પહેલા બેવાર કહ્યું હતું. અહીં તો સાંભળવાને માટે ધ્યાન રાખવું જોઈએ. રામજીભાઈ જુઓ કેટલું ધ્યાન રાખે છે! એકે એક અક્ષર અને એકેએક ભાવ.

આ શાસ્ત્ર છે અને એ વાત આવડતી હોય તોપણ એ તો ધારણામાં આવડી છે. વસ્તુથી નહિ. આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ! માર્ગને માટે પાત્ર થવા બહુ લાયકાત જોઈએ છે. અહીંયાં શું કહ્યું? બીજી વાત કરી થોડી કે અવ્રતીને વિકલ્પો પાંચમાં ગુણસ્થાનમાં પહેલા લે અણુવ્રતાદિ. અને કોઈ મુનિના પંચ મહાવ્રતના વિકલ્પ લે, છતાં તેને નિશ્ચય સ્થિરતા જો અંદર થઈ હોય તો તેને વ્યવહાર વ્રત તરીકે કહેવાય છે. શું કહ્યું?

મુમુક્ષુ :- નિશ્ચય હોય તો વિકલ્પ કહેવાય છે.

ઉત્તર :- હા, નહિતર વિકલ્પ.. એવો શાસ્ત્રમાં પાઠ છે. કે સમ્યગ્દર્શન થયું છે એણે વિકલ્પ

લીધા વ્રતના, પણ અંદર સ્થિરતા જોઈએ ગુણસ્થાનની એ ન આવી. એ પુરુષાર્થ નહિ. આ વાત આમાં નહોતી કહી આટલામાં. સમજાણું કાંઈ? ચીમનભાઈ! બધી ઝીણી વાતું છે બાપુ! આહાહા..!

ચોથા ગુણસ્થાનમાં વ્રતના વિકલ્પો લીધા, પંચ મહાવ્રતાદિ આવે છે ને ચરણાનુયોગમાં આપણે? પ્રવચનસાર. હવે એ ચોથે અને પાંચમે લેવાય છે મહાવ્રતના ભાવ. ભાઈ! શરૂઆત તો એની ત્યાં હવે પછી. એ ભૂમિકામાં પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે. પછી એને વિકલ્પ તરીકે વ્યવહાર તરીકે ક્યારે કહેવાય? કે અંદર નિશ્ચય આનંદમાં તરી ગયો વિશેષપણે. આનંદની દશા વધી ગઈ છે તો એને એ પ્રકારના વચન, વિકલ્પને વ્યવહાર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ભૂતનૈગમનયે વ્યવહાર છે.

ઉત્તર :- હા. એ વખતે એને કહેવાય. ના આ તો..

મુમુક્ષુ :- તે વખતનો હોય એ વ્યવહાર.

ઉત્તર :- એ જ કહું છું. ત્યારે એને ખરો વ્યવહાર કહેવાય એમ. આહાહા..! અને સમ્યગ્દર્શન છે, અનુભવ છે આનંદનો અને વિકલ્પ લઈ લીધા પંચ મહાવ્રતના, મુનિપણાના વ્રત લીધા, પણ અંદર નિશ્ચય આત્માનો આશ્રય ન આવ્યો. પુરુષાર્થ નહિ તે. તો એને દ્રવ્યલિંગી, દ્રવ્યલિંગી મુનિ કહેવામાં આવે છે. ભલે સમકિત હોય. દ્રવ્યલિંગીના પ્રકાર ત્રણ છે. એક તો મિથ્યાત્વ-સહિતની ક્રિયાઓ આદિ હોય એ દ્રવ્યલિંગી, એક સમકિત સહિત ગુણસ્થાન છઠ્ઠું ન હોય અને પંચ મહાવ્રતના પરિણામ પાળતો એ પણ દ્રવ્યલિંગી અને એક પાંચમા ગુણસ્થાનમાં હોય અને મહાવ્રતના વિકલ્પ લીધા પણ મુનિ સાતમું આવ્યું નહિ અંદર, પુરુષાર્થની જાગૃતિ ન થઈ. આહાહા..! તત્ત્વાર્થરાજવાર્તિકમાં. સમજાણું કાંઈ?

એટલે અહીં કોઈ એમ કહે કે આપણે તો વ્રતમાંથી વ્રતના વિકલ્પ લઈ લઈએ એટલે વ્રત થઈ ગયા વ્યવહાર સાચો એમ નથી એમ કહેવું છે. આહાહા..! આવે ખરો, પહેલા વિકલ્પ, વિકલ્પ તો પાંચમે ગુણસ્થાને મુનિપણાના વ્રતના દ્રવ્યલિંગના આવે. એ કાંઈ સાતમે આવે અને છઠ્ઠે આવે એમ નથી.

મુમુક્ષુ :- પહેલા તો પાંચમામાં અને ચોથામાં.

ઉત્તર :- ચોથામાં આવે. ચોથે કે પાંચમે આવે. આહાહા..! આ તો અંતરની રમતની વાતું છે, ભાઈ! આહાહા..!

ભગવાન આત્મા જેણે આત્માનો સ્વભાવ પરિપૂર્ણ શુદ્ધ ધ્રુવ અનુભવમાં લીધો એણે. વેદનમાં આનંદનો અંશ પણ આવ્યો, કહેશે હમણાં આગળ. જે અંશે દૃષ્ટિ છે તેટલે અંશે નિર્મળતા છે. અને જે અંશે ત્યાં રાગનો ભાગ આવે છે એ અંશે બંધ છે. આહાહા..! બહુ માર્ગ એવી જાત છે. સમજાણું કાંઈ? કહે છે '**અવ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પોની જાળનો, વ્રત ગ્રહણ કરીને,...**' એટલે વ્રતના વિકલ્પને ગ્રહણ તો ચોથામાં કરે છે કે છઠ્ઠે કરે છે સમજાય છે. પાંચમે. પણ વિનાશ કરીને એ ખરેખર તો એનો અવ્રતના વિકલ્પનો નાશ સ્વરૂપની એકાગ્રતા ઉગ્ર થાય તો થાય છે.

આહાહા..! માર્ગ એવો બાપુ ઝીણો સૂક્ષ્મ બહુ. અનંતકાળ થયા એણે એ વાતની દરકાર જ કરી નથી. સ્વદ્રવ્યની દરકાર જ કરી નથી. પર્યાયની રમતમાં રમ્યો છે અનાદિથી. આહાહા..!

કહે છે કે '**વ્રતને ગ્રહણ કરીને, વિનાશ કરવો,...**' એનો અર્થ? એક વ્રતના ભાવ લે, પણ હજી વાસ્તવિક વ્રતની ભૂમિકા જે છઠ્ઠી કે પાંચમી અંદર આવી નથી. તો એ ખરેખર અવ્રતના વિકલ્પનો એને નાશ થતો નથી. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? પણ એ વ્રતના વિકલ્પમાં આવ્યો, એ જ્યારે અંદર આત્માનો આશ્રય લઈને, આનંદનું વેદન પ્રચુર વેદન આવ્યું. ત્યારે ઓલા વ્રત પૂર્વે જે લીધા હતા વિકલ્પથી, એવો વર્તમાન વિકલ્પ રહ્યો એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- બહુ .. વાત છે.

ઉત્તર :- વાત તો ભાઈ આવી છે. માર્ગ આ છે, બાપુ! આહાહા..!

અહીં ભાષા એમ કરી કે અવ્રતનો ત્યાગ... પહેલો મિથ્યાદૃષ્ટિ હોય એ એમ કહે આપણે વ્રત લઈ લ્યો એટલે અવ્રતનો નાશ થશે, એમ પણ નથી. અને સમ્યગ્દૃષ્ટિ પણ વ્રતના વિકલ્પ લીધા માટે અવ્રતના વિકલ્પનો નાશ થયો એમ પણ નથી. જ્યારે અંદર દ્રવ્યનો આશ્રય ઉગ્ર લઈ અને ધ્યાનમાં આનંદમાં જ્યારે પ્રચુર આવે, ત્યારે ઓલા વિકલ્પ જે પૂર્વે લીધો હતો, એને વર્તમાન વિકલ્પ તરીકે ગણીને વ્યવહાર કરવામાં આવે છે. આહાહા..! આવો માર્ગ! સમજાણું કાંઈ?

'**અવ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પની જાળનો, વ્રત ગ્રહણ કરીને, વિનાશ કરવો,...**' એનો અર્થ આટલો છે આ. '**તથા વ્રતીપણાની અવસ્થામાં થતા...**' હવે પાંચમે કે છઠ્ઠે. અહીં મૂળ વધારે તો મુનિની વાત છે. '**વ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પ...**' પંચ મહાવ્રતના આદિ અઠ્યાવીશ મુળગુણ. એ '**જ્ઞાનપરાયણ થઈને,...**' સ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન એકલો જ્ઞાનસ્વરૂપ. એ જ્ઞાનમાં પરાયણ થઈને અંદર લીન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એમાં સ્થિત ... જ્ઞાનમાં તત્પર, એકાગ્રતા. આનંદસ્વરૂપની એકાગ્રતા. આહાહા..! એમાં થઈને '**અર્થાત્ જ્ઞાનભાવનામાં લીન થઈને...**' એટલે કે વસ્તુ જે જ્ઞાયકભાવ છે એની ભાવના શબ્દે એકાગ્રતા. ભાવની ભાવના, જ્ઞાયકભાવની ભાવના એટલે એકાગ્રતા. થઈને '**પરમ વીતરાગતાની અવસ્થામાં...**' પરમ વીતરાગતાની દશામાં '**(તેનો) વિનાશ કરવો.**' આહાહા..! પરમ વીતરાગદશા થાય ત્યારે ઓલાનો નાશ થાય. એ વિના કાંઈ નાશ થાય નહિ. આનંદના સ્વરૂપમાં જઈ પરમ વીતરાગતા આવે ત્યારે ઓલા વ્રતના વિકલ્પનો નાશ થાય. સમજાણું કાંઈ? આહાહા..!

આ તો વીતરાગના વાક્ય છે ભાઈ! એના એક-એક વાક્યમાં ઘણું-ઘણું રહસ્ય. સમાધિ છે ને? એ સમાધિ ચોથેથી થાય, પછી વિકલ્પ આવ્યા એ તો અસમાધિ છે, રાગ છે. એ વિકલ્પનું ખરો વ્યવહાર ક્યારે કહેવામાં આવે અવ્રતીને? કે જ્યારે અંદર ગુણસ્થાનમાં ચડે છે, સાતમે જાય છે કે પાંચમે જાય ત્યારે એ ઓલા વિકલ્પને અવ્રતીના વિકલ્પો નાશ થયા છે. પછી વ્રતના વિકલ્પ રહ્યા એને સ્વરૂપમાં લીન થઈને તેનો નાશ થાય છે. વિકલ્પનો નાશ કરું એમ નથી. સમજાણું કાંઈ?

આહાહા..! અરેરે..! માર્ગ તે માર્ગ છે, બાપુ! આહાહા..! અને આત્માનો આશ્રય નથી જ્યાં ત્યાં તો આ વ્રત અને વ્રતના વિકલ્પની વાતું છે નહિ. એ તો તદ્દન મિથ્યાદષ્ટિ સહિત અવ્રતીમાં જ પડ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**પરમ વીતરાગતાની અવસ્થામાં (તેનો) વિનાશ કરવો.**' એટલે કે જ્ઞાનસ્વરૂપી ભગવાન, એમાં લીન થઈને આગળ ગુણસ્થાન વધી ગયું એમ કહે છે. એથી ઓલા વિકલ્પો હતા એ ઉત્પન્ન થતાં નથી. તેનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સંયોગીજિન અવસ્થામાં...**' હવે એને આગળ જાવું છે પાછું. કેવળ લેવું છે ને? '**સંયોગીજિન અવસ્થામાં પરાત્મજ્ઞાનસંપન્ન અર્થાત્ પર એટલે સર્વ જ્ઞાનોમાં ઉત્કૃષ્ટ જે આત્મજ્ઞાન-જે કેવળજ્ઞાન-...**' એમ. આહાહા..! જિન અવસ્થામાં પરમાત્મજ્ઞાન સંપન્ન. '**પર એટલે સર્વ જ્ઞાનોમાં ઉત્કૃષ્ટ જે આત્મજ્ઞાન-જે કેવળજ્ઞાન- તેનાથી સંપન્ન એટલે યુક્ત થઈને સ્વયં જ અર્થાત્ ગુરુ આદિના ઉપદેશની અપેક્ષા રાખ્યા વિના (નિરપેક્ષ થઈને) પર એટલે સિદ્ધસ્વરૂપ પરમાત્મા થવું.**' આ સયોગીમાંથી અયોગી થવું એમ વાત છે.

ભાવાર્થ. સારું ભર્યું છે છોટાભાઈએ. ભાઈએ. '**વિકલ્પજાળનો નાશ કરી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે કરવી તેનો નીચે પ્રમાણે આચાર્યે ક્રમ બતાવ્યો છે :-**' '**૧. અવ્રત અવસ્થામાં હિંસાદિ પાપોના જે વિકલ્પો...**' વિષયના વિકલ્પો '**તેનો અહિંસાદિ વ્રતોનું ગ્રહણ કરી નાશ કરવો.**' એથી તે અહિંસાદિના વ્રત લઈને અંદર સ્વભાવની એકાગ્રતા વધારીને એનો નાશ કરવો. આમ છે. આહાહા..!

૧. '**અવ્રત અવસ્થામાં હિંસાદિ પાપોના જે વિકલ્પો થાય તેનો અહિંસાદિ વ્રતોનું ગ્રહણ કરી નાશ કરવો.**' વ્રતના વિકલ્પોથી અવ્રતના વિકલ્પનો નાશ થાય. એનો અર્થ—સ્વરૂપમાં એકાગ્રતા વધી ત્યારે એને અવ્રતના વિકલ્પોનો અભાવ થયો, એને વ્રતના વિકલ્પ રહ્યા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એનો અર્થ જ કે શુદ્ધ ઉપયોગથી થાય છે.

ઉત્તર :- ત્યારે થાય. શુદ્ધ ઉપયોગમાં જાય ત્યારે વ્રતના વિકલ્પનો નાશ થાય. આહાહા..!

'**૨. વ્રત અવસ્થામાં અહિંસાદિ શુભભાવરૂપ જે વિકલ્પો થાય...**' વ્રતની અવસ્થામાં અહિંસાદિ શુભભાવરૂપ જે રાગ થાય, '**તેનો જ્ઞાનપરાયણ થઈ...**' સ્વભાવમાં તત્પર થઈ. આહાહા..! જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન એટલે જ્ઞાયકભાવ. એમાં એકાગ્ર થઈ '**જ્ઞાનભાવનામાં લીન થઈ વિનાશ કરવો.**' જ્ઞાનભાવનામાં લીન થઈને એનો વિનાશ થાય. સમજાણું કાંઈ? '**૩. જ્ઞાન ભાવનામાં લીન થતાં પરમ વીતરાગ તથા કેવળજ્ઞાનયુક્ત જિન દશા (અરિહંતદશા) પ્રગટે છે; ૪. અને સ્વયં જ સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.**' પછી. આહાહા..! '**સ્વયં જ સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.**' આ ક્રમ મુક્યો છે ચાર.

**વિશેષ :—** '**વ્રત-અવ્રત એ બંને વિકલ્પરહિત જ્યાં પર દ્રવ્યના ગ્રહણ-ત્યાગનું**

**કાંઈ પ્રયોજન નથી એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ છે, તે જ મોક્ષમાર્ગ છે...'** મોક્ષમાર્ગ(પ્રકાશક)નો. એમાંથી આધાર આપ્યો છે. '**વ્રત-અવ્રત એ બંને...**' રાગ છે. એનાથી રહિત '**જ્યાં પર દ્રવ્યના ગ્રહણ-ત્યાગનું કાંઈ પ્રયોજન નથી...**' આહાહા..! '**એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ છે, તે મોક્ષમાર્ગ છે...**' વ્રતનો વિકલ્પ એ કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો શુદ્ધ ઉપયોગ તે મોક્ષમાર્ગ છે. વિકલ્પ છે એ તો અશુદ્ધ ઉપયોગ છે. સવારની લાઈન પ્રમાણે તો આપણે આવ્યું કે અશુદ્ધ ઉપયોગ તે અણાત્મા છે. આહાહા..! જે શુદ્ધ ઉપયોગ તે જ આત્મા છે. એકલું દ્રવ્ય સહિતની શુદ્ધની પર્યાય. જેટલો વિકલ્પ ઊઠે છે એટલો અણુપયોગ છે. ચૈતન્યનો ઉપયોગ જ નથી. આહાહા..!

'**પહેલાં અશુભોપયોગ છૂટી...**' (મોક્ષમાર્ગપ્રકાશક). '**શુભોપયોગ થાય, પછી શુભોપયોગ છૂટી શુદ્ધોપયોગ થાય,...**' શુભોપયોગથી શુદ્ધોપયોગ થાય એમ નથી કહ્યું. શુભ ઉપયોગથી શુદ્ધ થાય તો અશુભ ઉફયોગથી શુભ થાય અને શુભોપયોગથી શુદ્ધ થાય, (એમ નથી કહ્યું). '**પહેલાં અશુભોપયોગ છૂટી શુભોપયોગ થાય, પછી શુભોપયોગ છૂટી શુદ્ધોપયોગ થાય, એવી ક્રમપરિપાટી છે.**' આહાહા..! મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ. ૨૬૦.

'**ધર્મની શરૂઆત ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનથી થાય છે.**' આહાહા..! ભગવાન આત્માને સ્પર્શવાથી ધર્મની શરૂઆત થાય છે. રાગની ક્રિયાથી એ ધર્મની શરૂઆત થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**ધર્મની શરૂઆત ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનથી થાય છે. તે પહેલાં જીવની મિથ્યાત્વ અવસ્થા હોય છે. આ અવસ્થામાં જે વ્રત-તપાદિ કરવાનો વિકલ્પ હોય આવે છે તે બધાં બાળ તપ ગણાય છે.**' સમયસાર ગાથા-૧૫૨-૧૫૩. આવે છે ને? બાળવ્રત અને બાળતપ છે.

સમ્યગ્દર્શન વિના આ પંચ મહાવ્રત બહારથી લે, દ્રવ્યલિંગ ધારણ કરે, એ બધું બાળ વ્રત છે, બાળ તપ છે. આહાહા..! અહીં તો અત્યારે એ કહે છે કે શ્રાવકના વ્રત અને મુનિના વ્રતના આચરણો એ (જૈન)ધર્મ જૈનદર્શન છે અને એનાથી ધર્મ ન થાય તો જૈનધર્મનો નાશ થાય છે. એમ કહે છે. આહાહા..! શું થાય? એની લાયકાત એ પ્રમાણે હોય ત્યાં એમ બેસે.

'**અવિરત સમ્યગ્દષ્ટિઓને,...**' ચોથે ગુણસ્થાને. '**દેશવિરત શ્રાવકોને...**' પાંચમાને '**અને મુનિઓને ભૂમિકાનુસાર શુભ-અશુભ વિકલ્પો આવે છે,...**' મુનિને શુભ આવે છે. અશુભ હોતા નથી. પણ છતાં છેલ્લે આર્તધ્યાનાદિ હોય છે. '**પરંતુ તેમને ભેદ-વિજ્ઞાન હોવાથી તે...**' જ ક્ષણે, રાગથી ભિન્ન પડેલું તત્ત્વ હોવાથી, રાગથી ભિન્ન પડેલા તત્ત્વના અનુભવથી '**તે વિકલ્પોને તેઓ શ્રદ્ધા-જ્ઞાનમાં પોતાનું સ્વરૂપ માનતા નથી,...**' શ્રદ્ધા-જ્ઞાનમાં તે વિકલ્પને પોતાનું સ્વરૂપ માનતા નથી. આહાહા..!

'**શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં તેમને વિઘ્નરૂપ માને છે...**' કહો, વ્રતના વિકલ્પો પણ શુદ્ધ પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે. રાગ છે ને? હવે એનાથી આગળ વધાશે એમ કહે છે. '**શુદ્ધ આત્મસ્વરૂપની**

**પ્રાપ્તિમાં તેમને વિઘ્નરૂપ માને છે અને તે છોડવા માટે પોતાની ભૂમિકાનુસાર પ્રયત્ન કરે છે.**' અંતરમાં વધારે આશ્રય લેવા પ્રયત્ન કરે છે. આહાહા..! સ્વનો આશ્રય વધારવો એ એનો સ્વ તરફનો પ્રયત્ન છે.

હવે આ ગાથાનું છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયની. નીચે છે. ૨૧૨, ૧૩, ૧૪. **જેટલે અંશે સમ્યગ્જ્ઞાન છે.** જ્ઞાન એટલે સ્વસંવેદન જ્ઞાન. આહાહા..! આ શાસ્ત્રનું જ્ઞાન અને ધારણાનું એ જ્ઞાન નહિ. જ્ઞાયકમાંથી આવેલી જ્ઞાનની દશા તે સમ્યગ્જ્ઞાન છે. '**તેટલે અંશે બંધ નથી;...**' જેટલે અંશે જ્ઞાયકભાવનું સ્વને આશ્રયે થતું જે જ્ઞાન. પરથી આ ધારણાથી કર્યું એ કાંઈ જ્ઞાન નથી. સાંભળીને કહ્યું જ્ઞાન એ જ્ઞાન નથી. આહાહા..! જ્ઞાયકભાવ ચૈતન્યમાંથી ઝરતું જ્ઞાનની દશા... આહાહા..! તે સમ્યગ્જ્ઞાન છે.

'**તેટલે અંશે તેને બંધ નથી; જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે;...**' શ્રાવકને કે મુનિને જેટલે અંશે વિકલ્પ ઊઠે છે. આહાહા..! એટલે અંશે બંધ છે. '**તેને જેટલે અંશે સમ્યગ્દર્શન છે...**' પહેલું સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે હોં. '**જેટલે અંશે સમ્યગ્દર્શન હોય છે...**' એ. પહેલી વાત એ છે. જેટલે અંશે સમ્યગ્દર્શન, જેવી ચીજ પૂર્ણ છે તેનું જ્ઞાનમાં ભાન થઈને પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન છે એ '**(શુદ્ધિ છે – શુદ્ધ ભાવ છે,...**' સરાગ સમકિત કહેવાય છે એ તો ઉપચારથી. આહાહા..! '**રાગરહિત અંશ છે) તેટલે અંશે તેને બંધ નથી,...**' સમ્યગ્દષ્ટિને. આહાહા..! '**જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે.**' એ સમ્યગ્દષ્ટિ.

'**તેને જેટલે અંશે સમ્યગ્જ્ઞાન છે તેટલે અંશે બંધ નથી...**' એથી શ્રાવકનું નાખ્યું. ભાઈ! ભાષા શ્રાવકની મૂકી છે ને સમ્યગ્દષ્ટિને? હવે '**તેને જેટલે અંશે સમ્યક્ ચારિત્ર છે...**' આહાહા..! શુદ્ધ આનંદના નાથમાં રમણતા છે જેને જેટલી. આહાહા..! બહુ પુરુષાર્થ છે ત્યાં. સમ્યગ્દર્શન કરતાં પણ ચારિત્રનો મહાપુરુષાર્થ છે. સ્વરૂપમાં રમણતાનો પુરુષાર્થ ઘણો ઉગ્ર છે. આહાહા..! છતાં દૃષ્ટિના વિષયમાં પર્યાય સન્મુખ જોવું છે એમ નથી, પણ ચારિત્રનો પુરુષાર્થ જે સ્વભાવ તરફ છે એ અનંતો પુરુષાર્થ છે. પર્યાયને દ્રવ્યમાં ઉગ્રપણે વાળવી એવું જે ચારિત્ર એ જેટલે અંશે સમ્યક્ ચારિત્ર છે તેટલે અંશે બંધ નથી.

'**અને જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે.**' લ્યો! આ ઓલો અર્થ કરે છે ને? બંધભાવ નથી, મોક્ષમાર્ગ છે એમ આવે છે ને એક ગાથામાં? પુરુષાર્થસિદ્ધિની. એવો અર્થ ઊપજે. અહીં તો આ કહ્યું એમાં ને એમાં. એમ કે બંધમાં બંધ નહિ. મોક્ષમાર્ગમાં જે બંધ થાય છે એ બંધ મોક્ષમાર્ગ જ છે. આહાહા..! એવો (ખોટો) અર્થ કર્યો છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા છે ને.

છે અહીં મોક્ષમાર્ગપ્રકાશક? નહિ. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. નથી. એ જ છે. કેટલામી ગાથા છે? ૨૧૨, ૧૩, ૧૪. એના પહેલા જ છે લ્યો. આ ૨૧૨ છે ને? એના પહેલા ૨૧૧.

**असमग्रं भावयतो रत्नत्रयमस्ति कर्मबन्धो यः।**
**स विरपक्षकृतोऽवश्यं मोक्षोपायो न बन्धोपायः।।२११।।**

પહેલી ગાથા છે. આના પહેલા. આ ૨૧૨ પહેલા. **'અપૂર્ણ રત્નત્રયની ભાવના કરનાર પુરુષને જે શુભ કર્મનો બંધ થાય છે, તે બંધ વિપક્ષકૃત અથવા રાગકૃત હોવાથી અવશ્ય જ બંધનો ઉપાય છે,...'** આ તો બરાબર છે. ઓલા કહે નહિ. **'મોક્ષનો ઉપાય નથી.'** ઓલામાં મોક્ષનો ઉપાય છે એમ કહ્યું છે. અર્થ એવો કર્યો છે. **'એકદેશરૂપ રત્નત્રયનું પાલન કરનાર પુરુષને જે કર્મબંધ થાય છે તે રત્નત્રયથી નથી, પણ રત્નત્રયનો વિપક્ષ રાગદ્વેષ છે તેનાથી થાય છે.'** લ્યો આવો તો અર્થ છે. ઓલા કહે નહિ. **'मोक्षोपायो'** એમ કહે. **'मोक्षोपायो न'** એવો અર્થ કર્યો છે. એની કોર લઈ જાય છે. ખોટી વાત છે. અને આના પહેલાની વાત છે જુઓને. ૨૧૧મી ગાથા છે. આ ૨૧૨ છે.

**'આથી સ્પષ્ટ છે કે સમ્યગ્દૃષ્ટિને ભૂમિકાનુસાર જે...'** ભાવ આવે ખરો કહે, હોય છે. **'પૂજા, ભક્તિ, આદિ તથા વ્રત, મહાવ્રત,...'** અણુવ્રતાદિનો ભાવ **'નિયમાદિનો...'** કરવાનો ભાવ એ **'શુભભાવ આવે છે તે પણ આસ્રવ-બંધનું કારણ છે,...'** આહાહા..! અને એ શુભભાવવામાંથી કરતા કરતાં શુદ્ધ આવશે. એ મિથ્યાશલ્ય છે. આસ્રવ અને બંધના કારણથી અનાસ્રવ પરિણામ થાય? આહાહા..! અણાસ્રવ પરિણામ તો સ્વદ્રવ્યને આશ્રયે થાય. અને શુભ-ભાવ તો પરદ્રવ્યને આશ્રયે છે. બહુ ઝીણું-બહું ઝીણું માણસને. માણસને આ નિશ્ચય એવું લાગે. આહાહા..! ક્યાં ગયા પ્રેમચંદભાઈ નથી? આવી વાત છે આ. આહાહા..!

ભક્તિનો(ભાવ) દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા એ બધો રાગ છે. બંધનું કારણ છે. અને એ ભક્તિ કરતા કરતા નિર્મળદશા થશે (એમ નથી). આહાહા..! બહુ માર્ગ. માર્ગ તો એ સ્વરૂપે આવો જ છે. અંતરમાં વિચારે તો મનન કરે તો કાંઈક ખબર પડે. એમ ને એમ વાતું કરે ઉપરથી તો કાંઈ ચાલે? આહાહા..!

**'પણ તે સંવર-નિર્જરાનું કારણ નથી.'** એ ભક્તિ, પૂજા, વ્રત, મહાવ્રત, નિયમ, અભિગ્રહ આદિ લે એ બધો વિકલ્પ છે. આ અમારે ખપે નહિ, આ અમારે ખપે નહિ. ઓલો બ્રાહ્મણને ઘરે ગયો તો (કહે), આ મારે ખપે નહિ. એ આવ્યું છે ને એ? પણ એ શુભવિકલ્પ છે. ચંડાળને ઘરે ગયો તો અમારે ખપે, એ અશુભવિકલ્પ છે. આહાહા..! આ અમારે ખપે નહિ, આ અમારે ખપે નહિ. એ પણ શુભરાગ છે. આહાહા..!

**'સંવર-નિર્જરાનું કારણ તો શુભ અંશો સાથે જ...'** સંવર-નિર્જરાનું કારણ તો શુભ અંશો જે છે એ તો આસ્રવનું કારણ છે. પણ એની સાથે જે શુદ્ધ અંશ છે.. આહાહા..! પહેલા હજી શ્રદ્ધાના જ વાંધા આખા. પછી જ્ઞાન અને ચારિત્ર તો વળી ત્યાં... જ્ઞાન એટલે વધારો જ્ઞાનનો. જ્ઞાન સાથે તો થોડું હોય છે ને? **'શુભ અંશો સાથે જે શુદ્ધ અંશ છે તે જ છે.'** સંવર-નિર્જરાનું કારણ. ચૈતન્ય દ્રવ્યને આશ્રયે શુદ્ધ સ્વરૂપને આશ્રયે શુદ્ધતા પ્રગટી તે સંવર-નિર્જરાનું કારણ છે. પરને આશ્રયે શુભભાવ થયો એ બંધનું કારણ અને આસ્રવનું કારણ છે. આહાહા..!

**'જે શુભ રાગ બંધનું કારણ હો તે મોક્ષનું કારણ કદી હોઈ શકે નહિ.'** જે શુભરાગ બંધનું

કારણ હોય તે મોક્ષનું કારણ કદી હોઈ શકે નહિ '**માટે વ્રતાદિના શુભ વિકલ્પોને પણ અવ્રતાદિ અશુભ વિકલ્પોની જેમ મોક્ષમાર્ગમાં હેય-છોડવા યોગ્ય ગણવામાં આવ્યા છે.**' આહાહા..! ભક્તિ એ બે પ્રકારની—એક નિશ્ચય ભક્તિ અને વ્યવહાર ભક્તિ. સ્વના આશ્રયમાં એકાગ્ર થવું એ નિશ્ચયભક્તિ અને ભગવાન દેવ-ગુરુની ભક્તિ કરવી એ વ્યવહાર શુભ વિકલ્પ ભક્તિ. આહાહા..! એવી વાત છે. એ વ્યવહાર ભક્તિ બંધનું કારણ છે. સ્વભાવનો દ્રવ્ય સ્વભાવના આશ્રયથી શુદ્ધભાવ થાય એ મોક્ષનું કારણ અથવા સંવર-નિર્જરા છે. આમ છે. '**વ્રતાદિના શુભ વિકલ્પોને પણ અવ્રતાદિ અશુભ વિકલ્પોની જેમ મોક્ષમાર્ગમાં હેય-છોડવા યોગ્ય ગણવામાં આવ્યા છે.**'

વિશેષ ખુલાસો કર્યો છે. ઓલીકોર છે. ગાથા અહીંયાં આપી છે. સમયસાર ગુજરાતી આવૃત્તિ. કળશ-૧૧૦નો ભાવાર્થ. ઓલીકોર આપ્યો છે ને? '**જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી,...**' સ્વરૂપમાં યથા-જેમ છે તેમ સ્થિરતા, રમણતા ચારિત્રની યથાખ્યાત થતી નથી **ત્યાં સુધી સમ્યગ્દષ્ટિને** પણ '**બે ધારા રહે છે – શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા.**' છે ને એ? કળશમાં ટીકા છે. કળશ. સમયસારનો. ૧૧૦. એનો ભાવાર્થ છે. ૧૧૦ છે ને? .. એ '**कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः**' એ કાંઈ વિરોધનું કારણ નથી. હોય છે.

**किन्तविन्नापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्,**
**मोक्षाय स्थित मेकमेव परमं ज्ञानं वुमुक्तंस्वतः।**

એ. ૧૧૦. મોટું છે આ તો ખૂબ. બે પાના છે આખા ભરેલા છે.

સમ્યગ્દર્શન અને સમ્યજ્ઞાન થયું. આત્માનો અનુભવ અને આનંદનું વેદન થયું, છતાં તે જ્ઞાનધારા છે, સમ્યગ્દર્શન ધારા છે, તેટલો તો મોક્ષનો માર્ગ છે. જેટલો અંદરમાં વિકલ્પ ઊઠે છે—ભક્તિ, પૂજા, દાન, દયા વગેરે એ કર્મધારા છે, એ રાગધારા છે. આહાહા..!

'**શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બંને સાથે રહેવામાં કાંઈ વિરોધ નથી.**' ક્ષતિ નથી. આવ્યું હતું ને? કળશમાં છે. એ કાંઈ વિરોધ નથી. જેમ મિથ્યાત્વને અને સમકિતને રહેવાને વિરોધ છે, મિથ્યાજ્ઞાન અને સમ્યજ્ઞાન રહેવાને વિરોધ છે, એમ સમ્યજ્ઞાનની સાથે, સમ્યગ્દર્શનની સાથે રાગ થાય એનો વિરોધ નથી. એ વિરોધ નથી એટલે? એ હોઈ શકે છે એમ. આહાહા..! એક સમયમાં સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન એમ ન હોઈ શકે. એ વિરોધ છે. પણ જે સમ્યગ્દર્શન-જ્ઞાનની સાથે રાગનો ભાવ કર્મધારા હોય એ વિરોધ નથી. વિરોધ નથી એટલે? એને રોકે છે જુદી વાત છે, પણ એને વર્તમાન આવું ન હોય એમ નથી. હોઈ શકે. આહાહા..! નહિતર તો સાધક થાય ત્યાં એને બાધકપણું છે. બે ધારા સાથે છે. નહિતર સાધક થયો એટલે એકદમ સિદ્ધ થઈ જાય? આહાહા..!

'**તે સ્થિતિમાં કર્મ (અશુદ્ધભાવરૂપ કર્મ)...**' શુભ કે અશુભ બેય અશુદ્ધભાવ. '**પોતાનું કાર્ય કરે છે અને જ્ઞાન (શુદ્ધભાવરૂપ જ્ઞાનકર્મ) પોતાનું કાર્ય કરે છે.**' શુદ્ધભાવરૂપી જ્ઞાનકર્મ. જ્ઞાનરૂપી કાર્ય. છે ને? અશુદ્ધભાવરૂપી કર્મ એટલે કાર્ય અને જ્ઞાનનું શુદ્ધભાવરૂપી કાર્ય. કર્મ એટલે કાર્ય. આહાહા..! સમ્યગ્દર્શન અને જ્ઞાન છે એ શુદ્ધરૂપી જ્ઞાનનું કાર્ય છે એ. આહાહા..! અને

અશુદ્ધભાવરૂપી બે ભાવ—શુભ-અશુભ એ કર્મ, એ અશુદ્ધ કાર્ય છે. એ અશુદ્ધ કાર્ય છે. કાર્યના પણ બે પ્રકાર એક ક્ષણે. આહાહા..!

જ્ઞાન ને દર્શનની નિર્મળતા પ્રગટી એ તો શુદ્ધકાર્ય છે અને જોડે શુભ-અશુભભાવ છે તે અશુદ્ધ કાર્ય છે. લખ્યું છે જુઓને. '**(અશુદ્ધભાવરૂપ કર્મ) પોતાનું કાર્ય કરે છે...**' અશુદ્ધ બંધનું કારણ કરે છે એમ '**અને જ્ઞાન (શુદ્ધભાવરૂપ જ્ઞાનકર્મ) પોતાનું કાર્ય કરે છે.**' નિર્જરા કરે છે. સંવર-નિર્જરા અને શુદ્ધતા થાય છે. આ કળશ છે ૧૧૦ કીધો ને. કર્તાકર્મનો છે ને એ? ૧૧૦. કોનો છે? પુણ્ય-પાપનો. બરાબર છે. પુણ્ય-પાપ સાથે હોય છે એમ કહે છે.

'**જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મ બંધાય છે અને જેટલા અંશે જ્ઞાનધારા છે...**' સ્વરૂપની જ્ઞાનની દશાની ધારા, જ્ઞાન વેદનરૂપ જે છે એ તો સંવર-નિર્જરા છે. '**તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય-કષાયના વિકલ્પો...**' એ અશુભ છે. '**વ્રત-નિયમના વિકલ્પો શુભ છે—શુદ્ધસ્વરૂપનો વિચાર સુદ્ધાં-..**' નાખ્યું છે એમાં એ. વિચાર એટલે વિકલ્પ મૂળ તો. એમ. એ કળશની ટીકાનો અર્થ છે. શુદ્ધ સ્વરૂપનો વિચાર. આ શુદ્ધ છે એવી વિકલ્પની વૃત્તિ. આહાહા..! એ પણ બંધનું કારણ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ બંધનું કારણ અને શુદ્ધ સ્વરૂપનો—આ શુદ્ધ સ્વરૂપ છે એવો વિકલ્પનો વિચાર એ (પણ) બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો માર્ગ ઝીણો બાપા! આહા..! એણે અનંત કાળમાં એણે દરકાર કરી નથી. એમ ને એમ કાળ ગુમાવ્યો છે બધો. બફમમાં ને બફમમાં. નવમી ગ્રૈવેયકે ગયો, જૈન સાધુ દિગંબર. હજારો રાણીને છોડીને. આહાહા..! અને અગ્યાર અંગના જ્ઞાન કર્યા, નવ પૂર્વ લબ્ધિનું જ્ઞાન. લબ્ધ છે ને નવ પૂર્વ? એ કાંઈ ભણ્યે થતો નથી. એટલી એ લબ્ધિ ઊઘડી ગઈ છે. આહાહા..! નવ પૂર્વ કાંઈ ભણ્યુ ભણાતું નથી. એટલે લબ્ધિ ઉઘડી એ નવ પૂર્વની. પણ એ તો પરાવલંબી જ્ઞાન છે. એ કાંઈ સ્વનું જ્ઞાન નથી. કારણ કે એનાથી કાંઈ લાભ નથી એવો. અંશે નિર્જરા કે અંશે સંવર થયો નહિ એટલે ખરેખર તો એ બંધનું કારણ છે. આહાહા..! અગ્યાર અંગ અને નવ પૂર્વની લબ્ધિ હોં અંદરથી. અગ્યાર અંગ તો હજી એક એક અંગમાં અઢાર હજાર પદ અને એક પદમાં સમજ્યાને? કેટલા કરોડ શ્લોક. આહાહા..! એ પણ જ્ઞાન નહિ.

કહે છે કે '**વિચાર સુદ્ધાં-**' ઓલો વિકલ્પ ઊઠે કે હું આ શુદ્ધ છું, અખંડ છું, અબંધ છું. આવે છે ને કર્તાકર્મમાં? અબંધ છું, શુદ્ધ છું, એવો વિકલ્પનો કર્તા થાય છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ૧૪૩ સમયસાર. ૨૦ શ્લોક છે ને? ૨૦ શ્લોક. હું શુદ્ધ છું, અબંધ છું, એકરૂપ છું. એવા ૨૦ શ્લોક છે. કહે છે કે એ પણ એક વિકલ્પ છ, વૃત્તિનું ઉત્થાન છે. જ્યાં સુધી તે વૃત્તિનો કર્તા થાય, ત્યાં સુધી વૃત્તિ એનું કાર્ય છે. આહાહા..!

'**કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.**' વળી 'જ' ન હોય ને? મારો મહાવીર ''જ'' ન કહે. આવે છે શ્રીમદ્‌માં આવે છે. એ તો અનેકાંત સ્વરૂપ છે. જેમ દ્રવ્ય અને પર્યાય (છે), તો દ્રવ્ય છે તે દ્રવ્યરૂપ જ છે અને પર્યાયરૂપ નથી એમ ન કહે. પણ દ્રવ્ય તે

દ્રવ્યરૂપ નિશ્ચયથી દ્રવ્ય દ્રવ્યરૂપ 'જ' છે. કૂટસ્થ છે, એ એકાંત છે. ત્યાં કથંચિત્ એમ નહિ કે દ્રવ્ય નિત્ય પણ છે અને દ્રવ્ય અનિત્ય પણ છે. એમ એનો જ નહિ. આહાહા..!

**'સાતમા અપ્રમત્ત ગુણસ્થાનથી જે નિર્વિકલ્પ દશા થાય છે...'** ઓલો વિકલ્પ તૂટીને. **'સાતમા અપ્રમત્ત ગુણસ્થાનથી જે નિર્વિકલ્પ દશા થાય છે તે દશામાં આત્મસ્વરૂપમાં સ્થિરતા જામતી જાય છે...'** શ્રેણી સ્થિર થાય છે ને? નીસરણી જેમ ચડે ને એમ શુદ્ધતાની ધારા વધે છે એમ કહે છે. શ્રેણી કીધી છે ને શ્રેણી? એક પગથીયું, બે પગથિયું. એમ શુદ્ધની ધારાની ... પરિણતિ વધી જાય છે. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... આહાહા..! દ્રવ્યના આશ્રયે શુદ્ધતા વધી જાય છે. આહાહા..!

**'તે દશામાં આત્મસ્વરૂપમાં સ્થિરતા જામતી જાય છે અને અંતે શુક્લધ્યાન દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.'** આહાહા..! એ ૮૬ થઈ.

---

यथा च व्रतविकल्पो मुक्तिहेतुर्न भवति तथा लिङ्गविकल्पोऽपीत्याह–

लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः।
न मुच्यते भवात्तस्मात्ते ये लिङ्गकृताग्रहाः।।८७।।
તનને આશ્રિત લિંગ છે, તન જીવનો સંસાર;
તેથી લિંગગ્રાહી તણો, છૂટે નહિ સંસાર. ૮૭.

टीका :– लिङ्गं जटाधारणनग्नत्वादिदेहाश्रितं दृष्टं शरीरधर्मतया प्रतिपन्नं। देह एवात्मनो भवः संसारः। यत एवं तस्माद्ये लिंगकृताग्रहाः लिंगमेव मुक्तेर्हेतुरितिकृताभिनिवेशास्ते न मुच्यंते। कस्मात् भवात्।।८७।।

---

**જેમ વ્રતનો વિકલ્પ મુક્તિનો હેતુ નથી, તેમ લિંગનો વિકલ્પ પણ મુક્તિનો હેતુ નથી, તે કહે છે :–**

શ્લોક – ૮૭

**અન્વયાર્થ :– (लिङ्गं) નગ્નપણું આદિ (देहाश्रितं दृष्टं) દેહને આશ્રિત જોવામાં આવે છે. (देहः एव) દેહ જ (आत्मनः भवः) આત્માનો ભવ (સંસાર) છે; (तस्मात्) તેથી (ये लिङ्गकृताग्रहाः) જે લિંગના જ આગ્રહી છે (ते पुरुषाः) તે પુરુષો (भवात्) સંસારથી (न मुच्यन्ते) મુક્ત થતા નથી.**

ટીકા :– લિંગ એટલે જટાધારણ, નગ્નપણું, આદિ–તે દેહાશ્રિત દેખાય છે–અર્થાત્

શરીરના ધર્મરૂપે માનવામાં આવે છે. દેહ જ આત્માનો ભવ એટલે સંસાર છે; તેથી જે લિંગને વિષે આગ્રહ રાખે છે – અર્થાત્ લિંગ એ જ મુક્તિનો હેતુ છે એવા અભિનિવેશવાલા જે છે તે (લોક) મુક્ત થતા નથી. શાનાથી? ભવથી (સંસારથી).

ભાવાર્થ :– જે જીવ કેવળ લિંગ અથવા બાહ્ય વેષને જ મોક્ષનું કારણ માને છે તે દેહાત્મદષ્ટિ છે અર્થાત્ તે દેહને જ આત્મા માને છે, તેથી તે મુક્તિ પામતો નથી. લિંગ શરીરને આશ્રિત છે અને શરીર સાથેના સંબંધથી જ આત્માનો સંસાર છે. શરીરના અભાવમાં સંસાર હોતો નથી. માટે જે લિંગનો આગ્રહી છે અર્થાત્ જે લિંગને જ મુક્તિનું કારણ સમજે છે તે સંસારનો જ આગ્રહી છે; તે કદી સંસારથી છૂટી શકતો નથી.

વિશેષ

અંતરંગ વીતરાગસ્વરૂપ આત્માના ધર્મ વિના લિંગમાત્રથી – બાહ્ય વેષમાત્રથી ધર્મની સંપત્તિરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી; માટે રાગદ્વેષરહિત આત્માનો શુદ્ધજ્ઞાન-દર્શનરૂપ સ્વભાવ જે અંતરંગ ભાવધર્મ છે તેને, હે ભવ્ય! તું જાણ. બાહ્ય લિંગ-વેષમાત્રથી તને શું પ્રયોજન છે? કાંઈ પણ નહિ.૧

શરીરની નગ્ન અવસ્થા, અઠ્ઠાવીસ મૂલ ગુણોનું પાલનાદિ બાહ્યલિંગ એ મુનિ અવસ્થામાં નિયમા હોય છે; તેથી વિરૂદ્ધ દશા હોય તો તે ભાવલિંગી મુનિ હોય નહિ, પરંતુ તે બાહ્ય લિંગથી અથવા અઠ્ઠાવીસ મૂલ ગુણોના પાલનથી મોક્ષ થાય એવી જે શ્રદ્ધા કરે તે મિથ્યાદષ્ટિ છે. લિંગ સંબંધીનો વિકલ્પ પણ આત્મ-સાધનમાં બાધક છે. મુનિને બાહ્ય લિંગ હરકોઈ હોય તો ચાલે એમ અહીં કહેવાનો હેતુ નથી. શ્રી કુંદકુંદાચાર્યે જે ત્રણ પ્રકારના લિંગ કહ્યા છે તે તે તે ગુણસ્થાને નિયમા હોય છે ખરાં, પણ તેના લક્ષે મોક્ષ થતો નથી, પણ તેના લક્ષે રાગ થાય છે, તેથી તે તરફનો ઝુકાવ અને વિકલ્પ છોડી આત્મામાં લીન થવા માટે આ શ્લોક કહ્યો છે. ૮૭.

## શ્લોક-૮૭ ઉપર પ્રવચન

હવે ૮૭. આ ભાઈ કહેતા. લાલન. લિંગકૃતાગ્રહ. એમ કે આવો જ લિંગ હોય એવો આગ્રહ નહિ. એય..! એમ નથી આમાં અર્થ. લિંગ તો એ જ હોય. પણ એ લિંગથી મુક્તિ થશે એવો આગ્રહ

૧. धर्मेण भवति लिंगं न लिंमात्रेण धर्मसंप्राप्तिः।
जानीहि भावधर्मं किं ते लिंगेन कर्तव्यम्।।२।।
(લિંગ પાહુડ-ગા.૨)

ન હોય એમ કહે છે. ત્યારે ઓલો કહે કે લિંગનો આગ્રહ ન હોય એવો અર્થ કરતા એ. પંડિત લાલન. ગમે તે વેશ હોય અગ્યાર ભેદે કહે છે ને? અગ્યાર. શું કહેવાય? પંદર ભેદે સિદ્ધ સિદ્ધા. એમ કે કોઈપણ લિંગનો આગ્રહ ન હોય. એમ નથી અહીં. લિંગ તો જે હોય તે જ હોય. નગ્નદશા, અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ, લિંગ તો એ જ હોય, પણ એનાથી મુક્તિ થશે એવો આગ્રહ ન હોય. આહાહા..! વાતને ફેરવી નાખે છે. એ આમાંથી ફેરવી. જુઓ આ સમાધિશતકમાં એમ કહ્યું છે જુઓ.

**लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः।**
**न मुच्यते भवात्तस्मात्ते ये लिङ्गकृताग्रहाः॥८७॥**

આગ્રહ. એ વિકલ્પ છે નગ્નદશા એ મને મુક્તિનું કારણ છે એમ નથી. પણ લિંગ એ જ હોય. તેથી કહે ને 'જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય.' એમ નથી. જાતિ 'કહ્યો માર્ગ જો હોય' તો તો જે જાતિ અને વેશ હોય તે જ હોય. એ ૯૫માં અર્થ કર્યો છે આત્મસિદ્ધિમાં. એમ નહિ. 'જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય' એનો અર્થ એવો નહિ. જાતિ ગમે તે વેશ હોય અને મુક્તિ કેવળજ્ઞાન પામે એમ નહિ. પણ 'કહ્યો માર્ગ જો હોય તો જાતિ વેશનો ભેદ નહિ.' જે જાતિ અને વેશ હોય તે જ હોય. એવો અર્થ ૯૫માં કર્યો છે. આત્મસિદ્ધિમાં. એ લોકોને ન ઠીક પડે. શ્રીમદ્‌ને કહેવાનો આશય એ નથી. પણ વસ્તુ સત્યાર્થ તો વસ્તુ આમ છે કીધું ભાઈ! એ અહીંયા કહે છે. જુઓ!

**તનને આશ્રિત લિંગ છે, તન જીવનો સંસાર;**
**તેથી લિંગગ્રાહી તણો, છૂટે નહિ સંસાર. ૮૭.**

**'ટીકા :- લિંગ એટલે જટાધારણ, નગ્નપણું આદિ—તે દેહાશ્રિત દેખાય છે—'** જોયું! નગ્નપણું એ દેહાશ્રિત છે લિંગ. એથી એનો આગ્રહ કે દેહાશ્રિત નગ્નપણું તે મુક્તિનું કારણ છે એમ નથી. બહુ વાંધા અત્યારની શૈલી સાથે. આહાહા..! સમજાણું કે નહિ? એ અત્યારે બહુ વાત કરે ઓલો. છે ને એક અમારે વડવામાં. મોહનલાલ-મોહનલાલ. મોહનલાલ ને? ડોક્ટર. ભગવાનજી-ભગવાનજી. એના બાપનું નામ શું? મનસુખભાઈ. મનસુખભાઈના દિકરા.મનસુખભાઈ આવ્યા હતા ને અમારી પાસે ગઢડા. મનસુખભાઈ આવ્યા હતા, જેસંગભાઈ અને વનેચંદ શેઠ ત્રણે હતા. ત્યાં શ્રીમદ્‌નું છપાવવું હતું તે પહેલાં. ૮૧માં આવ્યા હતા ત્રણે જણા. મોટા પુસ્તક છપાવ્યા ને બે મોટા? એ પહેલાં આવ્યા હતા. મેં કીધું, ભાઈ! આખું જૈનદર્શનનું એકથી માંડીને છેલ્લા સુધીમાં આખું તત્ત્વ આવી રીતે નીકળે (એવું નથી). મુશ્કેલી છે બાપુ!

એક તો કેવળજ્ઞાની વિનય કરે, જાતિવેશનો ભેદ નહિ એ ક્યાં આવ્યું ત્યાં? એટલે છાપવામાં એમ કે આ તો ભાઈ હું તો એમાં સંમત નથી. મનસુખભાઈ આવ્યા હતા. એ ભગવાન, ભગવાન બોલે છે ને મુંબઈમાં. ડોક્ટર છે ને એના બાપ. મનસુખ કીરચંદ. એ બધા આવ્યા. જેસંગભાઈ આવ્યા હતા. વનેચંદભાઈ તો ત્યાં જ હતા. ભાઈ! આખી ધારા સરખી વીતરાગમાર્ગની, એકથી તે છેક સુધી સરખી ઊભી કરવી (એમ) એમાંથી નીકળે એવું નથી.

અને એવા લખાણ આવ્યા છે ઘણા. ત્યાં તો લિંગ પંદર ભેદે સિદ્ધ થાય એમ છે એમાં લખાણ. એ પુસ્તકમાં છે પાછળ. અહીં ના પાડે છે. લિંગ હોય તો નગ્ન જ હોય. બીજું લિંગ ન હોય. પણ લિંગથી મુક્તિ થાય એમ નથી. એ વાતની વાત છે. સમજાણું કાંઈ? મુનિને લિંગ હોય તો નગ્ન જ હોય, વસ્ત્રનો કટકો પણ એ લિંગ જ નથી. કુલિંગ છે. આહાહા..! બહુ ફેર પડે.

અહીં એ કહે છે. નગ્નપણું. છે ને? ટીકામાં પણ છે. '**जटाधारणनग्नत्वादिदेहाश्रितै**' એ દેહાશ્રિત છે નગ્નપણું. એ દેહાશ્રિત ક્રિયા એ ક્યાં આત્માનું મોક્ષનું કારણ છે? દેહાશ્રિત ક્રિયા નગ્નપણું મોક્ષનું કારણ નથી, માટે દેહાશ્રિત નગ્નપણું હોય એવો કોઈ આગ્રહ ન રાખવો એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો મોટી ચર્ચા થઈ ગયેલી ઘણી ભાઈ સાથે. લાલન-લાલન. એ આ કહેતા. લિંગાકૃતાગ્રહમ... ગમે તેવો લિંગ હોય, લિંગનો આગ્રહ ન રાખવો. કુંદકુંદાચાર્ય કહે છે કે પંદર ભેદે સિદ્ધ થાય નહિ. મુક્તિ પામે તો એ નગ્નપણાની દશા હોય તેને જ કેવળ થાય અને તે મુક્તિ પામે. છતાં એ નગ્નપણાને કારણે મુક્તિ પામે એમ નથી. આહાહા..! આવી વાત છે. ચીમનભાઈ! પછી અર્થ આવશે એનો..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**અષાઢ વદ ૩, શનિવાર તા. ૨૬-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૮૭**
**પ્રવચન - ૧૦૧**

૮૭મો કળશ છે. ગાથા.

'**ટીકા :- લિંગ એટલે જટાધારણ, નગ્નપણું, આદિ - તે દેહાશ્રિત દેખાય છે - અર્થાત્ શરીરના ધર્મરૂપે માનવામાં આવે છે.**' એ તો શરીરનો ધર્મ છે. નગ્નપણું એ કાંઈ આત્માનો ધર્મ નથી. જીવનો જડનો ધર્મ છે. '**દેહ જ આત્માનો ભવ એટલે સંસાર છે;...**' આહાહા..! એ નગ્નપણું, દેહ એ સંસાર છે. માટે એના નગ્નપણાથી મને ધર્મ થશે, મુક્તિ થશે એ આગ્રહ મિથ્યા છે. એનો અર્થ એવો નથી કે નગ્નપણું આદિ અનેક પ્રકારના વેશ હોય, એમ નહિ. વેશ તો મુનિનો નગ્ન જ હોય. વસ્ત્રસહિત વેશ છે એ તો કુલિંગવેશ, કુલિંગ છે. એ તો જૈન સાધુનો વેશ જ નથી. આહાહા..!

'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું.' પ્રવચનસારમાં આવે છે. ભગવાને તો જન્મ્યા પ્રમાણે દેહ જેવો નગ્ન જન્મ્યો એ એનું નિમિત્ત હોય છે. લિંગ તો એ હોય છે. આહાહા..! એથી આમાં કાઢતા કહે, જુઓ લિંગ ગમે તેવું હોય, લિંગનો આગ્રહ ન કરવો. એમ નથી અહીં. લિંગ તો નગ્ન જ હોય.

મુનિપણાની નિમિત્તપણે નગ્ન હોય. જેમ ગતિ કરવામાં... ગતિ જીવ પોતે કરે, એમાં નિમિત્ત તો ધર્માસ્તિકાય જ હોય. એથી ધર્માસ્તિકાયથી અહીં ગતિ થઈ છે એમ નથી. એમ મોક્ષના માર્ગમાં મુનિને વેશ તો નગ્ન તદ્દન, જેવો માતાએ જન્મ્યો. 'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું.' એવું પ્રવચનસાર-માં. વીતરાગની વાણીમાં આ આવ્યું છે. ખરેખર તો અહીં દેહ...

મુમુક્ષુ :- વસ્ત્ર તો પરપદાર્થ છે એ ક્યાં નડે છે?

ઉત્તર :- પરપદાર્થ ભલે હોય, પણ નિમિત્ત એવું જ હોય. જેમ ધર્માસ્તિ ગતિ કરવામાં ધર્માસ્તિ જ નિમિત્ત હોય, ઉચિત નિમિત્ત હોય, છતાં એનાથી થાય એમ નહિ. આહાહા..!

નગ્નપણું જ હોય. વેશ બીજો સ્ત્રીનો વેશ હોય નહિ. સ્ત્રી લિંગ હોય નહિ, ગૃહસ્થ લિંગ હોય નહિ, પંદર ભેદે જે કહે છે એ વાત વીતરાગના ઘરની નથી. આહાહા..! બહુ કામ આકરું ભારે. સવારમાં ઓલા ભક્તિથી ધર્મ ન થાય. ત્યારે બસ ભક્તિ કરવી નહિ અમારે? એમ થઈ જાય માણસને. કરવાની વાત નથી, હોય ભલે રાગ, પણ એ ધર્મનું કારણ છે અને સમકિતનું કારણ છે એમ નથી. આહાહા..! એમ આ લિંગ તો નગ્ન જ હોય. ત્રણ લિંગ ભાખ્યા છે ને શાસ્ત્રમાં? મુનિનું લિંગ, આર્જિકાનું લિંગ, ક્ષુલ્લક અગ્યાર પડિમાધારી ક્ષુલ્લક એ ત્રણ લિંગ જ છે. એ લિંગ તો ત્રણ જ હોય, ચોથું લિંગ હોય નહિ. છતાં એ લિંગ છે એ ધર્મનું કારણ છે, અમે નગ્નપણું ધારણ કર્યું, એથી અમને ધર્મ થશે એમ નથી. આહાહા..!

એ કહે છે, '**દેહ જ આત્માનો ભવ...**' છે. જુઓ પાઠમાં છે ને? '**देह एवात्मनो भवः**' દેહ તો સંસાર છે. આહાહા..! દેહનું લક્ષ હશે તો રાગ જ થશે. એ તો પરદ્રવ્ય છે. આહાહા..! ભારે તકરાર અત્યારે વાંધા. અહીં વેશની વાત છે, પછી જાતિની કહેશે. '**દેહ જ આત્માનો ભવ એટલે સંસાર છે;...**' આહાહા..! અરે એ અઠ્યાવીશ મુળગુણ જે છે એ જ હોય લિંગ એને. છતાં એ છે સંસાર. પંચ મહાવ્રતના ભાવ, છ આવશ્યકના ભાવ, અઠ્યાવીશ મૂળગુણ આદિ સાધુના કહેવાય જે એ છે રાગ. એ સંસાર છે. આહાહા..! એવી વાત ગજબ વાત છે.

કહે છે એ સંસાર '**તેથી લિંગને વિષે આગ્રહ રાખે છે–અર્થાત્ લિંગ એ જ મુક્તિનો હેતુ છે...**' એમ વાત છે જોયું! પાઠમાં પણ છે ને સંસ્કૃત. '**एवं तस्माद्ये लिंगकृताग्रहाः लिंगमेव मुक्तेर्हेतुरितिकृताभिनिवेशास्ते न मुच्यंते।**' આહાહા..! નગ્નપણું એ નિમિત્ત હોય જ છે. છતાં એ નગ્નપણું ધારણ કર્યું માટે મુક્તિ થશે, એમ છે નહિ. સમકિત થશે એમ પણ નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! વીતરાગ માર્ગને પૂર્વાપર વિરોધરહિત જાણવો એ અપૂર્વ ભાવ છે. અને એ જાણવામાં વાસ્તવિક આત્મા... એ આગળ આવશે અલિંગગ્રહણમાં. યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે. અલિંગગ્રહણ. યતિની બાહ્ય ક્રિયા એટલે આ પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ અને નગ્નપણું એ તો તદ્દન અજીવદશા છે. અઠ્યાવીશ મૂળગુણ છે એ આસ્રવદશા છે. આહાહા..! તે જીવમાં નથી. આત્મામાં એ નથી. આહાહા..!

યતિના બાહ્ય ક્રિયાઓ જે વ્યવહારની દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિ ભાવ એ યતિની

બાહ્યક્રિયા છે. એ આત્માના સ્વભાવમાં આત્મામાં નથી. આહાહા..! એ અલિંગગ્રહણ છે. યતિની ક્રિયાથી પકડાય એવો આત્મા નથી એ અલિંગગ્રહણ છે. આહાહા..! લિંગથી જણાય એવો નથી. બહુ માર્ગ બાપા! આહાહા..! દિગંબર માર્ગ એ સનાતન જૈનદર્શનનો પ્રવાહ છે. એ કાંઈ વાડો નથી. સમજાણું કાંઈ? દિગંબર દર્શન અને દિગંબર ધર્મ એ અનાદિ તીર્થંકરોનો માર્ગ છે તે માર્ગ છે. આહાહા..!

જે રસ્તે મહાપુરુષો ગયા છે તે રસ્તો આ છે. બહુ તકરારો વાંધા ઊઠે. 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય.' એમ બહુ વાતું કરે આ શ્રીમદ્‌ના માણસો. એ ઓલા ભગવાનદાસ તો બહુ કરે. વવાણિયામાં આવ્યા હતા ત્યારે. 'જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય.' ગમે તે જાતિ અને ગમે તે વેશ હોય, એમાં ધર્મ થઈ શકે. એમાં મુનિપણું આવી શકે છે એમ અહીં નથી.

મુમુક્ષુ :- યતિની ક્રિયા પછી ગમે તે હોય?

ઉત્તર :- ગમે તે શું ગમે તે? વેશ તો એ જ હોય. અને પંચ મહાવ્રતના વિકલ્પ જ એ હોય. લિંગનું સ્વરૂપ જ એવું છે. છતાં એ નિમિત્ત છે, સંસાર છે. આહા..! વાત તો એવી છે બાપુ! આ તો અંતરના વીતરાગની વાત છે ભાઈ! હોય છતાં એનાથી ધર્મ થાય, પંચ મહાવ્રત લઈ લીધા, નગ્નપણું ધારણ કર્યું, એટલે હવે અમારું કલ્યાણ થશે, આ વાત જુઓને. એ આવ્યું હતું ને ત્યાં કોટામાં? આહાહા..! કોટામાં એ આવ્યું હતું ચોપાનિયું. ચાર દિ' પછી આવ્યું હતું પાંચમે દિ'એ સવારમાં. વિદ્યાનંદજી આમ કહે છે. જૈનદર્શન. જૈનદર્શન ને? ઓલું શું કહેવાય એ પત્ર નહિ? જૈનદર્શન. હા એમાં. અરે.. બાપુ! વિદ્યાનંદ હોય કે વિદ્યાનંદનો ગુરુ હોય. આહાહા..!

આ પાંચમામાં ન કહ્યું? પાંચમી ગાથા. કે વિજ્ઞાનઘનમાં મગ્ન જેવા અરિહંત પરમેશ્વર. આહાહા..! પરાપર. છેક વીતરાગ અરિહંત પરમાત્મા એ વિજ્ઞાનઘનમાં લીન હતા. એવા અમારા ગુરુપર્યંત એ બધા એ હતા. આહાહા..! છે ને એ? કુંદકુંદાચાર્યની શૈલી. '**નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા, તેમાં અતિ નિમગ્ન પરમગુરુ કેવળી, એ રીતે સર્વજ્ઞ અપર ગુરુ ગણધર આદિથી માંડીને અમારા ગુરુ.**' આહાહા..! જુઓ શું કહે છે? એ તો આનંદનો નાથ પ્રભુ વિજ્ઞાનઘન, એમાં ગુરુ, મુનિઓ લીન હતા. પંચ મહાવ્રત અને નગ્નપણું એમાં એ લીન નહોતા. આહાહા..! છતાં હોય વસ્તુ એ. આહાહા..! અહીં પંચ મહાવ્રત પાળતા હતા ને એ વાત નથી લીધી.

'**આત્મા તેમાં અંતરનિમગ્ન. કેવો આત્મા? કે નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા.**' એમાં અંતર નિમગ્ન એ પર્યાય છે. નિર્મળ વિજ્ઞાનઘન પવિત્ર વિજ્ઞાનઘન, એવો જે ભગવાન આત્મા તેમાં અંતરનિમગ્ન, એમાં અંતર નિમગ્ન હતા. સર્વજ્ઞદેવ. એની સાથે પોતે ગણધરને મેળવ્યા અને એની સાથે પોતાના ગુરુને પણ મેળવ્યા. આહાહા..! અમારા ગુરુ જે મુનિ હતા દિગંબર સંત, એ વિજ્ઞાનઘનમાં અંતર્મુખમાં લીન હતા. આહાહા..! વાત તો જુઓ! એય..! એવી વાત ક્યાં છે? આહાહા..! પરમ સત્યના ભણકાર છે આ તો. ઠીક ન લાગે, લાગે એથી શું? બીજાને ન લાગે. બસ ત્યારે ભગવાનની ભક્તિ અને ગુરુની ભક્તિથી કાંઈ ધર્મ નહિ? સંસારની દુકાને બેઠા એ કરતા આ કરે એ.

મુમુક્ષુ :- બેય પરલક્ષી છે.

ઉત્તર :- બેય પરલક્ષી છે. આહાહા..! જેમાં સ્વદ્રવ્યનો ભગવાન વિજ્ઞાનઘન એનો આશ્રય જેમાં ન આવે એ વસ્તુ ધર્મ નહિ. આહાહા..! ક્યાં લઈ ગયા? કેવળી જેમ વિજ્ઞાનઘનમાં અંતરમગ્ન છે તે ત્યાંથી માંડીને અમારા ગુરુ.. એના ગુરુને એવા ગુરુ જાણ્યા. એનો અર્થ કે અમે પણ અમારા વિજ્ઞાનઘનમાં નિર્મગ્ન છીએ. આહાહા..! અમે પંચ મહાવ્રત અને નગ્નપણું એ હોય, પણ એમાં અમે લીન નથી. આહાહા..! હજી ગુરુની ઓળખાણ ન મળે, દેવની ખબર ન મળે, કેવા દેવ હોય સર્વજ્ઞ? આહાહા..! અહીં તો સર્વજ્ઞદેવ સાથે ગુરુને મેળવ્યા છે. આહાહા..! થોડો ફેર છે એ વાતને ગૌણ કરી નાખીને. એ તો નિયમસારમાં આવે છે ને ભાઈ! આ આપણે જડ છીએ. એમ લખ્યું છે પોતે. આહાહા..! કે સર્વજ્ઞમાં અને મુનિઓમાં ફેર ભાળીએ છીએ. આહાહા..!

વિજ્ઞાનઘન એવો જે ભગવાન આત્મા, એમાં અંતરનિમગ્ન જેમ સર્વજ્ઞ છે, (એમ) ગણધર અંતર નિમગ્ન છે. એ શાસ્ત્રની રચના અને વિકલ્પ એ આત્મા નહિ. ભાઈએ કહ્યું છે ને અમૃતચંદ્રાચાર્યે છેલ્લે. અમે તો આત્મામાં નિમગ્ન છીએ. અમે આના કર્તા નથી શાસ્ત્રના હોં. એમ મોહમાં નાચશો નહિ ભાઈ! આહાહા..! અમે તો આત્મામાં છીએ, અમે વિકલ્પમાં આવતા નથી તો વાણી લખવામાં ક્યાંથી અમે આવીએ? આહાહા..! નિર્ગ્રંથ ગુરુની આ દશા હોય છે. એ પંચમહાવ્રત પાળતા હોય અને નગ્નપણું એ તો નિમિત્તપણે છે. એ વસ્તુ તરીકે નથી. આહાહા..! કેમકે એ તો સંસારમાં ઝુકાવવાળી દશા છે. પંચમહાવ્રતની અને નગ્નપણું એ તો પોતે સંસાર, ભવ કીધો. એ તો ભવસંસાર છે. આહાહા..!

ભગવાન ભવ અને ભવના કારણના ભાવ વિનાનો, વિજ્ઞાનઘન પ્રભુ, અરે.. એ વાત એને કેમ બેસે બાપુ! આહાહા..! બીજી બધી વાતું ભલે ભણે. અગ્યાર અંગ ભણે નવ પૂર્વ. આહાહા..! પણ એનું અસ્તિત્વ-સત્તા આવડી છે, વિજ્ઞાનઘનવાળું તત્ત્વ છે, અકૃત્રિમ છે, અવિનાશી છે, એકલો નિર્મળ પવિત્ર વિજ્ઞાનઘન પ્રભુ છે. આહાહા..! એમાં જે નિમગ્ન છે, એ અમારા ગુરુપર્યંત આ અમને ઉપદેશ આપ્યો છે. એમ કહે. આહાહા..! છે ને?

'**ગુરુપર્યંત તેમનાથી પ્રસાદથી મહેરબાનીથી.**' પ્રસાદનો અર્થ કર્યો 'પ્રસન્નતા' નહિ ઓલામાં? પ્રવચનસારમાં. કૃપા, પ્રસન્નતા. એની કૃપા એ. આહાહા..! '**અપાયેલ શુદ્ધાતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ.**' આહાહા..! બસ સર્વજ્ઞથી માંડીને અમારા ગુરુએ તો અમને આ ઉપદેશ આપ્યો એમ કહે છે. આહાહા..! ભગવાન તું શુદ્ધ ચૈતન્યઘન છો ને નાથ! આહાહા..! એ રાગ અને દ્વેષ ને જન્મ ને મરણ ને વૃદ્ધ ને યુવાન અવસ્થા ને જાતિ ને વેશ એ બધો સંસાર છે. એ તારું સ્વરૂપ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ તેનાથી જેનો જન્મ છે...**' જોયું! અમારા ગુરુએ અમને ઉપદેશ આવો આપ્યો એનાથી અમારા વૈભવનો જન્મ છે. નિમિત્તથી કથન છે. આહાહા..! નિમિત્ત કોણ હતું એટલું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? એની ઉત્પત્તિ આનંદની તો આત્માને

આશ્રયે થઈ છે. આ પરલક્ષી થઈને થઈ છે? ગુરુએ ઉપદેશ આપ્યો અને સાંભળ્યો, એનાથી વૈભવ ઉત્પન્ન થાય છે? વ્યવહારના કથન તો જુઓ! નિર્મળ વિજ્ઞાનઘન પ્રભુ છે, એને આશ્રયે અને એમાં લીન થતાં જે દશા થાય તે દશાને અહીંયાં ગુરુપણું, મુનિપણું કે સર્વજ્ઞપણું કહેવામાં આવે છે. આહાહા..!

અને આ શ્વેતાંબરમાં તો પન્નવણામાં ૩૬મું અધ્યયન છે. ત્યાં સુધી (કે) કેવળજ્ઞાની છે, કેવળી સમુદ્ઘાત કરે છે. સમુદઘાત કર્યા પછી પાછા આવે છે તો પાંચ પાટલા સોંપે છે. પચ્ચ.. એવો પાઠ છે. આહાહા..!

મુમુક્ષુ :– સ્વરૂપમાં લીન હોય કે પાંચ પાટલા?

ઉત્તર :– અરે.. પ્રભુ ક્યાં! પણ એને પાંચ પાટલા કેવળીને કેવા? પચ્ચ.. લ્યો આ તમારા પાંચ પાટલા એમ નહિ, પણ પાંચ પાટ સોંપે એટલી ભાષા છે. બહુ ટુંકી પચ્ચ.. અરે.. આ તે કાંઈ વસ્તુ છે? એવો જૈનધર્મને કલંક લગાડી દીધો છે. આહાહા..! એય..! ચીમનભાઈ! આહાહા..! એ પ્રવિણભાઈ કહે છે કે અહીં તો બધા હા પાડે. પણ હા પાડે પણ વિચારીને કહે છે ને. આહાહા..! આ કાંઈ પક્ષની વાત નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં. આહાહા..!

આ તો એટલે લીધું. આ લિંગ છે એને ધારણ કર્યું છે અને એણે પંચ મહાવ્રત ધારણ કર્યા એ અમારા ગુરુ, એમ પણ નહિ, ભાવલિંગ પણ નિશ્ચયથી તો આત્મામાં નથી એમ પણ કહ્યું ને પાછું? પરમાત્મપ્રકાશમાં તો. આહાહા..! લિંગ જે ભાવ નિર્વિકલ્પદશા, અંતર મગ્ન દશા એ પણ દ્રવ્યમાં ક્યાં છે? આહાહા..! વસ્તુ જે ભગવાન આત્મા જેને કહીએ. આહાહા..! એ તો નિર્વિકલ્પ ભાવલિંગ પર્યાયમાં છે. અને એ મોક્ષનો માર્ગ છે એ. છતાં એ પર્યાય દ્રવ્યમાં ક્યાં છે? આહાહા..! અને એ પર્યાય દ્રવ્યમાં ક્યાં જાય છે? એમ કહે છે. આહાહા..! ભલે દ્રવ્યને પર્યાયે જાણ્યું, પણ પર્યાયે દ્રવ્યમાં જઈને દ્રવ્યને જાણ્યું એવો એનો સ્વભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી માર્ગની રીત બાપુ! બહુ ઝીણી ભાઈ! બહારથી એકલા જીવિયા વહરોવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ કર્યું લ્યો. ઈચ્છામી પડિક્કમણા ઈરિયા વહિયા વિરાહણાએ, તસ્સ ઉતરી લોગ્ગસ ઉજ્જોયગરે. થઈ ગયું સામાયિક. અરે.. બાપુ! એ સામાયિકના મોઢા જુદા છે ભાઈ! આહાહા..! વિજ્ઞાનઘન ભગવાન, એમાં વીતરાગી પર્યાય દ્વારા લીન થાય છે, એ વીતરાગી પર્યાયમાં આ વિકલ્પ જે છે પંચ મહાવ્રતનો એ પણ જેમાં નથી. એવી દશાને સામાયિક અને વીતરાગદશા કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– પર્યાયે દ્રવ્યમાં જઈને જાણ્યું.

ઉત્તર :– એ સાધકપણું એમ કે અવસ્થાનું છે, પણ મૂળ ચીજનું સાધકપણું નથી. એટલે? મૂળ ચીજમાં એનો પ્રવેશ નથી. આહાહા..! દ્રવ્યરૂપે થતી નથી. કીધું હતું ને રાતે. અર્થ બહુ સારો કર્યો છે ભાઈએ. દોલતરામે. એ લોકો કેવળીને અનુસારે અર્થ કરનારા પરમ આગમના અર્થ છે. આહાહા..! આ કાંઈ સ્વચ્છંદ માર્ગથી થાય એવી ચીજ નથી.

અહીં કહે છે કે '**તેથી જે લિંગને વિષે આગ્રહ રાખે છે– અર્થાત્ લિંગ એ જ મુક્તિનો**

**હેતુ છે...**' એમ. એમ જે માને છે. આહાહા..! એમાં કોટામાં આવ્યું હતું તો આ પણ આવ્યું હતું. કે શ્રાવકના વ્રતાદિના આચાર અને મુનિના આચાર એને નિષેધ કરે છે કે એ ધર્મ નહિ, તો દિગંબર ધર્મની નાસ્તિ થઈ જશે. એમ કહેતા. અરે.. ભગવાન! ભાઈ! પુણ્ય છે તારા હોં, ત્યાં સુધી દુનિયા માનશે. એ ત્યાં કામ નહિ આવે. બહારના પુણ્યને લઈને દુનિયા માને અને હા પાડે. આહાહા..! અત્યારને શેઠિયાઓને પણ બિચારાને ખબર ન મળે. આ બહારનું દેખી, બસ હા.. હા.. હા... હા... હા... વ્યવહાર હશે તો નિશ્ચય થશે. એવું આચરણ કરી તો જુઓ તમે, એમ કહે વળી પાછા. આહાહા..!

મુમુક્ષુ :- એવું આચરણ તો અનંતવાર.

ઉત્તર :- અનંતવાર કર્યું બાપુ! તને ખબર નથી. આહાહા..!

ગામડામાં જાતાં, પાંચ-સાત ઘર હોય, અને મહારાજ મોટા છે એમ કહે. અહીં તો એકદમ પાણી કરે માણસ. ઊનું પાણી કરે. રસોઈ પણ એકદમ રોટલી-બોટલી સારી એકદમ. અમે જઈએ કે અરે..! બેન આ કોના માટે? ન લઈએ. પાણી ન લઈએ, પાણી વિના રોળવ્યા દિવસના દિવસ. એ વખતે તો માનતા ને. કાઠીને ત્યાંથી છાશ લઈ આવીએ છાશ અને રોટલા. શાક પણ ક્યાં અને દાળ પણ ક્યાં ત્યાં? વહેમ પડે કે આ તો કાંઈક કરેલું લાગે છે અમારા માટે આ દાળ ને શાકને નાખ્યું લાગે છે. સમજાણું? એક ગામ ક્યું એક ગામ?

મુમુક્ષુ :- ઉત્તમ ધર્મ છે.

ઉત્તર :- ધૂળેય ધર્મ નહોતો. એય..! એ વખતે તો એ શૈલી, માન્યતા હતી ને. સાધુપણાની આવી ક્રિયા હોય, આમ ન ખપે, આ ખપે. પણ એ તો બધી રાગની ક્રિયા છે. આહાહા..!

મુમુક્ષુ :- આપના શરીરથી ક્રિયા થઈ.

ઉત્તર :- શરીરથી થઈ, રાગથી થઈ. શરીરની જડ ક્રિયા અને રાગની મંદતા એ રાગ ક્રિયા. એમાં આત્મા ક્યાં આવ્યો? આહાહા..!

અહીં કહે છે કે '**લિંગ એ જ મુક્તિનો હેતુ છે એવા અભિનિવેશવાળા જે છે તે (લોક) મુક્ત થતા નથી.**' આ વાત છે. લિંગ ગમે તેવું હોય એમ નહિ. 'જાતિ વેશનો ભેદ નહિ.' એટલે ગમે તે વેશ અને ગમે તે જાતિ, એમ નહિ. એવી વાત છે બાપુ આ તો વીતરાગ. આહાહા..! એ તે દિ' અર્થ કર્યો હતો ત્યાં ૯૫માં. રાજકોટ. કે 'કહ્યો માર્ગ જો હોય, તો જાતિ વેશનો ભેદ ન હોય.' જે જાતિ હોય તે જાતિ હોય. જે વેશ હોય તે જ વેશ હોય. આમ અર્થ કર્યો હતો. 'જાતિ વેશનો ભેદ નહિ..' એવો આશય નહોતો એમનો, પણ સત્યાર્થે આમ જોઈએ કીધું ભાઈ! એના માણસને નહોતું ઠીક લાગ્યું આવું. આ અર્થ ફરે છે. બધો અર્થ ફરે છે પણ સાચો અર્થ આ છે. એય.. પ્રેમચંદભાઈ! આ ૯૫ની વાત છે. કેટલા વર્ષ થયા? ૩૬. આત્મસિદ્ધિમાં આવી ગયું છે. આત્મસિદ્ધિના પ્રવચનમાં આવી ગયું છે.

અહીં તો એક અંશ પણ ફેરફાર પડે તો એ વીતરાગ માર્ગ નહિ. આહાહા..! અહીં કહે છે કે

લિંગ મુક્તિનું કારણ છે એમ જે માને છે એ આગ્રહને અહીં છોડાવે છે. એ લિંગ છોડાવે છે. એ તો આવે છે ને ઓલા છેલ્લી ગાથામાં નહિ? '**तम्हा जहितु लिंगे**' છેલ્લી ગાથા ભાઈ સમયસારની. '**जहितु लिंगे**' લિંગને છોડી દઈને. એટલે? એ વિકલ્પ અને નગ્નપણું તે સ્વરૂપ છે મારું, એ છોડી દે દૃષ્ટિમાંથી. એથી એને નગ્નપણું ન હોય અને બીજી ચીજ હોય, એમ નથી. આહાહા..! ત્યાં પણ '**दोहिमं लिंगम**' વ્યવહારને બે લિંગને કહે છે, નિશ્ચય ના પાડે છે. આહાહા..!

એ તો ભાઈ લિંગ તો જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું, પ્રવચનસાર સર્વજ્ઞ ત્રિલોકનાથનું કહેલું. આહાહા..! અને તે શ્રીમદ્દે પાછું એણે માન્ય રાખ્યું છે. તો એમાં આ આવ્યું. 'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું.' ભગવાને તો આ કહ્યું છે, બાપુ! પણ તેથી જન્મ્યા પ્રમાણે રૂપ છે, એથી એ મુક્તિનું કારણ છે, માળે હોય અને મુક્તિનું કારણ નહિ. આહાહા..! ભગવાનના નામે પ્રરૂપણા કરવી બાપુ! બહુ જોખમ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**એવા અભિનિવેશવાળા જે છે તે (લોક) મુક્ત થતા નથી. શાનાથી? ભવથી (સંસારથી).**' આહાહા..! દેહ પોતે ભવ છે. એનાથી મુક્તિ માને એ સંસારથી છૂટા પડતા નથી. આહાહા..! એ આમાં આગ્રહ કરતા ભાઈ લાલન. જુઓ એ લિંગકૃતાગ્રહા. સમાધિશતક એણે અર્થ કર્યા છે. આ ના પાડે છે. પણ શું ના પાડે છે? એ લિંગ છે તે મોક્ષનું કારણ છે એમ ના પાડે છે. પણ લિંગ એવું ન હોય અને બીજું પણ લિંગ હોય એવો માર્ગ છે નહિ ત્રણ કાળમાં વીતરાગમાર્ગમાં. આહાહા..!

લાલન હતા ને એ લાલન રહેતા અહીંયાં. બાર મહિના રહ્યા હતા. મલૂકચંદભાઈની જગ્યામાં નહિ? મલૂકચંદભાઈ નહિ આ તમારે? મોટી જગ્યાને. બાર મહિના રહ્યા હતા. કોઈ કોઈવાર સત્ આવે પછી રોવે. અરેરે.. અત્યાર સુધી આ બધું ભણી ભણીને શું કાઢ્યું? પહેલા આગ્રહ કરે. અમારા જ્યોર્જ અને એડવર્ડ જેને પણ એક જ સ્ત્રી અને તમે ચક્રવર્તી તીર્થંકરને છન્નું હજાર સ્ત્રી. હોય નહિ. અરે.. સાંભળને ભાઈ! એમ કહેતા. તો કોકનું શરીર જાડું રજકણવાળું હોય તો એ શરીર એવું હોય નહિ ધર્મીને. એમ? એ તો પરચીજ છે. છન્નું હજાર સ્ત્રી હોય કે કરોડ અબજ હોય. આહાહા..! ઈન્દ્રને તો કરોડો અબજો ઈન્દ્રાણીઓ ફરે છે એના ભવમાં. કારણ કે ઈન્દ્રાણીનું આયુષ્ય થોડું અને આનું આયુષ્ય બે સાગર. ઓલી ૫૫ પલ્ય, અમુક પલ્યની સ્થિતિ. એવી તો ઈન્દ્રાણીઓ કેટલી એક ભવમાં આવે? કરોડો અપ્સરાઓ. આહાહા..! છે સમકિતી. આહાહા..! સમજાણું કાંઈ? એ ઝાઝી ઈન્દ્રાણીઓ માટે તે મમતાવાળો છે અને એક જ પરણે તે મમતા વિનાનો છે એમ નથી. આહાહા..!

'**ભાવાર્થ :- જે જીવ કેવળ લિંગ અથવા બાહ્ય વેષને જ મોક્ષનું કારણ માને છે તે દેહાત્મદૃષ્ટિ છે...**' તેથી પંદર ભેદે સિદ્ધ કહ્યા છે ને શ્વેતાંબરમાં? પંદર ભેદે સિદ્ધ. શ્રીમદ્‌માં પણ એ આવે છે. અર્થમાં પાછળ. પંદર ભેદે સિદ્ધ કહ્યા છે એનો હેતુ વીતરાગભાવ છે. એમ. પંદર ભેદ. એ સ્ત્રીલિંગે મુક્તિ હોઈ શકે નહિ. એ પંદર ભેદમાં સ્ત્રીલિંગ આવ્યું છે. ગૃહસ્થ લિંગે મુક્તિ હોઈ શકે નહિ. એ પંદર ભેદમાં ગૃહસ્થલિંગ આવ્યું છે. અન્ય લિંગે મુક્તિ થતી નથી. એમાં પંદર ભેદમાં એ

આવ્યું છે. આખો વીતરાગમાર્ગ બાપુ! સીધો ઊભો થાવો. એવી વાત છે. અહીં તો એ છે. બીજો કોઈ પક્ષ અહીં નથી. વીતરાગ પરમેશ્વરે જે માર્ગ કહ્યો, નિશ્ચય અને વ્યવહાર ને નિમિત્ત એ સિવાય ફેરફાર ક્યાંય હોય એ માર્ગ નથી. આહાહા..!

**'અર્થાત્ તે દેહને જ આત્મા માને છે,...'** આહાહા..! અરે.. રાગથી કલ્યાણ થાય એમ માનનારા પણ રાગને જ આત્મા માને છે. ભગવાન આત્મા તો રાગ વિનાની ચીજ છે. નિર્વિકલ્પ વિજ્ઞાનઘન જેનું સ્વરૂપ છે. એને રાગથી લાભ માને એ રાગને જ આત્મા માને છે. આહાહા..! **'તેથી તે મુક્તિ પામતો નથી. લિંગ શરીરને આશ્રિત છે અને શરીર સાથેના સંબંધથી જ આત્માનો સંસાર છે.'** આહાહા..! **'શરીરના અભાવમાં સંસાર હોતો નથી. માટે જે લિંગનો આગ્રહી છે અર્થાત્ લિંગને જ મુક્તિનું કારણ સમજે છે તે સંસારનો જ આગ્રહી છે;...'** આહાહા..! બહુ માર્ગ ભાઈ! જગતના માર્ગની સાથે આને મેળમાં રાખવો. ક્યાંય મેળ ખાય એવો નથી.

એક ટૂકડો આવે છે આચારંગમાં એ કહેતા તે દિ' વ્યાખ્યાનમાં. **'नो लोए एषणं चरियं'** હે ગૌતમ! અમે જે માર્ગ કહ્યો એ લોકની એષણા, અનુભૂતિને એની સાથે મેળવીશ નહિ, મેળ નહિ ખાય. એવા એ શબ્દો કહેવામાં આવ્યા હોય એને. આચારંગ આવે છે. પહેલા. **'नो लोए एषणं चरियं'** લોકની એષણા સાથે મારા માર્ગને મેળવીશ નહિ. કે લોકો આમ કહે છે. જ્ઞાનીઓ મોટા મોટા આમ કહે છે. ફલાણા આમ કહે છે, જેને કરોડો શિષ્યો છે એ ગુરુ આમ કહે છે. એની સાથે મેળવીશ નહિ, પ્રભુ મારા માર્ગને. આહાહા..! એ તો સંપ્રદાયમાં કહેતા. વ્યાખ્યાનમાં. હજારો માણસો બોટાદ આવતું ને. આહાહા..!

અહીં કહે છે કે **'શરીરના અભાવમાં સંસાર હોતો નથી. માટે જે લિંગનો આગ્રહી છે અર્થાત્ લિંગને જ મુક્તિનું કારણ સમજે છે તે સંસારનો જ આગ્રહી છે; તે કદી સંસારથી છૂટી શકતો નથી.'** આહાહા..! દેહનું નગ્નપણું એ જ મુક્તિનું કારણ છે એમ માનનારા સંસારથી છૂટા નહિ પડે. સંસારને વળગી રહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

**વિશેષ :—** એ બોલ આવશે અલિંગગ્રહણમાં. યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે એને આત્મા કહીએ. આહાહા..! બાહ્ય વેશ નગ્ન અને અઠ્યાવીશ મૂળગુણ હોં બધું. એ યતિનો બાહ્ય વેશ તેમાં તેનો અભાવ છે ભગવાન આત્માનો. એટલે એનો અર્થ એવો નથી કે યતિનો વેશ ગમે તેવો હોય અઠ્યાવીશ મૂળગુણ સિવાય ગમે તેવા વિકલ્પ હોય તો એને નિમિત્ત કહેવાય એમ નથી. હિંમતભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા..! અરે..! જિંદગીમાં આવી વાત સાચી સત્ય શું છે? એ સાંભળવા મળ્યા વિના કેટલાક વયા ગયા બિચારા. દેહ છોડીને વયા ગયા. આહાહા..!

આમાં આજે લખાણ આવ્યું છે આ. રમા ગુજરી ગયા ને રમાબહેન? સ્મશાનમાં લઈ ગયા ત્યાં. સાહિત્યકારો, પત્રકારો બધા ગયા હતા ત્યાં. લખે ને ઓલું? મોટી બાઈ ખરીને. અને ઘણા સંસ્થાના ઉપરી. પણ એમાં સંસારના ઉપરી વાત બહારની વાતું બધી. આહાહા..! લોકો એટલા વખાણ કર્યા છે કે આહાહા..! કેટલી સંસ્થા એના વિના ભાંગી પડશે. અને પૈસાવાળા માણસ

અને મોટી આબરૂ હોય એટલે જ્યાં-ત્યાં મોઢા આગળ કરે. એમાં આત્માને શું? આહાહા..! એ આત્માનું શું કર્યું? આહાહા..! એ સંસારના અધિપતિ અને આ સંસારવાળો આમ થઈ જશે, ધ્યાન બહુ રાખતા, સાહિત્યનો પ્રેમ બહુ હતો એવું બધું લખ્યું આમાં. જૈનમિત્રમાં આજે આવ્યું છે.

અરે..! સાહિત્ય તો ભગવાન અનંતગુણનો પિંડ એવું સાહિત્યથી ભરેલો, આહા..! એનો આશ્રય લઈને જે દશા થાય એનાથી સંસારનો અભાવ અને મુક્તિ થાય. બાકી બધી વાતું છે. મોટા પ્રમુખ થાય ચારેકોરના. આ સંસ્થાના આ પ્રમુખ, આ સંસ્થાના આ પ્રમુખ. એથી શું થયું? સમજાણું કાંઈ? સ્મશાનમાં ઓલા પહોંચ્યા છે બધા ત્યાં. સાહિત્યકારો, પત્રકારો. પત્રકારો અને સાહિત્યકાર અને પ્રમુખ વ્યક્તિઓ બધી હોય ને મોટી. બાઈ મોટી બહારમાં. પુણ્યમાં મોટા કહેવાને દુનિયામાં તો? મોટા પ્રમુખ બધી વ્યક્તિઓ સ્મશાનમાં ભેગી થઈ. શાહુજી ને પછી ઓહોહો..! ભારે બાપુ આ જગતથી.

અને મુનિ સાચા સંત હોય, એ ગુફામાં પડ્યા હોય, આનંદના લહેરમાં પડ્યા હોય. બહાર ગુફા હોય એમાં શિયાળિયા કટકા કરીને ખાય. આહાહા..! પણ એકાવતારી થઈને સર્વાર્થસિદ્ધમાં જાય. ઓલો ઉપસર્ગ થોડો છે ને એટલે. આહાહા..! પાછળ એના શરીરને કોઈ બાળનાર ન મળે. શરીરની સમાધિ મરણ થયું માટે એને આમ કરો, આમ કોઈ ન મળે. આહાહા..!

ભાઈએ કહ્યું છે ને એકફેરી? સોગાનીએ? કોઈએ કહ્યું હશે, ભાઈ! તમે મહારાજ પાસે જઈને કહો તમારા અનુભવની વાત. કહે, એવી પ્રકૃતિ મારી નથી કે કોઈ વાત લઈને જાઉં અને કહું એ મારી પ્રકૃતિમાં નથી. તમે મારી ચિંતા ન કરશો. એમ લખ્યું છે. છે? અને અનંતા સિદ્ધો થઈ ગયા, છે ઓળખાણ એની ખબર છે તને? આ સિદ્ધ. અનંતા સિદ્ધો થઈ ગયા કેવળ. આહાહા..! એની ખબર છે જગતને? નથી એટલે એનું સિદ્ધપણું ચાલ્યું જાય છે? આહાહા..!

દુનિયા મોટો કહે અને માને, એમાં તને શું? દાખલો આપ્યો છે સિદ્ધનો અને આ આપ્યો છે એક. અઢી દ્વીપ બહાર અસંખ્યાતા સમકિતી તિર્યંચ પડ્યા છે પાંચમા ગુણસ્થાનવાળા. એને કોઈ ગણતરીમાં ગણતા નથી. કહે છે, એ અસંખ્ય સમકિત પડ્યા છે અઢી દ્વીપ બહાર. એના નામઠામ પણ જાણતા નથી અને કોણ છે એને ઓળખતા નથી એટલે એની મોટપ વઈ ગઈ? આહાહા..! દુનિયા મોટો તરીકે જાણે ગણતરીમાં તો એની મોટપ રહે? આહાહા..! અને મોટપ હોય એ છતાં બીજાને હીનતા લાગતી હોય લ્યો! કે આ તો બધું એકાંત છે, મિથ્યાત્વ છે. એથી કરીને હીણું થઈ જાય છે ત્યાં? આહાહા..!

વિશેષ :- '**અંતરંગ વીતરાગસ્વરૂપના આત્માના ધર્મ વિના...**' અંતરંગ, અંતરના અંગ જે વીતરાગદશા. આહાહા..! એ બાહ્ય અઠ્યાવીશ મૂળગુણ અને નગ્નપણું એ તો આસ્રવ અને અજીવ છે બે. એ જીવનું સ્વરૂપ નથી એ. આ વીતરાગ સ્વરૂપ આત્માના ધર્મ વિના અંતરંગ વીતરાગી પર્યાય નિર્મળ વિજ્ઞાનઘનમાં જે લીનતા એવી વીતરાગ ધર્મની પર્યાય '**વિના લિંગમાત્રથી – બાહ્ય વેષ-માત્રથી ધર્મની સમ્પત્તિરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી;...**' આહાહા..! માણસને એ લાગે,

પણ એ નિશ્ચય પણ એનું કોઈ સાધન? એમ કહે છે.

એ અગાસમાં એક પૂછવા આવ્યો રાતે એક મારવાડી. નિશ્ચયની વાત એ તમારી, પણ એનું સાધન? કહે સાધન એ સ્વરૂપનું સાધન તે સાધન છે. આ ભક્તિ અને વાંચવા ને સાંભળવા એ એના સાધન-ફાધન છે નહિ. આહાહા..! '**બાહ્ય વેષમાત્રથી ધર્મની સમ્પત્તિરૂપ સમ્યક્ત્વની...**' જોયું! ધર્મની સંપત્તિ સમકિતની પ્રાપ્તિ થતી નથી. '**માટે રાગ-દ્વેષરહિત આત્માનો શુદ્ધજ્ઞાન-દર્શનરૂપ સ્વભાવ...**' આહાહા..! '**આત્માનો શુદ્ધજ્ઞાન-દર્શનરૂપ સ્વભાવ જે અંતરંગ ભાવધર્મ છે...**' અંતરંગ ભાવધર્મ છે. આહાહા..! '**તેને હે ભવ્ય! તું જાણ.**' લિંગપાહુડનું છે ને? એકડાનું છે નહિ? લિંગપાહુડનું.

**धर्मेण भवति लिंगं न लिंमात्रेण धर्मसंप्राप्तिः।**
**जानीहि भावधर्म किं ते लिंगेन कर्तव्यम्।।२।।**

લિંગપાહુડની બીજી ગાથા છે. કુંદકુંદાચાર્ય. આહાહા..! પોતે આત્માના અંતરમાં પડ્યા હોય, દશા નગ્ન હોય, એમાં કોઈ આવીને વસ્ત્ર નાખી જાય, એથી એ એનું લિંગ થાય, એમ નથી. એ લિંગ બગડી ગયું અને હવે એ સમકિત નહિ પામે અને ધર્મ-કેવળ નહિ પામે એમ નથી.

મુમુક્ષુ :- કેવળ પામે ત્યારે બધું ખરી જાય.

ઉત્તર :- એ બધું છૂટી જાય છે ત્યાં. આહાહા..! ઉપસર્ગમાં કોઈએ આવીને નાખ્યું હતું એથી એને એ લિંગમાં આવતું નથી, એને અંતરમાં આનંદના સ્વભાવને વધારવામાં એને કોઈ નડતર નથી ત્યાં. બુદ્ધિપૂર્વક મન-વચન અને કાયાથી રાખ્યું હોય તો એને નડતર થાય. આહાહા..! એવી વાત એવી છે. એવું એ છે. સિદ્ધ થયા એની વાત છે ને? સમજ્યા? એને બાહ્યલિંગમાં ફેર હોતો નથી. એ પણ સિદ્ધ થયા. ઓલો વેશ બીજાએ નાખ્યો હોય ઉપસર્ગ તરીકે અને અંદરથી ભાનમાં આવી ગયા છે, સ્થિરતા થઈ ગઈ છે. ભલે વસ્ત્ર પડ્યું હોય માથે. આહાહા..! સિદ્ધની સંખ્યા વર્ણવી છે. પૂર્વ-પૂર્વ. પૂર્વની જીવોની ક્યા-ક્યા વેશે એન કયે-કયે પ્રકારે સિદ્ધપણું પામ્યા, એમાં એક આ શૈલી છે. વસ્ત્રપણું હોય માથે અને સિદ્ધપણું પામે એટલે કેવળ પામી જાય અંદરથી. કારણ કે એ લિંગ કાંઈ રાખ્યું નથી પોતે. એ તો પરવસ્તુ ભિન્ન પડી છે એમ આ પરવસ્તુ. આહાહા..! સમજાણું કાંઈ? એવી વાત છે. સિદ્ધની સંખ્યા પૂર્વે કઈ અપેક્ષાથી કેવળ પામીને સિદ્ધ સંખ્યા થઈ? એની વાત છે જરી. ઝીણી વાત છે.

'**શરીરની નગ્ન અવસ્થા, અઠ્યાવીશ મૂળગુણોનું પાલનાદિ...**' લ્યો એ વધારે નાખ્યું. પંચ મહાવ્રત, છ આવશ્યક, સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચખાણ, એવા છ આવશ્યકના વિકલ્પ બાહ્યલિંગ. '**એ મુનિ અવસ્થામાં નિયમા હોય છે;...**' મુનિદશામાં એ નિશ્ચયથી હોય છે. આહાહા..! '**તેથી વિરૂદ્ધ દશા હોય તો તે ભાવલિંગી મુનિ હોય નહિ,...**' આહાહા..! અઠ્યાવીશ મૂળગુણ અને નગ્નદશા વિના બીજા વિકલ્પો અને બીજી દશા હોય તો ત્યાં ભાવલિંગી મુનિ હોઈ શકે નહિ. આહાહા..!

**'પરંતુ તે બાહ્ય લિંગથી અથવા અઠ્ઠાવીશ મૂળ ગુણોના પાલનથી મોક્ષ થાય એવી જે શ્રદ્ધા કરે તે મિથ્યાદૃષ્ટિ છે.'** સુજાનમલજી! આવી વાત છે. એ આવું જ કેમ નિમિત્ત? પણ એ ઉચિત જ નિમિત્ત હોય એને નિમિત્ત કહેવાય. છતાં એનાથી થાય નહિ અહીં. આહાહા..! આત્મા ગતિ કરે તો એને ધર્માસ્તિનું નિમિત્ત હોય, એથી ધર્માસ્તિએ એને ગતિ કરાવી છે એમ નથી. આહાહા..! સ્વયં ગતિ(રૂપ) પરિણમનારને. એવો પાઠ છે ને. ધર્માસ્તિનું નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! એ નિમિત્તે કાંઈ કર્યું નથી. આ ઝીણી વાતું!

એ આ બહુ વખાણ આવ્યા હતા હમણાં. ઓલા નેમચંદ નહિ આપણે તમારા ચાર પુસ્તકો બહાર આવ્યા છે આપણે. કહે છે કૈલાશચંદજીએ બહુ વખાણ કર્યા છે. ચાર-ચાર પુસ્તકો છે ને નેમિચંદના. વાડાવાળા. પણ કોકે અહીં વાંચ્યું હતું ને? કોણે વાંચ્યું હતું? તમે નહોતું વાંચ્યું નિમિત્તનું ને? બહુ વખાણ કર્યા છે ભાઈએ. ઓહોહો..! એની કિંમત કરનાર એ વાણીની પંક્તિમાં ન આવે એવું એમણે કામ કર્યું છે. ભાઈએ. અને અહીંયાં અમારે ચેતનજી વાંચતા હતા ... નિમિત્ત વિના થાય નહિ, નિમિત્તથી આ થાય. ચાર પુસ્તક બહાર આવ્યા છે. બાર, ભેટ આવ્યા છે ચાર-ચાર. મેં કીધું ભાઈ ચાર વધારાના મૂકો બહેન પાસે. પછી વળી કોઈ કહે સારા નથી મૂકીને શું કામ? ચંદુભાઈ આવ્યા હતા લઈને. પણ મેં કીધું ના પાડે છે. સારા નથી કહે. નહિતર અહીંયાં બાર ભેટ આવ્યા હતા. ચાર-ચાર મોટા પુસ્તક. આહાહા..! એમાં મોટાના લખાણ, વિદ્વતાના વખાણ પણ ઠેકાણા વિનાના. બહુ વખાણ કર્યા છે એમણે. કૈલાશચંદજીએ અરે.. પ્રભુ! આહાહા..! માર્ગ તો જે છે એ રહેશે. વસ્તુની સ્થિતિ ફેરવવા માગે તો નહિ ફરે. એને ફરવું પડશે. આહાહા..!

કહે છે. **'બાહ્ય લિંગથી અથવા અઠ્યાવીશ મૂળગુણોના પાલનથી મોક્ષ થાય એવી જે શ્રદ્ધા કરે તે મિથ્યાદૃષ્ટિ છે.'** આહાહા..! **'લિંગસંબંધીનો વિકલ્પ પણ આત્મ-સાધનમાં બાધક છે. મુનિને બાહ્ય લિંગ હરકોઈ હોય તો ચાલે એમ અહીં કહેવાનો હેતુ નથી.'** ખુલાસો ઠીક કર્યો છે. **'મુનિને બાહ્ય લિંગ હરકોઈ હોય...'** ગમે તે હોય. સ્ત્રીનું લિંગ હોય અને આમ કેવળ પામે, ગૃહસ્થનું લિંગ હોય અને કેવળ પામે, અન્યમતિના ફકીરનો વેશ હોય, બાવાનો વેશ હોય અને કેવળ પામે એમ નથી. પંદર ભેદમાં એમ છે. ગમે તે વેશ લિંગ હોય. એ તો સ્ત્રીને સાધુપણું જ ન આવે એ કેવળ તો થાય જ ક્યાંથી? આહાહા..!

મુમુક્ષુ :- એ તો કહે થાય છે. મલ્લિનાથ થયા છે.

ઉત્તર :- એ મલ્લિનાથ (સ્ત્રી) હતા જ નહિ. ગપ્પા માર્યા છે. મલ્લિનાથ તીર્થંકર સ્ત્રી હોય કોઈ દિ'? જેના પુણ્ય પૂરા. આહાહા..! એને સ્ત્રીલિંગ હોય? એને બે મા અને બાપ હોય? અરે.. આહાહા..! બહુ એ લોકોએ વિપરીત કરી નાખ્યું છે. મહાવીર ભગવાનને બે મા અને બે પાપ. દેવાનંદા સાચી મા. શું બ્રાહ્મણ કહેવાય ઋષભ? ઋષભદેવ. ઋષભદત્ત. ઋષભદત્ત પિતા. ખરો પિતા એ. ૮૨ દિ' ત્યાં રહ્યા. ત્યાંથી ફેરવીને ઈન્દ્રોએ ત્રિશલાની કૂખે મૂક્યા. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કરે આ? અને એને જન્મ વખતે માન આપ્યું આ ખોટા બાપને ઈન્દ્રોએ. સાચો બાપ તો ઓલો રહી ગયો. ક્યાંય મેળ વાત? ભગવાનને નામે ચડાવ્યા છે શાસ્ત્ર. આહાહા..! એય.. ચીમનભાઈ! આવી વાતું છે ભાઈ! ભગવતીસૂત્રમાં નામ... આચાર્યના પાઠ આ બધા. અરેરે..!

અહીં કહે છે. ગમે તે વેશ હોય '**એમ અહીં કહેવાનો હેતુ નથી. શ્રી કુંદકુંદાચાર્યે જે ત્રણ પ્રકારના લિંગ કહ્યા છે તે તે ગુણસ્થાને નિયમા હોય છે...**' તે-તે ગુણસ્થાને નિયમા હોય છે. આહાહા..! '**ખરાં,...**' નિયમા હોય છે. ક્ષુલ્લકને એક લંગોટી આદિ એવું જ લિંગ એને હોય છે, મુનિને નગ્નપણું લિંગ હોય છે. અર્જિકાને એક પછેડી. સાડી. સાડી પછેડી. એક જ હોય છે. એવું જ લિંગ હોય, એ સિવાય લિંગ હોય જ નહિ. આહાહા..!

'**તેના લક્ષે મોક્ષ થતો નથી,...**' છતાં એવા ત્રણ લિંગ હોય ખરા. તેના લક્ષે મોક્ષ થતો નથી. '**પણ તેના લક્ષે તો રાગ થાય છે,...**' આહાહા..! વેશ તો પરવસ્તુ છે. એના ઉપર લક્ષ જાય તો વિકલ્પ ઉઠે છે. બહુ માર્ગ આકરો બાપુ! એમાં આ ચાલતા સંપ્રદાયમાં આ વાત બહાર આવી, જગતને કઠણ પડે છે. કહો, ચીમનભાઈ! એમ ભગવાન કુંદકુંદાચાર્યનો આશય છે એમ કહે છે. અહીં સમાધિમાં પૂજ્યપાદ સ્વામીનો આશય છે.

'**તેથી તે તરફનો ઝુકાવ અને વિકલ્પ છોડી આત્મામાં લીન થવા માટે આ શ્લોક કહ્યો છે.**' લિંગ નગ્ન થયું, માટે હવે આપણને કલ્યાણ થશે એમ છોડી દે. એવા તો અનંતવાર નગ્નપણા ધારણ કર્યા. અઠ્યાવીશ મૂળગુણ અનંત વાર પાળ્યા. એક ભવ ઘટ્યો નહિ. કેમકે એ પોતે ભવસ્વરૂપ છે. પંચમહાવ્રત જગપંથ કીધું ને? છઠ્ઠા ગુણસ્થાને મુનિ સાચા સંતને પંચ મહાવ્રતનો વિકલ્પને એમ કહ્યું સમયસાર નાટકમાં (કે) જગપંથ છે એ તો. એ સંસારનો પંથ છે. આહાહા..! આ બાયડી છોકરા, કુટુંબ છોડ્યું એ સંસાર છોડ્યો એમ જગત કહે.

અહીં તો જેણે મિથ્યાત્વ-અવ્રત-પ્રમાદ-કષાય છોડ્યા, સમ્યક્ શાંતિ સ્થિરતા અપ્રમાદ દશા પરિણમી એણે સંસાર છોડ્યો એમ કહેવામાં આવે છે. છતાં હજી વિકલ્પ બાકી રહ્યો એ સંસાર છે. આહાહા..! આવી વાત એવી લાગે માણસને. આ તો સત્ય છે આમ. આમાંથી ઓછું, અધિક અને વિપરીત કંઈ કરવા જાશે તો મિથ્યાત્વનું પોષણ થશે. આહાહા..! સવારમાં ઓલા રતિભાઈ આવ્યા હતા ટાકણે, આ એવી વાત આવી હતી. એ બધા ભક્તિમાં માનનારા છે.

'**આત્મામાં લીન થવા માટે આ શ્લોક કહ્યો છે.**' એ વેશની વાત કરી. હવે જાતિની વાત કરે છે. કે ગમે તે જાત હોય, ચંડાળની જાત હોય, બ્રાહ્મણની જાત હોય તોપણ સાધુ થાય અને કેવળ થઈ શકે એમ નથી. 'જાતિ વેશનો ભેદ નહિ...' ગમે તે જાતિ હોય, ચંડાળ હોય, બ્રાહ્મણ હોય તો એમ નથી. પહેલા વેશની વાત કરી, હવે જાતિની કરે છે. આહાહા..! દિગંબર સંતોએ આત્મધ્યાનમાં મસ્ત, વિકલ્પ આવ્યો પણ તેનાથી પૃથક્ રહીને વિકલ્પ આવ્યો છે. આહાહા..! ઉપયોગમાં એકાકાર વિનાનો વિકલ્પ આવ્યો છે. સવારે આવ્યું હતું ને એ? આહાહા..!

મુમુક્ષુ :- સર્વ જગત.

ઉત્તર :- જગત. આહાહા..!

**'વર્ણોમાં બ્રાહ્મણ ગુરુ છે, તેથી તે જ પરમપદને યોગ્ય છે એવું જે બોલે તેઓ પણ મુક્તિ યોગ્ય નથી,...'** અથવા એ કહેશે મુનિ ચંડાળ થયા છે. શ્વેતાંબરમાં, ઉત્તરાધ્યયનમાં. બારમું અધ્યયન છે. હરિકેશી ચંડાળ મુનિ હતા. એ ના પાડે છે અહીં. એ કલ્પિત બનાવ્યું છે બધું. ચંડાળની જાતિને મુનિપણું હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! અહીં બ્રાહ્મણની મુખ્યતા લીધી છે કે બ્રાહ્મણની જાત કે વાણિયાની જાત કે ક્ષત્રિયની જાત હોય તો એને કેવળ થાય અને ચંડાળની જાત હોય તોપણ કેવળ થાય. એમ જે કહેનારા છે. ૨૬મું અધ્યયન છે એ. ઉત્તરાધ્યયનનું. નવેકારે બ્રાહ્મણો. જાત ગમે તે હોય એમ કહે. પણ મોક્ષ થઈ શકે. એમ જે કહેતા હોય એનાથી વિરૂદ્ધ વાત છે આ. બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિય એ ત્રણ જાતમાં કેવળ પામે. ચંડાળની જાતમાં કેવળ હોઈ શકે નહિ. એ ઉત્તરાધ્યયનના સૂત્રમાં બારમું અધ્યયન આખું એને માટે કાઢ્યું છે. બધું કલ્પિત છે. આહાહા..! એય..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

येऽपि 'वर्णानां ब्राह्मणो गुरुरतः स एव परमपदयोग्य' इति वदन्ति तेऽपि न मुक्तियोग्या इत्याह–

जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः।
न मुच्यन्ते भावत्तस्मात्ते ये जातिकृताग्रहाः।।८८।।
**તનને આશ્રિત જાતિ છે, તન જીવનો સંસાર;**
**તેથી જાત્યાગ્રહી તણો, છૂટે નહિ સંસાર. ૮૮.**

**टीका :– जातिर्ब्राह्मणादिर्देहाश्रितेत्यादि सुगमं।।८८।।**

---

**'વર્ણોમાં બ્રાહ્મણ ગુરુ છે, તેથી તે જ પરમપદને યોગ્ય છે' એવું જે બોલે છે તેઓ પણ મુક્તિ યોગ્ય નથી, તે કહે છે :–**

શ્લોક – ૮૮

**અન્વયાર્થ :– (जातिः) જાતિ (देहाश्रिता दृष्टा) શરીરને આશ્રિત જોવામાં આવે છે અને (देहः एव) દેહ જ (દેહમાં આત્મબુદ્ધિ જ) (आत्मनः भवः) આત્માનો ભવ (સંસાર) છે; (तस्मात्) તેથી (ये) જેમને (जातिकृताग्रहाः) મુક્તિની પ્રાપ્તિ માટે જાતિનો હઠાગ્રહ છે (ते अपि) તેઓ પણ (भवात् न मुच्यन्ते) સંસારથી મુક્ત થતા નથી.**

**ટીકા :– બ્રાહ્મણાદિ દેહાશ્રિત છે, ઈત્યાદિ અર્થ સુગમ છે (અર્થાત્ સમજવો સહેલો છે).**

**ભાવાર્થ :- લિંગની માફક જાતિ પણ દેહાશ્રિત છે અને દેહમાં આત્મબુદ્ધિ તે સંસાર છે, તેથી જેઓ મુક્તિ માટે જાતિનો આગ્રહ રાખે છે અર્થાત્ જાતિને જ મુક્તિનું મૂળ માને છે તેઓ પણ સંસારથી છૂટતા નથી, કારણ કે તેઓ સંસારના આગ્રહી છે.**

**જાતિ પણ મુનિ અવસ્થામાં, જે પ્રકારની આગમમાં કહી છે તે પ્રમાણે, નિયમા હોય છે; તેનાથી વિરૂદ્ધ જાતિ ભાવલિંગી મુનિને હોતી નથી. તે જાતિથી કે તે તરફના વલણ કે વિકલ્પથી મોક્ષ થતો નથી, કિન્તુ રાગ ઉત્પન્ન થાય છે. માટે તે તરફનું વલણ છોડી આત્મ-સન્મુખ થઈ તેમાં લીન થવાથી મોક્ષ થાય છે એમ આ શ્લોક ઉપરથી સમજવું. ૮૮.**

**અષાઢ વદ ૪, રવિવાર તા. ૨૭-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૮૮-૮૯,**
**પ્રવચન - ૧૦૨**

'**વર્ણોમાં બ્રાહ્મણ ગુરુ છે,...**' એ તો બ્રાહ્મણ આમ તો નામ આપ્યું છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય. એ ત્રણ જાતિમાં કેવળજ્ઞાન હોઈ શકે. ચંડાળની જાતિમાં મુનિપણું ન હોઈ શકે તો કેવળજ્ઞાન તો ન હોઈ શકે. એ અહીંયાં બતાવવું છે.

**जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः।**
**न मुच्यन्ते भावत्तस्मात्ते ये जातिकृताग्रहाः।।८८।।**
**તનને આશ્રિત જાતિ છે, તન જીવનો સંસાર;**
**તેથી જાત્યાગ્રહી તણો, છૂટે નહિ સંસાર. ૮૮.**

ટીકામાં બ્રાહ્મણ આદિ શબ્દ વાપર્યો છે. એટલે જાતિ—બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિય. ત્રણ જાતિને મુનિપણું હોઈ શકે અને કેવળ હોઈ શકે. ચંડાળની જાતિને મુનિપણું ન હોઈ શકે, તો કેવળજ્ઞાન (પણ) હોઈ શકે નહિ, પણ એ જાતિથી મુક્તિ થાય એમ માને એને માટે એ આગ્રહ કહ્યો છે. એ આગ્રહ એનો જૂઠો છે. અમે બ્રાહ્મણ છીએ, અમે વાણિયા છીએ, અમે ક્ષત્રિય છે, માટે અમને આ જાતિમાંથી ધર્મ થાય એમ જે આગ્રહ માને એ જૂઠો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ટીકા :- બ્રાહ્મણાદિ દેહાશ્રિત છે,...**' બ્રાહ્મણ, વૈશ્ય અને એ તો દેહનો આશ્રિત છે. હોય જાતિએ એ બરાબર છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં તો હરિકેશી મુનિ ચંડાળ ચાલ્યા છે. એને મુનિ ઠરાવ્યા છે ઉત્તરાધ્યનમાં.

મુમુક્ષુ :- એની નાતમાં કોઈ કેવળી કે તીર્થંકર થયા છે કે નહિ?

ઉત્તર :- કોઈ કેવળી તીર્થંકર હતા કે દિ'? સત્શુદ્ર કહ્યા છે. પણ એ સત્શુદ્રનો ખુલાસો નથી કર્યો. ટીકામાં પ્રવચનસાર. જયસેનાચાર્યની ટીકા. અને સત્શુદ્રનો અર્થ એણે નથી ભર્યો શીતલપ્રસાદે. પણ એ સત્શુદ્ર કહે છે. એ આ ચંડાળ આદિ નહિ. સત્શુદ્રનો અર્થ એવો ક્યાંક સાંભળેલો છે કે જેમ માળી હોય, લુહાર હોય એ બધા શુદ્ર તો છે પણ સત્શુદ્ર છે. એને મુનિપણું હોઈ શકે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ વીતરાગનો માણસને ક્યાં નવરાશ?

અંતર આત્મામાં વ્રત અને ભક્તિ, પૂજા, દાનનો વિકલ્પ જે છે એ પણ મુક્તિનું કારણ નથી, ત્યાં વળી દેહનું લિંગ મુક્તિનું કારણ છે એમ નથી. છતાં એ જાતિનો આગ્રહને અહીં છોડાવ્યો છે. એ જાતિ જ હોય અને બીજી જાતિ ન હોય એ તો સિદ્ધ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય.' એવો અર્થ કર્યો હતો તે દિ' ૯૫માં. રાજકોટ. કે ભાઈ! કહ્યો જો માર્ગ હોય તો જે જાતિને વેશ હોય તે જ હોય. સમજાણું કાંઈ? આહાહા..! પણ જાતિવેશનો... ગમે તે જાતિ અને ગમે તે વેશ હોય અને મુનિ અને કેવળ પામી શકે એમ વીતરાગનો આશય નથી. આહાહા..! એમ કેવળજ્ઞાની પરમાત્મા એનો એ અભિપ્રાય નથી. સમજાણું કાંઈ? લોકો ક્યાં ક્યાં અટક્યા છે એ બધી વાત સમાધિ... સમાધિ. સમાધિની પૂર્ણતાની પ્રાપ્તિ એ વૈશ્યને (હોઈ શકે). આ વૈશ્ય તે તીર્થંકર ન થઈ શકે. સમજાણું? તીર્થંકર તો ક્ષત્રિય જ હોય.

મુમુક્ષુ :- ભગવાનમાંય જાતિ આડી આવી?

ઉત્તર :- જાતિ નહિ, એવી જાતની યોગ્યતા જ હોય. આહાહા..! ત્યાં પણ કહે છે ને શ્વેતાંબરમાં. ભગવતી ને આચારંગમાં? કે ભગવાન મહાવીર બ્રાહ્મણીની કૂખે પહેલા આવ્યા. ૮૨ દિ' ત્યાં રહ્યા. ઈન્દ્રને ખબર પડી કે આ તો ઠીક ન કહેવાય. ૮૨ દિ'એ પછી ફેરવ્યો ગર્ભ અને ત્રિશલાની કૂખે મૂક્યો. બધી કલ્પનાઓ. એ શાસ્ત્રમાં કલ્પનાઓથી શાસ્ત્રો બધા બાંધ્યા છે. આહાહા..! ઝીણી વાત બહુ આકરી પડે માણસને. શશીભાઈ! તમારે તો ત્યાં ક્યાં હતા? તમે તો વૈષ્ણવ હતા. વાડામાં બંધાયેલા હોય એને ભારે. કે ભગવાન ઉત્તરાધ્યયનમાં આમ કહે છે ને. હરિકેશી મુનિ હતા. ઉત્તરાધ્યયન તો ભગવાનનું કહેલું છે. વળી એમ કહે છે. એ ઉત્તરાધ્યયન આ નહિ. ભગવાને ઉત્તરાધ્યયન કહ્યું છે ખરું, પણ આ જે શ્વેતાંબર માને છે એ નહિ. ઉત્તરાધ્યયન દશ વૈકાલિક કહ્યું છે ભગવાને કહ્યું છે, એમાં વળી એમ આવે છેલ્લી સ્થિતિ હા, એમ.. સમાધિમરણની તૈયારી છે મોક્ષની. ત્યારે ઉત્તરાધ્યયન ફરમાવ્યું છે એમ કહે. ઉત્તર અધ્યયન છે ને? એનું કાંઈ નહિ. આહાહા..! એ ઉત્તરાધ્યયનનું કથન કરનાર એ સમ્યગ્દૃષ્ટિ નહિ. સમજાણું કાંઈ? એય.. જેઠાભાઈ! બધા મીંડા વાળવા પડે આ તો ભારે. આહાહા..! શ્રીમદ્‌માં તો ઘણું ઉત્તરાધ્યયનું ભલામણ આવે છે. શરૂઆતમાં ઉત્તરાધ્યયન, શરૂઆતમાં આવે છે. પછી છેલ્લે તો સત્સૂત્રને દિગંબરના જ સત્સૂત્ર ૧૯ના નામ આપ્યા છે. ૨૦મું કોઈ શ્વેતાંબરનું શાસ્ત્ર નહિ, પણ એક ગ્રંથ છે હરિભદ્રનું કરીને. એનું નામ આપ્યું છે. ષટ્દ્રવ્યસંગ્રહ. એ તો ગ્રંથ. પણ એ વાત પહેલાના લખેલા લખાણની અપેક્ષાએ છોડી દેવું અને આ માનવું જગતને કઠણ પડે. આહાહા..! કારણ કે ૧૯ સૂત્રમાં મોક્ષમાર્ગ (પ્રકાશક)ને માન્ય

રાખ્યું છે, અષ્ટપાહુડને માન્ય રાખ્યું છે, પ્રવચનસારને માન્ય રાખ્યું છે, સમયસારને માન્ય રાખ્યું છે. પ્રવચનસાર.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યને માન્ય રાખ્યા છે.

ઉત્તર :- કુંદકુંદાચાર્યને માન્ય રાખ્યા છે. કુંદકુંદચાર્ય કહે 'જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું.' ભગવાન એમ કહે છે કે જેવો માતાએ જન્મ આપ્યો, એવું દીક્ષામાં મુનિનું લિંગ હોય. આહાહા..! અહીં તો વસ્ત્ર-પાત્રના સ્થાપનના ઢગલા ઉત્તરાધ્યયનમાં છે. દશવૈકાલિકમાં છે. આહાહા..! આકરી વાતું બહુ માણસને. એ વીતરાગના વચનો નહિ. એ સમકિતીના વચનો નહિ. સર્વજ્ઞના અભિપ્રાયથી વિરૂદ્ધ એ સમકિતીના વાક્ય કેમ હોઈ શકે? આહાહા..!

અહીં એ કહે છે કે બ્રાહ્મણ આદિ. એટલે બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિય. ત્રણ દેહાશ્રિત છે. અને એને જ મુનિપણું અને કેવળજ્ઞાન હોઈ શકે. બીજાને હોઈ શકે નહિ. આહાહા..! '**ઈત્યાદિ અર્થ સુગમ છે...**' એમ ટીકા કરી જ નથી. ટીકાકારે ટૂંકો અર્થ કરી નાખ્યો છે. કારણ કે પહેલા આવી ગયો છે ને જાતિનો. એ પ્રમાણે એ લિંગનું જાતિમાં લઈ લેવું.

ખુલાસો '**ભાવાર્થ :- લિંગની માફક જાતિ પણ...**' લિંગ જેમ નગ્નપણું હોય એમ જાતિ પણ વાણિયાની, બ્રાહ્મણની અને ક્ષત્રિયની. એ પણ છે દેહાશ્રિત એ. '**અને દેહમાં આત્મબુદ્ધિ તે સંસાર છે,...**' આહાહા..! જાતિએ હું ક્ષત્રિય છું, હું વૈશ્ય છું, એમ જે માન્યતા છે એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ ઝીણો બહુ. અત્યારે તો એવી ગડબડ થઈ ગઈ છે ને. એમાંથી સત્યને તારવીને યથાર્થ દૃષ્ટિ કરવી (એ) બહુ આકરી વાત છે, બાપા! આ તો માર્ગ પરમાત્મા, ત્રણ લોકના નાથ સીમંધર ભગવાન મહાવિદેહમાં ફરમાવે છે એ આ માર્ગ છે. આહાહા..!

જેમાં દ્રૌપદીને પાંચ પતિ ઠરાવે, જેમાં ભગવાનને માતા-પિતા બ્રાહ્મણ ઠરાવે પહેલા. અને પછી પાછલી રાત પછી ત્રિશલા માતા અને ઓલો સિદ્ધાર્થ રાજા પિતા તે કલ્પિત પિતા. ખરો પિતા તો એ હતો. બહુ પૂર્વાપર વિરોધ વાતું શ્વેતાંબર શાસ્ત્રમાં. એને તો જગતને અનુકૂળ માટે એક સંપ્રદાય બાંધવા શાસ્ત્ર રચી નાખ્યા. સ્ત્રીના લિંગે પણ મુનિપણું ન હોય તો એણે સ્ત્રીને લિંગે કેવળ થાય એમ ઠરાવી દીધું. તીર્થંકર મલ્લિનાથ જેવા! આહાહા..! આ શું છે? ત્રણ લોકનો નાથ તીર્થંકર એને પૂજનારા ઈન્દ્રો સ્ત્રી ન હોય. બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી કે ઈન્દ્ર એ સ્ત્રી ન હોય અને આ તીર્થંકર સ્ત્રી. બહુ ફેરફાર કરી નાખ્યો ભગવાનને નામે. તે આ બિચારા મુંઝાણા. વાડામાં પડ્યા. એ તો ભગવાનના શાસ્ત્ર છે. એમાં આપણે શંકા થાય નહિ. આહાહા..!

કહે છે કે લિંગ જેમ સ્ત્રીનું લિંગ કે મુનિ નગ્ન સિવાયનું લિંગ અને નગ્નપણાનું લિંગ કે પુરુષનું લિંગ એ દેહાશ્રિત છે. એનાથી કેવળ થાય અને મુક્તિ થાય એમ છે નહિ. આહાહા..! '**અને દેહમાં આત્મબુદ્ધિ તે સંસાર છે, તેથી જેઓ મુક્તિ માટે જાતિનો આગ્રહ રાખે છે...**' આગ્રહ રાખે છે. '**જાતિને જ મુક્તિનું મૂળ માને છે તેઓ પણ સંસારથી છૂટતા નથી, કારણ કે એ તો સંસારના આગ્રહી છે.**' એથી ગમે તે જાતિ અને ગમે તે લિંગે કેવળ થાય એમ નથી કહેવાનો આશય

અહીં. એ જાત છે દેહાશ્રિત છે. એને આશ્રયે તે કેવળ થાય અને આ મારું માનીને.. મુનિપણું પણ ન થાય. ચંડાળનો દેહ એને મુનિ (ઠરાવે), એને બીજા વંદન શી રીતે કરે? એને આહાર શી રીતે દે? સમજાણું? આહાહા..! અને એ નગ્ન જાય શી રીતે? કોને ઘરે જાય અને શું?

વીતરાગ માર્ગમાં તો કહે છે કે જાતિ તો હોય તે જ હોય. બ્રાહ્મણ, શુદ્ર, વૈશ્ય. લિંગ હોય તે જ હોય નગ્ન. પણ છતાં એ જાતિ અને એ લિંગ મુક્તિનું કારણ છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'જાતિ પણ મુનિ અવસ્થામાં, જે પ્રકારની આગમમાં કહી છે તે પ્રમાણે, નિયમા હોય છે;...'** ખુલાસો કર્યો છે ને પછી? **'જાતિ પણ મુનિ અવસ્થામાં, જે પ્રકારની આગમમાં...'** નગ્ન જન્મ્યા પ્રમાણે રૂપ ભાસે. આહાહા..! જેવો બાળક માતાએ એને જન્મ્યા એવી જ એની નગ્નદશા. આહાહા..! અને લિંગ તો એ જ હોય. આહાહા..! પણ એ લિંગથી મુનિપણું પ્રાપ્ત થાય, એ લિંગથી કેવળ થાય એ આગ્રહનો નિષેધ કરાવ્યો છે અહીંયાં. શેઠ! આહાહા..! આવી વાત છે.

**'જાતિ પણ મુનિ અવસ્થામાં, જે પ્રકારની આગમમાં કહી...'** ઓલા લિંગ કીધું હતું ને? એ અહીં જાતિમાં નાખ્યું. **'તે પ્રમાણે, નિયમા હોય છે;...'** નિશ્ચયથી તે જ જાતિ હોય. તેનાથી વિરૂદ્ધ જાતિ ભાવલિંગી મુનિને હોતી નથી. ભાવલિંગી જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટેલી દશા એવા ભાવલિંગી મુનિને ગમે તે જાતિ હોય એમ ન હોય. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! જુઓ આનો બહુ આગ્રહ કરે છે શ્રીમદ્‌ના ભક્તો. ઓલા ભગવાન(દાસ) છે ને ભગવાન? એ વવાણિયામાં ઘણા માણસો 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો મારગ જો હોય તો.' લોકો ખુશી થાય કે આહાહા..!

'કહ્યો માર્ગ જો હોય તો જાતિ વેશ હોય તે હોય. ભેદ ન હોય.' એવો અર્થ કર્યો હતો. ૯૫માં. સભામાં. રાજકોટ સભામાં. ભગવાને કહેલો માર્ગ જો હોય, આત્માને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એને તો જે લિંગ અને જે જાતિ હોય તે જ હોય. આહાહા..! જાતિ ગમે તે હોય અને વેશ ગમે તે હોય અને કેવળ અને મુનિપણું પામે, વીતરાગના અભિપ્રાયમાં એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એક પણ ન્યાય ફરે એ શાસ્ત્ર ન કહેવાય. શાસ્ત્ર તો એને કહીએ કે જેમાં ત્રિકાળ અબાધિત સિદ્ધાંત સિદ્ધ થાય તેને શાસ્ત્ર કહીએ. આહાહા..! એય..!

આત્મસિદ્ધિ શાસ્ત્ર નામ ભલે આપ્યું, પણ એ સિદ્ધાંત તરીકે માન્ય નહિ રહે. કહો, પ્રવિણભાઈ! કેવળી છદ્મસ્થનો વિનય કરે, ગમે તે જાતિવેશમાં કેવળ હોય, તદ્દન સત્યથી વિરૂદ્ધ છે. એને સિદ્ધાંત કેમ કહેવાય? એને શાસ્ત્ર કેમ કહેવાય? એય..! આવી વાત છે. આકરી વાત પડે બાપુ બહુ. એ રામજીભાઈએ કહ્યું હતું એક ફેરી. ભાઈ આ આત્મસિદ્ધિ શાસ્ત્રને શાસ્ત્ર શી રીતે કહેવું? સિદ્ધાંત શી રીતે કહેવું? કારણ કે સિદ્ધાંતના બોલથી તો તત્ત્વ વિરૂદ્ધ છે એમાં. એને સિદ્ધાંત કેમ કહેવાય? શાસ્ત્ર કેમ કહેવાય? શાસ્ત્ર તો, એકપણ વચન સર્વજ્ઞના માર્ગથી વિરૂદ્ધ ન હોય, એવો જે માર્ગ છે તેને સિદ્ધાંત કહીએ. આહાહા..! બહુ આકરું.

પક્ષમાંથી છૂટવું, બાંધેલું, માનેલો પક્ષ છે એમાંથી છૂટવું. ભારે આકરું કામ. અનંત કાળમાં એમ ને એમ વિપરીત આગ્રહમાં પકડાઈને માની લીધેલું છે કે આ સાચું છે. એ અહીં કહે છે. નિયમાથી જાતિને વેષ હોય જ. નિયમા એટલે સમજાણું? નિશ્ચયથી. નિશ્ચયથી તે જ હોય. આહાહા..! પણ તે નગ્નપણું છે માટે ત્યાં મુનિપણું છે એમ નથી. એવા નગ્નપણા તો અનંત વાર ધારણ કર્યા. એ નગ્ન થયા અને પંચ મહાવ્રતના પરિણામ કદાચિત થયા, એથી એ મુનિપણું, એમ નથી. આહાહા..!

જેને અંતર આત્માને અવલંબે દર્શન-જ્ઞાન-ચારિત્ર અંદર થયા છે એને તો એ પંચ મહાવ્રતના વિકલ્પ જ હોય, અને લિંગ પણ નગ્ન જ હોય અને જાતિ પણ વૈશ્ય, બ્રાહ્મણ અને ક્ષત્રિય જ હોય. પણ છતાં એ વેશ ને વિકલ્પથી મુક્તિ થાય એમ નથી. આહાહા..! તેને મૂળગુણ કહેવા. વ્યવહારે. અઠ્યાવીશ મૂળગુણ મુનિના. શ્વેતાંબરમાં ૨૭ કહે છે. એ બીજા હોં. આ અઠ્યાવીશ બીજા અને (શ્વેતાંબરના) સત્તાવીશ બીજા. સત્તાવીશમાં એક વધારીને અઠ્યાવીશ એમ નહિ. સ્થાનકવાસીમાં, શ્વેતાંબરમાં, દેરાવાસી સાધુના સત્યાવીશગુણ. એ બધી ગડબડી વાતું બધી.

અહીં તો અઠ્યાવીશ મૂળગુણ જેને કહ્યા એમાં જેના ઠેકાણા નથી એને તો નિશ્ચય અને વ્યવહાર સાચો હોઈ શકે જ નહિ એમ કહે. પણ જેને નિશ્ચય પ્રગટ્યો છે ભગવાનને આશ્રયે, ચૈતન્ય પરમાત્મા પોતે સ્વરૂપે બિરાજમાન. એને જેણે દૃષ્ટિમાં પચવ્યો છે, જ્ઞાને એને જ્ઞેય બનાવીને જાણ્યો છે, સ્થિરતાએ સ્વરૂપમાં સ્થિરતા રમણતા કરી છે. એવા મુનિને પણ પંચ મહાવ્રતના વિકલ્પ અને લિંગ નગ્ન મુક્તિનું કારણ નથી. દાસ! એય..ચીમનભાઈ! બધું આવું છે. એ તો આ સોનગઢમાં ચાલે. તકરાર કરે, વાડા બાંધીને બેઠા. આહાહા..! શું થાય? પ્રભુનો માર્ગ તે લૂંટાઈ ગયો છે. માર્ગ તો માર્ગ છે પણ દૃષ્ટિમાં વિપરીતે ચુંથી નાખ્યો છે. આહાહા..!

કહે છે '**જાતિ પણ મુનિ અવસ્થામાં, જે પ્રકારની આગમમાં કહી છે તે પ્રમાણે, નિયમા હોય છે; તેનાથી વિરૂદ્ધ જાતિ ભાવલિંગી મુનિને હોતી નથી. તે જાતિથી કે તે તરફના વલણ કે વિકલ્પથી મોક્ષ થતો નથી.**' આહાહા..! સમજાણું કાંઈ? એ જાતિના તરફના... જાતિથી કે એ તરફના વલણનો વિકલ્પ અને નગ્નપણું છે એવો વિકલ્પ અને પંચ મહાવ્રતનો વિકલ્પ એ એનાથી મોક્ષ અને મોક્ષમાર્ગ નથી. આહાહા..! હમણાં કોક કહેતું હતું નહિ આ તમારા સુમતિ સાગર. અહીંયા આવ્યા હતા એ? આવ્યા હતા એ. હમણાં કલોલમાં બહુ નિમિત્તથી સ્થાપ્યું કહે. ક્યાં ગયા આત્મારામ? કીધું ને? શું કહ્યું?

મુમુક્ષુ :- લાકડી વિના-ટેકા વિના..

ઉત્તર :- લાકડી વિના-ટેકા વિના ચલાતા હશે? પાંગળો માણસ લાકડી વિના ચાલે? તો લાકડીનું કારણ છે ને ચાલવામાં? ચશ્મા વિના જોઈ શકાય? એ જે ચંદ્રશેખર કહેતા હતા એ થઈ ગયું. લીંબડીમાં ચંદ્રશેખર. શ્વેતાંબર આચાર્ય. રામવિજયના શિષ્ય. ઓલાનો ભત્રીજો. જીવાપ્રતાપનો. ત્યાં આવ્યો હતોને લીંબડી આવ્યો હતો. એ કહે આપણે વિચાર કરીએ ચર્ચાનો. મેં કીધું, ભાઈ! અમે વિચાર-ચર્ચા.. તમે હતા? તમે હતા ત્યાં? હા હતા. ભાઈ અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી.

અરે..! તમારું નામ કેવું એમાં ચર્ચાની ના પાડો એ તમારી કેટલી હીનતા થશે બહારમાં? અને હું ભલે સિંહ નહિ પણ સિંહનું બચ્ચું તો છું. એમ કીધું. ભાઈ! હું સિંહ પણ ક્યાં કહું છું અને બચ્ચું કોણે કીધું? એમ કહ્યું હતું ને? પછી છેલ્લે વાત કરતાં-કરતાં બાપુ અમે તો કોઈની સાથે ચર્ચા કરતા નથી. વાદવિવાદ કાંઈ નહિ.

પછી કહે, જુઓ, આ ચશ્મા વિના જણાય? આવી ગઈ કીધું ચર્ચા હવે બધી. થઈ ગઈ ચર્ચા. ચશ્મા વિના જણાય? એ ચશ્મા વિના ન જણાય, પણ જણાય છે બીજું ને? એ બીજું જણાય છે એ વખતે એનો એ કાળ છે. આહાહા..! ચશ્મા કાળે પણ જાણવાનો પર્યાય પોતાનો છે એનાથી જાણે છે. ચશ્માથી નહિ. આ વાત કેમ બેસે જગતને? પાંગળો એમ કહે, લાકડીના આધાર વિના ચાલી શકે? અમારે જીવરાજજી હમણા બે લાકડી રાખે છે લ્યો. થોડુંક એટલું ચાલવું પડે ને જરીક. પગમાં બરાબર (ઠીક) નથી હજી. પછી રામજીભાઈએ કરાવ્યું એને મોસંબીનું પાણી. પહેલાં કરાવ્યું હતું ને તમે? અમે નહોતા ત્યારે. છતાં અત્યારે ચાલી નહિ શકે, ચાલી નહિ શકે. ત્યાં ચાલે થોડું તો બે લાકડીએ. સહનશીલ ઘણા હોં. થોડુંઘણું હોય તો તો બતાવે નહિ એવા છે. પણ જ્યારે કાંઈ ન ચાલે ત્યારે કહે ભાઈ આજે હું નિશાળે આવી નહિ શકું. બે લાકડીથી ચાલે છે કે નહિ? એને લઈને ચાલે છે કે નહિ? ટેકો! નિમિત્તે કામ ન કર્યું ચાલવાનું? એમ બે લાકડીથી ટેકો. એક લાકડીથી ચાલે તો આમ હલી જાય. આ રામજીભાઈ આવે છે જુઓને એકકોર લાકડી અને એકકોર માણસ. ઓલો બટુક..

મુમુક્ષુ :- એનો હાથ ઝાલીને.

ઉત્તર :- હાથ ઝાલીને. ખબર છે ને અહીંથી દેખાય છે. પણ એ હાથ ઝાલ્યો એટલી મદદ થઈ કે નહિ ચાલવામાં? નિમિત્તે ચાલવામાં મદદ કરી નહિતર રાખ્યું શું કરવા? જેઠાભાઈ! આહાહા..! રાખે કોણ બાપા? એ આંગળીમાં આંગળીએ લાકડીને પકડી છે એ વાત પણ સાચી નથી. લાકડી લાકડીની પર્યાયે ત્યાં પરિણમી રહી છે. તે લાકડીની તે પર્યાયનો એનો જન્મક્ષણ તે ઉત્પત્તિનો કાળ છે તે પ્રકારે ત્યાં પર્યાયને કારણે થઈ છે. અને દેહના હાલવાની ક્રિયા પણ એના તે કાળની જન્મક્ષણ છે તે ચાલવાની પર્યાય, એને કારણે ચાલે છે. લાકડીને કારણે નહિ. ભારે વાત ભાઈ! આ બધી તકરારું જગતની.

હોય, નિમિત્ત હોય એની કોણે ના પાડી? પણ એનાથી અહીં થાય છે કામ? નિમિત્તમાં પણ પર્યાયની ઉત્પાદ-વ્યયતા છે કે નહિ? અને અહીં જે છે એમાં પણ ઉત્પાદ-વ્યય છે કે નહિ? તો એ ઉત્પાદ-વ્યય આમાં એને લઈને અહીંયા ઉત્પાદ-વ્યય થયો? તો એનો પોતાનો ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ એક સમયનું ક્યાં ગયું? આહાહા..! ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યયુક્તં સત્. સત્દ્રવ્ય લક્ષણં. તો તે પ્રત્યેક પર્યાયે ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણું તેના એક સમયમાં ત્રણ છે. એ પોતાથી છે, પરથી નહિ. આહાહા..! ભારે! તો પછી આ ભગવાનના દર્શન શું કરવા કરો છો? જો એનાથી ન થાતું હોય તો. એય.. સુજાનમલજી! ભાઈ ગયા? છે? બેઠા? એમના દીકરા આવ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આવું માંડ સમજાય. કોઈ દિ' સાંભળવાના ઠેકાણા ન મળે. પછી રળવું ને. એમના દીકરા આવ્યા છે. નોકરી છે, મોટી નોકરી છે. એ ખૂણે બેઠા. આહાહા..! આવી વાતું સાંભળવી મુશ્કેલ પડે. અને સાંભળવા મળે નહિ અને નવા એવું લાગે કે આ શું કહે છે પણ આ? આવું તો ક્યાંય? બાપુ! માર્ગ તો આ છે ભાઈ! આહાહા..!

અહીં કહે છે કે લિંગ અને જાતિ તો જે હોય તે જ નિશ્ચયથી હોય, પણ એના આશ્રયે લાભ થાય ધર્મનો જ. (એમ નહિ.) આહાહા..! સંહનન જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે સંહનન તો પહેલું જ હોય એને, પણ એ સંહનનને કારણે અહીં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય એમ નથી. આહાહા..! કેવળજ્ઞાન ઉત્પત્તિનો તેનો જન્મક્ષણ હતો આત્મામાં, તે કાળે કેવળજ્ઞાન થાય છે. સંહનનને લઈને નહિ, મનુષ્યને લઈને નહિ. આહાહા..! મોટા ઝઘડા ચાર-પાંચ. સોનગઢની સામે. એક ઉપાદાન-નિમિત્ત, એક નિશ્ચય-વ્યવહાર અને એક ક્રમબદ્ધ. આહાહા..! ક્યાં અટક્યો જીવ? ક્યાં હજી.. હજી બહારના સત્યતાના નિયમમાં અટકે છે એને અંતરમાં જવાનો પ્રસંગ ક્યારે આવે એને? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્તાધિન બુદ્ધિ છે.

ઉત્તર :- ત્યાં નિમિત્તાધિન બુદ્ધિ છે. આહાહા..! ભાઈએ લખ્યું છે નહિ? ફુલચંદજીએ લખ્યું છે જૈનતત્ત્વમીમાંસામાં. કે કોઈ એમ કહે કે જીવ તો જ્ઞાતા-દૃષ્ટા છે, અને નિમિત્તને આધિન થાય એમ માને એને જ્ઞાતા-દૃષ્ટાપણાની વાત જ સાચી નથી. જૈનતત્ત્વ મીમાંસામાં લખ્યું છે. સમજાણું? નિમિત્તથી થાય એમ માનનારા... એ તો આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એ ક્યાંથી પણ તું લાવ્યો એ? નિમિત્ત ક્યાં જ્ઞાતાદૃષ્ટાપણું આવે? એ તો તે માન્યું છે. કર્મ ખસે તો અહીંયાં જ્ઞાતા-દૃષ્ટાપણું થાય એમ તો તે માન્યું, (તો) જ્ઞાતા-દૃષ્ટા રહ્યો ક્યાં એ? આહાહા..!

સત્યને સમજવા માટે એણે ઘણા આગ્રહ છોડી દેવા પડશે. અરે.. આવા અવસર ક્યારે મળે? ભાઈ! આંખ મીંચાઈને ચાલ્યો જશે. આહાહા..! કોઈએ આબરૂ મેળવી હશે બહારમાં, ભારે તમારી વાત સાચી હોં. આ વ્યવહારથી થાય, નિમિત્તથી થાય. એવી વાત બહુ સારી. એથી ત્યાં મરતા ત્યાં ઘરેણે મૂકાય આબરૂ. આહાહા..! બહુ રાજી માણસ થાય. એથી એને લાભ થાય જીવને. આહાહા..! જેને આ જાતિ અને આ લિંગથી અમને.. એમાં એ કહ્યું છે ને. આગળ કહેશે એ. સમયસારનું કહેશે આગળ. પછીની ગાથામાં.

'**કિંતુ રાગ ઉત્પન્ન થાય છે.**' આહાહા..! એ બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિયની જાતિ હોય છે, છતાં તેને લક્ષે તો રાગ જ ઉત્પન્ન થાય. આહાહા..! રાગ એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યને આશ્રયે લક્ષ જતાં તો રાગ જ થાય. એને લક્ષે કેવળ થાય અને મુનિપણું થાય એમ નહિ. આહાહા..! '**માટે તે તરફનું વલણ છોડી આત્મસન્મુખ થઈ...**' ભગવાન પરમાત્મસ્વરૂપે બિરાજે છે આત્મા, એના સન્મુખ થઈ, નિમિત્ત અને વિકલ્પથી વિમુખ થઈ. આહાહા..! તેમાં લીન થવાથી મોક્ષ થાય છે. '**એમ આ શ્લોક ઉપરથી સમજવું.**'

तर्हि ब्राह्मादिजातिविशिष्टो निर्वाणादिदीक्षया दीक्षितो मुक्तिं प्राप्नोतीति वदन्तं प्रत्याह–

जातिलिंगविकल्पेन येषां च समयाग्रहः।
तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः।।८९।।

જાતિ-લિંગ-વિકલ્પથી, આગમ-આગ્રહ હોય,
તેને પણ પદ પરમની, સંપ્રાપ્તિ નહિ હોય. ૮૯.

टीका :–जातिलिंगरूपः विकल्पो भेदस्तेन येषां शैवादिनां समयाग्रहः आगमानुबंधः उत्तमजातिविशिष्टं हि लिंगं मुक्तिहेतुरित्यागमे प्रतिपादितमतस्तावन्मात्रेणैव मुक्तिरित्येवंरूपो येषामागमानभिनिवेषः तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः।।८९।।

---

ત્યારે તો બ્રાહ્મણાદિ જાતિવિશિષ્ટ નિર્વાણાદિની દીક્ષાથી દીક્ષિત થઈને મુક્તિ પ્રાપ્ત કરી શકે એવું બોલનાર પ્રતિ કહે છે :-

શ્લોક – ૮૯

અન્વયાર્થ :- (येषां) જેમને (जातिलिंगाविकल्पेन) જાતિ અને લિંગના વિકલ્પથી મુક્તિ થાય છે એવો (समयाग्रहः) આગમ સંબંધી આગ્રહ છે (ते अपि) તેઓ પણ (आत्मनः परं पदं) આત્માના પરમ પદને (न प्राप्नुवन्ति एव) પ્રાપ્ત કરી શકતા જ નથી.

ટીકા :- જાતિ અને લિંગરૂપ વિકલ્પ એટલે ભેદ તેનાથી જે શૈવાદિને સમયનો આગ્રહ એટલે આગમનો આગ્રહ છે – અર્થાત્ ઉત્તમ જાતિવિશિષ્ટ લિંગ જ મુક્તિનું કારણ છે એવું આગમમાં પ્રતિપાદન કર્યું છે, તેથી તે માત્રથી જ મુક્તિ છે – એવો જેમને આગમનો અભિનિવેશ (આગ્રહ) છે. તેઓ પણ આત્માના પરમ પદને પ્રાપ્ત કરી શકતા જ નથી.

ભાવાર્થ :- જાતિ અને લિંગ બંને દેહાશ્રિત છે. તેના તરફના વિકલ્પથી રાગ થાય છે, અને રાગ તે સંસાર છે. તેથી જે એવું માને છે કે આગમમાં જાતિ અને લિંગથી મોક્ષ થાય છે એમ પ્રતિપાદન કર્યું છે, તે હઠાગ્રહી છે અને આગમના સ્વરૂપથી તદ્દન અજ્ઞાત છે. વીતરાગી આગમ તો કહે છે કે વીતરાગતાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય, અને વીતરાગતા થતાં બાહ્ય લિંગાદિ હોય ખરાં, પણ તેના આશ્રયે મોક્ષ ન થાય, તેના વિકલ્પથી પણ મોક્ષ ન થાય. જાતિ, લિંગ અને તે સંબંધી વિકલ્પથી મોક્ષ થાય એમ માનનારા સમયાગ્રહી છે–સમયના જાણકાર નથી.

વિશેષ

લિંગ એ મોક્ષનું સાચું કારણ નથી. તેનું પ્રતિપાદન કરતાં શ્રી કુંદકુંદાચાર્યે શ્રી સમયસારમાં કહ્યું છે કે –

‘‘બહુ પ્રકારનાં મુનિ-લિંગોને અથવા ગૃહી-લિંગોને ગ્રહણ કરીને મૂઢ (અજ્ઞાની) જનો

**એમ કહે છે કે ‘આ (બાહ્ય)લિંગ મોક્ષમાર્ગ છે.’ પરંતુ લિંગ મોક્ષમાર્ગ નથી, કારણ કે અર્હંતદેવો દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા લિંગને છોડીને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવે છે.**

**જેઓ બહુ પ્રકારના મુનિ-લિંગોમાં અથવા ગૃહસ્થ-લિંગોમાં મમતા કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગ જ મોક્ષનું દેનાર છે એમ માને છે), તેમણે સમયસારને નથી જાણ્યો.**

**જેઓ ખરેખર ‘હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (શ્રાવક) છું’ એમ દ્રવ્ય-લિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ ‘અનાદિરૂઢ’ (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વ્યવહાર-માં મૂઢ (મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકકાળ નિશ્ચય (નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા, પરમાર્થસત્ય (જે પરમાર્થ સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને દેખતા-અનુભવતા નથી.’’૧ ૮૯.**

## શ્લોક-૮૯ ઉપર પ્રવચન

**‘ત્યારે તો બ્રાહ્મણાદિ જાતિવિશિષ્ટ નિર્વાણાદિની દીક્ષાથી દીક્ષિત થઈને મુક્તિ પ્રાપ્ત કરી શકે એવું બોલનાર પ્રતિ કહે છે :–’** બ્રાહ્મણ અને વૈશ્ય અને ક્ષત્રિય. જાતિ ખાસ. એના નિર્વાણથી, દીક્ષાથી **નિર્વાણાદિની દીક્ષાથી દીક્ષિત થઈને મુક્તિ પામી** શકે એની સામે વાત છે. ભાષા દેખો ખુલાસો કર્યો અહીંયાં.

**जातिलिंगविकल्पेन येषां च समयाग्रहः।**
**तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः।।८९।।**
**જાતિ-લિંગ-વિકલ્પથી, આગમ-આગ્રહ હોય,**
**તેને પણ પદ પરમની, સંપ્રાપ્તિ નહિ હોય. ૮૯.**

આ શબ્દ આવ્યો છે ને આગમમાં? કે જે આગમમાં આ જાતિથી અને આ લિંગથી જ મુક્તિ થાય (એમ આવે) એ આગમને આગમ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પાઠ છે ને? ‘**समयाग्रहः**’? જાતિ લિંગમાં જેનો આગ્રહ હોય છે સિદ્ધાંત. કે વૈશ્યથી મુનિપણું હોય, ક્ષત્રિયથી જ મુનિપણું હોય, કે બ્રાહ્મણ હોય તેને જ કેવળજ્ઞાન થાય, એવો જેને આગમમાં આગ્રહ હોય. આગ્રહ. જેને આગમનો આવો આગ્રહ હોય. એમ. એ વેશથી થાય, લિંગથી થાય એ તો બરાબર છે. પણ એનાથી અહીં થાય કેવળજ્ઞાન, એવો જેનો આગ્રહ છે. આહાહા..! તે પણ પરમપદને પામી નહિ શકે.

---

૧. શ્રી સમયસાર - ગાથા-૪૦૮, ૪૦૯, ૪૧૩ અને ટીકા.

જ્યાં મહાવ્રતનો વિકલ્પ પણ એક આસ્રવનો ભેખ, આસ્રવના પરિણામ છે. અહીં તો લોકો મહાવ્રત પાળે એ ધર્મ છે અને સંવર છે અને સાંભળનારા બિચારા સાધારણ, એમાં બાયું તો સાધારણ હોય. જય નારાયણ. આ કાંઈક કહે છે એ ઠીક કહે છે. પંચ મહાવ્રતના પરિણામ સંવર છે. અહિંસા, સત્ય, દત્ત બ્રહ્મચર્ય એ ધર્મ છે. ઓલા કહે હા. પ્રમાણ વાક્ય.

મુમુક્ષુ :- ગુરુ કાંઈ ખોટું કહે?

ઉત્તર :- એમ.

અહીં કહે છે કે પંચ મહાવ્રતના ભાવ છે એ તો વિકલ્પ રાગ છે. જેને પંચ મહાવ્રત... એ અત્યારે તો ક્યાં ઠેકાણા છે? આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચય સાચું અને વ્યવહાર ખોટો?

ઉત્તર :- વ્યવહાર ખોટો, બધું ખોટું છે. આકરી વાત બહુ. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર, જિનેન્દ્રદેવ ત્રિલોકનાથના આગમમાં એ વાત (કે) એનાથી મુક્તિ થાય કે ધર્મ થાય એવું એના આ-ગમમાં નથી. જે આગમમાં એ કહ્યું હોય તે આગમ નહિ. આહાહા..!

**'ટીકા :- જાતિ અને લિંગરૂપ વિકલ્પ...'** ભાષા એવી કરી. જોઈ? જાતિલિંગના બે શ્લોક મૂક્યા. પણ એનો વિકલ્પ **'એટલે ભેદ તેનાથી જે શૈવાદિને સમયનો આગ્રહ...'** છે. શૈવમતવાળાને. બસ આવો જ ભેખ હોય. શૈવમતમાં આવે છે ને બાવાનો વેશ? એક લાકડી દંડી માથે આમ.

મુમુક્ષુ :- ઓઘો.

ઉત્તર :- આ કહે ઓઘો હોય અમારે, રજોરણો હોય, મુહપત્તિ હોય. એ અમારે ધર્મના ચિહ્ન છે. એ ધર્મના વ્યવહાર ચિહ્નનો નિષેધ છે અહીં તો એનો. આહાહા..!

ઉપકરણ લીધા છે તો એ લીધા છે, નહિ? પ્રવચનસારમાં. ભાઈ! વિનય. ગુરુનો વિનય કરવો વિકલ્પ એ ઉપકરણ છે. આહાહા..! રાગ છે ને? આહાહા..! ઝીણી વાત બહુ બાપુ! અરે..! આવા મનુષ્યપણાના સત્યના જ્ઞાન ન કર્યા. ક્યાંય એનો આરો નહિ આવે ભાઈ! એ ગમે તેવા મહાવ્રત પાળે એમ કહે. છે તો ક્યાં? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે ત્યાં મહાવ્રતના ઠેકાણા હોય જ ક્યાંથી? આહાહા..! પણ એને માનેલો (હોય) જરી (કે) આ બાયડી-છોકરા છોડીને વેશ પહેરીને બેઠા એટલે જાણે થઈ ગયા અમે સાધુ. આહાહા..! અમે પંચ મહાવ્રતધારી છ કાયના રક્ષક. લખે છે ને ઓલા સંવત્સરીના કાગળમાં નહિ? હતા કે દિ' બાપા તને ખબર નથી ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- છ કાયમાં પોતે છે કે નહિ?

ઉત્તર :- છ કાયના કૂટાથી તો બચ્યા છે એમ કહે છે. પણ તું એક આત્મા છો કે નહિ? એ આત્માને રાગથી લાભ થાય તો કૂટો તારો કૂટો કર્યો તેં. આહાહા..! એ પંચ મહાવ્રતના વિકલ્પથી કે જાતિ ને લિંગના વિકલ્પથી આત્માને લાભ થાય (એમ માને) એ તો આત્માની હિંસા કરી તેં. આહાહા..! ભારે વાતું ભાઈ! લિંગ અને જાતિ જે હોય તે હોય. છતાં એના લક્ષે વિકલ્પ થાય અને

એના લક્ષે આત્માનું કલ્યાણ થાય, કેટલા બોલો કહેવા? એટલે આગમનો જેને આગ્રહ છે. ઉત્તમ જાતિ વિશિષ્ટ લિંગ. ઉત્તમ જાતિ ખાસ એને ઉત્તમ લિંગ એ જ મુક્તિનું કારણ છે એવું આગમમાં પ્રતિપાદન કર્યું છે, તેથી તે માત્રથી જ મુક્તિ છે એવો જેમનો આગમનો આગ્રહ છે '**તેઓ પણ આત્માના પરમ પદને પ્રાપ્ત કરી શકતા નથી.**' આહાહા..! દૃષ્ટિ જ મિથ્યા છે. નગ્નપણાથી લાભ થાય, પંચ મહાવ્રતના વિકલ્પથી ધર્મ અને લાભ થાય. વૈશ્યપણું, ક્ષત્રિયપણું છે, માટે એનાથી આત્માને સમકિત થાય અને લાભ થાય. એ મિથ્યાત્વભાવ થાય છે. આહાહા..! મિથ્યાત્વ ભાવના પડખા ઘણાં.

'**ભાવાર્થ :– જાતિ અને લિંગ...**' જાતિ એટલે વૈશ્ય, બ્રાહ્મણ અને ક્ષત્રિય. લિંગ એટલે નગ્નપણું. પંચ મહાવ્રત આદિ '**બંને દેહાશ્રિત છે.**' એ તો પરાશ્રિત છે. '**તેના તરફના વિકલ્પથી...**' ઓહોહો..! રાગ થાય છે. અને તે રાગ સંસાર છે. પહેલી બે ગાથામાં આવ્યું ને કે દેહ તે સંસાર છે, દેહ તે ભવ છે એમ આવ્યું હતું. પાઠમાં. અહીં કીધું કે ભાઈ દેહ ભવ છે એનો અર્થ? કે દેહને આશ્રિત જે વિકલ્પ ઉઠ્યો એ પોતે સંસાર છે. દેહ તો જડ છે. સંસાર ત્યાં ન હોય એમાં. પણ એને આશ્રયે જે વિકલ્પ ઉઠે છે, રાગ થાય એ સંસાર છે. આહાહા..! સંસારની પર્યાય જીવની દશામાં હોય, સંસાર જડમાં હોય નહિ. પાઠ તો એવો હતો લ્યો પહેલો. દેહભવ એમ હતું ને બેયમાં? '**देह एव आत्मानो भवः**' અને તે સંસાર છે. આહાહા..! સંસાર છે ને? સંસ્કૃતમાં આવ્યું છે. '**लिङ्गं जटाधारणनग्नतत्वादिदेहाश्रितं दृष्टं शरीरधर्मतया प्रतिपन्नं। देह एवात्मनो भवः संसारः।** '**देह एवात्मनो भवः संसारः**' જોયું? '**देह एवात्मनो भवः संसारः**' આહાહા..!

એ પ્રમાણે જાતિ સંસાર એમ લેવું. આહાહા..! ભગવાન આત્મા વીતરાગી મૂર્તિ પ્રભુ એ એની જાત છે, પણ એ વાત બહુ કઠણ પડે. બહારથી ફાફાં મારે પછી. અનંતકાળ વીત્યો એને ચોર્યાસીના અવતાર કરી કરીને. નરકના, નિગોદના. આહાહા..! દ્રવ્યલિંગ ધારણ કરી નગ્નપણું અને જગતમાં કોઈ ક્ષેત્ર-કાળ બાકી નથી રાખ્યો કે જેમાં અનંતવાર જન્મ્યો અને મર્યો ન હોય. નગ્નપણું ધારણ કરીને પણ અંતર આત્માના સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એવો કોઈ ક્ષેત્ર-કાળ નથી કે જ્યાં અનંતવાર જન્મ્યો અને મર્યો ન હોય. દ્રવ્યલિંગ હોવા છતાં. આહાહા..! લિંગપાહુડમાં ખૂબ લીધું છે. કુંદકુંદાચાર્યે. ભલે નગ્નપણું એ લિંગ હોય, પણ એ લિંગ ખરેખર ધર્મનું કારણ નથી.

મુમુક્ષુ :– પંચમ કાળમાં તો એકલો લિંગથી જ ધર્મ થાય ને?

ઉત્તર :– પચંમ કાળ હોય કે ચોથો હોય. શીરો તો ત્રણથી બને—ગોળ, લોટ અને ઘી. કે પાંચમા આરામાં કાંઈ પેશાબ નાખીને શીરો બનતો હશે? ચોથા આરામાં ઘી નાખીને બનતો હશે. એમ હશે? પાણી નાખે ત્યારે ઘી નહિ ને. એમ શીરા થતા હશે? શેઠ! શીરો ક્યાં હલવો. એની મીઠાશમાં ભલે ફેર હોય, પણ વસ્તુમાં ફેર હોઈ શકે નહિ. ભલે ઘી ન નાખે તેલ કોઈ નાખે. ગરીબ માણસ હોય, શીરો બનાવવો હોય, તેલ નાખે, લોટ તેલમાં શેકે અને પછી ગોળનું પાણી નાખે એમ બનાવે. એમ બને છે. હલકા માણસ હોય બિચારા પૈસા ક્યાં હતા સાધારણ માણસને તો? આહાહા..! તેલ વિના

પાણીમાં લોટ શેકીને શીરા થતા હશે? પાંચમો આરો છે ને?

'**ભાવાર્થ :- જાતિ અને લિંગ બંને દેહાશ્રિત છે. તેના તરફના વિકલ્પથી રાગ થાય છે, અને રાગ તે સંસાર છે. તેથી જે એવું માને છે કે આગમમાં જાતિ અને લિંગથી મોક્ષ થાય છે એમ પ્રતિપાદન કર્યું છે, તે હઠાગ્રહી છે...**' આહાહા..! તે આગમના સ્વરૂપથી તદ્દન અજ્ઞાત છે. વીતરાગી આગમ તો કહે છે, વીતરાગી સિદ્ધાંતો એમ કહે છે કે વીતરાગતાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય. જાતિ અને લિંગથી થાય નહિ. આહાહા..! બાપુ! મોક્ષ એટલે શું? આહાહા..! જે અનંત-અનંત આનંદ, અતીન્દ્રિય આનંદનું પરિણમન. આહાહા..! પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું પ્રગટ પરિણમન, એનું નામ મોક્ષ. એવા અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ માટે એ અતીન્દ્રિય ભગવાન આત્મા જે છે એ અણિન્દ્રિય છે. એને આશ્રયે જે અતીન્દ્રિય મોક્ષનો માર્ગ પ્રગટ થાય, એના ફળ તરીકે અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ મુક્તિ થાય. આહાહા..! ચોર્યાસીના અવતાર દુઃખી-દુઃખી થઈને રખડે છે. એણે આત્માની દયા કરી નથી. પોતાની દયા નથી કરી. પરની દયા પાળું અને એમાંથી આ થાય.

કહે છે કે '**વીતરાગી આગમ તો એમ કહે છે કે વીતરાગતાથી મોક્ષની પ્રાપ્તિ થાય,...**' ભગવાન આત્મા જિનસ્વરૂપે બિરાજમાન ચૈતન્યમૂર્તિ પ્રતિમા છે. એને ધ્યેય દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ વીતરાગી પર્યાય છે. વીતરાગ સ્વભાવ જે આત્માનો એને આશ્રયે પર્યાય થાય, અબંધ સ્વરૂપી ભગવાન એને આશ્રયે જે અબંધ પરિણામ થાય એ વીતરાગભાવ છે. સમજાણું કાંઈ?

'**અને વીતરાગતા થતાં બાહ્ય લિંગાદિ હોય ખરાં,...**' અંતર વીતરાગદશા, સમ્યગ્દર્શન એ પણ વીતરાગી પર્યાય છે. સમ્યગ્જ્ઞાન એ પણ વીતરાગી પર્યાય છે, સમ્યક્ ચારિત્ર એ પણ વીતરાગી ચારિત્રદશા છે. એવો મોક્ષ થતાં એને બાહ્ય લિંગ, જાતિ આદિ હોય ખરા, પણ તેના આશ્રયે મોક્ષ ન થાય. આહાહા..! એમાં એમ કે લાકડી(ના) ટેકા વિના ચાલે? ચશ્મા વિના જણાય? એમ નગ્નપણાના લિંગ વિના આત્માનું કલ્યાણ થાય? આહાહા..! જીવ ક્યાં અટકે છે? એની એને ખબર નથી પડતી. ક્યાં હું ભૂલ કરું છું પરિભ્રમણના કારણની? એની એને ખબર નથી.

'**તેના વિકલ્પથી પણ મોક્ષ ન થાય.**' આહાહા..! જાતિ અને લિંગ હોય. પણ એના વિકલ્પથી પણ જ્યાં કલ્યાણ ન થાય. આહાહા..! '**જાતિ, લિંગ અને તે સંબંધી વિકલ્પથી મોક્ષ થાય એમ માનનારા સમયાગ્રહી છે-**' સિદ્ધાંતના જાણકાર નથી. એ સિદ્ધાંતના આગ્રહી માનવાવાળા છે. આહાહા..! સમજાણું કાંઈ?

**વિશેષ :—** '**લિંગ એ મોક્ષનું સાચું કારણ નથી. તેનું પ્રતિપાદન કરતાં શ્રી કુંદકુંદાચાર્યે શ્રી સમયસારમાં કહ્યું છે કે -**' ૪૦૮ ગાથા. ૪૦૯, ૪૧૩. ગાથાનો આધાર આપ્યો છે. '**બહુ પ્રકારનાં મુનિ-લિંગોને અથવા ગૃહી-લિંગોને...**' ગૃહસ્થી હોય ને શ્રાવક ક્ષુલ્લક. એ લંગોટી એક હોય એક લંગોટી. એક કપડું નાનું હોય ફક્ત ઓઢવાનું. એવું જે લિંગ છે. આહાહા..! એ ગ્રહીને મૂર્ખ, '**મૂઢ (અજ્ઞાની)જનો એમ કહે છે કે આ (બાહ્ય)લિંગ મોક્ષમાર્ગ છે.**' આહાહા..! ભાઈ તો એમ કહેતા આવ્યા છે આગ્રામાં. જુઓ આ ઓઘો. આ પણ મુનિપણું છે, ચારિત્ર છે.

મુમુક્ષુ :- સ્વર્ગ આપે.

ઉત્તર :- મોક્ષ આપે. એ તો વળી જેણે ઓઘો બે ઘડી લીધો એને તો કપાળમાં સ્વર્ગ જ હોય એને. આહાહા..! એવા ભેખ. આવા વસ્ત્રવાળા ભેખ એ તો કુલિંગ છે. એ તો મિથ્યાદૃષ્ટિના લિંગ છે. આહાહા..! એવી વાત છે. બે હજારમાં બહુ થયેલું. દીક્ષા લીધી હતીને છોડીયું. મનસુખભાઈની બે દીકરીઓ. શ્રીમદ્‌ના ભાઈ નાના મનસુખ. એની માએ હવે એટલે છોકરીની માએ તો દીક્ષા લીધી હતી. મનસુખભાઈની વહુ. શ્વેતાંબરમાં. છોડી દીક્ષા તે દિ' તમે ક્યાં હતા? એ આવે ત્યાં ત્રંબકભાઈ પાસે. ત્રંબકભાઈ ખરા ને નાનાલાલભાઈના સાળા. એ એમાં સંબંધી હતા ને કાંઈક નહિ? શ્રીમદ્‌માં. ત્યાં આવતી છોકરીઓ. આજ્ઞા લેવી હોય ને છેલ્લી? ત્રંબકભાઈ-ત્રંબકભાઈ હતા. નાનાલાલભાઈના બનેવી. અમારે ઉતારે પાછળ. છોકરી આવતી. આવી હતી પછી. આહાહા..! અરે.. આ વાત ક્યાં બેસે?

હજી તો પાંચ મહાવ્રત કોને કહેવા એના ઠેકાણા ન મળે. આહાહા..! એના લિંગ કેવા હોય એના ઠેકાણા ન મળે, એને મુનિપણું આવી જાય અને સાધુ થાય. આહાહા..! અરેરે..! દુનિયા પણ એવી ગાંડી અને પાગલ. એવું જ્યાં દીક્ષા લઈને જ્યાં લૂગડા ફેરવ્યા ત્યાં ઓહોહો..! મહારાજ. જય મહારાજ! તિખ્ખુતો, આયાહિણં, પાયાહિણં, વંદામિ ત્રણવાર વંદન... આહાહા..!

મુમુક્ષુ :- પહેલાં લૂગડા પહેર્યા હતા તો નહોતા કહેતા?

ઉત્તર :- નહોતા કહેતા. આહાહા..! મૂઢ જીવો એ છે. આહાહા..! જેને લિંગ દેખીને... તે તો કુલિંગ છે એ તો. અહીં તો નગ્નપણાનું લિંગ દેખીને પણ જે મુનિપણું માનીને વંદન કરે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

'**પરંતુ લિંગ મોક્ષમાર્ગ નથી,...**' આ બાહ્યલિંગ મોક્ષમાર્ગ એમ માને છે. '**કારણ કે અર્હંતદેવો દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા...**' આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર જ્યારે મુનિ થયા ત્યારે દેહ પ્રત્યેની મમતા છોડીને સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનમાં લીન આત્મામાં થયા હતા. આહાહા..! '**દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા લિંગને છોડીને...**' 'જ' હેતુ છે ને? છોડી દઈને એટલે? નગ્નપણું છોડીને. એમ ને? નગ્નપણાની વિકલ્પ છે એ છોડી દેવો. આહાહા..! વીતરાગ જિનેશ્વરદેવ એનો માર્ગ બાપુ બહુ ચારેય પડખેથી એની અવિરોધતા સમજવી એ તો કલ્યાણનો માર્ગ છે. અમુક પડખેથી સમજે અને બીજા પડખાં વાસ્તવિક રહી જાય એ એમની દશા એવી છે. આહાહા..!

'**જેઓ બહુ પ્રકારનાં મુનિ-લિંગોમાં અથવા ગૃહસ્થ-લિંગોમાં મમકાર કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગ જ મોક્ષનું દેનાર છે એમ માને છે),...**' ભેખ તો પહેર્યો અમારા મુનિપણાનો એમ કહે. આહાહા..! એ '**લિંગને છોડીને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવે છે.**' ભગવાન તો આહાહા..! '**જેઓ બહુ પ્રકારના મુનિ-લિંગોમાં અથવા ગૃહસ્થ-લિંગોમાં મમકાર કરે છે તેમણે સમયસારને નથી જાણ્યો.**' તેમણે આત્માને નથી જાણ્યો. આહાહા..! લિંગ ને જાતિ અમને મોક્ષ પમાડશે. પાત્ર ઊંચું હોય એમાં ઘી રહી શકે. કોથળામાં રહે? એમ નગ્નપણું હોય ત્યાં મુનિપણું રહી શકે. આહાહા..!

મુમુક્ષુ :- પણ પાત્ર છિદ્ર વગરનું..

ઉત્તર :- એ વાત જ ખોટી છે. નવા માણસને (એમ લાગે કે) તો આ શું કહે છે? આવો વીતરાગનો માર્ગ હશે? શું કહેવા માગે છે?

ભાઈ! ધર્મ તો એને કહીએ કે જે દ્રવ્યસ્વભાવ ભગવાન, પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપે બિરાજમાન, એની સન્મુખમાં દૃષ્ટિ કરી, એનું જ્ઞાન અને એની રમણતા એ ધર્મ અને મોક્ષનું કારણ છે. આહાહા..! એ જેને કાંઈ ઠેકાણા નથી અને પંચ મહાવ્રતના વિકલ્પ અને દેહના નગ્નપણા એનાથી ધર્મ માને, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એ જૈનની એને ખબર નથી.

મુમુક્ષુ :- મુનિનો આચાર પાળે તો કાંઈ વાંધો નથીને?

ઉત્તર : મુનિનો આચાર પાળે એ રાગ છે. પંચ મહાવ્રત આદિ તો રાગ છે. એ ત્યાં આવ્યું છે ને કોટા. કોટામાં આઠ દિ' માણસ પાંચ-પાંચ હજાર માણસ બહુ ઘણું માણસ. ચાર દિ' રહ્યા. સભા બહુ. વળી ભાઈ હુકમીચંદજી ત્યાં... ભાઈ ત્યાં શેઠ બહુ સારા છે. જંબુકુમાર. કોટામાં. નાની ઉંમર છે. એ નેમચંદભાઈની દિકરીના જેઠ થાય છે. પણ બહુ માણસ છાપવાળો છે. જુવાન માણસ છે. પણ ચાર દિ' સાંભળ્યું. પાંચમે દિ' ઓલું આવ્યું કાગળ. વિદ્યાનંદજી આમ કહે છે. જૈનદર્શનમાં. શ્રાવક અને મુનિનો આચાર ઉથાપે એ દિગંબર ધર્મ નથી. દિગંબરનો નાશ થઈ જાય છે. અરે.. ભાઈ! સાંભળ તો ખરો. એ વિકલ્પ અને એ નગ્નપણું એ મુનિનો આચાર એ તો રાગ છે બધો. એ ધર્મ છે? આહાહા..! એનાથી રહિત ભગવાન આત્માની વીતરાગતા પ્રગટ કરે એ મોક્ષનું કારણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ ૫, સોમવાર તા. ૨૮-૦૭-૧૯૭૫
## શ્લોક - ૮૯-૯૦,
## પ્રવચન - ૧૦૩

છેલ્લો પેરેગ્રાફ. '**જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (શ્રાવક) છું' એમ દ્રવ્ય-લિંગમાં મમકાર વડે...**' નગ્નપણાની દશામાં અને પંચ મહાવ્રતાદિ વિકલ્પ એ દ્રવ્યલિંગ છે. આવી વાત તો સ્પષ્ટ કરે છે. '**દ્રવ્ય-લિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે,...**' એ પંચ મહાવ્રતના વિકલ્પો કે નગ્ન દશા દિગંબર એ બધું દ્રવ્યલિંગ છે. એમાં જે મમતા કરે છે, મમતા વડે મિથ્યા અહંકાર કરે છે. આહાહા..!

'**તેઓ અનાદિરૂઢ (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ...**' છે. આહાહા..!

વ્રતની ક્રિયા પંચ મહાવ્રતની, અઠ્યાવીશ મૂળગુણની એ તો અનાદિ રૂઢ વ્યવહાર છે. અનાદિનો છે એ તો, કહે છે. આહાહા..! એ કાંઈ નવી ચીજ નથી. શુભભાવમાં પણ અનંતવાર આવી ગયો છે દ્રવ્યલિંગપણે, નગ્નપણું ધારણ કરી, પંચ મહાવ્રતાદિના આચરણમાં વિકલ્પો અનંતવાર કર્યા છે. એ કાંઈ નવી ચીજ નથી. એ કાંઈ ધર્મ નથી. આહાહા..! એમાં જે મમતા કરે છે કે આ દ્રવ્યલિંગ છે એ મને તારશે. નગ્ન(દશા) અને પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ, આ મને તારશે એવો જે મમતા કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! કેમકે એ તો અનાદિરૂઢ છે. એ વ્યવહાર તો અનાદિનો ચાલ્યો આવે છે. એ કાંઈ નવો છે નહિ. આહાહા..!

એ '**અનાદિરૂઢ (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ...**' એ તો વ્યવહારની ક્રિયામાં મૂઢ છે. આહાહા..! આવી વાત છે. હવે એ લોકોને એમ કે આ શ્રાવકના આચરણ, મુનિના આચરણ એ બધું દિગંબર જૈનદર્શન છે. એમ કહે છે એ. આહાહા..! દિગંબર એટલે જૈનદર્શન એમ. એ સત્યદર્શન છે. પંચ મહાવ્રત પાળવા, શ્રાવકના બાર વ્રત પાળવા અને કોપીન આદિ એક કટકો રાખે શ્રાવક, ક્ષુલ્લક આદિ. મુનિ થઈને નગ્નપણું રહે, એ મને તારશે અને એ મને ધર્મ છે એ મિથ્યાદૃષ્ટિ વ્યવહારમાં મૂઢ છે. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર એટલે શુભભાવ?

ઉત્તર :- શુભભાવની ક્રિયા અને નગ્નપણું. એ વ્યવહારનો જાણનાર નથી. વ્યવહારમાં મૂઢ થયેલો પ્રાણી છે. આહાહા..! જૈનધર્મ એટલે કે દિગંબર ધર્મ. નિર્ગ્રંથ ધર્મ. આહાહા..! જેને રાગની ગાંઠમાંથી નીકળી અને સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ કરવી અને સ્વરૂપના અનુભવમાં વિશેષ લીન થવું આનંદમાં એ ધર્મ અને એ જૈનધર્મ છે. એ મુનિપણું છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ મુનિપણું આવ્યું હતુંને આપણે પાંચમી ગાથામાં નહિ? સમયસાર પાંચમી. સર્વજ્ઞ પરમાત્મા જ્ઞાનાનંદ સ્વભાવમાં લીન મગ્ન. એ સર્વજ્ઞથી માંડીને અમારા ગુરુ(પર્યંત) કુંદકુંદાચાર્ય કહે છે. અમારા ગુરુ પણ કેવા હતા? જ્ઞાન ચિદાનંદ સ્વભાવ એવો જે આત્મા એમાં એ લીન હતા. આહાહા..! એ પંચ મહાવ્રતના વિકલ્પ કરતા હતા, કર્યા હતા એમ નથી. આહાહા..! મુનિપણું તો આત્માના આનંદસ્વરૂપની ભૂમિકાને જોઈ, જાણી, અનુભવી અને એ ભૂમિકામાં લીન થવું, આનંદની ભૂમિકામાં. વીતરાગી પર્યાયમાં લીન થવું. આહાહા..! એનું નામ જૈનધર્મનું મુનિપણું અને ચારિત્ર છે. એને સમજ્યા વિના, માન્યા વિના એકલું દ્રવ્યલિંગ મુનિધારણ કરે અને પંચ મહાવ્રતના વિકલ્પો કદાચિત્ સરખા હોય, તોપણ એ દ્રવ્યલિંગ છે એ ધર્મ નહિ. આહાહા..! એ મુનિપણું નહિ, એ મોક્ષનો માર્ગ નહિ. આહાહા..!

કહે છે કે એ તો અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ વર્તે છે. એ ક્રિયાકાંડ જે પંચમહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ સાધુના. એમાં વર્તે છે એ મૂઢપણે વર્તે છે. આહાહા..! મૂઢ મિથ્યાદૃષ્ટિ મુંઝાઈ ગયો ત્યાં કહે છે. આ મારો ધર્મ છે. એમ એ મૂઢ નામ અજ્ઞાનમાં લીન થઈ ગયો છે. આહાહા..! વ્યવહારમાં. વ્યવહારનો જાણનાર જોઈએ એને ઠેકાણે વ્યવહારમાં લાભ માન્યો એ મૂઢ છે. શેઠ! આવો માર્ગ છે

બહુ ઝીણો બાપુ. આહાહા..! જૈનદર્શન જ આવું છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. જૈનદર્શન કોઈ પક્ષ નથી, કોઈ વાડો નથી. એ તો વસ્તુનો એ સ્વભાવ છે. આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદમાં એ ભૂમિકાને જોઈ ને અનુભવી ત્યારે તો એને સમ્યગ્દષ્ટિ કહેવાય છે. આહાહા..!

આ પરમાત્મપ્રકાશમાં એક ગાથા છે કે જેમ જેમ મોહ ગળતો જાય છે તેમ તે સમકિત પામતો જાય છે. એવું ભાઈ છે ગાથામાં. એ ગાથા એવી છે. અને એ પહેલા કહ્યું હતું એક ફેરી. પરમાત્મપ્રકાશ. ૮૫.

**कालु लहेविणु जोइया जिमु जिमु मोहु गलेइ।**
**तिमु तिमु दंसणुं लहइ जिउ जियमे अप्पु मुणेइ॥८५॥**

શું કહ્યું? '**હે યોગી,...**' યોગી એટલે આત્માના આનંદમાં પુરુષાર્થને જોડ્યો જેણે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એમાં જેણે પુરુષાર્થ વીર્યને જોડ્યો, યોગ જોડ્યો છે. '**कालं लब्धवा**' '**કાલ પાકર જૈસા જૈસા મોહ ગલતા હૈ-કમ હોતા જાતા હૈ, તૈસા તૈસા યહ જીવ સમ્યગ્દર્શનકો પાતા હૈ,...**'

મુમુક્ષુ :- મોહ ..

ઉત્તર :- મિથ્યાત્વ. '**કમ હોતા જાતા હૈ,...**' ગલતા નામ ઉપશમ થાય છે પહેલું. પછી ક્રમે ક્રમે ક્ષય થાય છે એમ. આહાહા..! એ સ્વરૂપનો આનંદનો આશ્રય જ્યાં છે. જેના સમ્યગ્દર્શનમાં આત્મા સમીપપણે વર્તે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આત્મા સમીપપણે, આમ આત્માના સમીપપણે એ સમ્યગ્દર્શન થઈ ગયું છે. આહાહા..! જે દૂર હતો ભગવાન આત્મા એને સમ્યગ્દર્શને સમીપ કર્યો છે. આહાહા..!

જેના દર્શનમાં આત્મા સમીપ છે, જેના સમ્યગ્જ્ઞાનમાં આત્મા સમીપ છે. શાસ્ત્ર સમીપ છે અને શાસ્ત્રનું ભણતર એ નહિ. આહાહા..! જેના જ્ઞાનમાં આત્મા સમીપ છે અને જેના ચારિત્રની રમણતાના સમીપપણામાં આત્મા વર્તે છે, એને દર્શન-જ્ઞાન-ચારિત્ર કહીએ. રાગ અને ક્રિયાના નગ્નપણાના સમીપપણા વર્તે છે એ મૂઢ જીવ છે. આહાહા..! મોહી. ગાથા-૪૧૩. છે છેલ્લી? ઘણી-વાર વંચાઈ ગઈ છે. ૪૧૩. આહાહા..!

જે એ વ્યવહાર ક્રિયામાં મૂઢ છે, મોહી છે, એમાં જેની સાવધાની વર્તે છે. આહાહા..! દયા, દાન, વ્રતાદિના ભાવમાં જેની સાવધાની વર્તે છે એ મૂઢ જીવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. વ્યવહારની જે ક્રિયાઓ છે નિશ્ચયસહિત, એ વ્યવહાર ક્રિયામાં નિશ્ચય વિના એકલું સાવધાનપણું ત્યાં વર્તે છે. એ મૂઢ જીવ છે. આહાહા..! પરમ વીતરાગ આનંદનું ચોસલું પડ્યું છે ભગવાન તો. આહાહા..! અતીન્દ્રિય આનંદનું ધામ, અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ છે. આહાહા..! એ દળમાં દળને ભૂલી જઈ અને પર તરફના લક્ષવાળી જે પંચમહાવ્રતની ક્રિયા અઠ્યાવીશ મૂળગુણ એમાં જે સાવધાન છે એ સ્વરૂપમાં ભૂલેલો મૂઢ જીવ છે. આહાહા..! વ્યવહારની જે ચરણાનુયોગની ક્રિયા કીધી. ચરણાનુયોગની. કરણાનુયોગની પછી. એ ક્રિયાના પરિણામ છે એ શુભ છે બધા. વ્રત

ને તપ ને ભક્તિ ને પૂજા એ ભાવો બધા શુભ છે. એમાં જેની સાવધાની છે એ જીવ મૂઢ છે.

ભગવાન રાગ વિનાની ચીજ પ્રભુ છે એની સાવધાની તો જેણે છોડી દીધી છે. આહાહા..! અને રાગની ક્રિયામાં સાવધાન છે, મૂઢ છે. આવો માર્ગ! અમે નગ્ન છીએ, અમે અઠ્યાવીશ મૂળગુણ પાળીએ છીએ, માટે અમે.. આહાહા..! ચરણાનુયોગમાં કહ્યું નથી? કુંદકુંદાચાર્યે અઠ્યાવીશ મૂળગુણ નથી પાળ્યા? શાસ્ત્રમાં લખ્યું (છે કે) અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા છે. એ તો વ્યવહારનયથી એમ કહ્યું કે એને એ ભાવ હોય છે. આત્માના આનંદના અનુભવની ભૂમિકામાં એમાં એ છે એવું જણાવ્યું છે. વ્યવહારનયથી એમ કહે કે એણે પાળ્યા. આહાહા..!

મુમુક્ષુ :- એમાં અતિચાર ન પાળવા જોઈએ..

ઉત્તર :- એ અતિચાર લીધા પણ એ પોતે ચોખ્ખા એ પણ રાગ છે ને. પણ વ્યવહારનયથી એમ આવે. અશુભથી છૂટીને શુભમાં આવ્યો છે. શુદ્ધતા તો છે. શુદ્ધતા આનંદની નિર્મળાનંદ પ્રભુને તો જગાડ્યો છે. જાગીને આત્માના આનંદનો સ્વાદ લીધો છે. એવા જીવને જે શુભભાવ આવે એને વ્યવહારથી એમ કહેવાય કે એને પાળે છે. ખરેખર તો એનો એ જાણનાર છે. એ તો આપણે આવી ગયું સવારમાં ઘણું નહિ? રાગનો એ કર્તા નથી અને રાગનો એ ભોક્તા પણ નથી. આહાહા..!

સ્વરૂપ શુદ્ધ આનંદનું સ્વરૂપ, ભલે એને ચારિત્ર ને કેવળજ્ઞાનને પામતા વાર લાગે, પણ એની દૃષ્ટિમાં આનંદનો નાથ એ આવવો જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? એની દૃષ્ટિમાં આ આત્માને ભૂલી અને એ ક્રિયાકાંડના વ્યવહારના આચરણમાં જે સાવધાન એ જીવને તો અહીં મૂઢ અને અજ્ઞાની કહ્યો છે. આહાહા..! લ્યો! આવો માર્ગ છે, ભાઈ!

એ '**(મોહી) વર્તતા થકા,...**' એમ છે ને? મૂઢ વર્તતા થકા. એમાં એકાકારપણે વર્તતા થકા. આહાહા..! '**પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા,...**' પ્રૌઢ વિવેક એટલે એ વ્યવહારથી, રાગથી ભિન્ન એવું જે ભેદજ્ઞાન, એવો જે વિવેક એવો નિશ્ચય પર અનારૂઢ છે. સ્વરૂપનો, પરમાનંદનો નાથ સ્વરૂપ એના પ્રત્યે તો અનારૂઢ છે, આરૂઢ નથી. વ્યવહારના એટલા ભાવમાં આરૂઢ અને સાવધાન છે. આહાહા..! ભારે ભાઈ માર્ગ આવો. સાધારણ પ્રાણીને તો.

ત્યાં કોટામાં આવ્યું હતું પાંચ દિ' પછી. ચાર દિ' સુધી તો માણસ બહુ, લોકોને પ્રેમ ઘણો કોટામાં. ભાઈ જુગલકિશોર. એની છાપ બહુ. જુગલકિશોર ટાઢો માણસ છે. કલાક-કલાક વ્યાખ્યાન આપે ભાષણ, વગર પુસ્તકના આધારે ધારાવાહી. શાંત શાંતિથી. એની મુખ્યતા અને એક જંબુકુમાર. શેઠ છે ત્યાં. નેમિચંદભાઈની દિકરીના જેઠ. ગંભીર શેઠ છે. નાની ઉંમરનો છે. ૪૫ વર્ષ થયા છે. પણ બહુ છાપ એની. એમાં ચાર દિ' તો સરખું ચાલ્યું. પાંચમે દિ'એ સવારમાં ગડબડ ચાલી થોડી. કહે ચોપાનિયા આવ્યા છે. એ વ્યાખ્યાનમાં તો ખબર ન પડે. પછી ચોપાનિયા આવ્યા છાપેલા કે આ દિગંબર ધર્મ જે શ્રાવકનું આચરણ, બાર વ્રત, મુનિના પાંચ વ્રતનું આચરણ—એને ધર્મ નથી કહેતા, અને એનાથી ધર્મ થાય નહિ એ લોપ દિગંબર ધર્મનો થઈ જાય છે. વિદ્યાનંદજી છે ને એક? સાધુ થયો છે ને વિદ્યાનંદ?

મુમુક્ષુ :- વિદ્યાનંદજીને ..

ઉત્તર :- વિદ્યાનંદજીએ જૈનદર્શનમાં નાખેલું. જૈનદર્શનને એ પુસ્તક? ચોપાનિયું? એમાં નાખેલું, આણે છાપેલું. એ કોણ અભયકુમાર નામ હતું કાંઈક. જંબુભાઈને પૂછયું જંબુકુમારને. ગામનો શેઠિયો માણસ, આબરૂદાર ને. કીધું કોણ છે આ. કહે અમને ખ્યાલમાં નથી. છપાવી દીધું હશે કોકે. ચોપાનિયા વહેંચ્યા. કે આ બધો વ્યવહારનો લોપ, જૈનધર્મનો લોપ થાય છે. દિગંબર ધર્મનો લોપ થાય છે આ તો. આવા વ્યવહારના આચરણથી ધર્મ ન માને અને વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય એમ ન માને એ તો જૈનધર્મનો દિગંબર ધર્મનો નાશ કરે છે. થોડાક પાના વહેંચ્યા હશે. થોડી ખળભળાટ થઈ હશે. પણ અહીં વ્યાખ્યાનમાં કાંઈ બહારમાં ખબર ન પડે. અંદર થઈ હશે કાંઈક. છાપ્યા. છપાવો. પઢો, પઢાવો બધાને. અરે.. ભગવાન! આહાહા..! શું કરીને બેઠા તમે? નગ્નપણું લઈને બેઠા અને જેના હજી પંચ મહાવ્રતના પણ ઠેકાણા નથી. સમજાણું કાંઈ? એને માટે ચોકા કરીને લે છે. અને ચોપાનિયામાં લખાણ આવે કે મહારાજને વહોરાવવા ચોકા માટે આપજો. આહાહા..! કાળા કેર છે ને. જેના વ્યવહાર પણ ભ્રષ્ટ છે. એવાને દ્રવ્યલિંગ પણ નથી એનું સાચું. સમજાણું કાંઈ?

અહીં તો જેનું દ્રવ્યલિંગ સાચું છે, નગ્નપણું છે, પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ બરાબર છે. એને માટે આહાર કરે ને લે? પ્રાણ જાય તોપણ ન લે. એ ચોકા બનાવે આહાર માટે, મહારાજને માટે બનાવો એ તો આધાકર્મી ઉદ્દેશિક આહાર છે. આહાહા..! એ જેનો વ્યવહાર ચોખ્ખો છે એવા વ્યવહારમાં પણ જે મૂઢ છે એની વાત છે. આહાહા..! એમાં સાવધાની છે વ્યવહારની ક્રિયામાં એ વ્યવહાર મૂઢ જીવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વસ્ત્રસહિત જે મુનિપણું માને છે એ તો નિશ્ચય અને વ્યવહાર બેયથી ભ્રષ્ટ છે. એય..! વસ્ત્રસહિત મુનિ માને એ તો નિશ્ચય અને વ્યવહાર બેયથી ભ્રષ્ટ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

પણ અહીં તો જેને વ્યવહારમાં નગ્નપણું છે, અઠ્યાવીશ મૂળગુણ બરાબર ચોખ્ખા આગમ પ્રમાણે પાળે છે. કરણાનુયોગની વિધિ પ્રમાણે. પણ કહે છે કે એ રાગની ક્રિયામાં જેની સાવધાની (છે), દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ નથી. આહાહા..! ભગવાન ચિદાનંદનો નાથ એના ઉપર દૃષ્ટિ ગઈ નથી. તેથી તે અનાદિ. કીધું ને? '**પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (નિશ્ચયનય) પર અનારૂઢ...**' છે. એ રાગથી ભિન્ન ભગવાન આત્મા છે એવા ભેદજ્ઞાનમાં આવ્યો નથી એટલે ભેદજ્ઞાનમાં નહિ હોવાથી નિશ્ચયમાં અનારૂઢ છે. આહાહા..!

દ્રવ્યલિંગ છે ને અહીંયાં તો? દ્રવ્યલિંગ તો નગ્નપણું જ હોય અને દ્રવ્યલિંગમાં અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રતના પરિણામ બરાબર હોય. એને દ્રવ્યલિંગ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, બાપુ! ઝીણી. જેઠાભાઈ! આહાહા..! એટલે જે વસ્ત્રસહિત સાધુ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિ અને વ્યવહારથી મિથ્યાદૃષ્ટિ. આહાહા..! એ તો સાધુ જ નથી વ્યવહારે પણ, દ્રવ્યલિંગ પણ નથી એનું સાચું. આહાહા..! આવો આકરો માર્ગ છે.

પણ જેનું દ્રવ્યલિંગ બરાબર છે. નગ્નપણું, અઠ્યાવીશ મૂળગુણ બરાબર છે, પણ એમાં જેની

દૃષ્ટિ અને સાવધાની ત્યાં છે, એ પાળવામાં એ ભાવને રાખવામાં.. આહાહા..! એવો જીવ વ્યવહારમાં મૂઢ છે અને પ્રોઢ વિવેકવાળો જે નિશ્ચય—રાગથી ભિન્ન એવો પ્રૌઢ. આહાહા..! વિવેકવાળો નિશ્ચય. પરથી ભેદ જ્ઞાન કરે એવો જે નિશ્ચય. આહાહા..! એવો જે નિશ્ચયમાં અનારૂઢ છે. એ નિશ્ચયમાં એ આવ્યા નથી. વ્યવહારમાં વર્તે છે, નિશ્ચયમાં આવ્યા નથી એમ કહે છે. આહાહા..! આકરુ કામ બાપુ! આ કાળમાં અત્યારે એને. એકલા ટોળા બધા એ છે. જગતને કઠણ પડે બાપુ! માર્ગ આ તો. આ તો જિનેન્દ્રદેવ, તીર્થંકરદેવનો માર્ગ આ તો છે. આ કોઈ પક્ષની, વાડાની વાત નથી.

જેને વ્યવહારમાં સાવધાની છે, પ્રૌઢ વિવેક.. આહાહા..! પ્રૌઢ વિવેક. રાગથી ભિન્ન પાડીને આકરો વિવેક ભેદજ્ઞાન, એના '**પર અનારૂઢ વર્તતા થકા, પરમાર્થસત્ય (જે પરમાર્થ સત્યાર્થ છે એવા) ભગવાન સમયસાર...**' આહાહા..! એ '**સમયસારને દેખતા-અનુભવતા નથી.**' એ સમયસારને પામતા નથી. શેઠ! આવું છે.

મુમુક્ષુ :- સમયસારને ભગવાન...

ઉત્તર :- ભગવાન જ આત્મા. સમયસાર એટલે આત્મા. ભગવાન સમયસાર એટલે આત્મા. ભગવાન જ આત્મા છે. આહાહા..! જેનું જ્ઞાનસ્વરૂપ, જેનું આનંદસ્વરૂપ પૂર્ણ છે, એવો એ ભગવાન પોતે આત્મા છે. એટલે સમયસાર એટલે આત્મા, ભગવાન. ભગવાન આત્માને એટલે ભગવાન સમયસારને, વ્યવહારમાં વર્તનારા મૂઢ જીવો, નિશ્ચયમાં અનારૂઢ જીવો, પરમાર્થ એવો જે ભગવાન આત્મા એને પામતા નથી. આહાહા..! એ રાગમાં સાવધાનથી સ્વર્ગાદિમાં જાય પુણ્યથી, પાછા પડીને નીચે નરકમાં જાશે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્માને દેખતા નથી એમ છે મૂળ તો. સમયસાર એટલે આ પાના નહિ. સમયસાર એટલે પાનાને દેખતા નથી એમ નહિ. ભગવાન સમયસાર એટલે આત્મા. રાગથી, વ્યવહારની ક્રિયાથી ભિન્ન પ્રભુ વર્તે છે, તેવા આત્માને તે પામી શકતા નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ ગાથા તો બહુ ખુલાસો કરે છે ઘણી. જેને હજી રાગનું કર્તાપણું ઊભું છે, દેહની ક્રિયાને હું કરી શકું છું એવી માન્યતા ઊભી છે અને એવા પંચમહાવ્રતના પરિણામથી મને ધર્મ થશે એવી માન્યતા ઊભી છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો ભલે પંચમહાવ્રત હોય અને નગ્નપણું ધારણ કર્યું હોય. મિથ્યાદૃષ્ટિ છે, એને જૈન નથી કહેતા. આહાહા..! એ ૮૯નો છેલ્લો આધાર આપ્યો. ૪૧૩નો. છેને છેલ્લો? ૪૦૮, ૪૦૯ અને ૪૧૩. સમયસારની ગાથાનો આધાર આપ્યો છે.

---

**तत्पदप्राप्यर्थं जात्यादिविशिष्टे शरीरे निर्ममत्वसिद्धयर्थं भोगेभ्यो व्यावृत्त्यापि पुनर्मोहवशाच्छरीर एवानुबन्धं प्रकुर्वन्तीत्याह–**

**यत्त्यागाय निवर्तन्ते भोगेभ्यो यदवाप्तये।**
**प्रीतिं तत्रैव कुर्वन्ति द्वेषमन्यत्र मोहिनः।।९०।।**

જે તજવા, જે પામવા, હઠે ભોગથી જીવ;
ત્યાં પ્રીતિ, ત્યાં દ્વેષને, મોહી ધરે ફરીય. ૯૦.

टीका :– यस्य शरीरस्य त्यागाय निर्ममत्वाय भोगेभ्यः स्रग्वनितादिभ्यो निवर्तन्ते। तथा यदवाप्तये यस्य परमवीतरागत्वस्यावाप्तये प्राप्तिनिमित्तं भोगेभ्यो निवर्तन्ते। प्रीतिमनुबन्धं तत्रैव शरीरे एव कुर्वन्ति द्वेषं पुनरन्यत्र परमवीतरागत्वे। के ते? मोहिनो मोहवन्तः।।९०।।

---

તે પદની પ્રાપ્તિ અર્થે જાતિ આદિ વિશિષ્ટ શરીરમાં નિર્મમત્વની સિદ્ધિ માટે ભોગોથી વ્યાવૃત્ત થઈને (પાછો હઠીને) પણ ફરીથી મોહવશ શરીરમાં જ અનુબંધ (અનુરાગ) કરે છે તે કહે છે :–

શ્લોક – ૯૦

અન્વયાર્થ :– (यत्त्यागाय) જેના (શરીરના) ત્યાગ માટે અર્થાત્ જેનાથી મમત્વ હઠાવવા માટે અને (यद् अवाप्तये) જેને (પરમ વીતરાગ પદને) પ્રાપ્ત કરવા માટે (भोगेभ्यः) ઇન્દ્રિયોના ભોગોથી (निवर्तन्ते) નિવૃત્તિ પામે છે, (तत्र एव) તેમાં જ એટલે શરીર અને ઇન્દ્રિયોના વિષયોમાં જ (मोहिनः) મોહી જીવો (प्रीतिं कुर्वन्ति) પ્રીતિ કરે છે અને (अन्यत्र) બીજે એટલે વીતરાગ પદ ઉપર (द्वेष कुर्वन्ति) દ્વેષ કરે છે.

ટીકા :– શરીરના ત્યાગ માટે અર્થાત્ તેમાં નિર્મમત્વ માટે ભોગોથી એટલે મા-ળા-વનિતાદિથી નિવૃત્ત થાય છે (પાછા હઠે છે) તથા જેની પ્રાપ્તિ માટે અર્થાત્ જે પરમ વીતરાગતા, તેની પ્રાપ્તિ માટે એટલે પ્રાપ્તિ નિમિત્તે ભોગોથી નિવૃત્ત થાય છે; તેમાં જ એટલે આ બદ્ધ શરીરમાં પ્રીતિ એટલે અનુબંધ કરે છે અને બીજે અર્થાત્ પરમ વીતરાગતા ઉપર દ્વેષ કરે છે. કોણ તેઓ? મોહી-મોહાન્ધ જીવો.

ભાવાર્થ :– શરીરાદિ પર પદાર્થોથી મમત્વ હઠાવવા માટે પરમ વીતરાગ પદની પ્રાપ્તિ માટે કેટલાક જીવો વિષય-ભોગોનો ત્યાગ કરી સંયમના સાધન અંગીકાર કરે છે, પરંતુ પાછળથી મોહવશ તેઓ તે જ શરીર અને વિષય-ભોગોમાં પ્રીતિ કરે છે અને સંયમના સાધનો ઉપર દ્વેષ કરે છે.

મોહની આવી વિચિત્ર લીલા છે; તેથી પુરુષાર્થ દઢ કરી જીવ મોહમાં ન ફસાય તે માટે આચાર્યનો આ શ્લોક દ્વારા ઉપદેશ છે. ૯૦.

# શ્લોક-૯૦ ઉપર પ્રવચન

'**તે પદની પ્રાપ્તિ અર્થે...**' હવે ૯૦ ચાલે છે. '**તે પદની પ્રાપ્તિ અર્થે જાતિ આદિ વિશિષ્ટ શરીરમાં નિર્મમત્વની સિદ્ધિ માટે ભોગોથી વ્યાવૃત્ત થઈને...**' ભોગ સ્ત્રી આદિની દુકાન છોડી એણે. સમજાણું કાંઈ? વળી '**(પાછો હઠીને) પણ ફરીથી મોહવશ શરીરમાં જ અનુબંધ (અનુરાગ) કરે છે...**' શરીર મારું અને શરીરની ક્રિયા હું કરું છું. આહાહા..! એનો આ શ્લોક છે. બહુ સરસ. સમાધિતંત્ર પૂજ્યપાદસ્વામીનું. એકલું અમૃત રેડ્યું છે. આહાહા..! સમાધિ... સમાધિ... સમાધિ... સમ્યગ્દર્શન સમાધિ, સમ્યગ્જ્ઞાન સમાધિ, સમ્યક્ ચારિત્ર સમાધિ. એટલે? સમ્યગ્દર્શન સુખરૂપ, સમ્યગ્જ્ઞાન સુખરૂપ, સમ્યક્ ચારિત્ર સુખરૂપ. એટલે? ત્રિકાળી સુખરૂપ ભગવાનની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ ત્રણે સુખરૂપ સમાધિ છે. આહાહા..!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એ સમાધિ છે. એને સમાધિ કહો, મોક્ષનો માર્ગ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. આહાહા..! ૯૦.

**यत्त्यागाय निवर्तन्ते भोगेभ्यो यदवाप्तये।**
**प्रीतिं तत्रैव कुर्वन्ति द्वेषमन्यत्र मोहिनः।।९०।।**

આહાહા..! શું કહે છે જુઓ!

**જે તજવા, જે પામવા, હઠે ભોગથી જીવ;**
**ત્યાં પ્રીતિ, ત્યાં દ્વેષને, મોહી ધરે ફરીય. ૯૦.**

આહાહા..! આ સંતોએ પણ નાડી પકડી છે ને? આહાહા..!

'**ટીકા :- શરીરના ત્યાગ માટે અર્થાત્ તેમાં નિર્મમત્વ માટે ભોગોથી...**' સ્ત્રી, ધંધા આદિનો ભોગ એને છોડી '**માળા-વનિતાદિથી...**' સારી માળા પહેરવી, સ્ત્રી આદિથી '**નિવૃત્ત થાય છે (પાછા હઠે છે) તથા જેની પ્રાપ્તિ માટે અર્થાત્ જે પરમ વીતરાગતા, તેની પ્રાપ્તિ માટે એટલે પ્રાપ્તિ નિમિત્તે ભોગોથી નિવૃત્ત થાય છે;...**' આહાહા..! '**તેમાં જ એટલે આ બદ્ધ શરીરમાં પ્રીતિ,...**' વળી શરીરની ક્રિયા મારી છે અને હું કરું છું એવી શરીરમાં પ્રીતિ મોહને બાંધે છે પાછો કહે છે. આહાહા..! '**એટલે અનુબંધ કરે છે...**' શરીરને અનુસરીને ક્રિયામાં પરિણામ વર્તે છે એને. આહાહા..! જેનાથી નિર્મમત્વ થવું હતું. શરીર પ્રત્યે નિર્મમત્વ થવું હતું એને માટે સ્ત્રી, કુટુંબ છોડ્યા, છતાં ત્યાં ને ત્યાં પાછો મમતામાં રખડ્યો. આહાહા..! શરીરની ક્રિયામાં પ્રીતિ '**અને બીજે અર્થાત્ પરમ વીતરાગતા ઉપર દ્વેષ કરે છે.**' આહાહા..! જુઓ ભાષા!

મુમુક્ષુ :- પાછો હઠીને વળી પાછો કેમ વળે?

ઉત્તર :- પાછો એટલે આ શરીરને મમતા (ઘટાડવા) માટે, મમતા ઘટાડવા માટે દુકાન છોડી,

વેપાર છોડ્યા, ભોગ-સ્ત્રી આદિ છોડી એમ કહે છે. છતાં પણ પાછો શરીરની ક્રિયામાં પાછો ઉંધે કાંધ પડ્યો છે.

મુમુક્ષુ :- એ કહેવાય કેમ?

ઉત્તર :- એમ ને એમ છે. બાહ્યનો ત્યાગ શરીરની નિર્મમતા માટે કર્યું, એવું લક્ષ હતું, પણ પાછું એનું એ મમતા શરીરમાં જ લાગી પડી પાછી. એ શરીરની ક્રિયા, શરીરની દાન, દયા, વ્રતની, ભક્તિની ક્રિયા એમાં એને પ્રેમ જાગ્યો પાછો. એ તો શરીરનો પ્રેમ થયો. આહાહા..! જેને રાગનો પ્રેમ છે એને શરીરનો પ્રેમ છે અને શરીરના રાગમાં અટક્યો છે એમ કહ્યું. આહાહા..!

એને વીતરાગ અશરીરી સ્વભાવ, આના પ્રેમમાં અશરીરી સ્વભાવ પ્રત્યે એને દ્વેષ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આનંદઘનજીએ કીધુંને એ. 'દ્વેષ અરોચકભાવ.' વીતરાગભાવ જેને રુચતો નથી અને જેને રાગભાવ રુચે છે એ રાગના પ્રીતિવાળા જીવ સ્વભાવ પ્રત્યે તેને દ્વેષ અને અણગમો વર્તે છે. આહાહા..! એ આ વાત કરી ને. આહાહા..! શરીરની ક્રિયા આમ કરવું... આમ કરવું... આમ કરવું... અને એવો જે શરીરને અનુસરીને થતો અનુરાગ, રાગ. એ રાગમાં જેની પ્રીતિયું બંધાઈ ગઈ છે. આહાહા..! એ રાગના પ્રેમમાં ફસાઈ ગયો છે કહે છે. આહાહા..! વ્યભિચારી થઈ ગયો એ. આહાહા..! એને વીતરાગસ્વરૂપ.. આહાહા..! એ શુભભાવ અને નગ્નપણાના પ્રેમમાં, એને વીતરાગપણા પ્રત્યે તેને દ્વેષ થઈ ગયો છે. આહાહા..! જુઓ આ રાગ-દ્વેષની વ્યાખ્યા.

મુમુક્ષુ :- શુભ ઉપર રાગ કરે અને શુદ્ધ ઉપર દ્વેષ કરે છે.

ઉત્તર :- દ્વેષ જ છે, (શુભ પર) પ્રેમ છે તેને. આહાહા..!

વ્યવહાર રત્નત્રયનો રાગ એમાં જેને પ્રેમ છે એને વીતરાગભાવ પ્રત્યે દ્વેષ છે. આહાહા..! એને ઘા વાગે. વ્યવહાર ક્રિયાથી ધર્મ થાય અને હળવે-હળવે થાય એમ ન માને અને કહે કે એનાથી અધર્મ થાય, (તો) દ્વેષ થાય એને. આહાહા..! માર્ગ બહુ ઝીણો બાપુ! રાગ-દ્વેષની ક્રિયા એને કહીએ કે ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ, એથી વિરૂદ્ધ જે રાગની ક્રિયા એમાં જેની રુચિ અને પ્રેમ જામ્યો છે, એમાં સાવધાન-સાવધાન વર્તે છે, એને ભગવાન વીતરાગભાવ એવો આત્મા, એના પ્રત્યે એને દ્વેષ છે. જુઓ રાગ-દ્વેષની વ્યાખ્યા! આહાહા..! સત્યને સ્થાપવું અને અસત્યને ઉથાપવું એ પણ એક વિકલ્પ છે.

મુમુક્ષુ :- જૈન ધર્મ સાચો છે એમ કહેવું એ પણ રાગ?

ઉત્તર :- એ પણ રાગભાગ છે. છદ્મસ્થ છે ને? પણ રાગમાં એને પ્રેમ ન જોઈએ. આહાહા..! એમ સત્ય માર્ગ સ્થાપના કરતા અસત્ય ઉથાપે એમાં દ્વેષનો અંશ છે. આહાહા..! એ આવે છે ને ૧૪૪, ભાવાર્થમાં મૂક્યું છે ભાઈએ. જયસેનાચાર્યે... જયચંદ પંડિતે. પણ એ રાગ-દ્વેષનો જાણનાર રહે છે. સમજાણું કાંઈ? આહાહા..! દ્વેષના અંશમાં એકાકાર નથી, તેમ રાગના અંશમાં એકાકાર નથી.

અહીંયાં તો વીતરાગ સ્વભાવના પ્રેમ સિવાય આ વીતરાગભાવ તે વિકલ્પ વિનાની ચીજ છે,

નિર્વિકલ્પપણે એ પ્રાપ્ત થાય છે, એ વાત પ્રત્યે એને દ્વેષ થઈ જાય છે, રાગથી લાભ માનનારાને. આહાહા..! જુઓ આ ગાથા! કહે છે કે વ્યવહારના પ્રેમીઓને અસમાધિ થાય છે. સમાધિ અધિકાર છે ને? અને નિશ્ચયના ભાવ પ્રત્યે તેને દ્વેષ એટલે એ પણ અસમાધિ છે. આહાહા..!

'**પરમ વીતરાગતા ઉપર દ્વેષ કરે છે.**' આહાહા..! સહજાનંદ પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા, એના પ્રત્યે... રાગની વ્યવહારની ક્રિયાના પ્રેમીઓને વીતરાગભાવ પ્રત્યે દ્વેષ છે. આહાહા..! રાગથી લાભ ન થાય, સ્વભાવને આશ્રયે વીતરાગભાવથી જીવને લાભ થાય. એવું સાંભળતાં ઘા વાગે અંદરથી. હાય.. હાય.. વ્યવહાર તો ઉથાપે જાય છે. જે સાધન છે એનાથી સાધ્ય થાય એ તો રહેતી નથી વાતું. આહાહા..! આવી વાત છે ક્યાંય? દિગંબર સંતોએ ખુલ્લું મૂક્યું છે. એને કાંઈ પડી નથી જગતની. નાગા બાદશાહથી આઘા. માર્ગ આ છે, બાપુ! તમને રુચે ન રુચે. સમાજ સમતોલે રહે કે ન રહે, એની દરકાર નથી. માર્ગ આ છે. વ્યવહારના રસીલાઓને ભગવાન વીતરાગ પ્રત્યે તેને દ્વેષ છે, તેથી વ્યવહારની ક્રિયામાં પ્રેમ બતાવીને અમે સાધન કાંઈક કરીએ છીએ, એમ બતાવવા માગે છે એને વીતરાગસ્વભાવ પ્રભુ અંદરમાં ઠરવું, એના પ્રત્યે એને દ્વેષ વર્તે છે. આહાહા..! ગજબ વાતું છે ને.

આ તો ઓલા આનંદઘનજીએ બીજું નાખ્યું, આણે આવી રીતે નાખ્યું. આહાહા..! 'દ્વેષ અરોચકભાવ' ત્યાં એમ નાખ્યું. અહીં કીધું જ્યારે રાગને રુચે છે વ્યવહાર ક્રિયાકાંડની સાવધાનીમાં એને પ્રેમ છે અને એનાથી ધર્મ થશે એવો જે રસ છે, એ રસવાળાને ચૈતન્યમૂર્તિ વીતરાગસ્વભાવ એનો રસ (નથી પણ) એને દ્વેષ છે. દ્વેષ વિના આમાં પ્રેમમાં કેમ ફસાય? આહાહા..! માર્ગ ઝીણો બહુ. અજાણ્યા પહેલાં-વહેલાં સાંભળવા આવ્યા હોય એને તો જરી... પ્રવિણભાઈ કહેતા અમારા ભાઈ આવ્યા હતા. પ્રેમ તો છે. પણ સમજી શકે નહિ. ભાઈએ કહ્યું હતું. વાત સાચી, કીધું. આ અગમનિગમની વાતું બાપા! આહાહા..! કોઈ દિ' સાંભળી ન હોય એમાં વળી ૩૫ મિનિટ પછી આવ્યા હતા. ખબર છે ને? એમાં ક્યાંથી શરૂ થયું અને શું ચાલે છે? પકડવું મુશ્કેલ પડે. આહાહા..!

શું ગાથામાં કહ્યું? **કોણ તેઓ? કે મોહી મોહાંધ જીવો.** આહાહા..! જેને શ્રાવકની અને મુનિના વ્યવહાર વ્રતાદિના આચરણમાં જેની પ્રીતિ જામી છે, તેમાં સાવધાન છે. આહાહા..! એવા જીવોને વીતરાગભાવ પ્રત્યે દ્વેષ છે. મોહાંધ જીવોમાં એ વર્તે છે કહે છે. આહાહા..! ધીર એને કહીએ કે જે વીતરાગભાવ પ્રત્યે બુદ્ધિને પ્રેરે એને ધીર કહીએ, એને વીર કહીએ. પોતાના વીર્યને વીતરાગભાવ પ્રત્યે વાળે, પ્રેરે, રાગ પ્રત્યે વાળે તે અધીર અને તે અવીર છે. આહાહા..! ભલે પછી એ પંચ મહાવ્રત એવા પાળતો હોય કે જે નવમી ગ્રૈવેયકે જાય એવા ભાવ એના. પણ કહે છે કે એમાં પ્રીતિવાળો જીવ છે એ વ્યવહારના પ્રેમીઓ જીવ છે. આહાહા..! એને નિશ્ચયના સ્વભાવ પ્રત્યે અણગમો વર્તે છે.

ભાવ વીતરાગભાવ પ્રત્યે આવ. રાગને છોડ અને પ્રભુ વીતરાગમૂર્તિ તેનો પ્રેમ કર. એને એવું લાગે (કે) કાંઈ સાધન-ફાધનની તો વાતું કરતા નથી. એક માંડી છે નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય... એમ બિચારા કહે. આહાહા..! પ્રૌઢ વિવેક પાછો એમ. ઘણી જ જેને પરથી ભિન્નતા વર્તે છે એવો

નિશ્ચય. આહાહા..! પ્રૌઢ વિવેક છે. ઓહોહો..! શું પ્રૌઢની વ્યાખ્યા કરી છે ને? પ્રૌઢ જ રાખ્યું છે તમે પણ શું? પ્રૌઢને હળવો શબ્દ શું રાખ્યો? પ્રૌઢ માણસ નથી કહેતા પ્રૌઢ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તમારું કામ નહિ. એ હિંમતભાઈનું કામ. પ્રૌઢ. આહાહા..! પ્રૌઢ વયવાળા. પાકું. પાકો એ પહેલો શબ્દ આવ્યો હતો. પરથી ભિન્ન વિવેક પાકો થઈ ગયો છે જેને. રાગથી ભિન્ન ભગવાન છે.. આહાહા..! વ્યવહારની ક્રિયાકાંડથી પણ પ્રભુ ભિન્ન છે. એવો જે પ્રૌઢ વિવેકનો નિશ્ચય, તેના ઉપર તે અણારૂઢ છે, ત્યાં તો આવ્યો નથી. આહાહા..! અને એકલી વ્યવહાર ક્રિયાકાંડના પ્રેમમાં ઘુસી ગયો છે, મોહાંધ છે. મોહમાં આંધળા થઈ ગયા છે. આહાહા..! સમજાણું કાંઈ?

સંસ્કૃતમાં એમ છે. '**संयोगादात्मनो दृष्टिमंगेऽपि सन्धत्ते अंगं (गः) पश्यतीति (मन्यते)**' ૯૧ છે એ તો. ૯૧ છે. એ ઓલું ૯૦. '**के ते? मोहिनो मोहवन्तः।।**' એમ. એ. '**निवर्तन्ते। प्रीतिमनुबन्धं तत्रैव शरीरे**' શરીર સાથે અનુબંધ લગાવ્યો છે જેણે. આહાહા..! એના પ્રત્યે જેણે રાગને વાળ્યો છે. આહાહા..! એવા જીવોને શરીરના પ્રત્યે મમતા છોડવા માટે ભોગ અને ધંધા આદિ છોડ્યા, પણ પાછા એને શરીરનો અનુરાગ છે એ તો ઊભો રહ્યો છે. આહાહા..! એમ કહે છે. આમ તો બાયડી, છોકરા, કુટુંબ, ધંધા છોડ્યા, પણ જે એના નિર્મમત્વ માટે છોડવું હતું, એને ઠેકાણે એની મમતા તો રહી ગઈ પાછી. આહાહા..! શરીરની અને વ્યવહારની ક્રિયાની. એથી એને નિર્મમત્વ દશા ન આવી. આહાહા..! મોહવાળી મોહાંધદશા થઈ. આહાહા..! છે? '**मोहिनो मोहवन्तः।**' મૂઢ છે એમ કીધું. આહાહા..!

'**ભાવાર્થ :- શરીરાદિ પર પદાર્થોથી મમત્વ હઠાવવા માટે...**' બહારથી લક્ષ એમ. '**શરીરાદિ પર પદાર્થોથી મમત્વ હઠાવવા માટે અને પરમ વીતરાગ પદની પ્રાપ્તિ માટે કેટલાક જીવો વિષય-ભોગોને ત્યાગ કરી...**' ભોગને છોડે, વિષયને છોડે, સ્ત્રી, કુટુંબને છોડે. '**સંયમના સાધન અંગીકાર કરે છે,...**' આહાહા..! બહારની જે નિવૃત્તિ એ સંયમના સાધન વ્યવહારે અંગીકાર કરે, '**પરંતુ પાછળથી મોહવશ તેઓ તે જ શરીર અને વિષય-ભોગોમાં પ્રીતિ કરે છે...**' એની એને ખબર નથી કે મારે શું કરવું હતું અને શું કરું છું અત્યારે. આહાહા..! શું કરવા નિવૃત્તિ લીધી? કે વીતરાગતા પ્રાપ્ત કરવા માટે. નિવૃત્તિ લીધી એ શરીરના અનુરાગને રાખવા માટે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! દિગંબર સંતોની શૈલી ઘણી સહેલી અને સત્યને પ્રસિદ્ધ કરે એવી છે. આહાહા..! સમાધિ-સમાધિ છે ને જુઓને આ.

વીતરાગભાવ એવો ભગવાન આત્મા તેનો આશ્રય લેતા સમાધિ-શાંતિ થાય. ત્યારે એ એને ગોઠતું નથી. કેમકે પરનો આમ રાગની ક્રિયા, દયા, વ્રત, ભક્તિ, બરાબર એ સાવધાન-સાવધાન. આહાહા..! ગુરુનો વિનય ઉપકરણ કહ્યું છે. પણ એમાં એ સાવધાન થઈ જાય છે. આહાહા..! એમ કહે. એય..! એમાં એકાકાર થઈ જાય એ વ્યવહારમાં, વ્યવહારનો રસિયો એ રાગનો રસિયો પરમાત્મા પ્રત્યે તેને દ્વેષ છે. આહાહા..!

વળી '**કેટલાક જીવો વિષય-ભોગોનો ત્યાગ કરી સંયમના સાધન અંગીકાર કરે છે,...**' આ ત્યાગ-ગ્રહણ. પણ પાછી થઈ એની એ દશા. '**પરંતુ પાછળથી મોહવશ તેઓ તે જ શરીર અને વિષય-ભોગોમાં પ્રીતિ કરે છે...**' શરીર, બહારનો વિષય, વિષય શબ્દે બહારનો વિષય અને બહારનો જે ભોગ રાગાદિનો. એમાં પ્રીતિ કરે છે. આહાહા..! કષાય મંદ થાય એનો એને રસ લાગે વિષય. અને કષાય મંદતાનો અનુભવ એને શાંતિ લાગે છે. કેટલાકને એમ કષાય મંદ ઘણો હોય ને. શાંતિ છે. ભ્રમ છે. સમજાણું કાંઈ?

'**મોહવશ તેઓ તે જ શરીર અને વિષય-ભોગોમાં પ્રીતિ કરે છે અને સંયમનાં સાધનો ઉપર દ્વેષ કરે છે.**' આહાહા..! નિર્મળ વીતરાગ પર્યાય એના પ્રત્યે એને દ્વેષ કરે છે. આહાહા..! બાયડી, છોકરા છોડ્યા, વળી પાછા શિષ્ય-શિષ્યણી ઉપર પ્રેમ અને આ મારા શિષ્યો છે, આ મારી શિષ્યાણી. ઓલા છોકરા બે-ચાર હતા આ હજારો કર્યા પાછા. ઓલો દુકાનમાં તો એકલો કામ કરતો કે બે-ચાર નોકર પણ હોય. આ તો એકલો પરમાં પ્રેમ કરે છે. આહાહા..! ઘણી પ્રેમના વિષયની ચીજ એને લાગુ પડી ગઈ એમ કહે છે.

પ્રેમનો, ખરો પ્રેમનો વિષય તો આત્મા વીતરાગ છે. 'તથૈવ પ્રીતિ કરુ' નથી આવતું? નિર્જરા અધિકારમાં આવે છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ત્યાં પ્રીતિ કર, ત્યાં સંતોષ કર, ત્યાં તૃપ્ત થા. ત્યાં તૃપ્તિ પામ. આહાહા..! એને નિર્જરા થાય છે. આ તો અપવાસ કર્યો, શરીર કાંઈક મોળું પડ્યું, આપણને ધર્મ થયો. એને વીતરાગભાવ પ્રત્યેનો દ્વેષ છે. એ ત્યાં જ રોકાઈ ગયો અને એણે ધર્મ માન્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

શરીર, ઉપકરણો બધા ધર્મના સાધનો છે. એમ કરીને એના પ્રત્યે જે પ્રેમ કરે છે. આહાહા..! એને વિકલ્પ વિનાનો ભગવાન વીતરાગ એવો સ્વભાવ એને રુચતો નથી. આ રુચિમાં આ રુચતો નથી. જેને વ્યવહારના આચરણનું પોષાણ છે, પોષાણ છે, એને વીતરાગભાવનું પોષાણ નથી. આહાહા..! શું વાત! ક્યાં લઈ ગયા જુઓ! અહીંયાં રાગ અને દ્વેષનું આવ્યું, ઓલા આનંદઘનજીમાં છે એ કરતા. અને ઘણે ઠેકાણે એ જ નાખે છે ને ક્રોધાદિ. ક્રોધાદિમાં એમ શબ્દ આવે છે ને ઘણે ઠેકાણે? મૂળ તો એ. ઉત્તમ શાંતિને છોડી દઈને પર પ્રત્યેના રાગમાં (છે) એ સ્વભાવ પ્રત્યે ક્રોધ કરે છે. એમ. સ્વભાવ પ્રત્યે ક્રોધ કરે છે. રાગના વિકલ્પના પ્રેમી એ વીતરાગ સ્વભાવ પ્રત્યે એને ક્રોધ છે. એ ઘણે ઠેકાણે આવે છે. સમયસારમાં. કર્તા-કર્મ અધિકાર આદિ. આહાહા..!

એક તો ઉત્તમ ક્ષમા જે આત્માની વીતરાગદશાવાળી એ ક્ષમાની એને ખબર નથી, એનો એને પ્રેમ નથી. બહારની આમ ક્ષમા થાય બધા, આમ થાય, આમ થાય. એ રાગની ક્રિયામાં એને પ્રેમ લાગી જાય. આ તો ખમતખામણાં કર્યા, આમ કર્યું ને તેમ કર્યું. પણ જ્ઞાતા-દ્રષ્ટા એવો ભગવાન આત્મા તેમાં એને ભૂલાઈ જાય છે. આહાહા..! એવી વાત છે.

'**મોહની આવી વિચિત્ર લીલા છે;...**' આ બધી મોહની લીલા. આહાહા..! રાજ છોડે, પાટ છોડે, ભોગ, સ્ત્રીઓ છોડે, છતાં વળી શરીર પ્રત્યે, (પર)પદાર્થ પ્રત્યે અને એને અનુસરીને થતાં

રાગ પ્રત્યે જેને પ્રેમ છે એને તો વીતરાગભાવ પ્રત્યે દ્વેષ થયો છે. આહાહા..! એ અણગમામાં, વીતરાગભાવના અણગમામાં વર્તે છે અને રાગભાવના ગમામાં એટલે પ્રેમમાં એ વર્તે છે. આહાહા..! ક્યાં નાખ્યું? વ્યવહારના આચરણમાં જેને પ્રેમ અને આરૂઢ છે એને વીતરાગ પ્રત્યે અનારૂઢ છે એટલે દ્વેષ છે. આહાહા..! આવા ઊના પાણી પીવા અને એક વખત ખાવું, બ્રહ્મચર્ય પાળવું, ફલાણું કર્યું, એમાં જેને રાગમાં રસ ચડી ગયો છે. આહાહા..! એને એ રાગ વિનાની ચીજ જે પોતાની છે એની સૂઝ પડતી નથી, એમાં એનો પ્રેમ જતો નથી, એમાં એનું વલણ કામ કરતું નથી. અહીં (રાગના) વલણના ભાવમાં અહીં (આત્માના) વલણ કામ કરતું નથી. આહાહા..! આવું વ્યાખ્યાન, આવી વાત લોકોને કઠણ પડે. આહાહા..!

આણે તો કીધું હતું ભાઈ આપણે છોકરાના નામે અહીં ભાઈઓ આવશે. ઠીક પણ હવે એટલું આવ્યા ને. પચ્ચીસ મિનિટ આવ્યા ને. આહાહા..! આ માર્ગ એવો બાપા. જન્મ-મરણરહિત ચોર્યાસીના અવતારનો સંકેલ. ચોર્યાસીના અવતારનો સંકેલ અને અંતર આનંદની શક્તિઓનો ઉકેલ. આહાહા..! એ માર્ગ અલૌકિક છે. આહાહા..!

**'તેથી પુરુષાર્થ દઢ કરી...' 'મોહની આવી વિચિત્ર લીલા છે;...'** ક્યાં ક્યાં અટકશે? છોકરા મૂકીને શ્રાવક પ્રત્યેનો રાગ. આહાહા..! બાયડી મૂકીને શ્રાવિકા પ્રત્યેનો રાગ. કલાક-બબ્બે કલાક રાગથી વાતું કરે ત્યારે એને સખ આવે. ભણાવવાને નામે પણ રાગને પોષે. આવી વાત છે. **'મોહની આવી વિચિત્ર લીલા છે; તેથી પુરુષાર્થ દઢ કરી જીવ મોહમાં ન ફસાય તે માટે આચાર્યનો આ શ્લોક દ્વારા ઉપદેશ છે.'** મોહમાં ન ફસાય અને વીતરાગભાવમાં આવે એ માટે આ ઉપદેશ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**तेषां देहे दर्शनव्यापारविपर्यासं दर्शयन्नाह–**

**अनन्तरज्ञः संघत्ते दृष्टि पंगोर्यथाऽन्धके।**
**संयोगात् दृष्टिमङ्गेऽपि संधत्ते तद्वदात्मनः।।९१।।**
**અજ્ઞ પંગુની દૃષ્ટિને માને અંધામાંય;**
**અભેદજ્ઞ જીવદૃષ્ટિને માને છે તનમાંય. ૯૧.**

**टीका :– अनन्तरज्ञो भेदाग्राहक पुरुषो यथा पङ्गोर्दष्टिमन्धके सन्धत्ते आरोपयति। कस्मात् संयो–गात् पंग्वन्धयोः सम्बन्धमाश्रित्य। तद्वत् तथा देहात्मनोः संयोगादात्मनो दृष्टिमंगेऽपि सन्धत्ते अंगं (गः) पश्यतीति (मन्यते) मोहाभिभूतो बहिरात्मा।।९१।।**

**તેમનો દેહમાં દર્શન-વ્યાપારનો વિપર્યાસ (વિપરીતતા) બતાવીને કહે છે :-**

**શ્લોક – ૯૧**

**અન્વયાર્થ :-** (अनन्तरज्ञः) તફાવતને-ભેદને નહિ જાણનાર પુરુષ (यथा) જેમ (संयोगात्) સંયોગના કારણે ભ્રમમાં પડી (पंगोः दृष्टिं) લંગડાની દષ્ટિને (अन्धके) અંધ પુરુષમાં (संधत्ते) આરોપે છે, (तद्वत्) તેમ (आत्मनःदृष्टि) આત્માની દષ્ટિને (अंङ्गे अपि) શરીરમાં પણ (संधत्ते) આરોપે છે.

**ટીકા :-** અન્તરને (ભેદને) નહિજાણનાર-ભેદને ગ્રહણ નહિ કરનાર પુરુષ, જેમ લંગડાની દષ્ટિને અંધ પુરુષમાં જોડે છે-આરોપે છે, શાથી? સંયોગથી અર્થાત્ લંગડા અને અંધપુરુષના સંબધનો આશ્રય કરીને, તેમ દેહ અને આત્માના સંયોગને લીધે, આત્માની દષ્ટિને શરીરમાં પણ આરોપે છે, અર્થાત્ મોહાભિભૂત બહિરાત્મા માને છે કે 'શરીર દેખે છે.'

**ભાવાર્થ :-** શરીર અને આત્માના સંયોગ-સંબંધને લીધે અજ્ઞાનીને ભ્રમ થાય છે કે શરીરની ક્રિયા જીવ કરે છે. આચાર્ય આ વાત દષ્ટાંતથી સમજાવે છે. અંધ, લંગડાને ખભા ઉપર બેસાડી રસ્તે જઈ રહ્યો છે. ઠીક રસ્તે જવા માટે લંગડો અંધાને ઈશારો કરે છે. લંગડા-આંધળાનું-બંનેનું સંયોગરૂપ જોડું છે. માર્ગે ચાલવામાં લંગડાની દષ્ટિ અને આંધળાના પગ કામ કરે છે. આ બંનેની સંયુક્ત ગતિનો ભેદ નહિ જાણનાર કોઈ મંદ દષ્ટિવાળો પુરુષ એમ સમજે છે કે આ અંધો જ સાવધાનીપૂર્વક જોઈને ચાલી રહ્યો છે, પણ તેનો એ ભ્રમ છે; તેવી રીતે આત્મા અને શરીરના સંયોગ સંબંધનો ભેદ નહિ જાણનાર બહિરાત્મા શરીરની ક્રિયાને આત્માની ક્રિયા સમજે છે અર્થાત્ શરીરને જ આત્મા માને છે. એ તેનો તેવો જ ભ્રમ છે.

**વિશેષ**

જેમ આંધળાની ગતિમાં લંગડાની દષ્ટિ નિમિત્તમાત્ર છે-અર્થાત્ જેમ એ ગતિ અને દષ્ટિ વચ્ચે કર્તાકર્મ સંબંધ નથી પણ માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે-તેમ શરીરની ગતિનો આત્મા કર્તા નથી. બંને વચ્ચે કોઈ વખતે માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે, પરંતુ કર્તાકર્મ સંબંધ હોતો નથી. અજ્ઞાનીને સંયોગ-સંબંધને લીધે બંનેના એકપણાનો ભ્રમ થઈ જાય છે અને તેથી તે શરીર અને આત્માને એક ગણી શરીરની ક્રિયા જીવ કરે છે એમ માને છે.

નિમિત્ત હોવા છતાં, નિમિત્તથી નિરપેક્ષ ઉપાદાનનું પરિણમન હોય છે.[૧] ૯૧.

---

૧. वज्झ कारण निरपेक्खो वथ्थु परिणामो।
વસ્તુનું પરિણમન બાહ્ય કારણથી નિરપેક્ષ હોય છે.
(જુઓ-જયધવલ-પેરા ૨૪૪, પૃ.૧૧૭; પુસ્તક-૭)

**અષાઢ વદ ૬, મંગળવાર તા. ૨૯-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૯૧**
**પ્રવચન - ૧૦૪**

૯૧-ગાથા. '**તેમનો દેહમાં દર્શન-વ્યાપારનો વિપર્યાસ (વિપરીતતા) બતાવીને કહે છે :-**' અજ્ઞાનીને એમ થાય છે કે આ દેહ દેખે છે. આત્મા દેખે છે એનું ભાન નથી એને. આ આંખથી દેખાય છે, કાનથી જણાય છે તેમ તે દેહમાં આત્માનો આરોપ કરે છે એ દૃષ્ટાંત કહે છે.

**अनन्तरज्ञः संघत्ते दृष्टि पंगोर्यथाऽन्धके।**
**संयोगात् दृष्टिमङ्गेऽपि संधत्ते तद्वदात्मनः।।९१।।**
**અજ્ઞ પંગુની દૃષ્ટિને માને અંધામાંય;**
**અભેદજ્ઞ જીવદૃષ્ટિને માને છે તનમાંય. ૯૧.**

આત્મા અને શરીરનો ભેદ ન જાણનાર, અંતર ને ભેદ નહિ જાણનાર ભગવાન આત્મા એ તો જાણનાર-દેખનાર છે. આ દેહ છે એ જાણનાર-દેખનાર છે? દેહ તો અંધ છે. આહાહા..!

મુમુક્ષુ :- મગજમાં... મગજ જેનું ચોખ્ખું હોય

ઉત્તર :- મગજ ચોખ્ખા-ફોખા, મગજની સાથે શું કામ છે? એય..! આ સુમનભાઈનું મગજ ચોખ્ખું હશે આઠ હજારનો પગાર મળે છે તો?

મુમુક્ષુ :- એમ કહેવાય.

ઉત્તર :- કહેવાય. એ તો જ્ઞાનનો ક્ષયોપશમ છે એ તો જીવમાં છે. અને આ કામ દેહથી ચાલે છે એ તો આંધળો જેમ ચાલે (અને)પાંગળો માથે બેઠો હોય એ આંખથી દેખે. પંગુ સમજો છો પંગુ? એ આંધળા ઉપર બેઠો હોય, આંખ એની (આંધળાની) છે, ચાલે છે આ ક્રિયા (પંગુની) આની છે, પણ અજ્ઞાનીને એમ થઈ જાય છે કે એ આંધળો પોતે ચાલે છે દેખીને. આહાહા..! કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાનથી જાણે ખરો, પણ દેહ અને જ્ઞાનની પર્યાયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એટલે કે જ્ઞાન જાણે અને દેહની ક્રિયા એમાં એ જ્ઞાનનું જાણવું નિમિત્ત. નિમિત્ત એટલે કે એ કરે નહિ કાંઈ એનું. આહાહા..!

આંખથી આમ જોવા માગે છે. આંખ તો જડ છે. આ તો આંધળું છે આ તો. દેખતો તો આત્મા છે અંદર. આંધળા ઉપર પાંગળો બેઠો હોય અને પાંગળો એને ચીંધે. એથી એને એમ લાગે છે કે આ આંધળો જ ચાલે છે આ દેખીને. દેખનારો તો અંદર પાંગળો ઊભો છે. ચાલનારો પાંગળો નથી, ચાલનારો આંધળો છે. ચાલનારાને પગ છે ને? આહાહા..!

'**ટીકા :- અંતરને (ભેદને) નહિ જાણનાર-ભેદને ગ્રહણ નહિ કરનાર પુરુષ, જેમ લંગડાની દૃષ્ટિને અંધ પુરુષમાં જોડે છે-**' લંગડો માથે બેઠો છે, આંધળો ચાલે છે. એટલે જાણે કે એ લંગડાની દૃષ્ટિ છે એ આની છે. એ આંધળો દેખતો ચાલે છે એમ અજ્ઞાનીને થઈ જાય છે. આહાહા..! એ '**લંગડાની દૃષ્ટિને અંધ પુરુષમાં જોડે છે-આરોપે છે, શાથી? સંયોગથી...**' જ્ઞાનનું જાણવું અને શરીરનું હાલવું એ બેનો સંયોગ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ એ નિમિત્ત જ્ઞાન છે એ શરીરને હલવે એમ નથી. આહાહા..!

એક જણો તો કહેતો હતો કે સચેત શરીર, એ શરીરને જ્યાં જાવું હોય ત્યાં જાય છે. એટલે એ શરીરમાં તાકાત છે આત્માની. એમ છાપામાં આવ્યું હતું. આહાહા..! એમ કે જ્યાં લઈ જવું હોય ત્યાં શરીર પોતે સચેત છે ને? એમ. એટલે અહીં પગ મૂકવો તો ત્યાં જ મૂકે, આમ મૂકવો હોય તો આમ મૂકે, ઊંચો મૂકવો હોય તો ઊંચે મૂકે, નીચે મૂકવો હોય તો નીચે મૂકે.

મુમુક્ષુ :- એટલે શરીરથી ધર્મ માને છે.

ઉત્તર :- ધૂળેય નથી.

અહીંયાં તો એ વાત દેખાડે છે કે લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપે છે. એમ ભગવાન જ્ઞાનની દૃષ્ટિને શરીરમાં આરોપે છે અજ્ઞાની. શરીર જાણે જાણીને કામ કરતું હોય એમ. બરાબર હાથ ત્યાં જાય રોટલી વખતે, શાક વખતે, આ વખતે, પગ ઉપાડવા વખતે, પગ નીચે મૂકવા વખતે, પગ આમ ઉતાવળા લેવા વખતે, પગ હળવે લેવા વખતે. એ પગની ક્રિયા જાણનાર દેહ (છે). એમ જાણીને એ ક્રિયા કરે છે એમ માને છે. સમજાણું કાંઈ? આહાહા..!

પરમાત્મપ્રકાશમાં તો એક લીધું છે આ ઓલું. ધર્મ, અર્થ અને કામ આવે છે ને ત્રણ બોલ? ત્યાં તો એણે લીધું છે કે ધર્મ એટલે મુનિપણાનો આચરણ જે છે એ. એ પુણ્ય છે, હેય છે, એ ધર્મ નહિ.

મુમુક્ષુ :- .. આત્મામાં.

ઉત્તર :- ધર્મ છે ને? ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો આ ધૂળ આદિ. શેઠ! આ પૈસો તમારો બધો.

મુમુક્ષુ :- એના વિના ચાલે એમ નથી.

ઉત્તર :- એના વિના જ ચાલે છે.

એ બુંદેલખંડના બધા બાદશાહ. એ તો એની નરમાશ દેખાય, બાકી ત્યાં તો મોટી આખી લાઈન ભરી છે તમાકુથી. ઓલી શું કહેવાય એ? મકાન. અને ઘરે ૬૦-૬૦ તો મોટરું. મોટરનું શું કરે સુધરવાનું ઘરે. શું કહેવાય શેઠ? રીપેરિંગ કરવાનું ઘરે છે ને? ત્યાં અમારો ઓલો હતોને એ ત્યાં કરાવતો હતો. એ કાંઈક ગોટો વાળ્યો હશે. એ તો બહારની ચીજો છે, એ જડની સંપદાઓ છે, એ આત્માની નહિ. આહાહા..!

આત્મા જાણે અને જ્યાં ઘા મારવો હોય ત્યાં હાથ આમ પડે. હથોડી ઈ શાક, શાકને મોળવું હોય તો આમ. એ જાણે કે એ શરીર જાણીને આવું કામ કરે છે. કારણ કે બરાબર શાકનું મોળવું

એવું થાય, રોટલીનો ટૂકડો એવો થાય. કલમ-કલમ, શીશપેન. આમ ફેરવતો જાય ને ઓલો સરખી અણી કાઢવી હોય તો? એ ડિઝાઈન. એટલે એ ક્રિયા જડના ખ્યાલથી કરે છે એમ અજ્ઞાનીને ભાસે છે. કારણ કે બરાબર, આમ શીશપેન સરખી કરવી હોય તો આમથી આમ વાળતો જાય, આમ કરતો જાય, પાતળી કરતો જાય. કલમ. પણ એ તો આંધળાની ક્રિયા છે. આહાહા..! અંદર દેખનારો તો જાણે છે. જાણે એ નિમિત્ત છે અને આ ક્રિયા થાય તે નૈમિત્તિક છે. એવા સંબંધને લઈને અજ્ઞાનીને (થાય કે) નિમિત્ત એનો કર્તા છે. એ શરીર એનો કર્તા છે, શરીર એનો કર્તા છે એમ ન માનતા આ જાણનાર એનો કર્તા છે. કારણ કે એ જાણીને કામ એવું જ બરાબર કરે લ્યો.

રોટલી બટકું આવ્યું અને અંદર કાંઈક કાંકરી આવી ગઈ, તો ફટ જીભ તારવીને કાઢી નાખે લ્યો. હવે એ ખબર તો જ્ઞાનને છે, ક્રિયા થાય છે જડની. પણ એ જડને પણ ખ્યાલ છે માટે આમ તારવે છે એમ અજ્ઞાનીને ભાસે છે. સમજાણું કાંઈ? આહાહા..! ચોપડાનું નામું કાઢવું હોય તો ફટ-ફટ-ફટ પાનું ફેરવે લ્યો. છે તો એ જડની ક્રિયા. આમથી આમ. આમથી આમ. અને જે પાનું કાઢવું હોય તે કાઢે. ત્યારે એ ખ્યાલવાળો છે માટે એ ક્રિયા આનામાં થાય છે ને?

મુમુક્ષુ :- ખ્યાલ છે માટે થાય છે.

ઉત્તર :- એમ નથી. એ આંધળો છે આ શરીર, ભગવાન જાણનાર છે. એ આંધળા ઉપર લંગડો ચડ્યો છે. પગ છે આંધળાના, આંખ છે એની. પણ એ આંખ દેહમાં લગાડી દે છે, ઓલા આંધળામાં લગાડી દે છે. એમ આ શરીરમાં બરાબર જાણવાનું કામ કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- ચાલવું હોય તો ચાલે કાંઈ શરીર થોડો...

ઉત્તર :- પણ એ ચાલવાનું થયું એ તો જડની ક્રિયા થઈ છે. જ્ઞાને જાણ્યું કે અહીં ચાલવાનું છે આમ. જાણ્યું. જાણ્યું માટે ચાલવાની ક્રિયા થઈ એમ નથી. આહાહા..! ભારે ભાઈ!

એ તો સવારમાં આવ્યું હતુંને, લૌકિક સાધનમાત્ર નથી. આહાહા..! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. એ તો પુણ્યની ક્રિયાઓના ભાવથી પણ જણાય એવો નથી. પુણ્યની ક્રિયા એ આંધળી છે, જેમ શરીર આંધળું છે આ. અંધ છે આ જડને ક્યાં ભાન છે અંદર આ? જીભને, આંખને ભાન છે? આ તો જડ છે. એમ રાગ, દયા, દાન, વ્રત આદિના આચરણનો રાગ એ આંધળો છે. આહાહા..! એ પણ ખરેખર અચેતન છે. ચેતન તો જ્ઞાન છે તે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા, એ જાણવાનું કામ કરે, અને એવી ક્રિયામાં નૈમિત્તિક ક્રિયા એનાથી થાય, એને જ્ઞાન નિમિત્ત કહેવાય. પણ નિમિત્ત કહેવાય માટે જ્ઞાને જાણ્યું માટે ત્યાં ક્રિયા એને કારણે, આને કારણે થઈ એમ નથી. ચીમનભાઈ! આ બધા કરો છો ને શું કહેવાય તમારે? મકાનો-બકાનો આ ને તે. શું કહેવાય છે એ? કોન્ટ્રાક્ટર. કોન્ટ્રાક્ટર. ઈજનેર. એ બધા જાણપણા વિના થતા હશે દેહની ક્રિયા બધી?

સુમનભાઈ! આ પેટ્રોલનું કામ કરે લ્યો. મેલ કાઢવાની ક્રિયા કરે. આમ કરવું... આમ કરવું... આમ કરવું... ભાષા એવી નીકળે. ત્યાં ક્રિયા... આ તો જાણનાર છે, પણ જાણનારને ભાષામાં આરોપે છે કે ભાષા જાણીને જ એવી બરાબર ભાષા નીકળે. એય..! એવી જ કેમ ભાષા નીકળે

છે? જે એને કહેવા માગવું છે જ્ઞાનમાં, એવી જ ભાષા થાય છે. માટે ભાષા આંધળી નથી, ભાષા જાણીને નીકળે છે. એમ નથી. આહાહા..! ભારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ! નિમિત્ત-નૈમિત્તિક સંબંધને એ કર્તાકર્મ સંબંધમાં લગાડી દે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**લંગડા અને અંધપુરુષના સંબંધનો આશ્રય કરીને,...**' લંગડો બેઠો છે માથે, આંધળો ચાલે છે. '**તેમ દેહ અને આત્માના સંયોગને લીધે,...**' દેહ છે તે આંધળો છે, આત્મા છે તે પાંગળો છે. ચાલવાની ક્રિયા માટે એ પાંગળો છે, દેખવાના કારણ માટે જાગતો છે. આહાહા..! આત્મા ચાલવાની ક્રિયા માટે પાંગળો છે.

મુમુક્ષુ :- આત્મા પગ વગરનો છે.

ઉત્તર :- પગ નથી, શરીર નથી, એની ક્રિયા પણ નથી એનામાં. આહાહા..! એવું છે. બરાબર શરીરને આમ જાણે, છે પાંગળો આત્મા, પણ એના ખ્યાલમાં જ્ઞાનમાં આવે, એમાં શરીર ચાલે એટલે જાણે શરીરને ખ્યાલ હોય માટે શરીર ચાલે છે. આહાહા..! એવો જ્ઞાનનો સ્વભાવ અહીં (છે પણ) ત્યાં દેહની ક્રિયામાં ભાષામાં આરોપ કરે છે. આહાહા..!

જેવું કહેવા માગે એવી ભાષા આવે, ત્યારે કાંઈક ભાષામાં પણ શક્તિ હશે કે નહિ જાણવાની? આહાહા..! આંધળો ભારે! આહાહા..! આ બધી આંધળાની ક્રિયાઓ છે—હાલવું, ચાલવું, બોલવું આ જડ માટી. એમાં આત્મા તો પાંગળો છે, ચાલવા માટે પાંગળો છે, દેખવા માટે જાણનાર છે. આહાહા..! ક્યાં લઈ ગયા વાતને કેવી રીતે? સમાધિ ન માનતા અસમાધિ એને થાય છે. શરીરની ક્રિયા જેવી જોઈએ, જ્ઞાનમાં જાણે કે આમ થવું જોઈએ શરીરમાં તો એ જ રીતે શરીરમાં થાય, માટે જાણે શરીરમાં એ જાતનો ખ્યાલ હશે? ખ્યાલ કરનાર તો ભગવાન જુદી ચીજ છે. અને ક્રિયા થનારી ચીજ છે એ જડની જુદી ચીજ છે. આહાહા..! કહો. ગાલને ફુલાવવા, પોચા કરવા, આમ કરવું. થાય છે ને લ્યો. આ હોઠ. જુઓ. એવી ક્રિયા કાંઈક ખ્યાલમાં રહે કે મારે આમ કરવું છે. ત્યારે થાય છે કે નહિ? એ ક્રિયા જડની આંધળાની છે. એ તો આંધળા છે જડ એની ક્રિયા છે. આત્મા તો જાણનાર ભિન્ન છે. જાણનારને લઈને આ ક્રિયા છે. એમ જુઓ આમાં નિમિત્તને કેવું ઉડાડી દીધું છે? હવે નિમિત્તના એવા દોકડા નાખે છે મારા! આહાહા..!

લંગડો લાકડીને લઈને ચાલે છે કે નહિ? સાધારણ (સ્થિતિ) હોય તો લાકડી બહુ રાખે સાધારણ હોય તો. આંખ હોય તો પણ રાખે જરીક અવસ્થા થાય. ૫૦-૬૦ એટલે. પછી વળી લાકડી આમ-આમ ચલાવતો જાય. હાથ ઊંચો રાખીને. છે ને એવી ટેવ હોય છે ને? લાકડી હાથમાં હોય. કોઈ વખતે અડાડે. તો એ ક્રિયાઓ બધી અડાડવું હોય ત્યારે અડે અને અડાડવું ન હોય ત્યારે આમ આમ થાય. લ્યો. એ ક્રિયામાં કાંઈક શક્તિ હશે કે નહિ જાણવાની? તો એ રીતે વ્યવસ્થિત ક્રિયા કેમ થાય પણ?

એક સમયનો પર્યાય જ એનો જડનો—આંધળાનો એ પર્યાયની એની જન્મક્ષણ છે. એ જડની પર્યાયનો ઉત્પાદનો જન્મક્ષણ છે, ઉત્પત્તિનો તે કાળ છે. આણે જાણ્યું માટે આમ થાય છે એમ

નથી. આહાહા..! આ શાસ્ત્ર બનાવવાનો ભાવ હોય લ્યો. એ પ્રમાણે શાસ્ત્રના અર્થ થાય, ટીકા થાય. '**वंदित्तु सव्व सिद्धे**' એ શબ્દ ખ્યાલમાં આવ્યો. તો એનો અર્થ કેવો કરે? સર્વસિદ્ધોને વંદીને. હવે એ ક્રિયા થાય છે એ કહે છે કે જાણનારની ક્રિયા એમાં આવે છે. જાણનારો એમાં ન આવતો હોય તો એવી ક્રિયા એવા જ શબ્દનો અર્થ એવો જ કેમ થાય? એય..! આહાહા..! શું આ હશે તમારું? ગીરધરભાઈ! આ બધા કાર્યકર્તાઓને શું હશે આ બધું? આહાહા..!

મુમુક્ષુ :- એવી માન્યતા હોય

ઉત્તર :- કે આજે ભાઈ મોટરમાં લૂગડા નાખીને ગરીબોને ગામડામાં કાપડ દેવા જાવું છે લ્યો. અને થોડું અનાજ પણ ભેગું લેજો. બહુ ભીડ (તકલીફ) હોય એને અનાજ પણ દેશું. હવે ખ્યા-લમાં એવું આવ્યું એન એ ક્રિયા એ પ્રમાણે થાય છે લ્યો. મોટર ને કપડા ને અનાજ એમાં જઈને. ગામડામાં ઊભા રહે. ભેગા થાય માણસો બિચારા. ગરીબો એને અનાજ, કપડું આપે, સાધારણ માણસને અનાજ આપે, કપડું આપે વગેરે. શું હશે આ બધું? આંધળો કરતો હશે? આંધળાને એને વ્યવસ્થિતિની ક્રિયાનું જ્ઞાન ન હોય ને આંધળો કરે? એની વ્યવસ્થિતિનું જ્ઞાન તો આત્માને છે. ચીમનભાઈ! આવી વાતું છે ભાઈ! આહા..! એને જડ અને ચૈતન્યની ભિન્નતાની ખબર નથી. ભિન્ન ભગવાન જાણનાર છે અને ભિન્ન ક્રિયા જડની છે. આહાહા..!

'**દેહ અને આત્માના સંયોગને લીધે, આત્માની દૃષ્ટિને શરીરમાં પણ આરોપે છે,...**' એમ. છે દૃષ્ટિ આત્માની, એમાં તો રાખે, આ તો શરીરમાં પણ આરોપે છે. આહાહા..! બધું લખ્યું છે હોં, પરમાત્મપ્રકાશમાં બધું આ. એમ કે શાસ્ત્ર ટીકા કરે એ બધી વાત લીધી. એ આત્મા એનો કર્તા નથી. આહાહા..!

મુમુક્ષુ :- લખ્યું છે કર્તા.

ઉત્તર :- કર્તા શી રીતે? એ તો નિમિત્તની વાત છે. નિમિત્તથી ઓળખાવે કે આ કુંદકુંદાચાર્યનું કરેલું છે. નિમિત્ત હતું એને જણાવ્યું છે. બાકી ખ્યાલમાં આવ્યો કે આ ગાથાનું આમ અર્થ અને સ્પષ્ટીકરણ થવું જોઈએ ટીકાનું. તો એ ટીકા થઈ એ તો આંધળા રજકણે કરી છે. ઓહોહો..! બહુ માર્ગ!

જીવ ત્યાં દેખાણો, ખ્યાલમાં આવ્યો, પગ ત્યાં ન પડવો જોઈએ, પગ પાધરો અદ્ધર રહે છે લ્યો. એ ખ્યાલમાં આવ્યો કે આ જીવ નીચે છે માટે પગ અદ્ધર રહ્યો? આહાહા..! એમ છે નહિ. આ ભારે કામ બાપુ આ. વીતરાગમાર્ગ. જડ અને ચૈતન્યની ભિન્નતા એને જાણ્યા વિના કાંઈક.. મોટર આમ ચાલતી હોય લ્યો. ત્યાં સામે ગાય આવી. ફટ મોટરને આમ કરવી પડે. અથડાઈ ન જાય. નીચે એક હરણીયું આવ્યું. દિવસ હોય તો દેખાય, રાતે તો ન દેખાય. ઓલું ધીમી પાડી દે, ધીમી પડી ગઈ. ખ્યાલમાં આવ્યું માટે ધીમી પડી ગઈ? અને ખ્યાલમાં આવ્યું માટે આમ તરી ગઈ? અરે.. આ તે શું વાત છે?

મુમુક્ષુ :- લાગે છે તો એમ જ તે.

ઉત્તર :- શું લાગે છે? આંધળા ઉપર લંગડો બેઠો અને લંગડાની આંખ અને આંધળાના પગ. હવે એ લંગડાની આંખ એણે પગ ચલાવ્યા છે? માર્ગ બાપુ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો બહુ જુદો માર્ગ. અત્યારે તો ગડબડ ચાલે મોટી. આહાહા..! આ મંદિરમાં જેવો રંગ પુરવો હોય એવો રંગ પૂરે લ્યો. જુઓ આ શું કર્યું સામે? અહીં સોનાનો પૂરવો, અહીં ચારેકોર ઓલી કરવી. ભગવાને કહ્યું...

મુમુક્ષુ :- ભગવાન પાસે આ શ્લોકો લખવા.

ઉત્તર :- આ શ્લોકો. અને દેખાવા માટે શું કહેવાય લીટી-લીટી. કિનારી. એ કિનારી આવી કરવી. હવે ખ્યાલમાં આવ્યું એ પ્રમાણે કિનારી ત્યાં થાય છે. એટલે જાણનારે કિનારી કરી? ભારે વાતું! આ વજુભાઈએ કર્યું છે બધું દેખાડવા. સારું દેખાડવા માટે આ ચારેકોર કિનારી કરો, સારું દેખાશે, ફલાણું. એય..! ક્યાં ગયા વજુભાઈ? લ્યો! આવી વાત કેવી હશે આ?

ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે કે અજીવ અને જીવની ક્રિયા સમય સમયની તદ્ન ભિન્ન છે. એ જડની ક્રિયામાં આત્મા જાણનાર ખરો, પણ જાણનાર છે. માટે તે ક્રિયા થઈ છે, આત્માએ કરી છે (એમ નથી). આહાહા..! ભારે આકરું કામ.

મુમુક્ષુ :- આ વાત ..

ઉત્તર :- મરી જાય છે આમ ને આમ. એ તો શેઠિયા છે અને વળી કાર્યકર્તા (એમ) બે છે એને આરોપ. ગામના શેઠિયા છે ત્યાં વિશાશ્રીમાળી.

મુમુક્ષુ :- શેઠિયાને પેઢી દર પેઢી.

ઉત્તર :- પેઢી દર પેઢી. મોટું ઘર. વિશાશ્રીમાળીમાં મોટું ઘર. વળી પાછા કાર્યકર્તા નીકળ્યા એમાંથી આ. એટલે ડબલ જોખમ. આહાહા..!

અરે.. પ્રભુ! કહે છે કે આ જડ-માટી શરીર, આ વાણી જડ, ક્રિયા લખવાની, વાંચવાની, બોલવાની, આ મકાન થવાની, ભાષા નીકળવાની એ ક્રિયા બધા આંધળાએ—જડે કરી છે. આહાહા..! કેમ હશે પ્રેમચંદભાઈ! પણ કાપડ જે બતાવવું હોય એ બતાવે લ્યો. અટલસ નથી આ પાટલા થતાં? શું કહેવાય એ? કાપડ નહિ?

મુમુક્ષુ :- ઘડે ઘડ સરખા.

ઉત્તર :- ઘડે ઘડ સરખી. આ સરખું હોય તો એને આવડે એ કરી શકે. બીજાને બેસાડો તો કાંઈકનું કાંઈ કરે. છૂટું કર્યું હોય પણ પાછું કેમ બેસાડવી? ઓલા અટલસમાં નથી પાટા? ઘડ બેસાડે. એય.. ચીમનભાઈ! તમારે તો આ બહુ મકાન-બકાન કરવાનું હોય છે. આહાહા..!

મુમુક્ષુ :- મકાનના મોટા કોન્ટ્રાક્ટર છે.

ઉત્તર :- કોન્ટ્રાક્ટર. જડના કોન્ટ્રાક્ટર છે. આમાં પૈસા પેદા થાય લાખો. એટલે હુશિયાર માણસે, આ કારીગરે કામ કર્યું. એ આમ કહે. એ કહે છે કે દેખતાની આંખું આંધળાના આરોપે છે. જાણનારની આંખ દેહની ક્રિયામાં આરોપે... એમ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ (કહે છે કે) શરીર અને વાણીની ક્રિયાથી ભગવાન આત્માનું જ્ઞાન ભિન્ન છે. એમ એ જાણતો નથી. બહિરાત્મા મૂઢ

છે. આહાહા..! આખો વર્ગ જ એ છે. પૂજા વખતે પણ બરાબર ચોખા કે આ પીળા ચોખા હોય કે ટોપરું પીળું કરે છે ને અને ફૂલ. લ્યો. સ્વાહા.. સ્વાહા... કહે છે કે એ ક્રિયા તો આંધળાની જડની છે. જાણનાર તો જાણે છે આત્મા કે આ થાય છે. આહાહા..! ભારે કામ બાપા! સૂક્ષ્મ શલ્યની એને ખબર નથી. એમ ને એમ જિંદગીયું ગાળે છે. જીવ અને અજીવ બે ભિન્ન. એમ બોલે ખરો. પણ માનવામાં પાછા ગોટા ઉઠાવે. આહાહા..!

મુમુક્ષુ :- ફક્ત નિમિત્ત તે થઈ ગયું.

ઉત્તર :- એનો અર્થ શું? નિમિત્ત એટલે કે જે ક્રિયા એનાથી સ્વતંત્ર થાય છે, ત્યારે આ નિમિત્તની ઉપસ્થિતિને જાણનાર નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી થઈ છે તો એ નિમિત્ત ક્યાં રહ્યું? એ કહેશે અહીં ખુલાસો. આહાહા..!

'**મોહાભિભૂત બહિરાત્મા...**' મોહમાં ઘેરાયેલા બહિરાત્મા એ બહારની ક્રિયા આત્મા કરે છે અને જાણનાર છે, વિચિક્ષણ છે. કહો તમે આ બેય રહ્યા. એક એ અને આ તમારો સુમનભાઈ જોડે અને તમે એના કામમાં, આ તેલમાં. એ વિના પગાર આપતા હશે આઠ હજારનો મહિને? હુશિયારી વિના? આહાહા..! એય..! તેલનું શું કહેવાય મેલ કાઢે ને મેલ? કુચો. એને શું કહેવાય ઓલા?

મુમુક્ષુ :- રિફાઈનરી, તેલની શુદ્ધિ.

ઉત્તર :- શુદ્ધિ. એના ઓફીસર છે એ. મફતના આપતા હશે. આઠ હજારનો પગાર છે મહિને એને. આ રામજીભાઈના દીકરા છે. એ વિના ભણાવ્યા એને આટલા પૈસા ખર્ચીને ૩૫ હજાર? અમેરિકામાં. એ વખતે એમ નહોતું.

મુમુક્ષુ :- પણ હતું તે માન્યતા કરી.

ઉત્તર :- માન્યતા કરે. પણ એ વખતે એવી માન્યતા નહોતી એમ. એય..! અમે ભણાવ્યા છે, અમે એને હુશિયાર કર્યા ભણાવીને. આહાહા..! એની ક્રિયા ભણવાની તો એનાથી એનામાં થઈ. જાણનાર જાણે કે થઈ, એ કહે મારાથી આ થઈ અને મેં આને હુશિયાર કર્યો. ભગવાન કહે છે કે ભ્રમમાં પડ્યો તું. તારી શ્રદ્ધામાં ભ્રમણા છે તને. ભલે તારું આચરણ ગમે તે રાગની મંદતાનું, પૂજા, દયા, ભક્તિનું હોય, પણ ભ્રમણામાં તારી મિથ્યાત્વના શલ્યમાં એ ક્રિયા મારાથી થાય છે એ માન્યતા મિથ્યાત્વને પોષે છે. આહાહા..! ભારે માર્ગ બાપુ આવો. કઠણ ભારે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર (સિવાય) એવો માર્ગ ક્યાંય નથી. ક્યાંય બીજે આ સિવાય. એની માલમાં આવી ઝીણવટ. એટલે એના માનનારા પણ પાછા ઊંધા માને. અમે જૈન છીએ, અમે આમ કરીએ.. અમે આમ કરીએ... અમે આમ કરીએ... આહાહા..! પાઠશાળાઓ ભણાવીએ. જાદવજીભાઈ ગયા? મૂકવા ગયા હશે. મૂકવા ગયા.

ભાવાર્થ. બહિરાત્મા માને છે કે શરીર દેખે છે. એમ છે ને? શરીરમાં એક જાણવાની શક્તિ છે કે જેથી વ્યવસ્થિત કામ શરીર કરે છે. કાંતિભાઈ! આ તમારા બધા પ્લેનમાં કેવા કામ કરે લ્યો! ટોપી પહેરતાં. કાંતિભાઈ! પંદરસોનો પગાર માસિક. પ્લેનમાં હતા. છોડી દીધું. નોકરી છોડી દીધી.

બે વર્ષની. દોઢ હજારનો પગાર. ત્યાં અમે પ્લેનમાં જતાં ને ત્યારે બધું કામ કરવા એ આવતા. ટિકિટ, ફલાણું, ઢીંકણું, બેસાડવા પ્લેનમાં. એ બધી ક્રિયા કરતા હશે કે નહિ? આહાહા..! કાંઈ શું કરે બાપુ! તને ખબર નથી, ભાઈ! ભગવાન આત્મા તો શરીરની ક્રિયા માટે પાંગળો છે. પરની ક્રિયા માટે આત્મા પાંગળો છે. અને પરની ક્રિયા જે જડની થાય એ બધા જડ આંધળા છે. આહાહા..! ભારે કામ આકરું.

એ તો આંધળા, પણ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, શુભભાવ એ આંધળા છે. આહાહા..! ભારે બાપુ આકરી વાત. કેમકે એ રાગ છે. એ રાગ આંધળો છે, રાગ જાણતો નથી. જ્ઞાન જાણે કે આ રાગ થયો, પણ રાગની ક્રિયા એ જ્ઞાનની ક્રિયા છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો માર્ગ બાપુ! અત્યારે તો ગડબડ એવી ચાલી છે કે આ વાત સાંભળનારને તો એવું લાગે કે આહા.. આ વળી નવો પંથ ક્યાંથી કાઢ્યો? એય..! નવો નથી ભાઈ! વીતરાગમાર્ગનો અનાદિ સનાતન સત્ય પંથ આ છે. સમજાણું કાંઈ? તમને મળ્યો ન હોય સાંભળવા એટલે કાંઈ નવો કહેવાય? આહાહા..!

મીંદડીના બચ્ચાને ૪૯ દિ'એ આંખ આવ, ત્યારે આ દુનિયાને દેખે. એ કહે કે ઓહોહો..! આ દુનિયા તો નવી થઈ લાગે છે. તને જણાણું એટલે. ત્યાં તો નવી નથી. એ તો છે એ છે. તને જાણવામાં આવ્યું કે આંખ ઉઘડ્યા પછી કે આ જગત છે. આહાહા..! એમ જ્ઞાને જાણ્યું કે આ જડમાં ક્રિયા થાય છે. એ તો જાણ્યું એણે એટલું. પણ એને લઈને ક્રિયા થાય છે એમ નથી. આહાહા..! આવો માર્ગ! કહો, આ જાત્રા કરે પાલિતાણાની અને સમ્મેદશિખરની. કહે છે કે એ ચા-લવાની ક્રિયા એ જડની છે આમ આમ ચાલે એ. આત્મા પાંગળો છે, જાણે છે. શરીર આંધળું છે તે પગથી આમ.. આહાહા..! પણ એ આંધળાની ક્રિયામાં આત્માના જ્ઞાનનો આરોપ આપે છે કે મારી વિચિક્ષણતાના કારણે આ શરીરની ક્રિયા આમ થાય છે. આહાહા..! મૂઢ બહિરાત્મા છે. એને સત્ત્વની વસ્તુની સ્થિતિ ખબર નથી. એ પૂજા અને ભક્તિ કરે તો મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :- આને ભક્તિ કરે છે માટે...

ઉત્તર :- એનાથી નહિ, એનાથી માને છે કે હું શરીરને હલવું છું, અને આ ભાવ થાય છે એ ધર્મ છે એમ માને છે. એ તો પુણ્ય છે. જાત્રાનો ભાવ, ભક્તિનો ભાવ એ તો શુભભાવ છે, પુણ્ય છે. એ ધર્મ નથી. આહાહા..! વસ્તુ એવી બહુ ઝીણી ભાઈ!

પરમાત્મા અરિહંત દેવ સર્વજ્ઞ પરમેશ્વર આ હુકમ છે. કે આંધળો ચાલે એ દેખતો દેખાડે માટે ચાલે છે પાંગળો દેખાડે માટે ચાલે છે એમ નથી. આહાહા..! એમ દેહની ક્રિયા, લખવાની ક્રિયા, બોલવાની ક્રિયા, જાત્રામાં ચાલવાની ક્રિયા, આહા..! પૈસા દાન દે લ્યોને આ. એ બધા આંધળાની ક્રિયા છે. એ જડ છે એ આમ આમ થાય છે. એ ઓલો કહે મારા ખ્યાલમાં આવ્યું છે ને એ જ્ઞાનમાં એમાં ખ્યાલ છે એને કાંઈક. તે વિના આત્મા પાંચ રૂપિયાની નોટ દેવી હોય તો પાંચ રૂપિયાની નોટ કાઢે લ્યો. એય..! વાણિયા કાંઈ પાંચના પચ્ચીસ આપી દે? તો એ નોટની ક્રિયામાં કાંઈક-કાંઈક-કાં-ઈક જાણપણાનો અંશ ભેગો થયો ત્યારે કાર્ય પાંચનું થયું, નહિતર પચ્ચીસનું કેમ ન થયું? જેઠાભાઈ!

તમે તો બહુ નામા લખ્યા છે. ઓડિટર હતા ને ઓડિટર.

મુમુક્ષુ :- લખ્યા નથી, તપાસ્યા છે.

ઉત્તર :- તપાસ્યા છે. ભૂલો કાઢી. આહાહા..!

પ્રભુ! તારા મારગડા જુદા નાથ! આહાહા..! ક્ષણે ક્ષણે થતી જડની ક્રિયા તેને ભગવાન આંધળી ક્રિયા કહે છે અને તે તે ક્ષણે-ક્ષણે જાણતો આત્મા તે દેખતો પાંગળો છે. એ ક્રિયા કરી શકતો નથી. આહાહા..! આ બધા હુશિયાર માણસ કહેવાય. ધંધા પાણીમાં મોટા દસ-દસ લાખ પેદા કરે. લ્યો! આહાહા..! શું કરે?

લ્યો આ શાહુજી, શાંતિપ્રસાદ સાંભળ્યું ભાઈ! શાહુજીની સ્ત્રી. ૫૮ વર્ષે દેહ છૂટી ગયો. રમા રાણી. શાંતિપ્રસાદની. ચાલીસ કરોડ રૂપિયા. હમણા ગુજરી ગઈ. કંઈ નહિ એકદમ હાર્ટ ફેઈલ. લ્યો ઘરે ૪૦-૪૦ લાખના બંગલા છે દિલ્હીમાં.

મુમુક્ષુ :- શેઠ કહે છે બંગલા ક્યાં છે?

ઉત્તર :- ૪૦ કરોડ રૂપિયા છે. ૫૮ વર્ષની ઉંમર એટલે? અત્યારે તો ૭૦-૭૦, ૮૦ વર્ષના ઘણાય છે. ચુડામાં તો બહુ બ્રાહ્મણ અને વૃદ્ધ. પહેલેથી હોં. બીજા કરતા બ્રાહ્મણો, રજપૂતો ૮૦-૮૦, ૮૫ ખબર છે ને. ૭૧માં આવ્યા હતા, પછી આ મોટી ઉંમરના બહુ માળા ત્યાં. એવું જ કોઈ પાણી અને એવું કાંઈક છે ત્યાં મોટી ઉંમરના બ્રાહ્મણો બહુ, રજપુતો બહુ. ૮૫-૮૫ વર્ષ. વાણિયામાં પણ હતું ડોસીવૃદ્ધ આપણે.

મુમુક્ષુ :- ચુડાના છોટાભાઈ આ રહ્યા.

ઉત્તર :- હા છોટાભાઈ પણ એ વખતે નાના હતા ને. અત્યારે એને ૮૨ થયા. પણ આ તો તે દિ' બહુ. પહેલા વહેલા ગયા ત્યારે ગામમાં વૃદ્ધ માણસ બહુ દેખાય. વાણિયામાં પણ વૃદ્ધ બાયું બહુ દેખાય. એવું જ કોઈ આયુષ્યની સ્થિતિ એટલે ત્યાં આવ્યા હોય, પણ એને લઈને આ પાણી અહીંનું સારું માટે આયુષ્યની સ્થિતિ આવી રહી (એમ નથી). આહાહા..! અરે.. ભારે વાત ભાઈ! અને પથ્ય આહાર ખાય, અપથ્ય ખાય નહિ, રાત્રે નિદ્રા સરખી લે, ધીમેથી ચાલે એવું કરે તો એનું આયુષ્ય લાંબુ વધે, એમ અજ્ઞાની માને. માનનારા મૂઢ બહિરાત્મા છે. એને વીતરાગમાર્ગની શ્રદ્ધાની ખબર નથી. આહાહા..! કહો, પ્રેમચંદભાઈ!

મુમુક્ષુ :- અમારી બધી વાત ખોટી? એકાદી તો સાચી પાડો?

ઉત્તર :- એકાદી સાચી કીધી ને. જડને જડ કરે છે એમ ન માનતા આત્મા કરે છે એવી મિથ્યાશ્રદ્ધા એની સાચી. સાચી રાખવી છે ને? આહાહા..!

**'શરીર અને આત્માના સંયોગ-સંબંધને લીધે અજ્ઞાનીને ભ્રમ થાય છે કે શરીરની ક્રિયા જીવ કરે છે. આચાર્ય આ વાત દૃષ્ટાંતથી સમજાવે છે.'** લ્યો આવ્યા પોપટભાઈ. **'અંધ, લંગડાને ખભા ઉપર બેસાડી...'** આંધળાએ લંગડાને ખભા ઉપર બેસાડ્યો. **'રસ્તે જઈ રહ્યો છે.'** આંધળો રસ્તે જઈ રહ્યો છે. આડાઅવળી વાડમાં ન જાય એ. રસ્તે જઈ રહ્યો છે. રસ્તો હોય ને?

એક ગાડા રસ્તો હોય, પગ રસ્તો હોય. ત્યાં જઈ રહ્યો છે.

**'ઠીક રસ્તે જવા માટે લંગડો અંધાને ઈશારો કરે છે.'** ઠીક રસ્તે જવા માટે લંગડો ઉપર જે બેઠો છે (એ) આંધળાને ઈશારો કરે છે. **'લંગડા-આંધળાનું-બંનેનું સંયોગરૂપ જોડું છે. માર્ગે ચાલવામાં લંગડાની દૃષ્ટિ અને આંધળાના પગ કામ કરે છે. આ બંનેની સંયુક્ત ગતિનો ભેદ નહિ જાણનાર...'** બેના સંબંધની ગતિની જુદાઈ નહિ જાણનાર **'કોઈ મંદ દૃષ્ટિવાળો પુરુષ એમ સમજે છે કે આ અંધો જ સાવધાનીપૂર્વક જોઈને ચાલી રહ્યો છે,...'** આંધળો જ સાવધાનીપૂર્વક જોઈને ચાલી રહ્યો છે. આ બધું તમારા વેપારનું આવ્યું હતું આમાં. વેપાર આ બધો કરીને જાણીને ધ્યાન. કે આવો કરવો.. આવો કરવો... આવો કરવો... આવો કરવો... એ જ્ઞાન એનું (ને) તો થાય જડની. એ જડ ક્રિયા આંધળી છે.

મુમુક્ષુ :- લાદીમાં કેવો રંગ અને ભાત..

ઉત્તર :- નાખે. એ લાદીનો મોટો વેપાર છે એને. કહો થાણામાં મોટો છે, મુંબઈમાં છે ફેક્ટરી મોટી. પોપટભાઈને ઓળખો છો ને? બે કરોડ રૂપિયા છે એની પાસે એમ લોકો કહે છે. વાત સાંભળી છે. આપણે ક્યાં...?

મુમુક્ષુ :- બુદ્ધિના કમાઈના હોય ને.

ઉત્તર :- કોના રૂપિયા?

આંધળા ઉપર લંગડો બેઠો એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. આંધળાનો પગ અને લંગડાની આંખ, પણ આંખને લઈને આંધળો ચાલે છે એમ નથી. આહાહા..! ભારે કામ ભાઈ! કહો, સુમનભાઈ! આ બધા ડહાપણ-બહાપણ તો ઊડી જાય છે આમાં તો. ડહાપણ નથી? છે તો છે. પણ એ કામ કરે છે એમ નહિ એટલે. આહાહા..! આંખ છે એ તો જીવની છે જ્ઞાનની હોં, પણ એને એમ થઈ જાય છે કે આ આંખ દેખે છે. આ તો જડ છે. આંખ તો આ જડ છે, આ તો પોલું, કાળું આ તો જડ છે. એટલે એને એમ થઈ જાય છે કે આ આંખ દેખે છે.

મુમુક્ષુ :- એ .. ક્રિયામાં ન્યાય...

ઉત્તર :- ન્યાય ભગવાન કરે છે. વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર, એનો ન્યાય અનાદિથી કરી રાખ્યો છે. અનાદિથી કેવળીઓ થતા આવે છે. અરિહંત અને સર્વજ્ઞ પરમેશ્વર અનાદિથી થતા આવે છે. કોઈ દિ' ભૂતકાળમાં કેવળી અરિહંત નહોતા એમ નથી. અનાદિ કાળથી તીર્થંકરો, કેવળીઓ થતા આવે છે, મોક્ષ જાય છે, વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે અરિહંત કેવળી. એમના આ કથનો છે બધા. આહાહા..! અરે.. જૈનમાં જન્મ્યા એને ખબર ન મળે કે આ શું થાય છે જડનું અને કોણ કરનાર? એની પણ ખબર ન મળે. અને અમે ધર્મ કરીએ છીએ. શું ધૂળ કરે ધર્મ? આહાહા..!

અહીં તો એવું ભાઈ લીધું પરમાત્મપ્રકાશમાં તો. કે ધર્મ એટલે? કે સાધુપણાનું જે આચરણ છે વ્યવહારનું એ ધર્મ એટલે પુણ્ય, એ પણ હેય છે, આત્માનું આચરણ નહિ. ધર્મની વ્યાખ્યા કરતા એમ કર્યું છે. ધર્મ, અર્થ અને કામ, ત્રણથી ભિન્ન ભગવાન મોક્ષનો પુરુષાર્થ ભિન્ન છે. આહાહા..!

એવું લખ્યું છે ક્યાંક પરમાત્મપ્રકાશમાં. ધર્મ એટલે સાધુ જે સાચા સંત, એનો જે વ્યવહાર આચરણ—દયા, દાન, વ્રત, પંચ મહાવ્રત એવું મુનિનું આચરણ એ બધો શુભભાવ એ પુણ્ય છે તેને ધર્મ કહેવામાં આવે છે. એ ધર્મ નથી. એ પુરુષાર્થ ધર્મનો નહિ, એ પુણ્યનો પુરુષાર્થ. અર્થ-આ પૈસો ધૂળ. પુણ્યને લઈને અર્થ મળે એ અર્થનો પુરુષાર્થ, અને કામનો પુરુષાર્થ ભોગનો. ધર્મ, અર્થ અને કામનો પુરુષાર્થ ત્રણે હેય છે. મોક્ષને માટે થતો પુરુષાર્થ તે એક આદરણીય છે. આહાહા..!

ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. એની જાણવાની ક્રિયા અંદરમાં એકાગ્ર થાય એ મોક્ષની ક્રિયા છે. આહાહા..! ભારે કઠણ! એને નક્કી કરવું પડશે ભાઈ! આહાહા..! કોઈ શરણ નથી, કોઈ શરણ આપવા સમર્થ નથી. અરિહંત એ શું શરણ આપે? મંગળિકમાં બોલાય અરિહંતા શરણં, સિદ્ધા શરણં, શાહુ શરણં. એ તો કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એ શરણ છે. સર્વજ્ઞ ભગવાને એ કહ્યું કે તું આત્મા આનંદ અને જ્ઞાન મૂર્તિ પ્રભુ. આહાહા..! એ જ્ઞાન અને આનંદની પ્રતીતિ સ્વસન્મુખ થઈને કરવી, એનું સ્વસંવેદનથી જ્ઞાન કરવું અને એમાં ઠરવું એને ભગવાન ધર્મ કહે છે. એ મોક્ષનો પુરુષાર્થ ત્યાં હોય છે. બાકી ક્રિયાકાંડના દયા, દાન, વ્રતભાવમાં એ મોક્ષનો પુરુષાર્થ નથી. આહાહા..! ભારે આકરું પડે. કહો, કાંતિભાઈ! ભાઈ આ પંદરસોનો પગાર છોડ્યો માટે ધર્મ થઈ ગયો. એમ નથી. એ જાતની પાપની તીવ્રતા ઓછી એટલું. એય..! આવી વાત છે.

ચૈતન્ય ભગવાન અંદર આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદના સ્વાદથી ભરેલો પદાર્થ છે. એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો અંદરમાં, આનંદની દશાની પ્રાપ્તિ થવી પર્યાયમાં એનું નામ ધર્મ છે. આહાહા..! કેમકે એ આત્માનો એ આનંદ ધર્મ છે. સ્વભાવ. એમાં ધર્મ આનંદ પડ્યો છે આખો. આહાહા..! એમાં એકાગ્ર થઈને જે આનંદની દશા આવે એ રાગ વિનાની દશા, એને અહીંયા પરમાત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ધર્મ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

અમૃતના સ્વ-સામર્થ્યથી ભરેલો ભગવાન... આહાહા..! એ એનો સ્વભાવ જ છે, એ એનો ધર્મ જ છે. રાગની ક્રિયા જે દયા-દાન એ એનો ધર્મ નથી. એ એનો સ્વભાવ નથી. આહાહા..! અહીં તો જાણનારને જાણનારને જાણીને જે અંદરમાં એકાગ્રતા થાય, એ એનો જ્ઞાનધર્મ, આનંદધર્મ, એના ધર્મમાં શ્રદ્ધા ધર્મ પડ્યો હતો, ચારિત્ર ધર્મ જે પડ્યો હતો એની એકાગ્ર થતાં જે પર્યાયમાં સમ્યજ્ઞાન, સમ્યક્‌શ્રદ્ધા, સમ્યક્ ચારિત્ર, સમ્યક્ અમૃતનો સ્વાદ આવે. આહાહા..! એને પરમાત્મા મોક્ષનો પુરુષાર્થ કહે છે. આહાહા..! અરે.. જગતને ક્યાંય.. સમજાણું કાંઈ?

અપવર્ગ આવે છે ને આપણે, નહિ? પહેલી ગાથા. '**वंदित्तु सव्व सिद्धे**' પુણ્ય, અર્થ—લક્ષ્મી અને કામભોગ. પુણ્ય એટલે આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પુણ્ય છે. એ ત્રણેય (વર્ગ) છે, ત્રણેય વર્ગ છે. એનાથી ભિન્ન મોક્ષનો માર્ગ તે અપવર્ગ છે. આહાહા..! ભિન્ન છે એ. આહાહા..! ઓલા ત્રિવર્ગ છે, આ અપવર્ગ છે. ત્રણ વર્ગથી ભિન્ન છે. બહુ માર્ગ બાપુ! અનંતકાળ એણે આમ ને આમ ગુમાવ્યો ભ્રમમાં ને ભ્રમમાં. જૈનનો સાધુ પણ અનંતવાર થયો, સાધુ થયો અનંત વાર, પણ આ ભ્રમણા એની ગઈ નહિ અંદરથી.

મુમુક્ષુ :- .. ભવમાં થયા એટલે પડ્યો છે.

ઉત્તર :- અનંત વાર થયા છે હવે કેટલા શું? એમાં આ દીક્ષાનું કહ્યું? ઠીક. આવા આઠ હજાર શું લાખની પેદાશ મહિને કરોડની, અબજની, એવો અનંતવાર થઈ ગયો છે, હવે નવું શું છે એમાં? એય..!

મુમુક્ષુ :- આંખનું તેજ જુદું. તે દિ' એવા સંચા ક્યાં હતા?

ઉત્તર :- ભલે ન સંચા હોય. આહાહા..! આ ઓલો નથી? રાજા નથી? એક એક કલાકની લાખ-દોઢ લાખની પેદાશ છે. તેલ નીકળે છે નહિ.

મુમુક્ષુ :- ઈરાક.

ઉત્તર :- હા એ દેશ નાનો છે પણ તેલ બહુ નીકળે છે. રાજા. એક કલાકની લાખની પેદાશ. એક દિ'ની ચોવીસ લાખની પેદાશ. લાખ, કોક તો દોઢ લાખ કહે છે. છાપામાં આવ્યું હતું. દેશ નાનો છે, પણ આ પેટ્રોલ તેલ બહુ નીકળે. પેટ્રોલ બહુ નીકળે છે? ગમે તે તેલ નહિ?

મુમુક્ષુ :- ક્રુડ ઓઈલ.

ઉત્તર :- હા એવું નીકળે, બહુ નીકળે. હવે એ કેટલા કરોડો-અબજો પેદા કરે છે. એને મારી નાખ્યો એના ભત્રીજાએ. ભત્રીજો ગાદીએ બેઠો છે. હવે એવો તો અનંતવાર થયો. એમાં ધૂળમાં શું છે ત્યાં? ૨૪-૨૪ લાખની પેદાશ એક દિ'ની. એ અત્યારે છે ને રાજા. હવે આવો કળિયુગ છે, હલકો કાળ, ત્યાં પણ આવા છે. તો સારા કાળમાં તો અનંતવાર રાજા થયો, અબજોપતિ શેઠ થયો અને શેઠાઈ છોડીને સાધુ થયો. પણ સાધુ બહારનો થયો, અંદર રાગથી ભિન્નતાની ક્રિયાના ભાન ન મળે. એ રાગની ક્રિયા એ મારો ધર્મ. આહાહા..! એમ માનીને મિથ્યાત્વમાં સાધુપણે મિથ્યાત્વને સેવ્યા. એક ભવ ઘટ્યો નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

આ ગુજરી ગયો નહિ આપણે હમણા? કીધું. ગોવાનો. શાંતિલાલ ખુશાલ. બે અબજ ચાલીસ કરોડ. દશાશ્રીમાળી વાણિયા આપણા. અને પાનસણાના. બે અબજ ચાલીસ કરોડ. મરી ગયો હમણાં નવ-દસ મહિના પહેલાં. એક દિ'માં.

મુમુક્ષુ :- એક કલાક.

ઉત્તર :- એક કલાક શું પાંચ મિનિટમાં. અહીં દુઃખાવો થાય છે, દુઃખાવો થાય છે એમ બોલ્યો. રાતે દોઢે ઊઠ્યો. ડોક્ટરને બોલાવો. જ્યાં ડોક્ટર આવે ત્યાં ભાઈસાહેબ પરલોક. જાવ રખડવા. આહાહા..! એય.. આવ્યો એનો ભાણેજ બેઠો છે ને. આ બેઠો. એના બહેનનો દીકરો છે આ બેઠો. એના બાપ કહેતા પોપટભાઈ કે મારા મોટાભાઈ લઈ ગયા હતા એને ત્યાં ૩૫ વર્ષ પહેલાં. દુકાન ચલાવી બેએ ભાગમાં એવું કાંઈક કહેતા હતા. પોપટભાઈ કહેતા હતા. એમાં આ ૩૫ વર્ષમાં આ બધા બે અબજ ચાલીસ કરોડ થઈ ગયા. પૂરું થઈ ગયું પુણ્ય, મરીને ચાલ્યો ગયો. આહાહા..!

અને તારી મામી તો અસાધ્ય છે હજી. સાંભળ્યું છે? શાંતિલાલ ખુશાલની વહુ છે એ સાત મહિનાથી અસાધ્ય છે, બેશુદ્ધ. આહાહા..! રૂપિયા શું કરે ત્યાં ધૂળના? ૪૦-૪૦ લાખના બંગલા છે

ગોવામાં. એ ધૂળ અનંતવાર મળી, પણ આત્મા લક્ષ્મી કેવી આત્માની છે? આહાહા..! એ લક્ષ્મીની એણે સંભાળ કરી નહિ કોઈ દિ'. ચીમનભાઈ! આ બહારથી જાણે બે, પાંચ, દસ લાખ થઈ ગયા માટે વધી ગયા અમે. જામનગરમાં ક્યાં હતું આવું? નહિ? ચીમનભાઈ! આહાહા..!

અહીં તો પ્રભુ કહે છે, ભાઈ! તું તો જાણનાર છો ને. જાણનાર તે તું છો અને આ જે વાણીની, દેહની એ ક્રિયા બધી થાય તે આંધળાની ક્રિયા છે. આહાહા..! ભારે વાત ભાઈ! એ દયા, દાન, વ્રતના પરિણામ છે એ પણ આંધળા છે, એ પણ શરીરનો ધર્મ છે. આહાહા..! જીવનો નહિ, ભાઈ! એ તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્યપિંડ છે ને. એ જ્ઞાનનો ગાંઠડો છે એ. એ જ્ઞાનમાંથી શું નીકળે? જ્ઞાનમાંથી જાણવું, શ્રદ્ધા, સ્થિરતા એ નીકળે. રાગ કરે અને પરની ક્રિયા થાય એ નીકળે એમાંથી? આહાહા..! અરેરે..! એણે કોઈ દિ' પોતાની દયા ન કરી. પરની દયા કરવા નીકળી પડ્યો. આહાહા..!

જેવું એનું વીતરાગી અમૃતસ્વરૂપથી ભરેલું તત્ત્વ છે, એ જીવતું તત્ત્વ એટલું ટકતું તત્ત્વ એ છે. એને ન માનતા રાગની ક્રિયાથી મને ધર્મ થાય, દેહની ક્રિયા મારાથી થાય, એ ચૈતન્યના જીવનને એણે મારી નાખ્યો છે. આહાહા..! આ ચૈતન્ય વીતરાગ અમૃતથી ભરેલો પ્રભુ, વીતરાગી અમૃતના સાગરથી ભરેલો ભગવાન. આહાહા..! એને માટે પરમાં સુખ છે એવી બુદ્ધિ, પૈસામાં, સ્ત્રીમાં, ભોગમાં, વિષયમાં, આબરૂમાં. એ જીવને મારી નાખે છે. એનો આનંદસ્વભાવ એનો એ નકાર કરે છે. આહાહા..!

મોહાંધ પુરુષો-મોહમાં આંધળા થયેલા, આવા જીવનની જ્યોત અંદર વીતરાગમૂર્તિ. આહાહા..! એનો નકાર કરે છે. એની હયાતીનો સ્વીકાર નથી. અને રાગ અને એક સમયની પર્યાયનો એનો હયાતીનો સ્વીકાર. આહાહા..! એ બહિરાત્મા છે. આહાહા..!

'**લંગડા-આંધળાનું-બંનેનું સંયોગરૂપ જોડું છે. માર્ગે ચાલવામાં લંગડાની દૃષ્ટિ અને આંધળાના પગ કામ કરે છે. આ બંનેની સંયુક્ત ગતિનો ભેદ નહિ જાણનાર કોઈ મંદ દૃષ્ટિવાળો પુરુષ એમ સમજે છે કે આ અંધો જ સાવધાનીપૂર્વક જોઈને ચાલી રહ્યો છે,...**' આહાહા..! '**પણ તેનો એ ભ્રમ છે; તેવી રીતે આત્મા અને શરીરના સંયોગ સંબંધનો ભેદ નહિ જાણનાર બહિરાત્મા શરીરની ક્રિયાને...**' વાણીની ક્રિયા, ખાવા-પીવાની ક્રિયા એ '**આત્માની ક્રિયા સમજે છે અર્થાત્ શરીરને જ આત્મા માને છે. એ તેનો તેવો ભ્રમ છે.**' વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૭, બુધવાર તા. ૩૦-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૯૧-૯૨,**
**પ્રવચન - ૧૦૫**

સમાધિતંત્ર. તંત્રનો અર્થ શાસ્ત્ર પણ થાય છે અને તંત્રનો અર્થ ઔષધિ પણ થાય છે. સમાધિતંત્ર છે આ.

મુમુક્ષુ :- અહીં બેમાંથી ક્યો અર્થ?

ઉત્તર :- બેય અર્થ છે અહીં. સમાધિતંત્ર એટલે સમાધિશાસ્ત્ર છે અને સમાધિરૂપ ઔષધિ છે આ. સમજાણું કાંઈ? જુઓ નવું આવ્યું. છે ઓલા અર્થમાં. પરમાત્મપ્રકાશમાં. સમાધિની વ્યાખ્યા કરી છે. સમાધિતંત્ર. તંત્ર એટલે શાસ્ત્ર, તંત્ર એટલે ઔષધિ. એનો ૯૧ શ્લોક.

મુમુક્ષુ :- મંત્ર તંત્ર.

ઉત્તર :- એ મંત્ર-તંત્ર એ. એ તંત્ર એટલે અહીં શાસ્ત્રને ઔષધિ કહે છે. મંત્ર, તંત્ર અને જંત્ર એમ કહે છે ને? ત્રણ આવે છે ને? મંત્ર એટલે આ લૌકિક આદિ, જંત્ર તો આ કરે લીટા ને ફીટા ને... જોયું નથી જંત્ર કરતા? એ છે. મંત્ર, તંત્ર, જંત્રની વ્યાખ્યા છે. ત્યાં આવે છે.

અહીં તો સમાધિ શાસ્ત્ર એ વાચ્ય છે, વાચક છે. અંદર આત્મા સમાધિ પામે એ એનું વાચ્ય છે. આહાહા..! સમજાય છે કે નહિ? શેઠ! વાચક-વાચ્ય સમજાણું? વાચક એટલે સમાધિશાસ્ત્ર એ શબ્દ છે અને અંદર સમાધિ પ્રાપ્તિ થવી તે તેનું વાચ્ય છે. ભાવ. જેમ સાકર શબ્દ છે એ વાચક છે. સાકર વસ્તુ છે એ એનું વાચ્ય છે. આ સાકર એમ કહે છે. આહાહા..! અરે.. અનાદિથી એમ ને એમ.

અને બીજી રીતે કહીએ તો એ શાસ્ત્ર છે એ પરવસ્તુ છે અને ખરેખર પરવસ્તુ તો દુઃખનું જ કારણ છે. આહાહા..! આ '**परदव्वादो दुग्गइ**' શબ્દ આવ્યો હતો. એમાં એનો વિસ્તાર કરો તો આ જ છે. એવું છે. બાપુ! આ મન, વચન અને કાયા અને શ્વાસ, એ પણ દુઃખના જ નિમિત્ત છે. પરદ્રવ્ય છે ને? આહાહા..! એવી વાત છે, બાપુ!

મુમુક્ષુ :- સુખમાં નિમિત્ત કોણ?

ઉત્તર :- સુખનું કારણ એક ભગવાન આત્મા જ છે સુખનું કારણ. આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્ર કહ્યા સુખદાયી.

ઉત્તર :- એ નિમિત્તના કથન બધા ભાષા. બાકી શાસ્ત્ર એ પર છે કે નહિ? પરદ્રવ્ય છે ને? તો '**परदव्वादो दुग्गइ**'ની વ્યાખ્યા શું? એય..! ઝીણી વાત બાપુ આ તો મૂળ વસ્તુની વાત છે ને. આહાહા..! ચૈતન્ય સ્વભાવ આનંદનો સાગર પ્રભુ છે. એય.. શેઠ! તમારું સાગર આવ્યું.

મુમુક્ષુ :- આનંદરૂપી સાગર.

ઉત્તર :- આનંદ સાગર છે આ. ત્યાં તો એને તમાકુના ગોદામના ગોદામ ભર્યા હોય છે અને એય મોટી મોટરું, મોટા..

મુમુક્ષુ :- એ ગમે તે વખતે ખૂટી જાય અને આ કોઈ દિ' ગોદામ ખૂટે નહિ.

ઉત્તર :- પણ અહીં તો કહે છે કે એ પરદ્રવ્ય છે એ દુઃખનું કારણ છે. શેઠ! એને દુનિયા સુખી કહે. આહાહા..! મન-વચન અને કાયા અને શ્વાસ પણ દુઃખના નિમિત્ત છે. એ સુખના નિમિત્ત છે. આહાહા..! પર ઉપર લક્ષ જાય એટલે વિકલ્પ જ થાય છે. આહાહા..! આવી વાત છે. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ, એ પોતાનું લક્ષ છોડીને પરના લક્ષમાં જેટલો કાળ જાય, એટલો કાળ એને વિકલ્પ અને દુઃખ જ છે. આહાહા..! કહો, પોપટભાઈ! આ તમારા પૈસા-બૈસા દુઃખનું નિમિત્ત છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આકુળતા. પરવસ્તુ દુઃખનું નિમિત્ત છે એમ કહે છે.

મુમુક્ષુ :- હવે તો પૈસાવાળાના સરકાર .. ઉંઘમાં દુઃખી.

ઉત્તર :- એ તો હળવે-હળવે હવે સીધું પકડે છે એકદમ. દરોડા પાડે છે નહિ કાંઈક? મુંબઈમાં. પણ ન હોય તો એ પૈસા છે એ પરદ્રવ્ય છે અને પરદ્રવ્ય દુઃખનું કારણ છે. આહાહા..! ગજબ વાત! ઝીણી વાત બાપુ! આ તો મારગડા આનંદનો નાથ પ્રભુ પોતે છે. આહાહા..!

જેને આનંદ જોતો હોય એનું ધામ એકલો આત્મા જ છે, બીજું કોઈ ચીજ આનંદને માટે આત્માને છે જ નહિ. આહાહા..! દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ આનંદને માટે નથી. આહાહા..! બાપુ! વીતરાગ ભાવ સમજવો બહુ કઠણ છે. આહાહા..!

મુમુક્ષુ :- એને ધર્મને અપવાદમાં મૂક્યો.

ઉત્તર :- અપવાદ-ફપવાદ છે નહિ. સિદ્ધાંતને અપવાદ હોય નહિ.

મુમુક્ષુ :- એ ત્રણ જ જગતમાં એમ કહે છે કે તું આત્માની સન્મુખ થા. બાકી બધા કહે છે અમારી સન્મુખ થયા.

ઉત્તર :- આ તો એક જ વાત છે. બાપુ! જ્યાં આનંદ છે આત્મામાં, અતીન્દ્રિય આનંદનું એ તો સરોવર-સરોવર. આહાહા..! અતીન્દ્રિય આનંદનથી ભરપુર છલોછલ ભરેલો છે. આહાહા..! એને આનંદ જોતો હોય, સુખ જોતું હોય, ધર્મ જોતો હોય તો ત્યાં જાવું પડશે એને. જે દુકાને મળે ત્યાં જાવું પડેને એને? આહાહા..!

મુમુક્ષુ :- માલ ટપાલમાં મોકલે ઘરે.

ઉત્તર :- એ માલવાળા મોકલે તો એને લેવા જાવું, ઓલું આવે એટલાને દેવું તો પડે ને જુઓને આમ. આહાહા..! રતિભાઈ! શું કીધું આ બધા તમારા પૈસા ને કારખાના?

મુમુક્ષુ :- કારખાનાના પૈસા હમણા શેઠિયાઓને ઉંઘવા દેતા નથી.

ઉત્તર :- રાજકોટમાં એટલું બધું નહિ હોય હજી. મુંબઈમાં હશે હજી. હળવે-હળવે પછી આવે એ જુદી વાત છે. મુંબઈમાં બહુ દરોડા પડે છે. પણ એ ક્યાં બાપા! આહાહા..!

અહીં તો આ મન, વચન અને કાયા જેનો નજીક વેપાર છે, કંપન્ન થાય એમાં નિમિત્ત ચીજ છે. યોગનું કંપન્ન થાય એ પોતાથી. એમાં આ શરીર, વાણી, મન જે જડ છે એ તો નિમિત્ત છે. હવે જેને કંપન્નમાં નિમિત્ત છે એને દુઃખનું કારણ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! સ્વવસ્તુ કોણ છે અને પરમાં શું છે એનું એને માહાત્મ્ય નથી. અનંતવાર આવા ક્રિયાકાંડ કર્યા અને રાગમાં આમ છે અને ધર્મ આમ છે. આહાહા..!

આજે બે જણા કોક આવ્યા હતા. વયા ગયા લાગે છે. શ્વેતાંબર હતા. અહીં ધુરંધર છે સાધુ ત્યાં છે ને. નેમવિજય.. આચાર્ય છે. કાંઈક યોગ થયો હશે તો મુંબઈથી આવ્યા હશે. અમે કાંઈક સાંભળ્યું. ત્યાં આવ્યા હતા કે અમે અહીંયાં સાંભળ્યું. યુવાન હતો એક. કીધું ભાઈ જુઓ અહીં તો આત્માના ધર્મની વાત છે, બાપુ! ધર્મ આત્મજ્ઞાનથી થાય એ સિવાય કોઈ રીતે ત્રણકાળમાં ધર્મ નથી. કીધું એ ત્યાં તમારે ચાલતું નથી. ત્યાં તો આ કરો.. આ કરો.. એ બિચારા ખુશી થતા હતા. આવી વાત આ. અને શાંત વાતાવરણ આવું. આહાહા..! અને આવા મોટા મકાન મોટા શહેરના જેવા. લોકોને હજી બહાર લાગે ને? અરે.. એ પરદ્રવ્ય છે આ પણ. ખરેખર તો દુઃખનું નિમિત્ત છે, ભાઈ! આહાહા..! એય..!

પરદ્રવ્ય છે એના ઉપર લક્ષ જતાં તો રાગ જ થાય. ચાહે તો વીતરાગની વાણી અને વીતરાગને પણ સાંભળવા બેસે તો વિકલ્પ થાય અને દુઃખ છે કહે છે. આહાહા..! આવી વાત. સમજાણું કાંઈ? સમાધિની વાત ચાલે છે ને? સમાધિ એટલે સુખરૂપ દશા. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સમાધિસ્વરૂપ છે. એટલે કે ત્રણે સુખસ્વરૂપ છે. આહાહા..! એ સુખના ભાવને પ્રગટ કરવાનું સાધન તો એ દ્રવ્ય વસ્તુ છે. આહાહા..! એને પ્રગટ કરવાનું સાધન પર તો નહિ, રાગ પણ નહિ અને એક સમયની પર્યાયનો આશ્રય પણ નહિ. આહાહા..! જેમાં આખો આનંદ પડ્યો છે, ધ્રુવ. એનો આશ્રય લેતા જે શાંતિ... શાંતિ... શાંતિ... સુખરૂપ સમાધિ, સુખરૂપદશ એને ધર્મ કહેવાય અને એને મોક્ષનો માર્ગ કહેવાય છે. આહાહા..! અરે.. સાંભળવા મળે નહિ એને ક્યાં જાવું છે? અનંતકાળથી રખડતો.

મુમુક્ષુ :- અનંતકાળથી આથડ્યો.

ઉત્તર :- આથડ્યો વિના ભાન ભગવાન. સેવ્યા નહિ ગુરુ સંતને. એનો અર્થ એ કે અમે શું કહ્યું છે એ એણે જાણ્યું નહિ. એ તો આપણે આવે છે ને ત્રીજી ગાથામાં નથી આવતું? અણાત્મા જ્ઞાનીએ આત્મજ્ઞાનીને સેવ્યા નથી. સેવવામાં પગ દાબવા હતા? આહાહા..! એમને જે કહેવું છે એ ભાવને એણે માન્યો નથી. આહા..! સમાધિતંત્ર એટલે? સમાધિ સ્વરૂપ ઔષધિ છે આ. જેનાથી ભવરોગ મટે. સમજાણું કાંઈ? જેનાથી ભવદુઃખ મટે, ભવરોગ મટે, ભવભ્રમણ મટે. આહાહા..! એ આ સમાધિ ઔષધ છે. એ ઔષધ એટલે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ઔષધ અને સમાધિ છે. એ સમાધિનું કારણ તો પરમાત્મા પોતે છે. આહાહા..! કહો, બાબુભાઈ! ગાડી (વાત) લાવી અહીં મૂકી

પાછી. આ ઓલા સાધન-ફાધન છે ને? આ મંદિર ને જાત્રા અને સમ્મેદશિખરને.

મુમુક્ષુ :- આ તો પરમ આગમ મંદિર.

ઉત્તર :- પરમ આગમમંદિર એ પણ એના ઉપર લક્ષ જાય તો રાગ થાય. આહાહા..! એવી ચીજ છે, બાપુ! એને બન્યું તો એને કારણે બન્યું છે. એ આવશે હમણાં.

'**જેમ આંધળાની ગતિમાં લંગડાની દષ્ટિ નિમિત્તમાત્ર છે—**' આંધળો ચાલે છે અને લંગડો બેઠો છે. માથે બેઠો છે. '**આંધળાની ગતિમાં...**' ગતિ કરે છે આમ. '**લંગડાની દષ્ટિ તો નિમિત્તમાત્ર છે–**' આંધળો ચાલે છે એ પોતાના ઉપાદાનની પર્યાયથી ચાલે છે. એ કાંઈ ઓલો આંખે બતાવે છે માટે ચાલે છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**આંધળાની ગતિમાં...**' ગતિ કરે છે ને? આમ ચાલે છે આમ એમાં '**લંગડાની દષ્ટિ નિમિત્તમાત્ર છે..**' આંધળો શરીરની ક્રિયાથી ચાલે છે એ તો સ્વતંત્ર છે. એ ઓલા માથે કહે છે કે આમ ચાલ માટે ચાલે છે. એમ નથી. આહાહા..! સુમનભાઈ! આવી વાતું છે. આમાં તમારા તેલના સાફ કરવા એ તો ક્યાંય રહી ગયા. આહાહા..! સાંભળવામાં મન નિમિત્ત છે. આહાહા..! તો એ કહે છે કે મન પણ દુઃખનું નિમિત્ત છે. આહાહા..!

મુમુક્ષુ :- તો સાંભળવું કે ન સાંભળવું એ નક્કી કરવું પડે.

ઉત્તર :- એ સાંભળવું, ન સાંભળવું એમાં આવી જાય છે. આહાહા..! એને વિકલ્પનો કાળ હોય છે સાંભળવાનો, પણ ખરેખર તો પર તરફનું લક્ષ છે. આહાહા..! ગજબ વાતું. '**परदव्वादो दुग्गइ**' કહીને તો ગજબ કરી નાખ્યું છે. એ સંતો કરે હોં. વીતરાગી મુનિ એ કહે. આહાહા..! જેને દુનિયાની પડી નથી. સત્યના ચરણે ગયા છે, તેને જગતના પ્રાણી અસત્ય તરીકે ભાસે છે. એને આ ઠીક પડશે કે નહિ? એને કાંઈ દરકાર નથી. આહાહા..! પ્રભુ! પણ તમે સંભળાવો છો ને ભાષા! બાપુ! એ પાંચ ઈન્દ્રિયો છે ને આ જડ. એ સાંભળવામાં નિમિત્ત છે, જ્ઞાન થાય છે પોતાથી. છતાં એ જડ ઈન્દ્રિયો છે એ પોતે દુઃખનું નિમિત્ત છે. આહાહા..! ભારે આકરું. વસ્તુની સ્થિતિ આવી છે. હો, આવે એ જુદી વાત છે ભાવ. પણ એ પોતે દુઃખરૂપ છે.

માણસ કહેને ઠીક શ્વાસ લઈએ તો સુખ પડે. અહીં તો કહે શ્વાસની ક્રિયા દુઃખનું નિમિત્ત છે. આહાહા..! ભાઈ! તારો આત્મા આનંદનો સાગર, એને આવા નિમિત્તથી કાંઈ લાભ થાય એવું છે નહિ. આહાહા..! એ ચાલનારને લંગડો આંખથી બતાવે છે, માટે એ નિમિત્ત છે, પણ એનાથી ચાલવાની ક્રિયા થઈ છે એમ નથી. આહાહા..! સુમનભાઈ! ત્યાં ઈજનેરીમાં નથી આ વાત ત્યાં કલકત્તામાં. કલકત્તા ક્યાં મુંબઈ. કલકત્તા તો અમારે કપુરભાઈ. આહાહા..! .. છે તો બેસે એકાંતમાં. આહાહા..!

કહે છે, '**આંધળાની ગતિમાં...**' ગતિ એટલે ચાલે એ ને. એમાં '**લંગડાની દષ્ટિ નિમિત્તમાત્ર છે–અર્થાત્ જેમ એ ગતિ અને દષ્ટિ વચ્ચે કર્તાકર્મ સંબંધ નથી,...**' એટલે કે લંગડાની દષ્ટિ કર્તા અને ચાલવાનું કામ એનું કર્મ, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આહાહા..! બાપુ! મારગડા બહુ સૂક્ષ્મ છે, ભાઈ! જેને ભવના અંત લાવવા છે. ભવસિંધુ ચોર્યાસીના દરિયાના અવતાર અનંત. એ દુઃખી છે ત્યાં. કેમકે જો સુખ હોય તો એણે ભગવાનની વાણી સાંભળી છે સમવસરણમાં અનંતવાર. જો એનાથી સુખ પ્રગટે તો એને સુખ એકવાર સાંભળતા લાગવું જોઈએ. આહાહા..! પણ એ સાંભળ્યું છે એ પરલક્ષમાં રાખીને સાંભળ્યું છે. સ્વલક્ષ કર્યું નથી એણે. આહાહા..! સાંભળવામાં પણ ભગવાનની વાણીમાં તો એમ આવ્યું હતું, તું સ્વલક્ષ કર, તારી ચીજ પડી છે ત્યાં નજર કર. આહાહા..! લોકોને નિશ્ચયાભાસ જેવું લાગે. આહાહા..! આખી દુનિયામાંથી તારા સુખને માટે કારણ હોય તો પ્રભુ તારો આત્મા છે. આહાહા..! પરદ્રવ્ય બધા દુઃખના નિમિત્તો. નિમિત્ત હોં. પરદ્રવ્ય સુખના નિમિત્તો એમ નથી. આહાહા..!

'**નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે-તેમ શરીરની ગતિનો આત્મા કર્તા નથી.**' શરીર ચાલે એ કર્મ-કાર્ય અને ઓલા લંગડાની દૃષ્ટિ કર્તા એમ નથી. આહાહા..! દેખે છે (તો) આમ દેખાડે, જો આ રસ્તે ચાલજે, આ રસ્તે ચાલજે ઉપર બેઠો બેઠો લંગડો. પણ છતાં એ ચાલવાની ક્રિયા એને કારણે થઈ છે. દેખાય છે નિમિત્તમાત્ર માટે એનાથી થયું નથી. આહાહા..! અરેરે..! વીતરાગમાર્ગ તો જુઓ! ઓહોહો..! જેને.. કહેશે હમણાં એ.

'**બંને વચ્ચે કોઈ વખતે માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે.**' આહાહા..! '**પરંતુ કર્તાકર્મ સંબંધ હોતો નથી.**' આત્માનું જ્ઞાન કર્તા અને દેહની ક્રિયા કર્મ એવું કોઈ દિ' છે નહિ. આહાહા..! '**અજ્ઞાનીને સંયોગ-સંબંધને લીધે બંનેના એકપણાનો ભ્રમ થઈ જાય છે...**' નિમિત્ત છે અને ઓલી નૈમિત્તિક ક્રિયા થાય છે સ્વતંત્ર. એમાં એને ભ્રમ થઈ જાય છે. '**અને તેથી તે શરીર અને આત્માને એક ગણી શરીરની ક્રિયા જીવ કરે છે એમ માને છે.**' એમ એ એને માન્યતામાં ભ્રમ ઉત્પન્ન થયો છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! શરીર એ જીવને દુઃખનું નિમિત્ત છે. છતાં શરીરને જીવનું જ્ઞાન નિમિત્ત છે, પણ એને દુઃખ નથી એને ત્યાં.

મુમુક્ષ :- સમકિત એ ધર્મનું નિમિત્ત છે.

ઉત્તર :- એ વાત જ ખોટી છે અહીં. '**शरीराद्यं खलु धर्म साधनम्**' એય..! એ તો વ્યવહારની વાતું કરી છે. આહાહા..! આ શરીર રજકણો જગતના, માટીના પિંડ.

બીજા દ્રવ્યોમાં પ્રદેશનો વિસ્તાર છે. માટે તેને સપ્રદેશી કહેવાય. પરમાણુના સ્કંધને સ્કંધ તરીકે છે માટે એને સપ્રદેશ કહેવાય. શું કીધું એ? બીજા દ્રવ્યો પુદ્‌ગલ સિવાય છે એ તો એનો (પ્રદેશરૂપ) વિસ્તાર છે માટે અહીંયાં પ્રદેશને સપ્રદેશી કહેવાય. સ્કંધને સપ્રદેશી વિસ્તાર થયો માટે નહિ, પણ સ્કંધપણું થયું છે એ અપેક્ષાએ એને સપ્રદેશી કહેવામાં (આવે), નહિતર છે તો અપ્રદેશ દરેક પરિણામ. આહાહા..!

મુમુક્ષુ :- સપ્રદેશી તો વ્યવહાર.

ઉત્તર :- એ પણ આ રીતે. ઓલો સ્કંધ થયો છે ને? એકરૂપની પર્યાયની લાયકાત છે એટલે ચિકાશની, લુખાશની. એને લઈને સ્કંધનું એને કહેવામાં આવે છે. એ પરમાણુ વિસ્તાર પામ્યો છે

માટે સપ્રદેશી છે એમ નથી. શું કીધું એ સમજાણું?

મુમુક્ષુ :- સ્કંધ વિસ્તાર પામે છે માટે પરમાણુ...

ઉત્તર :- એમ પરમાણુ વિસ્તાર પામ્યો માટે સ્કંધ થયો છે એમ નથી. આહાહા..! આત્મા અને ધર્માસ્તિ તો વિસ્તાર પામ્યા છે પ્રદેશે, માટે તે સપ્રદેશી છે. અને પરમાણુને સપ્રદેશી... પરમાણુ વિસ્તાર પામ્યા માટે સપ્રદેશી છે એમ નથી. આની ચાલે છે વાત અત્યારે. આહાહા..! આ પરમાણુ સ્કંધરૂપે થયા છે, પણ પરમાણુ વિસ્તાર પામ્યો છે એમ નથી. સમજાણું કાંઈ? એય.. કાંતિભાઈ!

ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, ઓલા આકાશ અને જીવ એ પણ વિસ્તાર પામ્યા છે માટે સપ્રદેશી છે. અસંખ્ય અને અનંત. કાળને તો એક સમયનો છે એક પ્રદેશ, એક દ્રવ્ય, એ કાંઈ વિસ્તાર પામ્યા નથી, તેમ સ્કંધરૂપે થયા નથી. આહાહા..! કાળનો એક દ્રવ્ય બીજા દ્રવ્ય સાથે સ્કંધરૂપે થયો નથી, તેમ એક દ્રવ્ય આમ વિસ્તાર પામીને પ્રદેશ થયા. એમાં કાંઈ.. એ તો એક જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ સ્કંધ થયો છે એ પરમાણુ વિસ્તાર પામ્યા માટે (સપ્રદેશી) નથી એટલું કહેવું છે અહીં. ફક્ત આમ એક જાતની પર્યાયમાં ચિકાશ-લુખાશની યોગ્યતા એથી સ્કંધ થયો, છતાં એ પરમાણુ તો પરમાણુમાં જ છે. એની પર્યાયમાં જ છે. આમાં કાંઈ બીજાની પર્યાયમાં ગરી ગયો છે એમ નથી. આહાહા..! પરમાણુ વિસ્તાર પામ્યા માટે સ્કંધ થયો એમ નથી. આહાહા..! શું ભગવાનની શૈલી! સત્યને સિદ્ધ કરવાની. ઓહોહો..! કહે છે કે આ શરીર તો, શરીરની દશાને જ્ઞાન નિમિત્ત છે એટલું. પણ તેથી શરીરની અવસ્થાને જ્ઞાન નિમિત્ત છે માટે જ્ઞાન કર્તા અને શરીર અને સ્કંધની અવસ્થા આમ આમ થાય એ એનું કાર્ય એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો! '**શરીર અને આત્માને એક ગણી શરીરની ક્રિયા જીવ કરે છે એમ માને છે.**' આહાહા..!

હવે દાખલો આપ્યો છે. જયધવલ. પેરો-૨૪૪, પૃષ્ઠ-૧૧૭, પુસ્તક-૭મું. '**बज्झ कारण निरपेक्खो वत्थु परिणामो।**' '**વસ્તુનું પરિણમન બાહ્ય કારણથી નિરપેક્ષ હોય છે.**' આહાહા..! આમ શરીર જે આમ ચાલે છે એ એના પરિણામ છે એ. એ બાહ્ય કારણથી નિરપેક્ષ છે. જ્ઞાન નિમિત્ત છે એના કારણથી નિરપેક્ષ પરિણામ છે એના. આહાહા..! શેઠ! આ સમજાય એવું છે.

મુમુક્ષુ :- શરીરના પરમાણુઓ ભિન્ન.

ઉત્તર :- હા, ભિન્ન-ભિન્ન છે અને તેનાથી છે. આ જે આમ આમ થાય છે એને જ્ઞાન જાણે છે અને જ્ઞાન આમાં નિમિત્ત છે, માટે આ પરિણામ થાય છે એમ નથી. બાહ્ય કારણની નિરપેક્ષતાથી તેના પરિણામ થાય છે. આહાહા..! સિદ્ધાંત તો જુઓ! એક ટૂકડો પણ સમજે, એક ન્યાય સમજે. આહાહા..!

જગતના જેટલા દ્રવ્યો છે તેના તે કાળે જે પરિણામ થાય છે, પર્યાય, એ બાહ્ય કારણથી નિરપેક્ષપણે થાય છે. આહાહા..! નિમિત્ત કહેવું અને એને નિરપેક્ષ કહેવું એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! છે ને જુઓને! '**बज्झ कारण**' એટલે '**બાહ્ય કારણ નિરપેક્ષ...**'

પહેલું '**बज्झ**' છે ને '**बज्झ**'? બાહ્ય કારણ '**कारण निरपेक्खो वथ्थु परिणामो।**' આ તો સમજ્યાને? જયધવલનું વાક્ય છે. વ્યવહારનયના કથન છે. આહાહા..!

તે તે પરિણામનો તે જન્મકાળ છે એમ કહો, કે તે તે પરિણામ ત્યાં ત્યાં જે પર્યાય જડની આમ થાય, આ ભાષાની પર્યાય થાય, એને આ હોઠની, નિમિત્તની નિરપેક્ષપણે ભાષાની પર્યાય થાય છે. આત્માની પર્યાયના વિકલ્પની અપેક્ષા તો એને નથી. પણ આ હોઠની અપેક્ષાથી નિમિત્ત છે આ તો. એથી ભાષા થાય છે એમ નથી. એ ભાષાના પરિણામને હોઠના પરિણામ નિરપેક્ષપણે કામ કરે છે આ. એની અપેક્ષા રાખીને ત્યાં પર્યાય થાય છે એમ નથી. આહાહા..! આ તમારા લાદીના ચાલે છે ને મોટા? એ કારીગર નિમિત્ત છે માટે ત્યાં થાય છે એમ નથી.

મુમુક્ષુ :- મોટા ભાઈનું ડહાપણ છે માટે ત્યાં.

ઉત્તર :- ધૂળેય ડહાપણ નથી ત્યાં એના. બધા ડહાપણ બધા. તમને લાગતા હશે ને ડહાપણવાળા. કે આ બધું તેલ-બેલ સરખું. આહાહા..!

ભગવાન, આ તો ભગવાનના ઘરની વાતું ભાઈ! આહાહા..! પરમ સત્ય, પરમ સત્યનું આ ઉદ્‌ઘાટન છે. આહાહા..! એમાં કોઈની અપેક્ષા રાખીને એ પરિણામ જડના, ચૈતન્યના થાય.. આહાહા..! આત્મામાં સમ્યગ્દર્શનના પરિણામ પરદ્રવ્યની નિરપેક્ષતાથી થાય છે, એટલે વિકલ્પ વ્યવહાર છે માટે નિશ્ચય થયો, શાસ્ત્રમાં ભાષા એવી આવે. આ પરમાત્મપ્રકાશમાં બહુ આવે, વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય, વ્યવહાર સાધન. પણ એનો અર્થ એ છે એ વખતે એટલી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા આનંદનો નાથ પ્રભુ, એની અંદરમાં સ્વસન્મુખ થઈને જે પ્રતીતિ થઈ સમ્યગ્દર્શનની, એ પરિણામને બાહ્યકારણની નિરપેક્ષતા છે, બાહ્ય કારણની એને અપેક્ષા છે નહિ. એવો જ વસ્તુના પરિણામનો સ્વભાવ છે. આહાહા..! તો એ પર્યાય સત્ છે. સત્‌ને પરની અપેક્ષા કેવી? સત્ અહેતુક છે. આહાહા..! આ બધા ત્યાં વળગે છે ને ઓલામાં? છ ઢાળામાં. નિયતીનો હેતુ. એય..!

મુમુક્ષુ :- હેતુ નિયતકો હોઈ.

ઉત્તર :- હેતુ નિયતકો હોઈ.

મુમુક્ષુ :- એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવી.

ઉત્તર :- બાપુ! એ તો નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરે. આહાહા..!

આત્મામાં નિયત-નિશ્ચય પરિણામને બીજા કોઈપણ પરિણામની અપેક્ષા વિના થાય છે, નિરપેક્ષપણે થાય છે જુઓને. '**बज्झ कारण निरपेक्खो**' આ મહાસિદ્ધાંત છે. બે કારણથી કાર્ય થાય એમાં લોકો મુંઝાઈ ગયા છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં ને એ બહુ આવે. એ તો એક નિમિત્ત છે એનું સાથે જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? વાતું આવી બાપુ! આહાહા..! બહુ આકરી. આ ભાષા નીકળે છે એને કહે છે કે આત્માનો વિકલ્પ ઉઠ્યો માટે નીકળે છે એની અપેક્ષા છે જ નહિ, અને જ્ઞાનમાં એમ આવ્યું છે કે સત્ય આમ હોવું જોઈએ બોલવામાં. માટે એને જ્ઞાનની અપેક્ષા થઈ

એથી વાણી એવી નીકળે છે (એમ નથી). આહાહા..!

આગમના શબ્દો છે શાસ્ત્રના, એને સાંભળે છે તો એ જ્ઞાન થાય છે, એવી જ્ઞાનને થવાને સાંભ-ળવાની અપેક્ષા નથી. એમ કહે છે. આહાહા..! એમ કે મૂર્તિમાં તો કાંઈ નથી પણ શાસ્ત્રમાં તો કાંઈક છે ને જ્ઞાન પાનામાં? બરાબર જ્ઞાન એવું સમજાવે તો એમાં કાંઈ જ્ઞાન નથી? એ શાસ્ત્રના પાનામાં પણ જ્ઞાન નથી. આહાહા..! આત્માને આત્મજ્ઞાન થવામાં શાસ્ત્રના પાનાની નિરપેક્ષતાથી જ્ઞાન થાય છે. આહાહા..! કહો, સુજાનમલજી! આહાહા..! પડદો ફાડ્યો. ભ્રમના પડદા તોડી નાખ્યા. આહાહા..! હરિભાઈ આવ્યા?

મુમુક્ષુ :- તબિયત સારી નથી એટલે..

ઉત્તર :- એમ? ઠીક. ડોક્ટર છે નહિ? અહીં આવે છે. પ્રેમ છે. ડોક્ટર પણ માંદા પડે? ઓલા હરકિસનમાં ગયા હતા ને? મોટો ડોક્ટર ભાઈ એને સંભાળનાર હતો કોક. એને ઓળખો છો ને. હરકિસન નહિ? મોટો એક હતો. .. ત્યાં ગયા હતા અમે. અમારા ભાઈ માટે ગયા હતા ને ધીરૂભાઈ માટે. ના શું? ચુનીલાલ માટે. ચુનીલાલ આ આપણા જોબાળિયા. ધીરૂભાઈના ભાઈ. એ ત્યાં હતા ને માંદા. ત્યાં ગયા હતા. તો એની વહુ આવી હતી. એ ડોક્ટર પડ્યા હતા ઓલીકોર. મહારાજ દર્શન કરવા છે. હાલો કીધું ભાઈ! ડોક્ટર હતા કાર્યકર. ભાન વિનાનો. કાંઈ સાંભળતો સાધતો બરાબર. કાંઈ આમ દીન થઈ ગયેલો દીન. હાય... હાય.. મરી ગયા કહે છે. મરી ગયા. આપણા આ નહિ ચુનીભાઈ તમારા. જોબાળિયામાં માંદા હતા ને? હરકિસન નહિ? હરકિસન. ખાટલો નહોતો ભાઈ આપણે આ બાજુ ખાટલો હતો. ગયા હતા ત્યારે ઓલી વહુ આવી હતી અંદર હતા. આવો ભાઈ કીધું. આ ડોક્ટર લ્યો. આહાહા..!

એ શરીરના જે સમયના જે પરિણામ જે પ્રકારે થવાના એને પરની કોઈ અપેક્ષા છે નહિ. આહાહા..! શરીરમાં નિરોગતા થવાના પરિણામમાં પણ દવાને પરની અપેક્ષા છે નહિ. આહાહા..! ધીરૂભાઈ! આ પરના પરિણામ થવામાં તમારા જેવા કાર્યકર્તાની અપેક્ષા નથી એમ કહે છે. આહાહા..! ભારે શબ્દ છે. એમણે મેળવ્યું છે છોટાભાઈએ બહુ. આ સિદ્ધાંત બહુ સારો મૂક્યો છે આ. છોટાભાઈ હતા એ. કેવા ભાઈ કહેવાય એ? ભણેલાને. ભણેલાનો .. બી.એ. નહિ? હા, બી.એ. આ કાઢ્યું જુઓ. જયધવલમાંથી આ ટૂકડો મૂક્યો. છોટાભાઈ હતા. અહીં વ્યાખ્યાનમાં આવતા. ગુજરી ગયા. છેલ્લે ગયા હતા અમે ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- બી.એ. એસ.ટી.સી.

ઉત્તર :- હા, એ, બી.એ. બી.એ.

મુમુક્ષુ :- સહાયક..

ઉત્તર :- એ બધી વાતું વ્યવહારની એવી છે. હોય તોય એની અપેક્ષા રાખીને પરિણામ થતા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

આ રોટલી દાંત વચ્ચે ભુક્કો થાય ને? એ ભુક્કા થવામાં દાંતની અપેક્ષા છે જ નહિ કહે છે.

એમ કહે છે.

મુમુક્ષુ :- દાંત વગરનો થઈ જાય ને ભુક્કો?

ઉત્તર :- એ દાંત વિના જ એના પરિણામ દાંતના અભાવમાં એના પરિણામ થયા છે. આહાહા..! આવી વાતું બાપુ! આહાહા..! ભગવાને જોયેલા છ દ્રવ્ય, ભગવાને જોયેલા એક એક દ્રવ્યના અનંતગુણો, ભગવાને જોયેલા અનંતગુણની એક એક સમયની તે તે કાળની પર્યાય એને પરની અપેક્ષા છે નહિ કહે છે. આહાહા..! કેમકે દ્રવ્ય સત્, ગુણ સત્ અને પર્યાય (સત્) છે. વિકાર પરિણામને પરની અપેક્ષા નથી. આ પરિણામમાં તો એ ન આવે? આહાહા..! એય.. ચેતનજી! વિકાર આવે કે નહિ? '**बज्झ कारण**' બાહ્ય કારણ નિરપેક્ષ વસ્તુના પરિણામ. પછી વિકાર હો કે અવિકાર હો, મોક્ષમાર્ગ હો કે બંધમાર્ગ હો, મિથ્યાત્વ હો કે સમકિત હોય, એને બાહ્ય કારણની અપેક્ષા વિનાના એ પરિણામ છે. આહાહા..! મોટું આ ધમાધમ ચાલી હતી તે દિ'. આહાહા..!

બાપુ! દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ સત્ છે. ૧૦૭માં આવ્યું નહિ? દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. ૧૦૭ ગાથા નહિ? સત્‌નો વિસ્તાર છે. નિમિત્તનો વિસ્તાર છે. મૂળ ગાથા છે. ઓહોહો..! દ્રવ્ય સત્, ગુણ સત્ અને તે કાળનો પર્યાય એ સત્‌નો તેનો તે વિસ્તાર છે. આહાહા..! જેમ ઘણા પ્રદેશે વિસ્તારવાળું દ્રવ્ય એને સપ્રદેશી કહીએ. એમ દ્રવ્ય, ગુણનો વિસ્તાર પર્યાયમાં જાય છે. આહાહા..! એ પોતે વિસ્તરે છે ત્યાં પર્યાય, સત્‌પણે વિસરે છે. આહાહા..!

ખરેખર તો એ પર્યાય પરદ્રવ્યની અપેક્ષા વિનાના થયા છે, પણ એ પરિણામને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આહાહા..! અરે.. એ સત્ છે કે નહિ? છે ને. છે અને તે સત્ છે. હવે એને પરની અપેક્ષાથી... આહાહા..! ભારે ગડબડ ચાલી અત્યારે. આ સત્‌ને માળા ચોર કોતવાલને દંડે છે એવું છે. એકાંત છે તમારું, એકાંત છે. અનેકાંત નથી. અરે.. અનેકાંત છે. સ્વથી થાય અને પરથી ન થાય. એ અનેકાંત છે. સ્વથી થાય અને નિમિત્તથી થાય એ અનેકાંત નથી. એ તો એકાંત છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે નાખી વાત હોં.

'**નિમિત્ત હોવા છતાં, નિમિત્તથી નિરપેક્ષ ઉપાદાનનું પરિણમન હોય છે.**' જોયું! હોય છે. '**નિમિત્ત હોવા છતાં,...**' કુંભાર નિમિત્ત હોવા છતાં ઘડાની પર્યાય, કુંભારની અપેક્ષા વિના ઘડાની પર્યાય થઈ છે. એય..! આ તમારે ઈજનેર-ફીજનેર બધા. મકાનની પર્યાય થવામાં ઈજનેર નિમિત્ત, પણ એ નિમિત્તના નિરપેક્ષપણે મકાનની પર્યાય થઈ છે. આહાહા..! દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાયનું સત્, સત્‌નો વિસ્તાર છે. એ સત્‌નો વિસ્તાર છે, નિમિત્તનો વિસ્તાર છે નહિ. આહાહા..! અરે.. આવું સત્! આવું સ્વતંત્ર સત્, એને ન બેસે એ ક્યાં જશે? આહાહા..! ભાઈ! પરાધીન થઈને, પરને લઈને થાય એ વસ્તુની સ્થિતિ નથી. આહાહા..!

અમને આ ગાળ દીધી માટે એના ઉપર ક્રોધ આવ્યો. એમ છે જ નહિ. ક્રોધની પર્યાયને ગાળના નિમિત્તની અપેક્ષા છે જ નહિ. ભારે વાતું ભાઈ! સારું કાઢ્યું છે ભાઈએ. એ કાઢજો હોં આ પુસ્તક પછી. ૧૭મું પુસ્તક. ૭મું છે. પૃષ્ઠ-૧૧૭. પેરો-૨૪૪ એમ છે. પેરા એટલે? ફકરા પાડ્યા.

ઠીક. પેરેગ્રાફ. એટલા બધા પેરેગ્રાફ? ૨૪૪. નંબર હશે. આહાહા..! નંબર આપ્યા હશે. આહાહા..! શું સત્‌ની પ્રસિદ્ધિ! પ્ર-સિદ્ધિ. તે-તે દ્રવ્યના, તે-તે કાળના પરિણામ પ્ર-સિદ્ધ, પોતાથી સિદ્ધ છે. નિમિત્તની અપેક્ષાથી એ સિદ્ધ છે નહિ. આહાહા..! આ બધા તમે ઈજનેર અને ફીજનેર ને બધા જ્યાં ત્યાં ડંફાસ મારો ને. મકાન આમ કરી દઈએ, ફલાણું આમ કરી દઈએ. એ વિના પૈસા આપે ઓલા મફત? આઠ હજારનો પગાર આપતા હશે તો કાંઈક ડહાપણથી ક્રિયા થાતી હશે એટલે આપતા હશે કે નહિ?

મુમુક્ષુ :- કોણ પગાર આપે અને કોણ પગાર લે?

ઉત્તર :- આપે કોણ? લે કોણ? બાપુ! આહાહા..! એ ભગવાન આત્મા તો જડ, તે તે પરિણામને તે તે કાળે આપે અને તે પરિણામ તે પોતે લે. આહાહા..! સંપ્રદાન પણ એ. રાખે છે ને એ? દેનાર પણ એ, લેનાર પણ એ પરિણામના. આહાહા..!

આત્મા આહાર-પાણી બીજાને દઈ શકતો નથી એમ કહે છે. મુનિને આહારપાણી આપતા આહાર-પાણી આત્મા દઈ શકે છે એમ નથી. આહાહા..! એ આહાર અને પાણીના પરિણામ તેનાથી તે કાળે તેનાથી થયા એને પરની કોઈ અપેક્ષા છે નહિ. આહાહા..! આવી વાતું નાગી-ઉઘાડી વાત. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- બધે ઠેકાણે આમ સમજી લેવું. એક ને બે=ત્રણ આવે એ ઠેકાણે ત્યાં એને આ રીતે સમજી લેવું. આહાહા..! ભાઈ! તને શું થયું આ? પરદ્રવ્યના તને અભિમાન! હું છું તો આ થાય છે. આ બધી વ્યવસ્થા દુકાનની, ધંધાની, કુટુંબની, કબીલાની.

મુમુક્ષુ :- આવા વખતે પોતે જીતાય કે નહિ?

ઉત્તર :- ધૂળેય જીતાય નહિ. ગોંડલ શું? રામજીભાઈ જીતતા હતા એ તો એ વખતે એ પર્યાય એવી થવાની હતી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ગાંડાઓના કાયદા પણ જુદા હોય. આહાહા..! આ તો પરમાત્માના અથવા દ્રવ્યના કાયદા છે આ.

મુમુક્ષુ :- આ ભગવાનના કાયદા, ઓલા લૌકિક.

ઉત્તર :- દ્રવ્ય છે ને એ. જડેશ્વર છે ને? વિભાવ ઈશ્વર, સ્વભાવ ઈશ્વર, જડ ઈશ્વર—ત્રણ ઈશ્વર છે. ભગવાન આત્મા આનંદનો નાથ ત્યાં ભાન થયું તે સ્વભાવનો ઈશ્વર છે. એનું ભાન ન વર્તે અને વિભાવ વખતે એ વિભાવનો ઈશ્વર છે, પણ એ કર્મને લઈને વિભાવ થયો એવું નથી. આહાહા..! ઈશ્વરનય અને અનિશ્વરનય આવ્યું હતું ને. આહાહા..! આમાં જ લીધું છે. આહાહા..! ઈશ્વરનય ત્યાં દાખલો આપ્યો છે ને? મા ધવરાવે છે. ધાયમાતા ધવરાવે છે. એમ નિમિત્તને વશ થાય છે એ. આત્મા નિમિત્તને વશ, ઈશ્વરતાની શક્તિ વડે નિમિત્તને વશ થાય છે. આહાહા..! નિમિત્ત એને વશ

કરતું નથી, નિમિત્તને વશ થાય છે એ નિરપેક્ષપણે નિમિત્તની અપેક્ષા વિના વશ થાય છે. આહાહા..! જુઓ આ સમાધિ. આ રીતે જ્ઞાનમાં યથાર્થપણું આવે તો એને શાંતિ વળે. નહિતર ખદબદાટ. આકુળતા... આકુળતા... આકુળતા.. થાય. સમજાણું કાંઈ?

'**અંતરાત્મા શું કરે છે તે કહે છે :–**' હવે ૯૧થી વિરૂદ્ધની વાત લે છે. આ સિદ્ધાંત બહુ ઊંચો. વસ્તુનું પરિણામ. છે ને? વસ્તુ પરિણામ છેલ્લું. '**बज्झ कारण निरपेक्खो**' '**વસ્તુનું પરિણમન...**' ઓલો પહેલા શબ્દનો અર્થ બાહ્યકારણથી નિરપેક્ષ. સમજાણું કાંઈ? બે કારણથી કાર્ય (કહ્યું), પણ બીજા કારણથી નિરપેક્ષ એનું કાર્ય થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો ઉપાદાનથી થયું છે.

ઉત્તર :- એનાથી જ થયું છે, થાય છે. આ મોટો-ગોટો.. આહાહા..! મોટા માંધાતા સલવાઈ ગયા એમાં. એને કહ્યું નહોતું. સાંભળવા મળ્યું નહોતું. એ જાતની યોગ્યતા ન હોય ત્યાં શું થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહ્યું હતું ને તે દિ'. બધી એક જ વાત છે ને. ૬૨મી ગાથા તો વિકારને માટે છે અને આ તો બધા માટે છે. ૬૨ ગાથામાં કર્મની પર્યાય થવી અને વિભાવની થવી, એની વાત છે ત્યાં. અને આ છે તે દરેક દ્રવ્યના નિર્મળ અને મલિન... આત્મામાં નિર્મળ મલિન છે ને. બીજા ચારમાં ક્યાં છે? એ પરિણામનું થવું, નિમિત્તના બાહ્ય કારણની અપેક્ષા રાખ્યા વિના થાય છે. ઓહોહો..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતાથી છે. ધર્માસ્તિ શું કરાવે? ત્યારે ધર્માસ્તિ નિમિત્ત કહેવાય છે. નિમિત્તનો અર્થ તેપણે પોતે ગમન કરે છે. સ્વયં ગતિ પરિણમનને ધર્માસ્તિ નિમિત્ત એમ શબ્દ છે ને? તો એનો અર્થ શું થયો?

મુમુક્ષુ :- બધા નિમિત્ત ધર્માસ્તિકાયવત્ છે.

ઉત્તર :- બધા ધર્માસ્તિકાયવત્ કીધા. ૩૫ ગાથા. ઈષ્ટોપદેશ. આહાહા..! ભાઈ! તું સ્વતંત્રમાં આવી જા. બીજાના પરિણામમાં તારી પરાધીનતા છે માટે થાય એ રહેવા દે, અને તારા પરિણામમાં પરની અપેક્ષા છે માટે થાય એ રહેવા દે. આહાહા..! તને તારા પરિણામની ઉત્પત્તિમાં તું કારણ છો, એમ થતાં એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જશે. આહાહા..! સમજાણું કાંઈ? એને શાંતિ થશે, એને સુખ થશે, એને સમાધિ થશે. ઓલા બાવા સમાધિ કરે એ અહીં વાત નથી. આહાહા..! ઓહોહો..!

પ્રવચનસારમાં એમ કહ્યું ૧૦૨ ગાથામાં. દરેક દ્રવ્યના પર્યાયનો જન્મ નામ ઉત્પત્તિકાળ છે. આહાહા..! જેઠાભાઈ! આવી વાત છે. કર્મને લઈને વિકાર થાય નહિ એમ કહે છે. જેઠાભાઈની સાથે વાત થઈ ગઈ ને. ઓલા રામવિજય કહે કર્મથી વિકાર થાય તો આપણે ચર્ચા કરીએ. આ કહે કે એમ નહિ. કર્મથી વિકાર થાય એ અમારે માન્ય નથી. ના પાડે છે. તમારું આવી ગયું છે આમાં નહિ? આત્મધર્મમાં. એક જૈને એમ કહ્યું અને એક કર્મવાદીએ કહ્યું છે. ઓલાને કર્મવાદી ઠરાવ્યા છે. બેયને ચર્ચા થઈ હતી રામવિજય સાથે. એમના ગુરુ હતાને રામવિજયજી? એની પાસે શિક્ષણ

આપ્યું હશે. જો અહીંથી મળી રહે તો આપણે ફેરવવું નથી. એમ કહે. એવું હતું. ૫૦ પ્રશ્નમાં. ૫૦ પ્રશ્ન કર્યા હતા ને?

જો આપણામાં હોય, એમ કે શ્વેતાંબરમાંથી આવું નીકળે તો પછી આપણે ફેરવવું નથી. પણ કાંઈ નીકળ્યું નહિ એમ કહે. આહાહા..! એણે એમ કહ્યું. કર્મથી વિકાર થાય એમ માન્ય છે તમને? તો આપણે ચર્ચા કરીએ. આ કહે કર્મથી વિકાર થાય એ અમારે માન્ય જ નથી.

મુમુક્ષુ :- એક દ્રવ્ય બીજા દ્રવ્યનું શું કરે?

ઉત્તર :- શું કરે પણ? આહાહા..!

અહીં કીધું ને. વસ્તુના પરિણામ પરદ્રવ્યના કારણની અપેક્ષા રાખતા નથી. આહાહા..! અરે.. એક સિદ્ધાંત(નો) પણ જો (યથાર્થ) નિર્ણય કરે તો એને સત્યનું શરણ મળે. આહાહા..! ૬૨મી ગાથામાં કર્મની પર્યાય પણ આત્મામાં રાગની અપેક્ષા રાખ્યા વિના એ પરમાણુની કર્મપણે પર્યાય થાય છે એમ કહેવું છે. જ્ઞાનાવરણીય જે બંધાય છે, એ પરમાણુની એ કર્મરૂપે થવાના કાળે એ થઈ છે. એ આને અવર્ણવાદ, જ્ઞાનના અવર્ણવાદ કર્યા એવી નિમિત્તની અપેક્ષા રાખીને જ્ઞાનાવરણીય કર્મ, કર્મપણે પરિણમ્યું એમ નથી. આહાહા..! ગજબ વાતું છે ને! એ પ્રશ્ન પાછો ચાલ્યો હતો ત્યાં છઠ્ઠી સાલ. વિકાર ન કરે તો કર્મ કેમ ન થાય? માટે વિકાર કરે એટલી અપેક્ષા તો છે ને એને? બિલકુલ નહિ. ન કરે તો તે વખતે પરમાણુમાં કર્મ પર્યાય થવાની યોગ્યતા ન હોય. એમાં પ્રશ્ન શું તારો? આહાહા..! ભારે નિમિત્ત અને ઉપાદાન! ગજબ વાતું છે.

આત્માના જ્ઞાન પરિણામ થવામાં ચશ્માની નિમિત્તની બિલકુલ અપેક્ષા નથી એમ કહે છે. કાઢી નાખો ચશ્મા, થાશે જ્ઞાન? લ્યો હમણાં કહ્યું હતું. હમણાં આવ્યું હતું. તે દિ' કહ્યું હતું ત્યાં લીંબડી. ચંદ્રશેખર. પછી વિરોધનું પુસ્તક બનાવ્યું. હે ભગવાન! બાપુ! કોનો વિરોધ કરે છે ભાઈ? તને ખબર નથી. આહાહા..! જીવા, જીવાભાઈ ને? જીવાપ્રતાપનો ભત્રીજો છે. આવ્યા હતા લીંબડી આવ્યા હતા. ત્યાં હતા ને તમે?

કહે છે, એ વિકારના પરિણામ મિથ્યાત્વના થાય નિગોદના જીવને હોં. વસ્તુ પરિણામ એ બાહ્ય કારણની અપેક્ષા રાખતા નથી. આહાહા..! વેશ્યાને જોઈને એકને પરિણામ એવા આવ્યા કે અરે.. આ જુવાન મરી ગઈ. ધર્મ ન કર્યો. એકને એવા પરિણામ થયા કે આ જીવતી હોત હું વિષય લેત. આહાહા..! એકને એવા પરિણામ થયા કે આ માણસ ખસી જાય તો હું એને ખાઉં. કૂતરાને એવા પરિણામ થયા. એ પરિણામને એ વેશ્યાની નિમિત્તની અપેક્ષા નથી એમ કહે છે. એય..! સમજાણું કાંઈ?

સાધુ હતા વૈરાગી. એણે આમ જોયું કે અરે.. આહાહા..! આવો દેહ મડદું. એણે આત્માનું કર્યું નહિ કાંઈ. એ પરિણામ થયા. કૂતરાને એમ થયા કે આ માણસ જોવા ઊભા છે એ ખસી જાય તો ખાઉં. અને લંપટી એક યુવાન ઊભો હતો એને એમ થયું કે જીવતી હોત તો હું વિષય લેત આની સાથે રમત કરત. આહાહા..! હવે એટલું એક નિમિત્ત છે ને? છતાં આવા ત્રણ પ્રકારના પરિણામ

થયા એ નિમિત્તથી થયા? આહાહા..!

**'નિમિત્ત હોવા છતાં, નિમિત્તથી નિરપેક્ષ ઉપાદાનનું પરિણમન હોય છે.'** આહાહા..! શાસ્ત્રનું શ્રવણ કાને પડતા છતાં તેને તે કાળે જે જ્ઞાનના પરિણામ થાય, એને શાસ્ત્રના શબ્દોની અપેક્ષા નથી.

મુમુક્ષુ :- પ્રેરક નિમિત્ત તો...

ઉત્તર :- એકેય... પ્રેરક કહો કે ઉદાસીન કહો. બધું ધર્માસ્તિકાયવત્ છે. પ્રેરકમાં તો એ પોતે ઈચ્છાવાન છે એને માટે નામ આપ્યું. પણ એના વડે.. લ્યો! આ છે જુઓ. આ આટલું થયું તો ચાલ્યું. એમ નથી. એ એને આમ ગતિ થવામાં આંગળીના નિમિત્તની પ્રેરકની જરૂર નથી. એના પરિણામ તેને કાળે આંગળીની પ્રેરણાના નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના થયા છે. એ હમણાં ઓલો કહેતો હતો આવ્યો હતો. લ્યો અહીં લાકડું પડ્યું, એ આપણે ઉપાડીને મૂકીએ તો થાય. એની મેળાએ ઉપડે? એની મેળાએ ઉપડે સાંભળને.

મુમુક્ષુ :- આપણે બીડીને સળગાવીએ તો સળગે.

ઉત્તર :- એ તો એ સળગવાની હોય, એની પર્યાય થવાની હોય એમ થાય. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ ઓલો મનસુખ ઓલો આવ્યો હતો દાઢીવાળો. આહાહા..!

હવે એનાથી ઊલટી ૯૧મી ગાથામાં જે છે. **'ભેદને નહિ જાણનાર પુરુષ સંયોગના કાળે ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિને અંધપુરુષમાં આરોપે છે,...'** એ ૯૧. હવે ભેદને જાણનાર. એ શું છે? એ કહે છે લ્યો.

---

**अन्तरात्मा किं करोतीत्याह–**

**दृष्टभेदो यथा दृष्टिं पङ्गोरन्धे न योजयेत्।**
**तथा न योजयेद्देहे दृष्टात्मा दृष्टिमात्मनः।।९२।।**
**વિજ્ઞ ન માને પંગુની, દૃષ્ટિ અંધામાય;**
**નિજજ્ઞ ત્યમ માને નહિ, જીવદૃષ્ટિ તનમાંય. ૯૨.**

**टीका :– दृष्टभेदः पंग्बन्धयोः प्रतिपन्नभेदः पुरुषो यथा पंगोर्दृष्टिमन्धे न योजयेत्। तथा आत्मनो दृष्टिं देहे न योजयेत्। कोऽसौ? दृष्टात्मा देहाद्भेदेन प्रतिपन्नात्मा।।९२।।**

---

**અંતરાત્મા શું કરે છે તે કહે છે :-**

શ્લોક - ૯૨

**અન્વયાર્થ :- (दृष्टभेदः) જે ભેદ જાણે છે તે (यथा) જેમ (पंगोः दृष्टिं) લંગડાની દૃષ્ટિને (अंधे) અંધ પુરુષમાં (न योजयेत्) યોજતી નથી-આરોપતો નથી (तथा) તેમ (दृष्टात्मा)**

આત્માને શરીરાદિથી ભિન્ન અનુભવનાર અંતરાત્મા (आत्मनः दृष्टिं) આત્માની દૃષ્ટિને-તેના જ્ઞાન-દર્શન સ્વભાવને-(देहे) દેહમાં (न योजयेत्) આરોપતો નથી-અર્થાત્ દેહ સાથે એકરૂપ કરતો નથી.

ટીકા :- ભેદ જાણનાર અર્થાત્ લંગડા અને અંધનો ભેદ (તફાવત) જાણનાર પુરુષ, જેમ લંગડાની દૃષ્ટિને અંધમાં યોજતો (આરોપતો) નથી, તેમ તે આત્માની દૃષ્ટિને દેહમાં આરોપતો નથી. કોણ તે? દૃષ્ટાત્મા-અર્થાત્ જેણે દેહથી ભેદ કરીને આત્મા જાણ્યો છે તે (અંતરાત્મા).

ભાવાર્થ :- જે આંધળા અને લંગડાનો ભેદ બરાબરજાણે છે, તે બંનેના સંયોગના કારણે ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપતો નથી-અર્થાત્ આંધળાને દૃષ્ટિહીન અને લંગડાને દૃષ્ટિવાન સમજે છે; તેવી રીતે ભેદજ્ઞાની અંતરાત્મા, આત્મા અને શરીરના સંયોગસંબંધથી ભ્રમમાં પડી કદી પણ શરીરમાં આત્માની કલ્પના કરતો નથી, અર્થાત્ તે શરીરને ચેતનારહિત જડ અને આત્માને જ્ઞાન-દર્શનસ્વરૂપ જ સમજે છે.

વિશેષ

આત્મા અને શરીરનો એકક્ષેત્રાવગાહ સંબંધ હોવા છતાં ઉપયોગરૂપ લક્ષણથી આત્મા પરખાય છે; જેમ સોના-રૂપાનો એકપણારૂપ સંબંધ હોવા છતાં, તેમના વર્ણાદિ દ્વારા તે બંને ભિન્ન ભિન્ન પારખી શકાય છે તેમ.[1]

અંતરાત્માને શરીર અને આત્માનાં લક્ષણોનું બરાબર જ્ઞાન છે, તેથી તે બંનેને એકરૂપ અથવા એકને બીજારૂપ માનતો નથી. ૯૨.

## શ્લોક-૯૨ ઉપર પ્રવચન

दृष्टभेदो यथा दृष्टिं पङ्गोरन्धे न योजयेत्।
तथा न योजयेद्देहे दृष्टात्मा दृष्टिमात्मनः।।९२।।
વિજ્ઞ ન માને પંગુની, દૃષ્ટિ અંધામાય;
નિજજ્ઞ ત્યમ માને નહિ, જીવદૃષ્ટિ તનમાંય. ૯૨.

૧. સર્વાર્થસિદ્ધ-અ. ૨/સૂત્ર ૮ની સં. ટીકા.
...तेन बन्धं प्रत्येकत्वे सत्यप्यात्मा लक्ष्यते।
सुवर्णरजतयो बन्धं प्रत्येकत्वे सत्यपि वर्णादिर्भेदवत्।।

**'ટીકા :- ભેદ જાણનાર અર્થાત્ લંગડા અને અંધનો ભેદ (તફાવત) જાણનાર પુરુષ, જેમ લંગડાની દૃષ્ટિને અંધમાં યોજતો (આરોપતો) નથી,...'** આંધળાની દૃષ્ટિ આંધળાને કારણે ચાલે અને લંગડાની દૃષ્ટિ જ્ઞાન છે એ જ્ઞાનને કારણે જાણે. બસ. આહાહા..! **'તેમ તે આત્માની દૃષ્ટિને દેહમાં આરોપતો નથી.'** લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપતો નથી. તેમ ધર્મી જીવ ભેદજ્ઞાની આત્માની દૃષ્ટિને દેહમાં આરોપતો નથી. **'કોણ તે? દષ્ટાત્મા—અર્થાત્ જેણે દેહથી ભેદ કરીને આત્મા જાણ્યો છે તે (અંતરાત્મા).'** આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**અષાઢ વદ ૮, ગુરુવાર તા. ૩૧-૦૭-૧૯૭૫**
**શ્લોક - ૯૨-૯૩,**
**પ્રવચન - ૧૦૬**

એનો ભાવાર્થ છે. ૯૨ ગાથા. **'જે આંધળા અને લંગડાનો ભેદ બરાબર જાણે છે,...'** દૃષ્ટાંત લીધો છે ને? કે આંધળો ચાલે છે એને ખંભે એક લંગડો બેઠો છે. લંગડો આંખથી જણાવે છે એને. અને ઓલો આંધળો ચાલે છે. એમ આ શરીર છે, આ આંધળું છે આ જડ-માટી-ધૂળ. આત્મા છે એ પાંગળો છે. એટલે કે આંખવાળો છે, પણ એ ચાલી શકવાની ક્રિયા કરાવી શકે એ આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'આંધળા અને લંગડાનો ભેદ બરાબર જાણે છે, તે બંનેના સંયોગના કારણે...'** બેનો ભલે સંયોગ હોય, માથે લંગડો બેઠો, નીચે આંધળો ચાલતો હોય, બેના ભેદમાં **'ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપતો નથી-'** (કે) એ આંધળો છે એ જાણીને ચાલે છે. એમ આંધળાને અને લંગડાને ભિન્ન જાણે (કે) એ લંગડો જાણનાર છે અને આંધળો ચાલનાર છે. તે ચાલનારમાં જ્ઞાન છે એમ નથી. એ તો જડ છે, આંધળું છે આ શરીર તો. આહાહા..! આ તો દૃષ્ટાંત પહેલો હોં.

**'સંયોગના કારણે ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપતો નથી—અર્થાત્ આંધળાને દૃષ્ટિહીન અને લંગડાને દૃષ્ટિવાન સમજે છે;...'** આંધળાને દૃષ્ટિહીન અને લંગડાને દૃષ્ટિવાન. **'તેવી રીતે ભેદજ્ઞાની અંતરાત્મા,...'** જેને સાચું સત્ય જ્ઞાન થયું છે, એવો જે ધર્મી જીવ **'આત્મા અને શરીરના સંયોગ સંબંધથી...'** આત્મા અને શરીરનો સંયોગ સંબંધ છે આમ નજીક. પણ **'સંયોગ સંબંધથી ભ્રમમાં પડી કદી પણ શરીરમાં આત્માની કલ્પના કરતો નથી,...'**

એટલે? ધર્મી જીવ શરીરની ક્રિયા મારાથી-આત્માથી થાય છે એમ માનતો નથી. આહાહા..! આંધળો આંધળાની ક્રિયા જે જડની, શરીરની એ, આંધળો કરે છે, લંગડો નહિ. આહાહા..! એમ આ હાલવું, ચાલવું, બોલવું આ બધી ક્રિયાઓ આંધળા જડની છે. આહાહા..! એને લોકો ધર્મ માને છે કે આ શરીરની ક્રિયા મેં કરી, પૂજા કરી, ભક્તિ કરી, સ્વાહાઃ જાત્રા પગ ટાંગા ઊંચા મેં કર્યા શેત્રુંજય ચડ્યો એટલે આ દેહની ક્રિયા મેં કરી અને મેં જાત્રા કરી. આહાહા..! એમ મૂઢ જીવ જડની ક્રિયા આંધળી છે અને આંધળાની ક્રિયા છે એ આત્માની ક્રિયા છે એમ અજ્ઞાની માને છે. ચીમનભાઈ! આ શું તમારું કોન્ટ્રાક્ટરનું કામ ને બધું? કોન્ટ્રાક્ટરનું કામ એ બધું એ બધી જડની-આંધળાની ક્રિયા છે એ તો.

મુમુક્ષુ :- મકાન બંગલાના બંગલા રચે

ઉત્તર :- બંગલાના બંગલા રચે એ આંધળા જડની ક્રિયા છે. જડમાં ચૈતન્ય નથી. જડની ક્રિયાથી થાય છે. શેઠ! શેઠને તો મોટા મોટા મકાન છે ત્યાં.

મુમુક્ષુ :- મોટું કુટુંબ છે તો મકાન પણ મોટા જોઈએ.

ઉત્તર :- મોટા શેઠ રહે છે એ છ લાખનું મકાન છે અને નાના શેઠ રહે એ મોટું મકાન ઊંડું-ઊંડું ગયા હતા ત્યાં મોટું મકાન છે ઊંડે-ઊંડે. ઘણા લાખોનું. એવા તો કેટલાય મકાન છે એના.

મુમુક્ષુ :- હમણા સરકારની એના ઉપર કડી નજર છે. લાખોપતિ બહુ કહેવા જેવું નથી.

ઉત્તર :- આહાહા..! પણ એ તો જડના પતિ કહેવાય. આહાહા..!

લક્ષ્મી આંધળી, શરીર આંધળું, આ માટી આંધળી.. આહાહા..! આંખના કોડા છે એ આંધળા છે. આ કોડા દેખતા નથી. કોડા(ના) નિમિત્તથી દેખે પણ એ કોડા દેખતા નથી. આ તો જડ છે, માટી, આંધળું છે આ તો. અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તે જાણે છે. આહાહા..! અજ્ઞાનીને ખબર નથી. એમ ને એમ ધર્મને માને. દેહની ક્રિયા આ કરું, હું કરું છું... હું કરું છું... હું કરું છું... આહાહા..! શરીર નિરોગી હોય તો ક્રિયા ધર્મની ઠીક થઈ શકે. શું કીધું?

કે આંધળો છે એ ચાલે છે અને આંધળાને ખંભે બેઠો એ પાંગળો ચાલતો નથી. એ દેખે છે. અજ્ઞાનીને એમ થઈ જાય છે કે એ આંધળો જાણીને ચાલે છે. બરાબર પગ આમ મૂકવા, આમ મૂકવા. ઓલો માથે કહે કે જો આ ગાડાના રસ્તે રસ્તામાં વચમાં નહિ પણ આ બાજુ ચાલ. ગાડાને રસ્તા ચાલે ને? વચમાં ન ચાલી શકે. વચમાં તો ઊંચું-નીચું હોય અને ઉગેલું હોય ને એવું. એટલે આમ પૈડા જ્યાં હોય ત્યાં ચાલે. અજ્ઞાનીને એમ ભાસે કે એ આંધળો જાણીને ચાલે છે અહીં બરાબર. પણ જાણનાર તો લંગડો અંદર બેઠો છે. એ ચાલતો નથી, તેમ ચાલવાની ક્રિયા પણ કરતો નથી. આહાહા..! કપુરભાઈ! જુઓ આજ વળી નજીક આવ્યા પાછા ઓલીકોરથી. કાલે કહેવું હતું કે ભાઈ અહીં આવો ને મોઢા આગળ. આહાહા..! જુઓ આ.

દેહ આંધળો છે આ. આ આંખ જે છે એ આંધળી છે. આ કાન છે એ આંધળા છે, જીભ છે એ આંધળી છે, આ સ્પર્શ છે એ આંધળો છે. એ આંધળાની ક્રિયા લંગડો જેમ જાણે એમ જ્ઞાની આત્મા જાણે કે આમ થાય છે, પણ એ પોતે કરી શકે નહિ એની ક્રિયા. આહાહા..! ભારે વાત!

સંયોગમાં બેય રહ્યા છતાં. આંધળો અને લંગડો સંયોગે દેખાવા છતાં, સંયોગની ક્રિયા.. જ્ઞાની એ લંગડો સંયોગની ક્રિયા આંધળાની કરે છે એમ (ધર્મના) ડાહ્યા એમ માને નહિ. સમજાણું કાંઈ? એમ ધર્મના ડાહ્યા... કે આત્મા તો જ્ઞાનસ્વરૂપ જાણનાર છે. એ જાણનાર જાણે. અને ભાષા દ્વારા કદાચિત્ એને એમ કહે. પણ એ ભાષા પણ જડની છે. આહાહા..! આંધળાની છે. આહાહા..!

આંધળા ઉપર લંગડો ચડ્યો છે. એમ આ જડ-માટી-ધૂળ છે આ તો શરીર. એનું હાલવું, ચા-લવું, સ્વાહા પૂજામાં આમ થાવું, જાત્રાએ શરીર આમ હલવવું. આહાહા..! વાંચવાની ક્રિયામાં પણ શરીર અને ઈન્દ્રિય જે લીટી ઉપર... છે એનું જ્ઞાન કરે હજી, પણ એ લીટી ઉપરની આંખની ક્રિયા કરે એ આત્માની નહિ. આહાહા..! શેઠ! આવું છે ઝીણું બહુ. તમારે તો મોટા કેટલાય કામ થાય છે ત્યાં. કેટલા બીડીના મોટા શું કહેવાય? ગોદામ. જોયું છે કે નહિ? આહાહા..! કોણ કરે? બાપુ!

આત્માનું સ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ છે. અને તે જ્ઞાનસ્વરૂપ ઈન્દ્રિયથી જણાય એવું નથી. કારણ કે ઈન્દ્રિય આ જડ આંધળી છે.

મુમુક્ષુ :- ઈન્દ્રિજ્ઞાનથી જણાય છે.

ઉત્તર :- ઈન્દ્રિયનું જ્ઞાન કહે એ પણ નિમિત્તનું કથન છે. જ્ઞાન તો જ્ઞાનની પર્યાયમાં પોતાથી થયું છે. ઈન્દ્રિયથી થયું નથી. આહાહા..!

ચૈતન્યના અસ્તિત્વમાં જે જ્ઞાનનું ઘોલન અને પર્યાય થઈ એ કાંઈ આંધળી આંખ અને આ શરીર એને લઈને થઈ નથી. અને શરીર અને આંખ આમ કામ કરે આમ આમ થઈને, એ કાંઈ જાણનારને લઈને એ ક્રિયા થઈ નથી. આહાહા..!

મુમુક્ષુ :- આંખ મીંચીને આમ ફરે તો પડી ન જાય?

ઉત્તર :- પડી ન જાય એ પડવાની ક્રિયા (થવાની) તો જડની હોય તો થાય. એમાં આંખ મીંચી માટે જાણનાર નથી અંદર (એમ નથી). જાણનાર તો જાણે છે. આહાહા..! હરિભાઈ! બહુ આવું કામ છે. આ ધર્મને નામે પણ આ જાત્રા શરીરથી, આ દયા પાળવી શરીરથી. એ બધી આંધળાની ક્રિયાઓને આત્મા માને કે મારી છે આ. આહાહા..!

જેમાં જડ, વાણી, મનનો પ્રવેશ નથી અને જેની સત્તામાં આ વાણી, મન અને જડનું અસ્તિત્વ નથી. આહાહા..! એ તો એ જાણનાર જાણે જ છે. આહાહા..! ઈન્દ્રિયોના વેપારનું લક્ષ છોડી, મનના વેપારનું લક્ષ છોડી, જે અંતરમાં જ્ઞાનનો પ્રકાશ નજરે પડે, એ પરમાત્માનું સ્વરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- આત્માનો રંગ કેવો?

ઉત્તર :- એનો રંગ અરંગ છે. આહાહા..!

ઈન્દ્રિયો સંબંધી આંધળાની ક્રિયાનું લક્ષ છોડી દઈ, મન સંબંધીના વિકલ્પો પણ આંધળા છે, આહાહા..! એનું પણ લક્ષ છોડી દઈ અને જે ચૈતન્ય પ્રકાશનું પૂર પ્રભુ જે જ્ઞાનમાં ત્યાં જણાય છે એ પરમાત્મા પોતે છે. આહાહા..! એ આત્મા પોતે પરમાત્મસ્વરૂપે છે. આહાહા..! પોપટભાઈ!

આહાહા..! લાદીમાં આ બધી આ શું કહેવાય? ભાત નાખે છે. શું કહેવાય એને? ડિઝાઈન-ડિઝાઈન. જોયું હતું એકફેરી ઓલા જામનગરમાં. છે ને આપણો ઓલો વઢવાણવાળો નહિ? એ કોક છે. ત્યાં દૂધ પીધું હતું અને પછી આમ ગયા. ડિઝાઈન હતી આમ એક. નમુના બધા ભિન્ન-ભિન્ન જાતના. સ્થાનકવાસી છે. આહાહા..! જેવી પત્થરમાં ભાત નાખવી હોય ડિઝાઈન એવી નાખીએ. કહે છે કે એ ક્રિયા આત્મા કરે છે એમ માનવું એ મૂઢ જીવ છે.

મુમુક્ષુ :- ભલે મૂઢ રહ્યો પણ પૈસાવાળો તો છે ને.

ઉત્તર :- પૈસાવાળો નથી. રાગવાળો નથી તો પૈસાવાળો ક્યાંથી આવ્યો? એ તો જ્ઞાનવાળો છે. જ્ઞાનવાળો એ પણ ભેદ છે. આહાહા..! એ તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય છે.

વિકલ્પ અને મનના અને ઈન્દ્રિયો તરફના વિકલ્પ છોડીને કેમકે એ બધા આંધળા છે. આહાહા..! દેખનારને જેણે દેખવો છે, જાણનારને જેણે જાણવો છે, એ વસ્તુમાં તો વિકલ્પરહિત થઈ અંતર્મુખ ચૈતન્યના પ્રકાશનું અસ્તિત્વનું ભાન થાય તો એ પોતે પરમાત્મસ્વરૂપ ચિદાનંદ ઘન છે. આહાહા..! એ પરમાત્મસ્વરૂપ ભગવાન ઈન્દ્રિય અને શરીરની ક્રિયાઓ જે આંધળી છે એ જડ કરે છે, આત્મા કરતો નથી. આહાહા..! બહુ જગતથી ફેરફાર.

'**શરીરના અને આત્માના સંયોગ સંબંધી ભ્રમમાં પડી કદી પણ શરીરમાં આત્માની કલ્પના કરતો નથી,...**' આહાહા..! આંગળી દ્વારા પાના ફર્યા આમ. મારા ખ્યાલમાં હતું કે આ પાનું જોઈએ, માટે આંગળા ફરીને એ પાનું નજરમાં આવ્યું, એમ નથી. આહાહા..! ઓલામાં આવ્યું હતું નહિ? ડગલે-ડગલે-પગલે-પગલે. પ્રવચનસારમાં આવ્યું હતું. પર્યાયે-પર્યાયે એને વિવેક હોય છે જ્ઞાનીને. આહાહા..! એમ કહે છે. પગલે-પગલે શબ્દ હતો સંસ્કૃત ટીકામાં. આહાહા..! સમય સમયની જ્ઞાનની પર્યાયમાં સમયે સમયે અને પગલે-પગલે એટલે પર્યાયે-પર્યાયે રાગની ક્રિયા અને જડની ક્રિયાથી ભિન્નનું ભાન એને રહ્યા જ કરે છે. આહાહા..! કહો, પોપટભાઈ! આવી વાતું ભાઈ! એ કહે છે.

'**આત્માની કલ્પના કરતો નથી,...**' વ્યવસ્થિત કામ ઈન્દ્રિયોથી થાય, જે એના ખ્યાલમાં હોય કે આ હાથ ધ્વારા આ રોટલી તૂટે અને એ રોટલી આમ આવે મોઢામાં. આહાહા..! પણ એ સંયોગની ક્રિયામાં આત્માની ક્રિયા છે એમ જ્ઞાની જાણતો નથી. આહાહા..! છે? ભાવાર્થ. '**અર્થાત્ તે શરીરને ચેતનારહિત જડ...**' આહાહા..! આ તો માટી-જડ જાણતું નથી, આ આંખ જડ જાણતી નથી. આહાહા..! કાન સાંભળવાનું જ્ઞાન (કામ) કરતો નથી. જડ છે એ તો.

મુમુક્ષુ :- આત્માના પ્રદેશોમાં.

ઉત્તર :- કોના? પ્રદેશ એટલે જાણે છે. જાણે છે. એ કાંઈ પ્રદેશમાં રહેલું જે જ્ઞાન... પ્રદેશ તો એનું ક્ષેત્ર છે, એનો સ્વદેશ છે. આહાહા..! એ સ્વદેશમાં રહેલું જે જ્ઞાન એ દેહની ક્રિયાના કાળમાં સંયોગ દેખાતો હોવા છતાં.. એમ છે ને? જુઓને.

'**શરીરના સંયોગ સંબંધથી ભ્રમમાં પડી કદી પણ શરીરમાં આત્માની કલ્પના કરતો**

**નથી,...**' આહાહા..! વીતરાગ માર્ગ ભારે ઝીણો બાપુ! લોકોએ અત્યારે હલવ્યું છે. આ પૂજા કરો, ભક્તિ કરો, આ કરો ને. જડની ક્રિયા કરો તમને ધર્મ થાશે. આહાહા..! કદાચિત્ એમાં શુભભાવ હોય લ્યોને. એ પણ અચેતન જડ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આવી ગયું છે આપણે ત્યાં ૭૨ ગાથામાં. રાગ તે અચેતન છે. કેમકે રાગ આંધળો કહો કે અચેતન કહો—બેય એક જ વાત છે. આહાહા..! રાગ જે દયા, દાન, ભક્તિ, વ્રતનો વિકલ્પ ઉઠ્યો એ કાંઈ જાણતું નથી કે હું વિકલ્પ રાગ છું. એને જાણનારું જ્ઞાન તો ભિન્ન છે. વાત તો એવી છે કે જે કાળે જે પ્રકારનો રાગ-દ્વેષ થવાનો હોય તે જ તે કાળે તેનું જ્ઞાન કરતું પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેવી શરીરની ક્રિયા થવાની હોય છે અને જેવો અહીંયાં રાગ હોય છે કે દ્વેષ હોય છે તે સંબંધીનું તે પ્રકારનું, તે જ કાળે જ્ઞાનમાં સ્વપરપ્રકાશની પરિણતિ ઊભી સ્વતઃ થાય છે. આહાહા..! એને પછી ત્યાં સમયે સમયે ભેદ કરવો પડે છે (એમ નથી). એ ભેદ થયો એ ભેદ જ ચાલે છે. સમજાણું કાંઈ? રતિભાઈ! આવો માર્ગ છે આ. આહાહા..!

'**શરીરને ચેતનારહિત...**' એટલે કે આ ઇન્દ્રિયો જે છે બધી એ ચેતનારહિત જાણે છે જ્ઞાની તો. આ જડ છે. આહાહા..! શરીરના અવયવો છે ને એટલે એ શરીર છે એ. શરીરના અવયવો છે આ કાંઈ આત્માના અવયવ નથી આ. એ જડ છે, અચેતન છે અને આત્માને જ્ઞાન-દર્શનસ્વરૂપ જ સમજે છે. આહાહા..! જુઓ આ સમાધિ! સમાધિતંત્ર છે ને નામ? સમાધિશતક કહે છે. પણ એ સમાધિતંત્ર કહ્યું છે એટલે કે સમાધિશાસ્ત્ર. તંત્રનો અર્થ શાસ્ત્ર કાલે કહ્યું હતું અને કાં સમાધિ-ઔષધિ. તંત્રના બે અર્થ થાય છે. આહાહા..! સમાધિ ઔષધિ છે. રાગ અને પરથી ભિન્ન જાણીને જે શાંતિ આવે એનું નામ સમાધિ, તે ભવને ટાળવાનો ઔષધ નામ દવા છે. આહાહા..! ભવરોગને ટાળવાની આ દવા છે. સમજાણું કાંઈ?

**વિશેષ :— 'આત્મા અને શરીરનો એકક્ષેત્રાવગાહ સંબંધ હોવા છતાં...**' એક જગ્યાએ આત્મા અને દેહ હોવા છતાં '**ઉપયોગરૂપ લક્ષણથી આત્મા પરખાય છે;...**' જાણવા-દેખવાના લક્ષણથી, લક્ષ નામ ભગવાન આત્મા જણાય છે. આહાહા..! એ રાગની ક્રિયા થાય અને શરીરની ક્રિયા થાય એ લક્ષણથી આત્મા જણાય છે એમ નથી, એ તો જડ છે. આહાહા..! જાણવાના-દેખવાના લક્ષણથી તે દ્રવ્ય લક્ષમાં આવે છે. લક્ષણથી લક્ષમાં આવે છે. આહાહા..! લક્ષણથી લક્ષમાં લક્ષવાળું દ્રવ્ય આવે છે. આહાહા..!

'**આત્મા અને શરીરનો એકક્ષેત્રાવગાહ...**' અવગાહ એટલે વ્યાપવું. '**સંબંધ હોવા છતાં ઉપયોગરૂપ લક્ષણથી આત્મા પરખાય છે; જેમ સોના-રૂપાનો એકપણારૂપ સંબંધ હોવા છતાં,...**' દાખલો આપ્યો છે ને? સર્વાર્થસિદ્ધિનું કહીને.

મુમુક્ષુ :- સમયસારના.

ઉત્તર :- હા પણ આને સર્વાર્થસિદ્ધિમાં આપ્યું છે.

**...तेन बन्धं प्रत्येकत्वे सत्यप्यात्मा लक्ष्यते।**

**सुवर्णरजतयो बन्धं प्रत्येकत्वे सत्यपि वर्णादिर्भेदवत्।।**

દાખલો એનો આપ્યો છે. નહિતર આવે છે સમયસારમાં. પણ આણે વાંચ્યું છે ને ઘણું? એમાંથી દાખલો આપ્યો છે.

‘**સોના-રૂપાનો એકપણારૂપ સંબંધ...**’ સોનું અને રૂપું બે એક ક્ષેત્રે આમ રહે છતાં, સોનું સોનાપણે છે, રૂપું રૂપાપણે છે. આહાહા..! ‘**તેમના વર્ણાદિ દ્વારા તે બંને ભિન્ન-ભિન્ન પારખી શકાય છે તેમ.**’ સોનાનો પીળો વર્ણ છે અને ચાંદીનો ધોળો વર્ણ છે. એક જગ્યાએ સોનું અને (રૂપું) રહ્યા છતાં... આહાહા..! પરમાણુનો સ્કંધ. સ્કંધ છે ને ત્યાં તો? એક એક પરમાણુ કીધું ને? એ પરમાણુનો સ્કંધ છે એ રૂપાનો એ ધોળો અને પરમાણુનો સ્કંધ છે સોનાનો એ પીળો. બેયની ભિન્ન-ભિન્નતા એના રંગ ગ્રહણથી ભિન્ન દેખાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો સ્કંધને છે ને ભેગી વાત? સ્કંધની છે ભાઈ આ. એક પરમાણુ નથી. સ્કંધની છે. રૂપાનો સ્કંધ અને સોનાનો સ્કંધ. એ કહ્યું હતું ને? કે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, જીવ એનો જે વિસ્તાર છે એ આમ પ્રદેશનો વિસ્તાર છે. એથી એ સપ્રદેશી છે. અને પરમાણુને સપ્રદેશી કહેવો એ પરમાણુ વિસ્તરીને આમ થાય છે માટે સપ્રદેશ નહિ, પણ પરમાણુ સ્કંધમાં જોડાઈ જાય છે એથી સ્કંધની અપેક્ષાએ પરમાણુને સપ્રદેશી કહેવામાં આવે છે. આહાહા..!

ધર્માસ્તિ અને જીવનું સપ્રદેશીપણું તો એના અસંખ્ય પ્રદેશના વિસ્તાર દ્વારા જાણવામાં આવે છે અને પરમાણુ સપ્રદેશપણું એના વિસ્તાર દ્વારા નહિ, કારણ કે પરમાણુ વિસ્તૃત પામીને બે-ત્રણ-ચાર (પ્રદેશ)પણે થાય છે. આહાહા..! આ સ્કંધની વાત ચાલે છે ને? રૂપાની અને સોનાની. તો એ સ્કંધ જે થયો છે એ પરમાણુ વિસ્તરીને થયો છે, વિસ્તાર થઈને થયો એમ નથી. આહાહા..! વિસ્તાર થતાં તો એક પરમાણુ બેપણે, ત્રણપણે, ચારપણે થાય તો એ પરમાણુનો વિસ્તાર કહેવામાં આવે, તો એને સપ્રદેશી એ રીતે કહેવાય એમ નથી. આહાહા..! એ રૂપાના અને સોનાના સ્કંધ જે છે તે તેના રંગથી તેને જણાય કે આ પીળું તે સોનું, આ ધોળું તે રૂપું. આહાહા..! જ્યાં પીળું દેખાય છે એ તો અનંત પરમાણુનો સ્કંધ છે. એક પરમાણુ નથી ત્યાં. અને જે રૂપુ દેખાય છે તે અનંત પરમાણુનો સ્કંધ છે. આ તો દૃષ્ટાંત દેવો છે ને? આહાહા..!

‘**એકપણારૂપ સંબંધ હોવા છતાં, તેમના વર્ણાદિ દ્વારા તે બંને ભિન્ન-ભિન્ન પારખી શકાય છે તેમ. અંતરાત્માને શરીર અને આત્માનાં લક્ષણોનું બરાબર જ્ઞાન છે,...**’ આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શરીર અચેતન તે જડસ્વરૂપે છે એમ આત્માના અને અંતરાત્માને અને શરીર અને આત્માના એમ બે છે ને? અંતરાત્મા નામ ધર્મી જીવને, ‘**શરીર અને આત્માનાં લક્ષણોનું બરાબર જ્ઞાન છે, તેથી તે બંનેને એકરૂપ અથવા એકને બીજારૂપ માનતો નથી.**’ બંનેને એકરૂપ અથવા એકને બીજારૂપ. આહાહા..! ભિન્ન માને-જાણે છે. ભલે આ અનંત પરમાણુનો પિંડ છે આ. પોતે આત્મા તો અસંખ્ય પ્રદેશી પિંડ છે. એ કાંઈ બે આત્મા, ચાર આત્મા થઈને અસંખ્ય પ્રદેશી નથી થયો. એ તો એના પ્રદેશનો વિસ્તાર થઈને છે. છતાં પરમાણુનો

વિસ્તાર થઈને સ્કંધ થયો છે, પરમાણુ લંબાઈને બે-ત્રણ-ચારપણે થયા એમ નથી. એ સ્કંધને અને આત્માના લક્ષણને ભિન્ન-ભિન્ન અજ્ઞાની જાણે છે. આહાહા..! આવું જાણવું અને આવા..

તિર્યંચને એટલું બધું જ્ઞાન ન હોય, પણ અહીં તો વધારે જ્યાં એને વિપરીત માન્યતાઓના શલ્ય ગરી ગયા હોય છે, એને વિશેષે ભિન્ન પ્રકારના ભેદજ્ઞાનના ભાવોને એણે જાણવા પડશે. જેમ છે એને એકદમ આનંદનો અનુભવ થયો. આહાહા..! સમજાણું કાંઈ? આ જ્ઞાનસ્વભાવી તે હું એટલે જ્ઞાનની સાથે રહેલો આનંદ એ આનંદનો જ્યાં સ્વાદ આવ્યો એટલે ખ્યાલમાં આવ્યો કે આ આત્મા છે, અને એની સાથે આ રાગાદિનો આ આનંદથી ઊલટી દશા છે. બસ. ભલે આસ્રવ છે અને બંધ છે એમ ન જાણે. આહાહા..!

જ્ઞાનનું, આનંદનું વેદન એ આત્મા એમ જણાણું. એનાથી (વિપરીત)રાગાદિ દુઃખરૂપ લાગે છે એ મારામાં નથી, એ બીજી ચીજ છે આનાથી. ભલે નામ ન આવડે. આહાહા..! પણ એનું ભાવ-ભાસન થઈ ગયું. ભાવભાસનનો અર્થ? ભાવ જેવો છે તેનું જ્ઞાન થઈ ગયું છે. આહાહા..! આ વધારે આવા જાણપણાનો બોલ એને ન હોય. આહાહા..! આ તો વધારે ભેદ... જેને ઘણા પ્રકારની ઉંધાઈ ગરી ગઈ છે એને ઘણા પ્રકારે તેનું ભેદજ્ઞાન કરવું પડશે. કોઈ પડખે પણ ક્યાંય એકતા થઈ જાય પર સાથે, એ ખાતર એને ભેદજ્ઞાનના બધા પડખાં જાણવા પડશે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

વિશેષ. વિશેષ થઈ ગયું.

---

**बहिरन्तरात्मनोः काऽवस्था भ्रान्तिः का वाऽभ्रान्तिरित्याह–**

**सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम्।**
**विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः।।९३।।**

**માત્ર મત્ત નિદ્રિત દશા, વિભ્રમ જાણે અજ્ઞ;**
**દોષિતની સર્વે દશા, વિભ્રમ ગણે નિજજ્ઞ. ૯૩.**

**टीका :– सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमः प्रतिभासते। केषाम्? अनात्मदर्शिनां यथा–वदात्मस्वरूप–परिज्ञानरहितानं बहिरात्मनाम्। आत्मदर्शिनोऽन्तरात्मनः पुनरक्षीणदोषस्य मोहाक्रान्तस्य बहिरात्मनः सम्बंधिन्यः सर्वावस्थाः सुप्तोन्मत्ताद्यवस्थावत् जागत्प्रबुद्धानुन्मत्ताद्यवस्थाऽपि विभ्रमः प्रतिभासते यथावद्वस्तुप्रतिभासाभावात्। अथवासुप्तोन्मत्ताद्यवस्थैव एवकारोऽपिशब्दार्थे तेन सुप्तोन्मत्ताद्यवस्थाऽपि न विभ्रमः। केषाम्? आत्मदर्शिनां द्दढतराभ्यासात्तदवस्थायामपि आत्मनि तेषामविपर्यासात्। स्वरूपसंवित्तिवैकल्यासम्भवाच्च। यदि सुप्ताद्यवस्थायामप्यात्मदर्शनं स्यात्तदाजाग्रदवस्था–वत्तत्राप्यात्मनः कथं सुप्तादिव्यपदेश इत्ययुक्तम्। यतस्तत्रेन्द्रियाणांस्वविषये निद्रया प्रतिबन्धात्तद्–व्यपदेशो न पुनरात्मदर्शनप्रतिबन्धादिति। तर्हि कस्याऽसौ विभ्रमो भवति? अक्षीणदोषस्य बहिरात्मनः कथम्भूतस्य? सर्वावस्थात्मदर्शिनः सर्वावस्थां बालकुमारादिलक्षणां सुप्तोन्मत्तादिरूपां चात्मेति पश्यत्येवं शीलस्य।।९३।।**

બહિરાત્મા અને અન્તરાત્માની કઈ અવસ્થા ભ્રાન્તિરૂપ છે અને કઈ અભ્રાન્તિરૂપ છે તે કહે છે :–

શ્લોક – ૯૩

અન્વયાર્થ :– (अनात्मदर्शिनाम्) જેમને આત્મસ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન નથી તેવા બહિરાત્માઓને, (सुप्तोन्मत्तादि अवस्था एव) સુપ્ત અવસ્થા અને ઉન્મત્તાદિ અવસ્થા જ (विभ्रमः) વિભ્રમરૂપ લાગે છે, પરંતુ (आत्मदर्शिनः) આત્માનુભવી અન્તરાત્માને, (अक्षीणदोषस्य) મિથ્યાત્વાદિ દોષો જેના ક્ષીણ થયા નથી તેવા બહિરાત્માને, (सर्वावस्थाः) બધીય અવસ્થાઓ (विभ्रमः) વિભ્રમરૂપ લાગે છે.

ટીકા :– સુપ્ત અને ઉન્મત્તાદિ અવસ્થા જ વિભ્રમરૂપ પ્રતિભાસે છે. કોને? આત્મસ્વરૂપ નહિ જાણનારાઓને–અર્થાત્ આત્મસ્વરૂપના યથાર્થ પરિજ્ઞાનથી રહિત બહિરાત્માઓને. આત્મદર્શીને એટલે અંતરાત્માને, અક્ષીણ દોષવાળા એટલે જેના દોષ ક્ષીણ થયા નથી તેવા મોહથી ઘેરાયેલા બહિરાત્મા સંબંધીની સર્વ અવસ્થાઓ–જાગ્રત, પ્રબદ્ધ, અનુન્મત્તાદિ અવસ્થા પણ, સુપ્ત, ઉન્મત્તાદિ અવસ્થાની જેમ, વિભ્રમરૂપ પ્રતિભાસે છે; કારણ કે તેને (બહિરાત્માને) યથાર્થપણે વસ્તુના પ્રતિભાસનો અભાવ છે;

અથવા

સુપ્ત ઉન્મત્તાદિ અવસ્થા પણ (અહીં ઊમ શબ્દ અરુક્ષ ના અર્થમાં છે) વિભ્રમરૂપ (ભાસતી નથી). કોની? આત્મદર્શીઓની, કારણ કે દઢતર અભ્યાસને લીધે તે અવસ્થામાં પણ તેમને આતમા વિષે અવિપર્યાય (અવિપરીતતા) હોય છે અને સ્વરૂપ–સંવેદનના વૈકલ્યનો (ચ્યુતિનો) અભાવ હોય છે.

જો સુપ્તાદિ અવસ્થામાં પણ આત્મદર્શન હોય તો જાગ્રત અવસ્થાની જેમ, તેમાં પણ આત્માને સુપ્તાદિનો વ્યપદેશ (કથન) કેવી રીતે ઘટે? માટે તે પણ અયોગ્ય છે.

(સમાધાન)–ત્યાં ઇન્દ્રિયોને સ્વવિષયમાં નિદ્રાને લીધે પ્રતિબંધ છે, પરંતુ ત્યાં આત્મ–દર્શનનો પ્રતિબંધ નથી, માટે તેનો વ્યપદેશ ઘટે છે.

ત્યારે કોની તે વિભ્રમરૂપ લાગે છે? અક્ષીણ દોષવાળા બહિરાત્માની. કેવા (બહિરાત્માની)? સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની–અર્થાત્ બાલકુમારાદિરૂપ અને સુપ્ત–ઉન્મત્તાદિરૂપ સર્વ અવસ્થાને જે આત્મા માને છે તેવા સ્વભાવવાળાની (બહિરાત્માની).

ભાવાર્થ :– સંસ્કૃત ટીકાકારે પ્રસ્તુત શ્લોકને નીચેના રૂપમાં સમજી બીજો અર્થ પણ કર્યો છે :–

सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम्।
विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः।।९३।।

**અર્થ :- આત્મદર્શી પુરુષોની નિદ્રાવસ્થા અને ઉન્મત્તાવસ્થા પણ વિભ્રમરૂપ હોતી નથી અને સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની (બહિરાત્માની)-જેના મિથ્યાત્વાદિ દોષો ક્ષીણ થયા નથી તેવાની-તે (નિદ્રાવસ્થા અને જાગ્રતાવસ્થાદિ સર્વ અવસ્થાઓ) વિભ્રમરૂપ છે.**

**જે આત્મદર્શી અનંતરાત્મા છે તેને સુપ્તાદિ અવસ્થા વિભ્રમ નથી, તો જાગ્રતાદિ અવસ્થાઓ તો વિભ્રમરૂપ કેમ જ હોય? ન જ હોય, કારણ કે આત્મસ્વરૂપના દઢતર અભ્યાસના કારણે તેનું જ્ઞાન તે અવસ્થાઓમાં આત્મસ્વરૂપથી ચ્યુત થતું નથી. ઈન્દ્રિયોની શિથિલતા અન રોગાદિવશ કદાચિત્ તેને ઉન્મત્તતા પણ આવી જાય, તોપણ તેને આત્માનુભવરૂપ સંસ્કાર છૂટતા નથી-બરાબર કાયમ જ રહે છે; પરંતુ અજ્ઞાની બહિરાત્માને બાલ, કુમારાદિરૂપ તથા સુપ્ત-ઉન્મત્તાદિરૂપ સર્વ અવસ્થાઓમાં દેહાધ્યાસ-આત્મબુદ્ધિ હોવાથી તેની બધી ક્રિયાઓ વિભ્રમરૂપ-મિથ્યા છે.**

**અંતરાત્માને નિરંતર જ્ઞાનચેતનાનું પરિણમન હોવાથી બધી અવસ્થાઓમાં-સુપ્ત કે જાગ્રત, ઉન્મત્ત કે અનુન્મત્ત અવસ્થામાં-તેની ક્રિયાઓ વિભ્રમરૂપ હોતા નથી, પરંતુ બહિરાત્માને સર્વ અવસ્થાઓમાં નિરંતર અજ્ઞાન ચેતનાનું પરિણમન હોવાથી તેની બધી ક્રિયાઓ વિભ્રમરૂપ-મિથ્યા હોય છે.**

**આ રીતે બહિરાત્મા અને અંતરાત્માની અવસ્થામાં મોટો ફેર છે. અંતરાત્મા આત્મસ્વરૂપમાં સદા જાગૃત રહે છે અને બહિરાત્માની એનાથી વિપરીત દશા હોય છે. ૯૩.**

## શ્લોક-૯૩ ઉપર પ્રવચન

હવે ૯૩. '**બહિરાત્મા અને અંતરાત્માની અવસ્થા ભ્રાન્તિરૂપ છે અને કઈ અભ્રાન્તિરૂપ છે તે કહે છે :-**' બહુ શ્લોક ઓલો છે. આહાહા..!

**सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम्।**
**विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः।।९३।।**
**માત્ર મત્ત નિદ્રિત દશા, વિભ્રમ જાણે અજ્ઞ;**
**દોષિતની સર્વે દશા, વિભ્રમ ગણે નિજજ્ઞ. ૯૩.**

આહાહા..!

'**ટીકા :- સુપ્ત અને ઉન્મત્તાદિ અવસ્થા જ વિભ્રમરૂપ પ્રતિભાસે છે.**' સૂતો હોય અને ઘેલછાઈ જેને થઈ હોય. આહાહા..! જરી ઝીણી વાત છે હોં. સમકિતીને ઘેલછાઈના વખતે પણ સમકિતનું ભાન છે એમ કહે છે. અજ્ઞાનીને ઉન્મત્ત અને સુસુપ્ત અવસ્થામાં સૂતો છે આહાહા..! '**વિભ્રમરૂપ પ્રતિભાસે છે. કોને? આત્મસ્વરૂપ નહિ જાણનારાઓને-**' સુતેલો અને ઉન્મત્તાદિ

દશામાં જ વિભ્રમરૂપ પ્રતિભાસે છે અજ્ઞાનીને. '**આત્મસ્વરૂપ નહિ જાણનારાઓને-અર્થાત્ આત્મસ્વરૂપના યથાર્થ પરિજ્ઞાનથી રહિત બહિરાત્માઓને.**' આહાહા..! બહિરાત્માને નિદ્રામાં સૂતો હોય અને ઉન્મત્તદશા હોય ત્યારે જ એને ભ્રમ-વિભ્રમ છે એમ માને છે. એ દશામાં વિભ્રમ હોય એમ માને છે.

'**આત્મદર્શીને એટલે અંતરાત્માને, અક્ષીણ દોષવાળા એટલે જેના દોષ ક્ષીણ થયા નથી તેવા મોહથી ઘેરાયેલા બહિરાત્મા સંબંધીની સર્વ અવસ્થાઓ-જાગ્રત, પ્રબદ્ધ,...**' શું કહે છે? જ્ઞાનીને તો અજ્ઞાનીની બધી દશાઓમાં એ અજ્ઞાન ભ્રમ ભાસે છે એને. આહાહા..! '**આત્મદર્શીને એટલે અંતરાત્માને, અક્ષીણ દોષવાળા એટલે જેના દોષ ક્ષીણ થયા નથી તેવા મોહથી ઘેરાયેલા બહિરાત્મા...**' આહાહા..! એના '**સંબંધીની સર્વ અવસ્થાઓ-જાગ્રત,...**' (અજ્ઞાની) જાણપણાના પ્રબુદ્ધવાળો હોય. આહાહા..! જ્ઞાનીને તો એ બધા વખતે ભ્રમ ભાસે છે એને. આહાહા..! અજ્ઞાની ભ્રમમાં પડ્યો છે. જાગતો હોય, પ્રબુદ્ધ હોય. આહાહા..!

'**અનુન્મત્તાદિ...**' એટલે ઉન્મત્તદશા ન હોય. એમ. જાણપણાની જરી ઉન્મત્તદશા પણ ન હોય. બરાબર પ્રબદ્ધ જાણપણાસહિત વિચિક્ષણપણે વર્તતો હોય. છતાં જ્ઞાનીને એની બધા દશાઓમાં ભ્રમ ભાસે છે. આહાહા..! એ ભ્રમની ભૂમિકામાં બધું છે એને. આહાહા..! '**અનુન્મત્તાદિ અવસ્થા પણ, સુપ્ત, ઉન્મત્તાદિની અવસ્થાની જેમ,...**' એમ. જાગ્રત, પ્રબદ્ધ અને અનુન્મત્ત એ બધી દશાઓને '**સુપ્ત, ઉન્મત્તાદિની અવસ્થાની જેમ, વિભ્રમરૂપ પ્રતિભાસે છે;...**' આહાહા..! શું કીધું સમજાણું કાંઈ?

અજ્ઞાનીની બહિરાત્માની દશા જાગ્રત, પ્રબદ્ધ અને કહ્યું ને? અનુન્મત્ત. ઉન્માદ નથી. ડહાપણ, ડાહ્યાનું ડહાપણ. વાત આમ બેઠો હોય તો વાત કરતો હોય. એવી દશાને જ્ઞાની એને '**સુપ્ત, ઉન્મત્તાદિની અવસ્થાની જેમ,..**' એ સૂતો અને જાણપણાની અવસ્થાની જેમ '**વિભ્રમરૂપ પ્રતિભાસે છે;...**' શું કહ્યું? સમજાણું નહિ? સમજાણું નહિ એટલા શબ્દે?

મુમુક્ષુ :- જાગતો હોય તો પણ વિભ્રમ.

ઉત્તર :- વધારે લેવું છે.

કહે છે કે અંતરાત્મા ધર્માત્માને અજ્ઞાની કઈ રીતે ભાસે છે? અજ્ઞાની એને કેવો ભાસે છે? કે અજ્ઞાની જાગ્રત અને પ્રબદ્ધ અને અનુન્મત્તાદિ દશાની જેમ એ સુપ્ત અને ઉન્મત્તદશા જેવો એને ભાસે છે. બધામાં એને વિભ્રમ અને મિથ્યાત્વ ભાસે છે. આહાહા..! અંતરાત્માને, એટલું. અક્ષીણમોહ-જેના દોષ ક્ષીણ થયા નથી. એટલે મિથ્યા ભ્રમ જેને ગયો નથી એવા અજ્ઞાનીને જ્ઞાની અંતરાત્મા.. આહાહા..! '**મોહથી ઘેરાયેલા બહિરાત્મા સંબંધીની સર્વ અવસ્થાઓ-જાગ્રત...**' હોય, જાણનારી હોય. આહાહા..! શાસ્ત્રની વાતું પણ જાણપણાથી વાત કરતો હોય. આહાહા..! સમજાણું કાંઈ?

'**અનુન્મત્તાદિ અવસ્થા...**'ની જેમ. જાગૃત ને પ્રબધ્ય ને અનુન્મત્ત એ સૂતો, અજ્ઞાનને

ઉન્મત્તની જેમ વિભ્રમરૂપ પ્રતિભાસે છે. આહાહા..! શું કીધું સમજાણું કાંઈ? જેને સત્યની ખબર જ નથી. રાગથી અને પરથી ભિન્ન છે એવી દશાની ખબર નથી, એ બધી દશાઓમાં જ્ઞાનીને તો બધી એની દશાઓમાં વિભ્રમ ભાસે છે. આહાહા..! સાધુ નામ ધરાવતો હોય અને લાખો માણસને ઉપદેશ કરતો હોય, પણ જેને રાગ અને દેહની ક્રિયા મારી છે એમ માનીને જે ભ્રમમાં પડ્યો છે, એવા ભ્રમમાં પડેલા જીવની જાગ્રત કે પ્રબુદ્ધ કે અનુન્મત્તદશા, એ સૂતો અને ગાંડા જેવી દશા જ એને ભાસે છે. પાગલ છે. આહાહા..! ભારે આ લીધું છે. એની સામે લેશે અર્થ હોં.

સમ્યગ્દૃષ્ટિ જીવ ઉન્મત્તાદિ દશા એની દેખાય, નિદ્રા દેખાય, છતાં એનું આત્મજ્ઞાન—પરથી ભિન્નપણું એને કોઈ રોકી શકે એવી ચીજ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? નિદ્રામાં ઇન્દ્રિયનો વિષય રોકાણો પણ સ્વ વિષય રોકે એવી તાકાત કોઈની નથી. આહાહા..! સમજાણું કાંઈ? રોગની અવસ્થા એવી થાય.

કહ્યું હતું ને શ્રીમદ્‌ને માટે નહોતું કહ્યું? શ્રીમદ્ જ્યારે છેલ્લા ... ત્યારે (કહ્યું) મનસુખ બાને દિલગીર થવા દઈશ નહિ, હું સ્વરૂપમાં જાઉં છું. એમ કહ્યું. સૂતા. સૂતા અને લૂગડું નાખ્યું માથે. એમાં ઘરડિયો ચાલ્યો. એવો ઘરડિયો ચાલ્યો કે ૪-૫ ગામ, ગામ શું ઘર. ત્યાં સંભળાય. એટલે ઓલા ઝવેરભાઈ કહે. એના બનેવી ઝવેરભાઈ હતા. ઝવેરભાઈ નહિ? ત્યાં રહેતાને ઓલા ડેલામાં કરશનભાઈની સામે રાજકોટ. એ કહે આહાહા..! આ દશા? આ ધર્મીની દશા આવી હોય? આપણને વાત બેસતી નથી.

પછી જ્યારે વાત થઈ કે બાપુ! તમે ન જાણો ભાઈ! એ તો દેહની ક્રિયાના કાળે એવી સ્થિતિ થાય. પણ અંદર આનંદમાં પડ્યા છે અને એની ખબર પણ નથી. ભાઈ! વસ્તુની સ્થિતિ જુદી છે. સમજાણું કાંઈ? એ તો દેહમાં જરી શક્તિ હતી થોડી. કારણ કે ઊભા થયા ને? ઊભા થઈને આમ શું કહેવાય તમારી? આરામખુરશી. એમાં આમ પોઢ્યા અને લૂગડું આમ જરી રાખ્યું ત્યાં ઘરડિયો ચાલ્યો. કારણ કે પોતે તો અંદર ધ્યાનમાં છે, શાંતિમાં છે. લોકો જાણે કે જુઓ આવી! બાપુ એ તો દેહની ક્રિયા છે એમાં એના જ્ઞાનના, આનંદના પ્રતિબંધ કોઈ કરી શકે એવું ત્યાં એ કાળેય નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કોલ કરાર કરીને ગયા છે, કાંઈ મફતમાં નથી ગયા. 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ.' આહાહા..! એ વાત તો અંદરની વાતું છે. સમજાણું?

'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે,' નબળાઈમાં દેખાય છે કે હજી કાંઈક જ્ઞાન તદ્દન સ્થિર થઈ શકે એટલી તાકાત નથી. કાંઈક અટકે છે જ્ઞાન. આહાહા..! તેથી

'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે,
તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.'

અક્ષરે અક્ષર સત્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુની સ્થિતિ એવી છે. એ અહીં કહેવા માગે છે કે આવી સ્થિતિ દેખીને અજ્ઞાનીને એમ થાય કે આ તો અજ્ઞાનીની જેવી આ ક્રિયા થઈ. આહાહા..! અને અજ્ઞાનીની ક્રિયા પ્રબુદ્ધપણે, જાગ્રતપણે, અનુન્મત્તાદિપણે હોય, અનુન્મત્તાદિપણે

છતાં જ્ઞાની તો એને ભ્રમમાં પડેલા દેખે છે. આહાહા..! બહુ વાતું ફેર ભાઈ! આહાહા..! એ કહે છે. એ માટે આ ગાથા લીધી.

**'કારણ કે તેને (બહિરાત્માને) યથાર્થપણે વસ્તુના પ્રતિભાસનો અભાવ છે;...'** બહિરાત્માને યથાર્થપણે વસ્તુનું ભાન પ્રતિભાસ એટલે જ્ઞાનમાં ભાસ યથાર્થ હોય, એનો એને અભાવ છે. આહાહા..! ભલે એ અગ્યાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વની લબ્ધિ પ્રગટી હોય. આહાહા..! પણ મોહથી ઘેરાયેલો છે એ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો સમાધિનો અધિકાર છે ને? જેને રાગમાં અને પરમાં એકત્વબુદ્ધિપણે, અસમાધિપણે બહિરાત્મા વર્તે છે. આહાહા..! મરતા દેહને સાધ્યપણે દેહ છોડે અજ્ઞાની, તોપણ તેનો વિભ્રમ છે. આહાહા..! અને જ્ઞાનીને કદાચિત્ ઉન્મત્ત અવસ્થા જેવું દેખાય છેલ્લે. આહાહા..! આ માપ કોણ કરે? સમજાણું કાંઈ? આચાર્યે આ વાત નાખી છે. આહાહા..! છેલ્લા ટોચની વાત નાખી છે.

કે અજ્ઞાની બહિરાત્મા મિથ્યાત્વથી ઘેરાયેલો છે એને પ્રબુદ્ધપણું, જાગ્રતપણું, ઉન્મત્તપણાનો અભાવ વર્તે છે એ કાળે પણ જ્ઞાની એને સૂતો અને નિદ્રિત અને ઉન્મત્ત જે દશા.. આહાહા..! જાગ્રત અને પ્રબુદ્ધ અને અનુન્મત્તાદિ અવસ્થામાં પણ એને સુપ્ત અને એના જેવો ભાળે છે એ તો. આહાહા..! અરે.. આને કાંઈ ખબર નથી શું કહે છે આ? સમજાણું કાંઈ? મરતા એમ કહે મને સંભળાવો, શાસ્ત્ર સંભળાવો. અને એ સાંભળે છે માટે એ સમકિતી છે, એમ નથી. એવી વાતું બાપુ! કેમકે હજી એની દૃષ્ટિમાં જ મિથ્યાત્વ ઘેરાયેલું છે. આહા..! એવી વાત છે. રાગના વિકલ્પથી પ્રભુ પરમાત્મસ્વરૂપનું અસ્તિત્વ તદ્દન ભિન્ન છે. એ જ્યાં ભાસ્યું નથી એથી એને રાગ ને દેહની ક્રિયા ઉપશમપણે પણ મારી છે એવી માન્યતાથી ઘેરાઈ ગયેલો છે એ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ! આહાહા..!

**'યથાર્થપણે વસ્તુના પ્રતિભાસનો અભાવ છે; અથવા સુપ્ત ઉન્મત્તાદિ અવસ્થા પણ (અહીં एव શબ્દ अपि ના અર્થમાં છે) વિભ્રમરૂપ (ભાસતી નથી). કોની? આત્મદર્શીઓની,...'** આહાહા..! જેને આત્મદર્શન થયું છે એ જીવ કોઈ નિદ્રામાં પડ્યો હોય અને ઉન્મત્ત જેવી જરી ભાષા પણ નીકળી જાય અંદરથી. આહાહા..! એવી વાત છે આ. એનું કારણ કે દૃષ્ટિના વિષયને પ્રતિબદ્ધ કરનારી કોઈ ચીજ ત્યાં છે નહિ એને. આહાહા..! ભલે નિદ્રામાં ઇન્દ્રિયનો વિષય રોકાણો. સમજાણું? પણ દૃષ્ટિનો વિષય જે છે એને રોકવાને કોઈ સમર્થ નથી એ કાળે. આહાહા..! પોપટભાઈ! આવી વાતું છે. આહાહા..!

**'સુપ્ત ઉન્મત્તાદિ અવસ્થા પણ વિભ્રમરૂપ (ભાસતી નથી).'** આહાહા..! જોયું! ધર્મીને ધર્મીની દશા આવી હોય છતાં તેને વિભ્રમ છે એમ ભાસતું નથી. આહાહા..! ફરીને. સૂતેલી નિદ્રા ઉન્મત્તાદિમાં કોઈ અવસ્થા પણ વિભ્રમરૂપ ભાસતી નથી. **'કોની? આત્મદર્શીઓની,...'** આત્મદર્શન થયું છે એવા જીવ સૂતા હોય કે કાંઈ ઉન્મત્ત જેવી દશા દેખાય પણ એને પ્રતિબદ્ધ કરનાર ત્યાં કોઈ છે નહિ. એટલે એને વિભ્રમ છે એમ ભાસતું નથી. આહાહા..!

ફરીને. સૂતો નિદ્રામાં (હોય) તો ઈન્દ્રિયનો વિષય રોકાણો. આહાહા..! ઉન્મત્તમાં જરી ચારિત્રની અસ્થિરતાનો કોઈ ભાગ આવ્યો. આહાહા..! શું સંતોની રીત! એમાં પણ '**(અહીં एव શબ્દ अपि ના અર્થમાં છે)**' એટલે એને પણ વિભ્રમરૂપ ભાસતી નથી. આહાહા..! પોતાને તો વિભ્રમ છે નહિ, પણ જ્ઞાનીને તેની (જેવી) આવી અવસ્થા અજ્ઞાનીની (બીજા અજ્ઞાનીની) દેખીને વિભ્રમ છે એમ એને ભાસતું નથી. આહાહા..! આ તો છેલ્લી ટોચની વાતું છે. આહાહા..! મરણ ટાણે પણ ધર્મીને કોઈને એવી સ્થિતિ આમ થઈ જાય. પણ છતાં જ્ઞાનીને, એને વિભ્રમ છે આ એમ ભાસતું નથી. આહાહા..!

**'કારણ કે દઢતર અભ્યાસને લીધે તે અવસ્થામાં પણ તેમને આત્મા વિષે અવિપર્યાસ (અવિપરીતતા) હોય છે...'** એટલે વિપરીતતા હોય છે એમ નહિ, અવિપરીતતા હોય છે એમ. આહાહા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય ૯૨મી ગાથામાં કહે છે ને. અમે આગમ કુશળતા અને અંતરની સાવધાની દ્વારા અમે મિથ્યાત્વનો નાશ કર્યો. એ ફરીને હવે થવાનું નથી અમારે. આહાહા..! અરે.. છદ્મસ્થ મુનિ તમે, પંચમ આરાના અને તે અમૃતચંદ્રાચાર્ય તો ભગવાન પાસે ગયા પણ નહોતા, પણ આ ભગવાન પાસે ગયા હતા ને. આહાહા..! જ્ઞાનની પર્યાય દ્વારા સપાટી બાંધીને દ્રવ્યમાં ગયા હતા અંદર. આહાહા..!

'દિટ્ઠ મગ્ગે' એવો પાઠ છે ને ધવલમાં? માર્ગ દીઠો છે ને જ્ઞાન દ્વારા આમ ગયા હતા અંદર. એ દ્વારા અંદર રમતું કરે છે જ્ઞાની. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયાથી તો બહુ ફેરફારવાળી વાતું છે. હવે અજ્ઞાની જાગ્રત, પ્રબુદ્ધ અને અનુન્મત્ત છે તોપણ કહે છે કે એ ભ્રમમાં પડ્યો છે અને જ્ઞાની સૂતો ઉન્મત્તવત્ત છે તોપણ તેને ભ્રમ નથી. આહાહા..! કેમકે ભ્રમનું પ્રતિબંધ જેને ઊઠી ગયો છે એને નિદ્રા કે ઉન્મત્ત અવસ્થામાં સમકિતને કોઈ રોકે કે આત્માના જ્ઞાનને રોકે એ કોઈ ચીજ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે. દિગંબર સંતો સિવાય આ વાત ક્યાંય સાંભળવા મળે એવું નથી. ક્યાં લઈ ગયા છે?

બહારમાં જરી અસ્થિરતા જેવું દેખાય, અને નિદ્રામાં પણ પડ્યા હોય, છતાં અંતર વિષય જે ચૈતન્યને પકડ્યો છે એ વિષયને પ્રતિબંધ કરનાર મોહનો તો નાશ થયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત જુઓને. હવે શાસ્ત્રમાં મૂકે છે કેવી! એકે એકની વિવેકની વાતું કરી છે. આહાહા..! વિવેક-વિવેક. પરથી ભિન્ન એમ વિવેક એટલે. પ્રોઢ વિવેક આવ્યું હતું ને. ૪૧૩ ગાથા. વ્યવહારમાં આરૂઢ છે એ વ્યવહારમાં મૂઢ છે. ચાહે તો સાધુ નગ્ન દિગંબર અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય પણ એ ભ્રમમાં પડ્યો છે. આહાહા..! અને સમકિતી જ્ઞાની નિદ્રામાં પડ્યો છે. નિદ્રામાં તો ઈન્દ્રિયનો વિષય રોકાઈ ગયો છે, પણ અંદરના વિષયને રોક્યો નથી કોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? અને ઉન્મત્ત જેવી અવસ્થા કદાચ થોડી દેખાય કોઈ અસ્થિરતાને લીધે, એ તો અસ્થિરતાનું કારણ છે જરી. એના આત્મદર્શનને કોઈ વિઘ્ન કરે, એ રાગ આત્માના દર્શનને વિઘ્ન કરે એવી તાકાત નથી રાગમાં. આહાહા..! અસ્થિરતાનો જરી રાગ આવ્યો, પણ એક ગુણ બીજા ગુણને નુકશાન કરી શકે

એ છે જ નહિ. આહાહા..! એમ કહેવા માગે છે અહીં. કે અસ્થિરતાના ભાગને લઈને જરી ઉન્મત્ત જેવું દેખાણું. આહાહા..! પણ જે દર્શનશુદ્ધિ થઈ છે એને કોઈ રોકનાર કોઈ ચીજ છે નહિ. એ તો અસ્થિરતાનો ભાગ જરી આવી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? વાતું તે પણ.

આહાર લાવો. ભાઈ આવે છે ને ભગવતી આરાધનામાં. સંથારો કર્યો છે ને. પંડિત મરણ. એમાં કોઈ વખતે એવો વિકલ્પ (આવે કે) આહાર લાવો. (સાથેના) મુનિ કહે છે કે આત્મા! અત્યારે તમે ક્યાં છો? આ શું કહે છે? એનું ભાન છે ત્યાં. એય..! ભગવતી આરાધનામાં આવે છે. સંથારો કર્યો છે, અંદર આનંદમાં રમે છે અને એના સેવકો એટલે સેવા કરનારા. કડાયા-કડાયા કહેવાય. એમાં શિરો પાકે ને કડાયું હોય ને? કડાયું લોઢાનું, એમ એનો સંથારો પાકવામાં મુનિ હોય હાજરમાં સેવા ધ્યાન રાખનારા. એમાં એને વિકલ્પ આવ્યો આહારનો. અરે.. મુનિ મહારાજ! પણ એ તો છઠ્ઠું ગુણસ્થાન આવ્યું અને વિકલ્પ આવી ગયો. અંતર્મુહૂર્તે ફટ્ સાતમે જાય છે. એય..! છતાં ત્યાં ઉપદેશ કર્યો એવું ચાલે. ભગવતી આરાધનામાં. મુનિ મહારાજ! મુનિરાજ! આપ ક્યાં છો? શું આ છે? ત્યાં તો ફરી જાય ફટ્. સમજાણું કાંઈ? આહાહા..!

જેને આત્મદર્શન થયા, જેને આત્મરૂદ્ધિ આત્મસંપદાની પ્રતીતિ અનુભવમાં થઈ. આહાહા..! આ બધી સંપદા-બંપદા આહારથી માંડીને પર બધી સંપદા આપદા છે. અને આ સંપદા તે સુખરૂપ છે. આહાહા..! એને આ અનુભવમાં, કહે છે કે કોઈ વિઘ્ન કરનારા રાગ અસ્થિર થયો, ઊંઘ આવી ગઈ નિદ્રા, માટે ત્યાં વિભ્રમ થાય અને વિભ્રમ છે એમ એને પણ નથી અને જોનાર જ્ઞાનીને પણ આવતું નથી. આહાહા..! શેઠ! આ તો સાદી ભાષા છે. આજે અત્યારે બહુ ઝીણી નથી. પણ હળવે હળવે અહીં શીખી લેવી ગુજરાતી. શું તમારે ત્યાં ક્યાં?

મુમુક્ષુ :- અવાજ...

ઉત્તર :- ઘડાય છે? કેમ છે આ? .. બીજાને જાવું જોઈએ. આ કહે છે કે અવાજ બરાબર આવતો નથી. એય..!

મુમુક્ષુ :- હોલને હિસાબે...

ઉત્તર :- હોલને હિસાબે?

મુમુક્ષુ :- પડઘો પડે.

ઉત્તર :- એમ? હશે. આપણને કોઈએ કીધું તો નહિ.

મુમુક્ષુ :- બારણા ખુલવા...

ઉત્તર :- બારણા ખુલ્લા રાખવા જોઈએ. આ ખુલ્લા છે. બંધ છે એ. ખુલ્લા રાખવા જોઈએ. એને કહી દેવું જોઈએ. આહાહા..!

**'આત્મા વિષે અવિપર્યાસ (અવિપરીતતા) હોય છે અને સ્વરૂપ-સંવેદનમાં વૈકલ્યનો (ચ્યુતિનો) અભાવ હોય છે.'** આહાહા..! ઉન્મત્ત અને નિદ્રા-અસ્થિરતામાં સ્વરૂપથી ખસી (ગયા) જેવું દેખાય, (પણ) સ્વરૂપથી (ખસવું) એને હોતું નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૯, શુક્રવાર તા. ૧-૦૮-૧૯૭૫**
**શ્લોક - ૯૩,**
**પ્રવચન - ૧૦૭**

સમાધિતંત્ર. પહેલો, બીજો અને ત્રીજો પેરેગ્રાફ છે. '**જો સુપ્તાદિ અવસ્થામાં પણ આત્મ-દર્શન હોય તો જાગ્રત અવસ્થાની જેમ, તેમાં પણ આત્માને સુપ્તાદિનો વ્યપદેશ** (કથન) **કેવી રીતે ઘટે?**' શું કહે છે? કે જે આ આત્મા છે, સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરે જે જોયો એ અંદર આત્મા તદ્દન શુદ્ધ નિર્મળાનંદ છે. એવું જેને રાગથી અને પરથી ભિન્ન પડી અને જેને આત્મદર્શન થયું છે, સમ્યગ્દર્શન થયું છે. એટલે કે રાગના વિકલ્પથી ભિન્ન પડી, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો આદિ વિકલ્પ હોય, પણ એ રાગ છે. આહાહા..! એનાથી ભિન્ન પડીને ભગવાન આત્મા અભેદ રત્નત્રયને જે (આત્માનો) આશ્રય કરીને પ્રગટ કરે છે. આત્માનો આશ્રય કરીને અભેદ રત્નત્રય પ્રગટ કરે છે. આહાહા..! એટલે કે આત્મા પૂર્ણ આનંદ અને શુદ્ધ સ્વરૂપ છે, એની સન્મુખ થઈને, નિમિત્ત, રાગ અને પર્યાયથી વિમુખ થઈને.. ઝીણી વાત. જે સમ્યગ્દર્શન અંદર થયું, સમ્યગ્જ્ઞાન થયું અને સ્વરૂપની સ્થિરતાનો અંશ પણ થયો. કહે છે, એવા જીવને સૂતો હોય-નિદ્રામાં હોય, જરીક ઉન્મત્ત અવસ્થા પણ હોય, રાગની જરી અવસ્થા હોય એવી, છતાં પણ આત્મદર્શન હોય. છતાં ત્યાં આત્માનું સમ્યગ્દર્શન છે. આહાહા..! તો કહે છે કે એવી '**અવસ્થાની જેમ, તેમાં પણ આત્માને સુપ્તાદિનો...**' ઉંઘનો અને ઉન્મત્તનો કેવી રીતે ઘટે? એમ કહે છે. શું કહે છે? આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ જીવને જાગ્રત અવસ્થામાં તો ઠીક. પણ જાગ્રત અવસ્થાની જેમ એને ઉંઘની અવસ્થા હોય, નિદ્રાની અવસ્થા હોય, ઉન્મત્તની અવસ્થા હોય, એમાં એને આત્મદર્શન કેમ ઘટે? અથવા એ ઉંઘમાં છે એમ કેમ ઘટે? એમ કહે છે. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે. કહે છે કે એને ઉંઘમાં-નિદ્રામાં, ઉન્મત્તપણામાં એને ઉન્મત્તપણું અને ઉંઘપણું કેમ ઘટે? એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! જ્યારે એને જાગ્રત અવસ્થાની જેમ એને ઉંઘની અવસ્થામાં પણ આત્મદર્શન કહો, તો એને ઉંઘપણું ઘટે (હોય) કેમ? એમ કહે છે. સમજાય છે કાંઈ? શિષ્યનો પ્રશ્ન છે. છે? ભાઈ! આ તો વીતરાગ માર્ગ ઝીણો બહુ છે.

અત્યારે સમ્યગ્દર્શન એટલે શું એની વાતું ન મળે. આ પૂજા કરો, ભક્તિ કરો, જાત્રા કરો, વ્રત પાળો અને તપ કરો—એ ધર્મ. એમ અજ્ઞાનીઓએ મનાવ્યું અને માન્યું છે. એ વીતરાગમાર્ગમાં એ નથી. આહાહા..! વીતરાગ જિનેન્દ્રદેવ પરમેશ્વર સર્વજ્ઞ પ્રભુ એમ કહે છે કે એને જ્યારે રાગથી... રાગ છે, વિકલ્પ હોય. હમણા એ વાત થઈ ભાઈ થોડી પહેલા, કે પરમાત્મપ્રકાશમાં, દ્રવ્યસંગ્રહ

આદિમાં ઘણે ઠેકાણે ભેદાભેદરત્નત્રય તે મોક્ષનું કારણ છે એમ આવે છે. અને શુભરાગનો કર્તા છે એ મિથ્યાદષ્ટિ છે એમ આવે છે. હમણાં કહ્યું ને ભાઈ! સમજાણું કાંઈ? ત્યારે એ લોકો એમાંથી કહે છે કે એ શુભરાગ એ ભેદરત્નત્રય નથી.

એય..! રતનચંદજીમાં આવ્યું હતું પહેલા. એમ નથી, ભાઈ! એ શુભરાગ જે છે—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો, એ રાગનો કર્તા થાય, એ ભેદાભેદરત્નત્રયવાળાને નથી. એને ભેદ રાગ છે ખરો, અભેદ સ્વરૂપની દૃષ્ટિ છે આનંદની, એનું જ્ઞાન છે અને એની રમણતા છે, પણ પૂરી નથી એટલે રાગ છે ખરો જોડે. એ રાગને ભેદરત્નત્રય કહીને મોક્ષનું કારણ છે એમ આરોપથી કહ્યું. અને સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન છે એ યથાર્થ મોક્ષનું કારણ છે એમ કહ્યું, પણ એથી પુણ્યનો રાગ, ભેદરત્નત્રય એટલે રાગ નથી, પુણ્ય નથી એમ નહિ. છે રાગ, પણ રાગનું કર્તૃત્વ નથી. આહાહા..! ભારે વાત! બહુ ઝીણો માર્ગ બાપા! જન્મ-મરણને ટાળવાનો ઉપાય વીતરાગનો એ આખી જાત જ જુદી છે. અરે.. ચોર્યાશીના અવતારમાં દુઃખી થઈને રખડે છે. ચાર ગતિમાં દુઃખી છે હોં એ. શેઠ! પૈસાવાળા પણ દુઃખી?

મુમુક્ષુ :- પૈસાને અને સુખને શું સંબંધ?

ઉત્તર :- હવે આ મોટા વૈભવ... મોટા વૈભવ જુઓ તો એમને ઘરે સગવડ. એય. મોટા રાજા જેવા વૈભવ છે એને ઘરે.

મુમુક્ષુ :- આપ એને વૈભવ કહેતા નથી, આત્માના વૈભવને વૈભવ કહો છો.

ઉત્તર :- એ ધૂળના વૈભવ નહિ. આહાહા..! એ આત્મામાં એ નથી. આહાહા..! એનું લક્ષ કરે તોપણ રાગ થાય એવો એ વૈભવ છે. આ દુઃખ થાય. આત્મા સિવાય.. આહાહા..! મન, વચન, કાયા અને શ્વાસ છે ને એથી માંડીને બધા પરદ્રવ્ય દુઃખનું નિમિત્ત છે. આહાહા..! રાગ થાય અંદર એ પણ દુઃખનું કારણ છે. આહાહા..! કારણ પણ દુઃખરૂપ જ છે.

અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિ જીવને જાગ્રત અવસ્થાની જેમ નિદ્રા અવસ્થામાં અને ઉન્મત્ત અવસ્થામાં જો તમે એને સમકિતી અને આત્મદર્શી કહો, તો એ ઊંઘમાં છે અને ઉન્મત્તમાં છે એમ ન કહી શકાય. એમ એને કેમ કહો તમે? આહાહા..! એય..! આહાહા..! સમજાય છે શેઠ! ફરીને. કે '**સુપ્તાદિ અવસ્થામાં પણ...**' ઉંઘમાં અને ઉન્મત્તપણું જરી હોય રાગાદિ. એને '**આત્મદર્શન હોય તો જાગ્રત અવસ્થાની જેમ, તેમાં પણ આત્માને...**' ઊંઘમાં છે, ઉન્મત્તમાં છે એવું કથન કઈ રીતે ઘટે? આહાહા..! શિષ્યનો પ્રશ્ન સમજાય છે? પોપટભાઈ! આહાહા..!

ભગવાન આત્મા પોતાના ઘરે આવ્યો. આહાહા..! જે પુણ્ય અને પાપના રાગમાં અને એના ફળમાં જે અટક્યો હતો (કે) આ હું છું, એ મિથ્યાદષ્ટિ છે. એ સમકિતી નહિ, એ જૈન નહિ. આહાહા..! જેને પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ તરીકે અનુકૂળ, પ્રતિકૂળ સંયોગો એમાં જેનું લક્ષ છે અને એ મને મારા છે. આહાહા..! એ તો મિથ્યાદષ્ટિ છે, જૈન નહિ એ. એને વીતરાગમાર્ગની ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..! જે દુઃખના નિમિત્તો. આહાહા..!

‘**परदव्वा दुग्गइ**’ ગજબ વાત છે ને. તો પરદ્રવ્યમાં મન, વચન અને કાયા, કર્મ બધું આવે છે. આહાહા..! એમાં લક્ષ્મી, બાયડી, છોકરા, કુટુંબ, દેવ-ગુરુ અને શાસ્ત્ર—એ બધા પરદ્રવ્યમાં આવે છે, ભાઈ! અને પરદ્રવ્યને લક્ષે તો રાગ જ થાય. એટલે પરદ્રવ્ય છે એ દુઃખનું, રાગનું કહો કે દુઃખનું નિમિત્ત છે. આહાહા..! ગજબ વાત.

વીતરાગમાર્ગ અને પ્રભુ આત્મા અંદર અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ છે. એનું જેને અંતર ભાન (કે જે) સુખનું કારણ છે, એવી સુખની દશા આનંદની સ્વાદની ઉત્પન્ન થઈ છે. આહાહા..! એ જીવને માટે તમે જાગ્રત અવસ્થામાં, અનિદ્રામાં, અનુન્મત્તપણામાં તમે એને આત્મદર્શન છે એમ કહો ભલે, પણ એ સુષુપ્ત અવસ્થામાં પણ છે તો એ સુષુપ્ત અવસ્થા જ એને ન કહેવાય. એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ? ભારે આકરું. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ વીતરાગનો માર્ગ ભાઈ!

કહે છે, એ ઊંઘ—નિદ્રામાં છે એમ કેમ કહો એને? તમે કહો છો કે એ તો આત્માનું ભાન સહિત જાગ્રત છે અંદર. સમજાણું કાંઈ? આહાહા..! તો એવી જરી રાગની ઉન્મત્તા જેવી દેખાય, એવી અવસ્થા એની છે એ અવસ્થા એમાં નથી એમ કહો. આહાહા..! ‘**તેમાં પણ આત્માને સુપ્તાદિનો...**’ નિંદ્રા, ઉન્મત્તપણું, અપ્રબુદ્ધપણું, વિશેષ જ્ઞાનનો વિકાસ ત્યાં નથી નિંદ્રામાં. સમજાણું કાંઈ? એવું ‘**(કથન) કેવી રીતે ઘટે? માટે તે પણ અયોગ્ય છે.**’ શિષ્ય કહે છે હોં. નિંદ્રામાં એને આત્મ સમ્યગ્દર્શન રહે, આત્માનું ભાન અંદર રહે. આહાહા..! અને એને તમે કહો કે એને આત્મદર્શન સમ્યક્ છે. છે નિંદ્રામાં સુષુપ્ત છે (છતાં) એને જાગ્રત આત્મા છે એમ તમે કહો, આહાહા..! સમજાણું કાંઈ? અજાગ્રત દશામાં જાગ્રત આત્મા છે એમ તમે કહો, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અયોગ્ય છે, મહારાજ! શિષ્ય કહે છે હોં.

‘**(સમાધાન)–ત્યાં ઈન્દ્રિયોને સ્વવિષયમાં નિદ્રાને લીધે પ્રતિબંધ છે,...**’ આહાહા..! ઊંઘમાં આ પાંચ ઈન્દ્રિયનો જે વિષય છે એમાં એનો અભાવ છે. છે? ‘**નિદ્રાને લીધે પ્રતિબંધ છે,...**’ એના પાંચ વિષયો જરાય નિદ્રામાં (કાર્યરત) નથી. ‘**પરંતુ ત્યાં આત્મદર્શનનો પ્રતિબંધ નથી,...**’ આહાહા..! કેવો ખુલાસો કર્યો છે! આહાહા..! પાંચેય ઈન્દ્રિયના વિષયો તરફનું લક્ષ નથી, નિંદ્રામાં. માટે. પાંચ ઈન્દ્રિયના વિષયનું નિરોધ—પ્રતિબંધ છે. પણ તે કાળમાં ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ આનંદનો નાથ પ્રભુ, એવું જે સમ્યગ્દર્શન થયું છે, એવું જે જ્ઞાન થયું છે એ જાગ્રત જ છે. આહાહા..! કાંતિભાઈ! આવો માર્ગ ભારે! આ શું? એ કરતા ઓલા વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી એ સહેલું હતું અને આ મોંઘું કરી નાખ્યું. એક જણો કહે.

અરે..! બાપુ! ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો પંથ વીતરાગ છે અને એ વીતરાગભાવે ધર્મ થાય. એ તો રાગ ક્રિયા છે બધી. અહીં તો શિષ્યનો એ પ્રશ્ન હતો કે એને જાગ્રત અવસ્થાની જેમ એને નિદ્રાની અવસ્થામાં પણ આત્મદર્શન છે તો એને નિદ્રાની અવસ્થા જ ન કહેવાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મા જાગ્રત છે અને અહીં નિદ્રામાં છે એમ બે વાત શી રીતે મેળ ખાય? વાત સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ!

તો કહે છે કે પ્રભુ! એકવાર સાંભળને પ્રભુ! આહાહા..! અંદરનો જે સમ્યગ્દર્શનનો વિષય, એ આત્મા જે છે એ તો જણાઈ ગયો, જાણ્યો છે ત્યાં પણ. એને ત્યાં પ્રતિબંધ કરનાર કોઈ રહ્યું નથી. આહાહા..! શું કીધું? નિદ્રાના કાળમાં અને ઉન્મત્ત અવસ્થા જેવી કાળની દશામાં... આહાહા..! અને નિદ્રામાં ઈન્દ્રિયનો વિષય જે છે એનું ત્યાં રોકાવું થઈ ગયું છે. એનો ત્યાં પ્રતિબંધ છે. આહાહા..! પણ ભગવાન આત્મા જે સમ્યગ્દર્શનનો વિષય છે એને રોકનાર કોઈ ત્યાં છે નહિ. આહાહા..! રતિભાઈ! આવી વાતું છે આ. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ જ્ઞાનના પ્રકાશનો પ્રભુ પુંજ આત્મા તો છે. જ્ઞાનપ્રકાશનો પુંજ છે. આનંદનો સાગર છે. આહાહા..! એવું સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં એનો વિષય થઈને જે જણાણું અને સ્વસંવેદન થયું એ જ્ઞાન. સમ્યગ્દર્શન થયું—જાણેલી ચીજ આવી છે એમ પ્રતીત થઈ, એને સુષુપ્તમાં એને પ્રતિબંધ કરનાર કોઈ છે નહિ. આહાહા..! કહો, ગીરધરભાઈ! આહાહા..! એને નિદ્રામાં પાંચ ઈન્દ્રિયના વિષયો પ્રતિબંધ થઈ ગયા, અટકી ગયા. અંદર જે વિષય સમ્યગ્દર્શનને વિષય કહ્યો છે અને સ્વસંવેદને જે આત્માનું જ્ઞાન કર્યું છે એને પ્રતિબંધ કરનાર તો છે નહિ એમાં. આહાહા..! કહો, સમજાણું કાંઈ? શું આવો માર્ગ? કહે. આવો ઉપદેશ કેવો? કપુરભાઈ! કલકત્તામાં પૈસા મળે પણ આ મળે એવું નથી ત્યાં.

મુમુક્ષુ :- .. મળતા નથી.

ઉત્તર :- નથી મળતા, વાતે મમતા મળે છે. ધૂળમાં પૈસામાં પૈસા રહી ગયા. એની પાસે આવે છે? એની પર્યાયમાં-આત્માની પર્યાયમાં એ પૈસા આવે છે અવસ્થામાં? આવ્યા એટલે માન્યું કે મને આવ્યા એ મમતા એની પર્યાયમાં આવી. આહાહા..!

અહીં તો એની પર્યાયમાં આત્મા આવ્યો એની વાત ચાલે છે. આહાહા..! જેની પર્યાયમાં-અવસ્થામાં આત્મા આવ્યો, આત્મા સમીપ આવ્યો. આહાહા..! જે દૂર હતો એ સમીપ આવ્યો. એનો વિષય તો તે કાળે પણ એના વિષયને રોકનાર કોઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? રતિભાઈ! આહાહા..!

'**ત્યાં ઈન્દ્રિયોને સ્વવિષયમાં નિદ્રાને લીધે પ્રતિબંધ છે,...**' આહાહા..! ઈન્દ્રિયનો વિષય છે એ તો પર છે. એ નિદ્રામાં એનો પ્રતિબંધ છે. પરવિષય ન હોય ત્યાં. આહાહા..! '**પરંતુ ત્યાં આત્મદર્શનનો પ્રતિબંધ નથી,...**' આહાહા..! ગજબ વાત છે ને? ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં, જે પ્રતીતમાં આવ્યો છે, સમ્યક્ સ્વસંવેદનમાં જે જ્ઞાનસ્વભાવનું સ્વથી પ્રત્યક્ષ વેદન થયું છે એને કોઈ રોકનાર નિદ્રા અંદર નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! જેઠાભાઈ!

'**ત્યાં આત્મદર્શનનો પ્રતિબંધ નથી,...**' આહાહા..! જ્યાં અંદર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, એનો વિષય જે આત્મા એ જાણ્યો, હવે એના વિષયને રોકવું એ ક્યાં છે ત્યાં? આહાહા..!

ચીમનભાઈ! આવું બધું કોન્ટ્રાક્ટ-ફોન્ટ્રાક્ટમાં તમારે મુંબઈમાં નહિ આવતું હોય આ. રખડવાના રસ્તા આવે ત્યાં બધા. આહાહા..! શું પરમાત્મા, સંતોએ શું ખુલાસા (કર્યા)! આહાહા..! ભાઈ! એકવાર વાત કરીએ તે સાંભળને ભાઈ! આહાહા..! જેવી જાગ્રત અવસ્થામાં અને અનુન્મત્ત અવસ્થામાં અને પ્રબુદ્ધ અવસ્થામાં જેવું આત્માનું દર્શન—સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વર્તે છે અને છે, એવી જ ચીજ એની નિદ્રામાં, ઉન્મત્તદશામાં છે. આહાહા..! અરેરે..!

ભગવાન! એકવાર સાંભળ, ભાઈ! તેં જ્યાં પત્તો આત્માનો લીધો એ દર્શનને વિઘ્ન કરનાર નિદ્રા છે? નિદ્રા એ તો પાંચ ઇન્દ્રિયના વિષયને પ્રતિબંધ કરી છે. આહાહા..! પણ સ્વવિષયને પ્રતિબદ્ધ કરનાર ત્યાં કોઈ છે નહિ. કાંતિભાઈ! આહાહા..! આચાર્યોએ પણ ગજબ કામ કર્યા છે ને. ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં ભિન્ન-ભિન્ન રીત. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એટલા શબ્દોમાં તો ગજબ કર્યું છે. પણ વાત એને બેસવી જોઈએ હોં. આહાહા..!

શિષ્યનો શું પ્રશ્ન હતો કે નિદ્રા અવસ્થા એને કહેવી ન જોઈએ, જો તેને આત્મજાગ્રતિ ત્યાં રહેતી હોય તો એને નિદ્રા અવસ્થા જ ન કહેવી જોઈએ. એમ શિષ્યનો પ્રશ્ન છે. બરાબર છે? ત્યારે ગુરુ કહે છે, ભાઈ! એકવાર સાંભળ ભાઈ! નિદ્રા અવસ્થામાં પાંચ ઇન્દ્રિયના વિષય ત્યાં રોકાણા છે, પણ ભગવાનનું દર્શન જે સમ્યક્ થયું, સ્વસંવેદન જ્ઞાન છે એને રોકનાર ત્યાં કોઈ ઊભું છે? આહાહા..! સમજાણું કાંઈ? કહો, શેઠ! સમજાય છે ને? આહાહા..! મિથ્યાત્વ છે એનો નાશ કર્યો છે, એમ કહે છે. અને અજ્ઞાનનો નાશ કર્યો છે, અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જેને સ્વવિષયથી પ્રગટ્યું છે. આહાહા..! એવો જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એનો વિષય તો વસ્તુ છે, એ વસ્તુનો વિષય તો એના જ્ઞાનમાં, દર્શનમાં વર્તે જ છે. ઉંઘમાં પણ એ વર્તે છે કહે છે. આહાહા..! સુજાનમલજી! આહાહા..!

સમ્યગ્દર્શન શું ચીજ બાપુ! આહાહા..! લોકો આમ માની બેસે કે અમે શ્રાવક છીએ અને આમ મુનિ છીએ એ વસ્તુ કાંઈક બીજી છે. આહાહા..! પ્રથમમાં પ્રથમ ચારિત્ર ને વિશેષ જ્ઞાનનું મૂળ તો સમ્યગ્દર્શન છે, હવે એ સમ્યગ્દર્શન કેમ થાય એની ખબર ન મળે અને આ વ્રત ને તપ ને અંગીકાર કર્યા એ અમારું ચારિત્ર. આહાહા..!

મુમુક્ષુ :- એને જ લોકો જૈનશાસન કહે છે.

ઉત્તર :- જૈનશાસન બાપુ! એમ નથી. આહાહા..!

એમાં એક શ્લોક આવ્યો છે ભાઈ પરમાત્મપ્રકાશમાં. કે ગ્રંથની મમતા એ જ્ઞાનીને હોતી નથી. ગ્રંથ શબ્દના બે અર્થ છે, ગ્રંથ શબ્દે પરિગ્રહ. અને ગ્રંથ શબ્દે શાસ્ત્રની રચના થવી તે. આહાહા..! એનું એને મમત્વ નથી હોતું. પરમાત્મપ્રકાશમાં 'ગ્રંથ' શબ્દ આવે છે ને. આ નિર્ગ્રંથ સ્વરૂપ ભગવાન આત્મા જે છે.. આહાહા..! રાગ તે ગાંઠ-ગ્રંથી છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા છે, એવું જ્યાં અંતર જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું, ધર્મની ત્યાંથી શરૂઆત થાય છે. એ ધર્મની શરૂઆતની દશા, કહે છે કે જાગ્રત અને પ્રબુદ્ધ અવસ્થામાં તો હોય જ છે, પણ નિદ્રા અવસ્થામાં પણ એ દશા એમ જ

રહે છે. કેમકે એને રોકનાર કોણ છે? નિદ્રામાં પાંચ ઈન્દ્રિયના વિષયો રોકાઈ ગયા છે. આહાહા..! દલીલ તો જુઓ!

ઉન્મત્ત જરી અવસ્થામાં જરી સ્થિરતા રોકાઈ ગઈ છે થોડી. પણ એને સ્વસંવેદન જ્ઞાન અને દર્શનમાં જે આત્મા જણાણો અને માન્યો અને અનુભવ્યો, એનું અટકવું ત્યાં ક્યાં થયું? એને રોકનાર કોણ છે ત્યાં? આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષય વિનાનો જે વિષય. આહાહા..! ગજબ છે ને? જે પાંચ ઈન્દ્રિયનો વિષય છે એ તો શબ્દ, રૂપ, ગંધ, સ્પર્શ (આદિ છે). એના વિનાનો સ્વવિષય સ્વ ચૈતન્યમૂર્તિ જેને ધ્યાનમાં વિષય બનાવીને... આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે એને નિદ્રા અવસ્થામાં રોકનાર કોણ છે? કહે. આહાહા..! શેઠ! આવી તો કોઈ વખતે વાત પણ સાંભળી ન હોય. સાગરમાં નથી. સાગરમાં પૈસા ને છે વૈભવ મોટો. બેય શેઠિયાને પ્રેમ ઘણો ભાઈ હોં. સાંભળવાનું બધું. એની ઓલા પ્રમાણેની. રાજકોષમાં હતા, દિલ્હીમાં એક હતા.

મુમુક્ષુ :— ..

ઉત્તર :- જઈને પહેલા ઉતર્યા હતા અને અહિંસા મંદિર... એ કરોડપતિ છે. પૈસા ઘણા છે. એ શૈલી જુદી. આ શેઠિયાની શૈલી જુદી. બધાને અમે તો જોયા છે ને ઘણાને. એને બાપુ! કેટલાકને તો એ પૈસા હોય અને વાપરવામાં પણ એનો ઘમંડ હોય, અમે આ વાપરીએ છીએ, અમે આ કરીએ છીએ. અને અમે હુશિયાર છીએ માટે દસ-દસ, વીસ-વીસ લાખ પેદા અમે વર્ષના કરીએ છીએ. એ બધો ઘમંડ હોય છે અજ્ઞાનીને. આહાહા..! કોણ પેદા કરે બાપા? બુદ્ધિના બારદાન પણ કરોડો પેદા કરે છે અને બુદ્ધિના ખાં હોય એને બે હજાર રળવા પડે મહિને (તો) પસીના ઉતરતા હોય છે. એ કાંઈ બુદ્ધિથી મળે છે? એમ છે નહિ. એ તો પૂર્વના પુણ્યના રજકણો એવા પડ્યા હોય એ ગળવા ટાણે એને આ દેખાય આ પૈસા, પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ. સમજાણું કાંઈ? આહાહા..!

શાંતિલાલ ખુશાલ ગોવામાં જુઓને. બે અબજ અને ચાલીસ કરોડ. આપણા વાણિયા દસાશ્રીમાળી સ્થાનકવાસી. બે અબજ ચાલીસ કરોડ. મરી ગયા બિચારા. એની વહુ હજી સાત મહિનાથી અસાધ્ય છે, ભાઈ! શેઠ! બે અબજ ચાલીસ કરોડ. ચાલીસ-ચાલીસ લાખના મકાન, સાત મહિનાથી અસાધ્ય છે. એ તો ગયા. આ તો એની વહુ અસાધ્ય.. શું કહેવાય આ તમારે? હેમરેજ. આ હેમરેજ નથી થાતું આ? નસ તુટી જાય. અસાધ્ય છે. સાત-આઠ મહિનાથી એમ ને એમ અસાધ્ય પડી છે બંગલામાં. આહાહા..! ચાલીસ-ચાલીસ લાખનો બંગલો છે. બે અબજ. એની બે ભાણેજો આપણે બ્રહ્મચારી છે અહીં. અહીં છે અત્યારે. એની બહેનની દીકરીયું. એક છોકરો આવ્યો છે. કાલે ગયો એ. આ દશા. હવે ધૂળ તારી શું કરે ત્યાં? જેને રોગ અસાધ્ય. આહાહા..! એ વીં છીયાવાળો છે. એનો જમાઈ. આપણો પ્રમુખ છે અહીંનો. ઓલો રસિક નથી? લાલચંદભાઈ! રસિક ધોળકિયો. નથી ઓલો બોલતો? બહુ બોલે છે. આપણા આ શું એના ભાઈનો દીકરો એનો જમાઈ છે શાંતિલાલનો. એ ત્યાં આવ્યો છે. કામાણી. કામાણી નહિ મોટાણી, આપણે ઉતર્યા હતા ને ત્યાં. ત્યાં આવ્યો હતો. મારી સાસુ સાત મહિનાથી અસાધ્ય છે કહે. પૈસા કેટલા? કે બે અબજ અને

ચાલીસ કરોડ. હવે ધૂળના તારા. ધૂળની ખબરેય નથી કે મારી પાસે આ (ચૈતન્ય વૈભવ) છે કે નહિ.

અહીં તો આત્મવૈભવ એ અંતર આનંદનો નાથ જેણે સર્વજ્ઞે કહ્યો તે. આહાહા..! એવા વૈભવનું જેને પર્યાયમાં એનો સ્વાદ આવ્યો, એનું વેદન આવ્યું છે. આહાહા..! એ જાગતો એ વેદે છે. ઉંઘતા વખતે પણ જાગતો વેદે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કર્મ બર્મ નડતું નહિ હોય ત્યાં? આહાહા..! ભાઈ! કર્મ બિચારા કોણ? ભૂલ મેરી અધિકાઈ. કર્મ તો જડ-માટી-ધૂળ છે એણે ક્યાં ભૂલ કરાવી છે? ભૂલ હતી એ તો મેં ટાળી છે. આહાહા..! મિથ્યાભ્રમ જે ભૂલ હતી એ સ્વભાવના ભાનથી તો ટાળી છે. હવે એને રોકનાર કોણ નિદ્રામાં? એમ કહે છે. ઉન્મત્ત અવસ્થા થઈ, અપ્રબુદ્ધ એટલે બહુ પ્રબુદ્ધતા—વિચિક્ષણતા ઉઘાડની ન હોય. જાણપણું વિશેષ ન હોય, પણ એને અંતરમાં જે દૃષ્ટિ અને વિકાસ થયો છે એને રોકનાર કોણ છે તે કાળે? આહાહા..! ભારે આચાર્યની વાતું ગજબ વાત છે.

'**માટે તેનો વ્યપદેશ ઘટે છે.**' શું કહે છે? કે એ નિંદ્રામાં પણ ભગવાન આત્મા પોતાના સમ્યગ્દર્શન અને જ્ઞાનના વિષયને લક્ષમાં લઈને વેદાય છે. આહાહા..! માટે તેનો વ્યપદેશ ઘટે છે. એટલે? એ નિદ્રામાં છે, ઉન્મત્ત અવસ્થામાં છે એવું કથન ઘટે છે કહે છે. સમજાણું કાંઈ? મારે ભિન્ન-ભિન્ન વાત છે આ. '**ત્યારે કોની તે વિભ્રમરૂપ લાગે છે?**' **ત્યારે કોની તે વિભ્રમરૂપ લાગે છે?** '**અક્ષીણ દોષવાળા બહિરાત્માની.**' જેણે રાગને પોતાનો માન્યો છે. આહાહા..! રાગથી પુણ્યબંધ થાય એ મારા માન્યા છે, એ પુણ્યબંધના ફળ આ ધૂળાદિ મળે, પૈસા આદિ એ મારા માન્યા એવા બહિરાત્માની વિભ્રમદશા છે. એ જાગતો હોય તોપણ વિભ્રમ છે અને નિદ્રામાં પણ વિભ્રમ. આહાહા..! સમજાણું કાંઈ?

'**અક્ષીણ દોષવાળા બહિરાત્માની. કેવા (બહિરાત્માની)? સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની–**' બાળપણું તે હું, યુવાનપણું તે હું, વૃદ્ધ તે હું, મનુષ્ય તે હું, દેવ તે હું, નારકી તે હું, નિર્ધન તે હું, સધન તે હું—એવી બધી અવસ્થા મારી પોતાની છે એમ માનનારો મૂઢ જીવ એવા બહિરાત્માને નિંદ્રામાં કે જાગૃતમાં તેને વિભ્રમદશા વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? એને ભ્રમમા અજ્ઞાન વર્તે છે. આહાહા..! અક્ષીણદોષ-મિથ્યાત્વના દોષ નથી જેણે ટાળ્યો.

'**સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની—**' આ બાળપણું તે મારું, યુવાનપણું મારું, સધનપણું તે હું, નિર્ધન તે હું, દરિદ્ર તે હું, ધનવાન તે હું, મૂર્ખ તે હું અને પંડિત તે હું. એ બધી અવસ્થાઓ છે એને પોતાની માને છે. આહાહા..! સમજાણું કાંઈ? '**બાલકુમારાદિરૂપ અને સુપ્ત-ઉન્મત્તાદિરૂપ સર્વ આવસ્થાને જે આત્મા માને છે...**' ઊંઘ તે મારી, ઉન્મત્ત તે હું, એમ જેણે માન્યું છે એ બધી અવસ્થામાં એને વિભ્રમ છે, મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પ્રબુદ્ધ હોય, જાગૃત હોય, અનુન્મત્ત હોય, ઉન્મત્ત ન હોય, તોપણ તે મૂર્ખ છે અને બહિરાત્મા છે. કેમકે એ પરને પોતાનું માન્યું છે અને સ્વને પોતે ભૂલી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો સમજાય એવી વાત છે. આ કાંઈ બહુ ઝીણી એવી નથી.

**'સર્વ અવસ્થાને જે આત્મા માને છે તેવા સ્વભાવવાળાની (બહિરાત્માની).'** વિભ્રમ એને અવસ્થા. આહાહા..! ભાવાર્થમાં જરી સ્પષ્ટ કર્યું થોડું. **'સંસ્કૃત ટીકાકારે પ્રસ્તુત શ્લોકને નીચેના રૂપમાં સમજી બીજો અર્થ પણ કર્યો છે :–'** છે ને ૯૩? **'અર્થ :– આત્મદર્શી પુરુષોની...'** આહાહા..! આત્મા પવિત્ર પૂર્ણાનંદ છું એવી પ્રતીત અને અનુભવ થયો, એવા સમકિતી જીવની એટલે કે આત્મદર્શી... એ આત્મદર્શી થયો. આહાહા..! ઇન્દ્રિયના વિષયનો દર્શી એ નહિ. આહાહા..! એય..! એ રાગ થાય તેનો પણ દર્શી નહિ ખરેખર. એ આત્મ.. આહાહા..!

**'આત્મદર્શી પુરુષોની નિદ્રાવસ્થા અને ઉન્મત્તાવસ્થા...'** જરી ઘેલછા અંશે દેખાય થોડું. **'પણ વિભ્રમરૂપ હોતી નથી...'** એને ભ્રમણા હોતી નથી. આ વિભ્રમ મિથ્યાત્વ હોતું નથી. આહાહા..! આ તો સર્વજ્ઞ પરમાત્માની ધર્મકથા છે. આ કાંઈ વાર્તા નથી. એક હતો રાજા અને એક હતી રાણી. રાણી રિસાણી તો રાજા મનાવવા ગયો, એવું તો ઘરેઘરે હોય છે. આ તો આત્મા રિસાણો છે કેમ? અને રિસાણામાથી છૂટ્યો કેમ? પોતાનું ભાન નહોતું ત્યારે એ રિસાણો હતો, એ રાગ અને પરની અવસ્થાને પોતાની માનતો. એવા જીવને જાગ્રત અવસ્થા હો કે અનુન્મત્ત અવસ્થા હોય, વિભ્રમમાં પડ્યો છે એ. જે પોતાની ચીજ નથી એને માનીને એમાં પડ્યો છે. આહાહા..! આ છ-છ છોકરા કેટલી ઉપાધિ છે?

મુમુક્ષુ :– છોકરા એ વિભ્રમદશા છે?

ઉત્તર :– એ મારા માન્યા છે એ વિભ્રમ છે. અને છોકરાઓ રળે છે હવે મને નિવૃત્તિ મળશે. એ ભ્રમણા છે. આ તો દાખલો હોં. જેને જે હોય એમ લાગુ પાડવાનો. આ તો દાખલો ભાઈ મોઢા આગળ છે. આહાહા..!

પ્રભુ! તારી દશા તો રાગ અને બાહ્યની દશાથી ભિન્ન તારી દશા છે. આહાહા..! એ દશામાં, જ્યાં દશાવાનનું દશામાં ભાન થયું, એને આવી ગમે તે દશા બહારમાં હોય, પણ એ પોતાની માનતો નથી. એટલે નિંદ્રામાં પણ એ જાગ્રત જ છે. આહાહા..! અને અજ્ઞાની જાગ્રત અવસ્થામાં પણ વિભ્રમમાં પડ્યો છે, સૂતો છે, ઊંઘી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? જે રાગને અને પરને પોતાનું માને છે દરેક અવસ્થામાં નિર્ધન તો કહે હું નિર્ધન છું, સધન તો કહે હું સધન છું. પણ એ તો જડની દશા તારા ઘરે ક્યાંથી આવી? સધન અને નિર્ધન ક્યાંથી આવ્યો તું? આહાહા..! ઊંઘી ગયા છે? ઊંઘી જાય છે. ઊંઘ છે ને. નિદ્રા આવી જાય છે. એ ચોપડી લીધી એ લઈ લીધી એણે. આ ઊંઘી ગયા છે આ. વાત સાચી ને અત્યારે આ ઉંઘવાનું ટાણું છે ને? આહાહા..!

સાંભળનારા એવા હોય. એવું પહેલા આઠમી ગાથામાં ભાઈ આવે છે. ટગ... ટગ.. ટગ... જોવે આ શું કહે છે? શું કહે છે આ? ન સમજે તો એમ કહે, શું કહે છે આ? એવું આવે છે. ટગ-ટગ એની સામું જ જોવે કહેનારની. ફેરફાર (થાય લક્ષમાં), એ શ્રોતા લાયક જ નથી ધર્મને સાંભળવાને. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત બાપુ! આહાહા..! એય..!

અહીં કહે છે '**સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની...**' વિભ્રમદશા બધા—દરેક કાળે એને હોય છે એમ કહે છે. જાગ્રત હોય, વેપારમાં બેઠો હોય, મોટો વિચિક્ષણતાથી ચોપડાના નામા તપાસ-તો હોય. સમજાણું? પણ એ વિભ્રમ મૂઢ છે. એ દશામાં પણ એ મૂઢ છે, એ વિભ્રમ છે, મિથ્યાત્વી છે. આહાહા..! એને જૈન પરમેશ્વર આત્મા તને કહે છે એની એને ખબર નથી. આહાહા..! એનું એને દર્શન મિથ્યાદર્શન છે. સ્વદર્શન નથી. મિથ્યાદર્શન છે. આહાહા..! મિથ્યાદર્શન એટલે? જે અવસ્થાઓ પરની, રાગની એ મારી (માને) એ બધી મિથ્યાદર્શન છે. મિથ્યાદર્શન એની દશા છે. આહાહા..! પછી ભલે એ સામાયિક કરતો હોય ને પોષા કરતો હોય અને પડિક્કમણા કરતો હોય, અને જાત્રા કરતો હોય, પણ એ બધી દશામાં એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! કેમકે એ આત્માના સ્વભાવની જાગ્રતદશાને ભૂલી ગયો છે. અને આ (જાગ્રત) સિવાયની બધી અજાગ્રત અવસ્થા જડની એને જ પોતાની માનીને બેઠો છે. આહાહા..! એ બધા કાળમાં એ વિભ્રમમાં જ પડ્યો છે કહે છે. આહાહા..! ચાહે તો ભગવાનની સ્તુતિમાં હોય. પણ એ જાણે છે કે સ્તુતિ કરું છું એ હું છું. એ સ્તુતિ છે એ જડની ભાષા છે. એ હું કરું છું એવી પરની વિભ્રમ દશા ત્યાં જ એને વર્તે છે. આહાહા..! એય..

સ્વાહા. જુઓ પૂજા કરે નથી આવતું? ચોખા ને એ બધી ક્રિયાઓ ચોખા મૂકવાની હું કરું છું. એ તો જડની ક્રિયા છે. આ હાથ ચાલે એ પણ જડની ક્રિયા છે. પણ એ અવસ્થાએ અવસ્થા મારી છે અને હું કરું છું એવી માન્યતાવાળાને તે વખતે વિભ્રમ મિથ્યાત્વ વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? પરને બચવાનો કાળ હોય અને પોતે ત્યાં પહોંચ્યો અને બચાવ્યું એને. એટલે એ મારાથી બચ્યો, અને મેં આ હાથ આમ કર્યો એટલે બચી ગયો, એ હાથની ક્રિયા જડની અને ઓલો બચ્યો (એ) ક્રિયા એની. એને મેં બચાવ્યો એવી માન્યતા એ દશામાં પણ એ મિથ્યાદષ્ટિ ભ્રમમાં પડ્યો છે. આહાહા..!

અને ધર્માત્મા નિદ્રામાં ને નિદ્રામાં પડ્યો હોય. આહાહા..! મુનિને તો બહુ અલ્પ નિદ્રા હોય છે. અલ્પ બહુ અલ્પ. એક પોણી સેકન્ડની અંદર. સાચા મુનિની વાત છે. સંત જેને ભગવાન કહે મુનિ, એને તો પાછલી રાત્રીમાં જરી પોણી સેકન્ડ નિદ્રા આવે. ત્યાં જાગી જાય. આનંદમાં આવે. વળી એવી પાછલી રાત્રે થોડી આવે. પણ સમકિતી હોય અને ગૃહસ્થાશ્રમમાં હોય તો એને વળી પાંચ-સાત કલાક નિદ્રા આવે. પણ એ નિદ્રાના કાળમાં એ જાગ્રત છે. એમ કહે છે. આહાહા..! અને અજ્ઞાની જાગ્રત કાળમાં પણ ભ્રમમાં વિભ્રમમાં પડ્યો છે એ. આહાહા..! સમજાણું કાંઈ?

'**જેના મિથ્યાત્વાદિ દોષો ક્ષીણ થયા નથી...**' જોયું! ભ્રમણા ગઈ નથી એની. કે આ વાણી, રાગ, પુણ્ય, શરીર વાણી એ મારા નથી. મારી ચીજ તો આનંદમય અને જ્ઞાનમય છે. એવું જેને અજ્ઞાનીને ભાન નથી. ભલે એ જૈન નામ ધરાવતો હોય, તોપણ તેના મિથ્યાત્વાદિ દોષ ગયા નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**તેવાની-તે (નિદ્રાવસ્થા અને જાગ્રતાવસ્થાદિ સર્વ અવસ્થાઓ) વિભ્રમરૂપ છે.**' આહાહા..! શૈલી જુઓને કઈ? સમયસારથી બીજી શૈલી. એનું સ્પષ્ટીકરણ કર્યું. બાકી છે તો એ શૈલી. આહાહા..!

'**જે આત્મદર્શી...**' જોયું! એને રાગ હોય, લડાઈનો રાગ હોય, વિષયનો રાગ હોય તોપણ તે તો આત્મદર્શી છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે રાગને પોતાની અવસ્થા છે અને મારી છે એમ માનતો નથી. આહાહા..! એને તો હું જાણું છું એ પણ વ્યવહાર છે. આહાહા..! હું મને જાણું છું એ રીતે અંતરાત્માને નિદ્રા અવસ્થામાં પણ આ દશા હોય છે. આહાહા..! સમજાણું કાંઈ?

દાખલો આપ્યો છે ને, નહિ? મોક્ષમાર્ગપ્રકાશકમાં. કે નોકર છે એ શેઠનું કામ કરે, એ બોલે પણ એમ કે અમને વ્યાજ ભરવા પડે છે. આ મુંબઈમાં જુઓને આઠ વાગે ભરે તો આજનું ખતવાય. આજ દિનનું. આઠ પછી કરે તો ઓલા દિનનું ખતવાય. પૈસા-પૈસા ભરે ને? આ તો દાખલો. તો એ પૈસા ભરવા આવ્યો હોય ઓલાને કહે નોકર. અમારે પણ પૈસા બરાબર ભરવા પડે, માટે આઠ પહેલા હોય તો આજ દિનમાં ખતવાશે. નહિતર અમારે પણ નહિ ખતવાય. અમારે-અમારે કહે છે પણ અંદરમાં જાણે છે કે અમારું નથી કાંઈ. એના લાભ અને તોટાનો ધણી તો શેઠ છે. ભાષા તો એમ કહે અમારે આમ છે, અમારે પણ આમ કરવું પડે છે, અમારે આમ કરવું. ભાઈ! હવે તું લાવ્યો દસ વાગે અને આજની તિથિમાં ખતવીશ તો નહિ ખતવાય. અમારે પણ એ તિથિમાં ખતવતા અમારે પૈસા ભરવા પડે છે. એમ બોલે પણ અંદરમાં કાંઈ ન મળે. આહાહા..! એય..! સમજ્યા? દાખલો આપ્યો છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં. સમયસારમાં આવ્યું હશે.

'**આત્મદર્શી અંતરાત્મા છે...**' અંતરાત્મા એટલે આત્માનો જાણનાર અને માનનાર. એટલે કે આત્માદર્શી એટલે શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ, એનું જેને અંતરમાં ભાન થયું છે, રાગ અને પરથી જેને ભેદજ્ઞાન વર્તે છે એ ભેદજ્ઞાન નિદ્રાવસ્થામાં પણ રહે છે એમ કહે છે. આહાહા..! ઈન્દ્રિયોના વિષય રોકાઈ ગયા, પણ એનો સ્વવિષય છે એને રોકનારું કોઈ ત્યાં છે નહિ. આહાહા..! જુઓ આ આત્માની સ્થિતિ! અરે..! આવું મનુષ્યપણું એમાં, વાસ્તવિક વીતરાગ પરમાત્મા, કોને દર્શન કહે છે, કોને સમકિત કહે છે? કોને મિથ્યાત્વ? એની કાંઈ ખબર ન મળે. એ જીવન ઢોર જેવા જીવન છે. શેઠ! પછી ભલે કરોડોપતિ અને અબજોપતિ હોય. આહાહા..! પશુ જેવા અવતાર છે એ. દુનિયા વખાણ કરે લ્યો.

મુમુક્ષુ :- ગાંડા..

ઉત્તર :- ગાંડાને.

'**આત્મદર્શી અંતરાત્મા છે તેને સુપ્તાદિ અવસ્થા વિભ્રમ નથી,...**' ઊંઘ અને ઉન્મત્ત અવસ્થાથી મિથ્યાત્વ નથી, ભ્રમણા ત્યાં નથી. આહાહા..! '**તો જાગ્રતાદિ અવસ્થાઓ તો વિ-ભ્રમરૂપ કેમ જ હોય? ન જ હોય,...**' ખુલાસો વધારે કર્યો. '**કારણ કે આત્મસ્વરૂપના દઢતર અભ્યાસના કારણે...**' આહાહા..! આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન એનો દઢતર અભ્યાસ કર્યો રાગથી ભિન્ન પાડીને. આહાહા..! આ અભ્યાસ. આ સંસારના અભ્યાસ નથી કરતા? બી.એ. અને એલ.એલ.બી.ના પૂંછડા વળગાડે છે ને. આ એલ.એલ.બી. આ વકીલ થાય છે ને અને એમ.એ. આ ડોક્ટર બધા અજ્ઞાન, કુજ્ઞાન છે બધા એ. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો આત્મસ્વરૂપનો અભ્યાસ. આહાહા..! વિકલ્પ રાગમાત્રથી ભિન્ન મારી ચીજો દઢતર અભ્યાસના સંસ્કાર અંદર પડ્યા છે. એ સંસ્કારને નિંદ્રા પણ રોકી શકે નહિ. આહાહા..! ઉન્મત્ત અવસ્થા પણ એને રોકી શકે નહિ એમ કહે છે. આહાહા..! '**કારણ કે આત્મસ્વરૂપના દઢતર અભ્યાસના કારણે તેનું જ્ઞાન તે અવસ્થાઓમાં આત્મસ્વરૂપથી ચ્યુત થતું નથી,...**' સમ્યગ્દૃષ્ટિ જીવને ધર્મની જેને શરૂઆત અંતરથી થઈ ગઈ છે, રાગથી અને શરીરથી ભિન્ન એવું ભાન થયું છે, અને એનો દઢતર સંસ્કાર અને અભ્યાસ થઈ ગયો છે અંદર, એને નિદ્રા અવસ્થામાં પણ એના જ્ઞાનથી ચ્યુત થતું નથી. આહાહા..! આ સૂવે ત્યારે નથી આ નાકનું ઓલું થાતું? ગરડીયો ચાલે જરી શું કહે? નાકનું.

મુમુક્ષુ :- નસકોરા બોલે

ઉત્તર :- નસકોરા બોલે. નસકોરા બોલે. સૂતો હોય તો નસકોરા બોલે સંભળાય બધે. સમકિતીને નસકોરા બોલે પણ એ અંદર જાગ્રત છે કહે. આહાહા..! કેમકે ભેદજ્ઞાન થયું છે એ કાળે પણ એ વર્તે છે. કરવું પડતું નથી કાંઈ. આહાહા..! કેટલાક તો ૪૦-૪૦ વર્ષ થયા ને એટલે દઢતર રૂઢ-રૂઢ થઈ ગયું. ઘણાને તો એમ થઈ ગયું (છે કે) એ તો આપણે સાંભળીએ છીએ, એ તો આપણને છે. ભ્રમ છે બધો. અજ્ઞાન છે. નવી પર્યાય વખતે નવું શું છે એ સાંભળવાની જેને દરકાર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાંભળવાથી રાગ થાય.

ઉત્તર :- એ સાંભળવું આવ્યા વિના રહે નહિ અને સાંભળનારની દશા કહેનાર ઉપર બરાબર જોયા જ કરે એ દશા હોય એની. ગણધર જેવા પણ ચાર જ્ઞાન અને ચૌદ (પૂર્વધારી) ગણધર, સાંભળવા બેસે પછી ધ્યાન બીજે રાખે? વિકલ્પ છે ત્યાં સુધી આમ ધ્યાન રાખે લક્ષ. આત્મા હોય ત્યાં અંદર ઉતરી જાય છે. આહાહા..! મુનિ છે ને. સાચા મુનિને છઠ્ઠું-સાતમું, અને વિશેષ તો એ છે કે સાતમામાં આવ્યા (ત્યારે) શું ગઈ વાત એનો સાતમા વખતે ખ્યાલ નહોતો, પણ છતાં એ સંધિ કરી નાખે છે. આહાહા..! શું કહ્યું સમજાણું?

છઠ્ઠા ગુણસ્થાનમાં મુનિ વિકલ્પમાં છે એટલે લક્ષ છે, આ ભગવાન કહે છે એનું લક્ષ છે. છે તો રાગ. પણ તરત અપ્રમત્તદશા, સાચા મુનિની એને દશા કહીએ. આ તો બધા અત્યારે તો સમજવા જેવી વાતું છે. મુનિ તો એને કહીએ કે આમ ત્રણ કષાયનો નાશ થયો છે, નિદ્રા પણ એક પોણી સેકન્ડની જ હોય, એક સેકન્ડની નિદ્રા આવે તો મુનિપણું રહેતું નથી એને. આ તો કહે માણસો હજી માને છે ને બધા? આ બધા સાધુ છે ને બધા આચાર્ય છે ને ઉપાધ્યાય છે. કોઈ ધૂળેય નથી. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું એ માર્ગની રીત જ જુદી છે. કહે છે.. આહાહા..! એ નિદ્રામાં અને કોઈ ભાષા એવી નીકળી ગઈ અસ્થિરતાની, તોપણ તે સ્વરૂપથી ચ્યુત થતો નથી. આહાહા..!

'**ઇન્દ્રિયોની શિથિલતા અને રોગાદિવશ કદાચિત્ તેને ઉન્મત્તતા પણ આવી જાય,...**'

એ તો ખુલાસો કર્યો છે. ઇન્દ્રિયોની શિથિલતા થઈ ગઈ અને રોગાદિવશ તેને ઉન્મત્તતા છે. આહાહા..! '**તો પણ તેના આત્માનુભવરૂપ સંસ્કાર છૂટતા નથી-...**' જેણે ભ્રમણા ટાળી છે અને નિભ્રમ-અભ્રમદશા જેને પ્રગટ કરી છે. આહાહા..! રાત ને દિ' એની સ્વ ધારા પરથી ભિન્ન જ વર્તે છે. પછી ઊંઘમાં હો કે જાગૃતમાં હો. આહાહા..! આ ચીજની કિંમત નથી લોકોને. અને બહારમાં ત્યાગ કર્યો ને આ કર્યું ને આ કર્યું. જે આત્મામાં પરનો ત્યાગ-ગ્રહણ છે જ નહિ. પરના ગ્રહણ-ત્યાગથી તો શૂન્ય છે. આહાહા..! એને ઠેકાણે પરના ગ્રહણ-ત્યાગવાળો એ ધર્મી અને એ સાધુ. આહાહા..! બહારની વાતું બાપુ જગત સાથે મેળ ખાય એવો નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ દુનિયાની સાથે અત્યારે મેળ ખાય એવો નથી.

કહે છે, '**તો પણ તેના આત્માનુભવરૂપ સંસ્કાર છૂટતા નથી-બરાબર કાયમ જ રહે છે;...**' આહાહા..! સ્વ જે આત્મા તેનું વેદન જે જ્ઞાનમાં જ્ઞાનનું અને પ્રતીતિ જે સમકિતમાં એ તો એને કાયમ રહે છે. આહાહા..! '**અજ્ઞાની બહિરાત્માને બાળ, કુમારાદિરૂપ...**' એટલે યુવાન આદિ '**સુપ્ત-ઉન્મત્તાદિરૂપ...**' સૂતો અને મગજફેર થઈ જાય '**સર્વ અવસ્થાઓમાં દેહાધ્યાસ-આત્મ-બુદ્ધિ હોવાથી તેની બધી ક્રિયાઓ વિભ્રમરૂપ-મિથ્યા છે.**' આહાહા..! છે ને?

'**અંતરાત્માને નિરંતર જ્ઞાનચેતનાનું પરિણમન હોવાથી...**' સ્પષ્ટ બહુ સારું કર્યું છે છોટાભાઈએ. જ્ઞાનચેતનાનું તો પરિણમન છે. પરિણમન છે એ પરિણમનને રોકે કોણ? આહાહા..! રાગની તીવ્રતા હોય, તોપણ સ્વસંવેદન જ્ઞાનના પરિણમનને રોકે કોણ? આહાહા..! અને જડની અવસ્થા પણ અનેક પ્રકારની હોય, શરીર, વાણી, ઇન્દ્રિયોની. એમાં આત્માની જાગૃત દશાને રોકે કોણ? આહાહા..!

દરિયામાં જ્યારે ભરતી આવતી હોય, ત્યારે ભલે ૧૧૦ ડિગ્રીનો તડકો હોય, તો એ ભરતીને રોકી શકે? ભરતી સમજો છો? બાઢ. દરિયાના મધ્યમાંથી જ્યારે ઉછળે દરિયો એને બાહ્યમાં ૧૦૮-૧૧૦ ડિગ્રીનો તડકો હોય એ રોકી નહિ શકે, તેમ તેને ઓટનો કાળ હોય, દરિયાનો ઓટનો કાળ. ત્યારે ૫૦ ઇંચનો વરસાદ અને નદીઓ હજારો ચારેકોરથી અંદર પડે, તે ઓટને કાળે એ બહારની ચીજ ભરતી લાવે (એવી) તાકાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એમ ભગવાન આત્મા અનંત સુખનો અને અનંત ગુણનો સાગર, એ મધ્યબિંદુ ઉપર દૃષ્ટિ પડતા એ ઉછળ્યો પર્યાયમાં. આહાહા..! એને કોઈ રોકનાર છે નહિ. ઇન્દ્રિયો ઢીલી પડી જાવ, ઉન્મત્ત અવસ્થા થઈ જાવ, જ્ઞાન પણ યાદગીરી ભૂલી જાય, ઇન્દ્રિયનું જ્ઞાન ભૂલી જાય. આહાહા..! છતાં એની દશા જે ભરતી થઈ છે, સમ્યગ્દર્શન અને જ્ઞાન સ્વરૂપની પ્રતીત અને ભાન એને કોઈ રોકનાર નથી. '**તેની બધી ક્રિયાઓ...**' અજ્ઞાનીની બધી ક્રિયાઓ મિથ્યા છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ ૧૦, શનિવાર તા. ૨-૦૮-૧૯૭૫
## શ્લોક – ૯૩-૯૪,
## પ્રવચન – ૧૦૮

૯૩ ગાથાની છેલ્લી બે લીટી છે. '**આ રીતે બહિરાત્મા...**' આ રીતે એટલે? દરેક ક્ષણે દેહની ક્રિયા હું કરું છું અને રાગ તે મારી ચીજ છે એવું દરેક ક્ષણે બહિર્ નામ આત્માના સ્વભાવમાં એ ચીજ નથી. એને પોતાની માને છે તે '**બહિરાત્મા અને અંતરાત્મા...**' જે રાગ અને શરીરની ક્રિયા મારી નથી. હું કોઈ જ્ઞાનાનંદ, સહજાનંદ સ્વરૂપ છું. એમ જાણનાર... મોટો ફેર અવસ્થામાં છે. આહાહા..! બેની '**અવસ્થામાં મોટો ફેર છે.**' કેમકે દેહની ક્ષણે ક્ષણે થતી અવસ્થા હું એક છું જાણનાર, તો એવી અવસ્થા થાય છે જડમાં. એમ માનનાર અને રાગ જે છે વિકલ્પ વિભાવ છે એ ત્રિકાળ સ્વભાવમાં એ ચીજ નથી. છતાં એ રાગનું કર્તવ્ય મારું છે. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ મારું કર્તવ્ય છે. એવું માનનાર અજ્ઞાની ક્ષણે ક્ષણે પર અવસ્થાને પોતાની માને છે. આહાહા..! દરેક ક્ષણે બધી અવસ્થામાં શરીર અને રાગથી ભિન્ન છું, તેવું જાણનાર અંતરાત્માની અવસ્થા અને બહિરાત્માની અવસ્થા મોટો ફેર છે.

'**અંતરાત્મા આત્મસ્વરૂપમાં સદા જાગૃત રહે છે...**' ચાહે તો લડાઈ આદિ હોય, રાગાદિ હોય. આહાહા..! વિષયની વાસના આદિ હો, પણ તેમાંથી દૃષ્ટિને ઉઠાવી લીધી છે. આહાહા..! અંતરાત્મા. અંતર સ્વરૂપ(માં) અંતર્મુખ થતાં જે વસ્તુની અનુભવદૃષ્ટિ થાય તે અંતરાત્મા દરેક ક્ષણે રાગ અને પરની ક્રિયા પોતાની માનતો નથી. આહાહા..! આવો મોટો ફેર છે. એ '**સદા જાગૃત રહે છે...**' એટલે કે રાગ અને દેહની ક્રિયા હોવા છતાં તેનો જાણનાર રહે છે. આ મોટો ફેર છે.

'**અને બહિરાત્માની એનાથી વિપરીત દશા હોય છે.**' કોઈ પળ તેની જાગૃત હોતી નથી. બહિર્ આત્મા જે વસ્તુના ત્રિકાળી સ્વભાવમાં નથી, એવી ચીજને અને રાગને અને દેહને પોતાનું કર્તવ્ય માનનાર, તે મૂઢ દરેક ક્ષણે મિથ્યાત્વને સેવે છે. આહાહા..! ચાહે તો પછી સાધુપણું પાળતો બહારની ક્રિયાનું, પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણને. તોપણ એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે જે ક્રિયા રાગની અને દેહની એ બધી ચીજ સ્વરૂપમાં નથી. અને સ્વરૂપની દૃષ્ટિ થયા વિના એને પોતાનું માને છે એ ક્ષણે-ક્ષણે મિથ્યાત્વથી—રાગ અને દેહની ક્રિયાની એકત્વબુદ્ધિથી લેપાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ननु सर्वावस्थात्मदर्शिनोऽप्यशेषशास्त्रपरिज्ञानान्निद्रारहितस्य मुक्तिर्भविष्यतीति वदन्तं प्रत्याह–

विदिताशेषशास्त्रोऽपि न जाग्रदपि मुच्यते।
देहात्मदृष्टिर्ज्ञातात्मा सुप्तोन्मत्तोऽपि मुच्यते।।९४।।

તનદષ્ટિ સર્વાગમી જાગૃત પણ ન મુકાય;
આત્મદષ્ટિ ઉન્મત્ત કે નિદ્રિત પણ મુકાય. ૯૪.

टीका :– न मुच्यते न कर्मरहितो भवति। कोऽसो? देहात्मदृष्टिर्बहिरात्मा। कथम्भूतोऽपि? विदिताशेषशास्त्रोऽपि परिज्ञाताशेषशास्त्रोऽपि देहात्मदृष्टिर्यतः देहात्मनोर्भेदरुचिरहितो यतः। पुनरपि कथम्भूतोऽपि? जाग्रदपि निद्रयाऽनभिभूतोऽपि। यस्तु ज्ञातात्म परिज्ञातात्मस्वरूपः स सुप्तोन्मत्तोऽपि मुच्यते विशिष्टां कर्मनिर्जरां करोति दृढतराभ्यासात्सुप्ताद्यवस्थायामप्यात्मस्वरूप–संवित्त्यवैकल्यात्।।९४।।

---

સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની પણ, અશેષ (સંપૂર્ણ) શાસ્ત્રોના પરિજ્ઞાનને લીધે નિદ્રારહિત (જાગૃત) થયેલાની મુક્તિ થશે? એવું બોલનાર પ્રતિ કહે છે :-

શ્લોક – ૯૪

અન્વયાર્થ :- (देहात्मदृष्टिः) શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર બહિરાત્મા (विदिताशेषशास्त्रः अपि) સંપૂર્ણ શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં તથા (जाग्रत अपि) જાગતો હોવા છતાં (न मुच्यते) કર્મબંધનથી છૂટતો નથી; કિન્તુ (ज्ञातात्मा) ભેદજ્ઞાની–અન્તરાત્મા (सुप्तोन्मत्तः अपि) નિદ્રાવસ્થામાં યા ઉન્મત્તાવસ્થામાં હોવા છતાં (मुच्यते) કર્મબંધનથી મુક્ત થાય છે–વિશિષ્ટ રૂપથી કર્મોની નિર્જરા કરે છે.

ટીકા :- મુક્ત થતો નથી–કર્મરહિત થતો નથી. કોણ તે? શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર–બહિરાત્મા. કેવો હોવા છતાં? સર્વ શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં સર્વ શાસ્ત્રોના પરિજ્ઞાનવાળો હોવા છતાં–, કારણ કે તે દેહાત્મદષ્ટિ છે અર્થાત્ દેહ અને આત્માના ભેદની રુચિ વિનાનો છે. વળી તે કેવો (હોવા છતાં) છે? જાગૃત હોવા છતાં – નિદ્રાથી અભિભૂત (ઘેરાયેલો) નહિ હોવા છતાં.

જે જ્ઞાતાત્મા છે અર્થાત્ જેણે આત્મસ્વરૂપ જાણ્યું છે (અનુભવ્યું છે) તે સુપ્ત અને ઉન્મત્ત હોવા છતાં મુક્ત થાય છે–વિશિષ્ટ કર્મ–નિર્જરા કરે છે, કારણ કે તેને દઢતર અભ્યાસને લીધે સુપ્તાદિ અવસ્થામાં પણ આત્મસ્વરૂપના સંવેદનમાં વૈકલ્ય (ચ્યુતિ) હોતું નથી.

ભાવાર્થ :- જેને શરીરમાં આત્મબુદ્ધિ છે–જે શરીરને જ આત્મા માને છે એટલે કે શરીરની ક્રિયા આત્મા કરે છે એવું માને છે–તે ભલે સર્વ શાસ્ત્રોનો જાણકાર હોય અને જાગૃતાવસ્થામાં (સભાન અવસ્થામાં) હોય, તો પણ ભેદવિજ્ઞાનના અભાવને તેને મુક્તિની

**પ્રાપ્તિ થતી નથી, પરંતુ જેને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે અને આત્મસ્વરૂપના અનુભવનો દઢતર અભ્યાસ છે તેવો અંતરાત્મા, નિદ્રાવસ્થામાં યા ઉન્મત્તાવસ્થામાં હોવા છતાં વિશિષ્ટ પ્રકારે કર્મોની નિર્જરા કરે છે કારણ કે તેને નિરંતર જ્ઞાન ચેતનાનું પરિણમન છે. આ કર્મનિર્જરા તેની મુક્તિના કારણરૂપ બને છે.**

**વિશેષ**

**અજ્ઞાની જીવને અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન હોય, પોતાના શાસ્ત્રજ્ઞાનથી બીજાઓને મુગ્ધ કરે, પ્રશંસાને પાત્ર બને, પણ જો તે આત્મજ્ઞાનશૂન્ય હોય તો તેનું બધું જ્ઞાન આત્મહિત માટે કાર્યકારી નથી-બાધક છે. ગધેડા ઉપર લાદેલાં શાસ્ત્રોના બોજા સમાન તે જ્ઞાન તેને બોજારૂપ છે. ૯૪.**

# શ્લોક-૯૪ ઉપર પ્રવચન

હવે શિષ્યનો પ્રશ્ન છે કે '**સર્વ અવસ્થાઓમાં આત્મા માનનાર...**' દેહની, રાગની અવસ્થાને પણ માને. '**પણ, અશેષ (સંપૂર્ણ) શાસ્ત્રોના...**' જ્ઞાન છે. એને શાસ્ત્રનું જ્ઞાન છે. આહાહા..! તો એ જાણનાર '**(જાગૃત) થયેલાની મુક્તિ...**' જાગૃત છે. એમ કહે છે. શિષ્યનો પ્રશ્ન છે હોં. આહાહા..! '**સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની પણ,...**' એમ. ભલે કહે છે રાગ અને દેહની અવસ્થા આત્માની માને, પણ તેને શાસ્ત્રનું જ્ઞાન છે ને? શેઠ! શાસ્ત્રનું જ્ઞાન છે એને. જ્ઞાનમાં એને આવ્યું છે ધારણામાં કે રાગ અને દેહ મારો નથી. એમ કહે છે. એય..! આહાહા..! તો એ તો જાગૃત છેને શાસ્ત્રનું જ્ઞાન છે એટલે? આહાહા..! તો એની તો મુક્તિ થશે ને?

હજારો શાસ્ત્રો જાણે, શાસ્ત્રો રચી જાણે. આહાહા..! પણ પ્રત્યેક રાગ અને દેહની અવસ્થામાં પર્યાય બુદ્ધિવાળો છે તેને જ પોતે માને છે. આહાહા..! '**એવું બોલનાર પ્રતિ કહે છે :-**' આવું જે બોલે કે શાસ્ત્રોનું જ્ઞાન છે કે નહિ? પત્થરની શિલામાં શાસ્ત્રો લખ્યા હોય, તો એ પાણીમાં ન બોળે ને? આહાહા..! શાસ્ત્ર લખ્યા હોય, સમયસાર, પ્રવચનસાર પત્થરની શિલામાં કોતરીને. આ જુઓને કોતર્યા નથી. લ્યો! આરસપહાણમાં કોતરાયેલા છે લ્યો. હવે એ પત્થર પાણીમાં બુડાડે કે નહિ પત્થરને પાણીમાં? શાસ્ત્ર લખ્યા છે ને એમાં? આહાહા..! એમ જેના જ્ઞાનના ક્ષયોપશમમાં મિથ્યાજ્ઞાનના પ્રસંગમાં એને અગ્યાર અંગ નવપૂર્વની લબ્ધિનું જ્ઞાન થાય. પૂરું તો ભણ્યું ભણાતું નથી. એવી લબ્ધિ થાય છે. તો એવા લબ્ધિવાળાને ભલે તે પ્રત્યેક અવસ્થામાં પરને પોતાનું માને, પણ આવું ભણતરનું જ્ઞાન બહુ વિકાસ છે, એની તો મુક્તિ થશે કે નહિ? આહાહા..! તેનો ઉત્તર...

विदिताशेषशास्त्रोऽपि न जाग्रदपि मुच्यते।
देहात्मदृष्टिर्ज्ञातात्मा सुप्तोन्मत्तोऽपि मुच्यते।।९४।।

**તનદૃષ્ટિ સર્વાગમી જાગૃત પણ ન મુકાય;**
**આત્મદૃષ્ટિ ઉન્મત્ત કે નિદ્રિત પણ મુકાય. ૯૪.**

નીચે છે ત્યાં? એ શ્લોક નહિ હોય. આમાં છે. ભાઈએ કરેલું છે ને છોટાભાઈએ. આહાહા..!

'**ટીકા :- મુક્ત થતો નથી-કર્મરહિત થતો નથી.**' મુક્ત થતો નથી એટલે કર્મરહિત થતો નથી. '**કોણ તે? શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર-**' એટલે કે જેની દૃષ્ટિ રાગ અને શરીર ઉપર જ છે. ત્રિકાળી શુદ્ધ ભગવાન અભેદ ચૈતન્યમૂર્તિ એમાં દૃષ્ટિનો એને અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? દૃષ્ટિ ફેરે એ માને છે રાગ અને શરીરાદિની પર્યાય હું વિચિક્ષણ છું તેથી બરાબર બોલી જાણું છું. શાસ્ત્રનું જ્ઞાન મને બરાબર છે એવું ભાષણ બરાબર કરી શકું છું. અને વિચિક્ષણતા મારામાં જ્ઞાનના ઉઘાડને લઈને એ તો જે કોઈ પૂછે એનો જવાબ દઈ શકું છું. આહાહા..! પણ કહે છે, એ શરીરમાં બુદ્ધિ આત્મબુદ્ધિ છે. આહાહા..!

ખરેખર તો એ શાસ્ત્રનું જ્ઞાન છે એ મારું જ્ઞાન છે એ આત્મબુદ્ધિ પણ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? કારણ કે એવા નવ પૂર્વ અને અગ્યાર અંગ સુધી તો અભવિ પણ ભણી ગયો અગ્યાર અંગ અને અનંત ભાવમાં, અનંત કાળમાં નવ પૂર્વની લબ્ધિ સુધી ચાલ્યો ગયો છે. જો એ ધર્મ હોય, અબંધ પરિણામ હોય તો તેની અલ્પકાળમાં મુક્તિ થવી જોઈએ. આહાહા..! પરસત્તાવલંબી જ્ઞાન સ્વસત્તાના ભાન વિના થયેલું... આહાહા..! એ પરસત્તાવલંબી જ્ઞાન ભલે કંઠસ્થ કર્યું હોય અને બરાબર યાદ રાખે. આહાહા..! મારે કહેવું પડશે, વાંચવું પડશે માટે ધારી લઉં વાતને. આહાહા..! એ દેહાત્મબુદ્ધિ છે. સૂક્ષ્મ શલ્ય છે એ. આહાહા..!

જે જ્ઞાન બીજાને સમજાવવા માટે કરે છે એ જ્ઞાનનું પ્રયોજન અન્ય છે, તેથી તે જ્ઞાન જ નહિ. આહાહા..! હું ધારી લઈશ શાસ્ત્રના જ્ઞાનને, તો જગતને સમજાવી શકીશ, જગત મને પસંદ કરશે. મને કાંઈક ગણતરીમાં ગણશે. આહાહા..! એ બધા દેહાત્મબુદ્ધિ, પરાત્મબુદ્ધિ છે. આહાહા..! એ ભલે ભણેલો હોય કહે છે. કરોડો અબજો શ્લોકો કંઠસ્થ ધારણા અને પાણીના પૂરની પેઠે તેનો જવાબ આપે. સમજાણું કાંઈ? આહાહા..! પણ તે ધારણામાં પ્રયોજન તો પરનું જ છે એકલું. સ્વ આવ્યો નહિ એમાં. તો એ જ્ઞાનને જ્ઞાન જ કહેતા નથી. એ જ્ઞાન તે તો અજ્ઞાન છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવી છે ટીકા નહિ? ત્રીજા અધ્યયન ચોથામાં. જે જ્ઞાન યથાર્થ હોય શાસ્ત્રનું છતાં એનું પ્રયોજન બીજું કરે, બીજાને સમજાવવામાં, બીજાને વિસ્મયતા પમાડીશ. મારા જાણતામાં એ ધારણાથી બીજાને વિસ્મયતા પમાડીશ. એવું જેને પ્રયોજન છે તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન નથી. આહાહા..! વાત તો બાપુ! અંતરની વાતું બહુ ઝીણી. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'**સર્વ શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં...**' આહાહા..! અહીં તો સર્વ શાસ્ત્રની વાત કરી છે.

મર્યાદા પણ બાંધી નથી અગ્યાર અંગ કે નવ પૂર્વ. આહાહા..! વ્યાકરણનું, સંસ્કૃતનું શબ્દાર્થ, ભાવાર્થ બધું જેને કંઠસ્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સર્વ શાસ્ત્રોના પરિજ્ઞાનવાળો હોવા છતાં–**' પહેલો શબ્દ એમ મૂક્યો કે '**સર્વ શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં...**' પછી ખુલાસો કર્યો કે '**સર્વ શાસ્ત્રોનો પરિજ્ઞાનવાળો હોવા છતાં...**' એમ. પરિ એટલે સમસ્ત પ્રકારે શાસ્ત્રના પડખા બધા જાણે છે. આહાહા..!

'**કારણ કે તે દેહાત્મદૃષ્ટિ છે અર્થાત્ દેહ અને આત્માના ભેદની રુચિ વિનાનો છે.**' આહાહા..! કે રાગ અને જ્ઞાન પરનું, એનાથી ભિન્ન જ્ઞાન જે ભેદરુચિ જોઈએ. આહાહા..! આવી વાત છે બાપુ! નિગોદમાંથી નીકળે અગ્યાર અંગ ભણે, હવે ત્યાં તો અક્ષરનો અનંતમો ભાગ હતો. ત્યાંથી માણસ થાય, પણ ત્યાં શુભભાવ તો થાય છે ને? શુભભાવ-અશુભભાવ તો ધારાવાહી નિગોદમાં પણ થાય છે. શુભભાવની કાંઈ નવીન આ વાત નથી. નિગોદના જીવને પણ શુભ-પુણ્યભાવ અને અશુભ-પાપભાવ ધારાવાહી ક્ષણે ક્ષણે થયા જ કરે છે. તો એમાંથી એને પુણ્યબંધ થઈને મનુષ્ય થયો, એ એને ત્યાં તો અક્ષરનો અનંતમો ભાગ હતો, અહીં આવીને અગ્યાર અંગ અને નવ પૂર્વનો ઉઘાડ થઈ ગયો. આહાહા..! ત્યારે એને એમ થયું કે હું કાંઈક જ્ઞાન મારું વધ્યું. એય..! એ પણ બહિરાત્મ બુદ્ધિ છે.

બાહ્ય સંબંધીનું જ્ઞાન એ મારું એ બહિરાત્મબુદ્ધિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પૈસા મારા, શરીરની ક્રિયા મારી એ તો વળી એકકોર રહી ગયું. આહાહા..! શાસ્ત્રની ધારણાનું જ્ઞાન, સર્વ શાસ્ત્ર ભણ્યો, મોટો પંડિત થયો. આહાહા..! છતાં દેહાત્મદૃષ્ટિ છે. એને ભગવાન દ્રવ્યસ્વભાવ જે અભેદ શુદ્ધ છે, એની સાથે આ (ધારણા) જ્ઞાનને અને રાગને એકપણે માને છે. આહાહા..! પોપટભાઈ! આવું છે. સવારનું તો ઝીણું હતું ૧૮મી. આહાહા..! આ એક ઝીણી વાત કરી. આહાહા..!

જેમ શરીર મારું, રાગ મારો, એમ એ ઉઘડેલું જ્ઞાન છે પરના લક્ષવાળું એ મારું એ બધી દેહાત્મ-બુદ્ધિ છે. સમજાણું કાંઈ? ભાઈમાં તો એક શબ્દ છે નિહાલભાઈમાં, કે જેમ જેમ ક્ષયોપશમ થતો જાય છે તેમ તેમ તેને મદ વધતો જાય છે. એક ઠેકાણે છે. અભિમાન વધતું જાય છે. આ મને થયું.. આ મને થયું.. આ મને આવડત થઈ, બીજા કરતા હું આવડતમાં વધ્યો છું. એમ એને ઊંડે-ઊંડે મદ ચડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પણ દેહાત્મબુદ્ધિ છે. આહાહા..! ભાઈ! મારગડા બહુ જુદા. આહાહા..!

'**વળી તે કેવો (હોવા છતાં) છે? જાગૃત હોવા છતાં – નિદ્રાથી અભિભૂત (ઘેરાયેલો) નહિ હોવા છતાં.**' એમ કે શાસ્ત્રનું જ્ઞાન છે એમાં નિદ્રાથી ઘેરાયેલો નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, જેઠાભાઈ! આ તો શાસ્ત્રજ્ઞાન કાઢી નાખ્યું. આહાહા..! '**નિદ્રાથી અભિભૂત (ઘેરાયેલો) નહિ હોવા છતાં.**' જાગતો રહે છે. આહાહા..! દિવસ ને રાત. કેટલાક એવા હોય કે ઊંઘ ન લે. આ ગોંડલ સંપ્રદાયના હતા ને ભાઈ એ. કોણ? એના ગુરુ હતા ને મોટા. સાડા પાંચ વર્ષ નિદ્રા નહોતી લીધી. ડુંગરશી? ડુંગરશી. ડુંગરશી. એટલે શું? કહે છે. જાગૃત છતાં દૃષ્ટિ મિથ્યા

છે. આહાહા..! કારણ કે દેહની ક્રિયા, હું છું તો થાય છે. એનું અસ્તિત્વથી એનું થાય છે એમ ન જાણતા, મારા અસ્તિત્વની વિચિક્ષણતાના કારણે દેહની વ્યવસ્થિત ક્રિયા થાય છે. આહાહા..! અને મારા સ્વભાવમાં ભલે ન હોય, પણ (હું) પ્રશસ્ત રાગ કરું છું ને? રાગની મંદતા હું કરું છું ને? એવી જેને અંદર કર્તાબુદ્ધિ, દેહાત્મબુદ્ધિ છે. એથી આગળ જતાં એ જાણપણાનો ભાવ. આહાહા..! એ તો પરજ્ઞેયને જાણવાનો ભાવ છે. એ સ્વજ્ઞેયને જાણવાનો નહિ. આહાહા..! એ પરજ્ઞેયને જાણવાનો ભાવ જાગૃતિ હોવા છતાં, એ તો મિથ્યાદષ્ટિને સ્વભાવની અંતરની રુચિનો જ્યાં અભાવ છે એનું જ્ઞાન બધું બહિરાત્મપણાનું છે. આહાહા..! ભારે વાત ભાઈ!

એક શાસ્ત્રમાં આવ્યું છે ને કે પંડિતોને શાસ્ત્ર એ સંસાર છે. આહાહા..! એ આમ છે ને તેમ છે ને, આમ છે ને તેમ છે. વાતુંમાં ઓગાળે, પણ પોતે કોણ અભેદ છે એની તો દૃષ્ટિની ખબર નથી. સમજાણું કાંઈ? યોગસારમાં આવે છે. (આચાર્ય) અમિતગતિ. શાસ્ત્ર સંસાર છે. આહાહા..! પ્રભુ! સંસાર તો ઉદયભાવ હોય ને? કે એ ઉદયભાવ છે એ. આહાહા..! સમજાણું કાંઈ?

ઘણા વર્ષ પહેલા એક ચર્ચા ચાલી હતી સાધુઓમાં. ૮૦ની સાલમાં ૮૦ની. ૮૦ ને? લીંબડીથી આવ્યા ત્યારે નહિ? ૭૯માં. ૮૦માં. રાણપરમાં આ જયચંદભાઈ હતાને રામજીભાઈના સાસરા અને મૂળચંદજી વચ્ચે ચર્ચા ચાલતી હતી. હું ઉપર (હતો). ૮૦ની વાત છે. એ કહે, આ જે નવમી ગ્રૈવેયક સાધુ થઈને ગયો એ ક્ષયોપશમભાવે હતો રાગ. એમ ચર્ચા ચાલતી હતી એની. અને એ શ્વેતાંબર એ ક્ષયોપશમ કહે છે. એટલે એ ક્ષયોપશમ રાગની મંદતા ભલે હો પણ એ ક્ષયોપશમ ભાવ હતો.

મુમુક્ષુ :- અહીંયાં જડ ક્ષયોપશમ કહ્યો.

ઉત્તર :- એ કહ્યું હતું ને. એ કહે છે પણ એ ક્ષયોપશમભાવ તો દ્રવ્યનિક્ષેપે કહ્યું હતું. એ તો આવે છે નિયમસારમાં, પંચાસ્તિકાયમાં બે ઠેકાણે આવે છે. પણ એ ક્ષયોપશમભાવ જ નથી. એ વ્યવહારે એને ક્ષયોપશમ કહ્યો છે. આહાહા..! આ વાત. વ્યવહાર અને નિશ્ચયની વાતું બહુ ઝીણી. વ્યવહારનય એને ક્ષયોપશમ કહે, નિશ્ચયનય એને ઉદય કહે. આહાહા..! નીચે વાતું ચાલતી હતી. અમે ઉપર (હતા). આ બધા આમ કહે છે. બાપુ! ઉદયભાવ છે. આહાહા..! આ તો ૮૦ની વાત છે.

નવમી ગ્રૈવેયકે જાય એ ધર્મનો ક્ષયોપશમભાવ છે માટે જાય છે. એવી ક્રિયા કરે, રાગની મંદતા, ચામડા ઉતરડીને ખાર છાંટે, ક્રોધ ન કરે, શાંત... શાંત.. દેખાય. મન, વચન, કાયાની ક્રિયામાં એવી જ રીતે એની પદ્ધતિની પ્રકૃતિ હોય કે આમ શાંત દેખાય. સમજાણું? પણ છે એ બધો ઉદયભાવ. કેમકે જ્યાં ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એની દૃષ્ટિ જ્યાં આવી નથી, ત્યાં એ બધા જ્ઞાનના ઉઘાડભાવ પણ બધા નિશ્ચયથી ત્યાં ઉદયભાવમાં જાય છે. કાંઈપણ લાભ ક્ષયોપશમનો હોય તો તો અમુક કાળે તેનો મોક્ષ થવો જ જોઈએ. અને એવું તો ભણતર અનંતવાર કર્યું છે. જેમ આચરણ ક્રિયાકાંડ નવમી ગ્રૈવેયકે ગયા એ અનંત વાર કરી છે. એવું જાણપણું પણ અનંત વાર કર્યું છે. એ વસ્તુ ક્યાં છે? આહાહા..! છોટાભાઈ! આવો માર્ગ છે. આહાહા..!

મુમુક્ષુ :- ક્ષયોપશમ..

ઉત્તર :- એ વધારે આ વાત ચાલે છે. જુઓને ચાલે છે ને. એની તો વાત ચાલે છે બાપા!

મુમુક્ષુ :- અમારે સાંભળવાનું...

ઉત્તર :- એ તો ચાલે છે આપણે.

બહિરાત્મા એટલે બાહ્ય ચીજને, અરે.. એક સમયની પર્યાયને પણ આત્મા માનનારો. આહાહા..! તો આ પર્યાય તો ક્ષયોપશમની છે, દ્રવ્યનિક્ષેપની. આહાહા..! એને પણ પોતાનું માને છે એ બહિરાત્મા છે. આહાહા..!

'**જે જ્ઞાતાત્મા છે...**' એટલે કે આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ એ પર્યાયબુદ્ધિ અને રાગ બુદ્ધિ અને ઉઘાડની બુદ્ધિને છોડી દઈને, પરમાત્મ સ્વરૂપ પ્રભુ પૂર્ણ પરમાત્મા ભગવાન ઈશ્વર પોતે, એનું જેને અંતર્મુખ થઈને જ્ઞાન થયું છે. આહાહા..! ઓલું બહિર્મુખ હતું. સમજાણું કાંઈ? આહાહા..! નિહાલભાઈમાં એક શબ્દ છે કે ધારી રાખીને શું તારે બીજાને બતાવવું છે? કે મને કાંઈક આવડે છે, બીજા કરતા મને (વધારે) આવડે છે. જવાબ દેતા આવડશે. એમ તારે કરવું છે? ધારી રાખીને શું કરવું છે તારે? છે ને ભાઈ? આહાહા..!

એનો તો અંદર બહુ ઓલો ભાવ. પણ એને ન માન્યા. કોકનો એનો આગ્રહ કે એને તમે નિશ્ચયાભાસ કહો. હવે એને ભાઈ એને શું? રામજીભાઈ કહે ભાઈ! તારે શું કામ છે બીજાનું? એ ગમે તે હોય લે. એ રામજીભાઈ કહે છે ઘણીવાર. ત્યારે ઓલા કહે ને. એને નિશ્ચયાભાસ નક્કી કરો તો અમે ત્યાં આવીએ. પણ ભાઈ તારે કામ? ઓલા જ્ઞાનચંદજી છે ને? એ આવ્યા હતા પાછળ. અમે ન હોય ત્યારે જોવા આવ્યા હતા. પાછળ. એમાં કાગળમાં એમ હતું પહેલા. તમે એને નિશ્ચયાભાસી ઠરાવો તો અમે અત્યારે આવીએ, નહિતર તમે નહિ હો ત્યારે ત્યાં આવશું. પાછળથી આવ્યા હતા. ભાઈ પણ ગયા હતા ને? અરે.. ભગવાન! શું છે ભાઈ? આહાહા..!

મુમુક્ષુ :- હવે બીજા નિશ્ચયાભાસી હોય સાચા નિશ્ચય..

ઉત્તર :- પણ બીજાને તને પરખતા ન આવડે અને બીજાનું શું કામ છે તારે? પારખતા તને આવડતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ તો સમ્યગ્જ્ઞાનમાં જે ચીજ હોય એ એને જણાઈ જાય. એ ચીજ ઓલી ન રહે. આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્ર પંડિતોનો સંસાર છે...

ઉત્તર :- હા એ છે ને. પંડિતોનો સંસાર છે. પણ એક ઠેકાણે ત્યાં પણ કહ્યું નહિ? કે તમે આ ધારણાથી વાત કરો છો એ કાગ જેવી બોલની વાત છે (એમ) મને તો લાગે છે. આહાહા..! કાગડા જેમ બોલે... આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છે. આપણને નંબરની ખબર નથી. આહાહા..! એ અહીં વાત ચાલે છે.

'**જેણે આત્મસ્વરૂપ જાણ્યું છે (અનુભવ્યું છે) તે સુપ્ત અને ઉન્મત્ત હોવા છતાં...**' આહાહા..! એ નિદ્રામાં હોય અને કાંઈક પાગલ જેવી પણ સહેજ થઈ જાય એવી દશા. બહુ આકરો

રોગ હોય ને એને લઈને સહેજ એ થઈ જાય. '**છતાં મુક્ત થાય છે–વિશિષ્ટ કર્મ–નિર્જરા કરે છે,...**' આહાહા..! એ મુક્ત થાય છે. આહાહા..! કારણ કે અંદર આત્મદર્શન કાયમ કામ કરે જ છે. આહાહા..! જે આત્મદર્શનની પ્રતીતિ થઈ અને જે આત્માનું જ્ઞાન થયું. એ જ્ઞાન અને શ્રદ્ધા કાર્ય કરે કે નહિ? એ અમથા પડ્યા છે એ? આહાહા..!

'**તે સુપ્ત અને ઉન્મત્ત હોવા છતાં મુક્ત થાય છે–વિશિષ્ટ કર્મ–નિર્જરા કરે છે,...**' એમ કહે છે. વિશિષ્ટ એટલે ખાસ. '**કારણ કે તેને દઢતર અભ્યાસને લીધે...**' આહાહા..! '**સુપ્તાદિ...**' અને ઉન્મત્ત '**અવસ્થામાં પણ આત્મસ્વરૂપના સંવેદનમાં વૈકલ્ય (ચ્યુતિ) હોતું નથી.**' આહાહા..! કાલે કહ્યું હતું નહિ? કે ભાઈ! નિદ્રામાં છે ને? તો નિદ્રામાં છે તો ઈન્દ્રિયનો વિષય રોકાણો છે. પણ સ્વરૂપનો વિષય જે દૃષ્ટિમાં આવ્યો એ ક્યાં રોકાણો છે? ત્યાં તો કામ કર્યા જ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? નિદ્રા અવસ્થામાં દર્શન છે ને રોકાઈ ગયું છે. ઈન્દ્રિયોનો વિષય છે એ રોકાણો છે. પણ એથી આત્મદર્શન થયું છે એ દર્શનને રોકાવટ ત્યાં ક્યાં છે? જે શ્રદ્ધા અને જ્ઞાન આત્માના વલણનું થયું છે, આત્માના સન્મુખનું એ શ્રદ્ધા-જ્ઞાન કામ કરે છે કે પડ્યું છે અમથું? કામ કરે છે શ્રદ્ધા, શ્રદ્ધાનું, જ્ઞાન જ્ઞાનનું. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :– જેને શરીરમાં આત્મબુદ્ધિ છે...**' સાધારણ 'શરીરમાં આત્મબુદ્ધિ' એમ લખ્યું છે પણ એનો અર્થ બહુ લાંબો છે. સમજાણું કાંઈ? આહાહા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ આવ્યું છે ને? સભા ઘણી હોય અને પોતાને રાજીપો આવે. ઘણા માણસો... આહાહા..! મારી વાત સાંભળે છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં છે.

મુમુક્ષુ :– એ પોરસ ચડે છે.

ઉત્તર :– પોરસ ચડે. પાટ ઉપર બેસીને આમ લાખો માણસ બેઠું હોય અને વાતો કરે. આહાહા..! એ પોરસ અજ્ઞાનનો છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**શરીરની ક્રિયા આત્મા કરે છે એવું માને છે–**' એનો ખુલાસો કર્યો છે. ભાઈ! શરીરને આત્મા માને એટલે શું? એમ ઓઘે-ઓઘે શરીર ને આત્મા અને શરીર અને આત્મા મારો જુદાં છે એમ માને છે જાણવામાં. જ્ઞાન જાણપણું અગ્યાર અંગમાં નથી આવ્યું એ?

મુમુક્ષુ :– એ તો બહારની વાત આવી, અંદરમાં ક્યાં ગયો છે?

ઉત્તર :– એ વાતું કરીને ઉઘાડમાં માની છે એણે. આહાહા..! અગિયાર અંગમાં નથી આવી? અને ખરેખર તો એને એ પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન તો છે. પણ પરલક્ષના ક્ષયોપશમમાં દ્રવ્યનું જ્ઞાન. આમ દ્રવ્ય સન્મુખ થઈને નથી. આહાહા..! કારણ કે એ નવ તત્ત્વની વ્યવહારની શ્રદ્ધામાં, એ નવ પર્યાયના જ્ઞાનમાં આત્માષદ્રવ્યનું જ્ઞાન નથી? દ્રવ્યનું નથી? અગ્યાર અંગમાં છે તે. પણ એ દ્રવ્ય છે એ આ સત્તા છે એટલું. કેવું છે અને કેમ છે એ અનુભવીને માન્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એના જ્ઞાનની પર્યાયમાં એનો વિષય જે દ્રવ્ય શુદ્ધ અભેદ આવ્યો નથી. આવ્યો નથી એને જાણ્યું છે કે આ દ્રવ્ય આવું છે-આવું છે. એ સ્વવિષય કર્યો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અત્યારના સાધારણ માણસ સંપ્રદાયવાળાને એવું લાગે કે આ શું કહે છે આ? હરિભાઈ! એવું લાગે. બાપુ! માર્ગ છે બાપા ભાઈ! અરે.. વીતરાગના વિરહ પડ્યા. વીતરાગ તો આમ કહે છે અને એવો માર્ગ છે. આહાહા..!

**'જેને શરીરમાં આત્મબુદ્ધિ છે–જે શરીરને જ આત્મા માને છે એટલે કે શરીરની...'** થતી દશાઓ. ભાષાની, ચાલવાની, ચાલવાની આહાહા..! દયા પાળવાની. એવી શરીરની ક્રિયા થાય એ મારાથી છે, મારી છે. મેં ધ્યાન રાખ્યું માટે શરીર, જીવ દેખ્યો, ખ્યાલમાં આવ્યો માટે શરીરને મેં ઊંચુ રાખ્યું. પગને ઊંચો રાખ્યો. નહિતર પગ ત્યાં પડત તો મરી જાત. એય..! એવી શરીરની ક્રિયા જુઓ, શાસ્ત્રમાં એમ આવે. ઈર્યા સમિતિએ ચાલનાર સંત, આમ (જીવ) આવે તો પગને ઊંચો રાખવો. એવું આવે લ્યો! એ તો એનો ભાવ એવો હોય, શુભવિકલ્પ. આહાહા..! પણ પગ ઊંચો રાખવો કે નીચે પડવું એ કાંઈ ક્રિયા આત્માની નથી. આહાહા..! જીવ દેખ્યો અને પગ આ બાજુ કરી નાખ્યો, પાની ઉપરના જોરે મોઢા આગળ ઊંચો થઈ ગયો પગ. એટલે એ ક્રિયા મેં કરી છે. (એમ નથી). આહાહા..! આવો માર્ગ છે, શેઠ! આહાહા..!

મુમુક્ષુ :- આ સત્ નારાયણની કથા છે.

ઉત્તર :- આ સત્ નારાયણની કથા છે. વાત સાચી. ઓલા ગપ્પા માર્યા. આહાહા..! સત્ય નારાયણની કથા આવે છેને ખબર હોય તો. અમારા ગાંડાભાઈ પણ કરતા હતા ત્યાં. આ ફાવાભાઈના બાપ. એક ફેરીની વાત છે. કરે આ શું કીધું ગાંડાભાઈ? સત્ય નારાયણની કથા. કાંઈ બિચારાને ભાન ન મળે. આ ધીરૂભાઈ છેને એના દિકરા નહિ મનહર? સુરતમાં છે ને? અત્યારે એની પાસે ૭૦ લાખ રૂપિયા છે. ૬૦ લાખ. કરોડ કહે છે કોક, પણ ૬૦ લાખ છે. આ ફાવાભાઈના મકાન છે ને. એના બાપ હતા ગાંડાભાઈ. સત્ય નારાયણની કથા કરે. પણ આ શું કરે છે, કીધું, આ જૈન થઈને? કાંઈ ભાન ન મળે. ગાંડા નામ તે ગાંડા એટલે ગાંડા. વાણિયાની ભાન ન મળે કાંઈ. શું કરીએ અમે, શું અમે જૈન છીએ. આહાહા..!

આ તો સત્ય પ્રભુ, સત્ય નારાયણ પરમાત્મસ્વરૂપ જે છે એને ભૂલીને શરીરની ક્રિયા મારી છે, રાગ તે મારો છે, અરે.. પરલક્ષી જ્ઞાન પણ મારું જ્ઞાન છે. એવા દેહાત્મબુદ્ધિવાળા અજ્ઞાની જાગૃત હોવા છતાં અને શાસ્ત્રના જાણપણા, પાણીના પૂરની પેઠે એનું જાણપણું કામ કરતું હોય. છતાં એ બધું અજ્ઞાન છે. આહાહા..! પોપટભાઈ! આવી વાતું છે. ધર્માત્મા **'સુપ્ત અને ઉન્મત્ત હોવા છતાં મુક્ત થાય છે...'** આહાહા..! અહીં નીચે ભાવાર્થમાં છે.

**'તે ભલે સર્વ શાસ્ત્રોનો જાણકાર હોય અને જાગૃતાવસ્થામાં (સભાન અવસ્થામાં) હોય,...'** સભાન એટલે આ જાણવું-દેખવું હોં. ઓલી સભાન નહિ. **'તો પણ ભેદવિજ્ઞાનના અભાવે...'** આહાહા..! રાગ અને એ બહારના જાણપણાથી ભેદ કર્યા વિના **'ભેદવિજ્ઞાનના અભાવે તેને મુક્તિની પ્રાપ્તિ થતી નથી,...'** આહાહા..! **'પરંતુ જેને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે અને આત્મસ્વરૂપના અનુભવનો દઢતર અભ્યાસ છે તેવો અંતરાત્મા,...'** એ

જ્ઞાનની સાથે આનંદ લાવે એ ભેદજ્ઞાન છે. જ્ઞાન સાથે આનંદ હોય એ જ્ઞાન, જ્ઞાન છે. પણ એકલું જાણપણું એ આનંદ નથી. એ તો દુઃખરૂપ દશા છે બધી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે. ઓલા તો કહે દયા પાળો ને આ કરો. લ્યો!

અમારે હીરાજી મહારાજને બિચારાને એટલું બસ. 'અહિંસા સમયચેવ' પર જીવને જરીએ ન મારવો એ અહિંસા સિદ્ધાંતનો સાર છે. એમ હીરાજી મહારાજ કહેતા. એય.. કેશુભાઈ! તમે તો ક્યાં બહુ સાંભળ્યું હતું ત્યાં? પણ જોયા તો છે ને હીરાજી મહારાજને? ચોમાસું ૭૧માં હતું. લાઠી હતું. ૭૧. એ ગુજરી ગયા. ૭૪માં. '**एवम्खु णाणिणो सारं**' એમ બોલે. બૈરા હજારો હોય સામુ જોયા વિના. આમ બેઠા હોય.

ભગવાન એમ કહે છે ભાઈ! '**एवम्खु णाणिणो सारं**' જ્ઞાનીનો એ સાર છે કે '**जं न हिंसइ किंच**' કોઈપણ પ્રાણીને ન હણવો. પોતે એમાં પ્રાણી છે કે નહિ? એ રહી જાય. આહાહા..! '**एवम्खु णाणिणो सारं जं न हिंसइ किंच**' જેના મરણ વખતે પાંચ-પાંચ લાખના આસામી, દસ-દસ લાખના આસામી. ૨૦ વર્ષનો દીકરો મરે એમ રોતા હતા. કાંપમાં ભાઈ! એવા મીઠડાં! કાંપમાં નહિ? પુલ નીચે બાળ્યા. અમે આવ્યા પછી ઉપાડ્યા હતા. અમે પાંચ ગાઉ છેટે હતા ને. અમે જે ગામમાં આવ્યા તે ગામમાં ઊઠીને કાંપમાં ગયા હતા. અમને પછી બપોરે ખબર પડી. એક માણસ કહે કે એક સાધુ રસ્તામાં કાળ થઈ ગયા. મેં કીધું એ હીરાજી મહારાજ. પહેલું તો જગજીવનનું લાગતું નબળાઈ જેવું. સાથે હતા એ. પછી એક માણસ કહે, લાંબા છે અને બાવળ નીચે સૂતા. મરી ગયા રસ્તામાં આમ. પછી કહ્યું હીરાજી મહારાજ છે. ત્યાં રાતે બે માણસ આવ્યા. હીરાજી મહારાજ ગુજરી ગયા છે, સવારમાં તમે વહેલા આવો. પછી અહીંથી અમે ગયા.

પણ અમે ગયા જ્યારે, માંડવી તૈયાર હતી. માંડવી સમજ્યાને? એને માંડવી કહે ને. પણ જ્યાં ઉપાડ્યા એને.. આ દિવાળીબાઈ આર્જિકા. આંસુની ધારા રોવે... રોવે.. રોવે.. મોહનલાલજી, મણિલાલજી, બધા હતા. ધરમશી. ગૃહસ્થો રોવે હોં. પણ વસ્તુની દૃષ્ટિ વિનાના છે. પરપ્રાણીને ન મારવો એ જૈનસિદ્ધાંતનો સાર છે. એવું એણે જાણ્યું એણે બધું જાણ્યું. એમ કહેતા હતા. આહાહા..!

અહીં તો સિદ્ધાંતનો સાર એ છે કે જેણે આત્માને મારી નાખ્યો છે કે હું અલ્પ પર્યાયવાળો છું, રાગવાળો છું, પરની ક્રિયા કરનાર છું. એણે આત્માને મારી નાખ્યો છે. એનું જીવન ટકતું કેટલું છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એનું જીવન તો અનંત આનંદ અને જ્ઞાનથી ભરેલો અભેદ શુદ્ધદ્રવ્ય એનાથી ટકતું એ જીવન એનું જીવન છે. એને ન માન્યું અને આ ફક્ત પર્યાય અને રાગને માની એ તો જીવની પોતાની હિંસા કરી છે. આહાહા..! અને એ રાગની એકતા ન કરવી અને પોતાના પૂર્ણ શુદ્ધ ચૈતન્યને પોતાનો જાણવો એનું નામ અહિંસા છે કે જે અહિંસામાં વીતરાગી પર્યાય ઊભી થાય. એ અહિંસા સિદ્ધાંતનો સાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ભેદવિજ્ઞાનના અભાવે તેને મુક્તિની પ્રાપ્તિ થતી નથી, પરંતુ જેને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે અને આત્મસ્વરૂપના અનુભવનો દૃઢતર અભ્યાસ છે તેવો અંતરાત્મા,**

**નિદ્રાવસ્થામાં યા ઉન્મત્તાવસ્થામાં હોવા છતાં...**' આહાહા..! '**વિશિષ્ટ પ્રકારે કર્મોની નિર્જરા કરે છે...**' આહાહા..! અનંત કાળમાં ન થયેલી નિર્જરા કરે છે. આ સમજાવવું છે ને. નિર્જરા કરે છે એટલે નિર્જરા ત્યાં થાય છે. એને કરે છે એમ (કહ્યું). સમજાવવું છે તો એમ કહે ને? સમજાણું કાંઈ? ઓહોહો..!

'**કારણ કે તેને નિરંતર જ્ઞાનચેતનાનું પરિણમન છે.**' જ્ઞાનસ્વરૂપી ભગવાન એની એકાગ્રતા એ જ્ઞાનનું પરિણમન કાયમ છે. ગમે તે સ્થિતિમાં પણ જ્ઞાનનું પરિણમન ત્યાં અવરાઈ જાય છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**આ કર્મનિર્જરા તેની મુક્તિના કારણરૂપ બને છે.**' આ કર્મ નિર્જરા. શુદ્ધ ઉપયોગરૂપથી આત્માને જેણે જાણ્યો છે એ શુદ્ધ ઉપયોગથી ત્યાં નિર્જરા થાય છે. આહાહા..! પુણ્ય-પાપથી નહિ અને એકલા પરના ક્ષયોપશમ જ્ઞાનથી નહિ. આચરણરૂપ શુદ્ધ ઉપયોગ, જાણવા-દેખવાનો ઉપયોગ એકલો એમ નહિ. શુભ-અશુભભાવ રહિત એટલે અશુદ્ધભાવ રહિત શુદ્ધના ઉપયોગમાં જેણે પૂર્ણ ધ્યેય, શુદ્ધને પૂર્ણને પકડ્યું છે. આહાહા..! એનો જે શુદ્ધ ઉપયોગ એ નિર્જરાનું કારણ છે. સમજાણું કાંઈ? '**આ કર્મનિર્જરા તેની મુક્તિના કારણરૂપ બને છે.**'

**વિશેષ :—** '**અજ્ઞાની જીવને...**' વધારે ખુલાસો કરે છે. ટીકા, ભાવાર્થ અને વિશેષ. ત્રણ પ્રકાર નાખ્યા છે. આહાહા..! '**અજ્ઞાની જીવને અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન હોય,...**' લ્યો! નવ પૂર્વ ભણ્યા ભણાય નહિ હોં. એવો જેનો ક્ષયોપશમ ઉઘડી જાય. '**અજ્ઞાની જીવને અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન હોય, પોતાના શાસ્ત્રજ્ઞાનથી બીજાઓને મુગ્ધ કરે,...**' સ્પષ્ટ કર્યું છે ને. શાસ્ત્ર જ્ઞાનથી લોકોને ડોલાવે આમ. આહાહા..! ભારે શાસ્ત્રજ્ઞાન! વાહ! એય..!

'**પ્રશંસાને પાત્ર બને,...**' સભા પ્રશંસા કરે કે ઓહો..! એવું શાસ્ત્રનું ભણતર. બધું પરલક્ષી. લોકો એને પસંદ કરીને એને પંડિત અને જ્ઞાની માને. પ્રસન્ન કરે કે આહાહા..! '**પણ જો તે આત્મજ્ઞાન શૂન્ય હોય...**' પણ એ જ્ઞાન આત્માનું ન હોય એમ કહે છે. આત્મજ્ઞાન કીધું ને? જે જ્ઞાન આત્માનું ન હોય. એ જ્ઞાન તો પરલક્ષી જ્ઞાન છે. એ આત્મજ્ઞાન નહિ. આહાહા..! ક્ષયોપશમ બધો એ આત્મજ્ઞાન નહિ. આત્મજ્ઞાન. આત્મા વસ્તુ જે છે તેની સન્મુખ થઈને જે એમાંથી આવવું વેદન, એ આત્મજ્ઞાન વિનાના જીવો આવા અગ્યાર અંગના ભણતરવાળા પણ, '**તેનું બધું જ્ઞાન આત્મહિત માટે કાર્યકારી નથી–**' આહાહા..! '**તેનું બધું જ્ઞાન આત્મહિત માટે કાર્યકારી નથી...**' એનો અર્થ—એ તો અહિત માટે છે. આહાહા..! માર્ગ તો જુઓ બાપુ! આહાહા..!

રાગ તે મારો નહિ, શરીર મારું નહિ, વાણી મારી નહિ, એનો કર્તા હું નહિ, પણ પરલક્ષી જ્ઞાન મારું નહિ. આહાહા..! એની કાંઈ કિંમત નહિ એમ કહે છે. ભગવાન આત્મા અભેદની દૃષ્ટિ થઈને જે જ્ઞાન થયું એ જ્ઞાનની કિંમત છે. સુજાનમલજી! આવી વાત છે, ભાઈ! ગર્વ ચડ્યા હોય એણે ઉતારી નાખવા જેવા છે.

મુમુક્ષુ :- બધા પોતાને જ્ઞાની માની લે તો?

ઉત્તર :- તો કીધું ને ગર્વ છે ખોટું. માને પણ એને જ્ઞાનનું, આનંદનું વેદન આવ્યું નથીને ક્યાંથી માની લે? એ તો અજ્ઞાનથી માને. આહાહા..!

મુમુક્ષુ :- અજ્ઞાની માને.

ઉત્તર :- બસ માને. એ તો વાત ચાલે છે. આહાહા..!

'**પોતાના શાસ્ત્રજ્ઞાનથી બીજાઓને મુગ્ધ કરે,...**' આહાહા..! ભાષણ આપે લાખો માણસમાં. બબ્બે કલાક ધારાવાહી શાસ્ત્રનો આધાર વિના એટલું કંઠસ્થ હોય. '**પણ જો તે આત્મજ્ઞાનશૂન્ય હોય...**' પણ આત્મા જે છે ચૈતન્યમૂર્તિ પરમ આનંદનું ધામ, એનું એને જ્ઞાન નથી. એ જ્ઞાન એનું નથી. એ જ્ઞાન આત્માનું નથી. એ પરનું છે. આહાહા..! '**તેનું બધું જ્ઞાન આત્મહિત માટે કાર્યકારી નથી-બાધક છે.**' લ્યો. સમૂળગું... હવે સાધક તો નથી, આહાહા..! ત્યારે નુકસાન કારક છે એમ કહેવું છે પાછું. આહાહા..! કારણ કે જેમ જેમ ઉઘાડ થતો જાય તેમ તેમ એને અભિમાન અંદર વધે. આહાહા..! બીજા કરતા તો કાંઈક હું વધ્યો છું. કાંઈ જાણનારા નથી એના કરતા તો મારું કાંઈક જ્ઞાન વધ્યું છે કે નહિ? હું કાંઈક વધ્યો છું કે નહિ? આહાહા..!

'**બાધક છે.**' દાખલો આપે છે. ગમે ત્યાંથી કાઢીને. આવે છે અનુયોગ દ્વારમાં દાખલો. '**ગધેડા ઉપર...**' ચંદનના લાકડા હોય. એ ચંદનના લાકડા વહે છે. '**ગધેડા ઉપર લાદેલાં શાસ્ત્રોના બોજા સમાન...**' દાખલો છે એવો અનુયોગમાં. ચંદન ભારવાહી ખરોખર. ખર (એટલે) ગધેડો.

મુમુક્ષુ :- જહા ખરો...

ઉત્તર :- હા, જહા ખરો ચંદન ભારવાહી. એ અનુયોગ દ્વારનું. જહા ખરો એટલે ગધેડો, ચંદનભારવાહી. એમ ગધેડા જેવો એણે અગ્યાર અંગ અને નવપૂર્વનો ભાર વહ્યો છે. આહાહા..!

'**ગધેડા ઉપર લાદેલાં શાસ્ત્રોના બોજા...**' અહીં તો લીધો છે હોં. ચંદનના-સુખડના લાકડા ગધેડા ઉપર હોય એથી કાંઈ ગધેડા સુગંધવાળા થાય? એમ શાસ્ત્રનો બોજો થાય એટલે કાંઈ આત્મા જ્ઞાનવાળો થાય? આહાહા..! જ્ઞાની હોય, ધર્માત્મા હોય અને બોલતા ઓછું આવડે અને બહારમાં એવી સમજાવવાની શક્તિ ન હોય, તો ઓલો જાણપણાવાળો શાસ્ત્રના જાણપણાવાળો એમ માને કે આને શું આવડે? અમને બધું આવડે છે. આહાહા..! મરી ગયો છે, બાપા તું. આહાહા..! ભાઈ! તને તારા જીવના ભેદજ્ઞાનની ખબર નથી, ભાઈ! આહાહા..! વાત વાતમાં બીજાને નાનો કરી નાખે. અને પોતે જાણે કે અધિક છું જાણપણામાં એમ ઠરાવે. એ વસ્તુ તો નુકસાન-બાધક છે કહે છે. આહાહા..!

'**ગધેડા ઉપર લાદેલાં શાસ્ત્રોના બોજા...**' આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન તો ગધેડા ઉપર જેમ શાસ્ત્રનો (બોજો) એમ છે કહે છે. આહાહા..! '**તે જ્ઞાન તેને બોજારૂપ છે.**' કહો. કેમકે જે જ્ઞાનસ્વ-ભાવી ભગવાન છે એને સ્પર્શીને તો જ્ઞાન આવ્યું નથી. આ તો જ્ઞાનના રાગની મંદતા અને કોઈ ક્ષયોપશમભાવે એવો ભાવ થયો. આહાહા..! ખુલાસો બહુ સારો કર્યો છે. ભાઈ, છોટાભાઈએ સારું લખ્યું છે. '**તે જ્ઞાન તેને બોજારૂપ છે.**' નુકસાન કરનાર છે. સમજાણું કાંઈ? કહો, હરિભાઈ! આવા

જાણપણા પણ બોજારૂપ કીધું. રાગની ક્રિયા અને દેહની તો વળી ક્યાંય. આહાહા..!

બોલકો થઈ જાય, ભાષણ કરતા આવડે, સભાને રંજન કરતા આવડે એટલે એ જાણે કે અમને આ જ્ઞાન છે બીજા કરતા વધારે. એ બોજો છે કહે છે. ભગવાન આત્મા જ્યાં નિર્મળાનંદ પ્રભુ, એમાં દૃષ્ટિ કરીને એનું જ્ઞાન જે નથી, તે જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. આહાહા..! ૯૪ થઈ લ્યો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**कुतस्तदा तदवैकल्यमित्याह–**

**यत्रैवाहितधीः पुंसः श्रद्धा तत्रैव जायते।**
**यत्रैव जायते श्रद्धा चित्तं तत्रैव लीयते।।९५।।**
**જેમાં મતિની મગ્નતા, તનીજ થાય પ્રતીત;**
**થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન. ૯૫.**

**टीका :– यत्रैव यस्मिन्नेव विषये आहितधीः दत्तावधाना बुद्धिः। ''यत्रात्महितधीरिति च पाठः यत्रात्मनो हितमुपकारस्तत्राहितधीर्बुद्धिरिति'' स हितमुपकारक इति बुद्धिः। कस्य? पुंसः। श्रद्धा रुचिस्तस्य तत्रैव तस्मिन्नेव विषये जायते। यत्रैव जायते श्रद्धा चित्तं तत्रैव लीयते आसक्तं भवति।।९५।।**

---

**(સુપ્તાદિ અવસ્થાઓમાં પણ) તે અવૈકલ્ય (અચ્યુતિ) શા કારણે હોય છે? તે કહે છે :-**

**શ્લોક – ૯૫**

**અન્વયાર્થ :- (यत्र एव) જ્યાં જ એટલે જે કોઈ વિષયમાં જ (पुंसः) પુરુષની દત્તાવધાનરૂપ બુદ્ધિ હોય છે, (तत्र एव) ત્યાં જ એટલે તે વિષયમાં જ તેને (श्रद्धा जायते) શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને (यत्र एव) જ્યાં જ એટલે જે વિષયમાં જ (श्रद्धा जायते) શ્રદ્ધા ઉત્પન્ન થાય છે (तत्र एव) ત્યાં જ એટલે તે વિષયમાં જ (चित्त लीयते) તેનું ચિત્ત લીન (તન્મય) થઈ જાય છે.**

**ટીકા :- જ્યાં જ એટલે જે વિષયમાં જ બુદ્ધિ લાગે છે અર્થાત્ બુદ્ધિ દત્તાવધાનરૂપ (લગ્ન) હોય છે-''यत्रात्महितधीरिति'' એવા પણ પાઠ છે, (તેનો અર્થ એ છે કે) જ્યાં આત્મહિતની બુદ્ધિ છે અર્થાત્ જ્યાં આત્માનું હિત-ઉપકાર હોય છે એટલે જ્યાં 'તે હિતકર-ઉપકારક છે' એવી બુદ્ધિ હોય છે ત્યાં ધી એટલે બુદ્ધિ (લાગે છે). કોની? પુરુષની. તેની શ્રદ્ધા-રુચિ ત્યાં જ એટલે તે વિષયમાં જ ઉત્પન્ન થાય છે. જ્યાં જ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે ત્યાં જ ચિત્ત લીન થાય છે-આસક્ત થાય છે.**

**ભાવાર્થ :- જે વિષયમાં કોઈ પુરુષની બુદ્ધિ સાવધાનપૂર્વક લાગી રહે છે, અર્થાત્ જે**

**વિષય તેને હિતકર કે ઉપકારક લાગે છે, તેમાં તેને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને જ્યાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે ત્યાં ચિત્ત લીન થઈ જાય છે. ચિત્તની આ લીનતા જ સુપ્ત-ઉન્મત્ત અવસ્થામાં પણ પુરુષને તે વિષયથી હઠાવી સકતી નથી, અર્થાત્ તે પુરુષ તે વિષયથી ચ્યુત થતો નથી, તેમાં લીન રહે છે.**

**વિશેષ**

**ભેદ-વિજ્ઞાન દ્વારા શ્રદ્ધાપૂર્વક આત્મસ્વરૂપના જે સંસ્કારો જામ્યા છે તેનું બળ કોઈ પણ અવસ્થામાં-જાગૃત, સુપ્ત કે ઉન્મત્ત અવસ્થામાં ચાલુ રહ્યા વિના રહેતું નથી; તેથી આત્માર્થી એ ભેદવિજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપમાં સંવેદન માટે આત્મરુચિપૂર્વક એવો અવિરત પ્રયત્ન કરવો જોઈએ કે જેથી આત્મશ્રદ્ધામાં બાહ્ય કોઈપણ પરિસ્થિતિ વિઘ્નરૂપ થાય નહિ કે ચ્યુત કરે નહિ.**

**જેમ-જેમ સ્વ-પર પદાર્થોના ભેદવિજ્ઞાન દ્વારા આત્માનું ઉત્તમ સ્વરૂપ, સંવેદનમાં વિકસિત થતું જાય છે, તેમ તેમ સહજ પ્રાપ્ત રમણીય પંચેન્દ્રિયના વિષયો પણ રુચતા નથી, અર્થાત્ તેમના પ્રતિ ઉપેક્ષા અને ઉદાસીનતા ઉત્પન્ન થાય છે.૧ ૯૫.**

---

**અષાઢ વદ ૧૧, રવિવાર તા. ૩-૦૮-૧૯૭૫**
**શ્લોક - ૯૫,**
**પ્રવચન - ૧૦૯**

એટલે સમાધિશાસ્ત્ર અથવા સમાધિ ઔષધ. તંત્રનો અર્થ બે થાય છે. એક શાસ્ત્ર થાય છે અને એક ઔષધિ થાય છે. આ સમાધિ એક ઔષધિ છે ભવભ્રમણ મટાડવા માટે. મિથ્યાત્વ અને અજ્ઞાન જે સંસારનું મૂળ છે એને મટાડવાની આ સમ્યગ્દર્શન સમાધિ, સમ્યગ્દર્શન સમાધિ છે એ. આહાહા..! સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણેય ઔષધિ છે, મિથ્યાત્વ અને અજ્ઞાન અને અવિરત મટાડવા માટે. એ અહીંયાં કહે છે.

'**(સુપ્તાદિ અવસ્થાઓમાં પણ)...**' નિદ્રામાં હો કે ઉન્મત્ત અવસ્થા થોડી થઈ હોય અથવા અપ્રબુદ્ધ બહુ વિશેષ જ્ઞાનની વિચિક્ષણતા ન હોય. શાસ્ત્ર આદિનું જ્ઞાન ન હોય તોપણ અચ્યુતિ

---

૧. यथा यथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम्।
तथा तथा न रोचन्ते विषयाः सुलभा अपि।।३७।।
(ઈષ્ટોપદેશ-શ્લોક ૩૭)

છે. ધર્મી જીવની આત્મા ઉપર બુદ્ધિ ગઈ છે, તેથી ત્યાં તેનું હિત છે એમ જાણીને એની શ્રદ્ધા કરે. આહાહા..! ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ છે, એમાં જેની બુદ્ધિ, આ હિતકર છે (એમ) જાણીને બુદ્ધિ જ્યાં ગઈ છે એટલે જ્ઞાન જ્યાં કામ કર્યું છે ત્યાં શ્રદ્ધા કામ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને જ્યાં શ્રદ્ધા કામ કરે ત્યાં ચિત્ત લીન થઈ જાય છે. એ વાત કરે છે અહીંયાં.

સંસારમાં પણ જુઓને જેને જ્યાં મન ચોંટે છે. વ્યભિચારીને વ્યભિચાર ઉપર જ્યાં, તો એને એ આવે કે આ સ્ત્રી આવી, એ આ પુરુષ આવ્યો. એને એવું જ દેખાય, ભાસે. જેમાં બુદ્ધિ ચોંટી છે એમાં એને શ્રદ્ધા બેઠી છે અને એમાં એનું વલણ સ્થિરતાનું એમાં વલણ છે એનું. આહાહા..! આ ઘણા એમ નથી કહેતા કે અમારે આગાખાનવાળા એમ કહે છે. અમને આગાખાન દર્શન દે છે. ઓલો તો ક્યાંય ગયો હશે.

**यत्रैवाहितधीः पुंसः श्रद्धा तत्रैव जायते।**
**यत्रैव जायते श्रद्धा चित्तं तत्रैव लीयते।।९५।।**
**જેમાં મતિની મગ્નતા, તનીજ થાય પ્રતીત;**
**થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન. ૯૫.**

આહાહા..! '**ટીકા :– જ્યાં જ એટલે જે વિષયમાં જ બુદ્ધિ લાગે છે...**' વિષય એટલે જે ચીજને ધ્યેયમાં લીધી છે એ વિષયમાં એની બુદ્ધિ ત્યાં ચોંટે છે. આહાહા..! '**અર્થાત્ બુદ્ધિ દત્તાવધાનરૂપ (લગ્ન) હોય છે–**' એ સામાન્ય વાત કરી છે. હવે કહે છે કે '**यत्रात्महितधीरिति**' એ હવે આત્મામાં ઉતારે છે. '**(તેનો અર્થ એ છે કે) જ્યાં આત્મહિતની બુદ્ધિ છે...**' આહાહા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ એવી જ્યાં બુદ્ધિ જામી છે જ્યાં. જ્ઞાનમાં આત્મા આનંદ છે એવી હિતની બુદ્ધિ જ્યાં જામી છે. આહાહા..! છે?

'**જ્યાં આત્મહિતની બુદ્ધિ છે અર્થાત્ જ્યાં આત્માનું હિત–ઉપકાર હોય છે...**' મારો ભગવાન આત્મા મારા હિતને માટે ઉપકારી ચીજ છે. આહાહા..! દેવ–ગુરુ–શાસ્ત્ર એકકોર પડ્યા રહ્યા. જેના જ્ઞાનમાં હોં. એકલા શાસ્ત્રજ્ઞાનની વાત નથી. એ કહેશે આગળ. શાસ્ત્રજ્ઞાન કર્યા હોય, છતાં એ હિતકર ભગવાનનો સ્વભાવ આત્માનો ત્યાં બુદ્ધિ ગઈ નથી, એના શાસ્ત્રના ભણતરને પણ મૂરખ કીધો છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કેમકે શાસ્ત્રને ભણીને તો કરવાનું તો એ હતું એમાં. વસ્તુ જે ભગવાન પૂર્ણાનંદનો સાગર છે ત્યાં બુદ્ધિને સ્થાપવાની હતી, એ ન સ્થાપી અને એકલા શાસ્ત્રની–જ્ઞાનની વાતું કરે. આહાહા..! યોગસારમાં છે અને અહીં કહેશે આગળ. ક્યાંક છે. મૂર્ખ કહેશે. શાસ્ત્ર ભણતર પણ આત્મજ્ઞાન જાણે નહિ એ મૂર્ખ (છે, એમ) આવે છે. છે એ શ્વેતાંબરનું. ઓલામાં હશે. પરમાત્મપ્રકાશ.

અહીં એ કહે છે. આહાહા..! જેની બુદ્ધિ એટલે જ્ઞાન, મતિજ્ઞાન. આત્માનો સ્વભાવ શુદ્ધ હિતકર છે એમ જેણે મતિજ્ઞાનમાં જાણ્યું, એ જ્ઞાન ત્યાં જ વળગી રહ્યું છે. સમજાણું કાંઈ? ગમે તે લાખ વેપાર બહારના હોય, નિદ્રામાં હોય, ઉન્મત્ત અવસ્થા હોય, પણ એની જ્ઞાનીની બુદ્ધિ તો

આત્મામાં ગઈ છે. જેણે એ આત્માને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવ્યું છે. સમજાણું કાંઈ? એની બુદ્ધિમાં એ હિતકર દેખાણું છે. આહાહા..! મતિજ્ઞાનમાં આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એ હિતકર છે. બાકી કોઈ ચીજ હિતકર છે નહિ. આહાહા..! એવું જેને જ્ઞાનમાં સ્વહિતકર એવો જે ભગવાન આત્મા એની મતિ ત્યાં ગઈ છે.

**'એટલે જ્યાં તે હિતકર – ઉપકારક છે એવી બુદ્ધિ હોય છે ત્યાં ધી એટલે બુદ્ધિ (લાગે છે.)'** ધી એટલે બુદ્ધિ. આહાહા..! માખી સાકરના ગાંગડા ઉપર ગઈ હોય અને બુદ્ધિ ત્યાં મીઠાશ ઉપર ગઈ છે ત્યાં લીન થઈ જાય છે. આહાહા..! એમ ભગવાન આત્મા અનાકુળ આનંદનો સ્વાદ જેને મતિજ્ઞાનમાંથી જાણ્યો છે. આહાહા..! આવી વાત છે જરા. એને એ સિવાય ક્યાંય ગોઠતું નથી. આવે, રાગ હોય, શરીર હોય. પણ ધર્મીની બુદ્ધિ ભગવાન આત્મા આનંદનો સાગર છે એવું જે મતિજ્ઞાને તેને પકડ્યું છે. આહાહા..! ત્યાં બુદ્ધિ લાગે છે.

**'કોની?'** **'પુંસઃ'** **'પુંસઃ'** બીજો શબ્દ છે. **'પુરુષની.'** પુરુષ શબ્દે આત્મા. પુરુષની જ અને સ્ત્રીની નહિ, એમ સ્ત્રી-પુરુષ એ તો છે નહિ આત્મામાં. આ તો ભગવાન પુરુષોત્તમ પુરુષ.. આત્મા પોતે પુરુષોત્તમ પુરુષ છે. એવી જેની બુદ્ધિ લાગી છે આત્માની. **'તેની શ્રદ્ધા-રુચિ ત્યાં જ એટલે તે વિષયમાં જ ઉત્પન્ન થાય છે.'** આહાહા..! એનો વિશ્વાસ અને શ્રદ્ધા ત્યાં ઉત્પન્ન થાય છે. કહો, પોપટભાઈ! બહુ બાપા! નિરાલંબી પ્રભુ અંદર સ્વાવલંબનમાં જ્યારે મતિ જાય છે કહે છે. એમ કહે છે. આહાહા..! ત્યારે ત્યાં એને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે કે ઓહો..! આ આત્મા પૂર્ણાનંદ સાગર એવી એને પ્રતીતિ ઉત્પન્ન થાય છે. વિકલ્પ વિનાની વાત છે હોં આ. આહાહા..! સમજાણું કાંઈ? અને વિકલ્પ વિનાની જ્ઞાનદશામાં આત્મા વિકલ્પ વિનાનો નજરમાં ન આવે, એને વિકલ્પ વિનાની શ્રદ્ધા ન થાય. આવી માર્ગની રીત બાપુ!

જે આત્માની બુદ્ધિ હિતકર તરીકે જ્યાં ચોંટી છે. આહાહા..! ત્યાં **'તેની શ્રદ્ધા-રુચિ ત્યાં જ એટલે તે જ વિષયમાં જ ઉત્પન્ન થાય છે.'** સમજાણું કાંઈ? અહીં તો એકદમ સમાધિની વાત છેને. સમાધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમાધિ એટલે ઓલા બાવા ચડાવી જાય ને એ વાત નથી આ. આહાહા..! આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત તે સમાધિ. આધિ નામ સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ નામ શરીરની રોગ દશા, ઉપાધિ નામ સંયોગો વેપારાદિ. એ ત્રણ-ઉપાધિ, વ્યાધિ અને આધિ એનાથી પાર આત્મા એને દૃષ્ટિમાં આવતા જે સમાધિ થાય, શાંતિ થાય એને અહીંયાં સમાધિ કહે છે. સમજાણું કાંઈ?

લોગસ્સમાં નથી આવતું? 'સમાહિરવરમુત્તમંદિંતુ' એને અર્થની ક્યાં ખબર છે? લોગસ્સ હાંકે જાય. 'લોગસ્સ, ઉજ્જોયગરે, ધમ્મતિથ્થયરે... સમાહિવરમુત્તમંદિંતુ' શું એનો અર્થ?

મુમુક્ષુ :- લોગસ્સ એટલે શું ?

ઉત્તર :- હા એણે કીધું હતું ને એકફેરી કીધું હતું. મોહનલાલજીના શિષ્ય હતા એ. વીરમગામ હતા ડોસા વૃદ્ધ. ત્યાં સુંદર વોરાના અપસરામાં રોકાતા હોય ત્યાં વઢવાણમાં. એ પણ ત્યાં હતા.

એકવાર મેં પૂછ્યું. ગુરુ સાથે મેળ ન ખાધો. કારણ કે લૂગડા ધોવા માટે રાખ્યા હતા. વૃદ્ધ માણસ ને અને ગરીબ માણસ. એમાં મેળ ન ખાધો તો આખો દિ' લૂગડા ધોવા હોય તો એકલા પડ્યા રહે. સાધુ હોં, લીંબડી સંઘાડાના હતા. મેં એને પૂછ્યું કે આ સામાયિક એ ત્રસ છે કે સ્થાવર? ત્યારે જવાબ એમ આપ્યો હતો કે મારા ગુરુએ મને શીખવ્યું નથી. એય..! સુંદર વોરાના અપાસરામાં વઢવાણ. તમે તો ઓલા દરિયાપરે જાતા, નહિ? સુંદર વોરા. નજીક પડે એટલે આ હિંમતભાઈ સાથે જતા. ઠીક. બીજા તો કેટલા... આમ સુંદર વોરાના અપાસરા. એ સુંદર વોરામાં અમારે ઉતારો ત્યાં ને વધારે. પછી કોઈવાર દરિયાપરે જાતા. અમારે તો બધું સરખું હતુ ને લોકો. દરિયાપરેને અપાસરે જતા. ૩-૩ હજાર માણસ ભેગું થાતું દરિયાપરાના અપાસરે. ધર્મશાળા નથી સામે? અપાસરા સામે? સામે.૩-૩- હજાર માણસ. સંપ્રદાયમાં. સાંભળવામાં લોકો એમ બોલે કે મહારાજ આપણા મોટા છે. સાંભળવું. એમ. શું કહે છે એની ખબર નહિ. આહાહા..!

અહીં તો એમ છે પ્રભુ! જ્યાં તારું મતિ જાય છે ત્યાં તારી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ સંસારમાં જુઓને કોઈ વિષય કષાયમાં મતિ ચોંટે છે એ મરી પડીને પણ એ કામ કરે. આહાહા..! આમાં મરણ છે, તોપણ એ ગણે નહિ. એવી એની શ્રદ્ધા એમાં ઉત્પન્ન થઈ ને લીન થાય એમાં. આહાહા..! ભ્રમણા. એમ આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એમાં જેનું જ્ઞાન મતિબુદ્ધિ ગઈ છે. આહાહા..! એટલે કે જેણે જ્ઞાનની પર્યાયમાં પ્રભુ પૂર્ણાનંદનો નાથ એ જ્ઞેય હિતકર કરીને જાણ્યો છે, એની એને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, એનું એને સમકિત ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**અને જ્યાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે ત્યાં ચિત્ત લીન થઈ જાય છે.**' આસક્ત થઈ જાય અંદર. જ્ઞાયકભાવ જેણે જ્ઞાનમાં લઈને શ્રદ્ધા ઉત્પન્ન થઈ, ત્યાં એનું ચિત્ત લીન થાય છે ત્યાં. આહાહા..! ત્યાં એની જ્ઞાનની પર્યાય નિર્વિકલ્પ થઈને લીન થાય છે એમ ક્હે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ એવો લાગે માણસને. શું આમાં પણ? કરવું શું અમારે? આ કરવાનું આ છે, બાપુ! આહાહા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરે જે કર્યું એ તને કરવાનું કહે છે. આહાહા..!

જુઓને! આ બધા કેવા સાંભળીએ છીએ. ઓલા કહે કરોડપતિ ચાલીસ કરોડ. બાયડી ૫૮ વર્ષની મરી ગઈ. જાવ. આ ઓલા રાજકુમારની મા. સર હુકમીચંદની સ્ત્રી. એ મરી ગઈ હમણાં કહે છે. ઇંદોર. સર હુકમીચંદ રાજકુમારની મા. હમણા ગુજરી ગઈ નહિ? ૨૯ તારીખે. ભાઈને ત્યાં ખબર છે ને. આહાહા..! એ બંગલા ને બધું પડ્યું રહ્યું. ક્યાં એનામાં હતું તે સાથે જાય? આહાહા..! ખરેખર તો રાગ પણ એની ચીજ નથી તો, એ રાગ થયો એ રાગ પણ સાથે ક્યાંથી જાય? આહાહા..! એનું તો જ્ઞાન સ્વરૂપ અને આનંદસ્વરૂપ છે, એવી એની મહાસત્તા છે. મહાસત્તા નામ મહા હોવાપણે પદાર્થ છે. આહાહા..! એની જેને જ્ઞાનમાં જમવટ થઈ... આહાહા..! ત્યાં તેની શ્રદ્ધા ઉત્પન્ન થાય અને ત્યાં તેનું જ્ઞાન લીન થઈ જાય છે. ચિત્ત શબ્દ વાપર્યો છે પણ જ્ઞાન છે. એનું નામ સમાધિ છે. સમજાણું કાંઈ?

'**જે વિષયમાં કોઈ પુરુષની...**' આ સામાન્ય વાત કરી. પહેલી લીટીમાં છે ને? '**જે વિષયમાં કોઈ પુરુષની બુદ્ધિ સાવધાનપૂર્વક લાગી રહે છે, અર્થાત્ જે વિષય તેને હિતકર કે ઉપકારક લાગે છે,...**' આહાહા..! વિષયના લંપટીઓ જે સ્ત્રી સાથેનો પ્રેમ થાય એને એ જ એના જ્ઞાનમાં ભાસે અને શ્રદ્ધા પણ ત્યાં બસ એને, કુટુંબ છોડે, કબીલા છોડે. આહાહા..! રહેઠાણના સ્થાન છોડે. રહેઠાણ સમજ્યાને? જ્યાં રહેતો હોય. આહાહા..! બધું છોડીને એકલી (સ્ત્રી) સાથે રહે. સમજાણું કાંઈ? કેમકે એને ત્યાં આગળ પ્રેમમાં એને એ ભાસ્યું છે કે આ ઠીક છે મારે. આહાહા..! જેને જે વિષયમાં પ્રેમ થયો તે વિષયમાં તેને આસ્થા બેસે છે. શ્રદ્ધા. ત્યાં તે લીન થાય છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય થઈ ગયા.

પહેલું જ્ઞાન લીધું અહીંયાં. ૧૭-૧૮માં આવે છે ને ભાઈ! પહેલો જ્ઞાનમાં જણાય આત્મા ત્યારે એની પ્રતીતિ થાય. એમ કહ્યું. ૧૭-૧૮. આહાહા..! જાણ્યા વિના શ્રદ્ધા કોની? જે વસ્તુ અંદર જાણવામાં ન આવે, જ્ઞાનમાં ભાસન ભાવનું ન થાય, ભાવ એવો સ્વભાવ, ત્રિકાળ. એવું ભાસન નામ જ્ઞાનમાં ભાવ આ છે એમ ભાસન ન થાય, તો એની પ્રતીતિ શી રીતે? સમજાણું કાંઈ?

જ્ઞાનમાં ભાવ એટલે દ્રવ્યસ્વભાવનું ભાસન એટલે જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાય. હા ભલે એ પર્યાયમાં ભાવ આવે નહિ, પણ એ ભાવનું જે સ્વરૂપ છે, તે જ્ઞાનમાં આવે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ જે છે તેનું જ્ઞાન થતાં, જ્ઞાનની પર્યાયમાં કાંઈ વસ્તુ આવતી નથી. સમજાણું કાંઈ? પણ જ્ઞાનની પર્યાયે જેને જ્ઞેય બનાવ્યો છે એનું જ્ઞાન થાય છે. આહાહા..! અને જેનું જ્ઞાન થયું તેની તેને શ્રદ્ધા થાય છે. અહીં જ્ઞાનથી ઉપાડી છે વાત પહેલી. શ્રદ્ધા થાય અને પછી જ્ઞાન થાય એમ નથી લીધું. ૧૭-૧૮ એમ લીધું હતું ને? આહાહા..! એવો માર્ગ છે, બાપુ! ઝટ દઈને તો આ રુચે પણ નહિ. શું આ તે કહે છે આ? એ તો આત્માર્થી થાય તો એને... આહાહા..! એનો અર્થી થાય તેને તે શ્રદ્ધા ઉત્પન્ન થાય. આહાહા..! પણ રાગનો અર્થી.. આહા..! એકલા બાહ્ય શાસ્ત્રના જાણપણાનો અર્થી, એને આ અર્થીપણું ન પ્રગટ થાય. આહાહા..!

'**જે વિષયમાં કોઈ પુરુષની બુદ્ધિ સાવધાનપૂર્વક લાગી રહે છે, અર્થાત્ જે વિષય તેને હિતકર કે ઉપકારક લાગે છે, તેમાં તેની શ્રદ્ધા ઉત્પન્ન થાય છે...**' આ વેપારમાં જેની બુદ્ધિ લાગી તો વેપારમાં ચોંટ્યો જ રહે આખી જિંદગી. પણ તને શું એમાં લાભ છે? એક પૂરું થયું તો બીજો. મુદ્દત પૂરી થઈ ૫૫ વર્ષની. નોકરીમાંથી. તો વળી બીજું કાઢે એમાંથી વેપાર કે ધંધો. કેમકે એને એમાં એને ચિત્ત ત્યાં ચોંટ્યું છે. એ બુદ્ધિમાં એણે નફો દેખ્યો છે. અમે કાંઈક નફો કરીએ છીએ. આહાહા..! ભાઈ ગયા એક હતા ને ઓલા પોરબંદરવાળા? પાલિતાણા નથી આવ્યા? છે? ગયા. એ ત્યાં પોરબંદર હતા પહેલા, હવે ત્યાં પૂરું થયું એટલે હવે પછી કહે પાછું પોરબંદર કાંઈક નવું કરવું છે. આજે હતા. મોરબીવાળા હતા ને? મોરબી. આમ પંચાવન વર્ષે પૂરું થાય તો પાછું બીજું કાઢે. આહાહા..! આત્માનું જાણવું અને શ્રદ્ધા કરવી એમાં વખત નથી? આહાહા..!

મુમુક્ષુ :- મહાપુરુષોને...

ઉત્તર :- ભગવાન મહાપુરુષ જ છે. પુરુષોત્તમ પુરુષ છે એ આત્મા તો. આહાહા..!

રામચંદ્રજી જેમ પુરુષોત્તમ પુરુષ હતા ને? આહાહા..! પુરુષોત્તમ પુરુષ. એ પણ સીતાજી ગઈ ત્યારે ઝાડને પૂછે, પત્થરને પૂછે, સીતા! એક તો સાધર્મીનો પ્રેમ છે. સ્ત્રી તરીકેનો એક કોર... આહાહા..! સમકિતી હતા. સીતાજી સમકિતી આત્મજ્ઞાની. આહાહા..! રામચંદ્રજી આત્મજ્ઞાની. મહાપુરુષ જેને... આહાહા..! આમ ઘેલા જેવા દેખાય, એ સીતા ક્યાંય જોઈ? એય.. લક્ષ્મણ! સાથે હતા ને લક્ષ્મણ? નાનો ભાઈ. ભાઈ! તેં સીતા(ને) ક્યાંય જોઈ?

સીતાજીને આમ લઈ જાય છે ને રાવણ. પછી એના દાગીના ફેંકતી જાય છે ત્યાંથી આમ. વિમાનમાંથી. એમાંથી એક દાગીનો પગનો શું કહેવાય એ? નુપુર-ઝાંઝર. એ હાથ આવ્યું. એટલે લક્ષ્મણને પૂછે છે ભાઈ! આ નુપુર સીતાજીનું છે? ભાઈ! એકવાર મારી નજર પગ ઉપર ગઈ હતી. ભલે ભાઈની સ્ત્રી, પણ માતા તુલ્ય ને. અંગ જોવાનો વખત ન મળે. આહાહા..! એવા વાસુદેવ પુરુષ. પ્રભુ! તાત! મારી નજર એકવાર સીતાજીના પગ ઉપર ગઈ હતી. આ નુપુર તો એનું લાગે છે. બાકી મને કાંઈ ખબર છે નહિ. આહાહા..! જેણે બાર-બાર વર્ષ વનવાસમાં ત્રણ જણા ભેગા રહ્યા. ત્રણ-ત્રણ જણા ભેગા. તોપણ કહે છે કે મને સીતાજીનું બીજું અંગ શું એની મને ખબર નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ નુપુર પર એક નજર ગઈ હતી પગ ઉપર આમ. કે આ નુપુર એના લાગે છે. અરે.. આ ક્યાંથી? રાવણ લઈ ગયા અને એમાંથી પોતાનું નુપુર નાખતા ગયા લાગે છે. જંગલના રસ્તે. એ લાગે છે. આહાહા..!

એ વખતે પણ જાગૃતિ દશા આત્મદર્શી હતી. સમજાણું કાંઈ? આહાહા..! આમ ઉન્મત્ત જેવી દશા લાગે. ઝાડને પૂછે, ડુંગરને પૂછે. એવું લાગે. ઉન્મત્ત આ તો ઉન્મત્તનો દાખલો છે ને થોડો? એને અંતરમાં કાંઈ નહોતું. આહાહા..! ભગવાન આત્માનું જ્યાં અંતર જ્ઞાન થયું છે અને ત્યાં એની સમ્યગ્દર્શનની દશા ઉત્પન્ન થઈ છે, ત્યાં એને સ્વરૂપાચરણ અને સ્થિરતા જાગી છે. એને કોઈ આવા વિકલ્પ અને આવી દશા એને તોડી શકે (એમ નહિ). આહાહા..! રામચંદ્રજી જેવા મહાપુરુષ બળદેવ કે વાસુદેવ જેની આજ્ઞા, તાત! એમ બોલે. તાત! મને સીતાજીની બીજી ખબર નથી મારી માની. આહાહા..! માતાની મને ખબર નથી બીજી. આ એક લંગર જેવું આમ હતું. આવું હતું. આહાહા..! એવી એની સંસારની પદ્ધતિની રીત તો જુઓ! સજ્જન પુરુષોના વ્યવહાર પણ કેવા હોય છે! સજ્જન એટલે 'જ' ડબલ છે. સત્ જન. જેને આત્મદર્શન થયું છે, જેને આત્મજ્ઞાન થયું એ સત્જન સજ્જન છે. એ સત્નો જન છે. એ રાગનો નહિ, પુણ્યનો નહિ, પરનો નહિ. આહાહા..! વાસુદેવ. ત્રણ ખંડમાં એના જેવો કોઈ પુણ્યશાળી નહિ. આહાહા..! એને પણ રામચંદ્રજી પૂછે તો આવો જવાબ. જુઓ તો ખરા! અને તે વખતે પણ રામચંદ્રજીને આત્મદર્શીપણું ગયું નથી. સમજાણું કાંઈ? આત્મદર્શીપણું ત્યાં ચ્યુત થયું નથી. આહાહા..! સુજાનમલજી! આવી વાતું છે, બાપુ! આહાહા..!

'**ચિત્તની આ લીનતા...**' એ જ્ઞાને જેને જ્ઞેય બનાવીને હિતકરમાં જ્યાં જ્ઞાન પહોંચ્યું છે. આહાહા..! એમાં એની શ્રદ્ધા થઈને ત્યાં એકાગ્રતા થઈ છે '**આ લીનતા જ સુપ્ત-ઉન્મત્ત અવસ્થામાં**

**પણ...**' નિદ્રામાં, ઘોર નિદ્રા આઠ કલાકની હોય. આહાહા..! પણ એ તો કહ્યું હતું. નિદ્રાએ તો પાંચ ઈન્દ્રિયના વિષયોને રોક્યા જોતા. પણ ભગવાન આત્મા જે જ્ઞાન અને શ્રદ્ધામાં અનુભવમાં આવ્યો, એને રોકનાર કોઈ જગતમાં ચીજ નથી. આહાહા..! આહાહા..!

કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહે છે. પંચમ આરાના મુનિ હજી તો હજાર વર્ષ પહેલાં (થયા છે). અમારા આગમકુશળ ને આત્મજ્ઞાનથી મિથ્યાત્વની દૃષ્ટિ હણાઈ ગઈ છે, હવે ફરીને ઉત્પન્ન નહિ થાય, પ્રભુ પણ તમે ભગવાન પાસે ગયા નથી? ભગવાન પાસે જોઈને કહ્યું નથી? તમે છદ્મસ્થ મુનિ મિથ્યાત્વ ફરીને થશે નહિ એમ કહે છદ્મસ્થ મુનિ. જુઓ તો ખરા. આહાહા..! અમને હવે... છદ્મસ્થ મુનિ પંચમ આરાના. આહાહા..! અતિનિર્મળ વિજ્ઞાનઘન એવો જે આત્મા, તેમાં અંતર મગ્ન છે. આહાહા..! એ અમારું અંતર નિમગ્નપણું સમ્યગ્દર્શન અને જ્ઞાનનું થયું, ફરશે નહિ હવે. આહાહા..!

અરે..! એટલું બધું પૂછયું નથી ભગવાન પાસે. હજી કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા. પાંચમા આરાના ઉત્પન્ન થયેલા ખરાને, એટલે એમને ક્ષાયિક સમકિત ન થયું. પણ એમ તો થયું કે એ જ્ઞાન ને સમ્યગ્દર્શન જે થયું છે ક્ષયોપશમ, એ ક્ષાયિકને પમાડશે અને વચ્ચે નહિ પડે એવી દશા તો થઈ ગઈ છે. સમજાણું કાંઈ? આહાહા..!

બહેનને જાતિસ્મરણમાં એ આવ્યું છે. કે ત્યાં ભગવાન પાસે એવું સાંભળ્યું છે અમે. આહાહા..! આ બહેન મોજુદ રહ્યા. બેઠા છે કે નહિ? આહાહા..! કે ક્ષાયિક બે પ્રકારના છે—એ મૂળ ક્ષાયિક અને એક જોડણી ક્ષાયિક. આહાહા..! જોડણી ક્ષાયિક એટલે કે વર્તમાન ક્ષયોપશમ (સમકિત) છે, પણ એ ક્ષાયિકમાં જ જવાનું છે, એ હવે નીચે પડવાનું જ નથી.

મુમુક્ષુ :- એનું નામ જોડણી?

ઉત્તર :- એનું નામ જોડણી. એ બહેનનું વાક્ય જ્યારે સાંભળ્યું ત્યારે... આ પ્રવચનસાર ૯૨ (ગાથા)ની જ્યારે સાંભળી ત્યારે ઓહો..! યથાર્થ વાત છે. એ જાતિસ્મરણમાં આવ્યું છે એ યથાર્થ આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કીધું કે અમે ભલે ક્ષાયિક વર્તમાનમાં નથી. કારણ કે પંચમ આરાના ઊપજ્યા, શ્રુતકેવળી પાસે પણ એને ક્ષાયિક ન થાય. પણ અમને એ દશા થઈ છે. આહાહા..! કે જે ક્ષાયિક સમકિત લીધે જ છૂટકો કરશે. સમજાણું કાંઈ? એય..! પંડિતજી! આહાહા..! બહુ લાંબી વાતું એટલી છે ઝીણી. આહાહા..!

મુમુક્ષુ :- જોગ સારો થઈ ગયો આ કાળે તો. બધો જોગ.

ઉત્તર :- બધો જોગ થઈ ગયો. ઓહોહો..!

જુઓ! આ એક. એમને જાતિસ્મરણમાં આ વાત આવી એ સત્ય કેમ છે? એ આ રીતે સત્ય છે. કે અમૃતચંદ્રાચાર્ય કહે છે કે અમારું સમકિત મિથ્યાત્વનો નાશ કરીને ઉપશમ થયું, ફરીને ક્ષય થવાનો નથી. એનો અર્થ કે એ સમકિત ક્ષાયિકમાં જાશે હવે. છીએ અમે ક્ષયોપશમી અત્યારે. આહાહા..! પણ એ ક્ષયોપશમ સમકિત અપ્રતિહત છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..!

'**પુરુષને તે વિષયથી હઠાવી શકતી નથી,...**' આહાહા..! કોઈ એવો કર્મનો ઉદય નથી.

એમ કહે છે અમને. આહાહા..! કે અમારી જ્યાં દૃષ્ટિ ને જ્ઞાન જામ્યું છે એને કોઈ ચ્યુત કરે એવો કર્મનો ઉદય નથી. આહાહા..! એમ આ પણ સમાધિશતક (ના રચયિતા) ભગવાન પાસે ગયા હતા. પૂજ્યપાદ સ્વામી ગયા હતા. જુઓ, આ એની એક સ્થિતિનું વર્ણન. એ આપવીતિ કરે છે આ બધી હોં. આહાહા..! જે કાંઈ સત્યનો પોકાર હોય છે ને એ અંદરનો હોય છે. આહાહા..!

કહે છે કે '**તે પુરુષ તે વિષયથી ચ્યુત થતો નથી,...**' આહાહા..! આવા પંચમ આ-રાના મુનિઓ... અને કુંદકુંદાચાર્યે તો એમ કહ્યું ને ભાઈ! કે અતિનિર્મળ એવો વિજ્ઞાનઘન આત્મા, અતિનિર્મળ એવો જે વિજ્ઞાનઘન આત્મા, એમાં અંતરલીન. એવા સર્વજ્ઞ ભગવાન. આહાહા..! અમારા ગુરુ (એમનાથી લઈને) અતિનિર્મળ વિજ્ઞાનઘન આત્મામાં અંતર (પર્યંત) લીન હતા. આહાહા..! જુઓ! સમજાણું કાંઈ? સર્વજ્ઞથી માંડીને એમના ગુરુ. સર્વજ્ઞ તો ચોથે આરે હતા. અને એમના ગુરુ તો પંચમ આરામાં હતા. આહાહા..! તે પણ છદ્મસ્થ હતા. આહાહા..! પણ અમે કોલ કરારથી કરીએ છીએ, અમે મહાવ્રતધારી છીએ એમ કહે છે. આહાહા..! અમે સત્ય કહીએ છીએ. આહાહા..! કેટલી દશાની દૃઢતાનો અનુભવ. આહાહા..! જે અનુભવ દ્વારા સર્વજ્ઞથી માંડીને અહીંયાં ગુરુ સુધીની એક દશાનો પોકાર કર્યો એણે. આહાહા..! સમજાણું કાંઈ?

આ શ્વેતાંબરમાં તો એમ આવે. ... ભગવંતે એમ કહ્યું, મેં સાંભળ્યું છે એ તમને કહું છું. અહીં કહે છે કે એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો આત્મામાંથી થયું છે એ તમને કહીએ છીએ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સંતોની દશા જુઓ! એ દશાને પરખવી એ ઝીણી વાતું બાપા! આહાહા..!

'**તે પુરુષને તે વિષયથી હઠાવી શકતી નથી,...**' બહારની કોઈ ચીજ, જેનું જ્યાં ચિત્ત જામ્યું તેને ઉઠાવે કોણ? આહાહા..! વાણિયા પણ જ્યાં માલ પોસાય ત્યાં ઉપાડે છે ને માલ?

મુમુક્ષુ :- ત્યાં જ જાય.

ઉત્તર :- ત્યાં જ જાય અને માલ ઉપાડે. એટલો એક સાથે ૫૦-૫૦ ખાંડી, સો ખાંડી, બસ્સો ખાંડી ઉપાડે. પોસાતો માલ છે. અહીંયાં અઢીએ લેશું, ત્યાં ઉપજશે સાડા ત્રણ કે ત્રણ વગેરે. એય..! આહાહા..! પોસાતા માલમાં પાછી પાની ન કરે એ. આહાહા..! એમ આત્મા પૂર્ણ શુદ્ધ જેને પોસ-ાણો, પ્રીતિ થઈ. એમાં શબ્દ આવે છે ને? નિર્જરા અધિકારમાં આવે છે. ત્યાં પ્રીતિ થઈ ત્યાં સંતોષ થયો ત્યાં તૃપ્તિ થઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સંસ્કારને કોણ હઠાવે? કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કાળા પત્થર ઉપર ટાંકણા મારીને કોતર્યા, એ કોતરણીને કોણ રોકે હવે? એમ શાશ્વત, શાશ્વત પત્થર જેવો પ્રભુ શાશ્વત. આહાહા..! ઓલું કઠણ અપેક્ષાએ, આ શાશ્વત અપેક્ષાએ. આહાહા..! નિત્યાનંદ સહજાનંદ પ્રભુ શાશ્વત, એની જેણે સમ્યગ્જ્ઞાન અને સંસ્કારની કોતરણી કરી એમાં. આહાહા..! એ કોતરણીને કોણ ભૂંસાડે હવે? સમજાણું કાંઈ? આહાહા..! પાંચમા આરાના સંતો

આવું કરે.

'**ભેદ-વિજ્ઞાન દ્વારા શ્રદ્ધાપૂર્વક આત્મસ્વરૂપના જે સંસ્કારો જામ્યા છે...**' આહાહા..! રાગથી ભિન્ન પડીને ભગવાનનું જ્ઞાન થયું છે. આહાહા..! શાસ્ત્રજ્ઞાનથી નહિ, વિકલ્પથી પણ નહિ. ભેદવિજ્ઞાન શબ્દ વાપર્યો છે ને? એનાથી જુદા પડીને જેણે આત્માના સંસ્કાર પ્રગટ કર્યા છે. આહાહા..! '**ભેદ-વિજ્ઞાન દ્વારા શ્રદ્ધાપૂર્વક...**' એટલે જ્ઞાન અને શ્રદ્ધા બે. '**આત્મસ્વરૂપના જે સંસ્કારો જામ્યા છે...**' એ અંદર જામ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેનું બળ કોઈ પણ અવસ્થામાં...**' તેનું બળ કોઈપણ અવસ્થામાં '**જાગૃત, સુપ્ત કે ઉન્મત્ત અવસ્થામાં...**' જાગૃતમાં હો કે સુપ્ત-નિંદ્રામાં હોય કે ઉન્મત્ત અવસ્થામાં હોય. આહાહા..! '**ચાલુ રહ્યા વિના રહેતું નથી;...**' આહાહા..! જેનું પરિણમન જ્યાં અંતર પરના અવલંબન વિના, ચૈતન્યના અવલંબે જ્યાં થયું, એ ધ્રુવનું જ્યાં અવલંબન આવ્યું, એની પર્યાયને પાછી પાડે (એમ) કોણ કહે છે? આહાહા..! સમજાણું કાંઈ? જુઓ આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના માહાત્મ્ય. આ વસ્તુ એવી છે. એ વિના બધું આ કરે, પૂજા ને વ્રત ને ભક્તિ ને તપ ને. બધા રણમાં પોક મૂકવા જેવા છે. સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેથી આત્માર્થીએ...**' હવે શું કરવું? તેથી કહે છે, આ બધું કહ્યું એટલે. '**આત્માર્થી એ...**' આહાહા..! '**ભેદવિજ્ઞાન દ્વારા...**' રાગથી અને પર્યાયથી પણ દૃષ્ટિ ઉઠાવીને. આહાહા..! નિમિત્તથી તો ઉઠે એ જુદી વાત છે, પણ વિકલ્પથી દૃષ્ટિ ઉઠાવીને અને એક સમયની પર્યાય ઉપર જે લક્ષ અનાદિનું ત્યાં રમત છે એની. એનાથી પણ હઠાવીને. આહાહા..! '**ભેદવિજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપના સંવેદન માટે આત્મરુચિપૂર્વક એવો અવિરત પ્રયત્ન કરવો...**' આહાહા..! બહુ સારું નાખ્યું છે. આહાહા..! ભાઈ છોટાભાઈએ. મેળવાળું. શાસ્ત્રનો આધાર આપીને. આહાહા..!

'**પ્રયત્ન કરવો જોઈએ કે જેથી આત્મશ્રદ્ધામાં બાહ્ય કોઈપણ પરિસ્થિતિ...**' આહાહા..! ભલે ક્ષાયિક ન હોય, પણ જે સંસ્કાર દ્રવ્યસ્વભાવના અંતરમાં પડ્યા છે એને કોણ હવે ભૂંસાડી શકે? આહાહા..! સમજાણું કાંઈ? એને તો સ્વપ્નામાં પણ એ આવે. ચિદાનંદ આત્મા છું, બીજી કોઈ ચીજ નથી. આહાહા..! જેના જેને સ્વપ્ના આવે તેનો તેને પ્રેમ હોય એવા આવે. આહાહા..!

તો કહે છે ભેદ વિજ્ઞાન દ્વારા આત્માર્થી જીવે. જેનો આત્મા જેને પ્રયોજનરૂપ છે. આહાહા..! એવા જીવે '**ભેદ વિજ્ઞાન દ્વારા...**' રાગથી, મનથી, વચનથી, કાયાથી જુદાપણા દ્વારા '**આત્મસ્વરૂપના સંવેદન માટે...**' આત્મસ્વરૂપનું વેદન, આનંદના વેદન માટે. '**આત્મરુચિપૂર્વક એવો અવિરત પ્રયત્ન કરવો જોઈએ કે જેથી આત્મશ્રદ્ધામાં...**' આત્મશ્રદ્ધા. આ મૂળ ચીજ આ છે. તે વિનાની બધી વાતું આ વ્રત ને તપ ને ફલાણા. આહાહા..! '**કોઈપણ પરિસ્થિતિ વિઘ્નરૂપ થાય નહિ કે ચ્યુત કરે નહિ.**' એવી સ્થિતિ ઊભી કરે કે જેને બાહ્ય સ્થિતિ વિઘ્ન થાય નહિ અને કોઈ ચ્યુત કરી શકે નહિ. આહાહા..!

'**જેમ-જેમ સ્વ-પર પદાર્થોના...**' ભગવાન જ્ઞાનસ્વભાવ અને રાગાદિ પરભાવ એવા

બેના સ્વ-પરના '**ભેદવિજ્ઞાન દ્વારા આત્માનું ઉત્તમ સ્વરૂપ,...**' ભગવાન ઉત્તમ સ્વરૂપ, શુદ્ધ વીતરાગ મૂર્તિ આત્મા. ભગવાનસ્વરૂપ, ભગવત્ સ્વરૂપ આત્મા છે. આહાહા..! એવું '**ઉત્તમ સ્વરૂપ, સંવેદનમાં વિકસિત થતું જાય છે,...**' આહાહા..! નિહાલભાઈએ ઓલો દાખલો આપ્યો છે ને ફુગ્ગાનો. ફુગ્ગો-ફુગ્ગો. એ પોલો ફુલે છે. અને આ વસ્તુનો સ્વભાવ પરિપૂર્ણ પડ્યો છે, એની એકાગ્રતાની દૃષ્ટિમાં એ પોલો નહિ પણ નક્કર ફુલે છે. સમજાણું કાંઈ? આ નથી આવતા ફુગ્ગા-ફુગ્ગા? એ તો આમ એટલું કરે તો આમ ફુલે. કાગળનો હોય છે. એ તો પોલું છે પણ ભમ્મ. આ દૂધનો ઉભરો આવે એ કાંઈ દૂધ વધે છે? પોલો ઉભરો છે બધો. આહાહા..! આ તો નક્કોર ચિદાનંદ ધ્રુવ, એને—ધ્યેયને ધ્યાનમાં લઈ.. આહાહા..! જેમાં અંતર સંસ્કાર નાખ્યા છે, એ ધ્રુવ સંસ્કાર છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સંવેદનમાં વિકસિત થતું જાય છે,...**' એનો આનંદ વિકસિત થતો જાય છે. આહાહા..! શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ થતી જાય છે, એમ કહે છે. શક્તિ તો પૂર્ણ છે. એમાં જેટલું જ્ઞાન અને દર્શનમાં લીન થયો અંદરમાં, એટલો એ વિકાસ પામે છે. સમજાણું કાંઈ? આ માર્ગ છે બાપા! આહાહા..! કરવાનું હોય તો પહેલામાં પહેલું આ છે. પછી ચારિત્રની લીનતા ને વિશેષ હોય છે. આ તો પહેલું દર્શન, જ્ઞાન-દર્શન અને સ્વરૂપના આચરણથી થાય. એ સમાધિ છે. આહાહા..!

'**જેમ-જેમ સ્વ-પર પદાર્થોના ભેદવિજ્ઞાન દ્વારા આત્માનું ઉત્તમ સ્વરૂપ,...**' ઉત્તમ સ્વરૂપ શબ્દ વાપર્યો છે. ઉત્તમ પદાર્થ કીધો છે ને મહાપદાર્થ? પ્રવચનસારમાં ૧૯૨ ગાથા. મહાપદાર્થ છે. પ્રભુ મહાપદાર્થ છે. ઉત્તમ પદાર્થ છે. એનું સ્વરૂપ '**સંવેદનમાં વિકસિત થતું જાય છે, તેમ તેમ સહજ પ્રાપ્ત રમણીય પંચેન્દ્રિયના વિષયો પણ રુચતા નથી,...**' આહાહા..! ઈન્દ્રાણીના કરોડો ઈન્દ્રાણી, અને તે પણ વૈક્રયિક શરીરવાળા, એના વિષયમાં એને પ્રેમ રહેતો નથી. આત્માના પ્રેમી-પરમાત્માનો પ્રેમી એને વિષયની ભાવનામાં રુચિ રહેતી નથી. એની સુખબુદ્ધિ ઊડી જાય છે. આહાહા..! આસક્તિ હોય, પણ સુખબુદ્ધિ ઊડી જાય છે. આહાહા..! એ છન્નું-છન્નું હજાર સ્ત્રીમાં રહેલો ચક્રવર્તી, બુદ્ધિ ઊડી ગઈ છે. સુખબુદ્ધિ ગઈ તે ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

જેમ જેમ તેને પદાર્થમાં—આત્મામાં વેદન આનંદનું, જ્ઞાનનું, શ્રદ્ધાનું વિશેષ નિર્મળ થતું જાય છે તેમ તેમ સહજ પ્રાપ્ત. હઠથી લેવા એમ નહિ. સહેજે કોઈ પુણ્યને લઈને સામગ્રી વિષયોની મળે, '**પંચેન્દ્રિય વિષયો પણ રુચતા નથી,...**' આહાહા..! 'અર્થાત્ તેમના પ્રતિ ઉપેક્ષા અને ઉદાસીનતા ઉત્પન્ન થાય છે.' આહાહા..! સમજાણું? બહુ શ્લોક સારો. આહાહા..! વિષયોના અનુકૂળતા સહેજે મળી જાય, પરાણે પહેરીને હઠથી નહિ, તોપણ એને વિષયમાં પ્રેમ રહેતો નથી. આહાહા..!

'**તેમના પ્રતિ ઉપેક્ષા અને ઉદાસીનતા...**' રસ ઊડી ગયો. આત્માના આનંદરસ આગળ એ બધા પરમાં રસ ઊડી ગયો. સમજાણું કાંઈ? ભલે ગૃહસ્થાશ્રમમાં દેખાય, પણ એ ગૃહસ્થાશ્રમ-માં નથી, એ આત્માની દશામાં છે. સમજાણું કાંઈ? આહાહા..! કહ્યું હતું ને એક ફેરી. શ્રીમદ્‌ને

પૂછવામાં આવ્યું કે શ્રીકૃષ્ણ ક્યાં છે? ત્યારે જવાબ આપ્યો, શ્રી કૃષ્ણ આત્મામાં છે. તારે ફલાણી ગતિ અને ઢીકણી ગતિ કહેવું એ તો એમાં... એય..! આહાહા..! કોઈ એવો પૂછનારો મળ્યો હશે કોક. એવી વિચિક્ષણતાથી જવાબ આપ્યો. જ્યાં છે ત્યાં એ આત્મદર્શન, આત્મજ્ઞાનમાં છે. એ નથી રાગમાં અને નથી ગતિમાં લે. આહાહા..!

મુમુક્ષુ :- જવાબ સુંદર.

ઉત્તર :- જવાબ એવો. આહાહા..!

'હરિનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ.' હરિ શબ્દે આત્મા. અજ્ઞાન અને દોષને હરનારો એવો ભગવાન હરિ. 'હરિનો માર્ગ છે શુરાનો, કાયરના...' નપુંસકના ત્યાં કામ નથી. આહાહા..! વીરોના અખાડામાં જાવું છે એ વીરનું કામ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ, જેના ગુણની સંખ્યાનો પાર ન મળે. ક્ષેત્રથી આમ આવી ગયું એટલામાં જાણે અસંખ્ય પ્રદેશમાં. ડુંગળીનો કટકો લે ડુંગળી. તો કટકો હાથમાં આવી ગયો. પણ એ તો ક્ષેત્રથી હાથમાં આવ્યો છે. એના જે ગુણોનો સંખ્યા છે-અનહદ. એની હદ વિકલ્પના માપમાં નહિ આવે. આહાહા..! એ તો નિર્વિકલ્પ પ્રતીતિના માપમાં એ આવશે. સમજાણું કાંઈ? આહાહા..!

નિગોદના એક.. નહોતું એક ફેરી કહ્યું. નિહાલભાઈમાં એવું લખ્યું હતું. ત્રણ કાળના સિદ્ધો કરતા નિગોદનો એક... બનારસીદાસનું વાક્ય છે. કેટલામું છે એ?

મુમુક્ષુ :- ૩૬મો પત્ર છે.

ઉત્તર :- હા ૩૬મો પત્ર. કહ્યું હતું મેં જ કહ્યું હતું. સાચી વાત છે. હમણાં કહ્યું હતું નહિ?

'એક નિગોદ શરીરમેં એ તે જીવ બખાન,
તીન કાલકે સિદ્ધ સમ એક અંશ પરિમાણ.'

એક અપેક્ષાથી કહ્યું છે. અહીં તો ત્રણ કાળના (સિદ્ધ)થી તો જીવની સંખ્યા અનંતગુણી છે અને નિગોદના જીવ તો ક્યાંય થોડા છે. પણ અહીં મારે હવે બીજી વાત કરવી છે થોડી શ્રદ્ધાની કહેવી છે. કે..

**सो पिंड निगोद अनन्तरास, जियरुप अनन्तान्तभास,**
**भर रहे लोक नभमें सदीव ज्यों घडा मांहि भर रहे धीव**

આહાહા..! **'केवली गम्य यह अनंतता साधकके अनुमान ज्ञानमें'** પ્રત્યક્ષવત્ છે.

નિષ્કંપ ગંભીર ધ્રુવ સ્વભાવ આશ્રયે સહજ ઊંડે ઊંડે ઉતરતા-ઉતરતા યહ જ્ઞાન હમ સબકો પ્રત્યક્ષ હો જાઓ. યહી ભાવના. પ્રત્યક્ષવત્ છે એ પ્રત્યક્ષ થઈ જાવ. સમજાય છે કાંઈ? નિર્મળ જ્ઞાન એવું થઈ જાવ કે પ્રત્યક્ષ બધું દેખાય. એમ કહે છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

क्व पुनरनासक्तं चित्तं भवतीत्याह–

यत्रानाहितधीः पुंसः श्रद्धा तस्मान्निवर्तते।
यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः।।९६।।

જ્યાં નહિ મતિની મગ્નતા, તેની ન હોય પ્રતીત;
જેની ન હોય પ્રતીત ત્યાં કેમ થાય મન લીન? ૯૬.

टीका :– यत्र यस्मिन्वषये अनाहितधीरदत्तावदाना बुद्धिः। ''यत्रैवाहितधीरिति च पाठः यत्र च अहितधीरनुपकारकबुद्धिः।'' कस्य? पुंसः। तस्माद्विषयात्सकाशात् श्रद्धा निवर्तते। यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः तस्मिन् विषये लय आसक्तिस्तल्लयः कुतो नैव कुतश्चिदपि।।९६।।

વળી ચિત્ત ક્યાં અનાસક્ત હોય છે તે કહે છે–

શ્લોક – ૯૬

અન્વયાર્થ :– (यत्र) જ્યાં એટલે જે વિષયમાં (पुंसः) પુરુષની (अनाहित धीः) બુદ્ધિ સાવધાનરૂપ હોતી નથી, (तस्मात्) તેનાથી (श्रद्धा) શ્રદ્ધા, (निवर्तते) હઠી જાય છે–ઊઠી જાય છે; અને (यस्मात्) જેનાથી (श्रद्धा) શ્રદ્ધા (निवर्तते) હઠી જાય છે તે વિષયમાં (चित्तस्य) ચિત્તની (तल्लयः कुतः) લીનતા કેવી રીતે હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ.

ટીકા :– જ્યાં એટલે જે વિષયમાં બુદ્ધિ સંલગ્ન હોતી નથી અર્થાત્ બુદ્ધિ દત્તાવધાનરૂપ હોતી નથી,–''यत्रैवाहितधीरिति'' એવો પણ પાઠ છે, તેનો અર્થ એ છે કે–જ્યાં અહિત બુદ્ધિ એટલે અનુપકારક બુદ્ધિ હોય છે–કોની? પુરુષની, તે વિષયથી શ્રદ્ધા પાછી ફરે છે. જેનાથી શ્રદ્ધા પાછી ફરે, તે વિષયમાં ચિત્તની લીનતા કેમ હોઈ શકે? તે વિષયમાં ચિત્તનો લય એટલે આસક્તિ ક્યાંથી થાય? ક્યાંથીય પણ નહિ.

ભાવાર્થ :– જે વસ્તુને પુરુષ હિતકારી સમજતો નથી તે વસ્તુમાં તેને રુચિ ઉત્પન્ન થતી નથી અને જે વસ્તુમાં રુચિ ન હોય તે વસ્તુમાં તેનું મન કેવી રીતે લાગે? ન જ લાગે.

અજ્ઞાની જીવોને ઈન્દ્રિયોના વિષયો ઈષ્ટ લાગે છે–હિતકારી લાગે છે, તેથી તેમની રુચિ તેમાં ઉત્પન્ન થાય છે અને મન તેમાં લાગે છે; જ્ઞાનીને તે વિષયો અનિષ્ટ લાગતા નથી, પણ તે પ્રત્યેનો રાગ અનિષ્ટ–અહિતકારી લાગે છે, તેથી તેને રુચિ તે તરફથી હઠે છે અને તેમાં મન લાગતું નથી. તે વિષયો પ્રત્યે ઉદાસીન રહે છે.

વિશેષ

જેમ જેમ સહજ પ્રાપ્ત ઈન્દ્રિયોના વિષયોથી રુચિ હઠતી જાય છે–ઘટતી જાય છે, તેમ તેમ શુદ્ધ આત્મસ્વરૂપ સ્વાનુભવાં આવતું જાય છે–સ્વસંવેદનનો વિષય બનતો જાય છે.૧. ૯૬.

૧. यथा यथा न रोचन्ते विषयाः सुलभा अपि।
तथा तथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम्।।३८।। (ઈષ્ટોપદેશ–શ્લોક ૩૮)

**અષાઢ વદ ૧૨, સોમવાર તા. ૪-૦૮-૧૯૭૫**
**શ્લોક - ૯૬, ૯૭**
**પ્રવચન - ૧૧૦**

૯૬. સમાધિતંત્ર. 'વળી ચિત્ત ક્યાં અનાસક્ત હોય છે તે કહે છે -' ચિત્ત ક્યાં ચોંટતું નથી તે કહે છે.

यत्रानाहितधीः पुंसः श्रद्धा तस्मान्निवर्तते।
यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः।।९६।।

**જ્યાં નહિ મતિની મગ્નતા, તેની ન હોય પ્રતીત;**
**જેની ન હોય પ્રતીત ત્યાં કેમ થાય મન લીન? ૯૬.**

નીચે એનો શ્લોક છે.

'**ટીકા :- જ્યાં એટલે જે વિષયમાં બુદ્ધિ સંલગ્ન હોતી નથી...**' એટલે બુદ્ધિ ત્યાં ચોંટતી નથી. દત્ત અવધાન થતી નથી એમ. આહાહા..! એ સામાન્ય વાત કરી. હવે '**यत्रैवाहितधीरिति**' એ પાઠની વ્યાખ્યા કરે છે. એવો પણ તેનો અર્થ છે કે જ્યાં અહિતબુદ્ધિ-હિતકર નથી. એવી ચીજમાં બુદ્ધિ ચોંટે નહિ. અહિત બુદ્ધિ એટલે અનુપકારક બુદ્ધિ હોય, જે આત્માને ઉપકાર ન થાય અને નુકસાન કરનારી હોય, એવી જ્યાં બુદ્ધિ હોય '**તે વિષયથી શ્રદ્ધા પાછી ફરે છે.**' જેમાં હિતકર નથી, લાભ નથી ત્યાંથી બુદ્ધિ પાછી ફરે છે. ત્યાં બુદ્ધિ કામ...

મુમુક્ષુ :- લાભ ન દેખાય એ બાજુ..

ઉત્તર :- ત્યાંથી બુદ્ધિ પાછી ફરે છે એમ કહે છે. આહાહા..!

'**શ્રદ્ધા પાછી ફરે છે. જેનાથી શ્રદ્ધા પાછી ફરે, તે વિષયમાં ચિત્તની લીનતા કેમ હોઈ શકે?**' પહેલું હતું સવળું એટલે આ અવળાની વાત છે. ગાથા.. '**તે વિષયમાં ચિત્તનો લય એટલે આસક્તિ ક્યાંથી થાય?**' જેમાં જીવને હિતકર અને ઠીક ન લાગે ત્યાં ચિત્ત કામ ન કરે. ચિત્ત કામ ન કરે તો શ્રદ્ધાં ત્યાંથી પાછી ફરે. શ્રદ્ધા પાછી ફરે તો તેમાં લીનતા ક્યાંથી થાય? આહાહા..!

'**ભાવાર્થ :- જે વસ્તુને પુરુષ હિતકારી સમજતો નથી તે વસ્તુમાં તેને રુચિ ઉત્પન્ન થતી નથી...**' ધંધામાં પણ જ્યાં લાભ ન દેખે, એ ધંધામાં જાય વેપાર કરવા? ન જાય.

મુમુક્ષુ :- પોસાણ હોય ત્યાં જ જાય ને.

ઉત્તર :- જ્યાં લાભદાયક દેખે છે કે ભાઈ અઢી રૂપિયામાં માલ આવશે અને અહીં ત્રણ ઊપજશે. તો તો જાય. પણ ત્યાં અઢીનું લાવશું અને અહીંયાં સવા બે જ ઊપજશે. તો ત્યાં ચિત્ત ચોંટે નહિ અને એ વેપાર કરવા જાય નહિ. શ્રદ્ધા પાછી ફરે. આહાહા..! આ વેપારીની. એમ જેને

આત્મામાં હિતકર લાગ્યું નથી, અહિતકર લાગે છે ત્યાં એની બુદ્ધિ જાતી નથી. આહાહા..!

ઉપદેશની શૈલી છેને આ તો એકદમ. આમ તો જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય, એને કોઈ ધ્રુવની જરૂર નથી. ૧૦૧ (ગાથા, પ્રવચનસાર)માં આવે છે ને? ૧૦૧. ઉત્પાદ પર્યાય થાય તેને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા..! એને વ્યયની અપેક્ષા નથી. એ સમયની જે પર્યાય ઉત્પન્ન થાય તે સ્વતંત્ર થાય છે. પણ કહે છે કે જેને અહિતકર લાગી, એ અહિતકરની પર્યાય કેમ ઉત્પન્ન કરે? સમજાણું કાંઈ? પણ એ પર્યાયનો કાળ જ એવો ત્યાં છે.

મુમુક્ષુ :- અહિતકર શુભ-અશુભ... સમ્યગ્દર્શન લાગે સરળ ત્યારે...

ઉત્તર :- સમ્યગ્દર્શનમાં હિતકર લાગે છે આત્મા, એથી સમ્યક્‌ની પર્યાય થાય છે, પણ છતાં એ પર્યાય થાય છે દ્રવ્યને આશ્રયે. એટલે કે પર્યાય ત્યાંથી આવે છેને એ અપેક્ષાએ આશ્રય કીધો. બાકી તો પર્યાય પર્યાયને કારણે જ ઉત્પન્ન થાય છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? પ્રવચનસારમાં છે આ તો. વીતરાગના સિદ્ધાંતનો સાર એમાં આ આવ્યું છે. આહાહા..!

ફક્ત એ સમ્યગ્દર્શન આદિની પર્યાય ધર્મની, દ્રવ્યને આશ્રયે કીધી, એનો આશ્રય (કહેવાનો) આશય એટલો કે દ્રવ્યમાંથી આવે છે અને દ્રવ્ય તરફ ઢળી છે, માટે દ્રવ્યનો આશ્રય કહેવામાં આવે છે. એટલી વાત છે. આહાહા..! ત્યાં તો એમ પણ કહ્યું કે તે પર્યાય દ્રવ્યને કારણે નથી આવતી. એમ કહ્યું છે.

મુમુક્ષુ :- એને આલિંગન જ કરતી નથી.

ઉત્તર :- અડતી નથી ને. એ તો આવી ગયું આપણે. આહાહા..! સત્‌નું સ્વરૂપ, એને તો જ્ઞાતા-દૃષ્ટાપણે રહીને જાણવા જેવું છે બસ. બાકી કાંઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એવી જ્ઞાન અને શ્રદ્ધા થયા પછી?

ઉત્તર :- એટલે આ માન્યું ત્યારે એની દશા થઈને જ્ઞાતા-દૃષ્ટાની. નહિતર ક્યાં? આહાહા..! કે જ્યારે હું પરની પર્યાય કરી શકતો નથી અને મારી પર્યાય પણ દ્રવ્યથી થતી નથી. ઉત્પાદ. આહાહા..!

૨૭૦માં કહ્યું ને? સમયસારમાં ભાઈ! સત્. જ્ઞપ્તિ જેની એક ક્રિયા છે. જુઓને. ઓહોહો..! એ ઉપરથી આ તો આવ્યું. સત્ અહેતુક જ્ઞપ્તિ જેની એક ક્રિયા છે. ભગવાન આત્માની તો જાણવા-દેખવાની એક જ ક્રિયા છે. એ ક્રિયામાં આ હનન અને જૂઠું ન બોલવું એવી જે ક્રિયા, એનાથી ભિન્ન પાડતો નથી માટે તેને પોતાની માને છે. આહાહા..! એક સમયમાં એક પર્યાયના બે ભાગ. આહાહા..! એ જ્ઞપ્તિ ક્રિયા. ભાઈ! આ તો માર્ગ અંદરની ઝીણી વાતું બહુ. જ્ઞપ્તિ ક્રિયા તે પણ સત્ અહેતુક. એને દ્રવ્ય ને ગુણની પણ જરૂર નહિ, એવી જ્ઞપ્તિ ક્રિયા અહેતુક છે. અને તે કાળે જે રાગ-દ્વેષમય ઉદયની ક્રિયા તે આત્માની નહિ. આહાહા..! એ બેમાં ભેદ ન પાડતા, બેને એક કર્તા માને તે અજ્ઞાન છે. આહાહા..!

લ્યો વળી આજે કાર્ડ આવ્યું છે. સરદાર શહેરથી કાર્ડ આવ્યું છે. કોઈ બાઈએ લખ્યું છે બધું. એના કુટુંબમાંથી લાગે છે. એમાં છે ને? આ શું છે? શું લખ્યું છે આ? એ કાર્ડ આવ્યું છે. આ તો

વિનયવંદન. સરદારશહેર. 'બહોત દિનોંસે મેરી તુચ્છ બુદ્ધિમેં...' કોઈ બાઈ એના કુટુંબમાંથી લાગે છે. '**યહ આ રહા હૈ કિ જ્ઞાની દોષ કો દોષ જાનકર, દોષસે હઠતા હૈ...** દોષસે હઠતા હૈ યહ આગમ પ્રમાણ હૈ.' દોષથી હઠે છે એ આગમ પ્રમાણ છે. '**યહ જ્ઞાની દોષકો કર્તા-ભોક્તા બનકર દુઃખી બનતા હૈ વહ આગમ પ્રમાણ** હૈ?' આહાહા..! ભગવાન! એ પાછું તમે આત્મધર્મમાં આપજો. એમ કહે. એમ લખ્યું છે ને? આત્મધર્મમેં સ્પષ્ટ હો જાયે, સમાધાન મિલ જાયે, નિવેદિકા પ્રતિ કુમારી એમ છે કાંઈક.

લ્યો, વળી આ યાદ આવ્યું. જુઓ આવ્યું ને આમાં? કે જ્ઞપ્તિ એક ક્રિયા છે અને એમાં જે દોષની ક્રિયા જે ઉત્પન્ન થાય છે એનાથી ભિન્ન આત્માને જાણતો નથી તે અજ્ઞાની છે. પણ તે જ્ઞાની (જાણે છે કે) જ્ઞપ્તિ ક્રિયા એ પણ મારી છે, મારામાં છે અને દોષની ક્રિયા પણ મારી પર્યાયમાં મારામાં મારે કારણે છે. આહાહા..! એ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની સ્વભાવની મુખ્યતાથી ચાલે ત્યારે એ ત્યાગી દોષથી રહિત છે. પણ જ્યારે એની પર્યાયમાં વેદન છે એમ જ્ઞાન જાણે ત્યારે તો કહે કે વેદન દુઃખનું અને સુખનું મારામાં છે. આહાહા..! રતિભાઈ! અને કર્તા-ભોક્તા પણ હું છું એનો. આહાહા..!

મુમુક્ષુ :- એ જ્ઞાનની મુખ્યતાથી.

ઉત્તર :- એ જ્ઞાન જ વસ્તુ વિશેષ જાણે છે ને. દર્શન તો નિર્વિકલ્પ છે. તેનો વિષય નિર્વિકલ્પ છે. પણ એની સાથે જે જ્ઞાન થાય એ જ્ઞાન આમ જાણે છે. જ્યાં સુધી દોષો એટલે દુઃખ, દોષ એટલે દુઃખ. પછી ચાહે તો દયા, દાન, અને વ્રતના વિકલ્પ હોય એ પણ દોષ અને દુઃખ છે. એક સમયમાં જ્ઞપ્તિ ક્રિયા અને એ દોષની ક્રિયા એક સમયમાં હોય છે. અને ખરેખર તો એ પર્યાય અહેતુક છે. દોષ અને જ્ઞપ્તિ બેય અહેતુક છે. પણ છે ખરી. જ્ઞપ્તિ ક્રિયા જાણે છે કે હું તો જાણનાર છું અને એની સાથે જ્ઞાન જાણે છે. આહાહા..! કે જેટલું સુખ પૂર્ણ નથી એટલો રાગ થાય છે તે દુઃખ છે, દોષ છે, અપરાધ છે, એ મારી દશાનો અપરાધ છે. આહાહા..! અને એનું પરિણમન છે માટે કર્તા હું છું. કરવાલાયક છે એ જુદી બુદ્ધિ. આહાહા..! પણ રાગ અને શુભ-અશુભભાવ એ બેય દોષ છે, તે બેય દુઃખ છે. એ દુઃખની પર્યાય અને આનંદની પર્યાય બેયનો કર્તા અને ભોક્તા હું છું. આહાહા..!

સવારમાં તો આનંદનું વેદન... કારણ કે ત્યાં દૃષ્ટિ પ્રધાન કથન છે. આહાહા..! પણ તે જ કાળે જ્ઞાનથી જ્યારે જાણે. આહાહા..! પરને શું સંબંધ છે? પરદ્રવ્ય તો એને કારણે ત્યાં ઊભું છે અને પરિણમે છે. આહાહા..! પણ આત્મામાં જેટલા પ્રમાણમાં ઓછા સુખનું વેદન છે, તેથી ત્યાં રાગ-દ્વેષના પરિણામ શુભ કે અશુભ એટલું દુઃખનું વેદન છે, એ મારાથી છે, દુઃખને જ્ઞાની વેદે છે. આહાહા..! આવો માર્ગ ભારે ભાઈ! અને એ એમ જાણે કે દુઃખને વેદે તે અજ્ઞાની, એને ભાન જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

સુખ ન હોય મિથ્યાદૃષ્ટિને, દુઃખ ન હોય કેવળીને. સુખ અને દુઃખની પર્યાય હોય સાધકને. ધર્મીને-જ્ઞાયકને જ હોય એ. આહાહા..! સમજાણું કાંઈ? એ પ્રશ્ન એને ઘૂંટાય છે તે દિ' નો. શેઠનું

નામ છે એમાં. દીપચંદજી શેઠિયાનું નામ છે, પણ લખ્યું છે કોકે અને એનું ઓલું છે. એ મકાનનું નામ છે ને? એમ છે એ છે. એ નામ. પુત્રી કે કોઈ હશે એમ લાગે છે. એ માંહ્યલી ચર્ચા થઈ. અરે.. ભગવાન! શું બાપુ! તારી સત્તા તો આનંદ અને જ્ઞાનની મૂળ તો છે. અને જે સમયે તે પર્યાય ઉત્પન્ન થાય તે સ્વતંત્ર દ્રવ્ય અને ગુણની અપેક્ષા રાખ્યા વિના થાય છે. અને એ વખતે આનંદ અને દુઃખની પર્યાય જે થાય, એ પણ પરની અપેક્ષા રાખ્યા વિના, દ્રવ્ય-ગુણની રાખ્યા વિના એ થાય છે. આહાહા..! હરિભાઈ! આવી વાત છે બાપુ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં. સમજાણું કાંઈ?

અમૃતચંદ્રાચાર્ય કહે છે, અમને કલુષિત પર્યાયમાં કલુષિતતા છે. આહાહા..! અમે પૂર્ણ આનંદને પ્રાપ્ત નથી, અનાદિથી કલમાષિતમાં આવ્યા. આહાહા..! છઠ્ઠે ગુણસ્થાને મુનિ, આચાર્ય જેની ટીકા. આહાહા..! અલૌકિક ટીકા, ભગવત્ ટીકા છે. આહાહા..! એ એમ કહે છે અનાદિની અમને કલુષતતા હજી ગઈ નથી. એ કલુષિતતા અનાદિની છે ને? ભલે અનુભવ થયો, મુનિપણું થયું, પણ એ કલુષિતતા તો અનાદિની છે જે બાકી રહી છે એ. આહાહા..! એ કલુષિતતા દુઃખરૂપ છે. એ અમે આ ટીકાકર્તાના કાળમાં.. ટીકા કરતા. પાઠ એવો છે. '**एव**' શબ્દ છે ને? ભાસ્ય, એની ટીકાથી અમારી કલુષિતતા નાશ થાઓ. પાઠ એવો છે. પણ એનો અર્થ એ. એ કરે છે ને આ લોકો એમાંથી. જુઓ, આ ટીકા કરતા પણ શુદ્ધિ થાય છે એમ કહે છે. બાપુ! ટીકાનો કાળમાં એને વિકલ્પ છે, એ ટીકાના કાળમાં વિકલ્પથી એની શુદ્ધિ વધે એમ નથી. પણ એ કાળમાં અમારું લક્ષમાં બહુ રટણ છે, ધ્યેયમાં અમારા ધ્યાનમાં વસ્તુ તરફનું બહુ રટણ છે, એ રટણ કરતા કરતા અશુદ્ધતા ટળી જશે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અશુદ્ધતા ટીકા કરવા વખતમાં તો ભાવમાં તો વિકલ્પ છે. પર તરફ લક્ષ છે ને? આહાહા..! મન, વચન અને કાયા તરફ લક્ષ જાય છે તો એ રાગ છે. કુંદકુંદાચાર્યે કહ્યું, પ્રવચનની પ્રભાવના માટે મેં આ શાસ્ત્ર રચ્યું. આવે છે ને? નિયમસારમાં તો એમ કહ્યું કે મેં આ મારી ભાવના માટે રચ્યું છે. નિયમસારમાં એમ કહ્યું છે. પણ તે કાળે તો વિકલ્પ છે. આહાહા..! પણ એનું ઘૂંટણ છે એ વિકલ્પમાં નથી. આહાહા..! વિકલ્પના જ્ઞાતાદૃષ્ટાપણે રહી અને એ વિકલ્પ થયો છે તેનાથી નિમિત્ત થઈને ટીકાની ક્રિયા ટીકાથી થઈ છે. આહાહા..!

અહીં કહે છે, જેને જ્ઞાયકભાવ પ્રત્યે હિતકર જેને લાગ્યું નથી. આહાહા..! વસ્તુ આનંદદાયક વસ્તુ છે, એમ દૃષ્ટિમાં એટલે બુદ્ધિમાં આ આનંદદાયક છે એવું હિતકર ભાસ્યું નથી અને તેના પ્રત્યેનો અનાદર છે. આહાહા..! અહિતકર બુદ્ધિ છે. આહાહા..! એ બુદ્ધિનો (એવો) વિષય છે કે જ્યાં એ (જ્ઞાયકમાં) ચોંટતું નથી. અહીં ચોંટે છે, અહીં તો કહે છે. અહિતકરમાં પણ બુદ્ધિ ચોંટે છે. આહાહા..! છોટાભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અને તેથી શ્રદ્ધા પાછી વળે છે. પૂર્ણાનંદના નાથમાં હિતપણું ભાસ્યું નહિ. એથી એની શ્રદ્ધા ત્યાં જાતી નથી. આહાહા..! એ તારા કારણે છે. કર્મનું કારણ છે માટે શ્રદ્ધા ત્યાં જાતી નથી.

એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

અને જ્યાં શ્રદ્ધા... '**તે વિષયમાં ચિત્તની લીનતા કેમ હોઈ શકે?**' જ્યાં શ્રદ્ધા જ પાછી ફરે ત્યાં અંતરમાં લીનતા કેમ બને? આહાહા..! સમજાણું કાંઈ? '**તે વિષયમાં ચિત્તનો લય એટલે આસક્તિ ક્યાંથી થાય?**' આહાહા..! '**ક્યાંયથી પણ નહિ.**' કોઈ રીતે ચિત્ત ત્યાં ચોંટે જ નહિ. આહાહા..!

**ભાવાર્થ :–** ૩૮મો શ્લોક તો ઉપર આવી ગયો ને? ૯૫માં આવી ગયો. ૯૫માં છેલ્લો. ઓહોહો..! '**જે વસ્તુને પુરુષ હિતકારી સમજતો નથી તે વસ્તુમાં તેને રુચિ ઉત્પન્ન થતી નથી...**' આહાહા..! કાળો નાગ દેખે અને વીંછી. થાય છે ને? ઠાકરીયો વીંછી થાય છે. ઠાકરીયો એટલે વીંછીમાં મોટો. જોયો છે મેં. એકવાર હું નીકળ્યો તો મોટો વીંછી કાળો આવડો લાંબો હોં. અને મોટો ડબ્બો હોય ને એવો તો કાળો આવો. જંગલ અહીં જતાં. જતા એકલા, પહેલા જતા ને એકલા. ત્યાં ડબ્બો ને જાણે રેલ ચાલતી હોય એટલો લાંબો આવડો મોટો. કાળો ઠાકરીયો. કરડે તો મરી જ જાય માણસ. અહીં મરી ગયો હતો માણસ ગઢડામાં. લાઠીવાળા છે ને આ પોપટભાઈના એના દીકરાનો એક દીકરો વીંછી કરડ્યો તો મરી ગયો. આકરો વીંછી હોય ને.

હવે એ વીંછીમાં ચિત્ત લાગે નહિ, પકડવાની. ત્યાં શ્રદ્ધા પાછી વળે કે નહિ. અને ત્યાં જોવાને ઊભો ન રહે એ. આ તો વીંછી ઊડે નહિ. સર્પ નાના હોય ને તો ઊડે માળા. કાળા નાગ હોય. ઉડે. એટલે જોવા ઊભો ન રહે ત્યાં. ઉડીને ચોંટે અહીં ને અહીં. એવા સર્પ થાય છે. જેમાં ચિત્તને ઠીક પડતું નથી ત્યાં શ્રદ્ધા પાછી વળે છે અને તે ચિત્ત ત્યાં જોવા ઊભું રહેતું નથી. આહાહા..!

'**જે વસ્તુને પુરુષ હિતકારી સમજતો નથી...**' જે વસ્તુને આત્મા હિતકારી સમજતો નથી. પુરુષ શબ્દે આત્માની વાત છે. આહાહા..! '**તે વસ્તુમાં તેને રુચિ ઉત્પન્ન થતી નથી...**' પોસાણમાં જે ચીજ નથી ત્યાં રુચિ કેમ ઉત્પન્ન થાય? આહાહા..! '**અને જે વસ્તુમાં રુચિ ન હોય તે વસ્તુમાં તેનું મન કેવી રીતે લાગે? ન જ લાગે.**'

'**અજ્ઞાની જીવોને ઇન્દ્રિયોના વિષયો ઇષ્ટ લાગે છે–**' આહાહા..! '**હિતકારી લાગે છે, તેથી તેમની રુચિ તેમાં ઉત્પન્ન થાય છે...**' છે? ઓલામાં વાત લાંબી છે એ. ઇન્દ્રિયનો વિષય, ઇન્દ્રિય જડ, ભાવ ઇન્દ્રિય અને એનો વિષય બધી ઇન્દ્રિયો છે. આહાહા..! પણ આ એણે ભેદ પાડ્યો છે. ઇન્દ્રિયોનો વિષય, ખરેખર તો દેવ-ગુરુ અને શાસ્ત્ર અને એની વાણી પણ ઇન્દ્રિયનો વિષય છે. આ ગજબ વાત છે. સમજાણું કાંઈ? આવી વાત છે. સ્વદ્રવ્ય સિવાય ક્યાંય હિતકર પરદ્રવ્ય તે હોઈ શકે જ નહિ. તેથી તો એમ કહ્યું.. '**परदव्वादो दुग्गइ**' આહાહા..! આ વીતરાગના વચનો! વીતરાગ એમ કહે કે અમારી સામું જોશો તો તમને રાગ થાશે. વળી ઉપદેશ સાંભળવા બેસે. એ હોય જુદી વસ્તુ છે. આહાહા..! ગજબ વાતું બાપુ!

'**ઇન્દ્રિયોના વિષયોમાં ઇષ્ટ લાગે છે...**' આહાહા..! '**હિતકારી લાગે છે, તેથી તેમની રુચિ તેમાં ઉત્પન્ન થાય છે અને મન તેમાં લાગે છે; જ્ઞાનીને તે વિષયો અનિષ્ટ લાગતા**

**નથી,...**' જ્ઞાનીને તે વિષયો અનિષ્ટ લાગતા નથી, '**પણ તે પ્રત્યેનો રાગ અનિષ્ટ–અહિતકારી લાગે છે,...**' વિષય નહિ. કારણ કે એ કોઈ વસ્તુ ઇષ્ટ-અનિષ્ટ છે જ નહિ. હિતકર કે અહિતકર જ્ઞેય છે જ નહિ. આહાહા..! ભગવાન અહિતકર એમ છે જ નહિ કહે છે. હિતકર છે એમ પણ નથી. આહાહા..!

'**તે પ્રત્યેનો રાગ અનિષ્ટ–અહિતકારી લાગે છે, તેથી તેની રુચિ તે તરફથી હઠે છે...**' આહાહા..! ભારે ગજબ કામ કરે છે. '**તેમાં મન લાગતું નથી. તે વિષયો પ્રત્યે ઉદાસીન રહે છે.**' આહાહા..!

**વિશેષ :—** ૩૮મો શ્લોક છે. ઇષ્ટોપદેશ. એનાથી ઓલો. પહેલો હતો એનાથી ઉંધો છે.

**यथा यथा न रोचन्ते विषयाः सुलभा अपि।**
**तथा तथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम्।।३८।।**

આહાહા..! '**જેમ જેમ સહજ પ્રાપ્ત ઇન્દ્રિયોના વિષયોથી રુચિ હઠતી જાય છે...**' એ પ્રશ્ન આવ્યો છે ને હમણાં? એ રાજમલે પૂછયો છે ભાઈ નિહાલભાઈનો. ૧૦૧ બોલ નહિ? (કુલ) ૬૪૫ બોલ છે ને? એનો ૧૦૧ બોલ. કે સ્ત્રીનો વિષય અને દેવ-ગુરુ વિષય જ છે પર તરફનો. આ કેમ છે? એમ પૂછયું હતું. સરખાઈનું એણે જે બેઠું એ જ કહે ને સરખાઈનું પછી. કોણ કરનાર છે? મખનલાલજી નહિ. પાર્શ્વનાથ એ. વર્ધમાન.

મુમુક્ષુ :- લાલબહાદુર.

ઉત્તર :- ના, લાલબહાદુર નીકળી ગયા હતા. વર્ધમાન પાર્શ્વનાથ. રતનચંદજી તો પહેલા હમણાં. જવાબ આણે બીજો આપ્યો છે. રતનચંદજીએ નહિ. આ આપ્યા છે વર્ધમાન પાર્શ્વનાથ. એવું માનનારા એમ કહે, તીવ્ર મિથ્યાદષ્ટિ છે. ભગવાનને જે વિષય ઠરાવે.. અરે.. પ્રભુ! સાંભળને ભાઈ! ૩૧મી ગાથામાં શું કહ્યું ભગવાને? '**जो इंदिये जिणित्ता**' કીધું. ૩૧ ગાથા, ઇન્દ્રિય ત્રણ પ્રકારે. જડ ઇન્દ્રિય, (ભાવઉન્દ્રિય અને) ઇન્દ્રિયના વિષયો. ત્રણે ઇન્દ્રિય કીધી છે. ભાઈ! આ તો ઝાલવું કઠણ બાપુ. આહાહા..! એ વિષયને જીતે તે જૈન. પણ એ વિષયમાં લલચાઈ જાય. વિષય કીધો એને તો. વિષયને પણ એને ઇન્દ્રિય જ કીધી. ઇન્દ્રિયનો વિષય તે ઇન્દ્રિય. આહાહા..! કામ બાપુ ભારે ભાઈ!

'**જેમ જેમ સહજ પ્રાપ્ત ઇન્દ્રિયોના વિષયોથી રુચિ હઠતી જાય છે–ઘટતી જાય છે, તેમ તેમ શુદ્ધ આત્મસ્વરૂપ સ્વાનુભવમાં આવતું જાય છે–**' આમ ઢળ્યો છે ને અંદર? ઇષ્ટોપદેશનો શ્લોક છે ૩૮. '**જેમ જેમ સહજ પ્રાપ્ત ઇન્દ્રિયોના વિષયોથી રુચિ હઠતી જાય છે–ઘટતી જાય છે, તેમ તેમ શુદ્ધ આત્મસ્વરૂપ સ્વાનુભવમાં આવતું જાય છે...**' પર તરફથી ખસી જાય છે, તેમ સ્વ તરફમાં ઝુકાઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! માર્ગ ભારે ભાઈ! સાંભળવું કહેવું અને સાંભળવાથી લાભ ન થાય. એ હોય છે, પણ એ વિકલ્પ છે. અણિન્દ્રિય ભગવાન તરફનો એ ઝુકાવ નથી. સમજાણું કાંઈ?

ઈષ્ટોપદેશમાં આવી ગયું છે એ. એ ઈન્દ્રિયથી જાણતો જ નથી, તેમ ઈન્દ્રિયથી એ જણાય એવો નથી. ગજબ વાત છે.

મુમુક્ષુ :- શરૂઆત જ ત્યાંથી કરી છે.

ઉત્તર :- શરૂઆત ત્યાંથી કરી છે. આહાહા..!

જેને ઈન્દ્રિયથી જાણવું થતું નથી. એમ લીધું છે અને જેનું.. બીજો બોલ છે. જે ઈન્દ્રિયથી જાણનારો નથી. ઈન્દ્રિયથી જણાય એવો નથી. આહાહા..! હવે પોતે ટીકા કરે છે. ટીકા થાય છે, બીજાને સમજાવવા. તો કહે છે કે તારું જાણવું તારાથી થાય છે, અમારાથી નહિ. આહાહા..! પોપટભાઈ! આવો માર્ગ છે, ભાઈ! તું અણીન્દ્રિય છો ને? તો અણીન્દ્રિયથી પોતાને જાણે અને પરને પણ અણીન્દ્રિયથી જાણે. આહાહા..! એટલે કે જેને નિશ્ચયથી એવી સ્વરૂપગ્રાહી દૃષ્ટિ થઈ એવી નિશ્ચયથી પછી પરને જાણે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જેમ જેમ સહજ પ્રાપ્ત ઈન્દ્રિયોના વિષયોથી રુચિ હઠતી જાય છે–ઘટતી જાય છે, તેમ તેમ શુદ્ધ આત્મસ્વરૂપ સ્વાનુભવમાં આવતું જાય છે–સ્વસંવેદનનો વિષય બનતો જાય છે.'** છે ને? '**तथा तथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम्।।**' સ્વસંવેદન વધતું જાય છે. આહાહા..! આત્મા તરફના વલણમાં નથી જરૂર વિકલ્પની, નથી જરૂર મનુષ્યપણાની, નથી જરૂર ગુરુદેવની. એમ કહે છે. આહાહા..! જેમ જેમ એ બહારથી હઠતો જાય છે, તેમ તેમ અંદરમાં ઠરતો જાય છે.

મુમુક્ષુ :- ચારિત્રની અપેક્ષાની વાત આવી.

ઉત્તર :- દર્શનની અપેક્ષાએ આ વાત છે. દર્શન અને જ્ઞાન, ચારિત્ર એ બધું અંતરમાંથી, અંતરના આશ્રયે એટલે કે અંતરના વલણથી થાય છે એમ. બહાર વલણથી થાતું નથી. આહાહા..! ઝીણું ઘણું ભાઈ!

**'સ્વસંવેદનનો વિષય બનતો જાય છે.'** એમ કહે છે જુઓને. પોતે પોતાના જ્ઞાનની પર્યાયમાં સ્વને વિષય કરતું સ્વસંવેદન ઊભું થાય છે. પરની અપેક્ષા છોડે છે ત્યારે. એમ. આહાહા..! આવો માર્ગ ભાઈ! જેમ જેમ પર તરફના વલણનો ભાવ છોડે છે. તેમ તેમ સ્વ તરફના વલણના ભાવમાં વેદનમાં વધી જાય છે. આહાહા..! આ એકલા ચારિત્રની અપેક્ષાની વાત નથી હોં. શ્રદ્ધાની અપેક્ષાએ પણ આ છે.

પર તરફના વલણમાં શ્રદ્ધા એમ માને છે કે ત્યાં દુઃખ છે. જાણે છે જ્ઞાન એની સાથે. પણ એવું લીધું છે ને? સર્વવિશુદ્ધમાં શ્રદ્ધા સાથે જ્ઞાન લીધું છે. જેમ એ ભગવાન આત્મા અનાકુળ અણીન્દ્રિય વસ્તુ, તેમાં ઝુકતો જાય છે તેમ સ્વસંવેદન સ્વને આશ્રયે વધતું જાય છે. આશ્રયનો અર્થ એટલો કે તે તરફ વળે છે. એ પર્યાયને કાંઈ ખબર (પ્રત્યક્ષ જ્ઞાન) નથી કે આ દ્રવ્ય છે. બસ એ બાજુ ઢળ્યો એટલે આશ્રય લીધો એમ કહેવાય છે. અને પાછી પર્યાય પણ દ્રવ્યમાંથી આવે છે ને? કાંઈ અદ્ધરથી તો આવતી નથી. વ્યવહાર જ્યારે લઈએ તો દ્રવ્યમાંથી. ભેદ પડીને આવે છે. આહાહા..! એકલું અભેદ દ્રવ્ય જે છે એનાથી જો આવે તો એક જ પ્રકારની પર્યાય સરખી આવવી જોઈએ. પણ એ

ભેદ એટલે આમ દ્રવ્યનો ભેદ અંદર યોગ્યતા જે શક્તિ છે એ શક્તિ બહાર આવે છે, એ અપેક્ષાએ દ્રવ્યમાંથી આવે એમ કહેવાય છે. સમજાણું કાંઈ? છતાં એ પર્યાય પર્યાયથી થઈ છે, જેને દ્રવ્યના પણ આશ્રયની જરૂર નથી. આહાહા..!

૧૦૧માં એમ મૂક્યું ને આલંબન. ૧૦૧ પ્રવચનસારમાં એમ મૂક્યું છે આલંબન નથી. પર્યાયને દ્રવ્યનું આલંબન નથી. ઉત્પાદ થતો ભાવ ઉત્પાદને આશ્રયે છે. એમ લખ્યું છે. ૧૦૧. ઉત્પાદ થતો ભાવ ઉત્પાદને આશ્રયે છે. આહાહા..! શું વીતરાગનું તત્ત્વ! એ વસ્તુનું સ્વરૂપ એવું છે, એવું વાણીમાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં તો નિમિત્તથી કાંઈ થાતું નથી એવું આવ્યું ત્યાં તો. આ બધી તકરારું વાંધા એ.

---

**यत्र च चित्तं विलीयते तद्ध्येयं भिन्नमभिन्नं च भवति, तत्र भिन्नात्मनि ध्येये फलमुपदर्शयन्नाह–**

**भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशः।**
**वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति तादृशी।।९७।।**

**ભિન્ન પરમાત્મા સેવીને, તત્સમ પરમ થવાય;**
**ભિન્ન દીપને સેવીને, બત્તી દીપક થાય. ૯૭.**

**टीका :– भिन्नात्मानमाराधकात् पृथग्भूतमात्मानमर्हत्सिद्धरूपं उपास्याराध्य आत्मा आराधकः पुरुषः परः परमात्मा भवति तादृशोऽर्हत्सिद्धस्वरूपसदृशः। अत्रैवार्थे दृष्टान्तमाह वर्तिरित्यादि। दीपाद्भिन्ना वर्तिर्यथा दीपमुपास्य प्राप्य तादृशी भवति दीपरूपा भवति।।९७।।**

---

**જેમાં ચિત્ત લીન થાય છે, તે ધ્યેય ભિન્ન તથા અભિન્ન (એમ બે પ્રકારે) હોય છે; ત્યાં ભિન્નાત્મરૂપ ધ્યેયનું ફળ દર્શાવી કહે છે :–**

શ્લોક – ૯૭

**અન્વયાર્થ :– (आत्मा) આત્મા (भिन्नात्मानं) પોતાનાથી ભિન્ન આત્માની (उपास्य) ઉપાસના કરીને (तादृशः) તેના સમાન (परः भवति) પરમાત્મા થાય છે. (यथा) જેમ (भिन्ना वर्तिः) દીપકથી ભિન્ન બત્તી (વાટ) (दीपं उपास्य) દીપકની ઉપાસના કરીને (તેને પામીને) (तादृशी) તેના જેવી–દીપકસ્વરૂપ (भवति) થઈ જાય છે તેમ.**

**ટીકા :– ભિન્ન આત્માની એટલે આરાધકથી પૃથક્ભૂત અર્હત્ સિદ્ધરૂપ આત્માની ઉપાસના કરી–આરાધના કરી, આત્મા એટલે આરાધક પુરુષ, તેવો એટલે અર્હત્–સિદ્ધસ્વરૂપ સમાન, પર એટલે પરમાત્મા થાય છે. અહીં તે જ અર્થનું દૃષ્ટાંત કહે છે–વાટ ઈત્યાદિ–જેમ દીપથી ભિન્ન વાટ (દીવેટ) દીપને ઉપાસી એટલે પામી તાદશ (તેના જેવી) થાય છે–અર્થાત્ દીપરૂપ થાય છે તેમ.**

**ભાવાર્થ :–** જેમ વાટ દીપકની ઉપાસના કરી (દીપકનો ગાઢ નજીક સંબંધ સાધી) તદ્રૂપ

**(દીપકરૂપ) થઈ જાય છે, તેમ આ આત્મા પોતાનાથી ભિન્ન આત્માની (અર્હન્ત-સિદ્ધરૂપ પરમાત્માની) ઉપાસના કરીને સ્વયં તેમના સમાન પરમાત્મા થઈ જાય છે.**

**વિશેષ**

**અર્હંતાદિ ભિન્ન સાધ્યની ઉપાસના દ્વારા અર્થાત્ તેમના દ્રવ્ય-ગુણ-પર્યાયના સત્ય જ્ઞાન દ્વારા જો જીવ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સમ્યક્પણે જાણે અને તેની પ્રતીતિ કરે તથા ત્યારબાદ અર્હંતાદિ પર તરફનું પણ વલણ હઠાવી સ્વસન્મુખ થઈ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક પોતાના ચૈતન્યસ્વરૂપમાં સ્થિરતા કરે તો તેનો મોહ નાશ પામે છે અને તે પરમાત્મા થાય છે.૧**

**આત્મસ્વરૂપમાં સ્થિરતા તે નિશ્ચય ઉપાસના અર્થાત્ અભિન્ન સાધ્યની ઉપાસના છે અને અર્હંતાદિ ભિન્ન સાધ્યની ઉપાસના તે વ્યવહાર ઉપાસના છે.**

**સાધક દશામાં સમ્યગ્દષ્ટિ જીવને અસ્થિરતાના કારણે ભગવાનની પૂજા-ભક્તિ આદિરૂપ પુણ્યબંધની સંપ્રાપ્તિના હેતુભૂત શુભ રાગ ભૂમિકાનુસાર આવે છે, પણ તે તેને આત્મહિત માટે ભલો માનતો નથી. તે રાગને રાગ સમાન ગણે છે, તેથી તેને તે હેયબુદ્ધિએ વર્તે છે- અર્થાત્ તેને રાગનો રાગ નથી-તેનું તેને સ્વામીત્વ નથી. તેનો આ શુભ રાગ સવારની લાલ સંધ્યા જેવો છે. જેમ સવારની લાલ સંધ્યાનો અભાવ થતાં તુરત જ સૂર્યના તેજસ્વી પ્રકાશનો આવિર્ભાવ થાય છે, તેમ સમ્યગ્દષ્ટિના હેયબુદ્ધિએ વર્તતા શુભ રાગનો અભાવ થતાં-તેનો અતિક્રમ થતાં આત્માના નિર્મળ પ્રચંડ પ્રકાશનો આવિર્ભાવ થાય છે. રાગરૂપ સવિકલ્પ દસાનો (વ્યવહારનો) અભાવ થતાં વીતરાગરૂપ નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે. આ દશામાં જીવને વચનાતીત અપૂર્વ આનંદનો અનુભવ થાય છે. એ રીતે સમ્યગ્દષ્ટિના ભિન્નાત્માની ઉપાસનારૂપ શુભ રાગનો અભાવ તે મોક્ષનું-પરમાત્મપદનું સાક્ષાત્ કારણ છે. ૯૭.**

## શ્લોક-૯૭ ઉપર પ્રવચન

એ હવે દાખલો આપે છે. વ્યવહારનો દાખલો આપશે પહેલો. '**જેમાં ચિત્ત લીન થાય છે, તે ધ્યેય ભિન્ન તથા અભિન્ન (એમ બે પ્રકારે) હોય છે;...**' ભગવાન તીર્થંકર સર્વજ્ઞ પરમાત્મા એ ધ્યેયમાં લે એ પરવસ્તુ છે અને સ્વધ્યેયમાં લે એ સ્વવસ્તુ છે. '**જેમાં ચિત્ત લીન થાય છે, તે ધ્યેય ભિન્ન તથા અભિન્ન (એમ બે પ્રકારે) હોય છે; ત્યાં ભિન્નાત્મરૂપ ધ્યેયનું ફળ દર્શાવી કહે છે :-**' શું કહે છે? આત્માથી ભિન્ન ભગવાન, એના ધ્યેયનું ફળ દર્શાવી કહે છે.

૧. જુઓ - શ્રી પ્રવચનસાર ગાથા-૮૦.

**भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशः।**
**वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति तादृशी।।९७।।**
**ભિન્ન પરમાત્મા સેવીને, તત્સમ પરમ થવાય;**
**ભિન્ન દીપને સેવીને, બત્તી દીપક થાય. ૯૭.**

જ્ઞાનપ્રધાન કથન છે ને? દીવો દીવાને અડાડે તો દીવો થાય.

‘**ટીકા :- ભિન્ન આત્માની એટલે આરાધકથી પૃથક્ભૂત અર્હત્...**’ ભિન્ન આત્માની વ્યાખ્યા કરી. આરાધક જે પોતે જીવ એનાથી ‘**પૃથક્ભૂત અર્હત્ સિદ્ધરૂપ આત્માની ઉપાસના કરી-આરાધના કરી,...**’ આહાહા..! એનું લક્ષ હોય છે પહેલું. એટલું. પછી લક્ષ ફેરવી નાખે છે. ‘**जो जाणदि अरहंतं**’નું આવ્યું ને? પણ ત્યાં નિમિત્તથી કથન છે. ત્યાં અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય મનથી કળી લે એમ શબ્દ છે. મનથી એટલે વિકલ્પથી કળે છે. પછી એ પર્યાયને અંતરમાં સમાવે છે સંક્ષેપ કરીને. અને એના પછી આવું જ કરશે અને આવું જ થશે. એને ત્યાં લીધો છે. એમ છે. એને ત્યાં લીધો છે. શું કીધું એ સમજાણું? ફરીને.

અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણનારો, એને મનથી કળી લે પછી તે પોતામાં સમાય છે. પર્યાયને સંક્ષેપે છે ગુણમાં. વાસનાનો અંતર જઈને નાશ કરી નાખે છે. એ એને જાણ્યું માટે કરે છે એમ નહિ. એ તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? આહાહા..! એમ અહીં પણ એ કથન છે.

‘**ભિન્ન આત્માની એટલે આરાધકથી પૃથક્ભૂત...**’ આરાધનારો ભગવાન આત્મા, એનાથી જુદા અરિહંત અને સિદ્ધ. ‘**સિદ્ધરૂપ આત્માની ઉપાસના કરી-આરાધના કરી,...**’ જુઓ! છઠ્ઠી ગાથામાં તો એમ કહ્યું કે પરનું લક્ષ છોડી અને દ્રવ્યની સેવા કરનાર, આ વસ્તુ છે તેના તરફ ઝુકીને જે શુદ્ધતા પ્રગટ થઈ એને એ શુદ્ધ છે એમ માલુમ પડ્યું. આહાહા..! ઉપાસના શબ્દ છે ને ત્યાં પણ? દ્રવ્યની ઉપાસના. ભગવાનની નહિ. અહીં તો ભગવાનની લે છે. નિમિત્તથી કથન છે ને. ભેદની વાતની. આહાહા..!

‘**આરાધના કરી,...**’ અરિહંત અને સિદ્ધની. એના આત્માની આરાધના કરી. ‘**આત્મા એટલે આરાધક પુરુષ, તેવો એટલે અર્હત્-સિદ્ધસ્વરૂપ સમાન,...**’ અરિહંત ને સિદ્ધ સમાન, ‘**પર એટલે પરમાત્મા થાય છે.**’ આહાહા..! ફક્ત એ લક્ષ થયું હતું, પછી અંદરમાં વાળ્યું છે, એથી એણે પરથી પરનો આરાધક થઈને થાય છે એમ કહેવામાં આવે છે. આવી વાત છે. સમજાણું કાંઈ? આ દાખલો આપે છે ઘણા. આ ગાથાનો. જુઓ, પરમાત્માના ધ્યાનથી પણ આત્મા પરમાત્મા થાય છે. તમે કહો પરમાત્મા પરદ્રવ્ય છે તેના લક્ષે રાગ થાય છે. બાપુ! અપેક્ષા સમજ ભાઈ! જ્ઞાનમાં એને અરિહંતના સિદ્ધના ગુણોનો ખ્યાલ આવ્યો એ ખ્યાલ એવો જ હું છું અંદરમાં એવી જેની દૃષ્ટિ થઈ એને પરથી આરાધક થઈને પર આત્મા થાય છે એમ કહેવામાં આવે છે. એય..! ધીરૂભાઈ! ભારે માર્ગ બાપા! આહાહા..! એક ન્યાય ફરતાં આખું ચક્ર ફરી જાય છે. આહાહા..! એવી વસ્તુ છે.

‘**તેવો એટલે અર્હત્-સિદ્ધસ્વરૂપ સમાન, પર એટલે પરમાત્મા થાય છે. અહીં તે જ**

**અર્થનું દૃષ્ટાંત કહે છે – વાટ ઈત્યાદિ–જેમ દીપથી ભિન્ન વાટ (દીવેટ) દીપને ઉપાસી...'** આહાહા..! વાટ છે ને વાટ દિવાની? એ દીપથી ભિન્ન વાટ છે. એ '**(દીવેટ) દીપને ઉપાસી...'** અડીને. દીવો બળે છે એમાં વાટ આમ અડાડે છે. દીવે દીવો થાય. શ્રીમદ્‌માં બહુ આવે છે. એ ત્યાં તો એ અર્થ કે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર નિમિત્તમાં ન હોય. એના લક્ષમાં ગુરુ, દેવ.. અરિહંત અને સિદ્ધ લક્ષમાં આવ્યા છે પહેલા. એમ કહે છે. કુદેવ-કુગુર-કુશાસ્ત્ર લક્ષમાં આવીને અહીં કામ થાય એમ નથી. ફક્ત લક્ષમાં પહેલા પરમાત્મા અરિહંત અને સિદ્ધ, એનું કેવળજ્ઞાન, એક સમયની પર્યાય આવડી મોટી, જે ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણે, એવું જ્યાં લક્ષ એને જ્ઞાનની પર્યાયની પૂર્ણતાની સત્તા જગતમાં છે. આહાહા..! એ સત્તાનો સ્વીકાર થઈ અને વસ્તુના સ્વભાવના સ્વીકારમાં જાય છે ત્યારે એ પરમાત્મા થાય છે. સમજાણું કાંઈ?

એ બત્તીમાં અગ્નિ થઈ એ તો ખરેખર પોતાથી થઈ છે. દીવાને અડીને થઈ નથી. પણ એનું નિમિત્તપણું હતું એને ગણીને ઉપાદાનમાં તેવો પ્રકાશ થયો એમ કહેવામાં આવ્યું. આહાહા..! આ નિમિત્તના માનનારને આમાંથી ઘણું નીકળે છે. એમ નથી. ફક્ત એને અરિહંત સર્વજ્ઞ આવા છે... એક સમયમાં પણ જેની પર્યાયની ઘણી અંદર સૂક્ષ્મતા થાય ત્યારે આવડી પર્યાયની સત્તા વ્યવહારે એના લક્ષમાં આવે. સમજાણું? શું કહ્યું એ?

અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞની પર્યાયની સત્તા... એક ગુણની એક પર્યાય એનું આટલું સામર્થ્ય (કે) ત્રણ કાળ ત્રણ લોકને જાણે! એને જ્યારે જ્ઞાનના લક્ષમાં એ વાતને જ્યાં લે છે કે આવી મોટપ જે જ્ઞાનની પર્યાયની, એ જેની પર્યાયમાં આવે છે લક્ષથી, ત્યારે એ પર્યાય દ્રવ્ય ઉપર ઢળી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! પરપર્યાયનો સ્વીકાર પોતાના પર્યાયના લક્ષે પણ ન થાય. પરનો યથાર્થ સ્વીકાર તો ત્યારે કહેવાય કે સ્વસ્વરૂપમાંથી જ્ઞાન આવ્યું ત્યારે એ પરપ્રકાશકનું જ્ઞાન એને સ્વરૂપગ્રાહીને થયું. આહાહા..! સમજાણું કાંઈ? આ ઓલા કહે તમે અર્થ બધા ફેરવો છો. બાપુ! માર્ગ આમ છે, ભાઈ! તારા હિતને માટેનો માર્ગ છે આ. દુઃખી થઈને રઝળે છો. આહાહા..!

વેપારીને પણ એવા કષ્ટ આવી પડે ને. ક્યાંય (ઉકેલ) નજરે ન પડે, મરી જાય પછી, ઝેર પીવે. ક્યાંય સૂઝ પડતી ન હોય ને. હીરો ચૂસે અને મરી જાય. આહાહા..! શ્રેણિક રાજા જેવા સમકિતી, ક્ષાયિક સમકિતી. અને તીર્થંકરગોત્ર સમયે સમયે બાંધે છે. એ વખતે જ્યારે.. છે આ તીર્થંકરગોત્ર બંધાય છે. આહાહા..! વિકલ્પ એવો આવ્યો કે તેમ થયું. પણ એ આપઘાત કર્યો નથી. આત્માનો ઘાત ત્યાં થયો નથી. સમજાણું કાંઈ? તે કાળે પણ ક્ષાયિક સમકિત છે તે સમકિત, સમકિતનું કાર્ય કરે કે નહિ? એ પૂર્ણાનંદના નાથને સ્વીકારીને શ્રદ્ધા પડી છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે અટપટો માર્ગ લાગે દુનિયાને. છતાં એ આપઘાત નહિ. ફક્ત ચારિત્રનો દોષ છે ચારિત્રનો, તે પણ તેના જાણવામાં છે. જાણ્યા બહાર એ વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

હજારો રાજા જેને ચામર ઢાળતા અને જેને તીર્થંકર પદ બંધાઈ ગયું અને સમ્યગ્દર્શન છે ત્યાં એ વિકલ્પ હોય. હમણાં કોક કહેતું હતું કે આ તો તીર્થંકરગોત્ર બાંધે, આવું કરે. તીર્થંકરગોત્ર નહિ? શું

કહેતું હતું કોક? આહાહા..! ભાઈ કહેતા હતા ઉજ્જૈનવાળા. તીર્થની રક્ષા કરે તીર્થંકરગોત્ર બાંધે નહિ? મક્ષીમાં તકરાર ઉઠી છે ને પાછી બેયની? દિગંબરની અને શ્વેતાંબરની. એમના બાપ ત્યાં મંત્રી છે ને. ફુલચંદજી ઝાંઝરી. અને ત્યાં પાછા શ્વેતાંબરની તકરાર, મોટી ધર્મશાળા બનાવી છે ને તોફાન-તોફાન. કેમ એમ કરે? કે તીર્થની રક્ષા કરે તીર્થંકરગોત્ર બંધાય. એય..! અરે, પણ મિથ્યાદષ્ટિને તીર્થની રક્ષાનો ભાવ આવે જ નહિ સાચો. એ તો કૃત્રિમ બધી વાત છે. આહાહા..! જેને અંતર સમ્યક્ ચૈતન્યની મૂર્તિનો પ્રકાશ આવ્યો નથી, એને એ વિકલ્પ તીર્થંકરગોત્રનો એને હોઈ શકે નહિ. આહાહા..! આ તો મિથ્યાદષ્ટિપણે તીર્થની રક્ષા કરે તીર્થંકરગોત્ર બાંધે. એય..! પંડિતજી! અરે.. ભાઈ! એ વસ્તુ એમ ન હોય. આહાહા..!

જેને દ્રવ્ય—વસ્તુ જ દૃષ્ટિમાં આવી નથી. દ્રવ્ય આવું છે એવું ભાસ્યું જ નથી. એને તીર્થંકરગોત્રનો વિકલ્પ હોઈ શકે જ નહિ. આહાહા..! છતાં એ તીર્થંકરગોત્રનો વિકલ્પ પણ છે તો નુકસાનનું કારણ. આહાહા..! નિહાલભાઈએ લખ્યું છેને, તીર્થંકરગોત્ર બાંધવાનો જે ભાવ એ નપુંસક ગણીએ છીએ. ગુરુદેવે એમ કહ્યું છે. એમ કરીને લખ્યું છે. આહાહા..! રાગ છે ને. રાગ છે એટલી નપુંસકતા છે. આહાહા..! વીર્ય તો સ્વરૂપની રચના કરે. વીર્ય એને કહીએ, આહાહા..! શુદ્ધ સ્વરૂપની રચના કરે એને વીર્ય કહીએ. એમાં આવ્યું છે ને? ૪૭ શક્તિમાં. વીર્ય કોને કહીએ? આત્માનું વીર્યબળ કોને કહીએ કે એ આત્માના સ્વરૂપની શુદ્ધતાની રચના કરે. રાગની રચના કરે એ સ્વરૂપનું વીર્ય નહિ. આહાહા..! કાયરના તો કાળજા કંપી જાય એવી વાતું છે. આહાહા..! આત્માર્થીને આ વાત બેસે એવી છે. આહાહા..! એમાં વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી.

કહે છે '**અહીં તે જ અર્થનું દૃષ્ટાંત કહે છે–વાટ ઈત્યાદિ–જેમ દીપથી ભિન્ન...**' દીવાથી જુદી છે ને વાટ બીજાની? '**(દીવેટ) દીપને ઉપાસી...**' એ દીવાની સેવા કરીને. એટલે પામીને એમ. દીવાની ઓલાને પ્રકાશને પામીને. '**તાદશ થાય છે...**' તેના જેવો દીવો થઈ જાય છે આમ. '**અર્થાત્ દીપરૂપ થાય છે તેમ.**' દીવાને વાટ અડતાં વાટ દીવારૂપે થઈ જાય છે. એમ ભગવાનના-અરિહંતના, સિદ્ધના જ્ઞાનને લક્ષમાં લઈને સ્વતરફ ઢળે છે એ પરમાત્મા થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**જેમ વાટ દીપકની ઉપાસના કરી (દીપકનો ગાઢ નજીગ સંબંધ સાધી)...**' એમ. '**તદ્રૂપ (દીપકરૂપ) થઈ જાય છે,...**' વાટ દીવારૂપે થઈ જાય છે. એ તો ભાવભાવક નથી લીધું? આપણે ત્યાં લીધું છે. ભગવાન પોતે ભાવક છે અને એ ભાવ્ય છે એ વાત પણ જ્યાં છૂટી જાય છે. ભાવ નમસ્કાર. સમયસારમાં આવ્યું છે પહેલું ભાવનમસ્કાર. '**આત્મા પોતાનાથી ભિન્ન આત્માની (અર્હંત-સિદ્ધરૂપ પરમાત્માની) ઉપાસના કરીને સ્વયં તેમના સમાન પરમાત્મા થઈ જાય છે.**' વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ ૧૩, મંગળવાર તા. ૫-૦૮-૧૯૭૫**
**શ્લોક - ૯૭-૯૮,**
**પ્રવચન - ૧૧૧**

૯૭ ગાથા. સમાધિતંત્ર. એનું વિશેષ. '**અર્હંતાદિ...**' અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય વગેરે સંતો. '**ભિન્ન સાધ્યની ઉપાસના દ્વારા...**' એ ભિન્ન સાધ્ય છે. છતાં પહેલી ગાથામાં કહ્યું ને? '**वंदित्तु सव्व सिद्धे**' સિદ્ધ છે એ આત્માને સાધ્યને સ્થાને છે. એમ આવે છે. સાધ્ય. આત્માનું સાધ્ય સિદ્ધપદ છે. ધ્યેય અને આશ્રય કોણ એ જુદી વાત છે. આશ્રય, અવલંબન, ઝુકાવ દ્રવ્યસ્વભાવ ઉપર છે પર્યાયનો. પણ પર્યાયને સાધ્ય જે સિદ્ધપણું પ્રગટ કરવું છે. તેથી સિદ્ધ છે એ આત્માના સાધ્યને સ્થાને છે. એ અપેક્ષાથી અહીંયાં વાત લીધી છે. નહિતર તો આમ કહ્યું ને પહેલું? એ તો પરદ્રવ્ય છે અને પરદ્રવ્યથી તો દુર્ગતિ થાય એમ કીધું છે. કેમકે પરદ્રવ્ય ઉપરથી... સ્વદ્રવ્યમાંથી આનંદમાંથી છૂટે છે ત્યારે તે પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે. આહાહા..! તેથી તે વિકલ્પ તો આત્માની ચૈતન્યની જાત નથી. એ વાતની અપેક્ષા બરાબર છે. પણ અહીં એ વાત જે લીધી છે કે સિદ્ધ જેવું મારું સ્વરૂપ છે એમ સિદ્ધને સાધ્યમાં લક્ષમાં લઈ. એ કહે છે જુઓ. એણે ખુલાસો પોતે કર્યો છે.

'**તેમના દ્રવ્ય-ગુણ-પર્યાયના સત્ય જ્ઞાન દ્વારા...**' ૮૦મી ગાથાનો અર્થ કર્યો છે. પ્રવચનસારની ૮૦ છે ને પહેલી? માર્ગ એવો છે ઝીણો કે એ માર્ગ એને સમજવો પહેલો, પછી એને અંતરનો આશ્રય કરે ત્યારે કલ્યાણ થાય એવું છે. લાખ વાતની વાત અને અનંતવારની વાત. એ અરિહંત ને સિદ્ધને લક્ષમાં લે ભલે. પણ પછી લક્ષ ફેરવી નાખીને... સમજાણું કાંઈ? પાઠ તો એમ છે અહીં તો. '**वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति**' દીપકની વાટ બીજા દીવાની ઉપાસના કરે છે એમ છે. પાઠ શબ્દ તો એવો છે. એ નિમિત્તથી કથન છે. ઉપાદાનમાં તેને—બત્તીને બળવાની યોગ્યતા હતી, એમાં દીવાનું નિમિત્ત થયું બસ. આવું છે. એમ ભગવાન આત્મામાં સિદ્ધ થવાની સાધ્યમાં દૃષ્ટિ હતી, પણ તે આત્મા ઉપર લક્ષ ફેર કરીને... એ કહ્યું.

'**તેમના દ્રવ્ય-ગુણ-પર્યાયના સત્ય જ્ઞાન દ્વારા...**' સાચું જ્ઞાન થતાં '**જો જીવ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સમ્યક્‌પણે જાણે...**' જ્ઞાનની પ્રધાનતાથી વાત છે ને? દ્રવ્ય-ગુણ ને પર્યાયને જાણવું એ કાંઈ વિકલ્પનું કારણ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયને ભેદથી વિચારવું એ વિકલ્પ છે. શું કહ્યું સમજાણું? આહાહા..! પરદ્રવ્ય જે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણતા—એ પણ મનથી કહ્યું છે એટલે વિકલ્પ છે એ. અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા એ ભેદ પાડીને જાણવા છે તે

વિકલ્પ છે. પણ એ જ્ઞાન જાણે, જ્ઞાનનો સ્વભાવ તો બધું જાણવાનો છે. એ જ્ઞાન જાણે દ્રવ્ય-ગુણ-પર્યાયને—ત્રણને જાણે. સમજાણું કાંઈ? આહાહા..! એવી વાત છે જરી.

એ તો રાગી છે એથી એવા ભેદને જાણતા એને રાગ થાય, પણ એ તો રાગ છે એ એને કારણે રાગ, પણ જ્ઞાનનો દોષ નથી એ. જ્ઞાન તો દ્રવ્ય-ગુણ-પર્યાયને.. આહાહા..! જાણે, પરને જાણે... જ્યાં સુધી તો સ્વસ્વરૂપની દૃષ્ટિ નથી ત્યાં સુધી પરને જાણે એકલા ત્યાં સુધી તો એને વિકલ્પ હોય છે. ઓલામાં આવ્યું છે ને મોક્ષમાર્ગ પ્રકાશકમાં? કોઈ મુનિને ઉપસર્ગ થાય, સિંહનો દેહ કોઈ દીપડાનો. તો એ ધ્યાનમાં હોય તો એને નિર્વિકલ્પ ધ્યાનમાં તો એની ખબર નથી કે આ છે. પણ વિકલ્પ ઉઠે છે ત્યારે ખ્યાલમા ન આવે કે આ ઉપસર્ગ છે. એમ નથી. ખ્યાલમાં આવે એટલું હોં. છે ને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. એ સાતમામાં હશે. સમજાણું કાંઈ? એ તો યાદ આવ્યું અત્યારે. અને ત્યાં તો ત્યાં સુધી કીધું છે. વીતરાગભાવે પરને પણ જાણે તો એ વિકલ્પનું કારણ નથી એમ લખ્યું છે ભાઈ! ત્યાં એમ લખ્યું છે. એ જ્ઞાનની જાણવાની સ્વ-પરની શક્તિના સામર્થ્યથી વાત કરી છે. બસ. આહાહા..! સમજાણું કાંઈ?

જ્ઞાન સ્વને જાણે કે પરને જાણે. એ જાણવું તો એનું સ્વરૂપ છે. પણ એમાં ભેદ ઉઠાવે કે આ આમ છે. એ તો ત્યાં રાગ થઈ જાય. એ અહીંયાં વિકલ્પથી પહેલું અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા. અહીં એ વાત નથી લીધી. અહીં તો એ અરિહંતના ગુણને જ્યાં જાણ્યા, એના તરફની ઉપાસના થઈ એટલે આત્મામાં ઉપાસના થઈ. એમ કીધું છે. સમજાણું કાંઈ? આ તો વાતું બાપા! અંતરના સ્વભાવની વાતું છે. એ કાંઈ બહારના વાદવિવાદે પાર પડે એવું નથી. આમાંથી એ કાઢે છે લોકો. કે જુઓ દેવ-ગુરુ, દેવની શ્રદ્ધા અને દેવના જ્ઞાનથી પણ આત્મજ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- એ પોતાની સન્મુખ થઈને કરે છે.

ઉત્તર :- એ તો પહેલું જ્ઞાન કરે છે, એમાં પોતાનો સ્વભાવ જે ચેતનદ્રવ્ય છે, અભેદ છે ત્યાં વળ્યો છે, એનો આશ્રય કર્યો છે. સમજાણું કાંઈ? એ આશ્રય કર્યો કહો, વળ્યો કહ્યો, ઢળે છે એ બાજુ કહો, બધી એક જ વાત છે. એ શબ્દફેરની વાત છે. શાસ્ત્રમાં તો આશ્રય શબ્દ વાપર્યો છે. અને આમાં આશ્રય છે ઘણે ઠેકાણે ભાઈમાં. નિહાલભાઈમાં. આશ્રય છે. એ તો જરી એમને ઓલો આશ્રય ઓલી પર્યાય સ્વતંત્ર છે ને એટલે જરી વિચાર આવ્યો હતો. એવો ખ્યાલ છે એકદમ. એમ કે પર્યાય સ્વતંત્ર છે એને .. એ પર્યાય સ્વતંત્ર છે એ સ્વતંત્રપણે સ્વનો આશ્રય કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પર્યાય સ્વતંત્રપણે સ્વ તરફ ઝુકે છે. આહાહા..! પરમાત્મસ્વરૂપ પોતે સાક્ષાત્ પ્રભુ પરમાત્મસ્વરૂપે છે. એ તરફ પર્યાય ઝુકે છે. એમ તો એમ પણ કહ્યું છે ને પર્યાય ધ્યાન કરે તે કરો હું કોનું ધ્યાન કરું? એમાં એકાંત નથી, એ વસ્તુસ્થિતિ છે. એ પર્યાય એમ જાણે છે, પર્યાય એમ જાણે છે કે આ ધ્રુવ છે એ ધ્યાન શેનું કરે? એ તો હું જે એના તરફ વળું એ મારું ધ્યાન છે. આવી વાતું. થોડે ફેરે બહુ ફેર પડી જાય એવો છે. આહાહા..!

અહીં તો આ વાત આવી છે ને એટલે જરી ભાઈએ વળી છોટાભાઈએ તો ૮૦ ગાથાનો આધાર લઈને ખુલાસો કર્યો. એ નિહાલભાઈએ લીધું છે. ભાઈ એક બાજુ કહો કે નિમિત્તથી કાંઈ લાભ થાય નહિ અને એક બાજુ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણતા સમ્યગ્દર્શન થાય (એમ આવે). છે ને? એમાં છે. આહાહા..! એમાં અપેક્ષિત વાત છે. સમજાણું કાંઈ? અહીં તો સીધી વાત લીધી છે કે સિદ્ધના અને અરિહંતના ગુણો એની જ્ઞાનની પર્યાયમાં આવે. આહાહા..!

સવારમાં એ કહ્યું હતું ને? અનંત સિદ્ધોને મારી પર્યાયમાં અને તમારી પર્યાયમાં સ્થાપું છું. આહાહા..! શું કહે છે એ? જેની પર્યાયમાં અનંત સિદ્ધ બેઠા એ પર્યાય ઢળી જાય છે દ્રવ્ય ઉપર. સમજાણું? એ પર્યાય ત્યાં રહી શકે એમ નહિ.

મુમુક્ષુ :- બહિર્લક્ષી નથી રહેતી, અંતરલક્ષી થઈ જાય છે.

ઉત્તર :- અંતરલક્ષી થઈ જાય છે. એય..! છોટાભાઈ! અંતર અનંત-અનંત સિદ્ધો ને.. ઓહોહો..! અનંત કેવળજ્ઞાનની પર્યાયવાળા અનંત સિદ્ધો, અનંત આનંદની પર્યાયવાળા અનંત સિદ્ધો, અનંત વીર્યની પર્યાયવાળા અનંત સિદ્ધો, અનંત દર્શનની પર્યાયવાળા સિદ્ધો, અનંત ગુણની પૂર્ણ પર્યાયવાળા અનંતા સિદ્ધો. આહાહા..! એ જ્યાં પર્યાયમાં પધરાવે છે. આહાહા..! એ પર્યાય બહિર્મુખ નહિ રહી શકે. એ પર્યાયનું વજન અનંત સિદ્ધો સ્થાપતા એનું ઢળવું આમ જ થઈ જાય છે. આહાહા..! કેવી શૈલી ઉપાડી છે! પહેલી ગાથાથી ગજબ કરી છે ને વાત. આહાહા..! ટીકા તે પણ ટીકા એના ભાવ! આહાહા..!

પછી સિદ્ધ ગતિ કેવી છે અને એવું વર્ણન કર્યું છે ને પછી ધ્રુવ ને અચળને અવલંબન કર્યું છે. પણ સિદ્ધને.. આહાહા..! એક સમયની જ્ઞાનની પર્યાયમાં અનંત-અનંત-અનંત સિદ્ધ કે જે સિદ્ધની સંખ્યા કરતા કાળ અસંખ્યગુણો છે પાછો. એટલા સિદ્ધ છે. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ થાય ને? તો છ મહિના અને આઠ સમયમાં અસંખ્ય સમય છે. અને સિદ્ધ થાય છે ૬૦૮. આટલા. એટલે એનાથી કાળ અસંખ્યગુણો થઈ ગયો છે. આહાહા..! એવા સિદ્ધો જે ભૂતકાળના સમયથી અસંખ્યમાં ભાગની સંખ્યાવાળા. સમજાણું કાંઈ? અનંત સિદ્ધોને પર્યાયમાં ધારી, એ તો પરદ્રવ્ય છે ને? પણ પરદ્રવ્યની જે શક્તિની પૂર્ણતા એને જે પર્યાયમાં સ્વીકાર પર્યાય કરે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! ગજબ વાતું છે. એ પર્યાય ત્યાં રહી નહિ શકે બાહ્યલક્ષવાળી. એ સહન નહિ કરી શકે અનંત સિદ્ધોને. આહાહા..! અનંતા સિદ્ધોને પર્યાય બહિર્લક્ષમાં સહન નહિ કરી શકે. એય.. કાંતિભાઈ! આહાહા..!

જ્યાં અનંતી અનંતી સિદ્ધની પર્યાયનો પિંડ પડ્યો છે આખો, ત્યાં એ પર્યાય ઢળી જશે. આહાહા..! એવા ઢળનથી હવે તું સાંભળ કહે છે. આહાહા..! એકલું સાંભળવામાં તો વિકલ્પ છે. આહાહા..! છદ્મસ્થને કહેનારને વિકલ્પ છે, સાંભળનારને વિકલ્પ છે. કેવળીને કહેવામાં વિકલ્પ નથી અને સાંભળનારને વિકલ્પ છે. છતાં એ આ રીતે અમે જ્યારે તને સમયસાર કહીએ છીએ, ઉદ્યમ કર્યો છે એમ કહ્યું. જો થઈ જાય તો તો કામ તારું થઈ જશે કહે. આમ પૂરું સમયસાર થઈ

ગયું. વ્યવસાય કર્યો છે એમ કહે. આહાહા..! અને એ રીતે જેણે અનંતા સિદ્ધોને... શ્રોતાને એમ પ્રભુ એમ કહે છે કુંદકુંદાચાર્ય. આહાહા..! ઓહોહો..! ભાઈ! તું પ્રભુ છો ને? પણ કેવડો પ્રભુ! કે અનંતા સિદ્ધોને પર્યાયમાં જાણ, તોપણ તારું જ્ઞાન બાકી રહી જાય છે. સમજાણું કાંઈ? એવા અનંત સિદ્ધની દશા જેણે દશામાં સ્થાપી એ દશા પરલક્ષી નહિ રહી શકે. સમજાણું કાંઈ? આવી વાત છે બાપુ! આહાહા..! સમજાણું કાંઈ?

એમ અહીંયાં એમ લેવું. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય, કે એની પર્યાય એની પૂર્ણ લ્યો સિદ્ધની. એ જેણે જ્ઞાનની પર્યાયમાં લીધી તો એકને કહો કે અનંત સિદ્ધની પર્યાય કહો. આહાહા..! એ જ્ઞાન પર્યાય જાણે એ જ્ઞાન અંતરમાં ઢળી જાય છે. પાઠ તો એમ છે કે એને અડીને જ્ઞાન થાય છે. શબ્દો તો એમ છે ને? દીવાને અડીને દીવો થાય છે. એમ સિદ્ધની પર્યાયને એનું ધ્યાન કરીને આત્મા સિદ્ધ પરમાત્મા થાય છે. કાંતિભાઈ! આહાહા..!

'**તેમના દ્રવ્ય-ગુણ-પર્યાયના સત્ય જ્ઞાન દ્વારા...**' સત્ય જ્ઞાન કીધુંને સાચું? અર્હંતાદિ '**જો જીવ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સમ્યક્પણે જાણે...**' પણ એ જ્યાં એને જ્ઞાનમાં આ ચીજ છે એમ જણાણી. સમજાણું કાંઈ? આહાહા..! ત્યાં જીવ એવો જ લીધો છે ૮૦માં. કે '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं**' એ તો એ આવું લક્ષ છે એનું લક્ષ અહીં જાશે. એવો જ આત્મા લીધો છે ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- એવો જીવ...

ઉત્તર :- એવો જીવ. અને એ જીવનું પૂર્ણપણું પાંચમીમાં કહ્યું. '**जदि दाएज्ज**' ભાઈ! તને સંભળાવું છું. અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીને સંભળાવું છું. એ પાછું '**जदि दाएज्ज**'.. પહેલું તો કીધું '**तं एयत्तविहत्तं दाएहं**' સ્વરૂપની એકતા અને પરથી વિભક્તતા હું દેખાડીશ. એટલી વાત આવી. '**जदि दाएज्ज**' જો દેખાડું. આહાહા..! તને અનંતા સિદ્ધને તો સ્થાપ્યા છે પર્યાયમાં. એટલે લક્ષ પર્યાયમાં ત્યાં રહી શકશે નહિ. આમ ઢળી ગઈ છે. હવે તું એને અનુભવને પ્રમાણ કરજે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું વીતરાગમાર્ગ. આહાહા..! એવી રીતની પદ્ધતિ ક્યાંય નથી. સર્વજ્ઞ સિવાય. આહાહા..!

આ બધામાં જુઓને બુદ્ધ પણ મોક્ષ ગયા ને. ચીમનચકુ. મોટું લખાણ છે. ભગવાને મોક્ષ ગયા. વેદાંત એ સાચું છે. વેદાંત જ સાચું છે. વળી એક લેખ એ આવ્યો છે. અરેરે..! આવા જૈન સંપ્રદાયમાં આવી વાતું બાપા! ધર્મને કલંક લગાડે છે. પોતાના આત્માને કેટલો ભારે..

મુમુક્ષુ :- પોતાના ભાવને કલંક લગાડે છે.

ઉત્તર :- કલંક લગાડે છે બાપુ! આહાહા..! સર્વજ્ઞ કેવળી પરમાત્માનું ક્યાં જ્ઞાન અને બુદ્ધનું ગૃહીત મિથ્યાદષ્ટિનું ક્યાં જ્ઞાન! આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :- એની કહેવા કહેવાની પદ્ધતિમાં ફેર.

ઉત્તર :- પદ્ધતિના ફેરની ખબર નથી એને. આજે આ પુસ્તક એક આવ્યું છે. ઓલા

ચંપકસાગર નહિ ભાઈ ઓલા ચંપકસાગર. જુનાગઢ મળ્યો હતો નહિ? શ્વેતાંબર સાધુ છે. વાંચન અહીંનું છે. પણ છતાં પાછો ખીચડો બધો. આ પુસ્તક આવ્યું છે. સાધુચર્યા બે પુસ્તક આવ્યા. સાધુચર્યા અને જિનપૂજા મહત્ત્વ. આહાહા..!

જ્યાં વસ્ત્ર લેવાનો ભાવ છે. ત્યાં આત્માના ધર્મમાં ઉગ્રતા હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? અને જ્યાં આવા ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા જેની પર્યાયમાં છે, તે પર્યાય દ્રવ્ય તરફ ઢળી શકે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અહીં કહે છે કે અનંતા સિદ્ધોનું જ્ઞાન ને આત્મા અને આ જ્ઞાન આને આમ અડે છે. જેમ ઓલી બત્તી અડે છે ને જ્ઞાનને? અને બીજી દીવાને. બત્તી એક દીવાની બત્તી બીજા દીવાને અડે અને ભડકો થાય. એમ અડેનો અર્થ એ. આહાહા..! એના નિમિત્તના લક્ષમાં આ સિદ્ધ આવા છે એવું જ્ઞાન આવ્યું. એ પોતાથી આવ્યું છે. એ પોતાથી પર્યાયમાં આવ્યું. એ પર્યાયને હવે અંતર ઢાળે છે. સમજાણું કાંઈ? ત્યારે એને સમ્યગ્જ્ઞાન થાય છે. એકલા સિદ્ધના લક્ષે સમ્યગ્જ્ઞાન થતું નથી. આહાહા..!

'**જીવ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સમ્યક્‌પણે જાણે...**' ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણીને. '**અને તેની પ્રતીતિ કરે...**' જાણે અને પ્રતીતિ કરે. એમ લીધું છે ને? અહીં જ્ઞાનની પ્રધાનતાથી વાત છે. '**તથા ત્યારબાદ અર્હંતાદિ પર તરફનું પણ વલણ હઠાવી...**' આહાહા..! એવો જીવ અહીં લીધો છે. સમજાણું કાંઈ? અને જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે કે સ્વદ્રવ્યને જાણે અને પરદ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે. જાણવામાં શું છે? સમજાણું? પંચાધ્યાયીમાં લીધો છે એક શ્લોક.

હે મહાપ્રાજ્ઞ! તું જાણ બધાને—દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને. એ તો જ્ઞાનનો સ્વભાવ છે. મહાપ્રાજ્ઞની છે એક ગાથા. ૯૦માં છે. ચાલી ગઈ. વીરજીભાઈ સાથે. વીરજીભાઈ છે ને? વીરજીભાઈ હતા ને? વકીલ-વકીલ. જામનગર. ૯૦ની ચર્ચામાં. એને કહે છે કે જુઓ કીધું આ મહાપ્રાજ્ઞ કહીને કે જ્ઞાનનો સ્વભાવ છે કે બધાને જાણવું, એ જાણવા માટે કાંઈ વિકલ્પ થઈ જાય એવો સ્વભાવ નથી એનો. સમજાણું? હે મહાપ્રાજ્ઞ! એમ કરીને લીધું છે ત્યાં. પંચાધ્યાયીમાં. જાણ ને. જાણવામાં શું? જાણવાનો તારો સ્વભાવ છે. લોકાલોક અને તને જાણવાનો તારો સ્વભાવ છે. આહાહા..! એ અહીં કહે છે.

જ્યારે પરને સિદ્ધ ભગવાનને જાણ્યા, એટલે જરી આને ૮૦મી ગાથાની શૈલી લીધી અહીં. પાઠ આવો છે. અહીં તો પાઠ આવો છે કે સિદ્ધને જાણતા સમ્યગ્જ્ઞાન પોતાને થાય છે. એટલું લીધું છે. આહાહા..! પણ અહીં કહે છે કે તેના '**તરફનું વલણ હઠાવી સ્વસન્મુખ થઈ...**' સ્વસન્મુખ કહો, સ્વદ્રવ્યનો આશ્રય કહો, સ્વસન્મુખ ઢલણ કહો, વલણ કહો, સ્વદ્રવ્ય તરફનો ઝુકાવ કહો, બધું એક અપેક્ષા છે. '**સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક પોતાના ચૈતન્યસ્વરૂપમાં સ્થિરતા કરે છે તો તેનો મોહ નાશ પામે છે...**' એ ૮૦મી ગાથાનો અર્થ કર્યો છે. '**અને તે પરમાત્મા થાય છે.**'

'**આત્મસ્વરૂપમાં સ્થિરતા તે નિશ્ચય ઉપાસના અર્થાત્ અભિન્ન સાધ્યની ઉપાસના છે અને અર્હંતાદિ ભિન્ન સાધ્યની ઉપાસના તે વ્યવહાર ઉપાસના છે.**' નિશ્ચયની ઉપાસનાનું

૯૮માં આવશે. આ ભિન્નની ઉપાસનાની આ ગાથા છે. અને ૯૮માં અભિન્નની ઉપાસનાની ગાથા આવશે. સમજાણું કાંઈ? ઓહોહો..! '**આત્મસ્વરૂપમાં સ્થિરતા તે નિશ્ચય ઉપાસના અર્થાત્ અભિન્ન સાધ્યની ઉપાસના છે...**' અભિન્ન સાધ્ય. ... એ કહે છે જુઓ.

**यत्रैवाहितधीः पुंसः श्रद्धा तत्रैव जायते।**
**यत्रैव जायते श्रद्धा चित्तं तत्रैव लीयते।।९५।।**
**જેમાં મતિની મગ્નતા, તેની જ થાય પ્રતીત;**
**થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન. ૯૫.**

એવા આનંદની ઓળખાણ વિના પોતાની જાતમાં શું ચીજ છે એની ખબર વિના, સ્વરૂપથી.. દીવે દીવો થાય. વાટ દીવાને અડે અને બળે. એનો અર્થ જ એની ઉપાદાનની યોગ્યતાથી ત્યાં અગ્નિ થઈ. એમ સિદ્ધની પર્યાયને જાણી તો એની પોતાની યોગ્યતાને લઈને દ્રવ્ય તરફ ઢળી ગયો છે એ. સમજાણું કાંઈ? વાદવિવાદે કાંઈ પાર ન પડે બાપુ! આ તો સત્યની વાતું છે. આહાહા..! ગણધરો સંતોએ સત્યને પ્રવાહમાં... સત્યનો પ્રવાહ મટ્યો જગતમાં શાસ્ત્રનો. આહાહા..!

'**સાધક દશામાં સમ્યગ્દષ્ટિ જીવને અસ્થિરતાના કારણે ભગવાનની પૂજા-ભક્તિ આદિરૂપ પુણ્યબંધની સંપ્રાપ્તિના હેતુભૂત શુભ રાગ ભૂમિકાનુસાર આવે છે,...**' અહીંથી બધું સાંભળ્યા પછી લખ્યું છે ને. એણે લખ્યું છે મોઢા આગળ. એ અહીં રહેતા ને પહેલા. આવતા રહેતા. એણે લખ્યું છે. ભાઈ! મેં બધું સાંભળ્યું છે મહારાજ પાસે, પછી આ મેં બનાવ્યું છે. આત્મ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની સ્થિરતા અંતર રમણતા એ પર્યાય છે. એ નિશ્ચય ઉપાસના છે. એ અભિન્ન સાધ્યની ઉપાસના છે.

'**સાધક દશામાં સમ્યગ્દષ્ટિ જીવને અસ્થિરતાના કારણે ભગવાનની પૂજા-ભક્તિ આદિરૂપ પુણ્યબંધની સંપ્રાપ્તિના હેતુભૂત શુભરાગ ભૂમિકાનુસાર આવે છે, પણ તે તેને આત્મહિત માટે ભલો માનતો નથી.**' આહાહા..! એ ભલો ક્યાં છે? એ તો અમૃતનો દરિયો પ્રભુ, એમાંથી વિરૂદ્ધ થઈને વિકલ્પ ઉઠ્યો એ તો ઝેરનો ઘડો છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્વસંબંધી કે પરસંબંધી ગમે તે વિકલ્પ ઊઠે, દુઃખરૂપ છે.

'**પણ તે તેને આત્મહિત માટે ભલો માનતો નથી. તે રાગને રોગ સમાન ગણે છે,...**' આહાહા..! '**તેથી તેને તે હેયબુદ્ધિએ વર્તે છે-**' રાગ હોય છે છતાં તે હેયબુદ્ધિએ જાણે છે. '**તેને રાગનો રાગ નથી...**' આહાહા..! રાગનો રાગ નથી. રાગ આવ્યો. એની યોગ્યતાને કારણે. એ સમયની પર્યાયની ઉત્પત્તિનો કાળ છે તે રાગ આવે. પણ એને એ હેયબુદ્ધિએ જાણે. સમજાણું કાંઈ? એનો અર્થ? કે એ પોતે સ્વ તરફ ઢળ્યું છે જ્ઞાન, એથી રાગને ભિન્ન જાણે છે. પર્યાયમાં એ રાગને ભેળવતો નથી. તેથી એને હેય તરીકે જાણે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ હેય છે એમ નથી. પણ આત્મામાં એ રાગને ભેળવતો નથી અને દશા આમ છે, તેથી તેને હેય તરીકે જાણે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે અહીં તો અત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રની

ભક્તિ, પૂજા અને જાત્રા એ ધર્મ થઈ ગયો અત્યારે. અરેરે..! શું થયું પ્રભુના માર્ગનું? ક્યાં રહી ગયો માર્ગ? ભાઈ! પ્રભુનો એટલે તારો. પ્રભુ એ તો કહ્યું, પણ માર્ગ તો આનો છે ને.

ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ છે. વીતરાગમૂર્તિ આત્મા છે. વીતરાગ ચૈતન્ય પ્રતિમા આત્મા છે. આહાહા..! એને આશ્રયે જે દશા થાય તે વીતરાગ થાય, એનું નામ જૈનધર્મ. એનો આશ્રય છૂટીને જેટલો વિકલ્પ ઊઠે. કર્તાકર્મમાં કીધું ને કે હું શુદ્ધ છું, અબદ્ધ છું, નિત્ય છું, એવો પણ એક વિકલ્પ ઊઠે છે (સમયસાર) કર્તાકર્મ (અધિકાર)માં. ૧૪૩ ગાથા. આહાહા..! એ પણ કર્તા થઈને માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એ વિકલ્પ (કે) હું શુદ્ધ છું, અબદ્ધ છું, જાણવા લાયક છું, જાણનારો છું, એવો જે વિકલ્પ ઊઠે છે એનો કર્તા થઈ અને એ કર્મ મારું છે એમ માને તેને ચૈતન્યથી વિરૂદ્ધ માન્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેને રાગનો રાગ નથી–તેનું તેને સ્વામીત્વ નથી.**' કર્તાબુદ્ધિ નથી ને? કર્તવ્યબુદ્ધિ નથી. પરિણમન છે એટલે કર્તા છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો બધે આ આવે ત્યારે વાંધો ઊઠે છે. આ પ્રશ્ન એ છે ને ભાઈ! શેઠીયાની દીકરીને એના દીકરાને. આ આત્મા જ્ઞાની છે એ રાગથી, દોષથી હઠે છે એ આગમપ્રમાણ છે. એમ કહ્યું છે. અને બીજું આગમ પ્રમાણ એવું છે કે આત્મા કર્તા ને ભોક્તા અને દુઃખી છે એવું કોઈ પ્રમાણ છે આત્માનું જ્ઞાનીને માટે? એમ પૂછયું હતું. આહાહા..! ભાઈ! આ અનંતા પ્રમાણ છે. જેટલા અનંતા જ્ઞાની થઈ ગયા એને જ્યાં સુધી રાગ હતો ત્યાં સુધી કર્તા પણ હતો, ભોક્તા પણ હતો અને દુઃખી હતો. સમજાણું કાંઈ?

છઠ્ઠે ગુણસ્થાને મુનિ કીધું ને? '**कल्माषितायां**' અમારી કલુષિતદશા અનાદિની છે, મુનિ છે. ત્રણ કષાયનો જ્યાં અભાવ છે. પણ એ કષાય છે ને? એ કલુષિતતા દુઃખરૂપ અમને અનાદિની છે. અમે આ આત્માના લક્ષે જે ટીકા થાય છે એ ટીકાના કાળમાં અમારું લક્ષ ત્યાં જોરદાર જશે એટલે અશુદ્ધતા ટળી જશે. એને અશુદ્ધતા ખરેખર તો આ ભવમાં ટળી નથી, પણ જેટલો આ બાજુ ઢળે એટલી અશુદ્ધતા ટળી જશે, બાકી રહેશે એ ભવિષ્યમાં ટળશે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સ્વામીત્વ નથી.**' એટલે? સ્વસ્વામી સંબંધ નામનો આત્મામાં ગુણ છે ને? સ્વસ્વામી સંબંધ નામનો આત્મામાં ગુણ છે. તો એ ગુણનું કાર્ય શું? કે શુદ્ધ દ્રવ્ય સત્, ગુણ સત્ અને શુદ્ધ નિર્મળ પર્યાય સત્. તે સ્વનો એ સ્વામી, સ્વ અખંડ પોતામાં એનો એ સ્વામી. રાગનો સ્વામી નહિ. આહાહા..! કારણ કે એમાં કોઈ ગુણ નથી એવો. સમજાણું કાંઈ? આવી વાતું. આહાહા..! આ કહે અમારે કરવું શું? એમ કેટલાક કહે છે. આ તો જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ કરવું. આહાહા..! એય.. સુજાનમલજી! જાણવું એ કરવું નથી? એ પરિણમન પર્યાયનો ધર્મ છે. જાણવાનું કર્મ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? પરિણામમાં કર્તા, કર્મ એવો ધર્મ પડ્યો છે પરિણામમાં. દ્રવ્ય-ગુણ તો એકકોર રાખો. પરિણામમાં કર્તા, કર્મ છ પ્રકારનો ધર્મ પડ્યો છે. એ પરિણામ કરશે. નિર્મળ પરિણામને પરિણામ કરશે. આહાહા..!

અને તે કાળે રાગ થાય તેને તે જે પ્રકારનો રાગ તેટલા જ પ્રકારનું જ્ઞાન તે સમયે ઉત્પન્ન થશે.

આહાહા..! એવું જ એનું પરિણામનું કર્તાકર્મથી પરિણમશે. આહાહા..! અને દ્રવ્યની એને જરૂર નથી, દ્રવ્ય તો પરિણમતું નથી. દ્રવ્યમાં કર્તાગુણ છે, પણ એ તો ધ્રુવ સત્ એકરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પરિણામનો એ ધર્મ છે, કર્તા કર્મ પરિણામ આ ધર્મ છે એનો. આહાહા..! એ નિર્મળ પરિણામ કરી અને તે સ્વ જાણીને તેનો સ્વામી થશે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું બહુ બાપુ! થોડે ફેરે ક્યાં ફેર છે એ પકડવું જગતને કઠણ બહુ. અભ્યાસ નહિ અને અંતરમાં કેમ ઉતરવું? અંતરમાં કેમ ઉતરવું? એના અભ્યાસ વિના આ વાત બહુ કઠણ પડે. સમજાણું કાંઈ? આવી વાત અત્યારે બીજે બધે લોપ થઈ ગઈ છે. આહાહા..! એટલે સાંભળવા મળે નહિ એટલે એને ન્યાયને પકડવાની શક્તિ પણ હોય નહિ એને. આહાહા..! સાંભળવા મળે નહિ એટલે પછી આ... વસ્તુની સ્થિતિ તો આ છે. આહાહા..!

કહે છે, '**તેનો આ શુભ રાગ સવારની લાલ સંધ્યા જેવો છે.**' એ તો વળી જરી નાખ્યું છે. દીપચંદજીનું અનુભવપ્રકાશ એમાંથી નાખ્યું છે. એ રાગ થશે એટલે પાછળ વીતરાગતા આવશે. સવારની સંધ્યા જશે એટલે સૂર્ય જ ઊગશે. સંધ્યા છે એટલે સૂર્ય ઊગશે એમ નહિ. સંધ્યાના ભાવનો અભાવ—સંધ્યા જશે એટલે સૂર્ય ઉગશે. એટલે આ ... જશે એટલે પ્રકાશ થશે. સમજાણું કાંઈ? એ અનુભવપ્રકાશમાં આવે છે. એમ કે સવારની સંધ્યાનો હ્રાસ પાછળ પ્રકાશ, સાંજની સંધ્યાનો હ્રાસ એટલે પાછળ અંધકાર. પછી આનો હ્રાસ. એ રાગ આવે, હોય, જ્ઞાનીને હોય છે. પણ એ અભાવ કરીને પ્રકાશ કરશે. જ્યાં સુધી છે ત્યાં સુધી તો એ દોષરૂપ જ છે. સંધ્યા છે ત્યાં સુધી તો એ પ્રકાશના અભાવરૂપી સંધ્યા છે. એ સંધ્યા અને પ્રકાશનો કાળ એક નથી. એનો અભાવ થતા પ્રકાશ થાય. એમ રાગનો અભાવ, હ્રાસ વખતે પણ રાગ છે, પણ એને અંદર હેયબુદ્ધિએ જણાણો એ હવે લાંબો કાળ નહિ ટકી શકે. આહાહા..! અથવા એ રાગ થઈ ગયો લંગડો.

મીંદડી જેમ કેડ તૂટી જાય પછી ઘસડાતી ચાલે. એમ આ કેડ તોડી નાખી. ભગવાન આત્માના નાથને અંદર ઢંઢોળીને જોયો, જામ્યો, રાગ છૂટી ગયો. લંગડો થઈ ગયો રાગ. સમજાણું કાંઈ? આહાહા..! આવો ઉપદેશ? માણસ કહે, કઈ જાતનો ઉપદેશ? બાપુ! આ તો ચૈતન્યની વાતું છે ભગવાન! આહાહા..! ધીરૂભાઈ! આવું તો સાંભળ્યું પણ નહિ હોય ક્યાંય કોઈ દિ'. શું આ છે કે આ શું કહે છે આ?

વાણી કહે અને એમ એ કહે કે તને જે અમારા તરફના લક્ષથી રાગ થયો, એ રાગ તે તારા આત્મામાં લક્ષની ભૂમિકામાં ઊભો હતો ને ત્યાં થયો છે. પણ એ લક્ષને વધારીને રાગને તોડી નાખે. સમજાણું કાંઈ? લક્ષ્યનો ઉગ્ર આશ્રય કરી એ રાગ નહિ રહે હવે. પણ છે ત્યાં સુધી તો છે. એટલે છે એમાંથી ઘટાડે છે માટે નથી. એમ છે? જ્ઞાની રાગને ઘટાડે એ .. પ્રશ્ન કીધું એનો છે. દીપચંદ શેઠિયાનો ઘણા વર્ષથી પ્રશ્ન છે આ. એમ કે જ્ઞાની રાગને ઘટાડે છે એને રાગ ક્યાંથી? એને રાગને ઘટાડે છે એને દુઃખ ક્યાંથી? પણ ઘટાડે છે એનો અર્થ શું થયો? છે.

એ તો જેટલો સ્વનો આશ્રય વધારે એટલો ઘટે, પણ એ પૂરો આશ્રય કરે તો પૂરો ઘટી જાય.

હવે પૂરો આશ્રય લેવાનો ભાવ આવે સાધક જીવને. કોકને કરોડપૂર્વનું .. હોય, કોઈને... એક, બે, ત્રણ ભવ હોય. આહાહા..! ક્ષાયિક સમકિતને પણ ત્રણ ભવ હોય છે. ઓછામાં ઓછા હોં. કોકને ચાર હોય છે. ત્યારે આયુષ્ય બંધાઈ ગયું હોય મનુષ્યનું, પછી થયા હોય ક્ષાયિકસમકિતી. તો એ જુગલિયામાં જાય. સમજાણું? ક્ષાયિક સમકિત એ સમકિત સિદ્ધમાં રહે. એમ શ્રેણિકને. ક્ષાયિક સમકિત એકલી દઢ પરિણતિમાં પ્રતીતિ એવી થઈ કે અંશમાત્ર મેલ દર્શનમોહનો રહ્યો નહિ. એવી દશા... આહાહા..! ક્ષાયિકને એને આશ્રય તો આત્માનો છે. રાગમાં આશ્રય જરી પરનો છે. પણ એ સ્વને આશ્રયે ટાળશે. સમજાણું કાંઈ? પણ છે ત્યાં સુધી તો વિકલ્પ છે.

શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી. વિકલ્પ ઉઠ્યો, માથું પછાડ્યું. તો એ વિકલ્પ સુખરૂપ હશે? ભલે તે રાગે રાગનું કામ કર્યું, જીવની શ્રદ્ધા-જ્ઞાનમાં શ્રદ્ધાનું કામ ચાલે છે ત્યાં. શ્રદ્ધા જ્ઞાન એ કાંઈ અમથી પડી છે? એનું કામ કરે છે. જોવું, જાણવું. પરનું લક્ષ તો નિમિત્ત છે. આહાહા..! એવા ક્ષાયિક સમકિતીને પણ, અરે અહીં નરકમાં છે જુઓને. તો ત્યાં એને કાંઈ દુઃખ છે જ નહિ? આહાહા..! દુઃખ ન હોય તો સુખ જોઈએ અને ચોર્યાસી હજાર વર્ષ રહેવાના છે. આહાહા..! અને ચોર્યાસી હજાર વર્ષ પછી તીર્થંકર થઈને અહીંયાં અવતરશે. આહાહા..! માતાના પેટમાં છ મહિના પહેલાં તો ઈન્દ્રાણી આવીને સાફ કરશે. એ પણ અત્યારે અંદર આનંદ અને દુઃખ બેયમાં પડ્યા છે. .. ચોર્યાસી હજાર વર્ષ રહેશે સમકિત અને અહીં ક્ષાયિક સમકિત .. હટાવી શક્યા નથી. અને ત્યાંથી હજી કેવળ નહિ પામે ત્યાં સુધી હટાવી શકશે નહિ. ભવિષ્યમાં. આહાહા..! એ જ્ઞાનીને પણ રાગનું દુઃખ અને આનંદનું સુખ બેય એક સમયમાં છે. પણ સ્વામી છે આનંદનો. દુઃખનો સ્વામી નથી. છતાં પરિણમન એની દશામાં છે. પરની સાથે શો સંબંધ છે? પરદ્રવ્ય તો અંદર જુદા પડ્યા છે. આહાહા..!

કહે છે '**શુભ રાગ સવારની લાલ સંધ્યા જેવો છે. જેમ સવારની લાલ સંધ્યાનો અભાવ થતાં તુરત જ સૂર્યના તેજસ્વી પ્રકાશનો આવિર્ભાવ થાય છે,...**' આહાહા..! પ્રકાશ થાય છે. '**તેમ સમ્યગ્દષ્ટિના હેયબુદ્ધિએ વર્તતા શુભ રાગનો અભાવ થતાં-તેનો અતિક્રમ થતાં આત્માના નિર્મળ પ્રચંડ પ્રકાશનો આવિર્ભાવ થાય છે.**' આહાહા..! રાગનો અભાવ થતાં કેવળજ્ઞાનનો પ્રકાશ થાય છે. આજે આ પ્રશ્ન આવ્યો હતો. એક કોક કહેતું હતું. આ ભુવન વિજય છે ને ભુવનવિજય? એ આપણે .. હતા એ કે નહિ? એના શિષ્ય આપણી પાસે આવ્યો હતો એક. .. છોડીને આવ્યો હતો ભુવનવિજય. અહીં રહ્યા. હરિભાઈ આ પાલનપુર. હરિભાઈ સાથે વાત કરી. કે એક સમયનો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણ? લ્યો આ આચાર્ય. આચાર્ય કહે છે ને ભાઈ, નહિ? કહો.

એ ત્યાં ભુવનવિજય હતા. કુંડલે હતા. ત્યાં હતા. એ જ ને? સાવરકુંડલા. એનો સાધુ એક હતો ને. .. મહારાજ! અમે સાધુ બાધુ નથી. કાંઈ ખબર નથી. અને અમારી વૃત્તિ જાય છે બીજે. શું કરવું અમારે? એમ કહતો હતો. ત્યાં કુંડલા હતા ને ત્યાં આવતા અમારી પાસે. પછી એણે તો અહીં છોડી દીધું. સાધુપણું છોડીને અહીં આવ્યો. પાછો દીક્ષા લીધી ને આવ્યો હતો. નહિ? અહીં આવ્યો હતો. આહાહા..! હવે એ એમ કહે છે કે એક સમયનો ઉત્પાદ, વ્યય અને ધ્રુવ થાય છે? કહો

હવે. એક જ કહે ને એ... એક સમયનો ઉત્પાદ, વ્યય, ધ્રુવ. લ્યો! હવે આટલી પણ ખબર નથી.

અહીં તો સંમતભદ્ર આચાર્ય કહે છે, પ્રભુ! તારું સર્વજ્ઞનું લક્ષણ અમને એ રીતે જણાણું કે સમય એક અને વસ્તુ ત્રણ. સમયના ભાગ પડે નહિ અને ત્રણ ભાગવાળી ચીજ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. તે સમયે ઉત્પાદ, તે સમયે વ્યય અને તે સમયે ધ્રુવ. પ્રભુ! આપે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ જાણ્યા એ આપ સર્વજ્ઞના લક્ષણ છે. આહાહા..! અનંતા દ્રવ્યોના, અનંતા ગુણના જે ઉત્પાદ, વ્યય અને એની ધ્રુવતા, એક સમયમાં જાણી, સમયના ભાગ ન પડે, અહીં ત્રણ ભાગ, એવા અનંતા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આહાહા..! એ પ્રભુ આપ સર્વજ્ઞનું લક્ષણ છે. ચોવીસ સ્તુતિમાં આવે છે. સ્વયંભુસ્તોત્ર આવે છે ને? કહો હવે આ કહે કે એક સમયમાં આ? આહાહા..! ખબર જ ન મળે કાંઈ. પહેલું એવું કીધું, થોડું પછી બીજું કાઢ્યું. કે ક્યાં .. કોણ કહેતું હતું?

મુમુક્ષુ :- હિંમતભાઈ.

ઉત્તર :- હા હિંમતભાઈ. .. સાકર અને ઘી હશે અને અમારે ત્યાં લોટ હશે. એમ ... ક્યાં કહ્યું હતું? મોરબીમાં. એમ કે ભાઈ સોનગઢમાં ભલે સાકર અને ઘી હોય, અમારે ત્યાં લોટ હોય. અરેરે..! અરે ભાઈ! લોટ પણ ક્યાં છે ને સાકર પણ ક્યાં છે?

ઓલો ચંદ્રકાંત એમ કહેતો હતો, ચંદ્રશેખર નહિ? ચંદ્રશેખર. મહારાજ! તમે સિંહ તો હું સિંહનું બચ્ચું છું. અરે.. ભાઈ કોણ કહે છે બાપુ? તમારે શું ખતવવું છે આમાં? અમારી સાથે ચર્ચા ન કરો તો તમારી મહત્તા વધશે ક્યાંથી? તમારી આટલી મહત્તા.. છીએ. ભાઈ એ દુનિયા દુનિયાનું જાણે, બાપુ! ચર્ચા અમારે કરવી નથી. અને ચર્ચામાં પ્રયોગ મૂક્યો એણે. .. અંદર જુઓ. આ ચશ્મા વિના જણાય? લ્યો ચર્ચા થઈ ગઈ મોટી. આહાહા..! અરે.. જાણવાની પર્યાય સ્વતંત્ર પોતાથી થાય, એને તારા ચશ્મા હોય તો થાય, .. હોય તો થાય. આહાહા..! ક્યાં આત્મામાં છે? ખબર નથી. આહાહા..!

તે તે પર્યાયનો તે તે જન્મક્ષણ છે. ૧૦૧ ગાથામાં એમ કહ્યું કે ઉત્પાદને કાળે ઉત્પાદ થઈને એ કાળે વ્યય છતાં કાળ તો એક છે. વ્યયને કારણે ઉત્પાદ (એમ) ઉત્પાદને વ્યયની અપેક્ષા છે એમ નથી. અને ઉત્પાદને ધ્રુવની અપેક્ષા છે એમ નથી. એમ ભગવાનના પ્રવચનનો સાર છે. પછી ૧૦૨ કીધી. કે જે ક્ષણ જન્મક્ષણ છે તેના ઉત્પાદની. છએ દ્રવ્યમાં હોં. આહાહા..! અનંત દ્રવ્યની તે તે સમયનો જન્મકાળ, ક્ષણ એટલે કાળ, ઉત્પત્તિનો એ કાળ છે. તે કાળે છે. આહાહા..! એમાં તો ક્રમબદ્ધ છે, એ બધું આવી ગયું. ઘણું આવી ગયું. આહાહા..! વસ્તુ આવી છે. પણ એ કોને બેસે? કે જેને જ્ઞાયકભાવની દૃષ્ટિ થઈ એને એ ક્રમબદ્ધ બેસે. એની નિત્યતાથી થઈ એમ કહે છે. સમજાણું કાંઈ? અને એ .. એમ કહે છે. આહાહા..! અને કાળલબ્ધિ તો તે સમયની તે પર્યાયની હતી તો એને બેસે. પોતાના સ્વભાવ તરફ પુરુષાર્થ કરે પુરુષાર્થ ત્યારે તે કાળમાં ભવિતવ્યતાનું, યોગ્યતાનું, ક્રમબદ્ધનું ત્યારે એને જ્ઞાન સાચું. સમજાણું કાંઈ?

અહીં કહે છે, રાગનો નાશ થતાં પ્રકાશ ઉત્પન્ન થાય છે. આહાહા..! '**રાગરૂપ સવિકલ્પ દશાનો (વ્યવહારનો) અભાવ થતાં વીતરાગરૂપ નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે.**' એ રાગને

લઈને નહિ. એમ કે સંધ્યાનો રાગ છે તો સૂર્ય પ્રગટ્યો ઓલો સવારમાં. માટે આ શુભરાગ એ સૂર્ય પ્રગટવાનું કારણ છે. એમ નહિ. એમ કહે છે ને ઘણા ત્યાં. હમણાં કોક ત્યાં કહેતું હતું. એ તો શ્રેણી આમ છે. શું? પહેલું અશુભ ટળે, પછી શુભ શ્રેણીમાં જાય, પછી શુદ્ધ થાય. એવું ત્યાં કહેતા. .. આવા માણસ ઘણા આવ્યા કરે ને. આહાહા..!

રાગમાં આવ્યો એ શ્રેણીને વધ્યો છે એમ નથી. એ તો કર્મધારા ભિન્ન છે. જ્ઞાનધારા ભિન્ન છે. આહાહા..! '**આ દશામાં જીવને વચનાતીત અપૂર્વ આનંદનો અનુભવ થાય છે.**' રાગનો દૃષ્ટિમાંથી અભાવ થતાં દૃષ્ટિ દ્રવ્યના સ્વભાવને અવલંબીને, આશ્રય કરીને, ઝુકીને જે દૃષ્ટિ થઈ એ દૃષ્ટિમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે કહે. આહાહા..! ઓલો રાગ હતો એ આકુળતા હતી. આ બધું ધરપકડ થાય છે ને એમાં વિચાર આવ્યો હતો. આ બધા ધરપકડ નથી કરતા હમણાં બધા? મેં કીધું, આ રાગની એકતામાં પકડાણો છે એ ધરપકડ અહીં કરે છે ભગવાનની. એ ધરપકડ. આહાહા..! પકડાય છે એટલે રાગની એકતામાં જેલમાં પડ્યો છે. આહાહા..! આ છે. .. એ વસ્તુ બહારની... આહાહા..!

ભગવાન એની નાડી પકડીને કહે છે કે તું રાગની જેલમાં પડ્યો છો. આહાહા..! અમે તને પકડીએ છીએ. રાગમાં તું છો, દુઃખી તું છો, સંસારમાં તું છો. મિથ્યા દૃષ્ટિ તારી છે. આહાહા..! એમાં તું પકડાઈ ગયો છો. એ હવે છોડ. ભગવાન મુક્તસ્વરૂપ પરમાત્મા, એનો આશ્રય લે તો તું મુક્ત થઈ જઈશ. પહેલો દૃષ્ટિએ મુક્ત થશે, પછી અસ્થિર છૂટીને સ્થિરતા થશે, પછી પૂર્ણ સ્થિરતા થઈ એકલો મોક્ષ થશે. આહાહા..! સમજાણું કાંઈ? રાગનો અભાવ થતાં સ્વભાવનો ઉગ્ર આશ્રય લઈને, એનો અર્થ કે રાગની ઉત્પત્તિ ન થાય એમ. નાશ કરવાનો અર્થ એ છે કે સ્વભાવનો આશ્રય ઉગ્ર થતાં રાગની ઉત્પત્તિ ન થાય, એટલે અંશે રાગ નાશ કર્યો એમ કહેવામાં આવે છે. વાતે વાતે ફેર. સત્યને માટે ઓહો..!

'**એ રીતે સમ્યગ્દૃષ્ટિના ભિન્નાત્માની ઉપાસનારૂપ શુભ રાગનો અભાવ...**' ભિન્ન આત્માની એટલે સિદ્ધ આત્માની. એણે મેળવ્યું-નિમિત્તથી કહ્યું છે ને એટલે. '**ભિન્નાત્માની ઉપાસનારૂપ શુભ રાગનો અભાવ તે મોક્ષનું-પરમાત્મપદનું સાક્ષાત્ કારણ છે.**' એમ કે પરની ઉપાસના એ મોક્ષનું કારણ નથી એમ. પાઠ તો આ છે. નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? આહાહા..! પરની ઉપાસનામાં તો પર તરફનું લક્ષ છે. પણ તે લક્ષ છૂટીને સ્વની ઉપાસના થાય છે. આહાહા..! ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષ થાય છે. સમજાણું કાંઈ? એ ૯૭માં ભિન્નની ઉપાસનાની વ્યાખ્યા કરી.

'**હવે અભિન્ન આત્માની ઉપાસનાનું ફળ કહે છે :-**' એ ૯૮માં આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

इदानीमभिन्नात्मनोपासने फलमाह–

उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा।
मथित्वाऽऽत्मानमात्मैव जायतेऽग्निर्यथा तरुः।।९८।।
અથવા નિજને સેવીને, જીવ પરમ થઈ જાય;
જેમ વૃક્ષ નિજને મથી, પોતે પાવક થાય. ૯૮.

टीका :– अथवा आत्मानमेव चित्स्वरूपमेव चिदानन्दमयमुपास्य आत्मा परमः परमात्मा जायते। अमुमेवार्थ द्दष्टान्तद्वारेण समर्थयमानः प्राह–मथित्वेत्यादि। यथाऽऽत्मानमेव मथित्वा घर्षयित्वा तरुरात्मां (?) तरुररूषः स्वभावः स्वत एवाग्निर्जायते।।९८।।

---

હવે અભિન્ન આત્માની ઉપાસનાનું ફળ કહે છે :–

શ્લોક – ૯૮

અન્વયાર્થ :– (अथवा) અથવા (आत्मा) આત્મા (आत्मानं एव) પોતાના આત્માની જ (उपास्य) ઉપાસના કરી (परमः) પરમાત્મા (जायते) થઈ જાય છે; (यथा) જેમ (तरुः) વાંસનું ઝાડ (आत्मानं) પોતાને (आत्मा एव) પોતે જ (मथित्वा) મથીને–રગડીને (अग्निः) અગ્નિરૂપ (जायते) થી જાય છે તેમ.

ટીકા :– અથવા આત્માની જ એટલે ચિદાનન્દમય ચિત્સ્વરૂપની જ ઉપાસના કરીને આત્મા પરમ એટલે પરમાત્મા થાય છે. આ જ અર્થનું દૃષ્ટાંત દ્વારા સમર્થન કરી કહે છે–મથીને ઈત્યાદિ–જેમ પોતે પોતાને જ મથીને (રગડીને)–ઘસીને, વૃક્ષ અર્થાત્ વૃક્ષરૂપ સ્વભાવ સ્વતઃ જ અગ્નિરૂપ થાય છે, તેમ આત્મા આત્માને જ મથીને–ઉપાસીને–પરમાત્મારૂપ થાય છે).

ભાવાર્થ :– જેમ વાંસનું વૃક્ષ વાંસ સાથે રગડી (મથી) સ્વયં અગ્નિરૂપ થઈ જાય છે, તેમ આત્મા પણ પોતાના ચિદાનન્દમય ચિત્સ્વરૂપની ઉપાસના કરીને સ્વયં પરમાત્મારૂપ થઈ જાય છે.

જેમ વાંસના વૃક્ષમાં અગ્નિ શક્તિરૂપે વિદ્યમાન છે અને તે ઘર્ષણથી પ્રગટ થાય છે, તેમ આત્મામાં પણ પૂર્ણ જ્ઞાનાદિ ગુણો શક્તિરૂપે વિદ્યમાન છે અને તે આત્માની આત્મા સાથે એકરૂપતા થતાં પ્રગટ થાય છે–અર્થાત્ આત્મા અન્ય બાહ્યાભ્યંતર સંકલ્પ–વિકલ્પરૂપ વ્યાપારોથી પોતાના ઉપયોગને હઠાવી સ્વરૂપમાં એકાગ્ર કરી દે છે ત્યારે તેના તે ગુણ (શુદ્ધ પર્યાયો) પ્રગટ થાય છે. આત્માના આત્મા સાથેના સંઘર્ષથી ધ્યાનરૂપી અગ્નિ પ્રગટ થાય છે. તેના નિમિત્તે જ્યારે કર્મરૂપી ઈન્ધન સર્વથા બળી જાય છે. ત્યારે તે આત્મા પરમાત્મા થઈ જાય છે.

વિશેષ

સમ્યગ્દષ્ટિ જ્યારે આત્મધ્યાનમાં મગ્ન થઈ જાય છે, ત્યારે ધ્યાન, ધ્યાતા અને ધ્યેય–

**એવો ભેદ રહેતો નથી, વચન કે અન્ય વિકલ્પ હોતા નથી. ત્યાં (આત્મધ્યાનમાં) તો આત્મા જ કર્મ, આત્મા જ કર્તા અને આત્માનો ભાવ તે ક્રિયા હોય છે–અર્થાત્ કર્તા, કર્મ અને ક્રિયા–તે ત્રણ તદ્દન અખંડ અભિન્ન થઈ જાય છે; શુદ્ધોપયોગની નિશ્ચલ દશા પ્રગટ થાય છે અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પણ એકસાથે એકરૂપ થઈને પ્રકાશે છે.૧**

**આ શ્લોકમાં આચાર્યદેવે એ બતાવ્યું છે કે–પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમજી, અર્હંતાદિની ઉપાસનાના રાગથી પરાઙ્મુખ થઈ, સ્વસન્મુખ થઈ જીવ જો પોતાનો શુદ્ધાત્માની–પરમ પારિણામિક કારણ પરમાત્મની–જ ઉપાસના કરે તો તે સ્વયં પરમાત્મા થઈ શકે છે. દરેક જીવમાં દ્રવ્યદષ્ટિએ પરમાત્મા થવાની શક્તિ છે. જો તે જિનોપદેશાનુસાર પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરે, તો તે શક્તિને સંપૂર્ણપણે વ્યક્ત કરી પરમાત્મા થઈ શકે. ૯૮.**

## અષાઢ વદ ૧૪, બુધવાર તા. ૬-૦૮-૧૯૭૫
## શ્લોક – ૯૮,
## પ્રવચન – ૧૧૨

આ સમાધિતંત્ર. ૯૭માં એમ કહ્યું કે સિદ્ધ ભગવાન અને અરિહંત ભગવાનમાં લક્ષ કરીને પોતે પોતાનો આત્મા જગાડે અને જ્ઞાન પામે. એમ કહ્યું છે. એ નિમિત્તથી કથન કર્યું છે. નિમિત્ત એવું જ હોય. સર્વજ્ઞ-સર્વજ્ઞ-સર્વદર્શી પૂર્ણ આનંદને પ્રાપ્ત. એને દીવે દીવો એમ કહીને કહ્યું ને? એ પ્રકાશસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રકાશ પોતાનો એનું લક્ષ કરી અને પોતે પોતાના લક્ષમાં આવીને આત્માનું ધ્યાન કરે તો એને કેવળજ્ઞાન થાય અને મોક્ષમાર્ગ થાય એમ કહ્યું.

હવે અહીંયાં અભિન્ન આત્માની ઉપાસનાની વાત છે. પોતે પોતાની ઉપાસના. ઓલી પોતે પરની ઉપાસનાની વાત હતી. આહાહા..! એનું ફળ કહે છે :-

---

૧. જહાઁ ધ્યાન ધ્યાતા ધ્યેય કો ન વિકલ્પ વચ ભેદ ન જહાઁ,
ચિદ્‌ભાવ કર્મ, ચિદેશ કર્તા, ચેતના કિરિયા તહાઁ;
તીનો અભિન્ન અખિન્ન સુધ ઉપયોગ કી નિશ્ચલ દસા,
પ્રગટી જહાઁ દગ-જ્ઞાન-વ્રત યે તીનધા એકૈ લસા.
(પં. શ્રી દૌલતરામજી કૃત છ ઢાળા-૬/૯)

**उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा।**
**मथित्वाऽऽत्मानमात्मैव जायतेऽग्निर्यथा तरुः।।९८।।**
**અથવા નિજને સેવીને, જીવ પરમ થઈ જાય;**
**જેમ વૃક્ષ નિજને મથી, પોતે પાવક થાય. ૯૮.**

'**ટીકા :– અથવા...**' અથવા એટલે? પહેલું એમ કહ્યું હતું કે સિદ્ધનું ધ્યાન કરતા આત્મા સિદ્ધરૂપ થઈ જાય. એ નિમિત્તની અપેક્ષાથી. અહીં આત્માની '**અથવા આત્માની જ...**' એમ હવે બીજો બોલ કહ્યો. '**એટલે ચિદાનંદમય ચિત્સ્વરૂપની જ ઉપાસના કરીને...**' ભગવાન આત્મા જ્ઞાનાનંદમય છે, વીતરાગસ્વરૂપે છે. જ્ઞાનસ્વરૂપે, આનંદસ્વરૂપે, વીતરાગસ્વરૂપે, દર્શનસ્વરૂપે. એવું એનું સ્વરૂપ છે. ખરેખર જોઈએ તો એનું સ્વરૂપ જ્ઞાન-દર્શન અને ચારિત્ર એનું લક્ષણ છે. જ્ઞાન-દર્શન જે લક્ષણ કહ્યું છે એ અપેક્ષાથી. બાકી જ્ઞાન, દર્શન અને ચારિત્ર એનું લક્ષણ છે. કેમકે એ વસ્તુ પોતે વીતરાગસ્વરૂપ છે. એ ચારિત્ર સ્વરૂપ છે.

જ્ઞાનસ્વરૂપ છે, દર્શન સ્વરૂપ છે અને ચારિત્ર સ્વરૂપ છે. ત્રિકાળ હોં. આહાહા..! એટલે કે જેમાંથી જ્ઞાન-દર્શન અને ચારિત્રની પર્યાય પ્રગટ થાય છે એ ગુણમાં ત્રિકાળ પડ્યું જ છે હજી. અને બધા ભગવાન આત્માઓ એવા જ છે. આહાહા..! પર્યાયનું લક્ષ છોડી દે તો બધા પરમાત્મા સ્વરૂપે છે. અભવિ હો કે ભવિ હો. આહાહા..! પૂર્ણ વીતરાગ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શનસ્વરૂપ એ આત્મા. એવી દૃષ્ટિ થતાં તેને સંભાળ થઈ જાય છે. સમજાણું કાંઈ? પર્યાય છે એને જાણે એ જુદી વાત છે, પણ પોતે જ્યારે પર્યાયમાંથી ખસીને સ્વસ્વરૂપના ધ્યાનમાં આવ્યો છે, એને પોતે આવો છે એવું (જાણ્યું) એમાં પર પણ બધા એવા છે એવું એમાં ગર્ભિત આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ જે છે એ તો જ્ઞાન, દર્શન, આનંદ અને વીતરાગ એટલે ચારિત્ર એ સ્વરૂપ જ છે. આમ તો અનંત ચતુષ્ટય કહ્યા છે ને ચાર? એ શક્તિ જ એની છે અને સ્વભાવ જ એવો એનો છે. ખરેખર સત્ છે એનું સત્ત્વપણું એકલું જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય અને ચારિત્રસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો પૂર્ણાનંદ પ્રભુ બધા આત્માઓ એવા છે. અભવિ પણ એવા છે. આહાહા..! એ તો પર્યાયમાં મુક્તિ ન થાય, પણ પોતે તો મુક્ત સ્વરૂપ જ છે. આહાહા..! એ પોતાની વાત જેને બેઠી તો બધા આત્મા આવા જ છે એમ એને બેસી જાય છે. સમજાણું કાંઈ?

તો અહીં કહે છે કે હવે હું **ચિદાનંદમય ચિત્સ્વરૂપ**. જોયું! જ્ઞાનનાનંદમય જ્ઞાનસ્વરૂપ. એમ ભાષા. ટીકા છે એ. '**आत्मानमेव चित्स्वरूपमेव चिदानन्दमयमुपास्य**' એમ ટીકા છે એ. આહાહા..! સિદ્ધનું પણ લક્ષ નહિ, અરિહંતનું પણ લક્ષ નહિ, એનો વિકલ્પ છે એ પણ નહિ. આહાહા..! તેમ પર્યાયની અપૂર્ણતાનો વિકાસ છે એ પણ લક્ષમાં નહિ. એ તો સહજાનંદ ચિદાનંદમય ચિત્સ્વરૂપ આત્મા. જ્ઞાનાનંદમય જ્ઞાનસ્વરૂપ આત્મા. આહાહા..!

એની '**જ ઉપાસના કરીને...**' એની સેવા કરીને. આહાહા..! છઠ્ઠી ગાથામાં કહ્યું ને? કે પરનું

લક્ષ છોડી દઈ એટલે ઉદય, કર્મ અને કર્મનો ભાવ. ત્યાં પરદ્રવ્ય અને પરદ્રવ્યનો ભાવ લેવો છે. ત્યાં રાગાદિની વાત નથી લેવી. પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવનું લક્ષ છોડી અને ચિદ્દમય ભગવાનની જે સેવા કરે છે એને આત્મા શુદ્ધ પૂર્ણાનંદ છે એમ પ્રતીતમાં, અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ? ત્યાં આગળ દ્રવ્યકર્મ અને ભાવકર્મથી ભિન્ન એમ નથી લેવું. જડનું દ્રવ્યકર્મ અને જડનું ભાવકર્મ. આહાહા..! એટલે એનું લક્ષ જે આમ છે, એને આમ કરાવવું છે. એટલે એ દ્રવ્યસ્વભાવની સેવા કરતા રાગ પણ ત્યાં ભિન્ન પડી જાય છે, પણ રાગથી અને કર્મ અને કર્મના ભાવથી ભિન્ન એમ નથી ત્યાં કહેવું. આહાહા..! કેમકે એનું લક્ષ જે આમ છે એ લક્ષ જ્યાં દ્રવ્યની સેવામાં જાય ઉપાસનામાં. એ ઉપાસના એ પર્યાય છે.

ત્યારે દ્રવ્યની સેવા એટલે એમાં પછી રાગની સેવા ન આવી. આહાહા..! સેવા એટલે એકાગ્રતા. આહાહા..! જ્ઞાનાનંદ ચિદ્દમય સ્વરૂપ પ્રભુ. વસ્તુ એ ચિદ્રૂપ છે. ચિદાનંદમય ચિદ્રૂપ આત્મા. જ્ઞાનાનંદમય ચિદ્રૂપ આત્મા. એની સેવા કરતા. ઉપાસના છે ને? આ ઓલા દેવી ને દેવની ઉપાસના નથી કરતા? મફતની ભ્રમણા અજ્ઞાનીઓની કહે છે. આહાહા..! તારો દેવ અંદર બિરાજે છે મોટો. આહાહા..! પરમાત્મા સ્વરૂપે બિરાજમાન છે. સાક્ષાત્ મુક્તસ્વરૂપ જ પ્રભુ છે. સમજાણું કાંઈ?

એવું જે '**આત્માની જ...**' ભાઈ! એકાંત નથી થઈ જતું? જ આવે છે ત્યાં? એ સમ્યક્ એકાંત જ થાય છે. પરની નહિ, રાગની નહિ, પર્યાયની પણ સેવા નહિ એમ છે અહીં. આત્માની શબ્દ પડ્યો છે ને? આહાહા..! આત્માની જ એટલે કે આત્મા કેવો? કે ચિદાનંદમય. ચિદાનંદમય હોં. ચિદાનંદવાળો એમ નહિ. આહાહા..! જ્ઞાનાનંદથી અભેદ વસ્તુ પ્રભુ છે. એવો જે ચિદ્રૂપ આત્મા, એની જ ઉપાસના. આહાહા..! બે ઠેકાણે અંદર એવું આવ્યું છે અંદર પણ? '**आत्मानमेव**' અને '**चित्स्वरूपमेव**' એટલે 'જ' બે ઠેકાણે નાખ્યો છે. આહાહા..!

'**આત્માની જ એટલે ચિદાનંદમય ચિત્સ્વરૂપની જ...**' એમ. આહાહા..! '**આત્માની જ એટલે ચિદાનંદમય ચિત્સ્વરૂપની જ...**' એમ. એ તો એનો આત્મા એમાં સ્વરૂપ આવ્યું ભાવ. એટલે 'જ' ત્યાં નાખ્યો અને પાછો અહીં 'જ' આવ્યો. એની ઉપાસના નિશ્ચયથી, સ્વ તરફની સન્મુખતા થઈને જે ઉપાસના નામ સેવા થાય તે દ્રવ્યસ્વભાવમાં એકાગ્રતા છે. એ ઉપાસના, એ સેવા. અનાદિથી પર્યાયમાં એકત્વબુદ્ધિ હતી. પર્યાય એક સમયની વ્યક્ત છે ને પ્રગટ? એટલે ત્યાં જ એની રમત હતી. એ રમત છોડીને ચિદાનંદમય ભગવાન આત્મા. આહાહા..!

પર્યાયની પણ એકત્વબુદ્ધિ છોડીને પરિણામ પર્યાયના છે એની એકત્વબુદ્ધિ છોડીને. આહાહા..! એને આત્મા ચિદાનંદમય ચિત્સ્વરૂપ નિજ-ઉપાસના-સેવા કરવાથી. '**કરીને આત્મા પરમ એટલે પરમાત્મા થાય છે.**' લ્યો! આહાહા..! ભગવાનની પૂજાથી અને ભગવાનની સેવા કરવાથી અને ભગવાનની જાત્રા કરવાથી (નહિ). આહાહા..! એ તો ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ ભાવસ્વભાવ એની જ ઉપાસના કરવાથી, એની જ સેવા કરવાથી, એની જ સન્મુખ થવાથી, એમાં

એકાગ્ર થવાથી આત્મા પરમાત્મા થાય છે. લ્યો ટૂંકી વ્યાખ્યા ઘણી. આહાહા..! બહારના સહારાની એને જરૂર નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની પણ એને જરૂર નથી એમ કહે છે. એની પર્યાયના આશ્રયની પણ જરૂર નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? સેવા કરે છે પર્યાય, પણ પર્યાયને પર્યાયનો આશ્રય નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

એવો જે આત્મા એની જ સેવા એટલે કે ચિત્સ્વરૂપ ચિદાનંદમય ચિત્સ્વરૂપ આત્માની જ સેવા કરવાથી પરમાત્મા થાય છે. લ્યો આ ટૂંકો ઉપાય કહ્યો એને. આહાહા..! પૂર્ણાનંદનું નિધાન એક સમયની પર્યાયની પાછળ આખો આત્મા એને આત્મા કહીએ, એક સમયની પર્યાય એ વ્યવહાર આત્મા છે. ત્રિકાળીની અપેક્ષાએ તો એ અભૂતાર્થ આત્મા છે, અસત્યાર્થ આત્મા છે. આહાહા..! એ ત્રિકાળની અપેક્ષાએ. કેમકે જ્યાં મુખ્ય પ્રયોજન સિદ્ધ કરવું છે ત્યાં તો એને નિશ્ચયની મુખ્યતા આવ્યા વિના પ્રયોજન સિદ્ધ થઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એથી કહે છે '**ઉપાસના કરીને પરમ એટલે પરમાત્મા થાય છે. આ જ અર્થનું દૃષ્ટાંત દ્વારા સમર્થન કરી કહે છે–મથીને ઈત્યાદિ–જેમ પોતે પોતાને જ મથીને (રગડીને)...**' પોતે પોતાને જ મથીને. ઝાડ-ઝાડ. '**(રગડીને)...**' ઝાડ-ઝાડ ઘસાયને આમ અંદર. ઝાડ-ઝાડ '**મથીને (રગડીને)–ઘસીને,...**' આહાહા..! ભાષા કેટલી કરી જોયું! મથીને એટલે રગડીને એટલે ઘસીને '**વૃક્ષ અર્થાત્ વૃક્ષરૂપ સ્વભાવ સ્વતઃ જ અગ્નિરૂપ થઈ જાય છે,...**' આહાહા..! વૃક્ષરૂપ સ્વભાવ સ્વતઃ અગ્નિરૂપ થઈ જાય છે. વૃક્ષ વૃક્ષની સાથે ઘસાતા, મથતા, રગડતા. આહાહા..! એ વૃક્ષ પોતે અગ્નિરૂપ થઈ જાય છે. ભાવક છે ને શબ્દ? ભાવકરૂપ થઈ જાય છે.

'**તેમ (આત્મા આત્માને જ મથીને...**' આહાહા..! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એવો જે આત્મા, એ આત્માને એટલે પોતાની નિર્મળ પર્યાય સાથે એકાગ્ર નામ ઘસવાથી. આહાહા..! આવો માર્ગ બહુ. '**(આત્મા આત્માને જ મથીને–**' એટલે કે ઘસીને એટલે કે રગડીને એટલે કે '**ઉપાસીને–...**' આહાહા..! '**પરમાત્મરૂપ થાય છે).**' એ ટીકાનો અર્થ કર્યો. વચમાં મૂક્યું છે કાંઈક એકડો.

મુમુક્ષુ :– એકડો વિશેષમાં છે.

ઉત્તર :– વિશેષમાં એટલે શું? ના. ના. અંદર-અંદર ભાઈ! અંદર નાખ્યું છે? તરૂ આત્મા. કૌંસમાં. એ શું કરવા નાખ્યું? બેસતું નથી. બેસતું નથી એમ છે. એકડો નથી. એ એકડો નથી. ચિહ્ન છે. અંદરમાં છે ને સંસ્કૃતમાં. તરૂ આત્મા, તરૂરૂપ સ્વભાવ. તરૂ આત્મા એટલે તરૂરૂપ સ્વભાવ એમ. એ તરૂ આત્મા એટલે તરૂનું સ્વરૂપ. આત્મા શબ્દ પડ્યો છે ને? તરૂ આત્મા એટલે તરૂસ્વરૂપ એટલે તરૂરૂપ. એમ. સ્વભાવ એનો. એવો શબ્દાર્થમાં મેળ નહિ ખાતો હોય થોડો.

એ તો પણ આવ્યું ને? '**यथाऽऽत्मानमेव मथित्वा घर्षयित्वा तरुरात्मां (?)**' એમ. ઠીક! એની સાથે જરી અટકે છે. એ આત્મા એટલે તરૂ સ્વરૂપ. વૃક્ષ જે તરૂસ્વરૂપ એટલે કે તરૂરૂપ એટલે કે તરૂસ્વભાવ '**स्वत एवाग्निर्जायते।**' આહાહા..! વૃક્ષનો સ્વભાવ અગ્નિરૂપ થઈ જાય છે. આહાહા..!

સમજાણું કાંઈ? એમ ભગવાન આત્માનો સ્વભાવ એમાં એકાગ્ર થવાથી પોતે પરમાત્મા થઈ જાય છે. આહાહા..! એને કોઈ બીજા સહારાની, વ્યવહારની, નિમિત્તની, પરકારકની કોઈ અપેક્ષા નથી. -એવું એનું સ્વરૂપ છે.

'**ભાવાર્થ :- જેમ વાંસનું વૃક્ષ...**' વાંસડા હોય છે ને વાંસ? એ વાંસ વાંસ ઘસાય. બહુ પવન આવે ને આમ સાથે-સાથે વાંસ હોય મોટા એકદમ. પછી ઘસાય અંદર. એમાંથી અગ્નિ થાય. વાંસડા. '**વાંસનું વૃક્ષ...**' પોતે આપ્યો દાખલો. '**વાંસ સાથે રગડી (મથી) સ્વયં અગ્નિરૂપ થઈ જાય છે,...**' વાંસ વાંસમાં ઘસાઈને વાંસ અગ્નિરૂપ થઈ જાય છે. આહાહા..! જે વાંસનો સ્વભાવ એ અગ્નિરૂપ સ્વભાવ થઈ જાય છે. '**તેમ આત્મા પણ પોતાના ચિદાનંદમય ચિત્સ્વરૂપની ઉપાસના કરીને...**' આહાહા..! અહીં તો જાણે સમ્મેદશિખરમાંથી ભગવાન મળશે, શેત્રુંજય જાય ત્યાં જાત્રા કરી ત્યાંથી ભગવાન મળશે.

મુમુક્ષુ :- સોનગઢ જાય તો?

ઉત્તર :- સોનગઢમાં પણ આત્મા ક્યાં છે? આત્મા તો અંદરમાં છે.

મુમુક્ષુ :- સોનગઢથી મળશે?

ઉત્તર :- સોનગઢમાં ક્યાં છે આત્મા? આત્મા તો એનામાં છે. એય..! એ સાંભળે છે એના વિકલ્પમાં પણ આત્મા ક્યાં છે? આહાહા..! એ તો ચિદ્‌મય, ચિદાનંદમય ચિદ્‌સ્વરૂપ પૂર્ણ ચિદ્‌સ્વરૂપી આત્મા, એમાં આત્મા આત્મામાં ઘસાઈને, રગડાઈને... આહાહા..! અંતરમાં એકાગ્ર થઈને, આત્માનો જે સ્વભાવ છે શક્તિરૂપે, એ પરમાત્મારૂપે થઈ જાય છે. સમજાણું કાંઈ?

ઓલા શ્વેતાંબરમાં એવું આવે છે ને ભાઈ! આ નહિ ચેતનજી શું કીધું સવારમાં? આગમની મૂર્તિ. શું કીધું ક્યાં ગયા ચેતનજી? બહાર ગયા. આગમ અને મૂર્તિ એમ કે બે આધાર છે. ત્યાં એમ બોલાય છે એ લોકોમાં બહુ. આપણે ભાઈ હતા ને શું નામ એનું? મહાનંદી. એ બહુ કહેતા એવું. ભાષા છે એની કાંઈક. આગમ અને મૂર્તિ એમ કે અત્યારે..

મુમુક્ષુ :- બેય ખોટા.

ઉત્તર :- બેય ખોટા. એ જ આખી વાત શ્વેતાંબરમાં છે. આહાહા..!

આગમ પર, મૂર્તિ પર. એના અવલંબે લક્ષે તો રાગ થાય. આહાહા..! જે વીતરાગ સ્વરૂપે પ્રભુ છે, જિનસ્વરૂપે જ પ્રભુ ચૈતન્ય પ્રતિમા છે. આહાહા..! એને સ્વભાવની એકાગ્રતાની ઘસારા દ્વારા પોતે પરમાત્મસ્વરૂપ જ છે, મુક્તસ્વરૂપ છે, એ પર્યાયમાં પરમાત્મા થાય છે. સમજાણું કાંઈ? એ લાખ જાત્રા કરે અને લાખ ભગવાનની ઉપાસના ને સેવા ને પૂજા કરે અને સ્તવન કરે મોટા. એ તો વિકલ્પ છે.

અહીં સવારમાં ઓલું અપૂર્વ અવસર નહોતું ગવાતું? ઓલાએ ઉતાર્યું હતું. પણ એ અપૂર્વ અવસર સાંભળવામાં તો વિકલ્પ છે. મીઠો સાદ લાગે એટલે જાણે કે આહાહા..! એકાગ્ર થઈ જાય. સમજાણું કાંઈ? આત્મસિદ્ધિ અને અપૂર્વ અવસર ઉતાર્યા છે ને એમાં? રેકોર્ડિંગમાં. એ બહુ મીઠું

લાગે માણસને સાંભળતા. પણ એનો અર્થ શું? એ તો એક શુભરાગ છે. એનાથી આત્માને કલ્યાણ થાય, એવું નથી. આહાહા..!

અહીંયાં તો એને સાંભળતા જે જ્ઞાન થાય એ પણ પોતાને કારણે પરલક્ષે થાય છે, એનાથી પણ કલ્યાણ નથી. આહાહા..! અહીં તો આત્માની આત્મા ઉપાસના કરે એમ કીધું. તો આત્મા તો પૂર્ણાનંદ પૂર્ણસ્વરૂપ છે એ આત્મા. એની ઉપાસના કરે આત્મા, આત્મા એટલે એની પર્યાય જે નિર્મળ સ્વભાવ. આહાહા..! તેનાથી તે પરમાત્મા થાય છે. '**સ્વયં પરમાત્મારૂપ થઈ જાય છે.**' ઓહોહો..! વૃક્ષનો સ્વભાવ તે ઘસાતા અગ્નિના સ્વભાવરૂપે થઈ જાય છે, પણ એ તો સ્વભાવ ફેર અને અગ્નિરૂપ ફેર—એ ફેર છે. અગ્નિરૂપ થાય છે વૃક્ષનો સ્વભાવ.

આ તો ચૈતન્યસ્વભાવ આનંદ અને જ્ઞાનસ્વરૂપ જ છે, મુક્તસ્વરૂપ છે, પરમાત્મસ્વરૂપ છે, શક્તિએ, સ્વભાવે સત્વે. સત્ત્વ એનું એમાં અકાગ્ર થતાં એ જેવું પરમાત્મસ્વરૂપ છે એવું પર્યાયમાં પરમાત્મારૂપ થઈ જાય છે એમ કહે છે. વૃક્ષનો સ્વભાવ અગ્નિરૂપે થઈ જાય તો ફેરફાર થઈ ગયો. દૃષ્ટાંત જ એવો બીજું શું કરે? વૃક્ષ પોતે અગ્નિસ્વભાવે થઈ જાય છે એ તો વૃક્ષનો સ્વભાવ જુદો, અને આ (અગ્નિરૂપ પર્યાય) જુદી. અહીં તો જે એનો સ્વભાવ છે, પરમસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ, એમાં પર્યાયની એકાગ્રતા થતા જેવું સ્વરૂપ છે વસ્તુનું એવું પર્યાયમાં પરમાત્મરૂપ થઈ જાય છે. સમજાણું કાંઈ?

ઝાડનો દાખલો આપ્યો કે ઝાડનો સ્વભાવ ઝાડ સાથે ઘસાતા અગ્નિરૂપે થઈ જાય છે ઝાડ. એ તો સ્વભાવ ફેર છે અને સ્વભાવ ફેર થઈ ગયો. દૃષ્ટાંત તો એ છે. એમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, એ જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે. સ્વભાવ. એની એકાગ્રતા થતાં પર્યાયમાં પરમાત્મા થઈ જાય છે, પણ એ તો જાત હતી તેવી થઈ. વૃક્ષનો સ્વભાવ અને અગ્નિ છે એ તો (એક) જાત નહોતી. આહાહા..! સમજાણું કાંઈ? દૃષ્ટાંત તો બીજો શું આપે? ઝાડ ઝાડ સાથે ઘસાતા અગ્નિરૂપે ઝાડ પરિણમી જાય છે. એમ આત્મા આત્માના સ્વભાવમાં ઘસાતા, એકાગ્ર થતાં તે સ્વભાવ છે તો એવો જ પરમાત્મા થવાનો જ સ્વભાવ છે એનો. આહાહા..! વૃક્ષનો સ્વભાવ અને અગ્નિરૂપે થવું એ તો બીજી જાત છે આખી. સમજાણું કાંઈ? દૃષ્ટાંત તો શું કરે?

એમ આત્મા ચિદ્‌સ્વરૂપ એવો ભગવાન સ્વરૂપ પ્રભુ એની એકાગ્રતા નામ મંથનમાં, મંથનમાં–એની રગડતામાં પરમાત્મા થઈ જાય છે. એને કોઈ પરની અપેક્ષા નિમિત્તના સહારાની કોઈ જરૂર નથી. આહાહા..! અહીં તો એ કહ્યું કે પરમાત્માએ કહ્યું એવું એણે સાંભળ્યું. સાંભળવામાં વિકલ્પવાળું જ્ઞાન થયું એને. આમ કહે છે જ્ઞાન, પણ એ જ્ઞાન પણ અહીંયાં સ્વભાવમાં એકાગ્ર થવામાં કારણ નથી. આહાહા..! આ તો એનો જે સ્વભાવ છે એ સ્વભાવમાં એકાગ્રતા એ જાતની એકાગ્રતા. સાંભળીને જે જ્ઞાન થયું એ તો થયું છે પોતાથી, વાણી પર છે. પણ તે જ્ઞાન છે એ એનો સ્વભાવ નથી. એ જાતનું નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમાધિતંત્ર. છોટુભાઈએ કર્યું છે ને? છોટાભાઈએ. આહાહા..!

એનો અહીં સ્વભાવ જ એવો છે કે સ્વ-ભાવ, ચિત્સ્વરૂપે પ્રભુ, એમાં એકાગ્રતાની રગડતાથી જે શક્તિરૂપે સ્વભાવ છે તે વ્યક્તરૂપે થઈ જાય છે. ઝાડની પેઠે આ નથી. સમજાણું કાંઈ? ત્યાં તો ઝાડનો દાખલો તો એટલો કે ઝાડ ઝાડમાં ઘસાતા અગ્નિ થાય છે. એને કોઈ બીજું નિમિત્તે અગ્નિ મૂકીને થઈ એમ છે નહિ. એમ. આહાહા..! એટલું એને સિદ્ધ કરવું છે. પણ અહીં સિદ્ધાંતમાં એ લાગુ નથી બહુ પડતું, ફક્ત ઘસારો, ઝાડ-ઝાડમાં ઘસાય એટલો અંશ. દૃષ્ટાંતનો એટલો અંશ સિદ્ધ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

આ હમણાં કીધું નહોતું ઓલું શું? આગમ અને મૂર્તિ? ભવિજનકો આધાર. શ્વેતાંબરમાં એ બહુ આવે. આગમ અને મૂર્તિ ભવિજનકો આધાર. અહીં કહે એ વાત જૂઠી છે. અરેરે..! આત્મા ત્રિલોકનાથ અંદર પરમાત્મા એના પરમાત્મા થવાને આધાર તો એ છે. આહાહા..! જુઓને એક શૈલી તો સંતોની! કહે છે કે જે અમે તને કહીએ છીએ અને તને સાંભળવાથી, તારી યોગ્યતાથી તને જે જ્ઞાન થયું, એ ઘસારાનું જ્ઞાન નથી. આહાહા..! એ શક્તિમાંથી વ્યક્તિ થઈ છે એ નથી એ જ્ઞાન. આહાહા..!

મુમુક્ષુ :- પરસત્તાવલંબી જ્ઞાન.

ઉત્તર :- પરસત્તા ખરેખર તો એ બંધનું જ કારણ છે.

અહીં તો સ્વભાવ જે છે એનો સ્વભાવ, એ સ્વભાવની પર્યાય સ્વભાવ સાથે ઘસાણી. આહાહા..! એ પોતે પરમાત્મા જેવું સ્વરૂપ છે એવો વ્યક્તિમાં થઈ જાય છે. એ તરુ-ઝાડનો દાખલો અને આ દાખલો સિદ્ધાંત ફેર છે. પણ દૃષ્ટાંત બીજો શું દેવાય? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એને સ્વભાવમાં એકાગ્રતા થવામાં કોઈ જાત્રાના વિકલ્પની જરૂર નથી, સાંભળવાના વિકલ્પની જરૂર નથી, વિકલ્પથી થયું જ્ઞાન પોતાથી એની જરૂર નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

સમાધિતંત્ર છે આ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સમાધિ છે. અને તંત્રનો અર્થ સિદ્ધાંત થાય છે શાસ્ત્ર. અથવા તંત્રનો અર્થ થાય છે ઔષધિ. સમાધિતંત્ર. પછી શબ્દ બીજા આવે છે. સમાધિશતક. એ તો ઓલી ગાથા છે ને ૧૦૫? એટલું સૂચવવા માટે શતક કહ્યું. પણ સમાધિતંત્ર, સમાધિશાસ્ત્ર અથવા સમાધિ ઔષધિ. આહાહા..! ભવરોગને મટાડવાની સમાધિ ઔષધિ છે. એ આત્માના સ્વભાવમાં એકાગ્ર થવું એ સમાધિ ઔષધિ છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાયક સ્વભાવ.. અરે.. કેમ બેસે બાપુ! પરિપૂર્ણ વસ્તુ છે આખી. જે પર્યાય દ્રવ્યને અડતી નથી, એ તો આપણે આવી ગયું ને આમાં? અલિંગગ્રહણમાં. એ દ્રવ્ય પોતે પર્યાયમાં આવતું નથી. છતાં પર્યાય સ્વભાવ સાથે એકાગ્ર થતાં, પર્યાયમાં એ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તેવું જ્ઞાન આવે. વસ્તુ ન આવે. આહાહા..!

એ અહીં કહે છે કે વસ્તુનો સ્વભાવ ચિદ્‌મય જ્ઞાનમય પરમાનંદસ્વરૂપ પ્રભુ, એના સ્વભાવનો સ્વભાવમાં એકાગ્ર થતાં... આહાહા..! એ તો આજે સવારમાં આવ્યું હતું ને? કે આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. છઠ્ઠો બોલ આવ્યો હતો. અલિંગગ્રહણ. એ પોતાનો સ્વભાવ જ એવો એનો છે કે સ્વભાવમાં પરિપૂર્ણ શાંતિ... શાંતિ... શાંતિ... એ એનું સ્વરૂપ જ

છે. પરમ શાંતિ.. પરમ આનંદરસ, પરમ અકષાયરસ, પરમ વીતરાગસ્વભાવ, એમાં એકાગ્રતા થતાં પરમ વીતરાગતા પરમ પરમાત્મા થવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારવાળાને બહુ આકરું લાગે આ. વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય આવે છે? પંચાસ્તિકાયમાં આવે છે. એ તો સાધન એ ગુણસ્થાને હોય એનું જ્ઞાન કરાવ્યું છે. સાધન-ફાધન કેવા? એ સાધન તે બાધક છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જેમ વાંસના વૃક્ષમાં અગ્નિ શક્તિરૂપે વિદ્યમાન છે...'** એટલી વાત લીધી. શક્તિરૂપે વિદ્યમાન છે એમ. **'અને તે ઘર્ષણથી પ્રગટ થાય છે,...'** ઘર્ષણથી પ્રગટ થાય છે. **'તેમ આત્મામાં પણ પૂર્ણ જ્ઞાનાદિ ગુણો શક્તિરૂપે વિદ્યમાન છે...'** આહાહા..! એ તો પરમાત્મસ્વરૂપે પરમ આનંદ જેવો છે. નિગોદના જીવ અંગુળના અસંખ્ય ભાગમાં અસંખ્ય શરીર અને એક એક શરીરે અનંત જીવ, એ જીવ એને કહીએ, પૂર્ણ આનંદથી ભરેલો ભગવાન પૂર્ણસ્વરૂપ એને જીવ કહીએ. આહાહા..! ક્ષેત્ર ભલે નાનું હોય એનો અહીંયાં સંબંધ નથી. એના સ્વભાવના સામર્થ્યની શક્તિ કેટલી છે એ અહીં તો બતાવવું છે. આહાહા..! એક અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય નિગોદ શરીર અને એક એક શરીરમાં સિદ્ધ કરતા અનંતગુણા જીવ, પણ કેવા એ જીવ? કોને જીવ કહેવો એમાં? આહાહા..!

એ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... જ્ઞાનસ્વભાવ, પૂર્ણ આનંદસ્વભાવ, વસ્તુનો જે સ્વભાવ પૂર્ણ એને જીવ કહીએ. પર્યાયમાં અક્ષરના અનંતમા ભાગની દશા એ તો પર્યાયની છે. વસ્તુ નહિ. આહાહા..! એવા અનંતા પરમાત્મા જગતમાં બિરાજે છે. શક્તિરૂપે હોં. પરમાત્મા થયા એ વ્યક્તિરૂપે થઈ ગયા પ્રગટ. આ શક્તિરૂપે છે. પણ એને બેસે શક્તિરૂપે આવું? આહાહા..! આટલા ક્ષેત્રમાં આટલા ભાવવાળો પદાર્થ એકલો જ્ઞાનરસ, આનંદ શક્તિ ચિદ્‌સ્વરૂપ એકલું જેનું, એનું રૂપ જ ચિદ્‌સ્વરૂપ છે. એમ જેને પ્રતીતમાં બેસે એ ઘસારાથી બેસે છે. એમાં એકાગ્ર થાય તો બેસે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આમ તો અભવિ-ભવિ કે દ્રવ્યલિંગી અગ્યાર અંગ કર્યા એને જીવદ્રવ્યનું જ્ઞાન નથી આવ્યું? જીવ પરિપૂર્ણ છે, પર્યાયમાં આવતો નથી. એ બધું ધાર્યું છે. ધાર્યું છે. પણ એનો વિષય પ્રત્યક્ષ દૃષ્ટિમાં ધાર્યો નથી. ઘસારો થઈને દૃષ્ટિમાં આવ્યો નથી. આહાહા..! નહિતર અગ્યાર અંગમાં એને ખ્યાલ નથી? કે એકલી પર્યાયનું જ જ્ઞાન છે એને? દ્રવ્યનું જ્ઞાન છે. દ્રવ્યના ગુણો અનંત છે એનું પણ એને જ્ઞાન છે, પણ એ જ્ઞાનને જાણ્યા વિના આ સત્તા આવડી છે એ જાણ્યા વિના—જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ જાણ્યું, આવ્યું અને વળી જાણ્યા વિના જ્ઞાન. કારણ કે વિષય જે વસ્તુ છે એ વિષય બન્યો નથી એને. આહાહા..! દૃષ્ટિમાં અને જ્ઞાનની પર્યાયમાં આવડો આ વિષય છે એ વાત આવી નથી એને. તેથી એનું જ્ઞાન દ્રવ્ય અને પર્યાયનું થયું એ જ્ઞાન જ્ઞાન નથી. આહાહા..! અગ્યાર અંગના જ્ઞાનમાં આ થયું એ જ્ઞાન નથી એમ કહે છે.

પૂર્ણ **'જ્ઞાનાદિ ગુણો શક્તિરૂપે વિદ્યમાન છે અને તે આત્માની આત્મા સાથે એકરૂપતા**

**થતાં...**' જે પર્યાય પરસન્મુખ છે એ સ્વભાવ સન્મુખ કરતા.. ભાષા શું છે જોયું! '**એકરૂપતા થતાં...**' એ પર્યાય અને દ્રવ્ય એક થઈ જાય છે? એનો અર્થ જે પર્યાય આમ ઢળી હતી એ આમ ઢળી એટલે એકરૂપ થઈ એમ કહેવામાં આવે છે. આહાહા..! આવી વસ્તુ છે. જિનેન્દ્ર વીતરાગ ત્રિલોકનાથ એણે આ રીતે જાણ્યું અને આ રીતે કહ્યું છે. વાડામાં મળે નહિ એટલે કાંઈ વસ્તુ ફરી જાય? વસ્તુ તો આવી છે. આહાહા..!

'**આત્મામાં પણ...**' ઓલા વૃક્ષનો દાખલો આપ્યો ને એ પણ એટલે લીધું. વૃક્ષમાં શક્તિરૂપે અગ્નિ હતી. એમ કહ્યું. એટલું એને લાગુ પડ્યું. શક્તિરૂપે જો અગ્નિ ન હોય તો વ્યક્તરૂપે પણ એ ઝાડ અગ્નિરૂપે ન થાય એમ. એટલું સિદ્ધ કર્યું. વૃક્ષમાં શક્તિરૂપે તો અગ્નિ છે. ઘસારાથી બહાર આવે છે. એમ અહીં શક્તિરૂપે પૂર્ણાનંદનો નાથ આત્મા છે એને કબુલતા એની પર્યાયે, એની પર્યાયે એને જાણતા એમાં એકાગ્ર થતાં તે આત્મા આવો છે એવું તેને જ્ઞાન થયું, અને તેથી તે એકાગ્ર થઈને આગળ વધીને કેવળ પામશે. આહાહા..! આ તો મુદ્દાની વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

જાણપણું ઓછું હોય, વધારે હોય એની સાથે સંબંધ નથી. ફક્ત એની જાતની શક્તિ જે છે એના તરફ જે સ્વભાવની જાત એની પર્યાયની વળી એ પરમાત્મા થઈ જશે. જે સ્વભાવની પર્યાયને સ્વભાવ પરમાત્માનો ભેટો થયો. આહાહા..! જે પર્યાયના સ્વભાવ દ્વારા પૂર્ણાનંદનો નાથ પર્યાયવાન... લ્યો એ પર્યાયવાન કહ્યું પાછું. પર્યાયમાં તો આવતો નથી. પણ આવે છે ને. એનું જ્ઞાન આવે છે ને. એ શું છે ચીજ એના ખ્યાલમાં આવી જાય છે. સમજાણું કાંઈ? એવો જે આત્મા.. આહાહા..!

આત્માની સાથે એકત્વરૂપ થતાં, એકરૂપ થતાં એટલે જેવી જાત છે તેવી પર્યાય થતાં એમ. આહાહા..! નિર્વિકલ્પ સ્વભાવરૂપે થતાં એને એકરૂપતા કીધી. પ્રગટ થાય છે. પ્રગટ થાય છે. પરમાત્માનું સ્વરૂપ એન્લાર્જ થઈને બહાર આવે છે. આહાહા..! જેવું સત્તામાં હતું એવું પર્યાયમાં એકાગ્ર થતાં આવે છે. એને કોઈ બાહ્યની જરૂર નથી. આહાહા..! શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે.. આનંદઘનજીમાં આવે છે. પરમ આગમ કે શાસ્ત્ર દિશા દેખાડે એને. આહાહા..! એ તો અળગા રહે, પછી એ કાંઈ સાધન થાય છે અહીં? આહાહા..! સમજાણું કાંઈ? એનું સાધન તો એ સ્વભાવની એકાગ્રતા એ એનું સાધન છે. સ્વભાવની જાતની જે એકાગ્રતા થઈ. આહાહા..! આમાં બધા વાદવિવાદ અને તકરાર ઊઠે બધી, એ એને ઘરે રહી.

અહીં તો 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' નિયમસારમાં કહ્યું છે ને, ભાઈ! જીવની જાત જુદી-જુદી, ભવિ-અભવિ એના કર્મની જાત એની પાસે જુદી. એની લબ્ધિ ભિન્ન-ભિન્ન કોની સાથે તું વાદવિવાદ કરીશ? વાદવિવાદ કરીને શું વિકલ્પથી તારે રોકાવું છે? એનાથી કાંઈ એ સમજી જશે? નહિ સમજાય. આહાહા..! સમાધિમાં તો આવી ગયું છે આપણે. હું કોને સમજાવું છું? હું કોનાથી સમજું? એ બધું પાગલપણું છે. આહાહા..! પોતે પોતાનો ગુરુ અને પોતે પોતાનો દેવ અને પોતાનો સ્વભાવ એ પોતાનું સ્વરૂપ, એ ધર્મ. આહાહા..!

**'પ્રગટ થાય છે-અર્થાત્ આત્મા અન્ય બાહ્યાતંર સંકલ્પ-વિકલ્પરૂપ વ્યાપારોથી પોતાના ઉપયોગને હઠાવી...'** નાસ્તિથી વાત કરે છે. **'સ્વરૂપમાં એકાગ્ર કરી દે છે ત્યારે તેના તે ગુણ (શુદ્ધ પર્યાયો) પ્રગટ થાય છે.'** શુદ્ધ જેવો સ્વભાવ છે શક્તિ અને ગુણરૂપે એવી પર્યાય પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? **'આત્માના આત્મા સાથેના સંઘર્ષથી...'** ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપે પ્રભુ, તેને જ્ઞાન અને આનંદના સંઘર્ષથી **'ધ્યાનરૂપી અગ્નિ પ્રગટ થાય છે. તેના નિમિત્તે જ્યારે કર્મરૂપી ઈન્ધન સર્વથા બળી જાય છે.'** એ તો વાત કરી. **'ત્યારે તે આત્મા પરમાત્મા થઈ જાય છે.'** એ તો કર્મનો અભાવ થયો માટે અહીં નિર્મળતા થઈ એમ નથી. એનામાં એ અભાવ નામનો ગુણ છે. પરપણાથી ન થવું, પરપણે ન થવું એવો એનો એક અભાવ ગુણ છે. એમાં અભાવગુણનો આધાર પોતે આત્મા છે. એની દૃષ્ટિ કરતા અભાવરૂપે પરિણમી જાય છે. કર્મ ટળ્યું માટે અભાવરૂપે પરિણમે છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**વિશેષ :— 'સમ્યગ્દૃષ્ટિ જ્યારે આત્મધ્યાનમાં મગ્ન થઈ જાય છે,...'** ધ્યાનનો વિષય જે પૂર્ણ પરમાત્મા જ્યારે ધ્યાનમાં-વિષયમાં આવે છે **'ત્યારે ધ્યાન, ધ્યાતા અને ધ્યેય-એવો ભેદ રહેતો નથી, વચન કે અન્ય વિકલ્પ હોતા નથી.'** છે ને આ? નીચે કળશ છે છ ઢાળાનો.

જહાઁ ધ્યાન ધ્યાતા ધ્યેય કો ન વિકલ્પ વચ ભેદ ન જહાઁ,
ચિદ્‌ભાવ કર્મ, ચિદેશ કર્તા, ચેતના કિરિયા તહાઁ;
તીનો અભિન્ન અખિન્ન સુધ ઉપયોગ કી નિશ્ચલ દસા,
પ્રગટી જહાઁ દગ-જ્ઞાન-વ્રત યે તીનધા ઐકૈ લસા.

જ્ઞાનભાવ તે કાર્ય અને ચિદેશ ભગવાન આત્મા તેનો કર્તા. આહાહા..! **'ચેતના કિરિયા તહાઁ...'** એ ચેતનાની ક્રિયા ત્યાં છે. **'તીનો અભિન્ન અખિન્ન...'** તીનો કોણ? ધ્યાતા, ધ્યાન અને ધ્યેય. એમ. **'તીનો અભિન્ન અખિન્ન, સુધ ઉપયોગ કી નિશ્ચલ દશા.'** વ્રત એટલે ચારિત્ર હોં. એક સમયમાં ત્રણપણું પ્રગટ થઈ ગયું એક સાથે. આહાહા..! સમજાણું કાંઈ? દૌલતરામજી છે ને? છ ઢાળાનો ૯મો શ્લોક છે એ. છઠ્ઠી ઢાળ નીચે લખ્યું છે. છઠ્ઠી ઢાળનો નવમો શ્લોક છે.

**'તો આત્મા જ કર્મ,...'** આત્મધ્યાનમાં તો આત્મા જ કર્મ. એટલે? આત્માનો નિર્મળ સ્વભાવ થયો એ જ આત્માનું કર્મ. સ્વભાવમાં એકાગ્ર થતાં શુદ્ધ ચૈતન્યની શક્તિમાંથી વ્યક્તતા શુદ્ધની પ્રગટી એ આત્માનું કર્મ, એ આત્માનું કાર્ય. સમજાણું? પાઠમાં છેને? **'ચિદ્‌ભાવ કર્મ, ચિદેશ કર્તા,...'** આત્મા જ કર્તા. ચિદેશ એટલે જ્ઞાનનો ઈશ્વર આત્મા. એ નિર્મળ દશાનો કર્તા આત્મા છે. આહાહા..!

અહીં તો એ બતાવવું છે ને? બાકી તો પર્યાયના કર્તા, કર્મ, કરણ, ષટ્ નિર્મળ પર્યાયના ષટ્‌કર્મ જે છે એ પણ વસ્તુમાં નથી. એ ૭૩ ગાથામાં આવી ગયું છે. ૭૩માં. પર્યાયમાં થતાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, એક સમયની દશામાં થાય છે. તે વસ્તુમાં નથી. આહાહા..!

**'અને આત્માનો ભાવ તે ક્રિયા હોય છે...'** ચૈતન્ય સ્વભાવની નિર્મળદશા પ્રગટ થઈ તે

તેનું કાર્ય, તેનો કર્તા આત્મા, અહીં તો અભેદથી લેવું છે ને? અને તેની ક્રિયા પણ ચૈતન્યની થઈ. આત્માની નિર્મળ ક્રિયા પરિણતિ થઈ. પૂર્વ પર્યાય બદલીને થઈને, પણ એ પોતાની ચૈતન્યની ક્રિયા છે એમ. અભિન્ન થઈ જાય છે. '**શુદ્ધોપયોગની નિશ્ચલ દશા પ્રગટ થાય છે...**' શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગ એ એનું સ્વરૂપ છે. શુભ ઉપયોગ એનું સ્વરૂપ નથી. એ તો અચેતન છે. અહીં તો શુદ્ધ ઉપયોગ ચૈતન્યની ક્રિયા ઉત્પન્ન થઈ. આહાહા..! આ ક્રિયા. આ કહે છેને આ ક્રિયા કરીએ આ થાય, એ ક્રિયા નહિ. આહાહા..! ક્રિયા જડની પરણતિ બદલે એ જડની ક્રિયા, રાગની પરણતિ ઊભી થાય તે વિભાવની ક્રિયા અને સ્વભાવની એકાગ્રતા થતાં ક્રિયા થાય એ સ્વભાવિક ક્રિયા. ક્રિયા તો છે. સમજાણું કાંઈ?

તે '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ એક સાથે એકરૂપ થઈને પ્રકાશે છે.**' છે ને? '**દગ-જ્ઞાન-વ્રત યે તીનધા એકૈ લસા.**' આહાહા..! સ્વરૂપની એકાગ્રતાની પ્રતીતિ, સ્વરૂપની એકાગ્રતામાં એનું જ્ઞાન અને સ્વરૂપની એકાગ્રતામાં રમણતા એ ત્રણે પ્રકાશે છે. આહાહા..! આમાં આ છે. અને ઓલા ત્યાં આવ્યું હતું. કોટામાં હતા ને કોટા હતા? નહિ તમે નહોતા. નથી આવ્યા. કોટામાં આવ્યું હતું. ચોથે અને પાંચમે દિ'એ. ચાર દિ' તો ચાલ્યું ત્યાં. આઠેય દિ' ત્યાં હતું બરાબર. કાંઈ વિગ્રહ નહિ. પણ પાંચમે દિ'એ કાગળ, ચોપાનિયા છપાવેલા. વિદ્યાનંદજી દર્શનમાં નહોતું ઓલું જૈન? એમાં ચોપાનિયા કોઈ છપાવ્યા ગામના. કોણ છે એ જાણતા નથી. જંબુકુમાર છે ને? ભાઈ છે. જુગલકિશોર. પણ એ ક્યાંકથી છપાવ્યા હશે. મૂક્યા હતા ત્યાં કે સાધુનો જે આ વ્યવહાર આચરણ છે વ્રત, નિયમ, ક્રિયા, શ્રાવકના બાર વ્રતાદિ એને ધર્મ નથી માનતા, એ દિગંબર ધર્મનો નાશ કરી નાખે છે. અરે.. ભગવાન! ભારે પણ પુણ્ય લઈને આવ્યા છે ને. પુણ્ય છે. બહારમાં પ્રસિદ્ધિ થાય છે. ઓલા સુશીલકુમાર ગયા ને હમણાં? બહાર(પરદેશ). એના પણ વખાણ કર્યા છે વિદ્યાનંદજીએ. ઓહોહો..! ત્યાં જાવ અમારા આશીર્વાદ છે. હવે ક્યાં સ્થાનકવાસી અને ક્યાંય શ્રદ્ધાના ઠેકાણા ન મળે. આ ભગવાનનો સંદેશ દેવા ત્યાં જાય છે. અરેરે..! આ વાતું!

ભગવાનનો સંદેશ તો સ્વભાવમાં એકાગ્ર થવું તે છે. બધા શાસ્ત્રનો સાર તો વીતરાગતા છે. હવે વીતરાગતાનો અર્થ શું થયો? કે પરની અપેક્ષા છોડીને સ્વની અપેક્ષામાં આવવું એ વીતરાગતા. આહાહા..! એ સિદ્ધાંતોના બધા ચારેય અનુયોગમાં એમ કહેવું છે. ચારેય અનુયોગનો આ વીતરાગતા સાર છે. આહાહા..! કહે છે એક સાથે એકરૂપ થઈને પ્રકાશે છે. આત્મરૂપ થયું ને ત્રણેય? એમ.

'**આ શ્લોકમાં આચાર્યદેવે એ બતાવ્યું છે કે-પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમજી, અર્હંતાદિની ઉપાસનાના રાગથી પરાઙ્મુખ થઈ,...**' અરિહંત સિદ્ધ, પાંચ પરમેષ્ઠીનો રાગ જે છે એનાથી પરાઙ્મુખ થઈ. '**સ્વસન્મુખ થઈ જીવ જો પોતાના શુદ્ધાત્માની-પરમ પારિણામિક કારણ પરમાત્માની...**' આહાહા..! '**જ ઉપાસના કરે તો તે સ્વયં પરમાત્મા થઈ શકે છે.**' આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે! એવું લાગે ઝીણો કે વ્યવહારનો કાંઈ કાંઈ ટેકો?

ઓલા ભાઈ કહેતા નહિ ઓલા? છોટેલાલજી. વ્યવહારમાં આવે તો થોડો વિશ્રામ મળે. પછી ફરી ગયા. હવે ફરી ગયા. એ છોટેલાલજી હતા ને. છે ને ઇંદોરમાં. પહેલા અનુકૂળ હતા, વચમાં વળી પાછું ફેરફાર થઈ ગયેલો. લોકોએ રોટલા બંધ કર્યા એટલે વળી પાછો અત્યારે.. આહાહા..! એમ કે વ્યવહારમાં આવે ત્યારે થોડો વિશ્રામ મળે, થાક ઉતરે. થાક હશે. એ (વ્યવહાર) પોતે થાક છે. આહાહા..! પછી એમ કે અંદર જવામાં એને અનુકૂળ પડે નિશ્ચયમાં એમ. આહાહા..!

અહીં તો કહે છે કે પોતાના સન્મુખ થવામાં કોઈપણ વ્યવહારના વિકલ્પની જરૂર નથી. આહાહા..! ગુણગુણીના ભેદના વિકલ્પની પણ... એ જ કીધું ને? ધ્યાતા, ધ્યાન અને ધ્યેય—એવા ભેદ પણ જ્યાં નથી. આહાહા..! ધ્યાતા આત્મા, ધ્યાન અને એની એકાગ્રતા તે આત્મા—એવા ત્રણ ભેદ પણ જ્યાં નથી. એવી સ્વભાવની એકાગ્રતા તે પરમાત્મા થવાનું કારણ છે. આહાહા..!

'**દરેક જીવમાં દ્રવ્યદૃષ્ટિએ પરમાત્મા થવાની શક્તિ છે.**' દરેક જીવ પરમાત્મસ્વરૂપ છે એને જીવ કહીએ. આહાહા..! સ્ત્રી, પુરુષ, નપુંસક એ તો જડના લિંગો છે. એમાં ક્યાં છે? દ્રવ્યભાવ ભેદથી રહિત છે આવ્યું હતું ને? અલિંગગ્રહણમાં આવ્યું હતું. દ્રવ્યભાવ ભેદથી તો રહિત પ્રભુ છે. આહાહા..! એને આત્મા કહીએ. '**જો તે જિનોપદેશાનુસાર પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરે, તો તે શક્તિને સંપૂર્ણપણે વ્યક્ત કરી પરમાત્મા થઈ શકે.**' લ્યો! આહાહા..! પોતાના સ્વભાવની શક્તિની સન્મુખ થઈ અને એકાગ્રતા કરે, પરમાત્મા સાક્ષાત્ થઈ શકે છે. એમાં સંદેહને સ્થાન નથી. બીજાની મદદની જરૂર નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**उक्तमर्थमुपसंहृत्य फलमुपदर्शयन्नाह–**

**इतीदं भावयेन्नित्यमवाचां गोचरं पदम्।**
**स्वत एव तदाप्नोति यतो नावर्तते पुनः।।९९।।**

**એમ નિરંતર ભાવવું, પદ આ વચનાતીત;**
**પમાય જે નિજથી જ ને, પુનરાગમન રહિત. ૯૯.**

**टीका :– इति एवमुक्तप्रकारणे इदं भिन्नमभिन्नं चात्मस्वरूपं भावयेत् नित्यं सर्वदा। ततः किं भवति? आप्नोति। किं? तत्पदं मोक्षस्थानं। कथम्भूतं? अवाचां गोचरं वचनैरनिर्देश्यं। कथं तत्प्राप्नोति? स्वतः एव आत्मनैव परमार्थतो न पुनर्गुर्वादिबाह्यनिमित्तात्। यतः प्राप्तात् तत्पदान्नावर्तते संसारे पुनर्न भ्रमति।।९९।।**

---

**ઉક્ત અર્થનો ઉપસંહાર કરીને ફળ દર્શાવી કહે છે :–**

શ્લોક – ૯૯

**અન્વયાર્થ :– (इति) ઉક્ત પ્રકારે (इदं) ભેદ–અભેદરૂપ આત્મસ્વરૂપની (नित्यं) નિરંતર (भावयेत्) ભાવના ભાવવી. એમ કરવાથી (तत्) તે (अवाचां गोचरं पदं) અનિર્વચનીય પરમાત્મપદને (स्वतः एव) સ્વતઃ જ–પોતાની મેળે જ આ જીવ (आप्नोति) પ્રાપ્ત કરે છે,**

(यतः) જે પદથી (पुनः) ફરીથી તે (न आवर्तते) પાછો આવતો નથી.

ટીકા :- આ પ્રમાણે એટલે ઉક્ત પ્રકારે આ ભિન્ન ને અભિન્ન આત્મસ્વરૂપની, નિત્ય એટલે સર્વદા, ભાવના કરવી. તેથી શું થાય છે? તે પદ-મોક્ષસ્થાન (પ્રાપ્ત થાય છે). તે (પદ) કેવું છે? વાણીને અગોચર એટલે વચનો દ્વારા કહી શકાય નહિ તેવું (અનિર્વચનીય) છે. તે કેવી રીતેપ્રાપ્ત કરે છે? પરમાર્થે સ્વતઃ જ (પોતાની મેળે જ)-આત્માથી જ (પ્રાપ્ત કરે છે) પણ ગુરુ આદિ બાહ્ય નિમિત્ત વડે નહિ; જ્યાંથી એટલે પ્રાપ્ત થયેલા તે પદથી (મોક્ષસ્થાનેથી) તે પાછો આવતો નથી-અર્થાત્ ફરીથી સંસારમાં ભમતો નથી.

ભાવાર્થ :- સાધકને નિર્વિકલ્પ દશામાં પોતાના આત્માનો આશ્રય અને સવિકલ્પ દશામાં અર્હંતાદિની ઉપાસનાદિ હોય છે. ક્રમે ક્રમે આત્માનો આશ્રય વધતો જાય છે અને ભગવાનની ઉપાસનાદિરૂપ વ્યવહાર ઘટતો જાય છે. પોતાના આત્માની ઉપાસના પૂર્ણ થતાં ભગવાનની ઉપાસનારૂપ વિકલ્પનો પણ અભાવ થાય છે. તેનું નામ ભિન્ન ને અભિન્ન આત્મસ્વરૂપની નિત્ય ભાવના કરવી એમ કહેવામાં આવે છે. તે પ્રમાણે વીતરાગતા પૂર્ણ થતાં કેવળજ્ઞાન પામી જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે અને મોક્ષસ્થાન પામ્યા પછી જીવ કદી સંસારમાં પાછો આવતો નથી; કેમકે તેને રાગનો સર્વથા અભાવ વર્તે છે. રાગ વિના સંસાર અર્થાત્ ભવભ્રમણ-જન્મ-મરણ હોય નહિ.

વિશેષ

આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જેમણે આત્માનો પૂર્ણ વિકાસ સાધ્યો છે તેવા અર્હંત અને સિદ્ધ પરમાત્માના સ્વરૂપને યથાર્થપણે જાણી તદ્રૂપ થવાની ભાવનામાં મગ્ન રહેવું, અને પછી પોતાના સ્વરૂપમાં સ્થિર થવાનો સદા દઢ અભ્યાસ કરવો. એમ કરવાથી વચનાતીત અતીન્દ્રિય પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. તે પદ પ્રાપ્ત કર્યા પછી સંસારમાં ફરીથી જન્મ લેવો પડતો નથી. સદાને માટે સંસારના સર્વ પ્રકારનાં દુઃખોથી જીવનો છૂટકારો થાય છે અને તે સદા જ્ઞાનાનંદમાં મગ્ન રહે છે.

પ્રસ્તુત શ્લોકમાં 'स्वतः एव' શબ્દો ઘણા અર્થસૂચક છે તે બતાવે છે કે પરમાત્મપદની પ્રાપ્તિ પોતાનામાંથી જ પોતાના પુરુષાર્થથી જ થાય છે. તેમાં તીર્થંકર ભગવાન આદિની ઉપાસના, દિવ્ય-ધ્વનિ, ગુરુના ઉપદેશાદિ બાહ્ય નિમિત્તો હોવા છતાં નિમિત્તોથી નિરપેક્ષપણે પરમપદની પ્રાપ્તિ થાય છે. નિમિત્તથી કદી થતી નથી, કેમકે જ્યાં સુધી નિમિત્ત તરફ લક્ષ હોય ત્યાં સુધી આત્મા તરફ લક્ષ વળતું નથી.

પરમાત્મા થવાની શક્તિ પોતાનામાં મોજૂદ છે. તે શક્તિનું સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન-જ્ઞાન કરી, આત્મસન્મુખ થઈ તેને પ્રગટ કરવાનો અવિરત પ્રયત્ન કરવામાં આવે તો પરમપદની પ્રાપ્તિ અવશ્ય થાય. ૯૯.

**શ્રાવણ સુદ ૧, ગુરુવાર તા. ૭-૦૮-૧૯૭૫**
**શ્લોક - ૯૯,**
**પ્રવચન - ૧૧૩**

૯૯ શ્લોક. સમાધિતંત્ર. '**ઉક્ત અર્થનો ઉપસંહાર કરીને ફળ દર્શાવી કહે છે :–**' ભિન્ન અને અભિન્ન સેવાની વાત કરીને બે ગાથામાં? ઉપાસના-સેવા. અરિહંત અને સિદ્ધ એનું ધ્યાન કરીને અંદરમાં ઉતરે છે ત્યારે એને આત્માનું પદ પ્રાપ્ત થાય છે. પહેલું દૃષ્ટાંત એ આપ્યું. અને બત્તીનો આપ્યો ને? બત્તીની દીવેટ હોય, બીજા દીવાને અડે તો ભડકો થાય. એ તો નિમિત્તથી કથન છે. એમ અરિહંત અને સિદ્ધને લક્ષમાં લઈને પછી અંતરમાં ઉતરે તો એને કેવળજ્ઞાન થાય. આમ છે.

અને પછીમાં એમ કહ્યું. અભિન્ન. વૃક્ષમાં શક્તિ છે અગ્નિની એ પોતે પોતાને ઘસાઈને અગ્નિ થઈને ઝાડમાં અગ્નિ થઈ જાય છે. એમ ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન શક્તિ છે ચૈતન્યની એમાં એકાગ્ર થઈને—ઘસારો કરીને પોતે કેવળજ્ઞાન અથવા અનુભવને પ્રાપ્ત થાય છે. નિરાંતે વાંચજો પછી. હિંમતભાઈને ન આપ્યું, તમને આપ્યું હતું. તમે એમના સહચારી હતા ખરા ને. એ બેનો ઉપસંહાર કરે છે.

**इतीदं भावयेन्नित्यमवाचां गोचरं पदम्।**
**स्वत एव तदाप्नोति यतो नावर्तते पुनः।।९९।।**
**એમ નિરંતર ભાવવું, પદ આ વચનાતીત;**
**પમાય જે નિજથી જ ને, પુનરાગમન રહિત. ૯૯.**

'**ટીકા :– આ પ્રમાણે એટલે ઉક્ત પ્રકારે આ ભિન્ન ને અભિન્ન આત્મસ્વરૂપની,...**' ભગવાનના ધ્યાનથી પ્રાપ્ત થવું એ ભિન્નની અપેક્ષા લીધી અને પોતામાં એકાગ્ર થઈને થવું એ અભિન્નની અપેક્ષા. '**આત્મસ્વરૂપની, નિત્ય એટલે સર્વદા, ભાવના કરવી.**' આહાહા..! શુદ્ધ સ્વભાવ જે પવિત્ર આનંદસ્વભાવ, નિજસ્વભાવના રસથી ભરેલું તત્ત્વ આખું. એની અંદર એકાગ્રતા થઈને ઉપાસના કરવી એ મોક્ષનો માર્ગ છે. '**આત્મસ્વરૂપની, નિત્ય એટલે સર્વદા, ભાવના કરવી.**' એમ કહે છે.

શુદ્ધ ચૈતન્ય આનંદનો સરોવર, અતીન્દ્રિય આનંદની શુદ્ધતાનો સમુદ્ર, સ્વયંભુ સમુદ્ર ભગવાન આત્મા. આનંદનો સ્વયંભૂ સમુદ્ર. એમાં નિરંતર સ્વભાવની સન્મુખ થઈને એની સેવા કરવી, એ કર-વા જેવું છે કહે છે. કહો, આ પૂજા ને ભક્તિ (એનાથી) નહિ થાય એમ કહે છે અહીં તો. આહાહા..! એમાં ક્યાં ખામી છે? ક્યાં એ અપૂર્ણ છે? એ ક્યાં પાગળો છે? સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એની દૃષ્ટિ કરીને એમાં એકાગ્ર થવું એ જ મોક્ષનો ઉપાય છે. '**લાખ વાતની વાત...**' આવે છે કે નહિ? છ ઢાળામાં નથી આવતું? '**લાખ વાતની વાત...**' પણ અનંત વાતની વાત '**નિશ્ચય ઉર આણો,**

**છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ...**' નિજ **આતમ** ધ્યાવો. આહાહા..! પોતે તીર્થ છે, પોતે ગુરુ છે, પોતે દેવ છે. આહાહા..! એને એકાગ્ર થઈ સર્વદા ભાવના કરવી. એમ. કોઈ વખતે પણ પરથી આત્માને લાભ થાય વિકલ્પથી, એ વસ્તુ નથી. એમ કહે છે. આહાહા..!

ચૈતન્યસ્વભાવ શુદ્ધ પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ જ બિરાજે છે આત્મા. એની દૃષ્ટિ કરી અને એમાં સ્થિર થવું એ એની ભાવના કહેવામાં આવે છે. ભાવના એટલે વિકલ્પથી એમ પણ નહિ. આહાહા..! 'સર્વદા ભાવના કરવી.' એ શબ્દ પડ્યો છે ને? ભાવનાનો અર્થ કે ઓલો વિકલ્પથી ચિંતવવું એ નહિ. આહાહા..! ભાવની ભાવના. સ્વભાવભાવની ભાવના, એટલે ભાવમાં એકાગ્રતા એ સ્વભાવભાવની ભાવના. આહાહા..!

દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ સ્વભાવની ભાવના એટલે એકાગ્રતા છે. અને અહીં સમાધિતંત્ર છે ને? એટલે સમાધિ સ્વરૂપ ભગવાન આત્મા, અનાકુળ આનંદની ખાણ, નિધાન પ્રભુ છે, એમાં અતીન્દ્રિય આનંદના સાગરને દૃષ્ટિમાં લઈને એમાં એકાગ્ર થવું એ એનો ભાવનાનો માર્ગ અને એ મોક્ષનો માર્ગ છે. આમાં તો બે મોક્ષના માર્ગ એ તો કાઢી નાખ્યા. આહાહા..! એ બે કહ્યા છે ને? ઓલા રતનજી કહે છે કે બે મોક્ષના માર્ગ છે. બે મોક્ષના માર્ગ ન માને એ ભ્રમમાં પડ્યા છે.

ટોડરમલ કહે છે કે બે મોક્ષના માર્ગ માને એ ભ્રમમાં પડ્યા છે. વ્યવહારનો મોક્ષ(માર્ગ) હશે બીજો? આહાહા..! વચ્ચે વિકલ્પ આવે છે, હોય છે, વ્યવહારના વિકલ્પો હોય છે, પણ એ કાંઈ મોક્ષનું કારણ નથી. એ તો બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? વાદવિવાદે એવી વસ્તુને બગાડી નાખી ને. પોતે જે પકડ્યું હોયને એને સિદ્ધ કરવા. બાપુ! માર્ગ એમ નથી ભાઈ! એની ખાણમાં શુદ્ધતા અને પરિપૂર્ણતા પડી છે. કૃતકૃત્ય વસ્તુ છે. એને-દ્રવ્યને કાર્ય કરવું એ પણ નથી. એ તો કૃતકૃત્ય જ વસ્તુ છે. એને પર્યાયમાં કાર્ય કરવું એ એની ભાવના કહેવામાં આવે છે. આહાહા..! કહો, પોપટભાઈ! બધા પૈસાના ઢગલા થઈ ગયા, એમ બહારથી થાય એવું નથી. એમ કહે છે. આહાહા..!

'**તેથી શું થાય છે**?' શુદ્ધ ચિદ્‌ઘન વસ્તુ આનંદસ્વરૂપ પ્રભુ સહજ વીતરાગ નિજાનંદ અમૃતના સાગરવાળો પ્રભુ, એમાં એકાગ્ર થવાથી એટલે કે એની સન્મુખ થવાથી, એટલે કે નિમિત્ત અને રાગ અને પર્યાયથી વિમુખ થવાથી. આહાહા..! ગુરુ ને શાસ્ત્ર ને દેવથી પણ વિમુખ થઈને. એમ કહે છે. કહેશે ટીકામાં. આહાહા..! આવી '**ભાવના કરવી. તેથી શું થાય છે? તે પદ-મોક્ષસ્થાન (પ્રાપ્ત થાય છે).**' એટલે પૂર્ણ નિર્મળાનંદની દશાને તે પ્રાપ્ત થાય છે. આહાહા..! માર્ગ ભારે ભાઈ! કારણ કે એ ભગવાન આત્મા અબદ્ધસ્પૃષ્ટ મુક્ત છે. મુક્તમાં એકાગ્ર થવું તો પર્યાયમાં મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? આવી વાત છે.

અરે..! અનંત કાળથી લૂંટાઈ રહ્યો છે. પર તરફના લક્ષના રાગમાં એ લૂંટાઈ રહ્યો છે. એમાં લાભ માનીને લૂંટાઈ ગયો છે. આહાહા..! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રના નિમિત્તથી નુકસાન છે. એમ સુગુરુ, સુશાસ્ત્રના નિમિત્તથી લક્ષે પણ આત્માને રાગ થાય છે. એનું લક્ષ ત્યાં જાય તો રાગ થાય છે.

આહાહા..!

મુમુક્ષુ :- બહારનું નિમિત્તથી તો રાગ તો દુઃખ છે.

ઉત્તર :- તો દુઃખ જ છે. ઓહોહો..! ભાઈ! તારામાં ક્યાં પૂર્ણતા નથી? તું ક્યાં અધૂરો છો? આહાહા..! તું ક્યાં ખામીવાળો છો કે જેને પરની જરૂર પડે? ડાહ્યાભાઈ! આહાહા..! 'ડાહ્યા તારું ડહાપણ' ત્યારે કહ્યું નહોતું એક ફેરી કહ્યું હતું. કહ્યું હતું. ડાહ્યાભાઈ ધોળસા. નાટક. ૬૮-૬૬ સાલનું હશે. ૬૪ની સાલ. પાલેજ આવે સાધુ સ્થાનકવાસીના એટલે... અમે સ્થાનકવાસી ખરા ને? એમાં અમારું ઘર ત્યાં મુખ્ય. ૩૦ માણસોનું રસોડું, બે દુકાનો આમ બધું. બહારમાં પ્રસિદ્ધ. પછી સાધુ આવે તો અમે જઈએ. હું તો ભગત કહેવાતો એટલે હું તો પહેલો જાવ સામા તેડવા, આવકાર આપવા.

એમાં એકવાર સાધુ આમ મોહનલાલજી આવ્યા હતા બરવાળાના. ગુજરી ગયા. બરવાળાના આચાર્ય. એમને ગોતવા ગયા હતા ભરૂચ. પછી ઘણું ગોત્યું. કબીરવડ છે એક મોટો. ત્યાં એમ કે મળશે. પણ ત્યાં પણ ન મળ્યા. પછી ભરૂચનું સ્ટેશન છે ને એની સામે એક ધર્મશાળા છે, ત્યાં મળ્યા. મળ્યા તો વહેલા મળી ગયા. હવે, કીધું, વખત છે ચાલો ભાઈ નાટક-બાટક આવે તો જોવા જઈએ. તે દિ' તો વૈરાગ્યના નાટક હતા ને? મીરાંબાઈનું નાટક. ઓહોહો..! વૈરાગ્યની ધૂન ચડાવે. ભલે તત્ત્વ જુદી વાત છે. અત્યારના જેવા નાટક અને આ શું કહેવાય? ફિલ્મ ને. પિક્ચર. આહાહા..! નાગાઈના દેખાવ જુઓ તો. એક આદમી આમ બાઈને હાથ નાખે અને બચ્ચુ ભરે આવા દેખાવ બહાર અરર..! સજ્જનતાને શોભે નહિ એવું ચોકમાં એવા મોટા પાટિયા. એવી કોઈ અનીતિનો ગજબ થઈ ગયો છે. ઓલું તો નાટકમાં વૈરાગ્ય હોં.

પછી નવરા હતા તો હું ને ફાવાભાઈ હતા સાથે. મારા ફાવાભાઈ નહિ? ફાવાભાઈને ઓળખો? સુરતમાં છે ને છોકરો મનહર? પૈસા થયા છે હમણાં ૬૦ લાખ છોકરા પાસે. લોક તો કરોડ કહેતું હતું, પણ ૬૦ લાખ તો ખરા. ૫૦-૬૦ લાખ. તેની સાથે જોવા ગયા હતા. એ ડાહ્યાભાઈ હતા ત્યાં. બાર આનાની ટિકિટ હતી ભાઈ તે દિ'. તે દિ' હોં. આ તો સારી ટિકિટ લેતા આવે. નાની નહિ પાછી. મોઢા આગળ જોયા હતા ડાહ્યાભાઈને. તો એ ડાહ્યાભાઈ જ્યારે મરવા પડ્યા. વાંકાનેરના. ઘણાં નાટક બનાવેલા. પૈસા આઠ દિ'માં પંદરસો રૂપિયાની એક રાત. એવી આઠ દિ'માં ત્રણ નાટક પાડે. તે દિ' ૬૪ની સાલની વાત. પછી મરતા કીધું, ડાહ્યા! તારું ડહાપણ ત્યારે કહીએ. તે ઘણા નાટક બનાવ્યા અને ઘણા કર્યા ભાઈ! આહાહા..! પણ હવે અહીંયાં સમાધિ અને શાંતિથી દેહ છોડ તો તારું ડહાપણ કહીએ. આહાહા..! હતા અન્યમતિ, પણ વાંકાનેરના. આહાહા..!

શ્રીમદ્માં આવે છે ને છેલ્લે? શ્રીમદ્માં મૃત્યુકાળે. મનસુખ! બાને દિલગીર થવા દઈશ નહિ. હું સ્વરૂપમાં જાઉં છું. આહાહા..! અક્ષરે અક્ષર સત્ય હતો. આહાહા..! દેહ છોડવાના ટાણાં, દૃષ્ટિ અનુભવ તો હતો. આહાહા..! ઊભા થયા મનસુખને કહે, બા... આમાં આપણે આવે છે નિહાલભાઈમાં. આ ટૂકડો આવે છે ને? એમ કે શ્રીમદ્દે આમ કહ્યું એ બરાબર કહ્યું છે. બહુ સરસ.

આહાહા..!

ભગવાન આનંદનો ધામ પરમાત્મપ્રકાશ સ્વરૂપ જ પોતે છે. એનો જ્યાં અનુભવ થયો, એટલે મૃત્યુકાળે તો એમાં સમાવાની જ વાત હોય. આહાહા..! ચારે કોરથી વિકલ્પને સમેટી સ્વરૂપમાં, ધ્યાનમાં.. આહાહા..! સમજાણું કાંઈ? પછી શરીરની સ્થિતિ થાય. અવાજ થયો ને એવું થયું હતું. એથી કાંઈ નહિ. એ તો દેહની ક્રિયા. અંતર પોતે સમાધિમાં આનંદમાં ચડી ગયા. માર્ગ દીઠો હતો. કેમ અંતરમાં જવાય એ તો દીઠો હતો. આહાહા..! એ જ કરવાનું છે અને કરવું હોય તો આ કર્તવ્ય છે. આહાહા..! બાકી મને સંભળાવો મરતા ને આ તે—એ બધી વાતું શુભવિકલ્પની વાતું છે. સમજાણું કાંઈ? અને સાંભળે અને એમાંથી એને સમાધિમરણ થાય એમ નથી. એ તો એક શુભવિકલ્પ હોય છે સાંભળવાને ટાણે. લક્ષ જ જ્યાં, સ્વભાવની દૃષ્ટિ જ જ્યાં નથી. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ એની ઘરે ગયો નથી, એની ભાવના ભાવી નથી અને રાગાદિની ભાવનામાં રોકાયેલો છે, એને નહિ આ વાત આવે અંદર. આહાહા..! એ કહે છે કે આહાહા..! કેવું એ સ્થાન? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એની સત્તાના સ્વીકારમાં જે અંતરમાં ભાવના નામ એકાગ્રતા થાય... આ પણ શ્રીમદ્‌માં આવે છે ને ‘આત્મ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.’ પણ એ આ ભાવના. ઓલા બોલવું ને ગોખવું (એ નહીં). આહાહા..! એ અહીં કહે છે જુઓ. આત્મ-ભાવના કરવી. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ એના તરફ ઢળવું અને બહારથી બધું મૂકી દેવું.

‘**તે (પદ) કેવું છે? વાણીને અગોચર...**’ વાણીથી અગમ્ય છે. વાણીને ખબર નથી. વાણી તો જડ છે. આહાહા..! ‘**વચનો દ્વારા કહી શકાય નહિ તેવું (અનિર્વચનીય) છે.**’ આહાહા..! ‘**તે કેવી રીતે પ્રાપ્ત કરે છે? પરમાર્થે સ્વતઃ જ (પોતાની મેળે જ)–આત્માથી...**’ દેખો! **પરમાર્થે સ્વતઃ જ પોતાની મેળે જ આત્માથી પ્રાપ્ત કરે છે.** સંસ્કૃત ટીકા છે હોં એ. ‘**स्वतः एव आत्मनैव परमार्थतो न पुनर्गुर्वादिबाह्यनिमित्तात्।**’ આહાહા..! કહો હવે આમાં નિમિત્ત. ટીકામાં છે. નિમિત્તથી નહિ. આહાહા..! એય.. ચેતનજી! આ તો અહીં આવ્યુંને એ તમારું. આહાહા..! નિમિત્ત અકિંચિત્કર છે ત્યાં. અને એ આવે છે ને બંધ અધિકારમાં નથી આવતું? અકિંચિત્કર છે. પરને જીવાડું, મારું... અકિંચિત્કર છે. ભાઈ! નિમિત્ત છે ભલે ચીજ, પણ એ અંતરમાં ઉપાદાનને કાંઈ મદદ કરે એમ નથી. આહાહા..!

‘**પરમાર્થે સ્વતઃ જ...**’ અરે..! તારી મોટપ તને ન બેસે. તારી વસ્તુની શક્તિનું માહાત્મ્ય ન આવે અને પરથી થાય એ બધી પાંગળાઈ છે. આહાહા..! બાપુ! તું ક્યાં અધૂરો અને ઓછો છો? નથી આમ બહારમાં કહેતા કાંઈ? આહાહા..! તે તું ભીખ માગવા બહાર નીકળે છો જ્યાં-ત્યાં. તારે ત્યાં ક્યાં ખામી છે? આહાહા..! એવો ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાનનો સ્વભાવ જેને અંતરમાં એકાગ્ર થઈ, એ પોતાથી થયું છે. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ અને આનંદનું સ્વરૂપ છે, એમાં સ્વતઃ પોતામાં એકાગ્ર થાય છે. ત્યારે તેને મુક્તિ થાય છે. એને કોઈ ગુરુ-શાસ્ત્ર, કોઈ દેવની જરૂર છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ગુરુ કહે ને હોય તો ભલે રહ્યું.

ઉત્તર :- હોય તો એને ઘરે રહ્યું. અહીં ક્યાં આવ્યું હોય તો? કારણ કે એના તરફ લક્ષ જાય તો તો રાગ થાશે. આહાહા..! એને ઘરે ક્યાં છે એનામાં? આહાહા..!

'**(પોતાની મેળે જ)–આત્માથી (પ્રાપ્ત કરે છે)...**' છે? જુઓ શબ્દ છે. '**ગુરુ આદિ બાહ્ય નિમિત્ત વડે નહિ;...**' સંસ્કૃત ટીકામાં છે. અંદર ટીકામાં છે ઓલી કોર. જુઓ ચેતનજી! આ તો તમારું અહીં ને અહીં આવ્યું. તમારું કહેવાય ને એ? લ્યો છે ને? અંદર ટીકામાં છે. '**न पुनर्गुर्वादि–बाह्यनिमित्तात्।**' ગુરુના નિમિત્તથી આત્માનું કલ્યાણ થાય એમ વસ્તુ છે નહિ કોઈ. આહાહા..! ત્રણ લોકના નાથ તીર્થંકરદેવનું આ ફરમાન છે. ભાઈ! તારામાં ક્યાં કચાશ અને ઊણપ છે? ભાઈ! તે તું બહારમાં માગવા જા. ગુરુની કૃપા થાય તો થાય, એનું આ થાય તો થાય. ભાઈ! તારી કૃપા તને થવી જોઈએ. આહાહા..! છે?

'**ગુરુ આદિ...**' આદિ એટલે? શાસ્ત્ર, દેવ, સત્સંગ '**આદિ બાહ્ય નિમિત્ત વડે નહિ;...**' પ્રાપ્ત થાય ભગવાન આત્મા. એમ કહે છે. આહાહા..! આ દેહાસર ને જાત્રા ને સમ્મેદશિખરની એનાથી આત્મા નહિ પ્રાપ્ત થાય, સમકિત નહિ થાય એમ કહે છે. ..ભાઈ! આહાહા..! હરિભાઈ ગયા? આવ્યા હતા? રોકાણા. આહાહા..! ઓહોહો..! જ્યાં અંદર નિર્વિકલ્પપણે સ્વમાં આવવું છે એમાંથી આ નિમિત્તનું લક્ષ ક્યાં રહે છે? અને નિમિત્ત એને શું કરી શકે ત્યાં? આહાહા..! સમજાણું કાંઈ?

'**ઉપાદાનનું નામ લઈએ જે તજે નિમિત્ત.**' એ એમ એક ફેરી બોલતા આવ્યા હતા ભાવનગર. મીલમાં રહેતા ને નરોત્તમદાસ. જેસંગભાઈના જમાઈ. એના મીલમાં રહેતા. નરોત્તમ-ભાઈ. જેસંગભાઈ એને મીલ છે ને. એક ફેરી અહીં આવ્યા હતા. '**ઉપાદાનનું નામ લઈએ જે તજે નિમિત્ત. પામે નહિ પરમાર્થને, રહે ભ્રાંતિમાં સ્થિત.**' પણ એ તો ઉપાદાનનું નામ લઈને કીધું છે. પણ ઉપાદાનનો ભાવ લઈને નિમિત્તને તજે તો તે કરવા જેવું છે. ડાહ્યાભાઈ! આહાહા..! અરે..! જીવો ક્યાં અટકે છે? અહીં તો ગુરુની પણ ના પાડી. પોપટભાઈ!

મુમુક્ષુ :- હવે અહીં આવવું કે ન આવવું એ નક્કી કરવું પડશે.

ઉત્તર :- એ તો કહ્યું નહોતું પહેલું કેશુભાઈએ? કેશુભાઈ છે ને ત્યાં આપણે? સ્થાનકવાસી. ત્યાં મુમુક્ષુ છે. વઢવાણમાં. આવ્યા હતા. હમણાં આવ્યા હતા. ઘણીવાર આવે છે. હુશિયાર માણસ. એને કહે તમે નિમિત્તથી કાંઈ લાભ ન થાય તો પછી તમે ત્યાં જાવ છો શું કરવા? એમ પૂછ્યું હતું. ડાહ્યાભાઈ! એને પૂછ્યું. ત્યારે કહે કે એ નિમિત્તથી ન થાય એવી દઢતાના ભાવ માટે જઈએ છીએ. કેશુભાઈ છે એક. વેપારી છે. છોકરાઓ હુશિયાર છે. નોકરી છે. આહાહા..!

કહે છે કે તારામાં પ્રભુ! પણ તું જ્યાં ધ્યાનમાં જા એની નિર્વિકલ્પદશામાં પર નિમિત્તને ક્યાં અવલંબે છે? આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો નિર્વિકલ્પદશા છે. અને એ નિર્વિકલ્પદશા નિર્વિકલ્પ તત્ત્વને અવલંબે થાય છે. એમાં નિમિત્તનું અવલંબન છે નહિ. આહાહા..! ભારે તકરારું

લોકોની એવી તકરાર. શ્રીમદ્‌માં ગયા હતા એક દિ'. શું કહેવાય એ? અગાસ-અગાસ. વ્યાખ્યાન સાંભળ્યું બધાએ. રાત્રે એક મારવાડી આવ્યો. મહારાજ! વાત તો તમે નિશ્ચયની કીધી એ તો બરાબર, પણ એનું સાધન? આ બધું. આ ભક્તિ કરવી ને આ કરવું. એય.. ડાહ્યાભાઈ! અરે.. બાપુ! પરના સાધન હોય એને? એમ કે કહ્યું છે ને એમાં 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય' ક્યા સાધન? એ (અજ્ઞાની) તો વ્યવહારના સાધન કહે છે. '**નિશ્ચય રાખી લક્ષમાં...**' લક્ષમાં એટલે નિશ્ચય ધ્યેય છે પણ એ વસ્તુ છે. એને જ્યાં શરણે ગયો એટલે વ્યવહાર ત્યાં રહેતો નથી. આહાહા..! ભારે ભાઈ ઝઘડા-ઝઘડા જગતના. ઓહોહો..!

પરમાત્માના પડ્યા વિરહ. જ્ઞાન-કેવળજ્ઞાનના અભાવ થઈ ગયા. મનઃપર્યય કે અવધિજ્ઞાન થવાનો કાળ ન રહ્યો. એમ આવે છે ને ભાઈ! પરમાત્મપ્રકાશમાં. પરમાત્મપ્રકાશમાં આવે છે. ત્રિલોકનાથ સર્વજ્ઞના વિરહ પડ્યા ભરતમાં. અને પ્રાપ્તિ કેવળજ્ઞાનની થાય તેનો પણ વિરહ પડ્યો. સાક્ષાત્ ભગવાનનો વિરહ પડ્યો અને કેવળજ્ઞાન ન થાય એવો વિરહ પડ્યો અત્યારે. આહાહા..! અને કોઈ મુનિ આમ કેવળજ્ઞાન પામે કે અવધિ પામે એવું કાંઈક ચમત્કાર દેખવામાં રહ્યો નહિ. એવા કાળમાં જે આત્માને આશ્રયે સમયગ્દર્શન-જ્ઞાન પામે છે, ધન્ય છે કહે છે. એમ કહે છે.

મુમુક્ષુ :- એ અલ્પકાળમાં મુક્તિ...

ઉત્તર :- હા. કહ્યું છે એમાં લખ્યું છે. આહાહા..! ભાઈ! આ તો આત્માના શ્રેયની વાતું છે, બાપુ! આ તો જન્મ-મરણ મટવાની વાતું છે. એ જન્મ-મરણનો અંત ક્યારે આવે? જન્મ-મરણનો સંયોગ એ દુઃખ નથી, પણ અંદર મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ભાવ છે એ દુઃખ છે. આહાહા..! સંયોગથી કથન તો એમ આવે. '**जमं दुःखं, जरा दुःखं रोगाय दुःखं मरणाय अहो दुःखो संसारो जत् किसंति जंतुणं**' જ્યાં જીવ ક્લેશ પામે છે, દુઃખી છે. આહાહા..! એવા સંસારમાંથી નીકળવું એ સંસારનો ભાવ જે સ્વભાવમાં નથી, આહાહા..! એવો જે ચૈતન્યસ્વભાવ એની અંતરની એકાગ્રતા, આહાહા..! એ વડે આત્માની શાંતિ સમ્યક્ આદિ પમાય છે. કહો, સમજાણું કાંઈ?

'**બાહ્ય નિમિત્ત વડે નહિ; જ્યાંથી એટલે પ્રાપ્ત થયેલા તે પદથી (મોક્ષસ્થાનેથી) તે પાછો આવતો નથી-**' છે ને? '**यतो नावर्तते पुनः**' પૂર્ણાનંદની દશા પ્રાપ્ત થાય તે પાછો પડતો નથી હવે. એ સંસારમાં આવતો નથી. અધૂરી દશા એને પૂર્ણમાં(થી) પડીને થતી નથી. એ શબ્દ મૂકવાનું કારણ કહ્યું. લોકો કહે ને મોક્ષમાં ગયા એ પાછા જગતના જીવોને તારવા અવતરે છે. ગીતામાં છે ને ભાઈ? ભાઈ! તને ખબર નથી ભાઈ! આહાહા..! એક સમ્યગ્દર્શન પામ્યો એ મિથ્યાત્વમાં આવતો નથી. એ પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય ને નીચલી દશામાં આવે (નહીં)— લોકોને એની ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે '**તે પાછો આવતો નથી-**' છે ને પાઠમાં? '**यतो नावर्तते पुनः**' ચોથું પદ છે. પૂર્ણ પરમાત્મ સહજાનંદ વીતરાગ નિજાનંદ સ્વરૂપી પ્રભુ, સુખના સ્વાદથી ભરેલો ભગવાન એમાં જેની એકાગ્રતા થાય, અને એ એકાગ્રતાથી જ મુક્ત થાય છે, એ મુક્તની દશા પાછી પડતી નથી.

આહાહા..! સમજાણું કાંઈ? શું થાય? '**અર્થાત્ ફરીને સંસારમાં ભમતો નથી.**'

'**ભાવાર્થ :- સાધકને નિર્વિકલ્પ દશામાં પોતાના આત્માનો આશ્રય અને સવિકલ્પ દશામાં અર્હંતાદિની ઉપાસનાદિ હોય છે.**' રાગ હોય ત્યારે ભગવાન અને દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા ને એ તો રાગ હોય ત્યારે હોય છે. છતાં એ રાગથી આત્મામાં જઈ શકાય છે એવું નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**ક્રમે ક્રમે આત્માનો આશ્રય વધતો જાય છે...**' પૂર્ણાનંદના નાથને અવલંબે ગયો, આશ્રય લીધો. આશ્રય શબ્દ પડે છે ને?

૧૧મી ગાથામાં એ છે. '**भूदत्थो खलु**' આશ્રય. '**भूदत्थो**'નો આશ્રિત. સત્યાર્થ વસ્તુનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય છે. કોઈ દેવ-ગુરુનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય છે એવું વસ્તુનું સ્વરૂપ ત્રણ કાળમાં નથી. આહાહા..! ભારે. તો પછી એને એમ શંકા રહે છે, કે અમે આ બધા પંડિતો છીએ, અમે આ બધી વાતું કરીએ છીએ. અમારાથી એને જ્ઞાન ન થાય તો એ અમને માનશે નહિ, બહુમાન આપશે નહિ. હવે પણ તારે શું કામ છે? આહાહા..! તારે આત્માનું કામ છે? કે દુનિયા માન આપે એનું કામ છે? દુનિયાના રિપોર્ટને.. શું કહેવાય એ?

મુમુક્ષુ :- સર્ટિફિકેટ.

ઉત્તર :- સર્ટિફિકેટ. એની ગુજરાતી શું ભાષા? પ્રમાણપત્ર. એ. દુનિયા પ્રમાણપત્ર આપે ત્યારે તું રાજી થા. આહાહા..!

મુમુક્ષુ :- શું તારામાં કાંઈ નથી?

ઉત્તર :- માલ તારામાં નથી પ્રમાણનો? આહાહા..! ઓલામાં આવે છે ને? નિજપ્રમાણ તે પ્રમાણ છે. એવું આવે છે. બીજા બધા પ્રમાણ નહિ.

મુમુક્ષુ :- એ પોતાનું.

ઉત્તર :- એ આવે છે શ્લોક. જયધવલમાં આવે છે. અનુભવનું પ્રમાણ તે પ્રમાણ છે.

મુમુક્ષુ :- પોતાના અનુભવનું પ્રમાણ.

ઉત્તર :- એ પ્રમાણ તે પ્રમાણ છે. આહાહા..! કહે છે... કહો, શિવલાલભાઈ! આ દેવ-ગુરુએ ના પાડી અહીં. તમારા બાપે પૂછ્યું હતું દસની સાલમાં. દેવ-ગુરુ-શાસ્ત્ર પર? એ ત્યાં અગાસ ભક્તિ બહુ કરતા. અગાસ જાતા અગાસ. તે દિ' તો લલ્લુજી હતા. દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ છે, એ શુદ્ધ પણ પર? લ્યો આટલું. અહીં તો કહે છે કે શુદ્ધ, એ અનંતવાર કહીએ છીએ કે એ પર છે. એ તારામાં એની નાસ્તિ અને એનામાં તારી નાસ્તિ છે. આહાહા..! જે વસ્તુમાં જેની નાસ્તિ એનાથી એને લાભ થાય (નહિ). આહાહા..! એ અહીં કહે છે.

જેને આત્માનો આશ્રય શરૂઆતથી લીધો, એણે ક્રમે-ક્રમે આશ્રયની વૃદ્ધિ કરતાં-કરતાં... આહાહા..! વધતો જાય છે '**અને ભગવાનની ઉપાસનાદિરૂપ વ્યવહાર ઘટતો જાય છે.**' જોયું! પર તરફનો વિકલ્પ ઓછો થતો જાય છે. એનાથી થાતું નથી પણ એ ઘટતો જાય છે. આહાહા..! બહુ આકરું! અત્યારે આ પંડિત અને ઘણા એ સાધુ આ વાતું કરે. એનાથી થાય... એનાથી થાય...

હમણાં કહ્યું નહિ ત્યાં ભાષણ આપતો હતો ઓલો સુમતિ. કેવા? અહીંયાં સાધુ આવ્યા હતા ને સાત. શું નામ હતું? પછી આવ્યા હતા ભાવનગર ગયા હતા. સુમતિસાગર? સાત જણા. ત્યાં ભાષણ આપતા હતા ત્યાં તલોદમાં. લાકડીના ટેકા વિના ચલાતા હશે? આવું ભાષણ દે. આહાહા..!

મુમુક્ષુ :- મુનિને તો લાકડીનો ટેકો હોય જ નહિ.

ઉત્તર :- ભલે ન હોય પણ માણસ ટેકો લાકડીનો લે છે કે નહિ? વૃદ્ધાવસ્થામાં ટેકો શું કરવા લે છે? નિમિત્ત વિના ચાલતો હશે? એવો દાખલો.

મુમુક્ષુ :- આધાર લેવો તો પડે છે.

ઉત્તર :- બિલકુલ આધાર નથી. એ લાકડી લાકડીને કારણે ચાલે છે. એ વખતે હાથમાં લાકડી પકડાણી જ નથી. હાથથી લાકડી ભિન્નપણે રહેલી છે.

મુમુક્ષુ :- પણ દરબારને પકડીને તો ચાલવું પડે છે. આપ જુઓ છો બારીમાંથી.

ઉત્તર :- હા, એ તો જોઈએ છીએ ને. એ દરબાર તમારા આવે છે ને એ. આવે છે. એ વાતમાં કાંઈ માલ નથી. એક હાથમાં છત્રી, એક હાથમાં લાકડી અને એક હાથમાં આમ દરબાર. રજકણે રજકણને અડતો નથી અને આધાર નથી ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- આપ રોજ જુઓ છો એ ખોટું?

ઉત્તર :- જોઈએ છીએ શું જોઈએ છીએ? એ ચાલે છે એટલે શું? લાકડીને લઈને ચાલે છે? દરબારને લઈને ચાલે છે એ? આહાહા..! આ રજકણની ક્રિયા આમ થાય માટે આત્મા ચાલે છે એમ પણ નથી. આત્માનું ક્ષેત્રાંતર થાય.. આ શરીરનું ક્ષેત્રાંતર થાય માટે આનું ક્ષેત્રાંતર થાય એમ પણ નથી. આહાહા..! માર્ગ વીતરાગનો બહુ બાપુ! આહાહા..!

જ્યારે અનંત દ્રવ્ય છે એમ જ્યારે તમે માનો, તો અનંત દ્રવ્યને એક દ્રવ્યના સહારો કહો, તો એક બીજાને, બીજાને ત્રીજો, ત્રીજાને ચોથાનો, તો અનંત રહેશે જ નહિ. અમરચંદભાઈ! આહાહા..! અનંત દ્રવ્ય જ્યારે કહો, અનંત આત્મા કહો, અનંત દ્રવ્ય કહો, અનંત રજકણ કહો. આહાહા..! એ અનંતની અનંતતા સ્વતંત્ર પર્યાયપણે થાય, તો અનંતની અનંતતા રહેશે, નહિતર અનંતના અંત આવી જશે એની દૃષ્ટિમાં. ત્યાં તો છે એ છે. આહાહા..! એ અહીં કહે છે.

**'આત્માનો આશ્રય વધતો જાય છે અને ભગવાનની ઉપાસનારૂપ વિકલ્પનો પણ અભાવ થાય છે.'** આહાહા..! એનાથી ન થાય પણ અંતર આશ્રય વધતો જાય અને અહીંથી ઘટતો જાય ત્યારે થાય. આહાહા..! આવી વાતું ભારે ભાઈ! **'પોતાના આત્માની ઉપાસના પૂર્ણ થતાં...'** ભગવાન આત્માની સેવા પૂર્ણ થતાં **'ભગવાનની ઉપાસનારૂપ વિકલ્પનો પણ અભાવ થાય છે.'** ભગવાનની સેવા-પૂજા એ વિકલ્પ છે, એ રાગ છે એનો તો અભાવ થાય છે. આહાહા..! **'તેનું નામ ભિન્ન ને અભિન્ન આત્મસ્વરૂપની નિત્ય ભાવના કરવી એમ કહેવામાં આવે છે.'** ભિન્ન-અભિન્નની વ્યાખ્યા થઈ. છોટુભાઈએ...

**'તે પ્રમાણે વીતરાગતા પૂર્ણ થતાં...'** આહાહા..! ભગવાન આત્માનો આશ્રય પૂર્ણ થતાં

એને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ '**કેવળજ્ઞાન પામી જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે...**' મોક્ષ પ્રાપ્ત કરે છે. આહાહા..! એમાં દેરાસર ને પ્રતિમા ને ભગવાન સાક્ષાત્ અને એની વાણી ને કાંઈ મદદ કરતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અહીં મદદ કરે એવું સમજાય ક્યાં?

ઉત્તર :- મદદ કોણ કરે? ક્યાં અંદર છે તે મદદ કરે? અંદરમાં ભાવ હોય એ એને મદદ કરે. એ તો આવી ગયું નહિ? સમાધિશતકમાં?

શરીરનો ભગવાન આત્મામાં અભાવ છે. તો (શરીરરૂપ) ભાવ એનો કર્તા અભાવ(રૂપ) આત્મા કેમ થાય? પછી કહ્યું કે કર્મનો જીવમાં અભાવ છે તો એ કર્મનું કર્તાપણું કેમ અંદર હોય? પછી કહ્યું રાગનો ભગવાન આત્મામાં અભાવ છે, તો અભાવ છે તે આત્મા રાગને કેમ કરે? આહાહા..! એમ દેવ ને ગુરુમાં આત્માનો અભાવ છે તો એનાથી અહીં કામ થાય એમ કેમ બને? આહાહા..! સમજાણું કાંઈ? દેવ-ગુરુનો અભાવ છે આમાં. હવે અભાવ છે એ અહીં ભાવને કેમ કરે? ભારે લુખ્ખું લાગે હોં.

'**કેવળજ્ઞાન પામી જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે અને મોક્ષસ્થાન પામ્યા પછી જીવ કદી સંસારમાં પાછો આવતો નથી; કેમ કે તેને રાગનો સર્વથા અભાવ વર્તે છે.**' રાગનો જ્યાં એક સમ્યક્ આનંદનું ભાન થયું એ પણ પાછો આવતો નથી, તો જેને પૂર્ણતા થઈ એ પાછો કેમ પડે? આહાહા..! એને પૂર્ણતાની ખબર નથી. આહાહા..! '**રાગ વિના સંસાર અર્થાત્ ભવભ્રમણ-જન્મ-મરણ હોય નહિ.**' એમ કે પાછો કેમ આવતો નથી? એમ સિદ્ધ કર્યું. સ્વને આશ્રયે વીતરાગતા પૂર્ણ પ્રગટ થઈ, એને રાગ નથી તો રાગ નથી તો પાછો કેમ ફરે? આહાહા..!

શું કહેવાય? આ જીવ મરી ગયા એને શું કહેવાય? પાછો ફર્યો કહે છે ને? જીવ મરે છે એમ નહિ, જીવ પાછો ફર્યો. એમ નથી કહેતા? જીવ પાછો થયો એમ કહે છે ને. જીવ પાછો થયો એમ કહે. આહાહા..! ત્યાંથી નહિ ને બીજે ગયો. રાગી પ્રાણી છે, પાછો થયો છે અહીંથી, અને પાછો બીજે ગયો. આહાહા..! એ મેલામાં લખાય છે. પોપટભાઈ! આપણને તો એવી કાંઈ ખબર નથી. વાતું સાંભળી હોય.

મુમુક્ષુ :- કાગળ લખાતા

ઉત્તર :- કાગળ લખાતા. એવું સાંભળેલું. જીવ પાછો થયો. મોટા ભાઈ પાછા થયા. એમ કહે છે. આહાહા..! એટલે ફરીને પાછા બીજે જાશે એમ કહે. આહાહા..! ભગવાન આત્મા જ્યાં પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ એ પાછો ફરે નહિ હવે. આહાહા..! પૂર્ણાનંદની દશામાં રહેશે એને અહીંયાં મોક્ષ કહેવામાં આવે છે.

**વિશેષ :—** '**આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જેમણે આત્માનો પૂર્ણ વિકાસ સાધ્યો છે...**' ભગવાન આત્માના સ્વરૂપની પ્રાપ્તિ માટે તે વસ્તુપણે તો છે, શક્તિપણે તો છે, એની પર્યાયમાં પ્રાપ્તિ માટે. આહાહા..! '**જેમણે આત્માનો પૂર્ણ વિકાસ સાધ્યો છે...**' જેની દશામાં આત્માનો પૂર્ણ વિકાસ સાધ્ય થઈ ગયો છે '**તેવા અર્હંત અને સિદ્ધ પરમાત્માના સ્વરૂપને યથાર્થપણે જાણી**

**તદ્રૂપ થવાની ભાવનામાં મગ્ન રહેવું,...**' આહાહા..! '**તેવા અર્હંત અને સિદ્ધ પરમાત્માના સ્વરૂપને યથાર્થપણે જાણી તદ્રૂપ થવાની ભાવનામાં મગ્ન રહેવું,...**' એટલે કેવળજ્ઞાન થવા માટે આત્મામાં મગ્ન રહેવું.

'**અને પછી પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો સદા દઢ અભ્યાસ કરવો.**' આહાહા..! પોતાનો અભ્યાસ આશ્રય કરીને. '**એમ કરવાથી વચનાતીત અતીન્દ્રિય પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે.**' આહાહા..! '**તે પદ પ્રાપ્ત કર્યા પછી સંસારમાં ફરીથી જન્મ લેવો પડતો નથી. સદાને માટે સંસારના સર્વ પ્રકારના દુઃખોથી જીવનો છૂટકારો થાય છે...**' મોક્ષ શબ્દ પડ્યો છે ને એટલે. મોક્ષ એટલે મૂકાવું થાય છે ને. દુઃખથી મુક્ત થાય છે. સુખની પ્રાપ્તિ કરે છે એ તો અસ્તિથી. મોક્ષ શબ્દ લેવો છે ને? દુઃખથી મૂકાય છે. દુઃખથી મૂકાય છે, સુખથી પ્રાપ્ત થાય છે. અસ્તિ-નાસ્તિ. આહાહા..!

વાત એ છે કે જેને પોતાના સ્વભાવના સામર્થ્યની ખબર નથી એને એમ કે નિમિત્તથી થશે, હું પાંગળો છું, મને ટેકો મળશે. આહાહા..! સમજાણું કાંઈ? સોળ કારણ ભાવના છે ને? તીર્થંકરગોત્ર. એ બધો તો રાગ છે. આ મારે તો ત્યાં એ લેવું હતું, ઓલો અભિક્ષણ જ્ઞાન ઉપયોગ કહે છે ને લોકો? ફલાણા અભિક્ષણ પણ અભિક્ષણ, જ્ઞાન ઉપયોગ એ વિકલ્પ છે.

મુમુક્ષુ :- એ તો મનનું કારણ.

ઉત્તર :- મનનું કારણ. આહાહા..! એ સોળ બોલમાં આવે છે ભાઈ! અભિક્ષણ જ્ઞાન ઉપયોગ. અભિક્ષણ વારંવાર એના ભેદના વિકલ્પનો વિચાર એ પણ વિકલ્પ રાગ છે, સ્વભાવ સન્મુખની એકાગ્રતા તે વીતરાગતા છે. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, એ ભાવ પણ અશુદ્ધ ઉપયોગ છે. આહાહા..! અને અશુદ્ધ ઉપયોગ તીર્થંકર પ્રકૃતિ બંધાવામાં નિમિત્ત છે.

ભગવાન આત્માનો શુદ્ધ ઉપયોગ એ બંધને નિમિત્ત છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સોળ બોલ લીધા છે ને? દર્શન વિશુદ્ધિ, વિનય સંપન્નતા, વૈયાવચ્ચ, અભિક્ષણ જ્ઞાન ઉપયોગ, છ આવશ્યકની પરિહાણી ન થવી. સામાયિક આદિ.. એ બધો વિકલ્પ છે એ તો. આહાહા..! બંધન આવ્યા ને? સવારે કહ્યું હતું ને ઓલું? નિન્હવને અંતરાય ને. એ રાખ્યું છે હોં પુસ્તક રાખ્યું હતું ને? નથી? છે. છે. એ આજ જોયું હતું. ઓલું બધું જોયું હતું.

પ્રદોષ, નિન્હવ, માત્સર્ય, અંતરાય, આશાતના, ઉપઘાતા. એ છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય છે. પણ એ ભાવ જે છે એ શુદ્ધ ઉપયોગથી વિરૂદ્ધભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ જ્ઞાનાવરણીય બંધન તો પરમાણુ તો એની પર્યાયથી પરિણમે છે. એને આ ભાવ નિમિત્ત છે. તો કહે છે કે શુદ્ધ ઉપયોગમાં આ અશુદ્ધ ઉપયોગ છે જ નહિ. આહાહા..! આત્માનો શુદ્ધ ઉપયોગ તે આત્માનો છે. આવા અશુદ્ધ ઉપયોગની હયાતી છે, પણ એ આત્માનો નથી. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આત્માનો નથી. આ તો રાજી રાજી થઈ જાય. એવા બહુ શબ્દ આવે છે હોં ઓલા સોળમાં નહિ. દર્શનવિશુદ્ધિ, વિનય સંપન્નતા. લ્યો. વિનય સંપન્નતા એ વિકલ્પ છે.

દેવ-ગુરુના બહુ વિનયમાં આવવું એ વિકલ્પ છે, રાગ છે, એ બંધનું કારણ છે. આહાહા..! વાતું ભારે ભાઈ!

શીલવૃત્તિ ... અણઅતિચારો. પોતાના વ્રતમાં અતિચાર ન થવા દેવા એવો પણ એક વિકલ્પ છે, રાગ છે. આહાહા..! અભિક્ષણ જ્ઞાન ઉપયોગ લ્યો. આ બહુ લોકો કરે. કે જ્ઞાન ઉપયોગ અભિક્ષણ વારંવાર જ્ઞાન ઉપયોગ. પણ એટલે શું? આહાહા..! એ જ્ઞાનના વિકલ્પની ચર્ચા આદિ એ બધો અભિક્ષણ ઉપયોગ એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપાધ્યાય હોય એ...

ઉત્તર :- ઉપાધ્યાય પણ એ છે. ઉપાધ્યાયનું લક્ષ જાય તો રાગ છે અને ઉપાધ્યાય બીજાને ભણાવવા જાય ત્યાં રાગ છે. અહીં તો સંવેગને વિકલ્પ કીધો છે. સંવેગો તીર્થંકરગોત્ર બંધાય છે ને? આહાહા..! શક્તિ તપ-ત્યાગ. શક્તિ પ્રમાણે તપ, ત્યાગ એ પણ એક વિકલ્પ છે. આહાહા..! વીતરાગપણું તો સ્વને આશ્રયે થાય છે. પરનો આશ્રય જાય છે ત્યાં તો રાગ જ થાય છે. આહાહા..! તપસિ, સાધુ, સમાધિ... સાધુને સમાધિ દેવી એટલે આહાર—પાણીની અનુકૂળતા, સેવા એ બધો વિકલ્પ રાગ છે. સમજાણું કાંઈ?

શ્વેતાંબરમાં એમ કહેવાય પાઠમાં ભગવતીસૂત્રમાં. સાધુને આહાર-પાણી દે તો સંસાર પરિત થાય. બિલકુલ જૂઠી વાત છે. પરદ્રવ્યને ચાહે તો તીર્થંકર હોય, જ્યારે છદ્મસ્થપણે અને સાધુપણામાં હોય, ભીક્ષા લેવા આવે એને આહાર-પાણી દે તો એ શુભરાગ વિકલ્પ છે. આહાહા..! એનાથી ધર્મ થાય (નહિ), ઓહોહો..! આવું સ્વરૂપ એને સાંભળવામાં પણ એને મહેનત પડે. આહાહા..!

મુમુક્ષુ :- ઝાટકો લાગે

ઉત્તર :- ઝાટકો લાગે છે. સાચી વાત છે. વૈયાવૃત્ત લ્યો ઠીક.

આ એક ચર્ચા ચાલી હતી અમારે ઘણા વર્ષ પહેલાં હોં. કે વૈયાવચ્ચ કરવાથી તીર્થંકરગોત્ર બંધાય છે. આવે '**वैयावच्चे भंतेजीवेकिं भणइ**' ૨૯ બોલ, ૭૩ બોલ, ૨૯. મેં કીધું ભાઈ એ વૈયાવચ્ચથી નિર્જરા નથી એ તો વિકલ્પ છે. ઘણા વર્ષ પહેલાંની વાત છે. સેંથળી છે. બોટાદ પાસે સેંથળી ગામ છે. ત્યાંના એક સાધુ થયો છે ને મુલચંદજી, બોટાદનો. ત્યાં ઓલો ઠાકરશી ગોપાણીનો દીકરો ભુરો. શિવલાલભાઈ! ઠાકરશી ગોપાણી હતા ને? વસ્તા ગોપાણી અને ઠાકરશી ગોપાણી. એનો ભુરો છે ને અત્યારે અમદાવાદમાં? આપણે ખાડિયાના મંદિર પાસે એમ છે. વ્યાખ્યાનમાં આવે. જૂનો માણસ ઘણાં વખતનો.

એ ત્યાં ગોપાણીનું અંદર હતું. એ લાવ્યો હતો આ ચર્ચા. સેંથળી. કે ત્યાં તો મૂળચંદજી આમ કહે છે કે વૈયાવચ્ચથી લાભ થાય, નિર્જરા થાય. મેં કીધું બાપુ! એમ નથી હોં. વૈયાવચ્ચથી તીર્થંકર-ગોત્ર બાંધે એનો અર્થ શું થયો? એ તો રાગ છે. એય .. ભાઈ! સેંથળી નથી? ઓલો સાધુ થયો છે સેંથળી.. થયો. હમણા થયો છે. આ તો ઘણા વર્ષની વાત છે. ૮૧ની વાત છે. ગઢડે ચોમાસુ જાવું હતું ને. ૮૧-૮૧. ગઢડે ચોમાસુ જાવું હતું. વરસાદ ઘણો આવી ગયેલો. તે દિ' ત્યાં આમ સીધા

જાતા હતા. ખસથી સેંથળી થઈ અને ગઢડા જાતા હતા. તે દિ'ની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૦. એ આમ કહે છે મૂળચંદજી.

બાપુ! વૈયાવચ્ચથી તો તીર્થંકરગોત્ર બંધાય એમ કહ્યું છે. એમાં નિર્જરાની ખબર ક્યાં આવી? આ પ્રવચનસારમાં આવે છે નહિ? સાધુને કાંઈ રોગ થાય, આ થાય, બીજા સાધુએ એની વૈયાવચ્ચ કરવી જોઈએ. એ વિકલ્પમાં આવે તો એનો ખ્યાલ આવે તો વૈયાવચ્ચમાં જાય છે. બાકી ધ્યાનમાં હોય તો વિકલ્પ ન આવે તો વૈયાવચ્ચનું લક્ષ પણ હોતું નથી. આહાહા..! શક્તિ, તપ, ત્યાગ, સાધુ વૈયાવચ્ચ. હવે આ વૈયાવચ્ચ. અર્હંત, આચાર્ય, બહુશ્રુત પ્રવચન ભક્તિ. અરિહંતની, આચાર્યની બહુશ્રુતની પ્રવચનની ભક્તિ એ શુભરાગ છે. તીર્થંકરગોત્ર બંધાવાનું કારણ છે.

આવશ્યક અપરિહાણી. છ આવશ્યકને હીણું થવા ન દેવું. છ આવશ્યક બરાબર કરવા. એ પણ વિકલ્પ છે. આહાહા..! માર્ગ પ્રભાવના. લ્યો! પ્રવચન વાત્સલ્યં. માર્ગ પ્રભાવના અર્થે આ મેં કર્યું. આવ્યું ને? નિયમસારમાં. પ્રવચનસાર. પંચાસ્તિકાય. નિયમસારમાં તો મેં મારી ભાવના માટે આ બનાવ્યું છે. પંચાસ્તિકાયમાં પ્રવચનની ભક્તિથી મેં આ કર્યું છે. એમ કહ્યું. વિકલ્પ છે ને. .. આહાહા..! બહુ માર્ગ ભાઈ!

૯૯. **'તે પદ પ્રાપ્ત કર્યા પછી સંસારમાં ફરીથી જન્મ લેવો પડતો નથી. સદાને માટે સંસારનાં સર્વપ્રકારના દુઃખોથી જીવનો છૂટકારો થાય છે અને તે સદા જ્ઞાનાનંદમાં મગ્ન રહે છે.'** આહાહા..! **'પ્રસ્તુત શ્લોકમાં...' 'स्वतः एव' 'શબ્દો ઘણા અર્થસૂચક છે.'** લખે છે ભાઈ છોટાભાઈ વિશેષ. સ્વતઃ શબ્દ છે ને? **'તે બતાવે છે કે પરમાત્મપદની પ્રાપ્તિ પોતાનામાંથી જ પોતાના પુરુષાર્થથી જ થાય છે.'** છે ને? આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની કોઈપણ એને મદદ છે એમ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

**'પુરુષાર્થથી જ થાય છે. તેમાં તીર્થંકર ભગવાન આદિની ઉપાસના, દિવ્ય-ધ્વનિ,...'** પણ આત્માને કામ કરતું નથી લાભ. આહાહા..! ભગવાનની દિવ્યધ્વનિથી પણ આત્માને સમકિત થતું નથી, જ્ઞાન થતું નથી.

મુમુક્ષુ :- એ પરમાત્મપ્રકાશમાં એમ લીધું છે.

ઉત્તર :- એમાં આવ્યું દિવ્યધ્વનિનું આવ્યું છે. વેદ અને શાસ્ત્ર. વેદ એટલે દિવ્યધ્વનિ અને શાસ્ત્ર એટલે મુનિઓના શાસ્ત્રો એમ. દિગંબર સંતોના કહેલા. એનાથી પણ આત્મા જણાય એવો નથી. આહાહા..! બહુ લુખ્ખું લાગે. વીતરાગભાવ છે ને બાપુ આ તો. આહાહા..!

**'દિવ્ય-ધ્વનિ, ગુરુના ઉપદેશાદિ બાહ્ય નિમિત્તો હોવા છતાં નિમિત્તોથી નિરપેક્ષપણે...'** નિમિત્તથી નિરપેક્ષપણે **'પરમપદની પ્રાપ્તિ થાય છે.'** આહાહા..! રાગની, મિથ્યાત્વની ઉત્પત્તિ પણ કર્મના નિમિત્તની ઉપેક્ષાથી (એટલે), પરકારકની જેને અપેક્ષા નથી. વિકાર થવામાં પરકારકની અપેક્ષા નથી. નિર્વિકારી થવામાં પર નિમિત્તની અપેક્ષા નથી. આહાહા..! બહુ આકરું આ. નિમિત્તને ભારે સ્થાપે છે લોકો. એ અહીં આચાર્ય તો નિમિત્તને ઉડાવી દે છે. આહાહા..!

**'નિમિત્તથી કદી થતી નથી, કેમકે જ્યાં સુધી નિમિત્ત તરફ લક્ષ હોય ત્યાં સુધી આત્મા તરફ લક્ષ વળતું નથી.'** આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો થઈ ગઈ વાત. આમાં નથી શબ્દ એ. પછી આવશે. અહીં તો આ બીજો પેરેગ્રાફ ચાલે છે ને હજી તો. બીજો ચાલે છે.

**'નિમિત્તથી કદી થતી નથી, કેમકે જ્યાં સુધી નિમિત્ત તરફ લક્ષ હોય ત્યાં સુધી આત્મા તરફ લક્ષ વળતું નથી.'** ત્યાં સુધી આવ્યું છે. પછીનો પેરેગ્રાફ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ ૨, શનિવાર તા. ૯-૦૮-૧૯૭૫
## શ્લોક - ૯૯-૧૦૦,
## પ્રવચન - ૧૧૪

૯૯નો છેલ્લો ભાગ. ૯૯ ગાથા છે ને? **'પરમાત્મા થવાની શક્તિ પોતાનામાં મોજૂદ છે.'** સમાધિતંત્ર છે ને? સમાધિતંત્ર એટલે સમાધિશાસ્ત્ર અથવા સમાધિરૂપ ઔષધિ કે જે ઔષધિથી જન્મ-મરણ રોગ મટે છે. તો કહે છે કે એ જન્મ-મરણ રહિત એનો સ્વભાવ જ શક્તિરૂપે પરમાત્મા છે. ભગવાન આત્માનો સ્વભાવ અબદ્ધસ્પૃષ્ટ એટલે મુક્ત છે. એવી મુક્ત થવાની જ એનામાં શક્તિ છે. આહાહા..! સમજાણું? આ આત્મા જે છે એ પરમાત્મા થવાની શક્તિ એટલે પૂર્ણ પરમાત્મ દશા પર્યાયમાં થાય એવી એનામાં તાકાત જ છે. આહાહા..!

મુમુક્ષુ :- ત્રિકાળ.

ઉત્તર :- ત્રિકાળ. આહાહા..!

**'પરમાત્મા થવાની...'** પરમસ્વરૂપની પ્રાપ્તિ પર્યાયમાં પૂર્ણાનંદની, પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થવાની શક્તિ પોતામાં મોજૂદ છે. આહાહા..! **'તે શક્તિનું સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન-જ્ઞાન કરી,...'** છોટાભાઈએ એનો ખુલાસો સાધારણ સ્પષ્ટ ટૂંકામાં કર્યો છે. પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન, પરમ-આનંદ સહજ નિજાત્મ વીતરાગ આત્મસ્વભાવમાં આનંદના રસમાં એ લીન જ છે સ્વરૂપ. આહાહા..! સમજાણું કાંઈ? એ સોળે સોળ આના આનંદ સ્વભાવથી ભરેલો ભગવાન છે. આહાહા..! એ પોતાની શક્તિનું સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન (કરી). પણ એની શ્રદ્ધામાં એ આવવું જોઈએ એમ કહે છે. એને વિશ્વાસ આવવો જોઈએ કે હું તો પૂર્ણ આનંદ અને પૂર્ણ વીતરાગ મુક્તસ્વરૂપ જ છું. આહાહા..! અરે..! વસ્તુ છે એ તો કૃતકૃત્ય જ છે. સમજાણું કાંઈ? એવું એના વિશ્વાસમાં, રુચિમાં, શ્રદ્ધામાં, પોષાણમાં આવવું જોઈએ. આહાહા..! કહો, ડાહ્યાભાઈ! પહેલી વાત આ છે. આહાહા..! વ્યવહાર-બ્યવહારના વિકલ્પો એના સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! અને એ અલ્પજ્ઞ રહે એવો

એનામાં સ્વભાવ નથી. આહાહા..! એ તો પૂર્ણ જ્ઞાનાનંદ સહજાત્મ સ્વભાવ થવાની શક્તિરૂપે પડેલું તત્ત્વ છે. આહાહા..!

વર્તમાન પર્યાયની પ્રગટતાના વેદનમાં પર્યાયની પાછળ શું છે એની એને પ્રતીત નથી. આહાહા..! કારણ કે પ્રગટ પર્યાય છે. વસ્તુ છે તે અપ્રગટ-અવ્યક્ત કીધી છે ને? અવ્યક્ત છે એ પર્યાયની અપેક્ષાએ. વસ્તુ તરીકે તો પ્રગટ છે જ સત્તા. આહાહા..! એની શ્રદ્ધા, એની શ્રદ્ધા નામ એના જ્ઞાનમાં એ ચીજ ભાસે કે આ તો પૂર્ણ મુક્ત સ્વરૂપ છે, અબદ્ધસ્પૃષ્ટ છે. એવું જેને અંદર જ્ઞાનની પર્યાયમાં એને ધ્યેય-જ્ઞેય બનાવીને ધ્યાનમાં એનું જ્ઞાન થાય ત્યારે એની પ્રતીતિ થાય કે આત્મા આવો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુ મોજૂદ પડી છે, એ મોજૂદ પડી છે. એની શક્તિ સિદ્ધ થવાની એની શક્તિ જ છે. વિપરીતપણે રહેવું કે અલ્પજ્ઞપણે રહેવું એ એનું સ્વરૂપ નથી. આહાહા..! જ્ઞાનરસ-એ સત્‌નું સત્ત્વ જ્ઞાનરસ, જ્ઞાનથી પરિપૂર્ણ પડેલું છે. આનંદના રસથી પરિપૂર્ણ પડેલું તત્ત્વ છે. એમ જે અંદર શ્રદ્ધા ગુણ છે એવા શ્રદ્ધાગુણથી પરિપૂર્ણ પડેલું એ તત્ત્વ છે. પ્રગટ શ્રદ્ધા બીજી વાત છે. અને શાંત... શાંત... શાંત... એકલો શાંતરસ એટલે કે ચારિત્રભાવ, પર્યાયની વાત નહિ, ત્રિકાળ (ચારિત્રભાવ) એટલે કે વીતરાગભાવસ્વરૂપ જ એ આત્મા છે. એની શક્તિ વીતરાગ થવાની તાકાતવાળી છે. આહાહા..! એને પ્રાપ્ત કરવા માટે બહારથી કોઈ સાધનની જરૂર નથી. એ પોતે જ સાધન છે. આહાહા..!

‘**તે શક્તિનું...**’ શક્તિ એટલે સત્ત્વ, તેનું સામર્થ્ય, તેનો સ્વભાવ. પરમેશ્વર થવાનો જ એનો સ્વભાવ છે. પ્રભુત્વપણે થવું એ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પણ એ શક્તિનું સમ્યક્ પ્રકારે એ કેમ કહ્યું? કે જ્ઞાનમાં તો એને બેસે ધારણામાં. અગિયાર અંગ ભણ્યો છે એમાં એ વાત એને આવી હતી ને? નહોતી આવી? દ્રવ્યનું જ્ઞાન તો આવ્યું હતું એને. પણ એ દ્રવ્યનું જ્ઞાન સ્વરૂપ સન્મુખ થઈને ‘આ છે’ એવું ખ્યાલમાં આવ્યા વિના એની એને પ્રતીત હતી. આહાહા..! સમજાણું કાંઈ?

એ કહ્યું હતું નહિ એક ફેરી? ભાઈએ પ્રશ્ન કર્યો હતો. વારિયા. આ તમે કારણપરમાત્મા કહો છો આત્માને, તો કારણપરમાત્મા હોય એનું કારણ છે તો કાર્ય આવવું જોઈએ. ભાઈ .. તમારે ત્રિભુવનભાઈ. ત્રિભુવનભાઈ ત્યાં એને ખબર છે ને. કારણપરમાત્મા જ્યારે તમે કહો તો કારણ છે તો એનું કાર્ય આવવું જોઈએ. બરાબર છે. પણ એ કારણપરમાત્મા છે એવી દૃષ્ટિ અને વિશ્વાસમાં આવ્યો છે એને? એ કારણપરમાત્મા વિશ્વાસમાં આવે તો એ કારણપરમાત્મા છે એમ એના ખ્યાલમાં આવ્યું. તો એ કારણપરમાત્માનો સ્વભાવ પૂર્ણાનંદ છે એવી પ્રતીત થઈ તો કાર્ય સમ્યક્ આવ્યું તે. સમજાણું કાંઈ?

અહીં સમ્યક્ પ્રકારે શબ્દ વાપર્યો છે ને. તે સાક્ષાત્‌પણે જેવી ચીજ છે, પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ શાંતિ, શાંતિનો એ સાગર છે. એવી એને સ્વસન્મુખ થઈને એના વિષયમાં તે જ્ઞેય થઈને એ જ્ઞાનમાં જણાય ત્યારે એને પ્રતીતિ યથાર્થ થાય. આહાહા..! કાંતિભાઈ! આવો માર્ગ

ભારે, ભાઈ! લોકોને બહારથી ગોતવું છેને બહારમાં છે નહિ. આહાહા..! કેમ કે બહિરાત્મા એને કહીએ કે જે એની ચીજમાં નથી એને (પોતાની) માનવી. પોતાને પુણ્યવાળો, દયાવાળો, દાનવાળો, ભક્તિવાળો આત્મા માનવો. એ ભાવ તો એનામાં છે નહિ. એને માનવો એ તો બહિરાત્મા થયો. જે બાહ્ય છે તે એમાં નથી એને માનવો એ તો બહિરાત્મા છે. આહાહા..! જે અંતરમાં છે એને માનવો એ અંતરાત્મા છે. સમજાણું કાંઈ? વાત જરી ઝીણી લાગે પણ વાત તો આ છે. આહાહા..! કારણ કે બાહ્યના કોઈ કારણો રાગની મંદતાના, ભક્તિના, પૂજાના, જાત્રાના કરે તેથી તે પ્રાપ્ત થાય એવો એ આત્મા નથી. આહાહા..! એ તો પરમાત્મ પરમેશ્વર સ્વરૂપે જ છે.

દરેક ગુણ ઈશ્વરતા ધરાવે છે. પ્રભુત્વ ગુણ છે ને. એનો એક પ્રભુત્વગુણ છે. એનામાં પરમેશ્વર થવાનો ગુણ છે. શક્તિ કીધું ને અહીંયાં? એ પ્રભુત્વ એવો એનો શક્તિ-ગુણ જ છે અને તેથી એ પ્રભુ થઈ શકે એવી તાકાત રાખે છે એ. આહાહા..! એવા એવા અનંત ગુણો દરેક ગુણને પ્રભુત્વપણું એને લાગુ પડે છે. સમજાણું કાંઈ? જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત સામાન્ય ગુણો અને અનંત વિશેષ ગુણો, અનંત છે બેય. અસ્તિત્વ આદિ છે, એ તો સાધારણ વ્યાખ્યા ટૂંકી કરીને આચાર્યે કહ્યું. પણ પાછું કહ્યું એમ કે ભાઈ! જો ભગવાન આત્મામાં વસ્તુત્વ, દ્રવ્યત્વ આદિ છ સામાન્ય કહ્યા એ એટલા જ છે એમ નહિ, સામાન્ય અનંત છે. આહાહા..! સામાન્ય ગુણ અનંત છે. અસ્તિત્વ ને વસ્તુત્વ ને પ્રદેશત્વ, દ્રવ્યત્વ ને એવા છ તો સંક્ષેપમાં, ટૂંકામાં સમજાવવા માટે કહ્યા. એવા અનંત છે એક આત્મામાં. અને જ્ઞાન, દર્શન અને આનંદ વિશેષ એવા પણ અનંત ગુણ છે એનામાં. આહાહા..! એવા અનંત ગુણનું શક્તિનું સત્ત્વ તે પરમાત્મા અને તે દરેક ગુણને તે ઈશ્વરતા લાગુ પડે છે. પ્રભુત્વ કીધું ને? દરેક ગુણને પરમેશ્વરતા, ઈશ્વરતા લાગુ પડે છે. એવી ઈશ્વર શક્તિનો એ ધણી છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એને '**સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન...**' એટલે કે સત્યનું સત્‌પણે શ્રદ્ધાન. કલ્પનાપણે, ધારણાપણે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન-**' અને સમ્યક્ સાચાપણે તેનું જ્ઞાન, તેને જ્ઞેય બનાવીને, ધ્યાનનું ધ્યેય બનાવીને, ધ્યાનમાં તેનો વિષય બનાવીને જે જ્ઞાન થાય તે તેનું જ્ઞાન કહેવાય. આ શાસ્ત્ર ભણતર-બણતર તે બધા જ્ઞાન નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એમ કહ્યું ને? '**તે શક્તિનું સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન-જ્ઞાન...**' એનું જ્ઞાન. પ્રવિણભાઈ! શાસ્ત્ર ભણ્યા એ જ્ઞાન નથી. એ એનું જ્ઞાન નથી. એ તો પરસત્તાવલંબી જ્ઞાન બંધનું કારણ જ્ઞાન. જે શક્તિને સત્ત્વ છે પ્રભુનું.. ઓહોહો..! પરમેશ્વર પરમેશ્વર શક્તિએ પૂરો પ્રભુ છે. એક એક શક્તિએ એવી અનંત શક્તિનું ઈશ્વરપણું એનો સ્વભાવ જ છે. એવી એને સમ્યક્ શ્રદ્ધા થાય, સત્ય-સાચી શ્રદ્ધા થાય, સાચી-સત્ય-જે રીતે છે તે રીતે પ્રતીતમાં આવે ક્યારે? કે એની સન્મુખ થઈને જ્યારે એમાં લીન થાય. પછી ચારિત્ર લીધું છે.

'**સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન-જ્ઞાન કરી, આત્મસન્મુખ થઈ...**' એ તો સન્મુખ થયો ત્યારે તેને જ્ઞાન અને શ્રદ્ધા થઈ. પણ વધારે એમાં સ્થિર થવાની અહીં વાત લે છે જરી. '**આત્મસન્મુખ થઈ**

**તેને પ્રગટ કરવાનો અવિરત પ્રયત્ન કરવામાં આવે...**' સ્વરૂપમાં જે શુદ્ધ ચૈતન્ય ભગવાન. આહાહા..! એક તો એ વાત છે કે બાહ્ય કોઈપણ પદાર્થની સુંદરતાની અધિકતા જેને ભાસે અને બાહ્યની ચીજનો દેખાવ થવાથી કાંઈક વીર્યમાં હર્ષિત-ઉલ્લસીત વીર્ય થાય એ પરમાં સુખ માનનારા છે. આહાહા..! શરીરની સુંદરતા, પૈસાની અનુકૂળતા, આ પૈસાની અનુકૂળતા, બાયડીની અનુકૂળતા, મકાન પાંચ-પચ્ચીસ લાખનું કરીને કારણ કે દેખવાથી જરીક અંદર આમ રાજીપો આવી જાય તો એને એ પરમાં સુખબુદ્ધિ છે. એને સ્વ સત્ત્વ સુખની ઈશ્વરતાથી ભરેલું છે એની એને શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

કોઈપણ પદાર્થ—ઈન્દ્રના ઈન્દ્રાસનો, કરોડો ઈન્દ્રાણીના સંયોગવાળો ઈન્દ્ર. એ પણ સાંભળતા એને કાંઈક ઊંડાણમાં એમ આવે કે આહાહા..! તો એને એ પરપદાર્થમાં હજી રાજીપો છે. આહાહા..! એનો અર્થ કે પરપદાર્થમાં મારું સુખ છે. મને જે મજા પડે છે એ પરપદાર્થને લક્ષે મારી મજા પરમાં છે. આહાહા..! મારી મજાનો સ્વભાવ જ મારો અનંત આનંદ એ મજારૂપ છે. આહાહા..! એના ઉપર વીર્યને ઉલ્લસિત કરીને, વીર્યમાં ઉલ્લસિત થઈ જેમ આમ ઉલ્લાસ પામે છે જરીક બહારમાં, એ ઉલ્લાસ બહારનો છોડી દઈને. આહાહા..! અંતરમાં સન્મુખ થઈને તેને પ્રગટ કરવાનું શક્તિરૂપ છે તેને વ્યક્ત કરવાનો, શક્તિને બાહ્યમાં વ્યક્તરૂપે આવે એને માટે અવિરત.. આહાહા..! પ્રયત્ન કરવામાં આવે. અવિરત નામ નિરંતર તે સન્મુખ પ્રયત્ન કરવામાં આવે તો પરમપદની પ્રાપ્તિ અવશ્ય થાય. તેને મુક્તિ પરમાત્મપદ સિદ્ધ થયા વિના રહે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ ૯૯નો સરવાળો કર્યો એણે.

હવે ૧૦૦. ૧૦૦ ગાથા. આ રાણીઓ આદિ ઓલામાં હોય છે ને? શું કહેવાય એ? અંતર પડદામાં—અંતર ઓજલ ઓજલમાં. ઓજલમાં હોય એ બહાર આવે તો લોકો આમ ચાલી નીકળે જોવા. આહાહા..! એ રાણી સાહેબા આવવાના છે. ભાવનગરની રાણી બહાર નીકળ્યા હતા એક ફેરી પહેલા. ઓજલમાં હતા. પછી બધું છોડી નાખ્યું હતું ને. બહાર ખુલ્લા... લોકો આમ જોવા (નીકળેલા) ઓહોહો..! એ જોવાની એને વિસ્મયતા આવે છે. એ આનંદ આત્માની વિસ્મયતા ભૂલી ગયો છે. સમજાણું કાંઈ? આ વડીયા છે ને ભાઈ વડિયા? ત્યાં હતા ને ભાઈ તે દિ' તમે અને નારણભાઈને હતા. (સંવત) ૧૯૯૬, ૯૬માં. પછી વડિયા દરબારની રાણી હતી. લોકોને તો ...

મુમુક્ષુ :- કારભારી હતા.

ઉત્તર :- કારભારી હતા. ભાઈ ખીમચંદભાઈને? કારભારી હતા ખીમચંદભાઈ. પછી ત્યાં એ રાજા હુશિયાર હતો જરી લૌકિક. એટલે રાજાના દીકરા કુંવરો રાજપદ પ્રાપ્ત થયા પહેલાં આની પાસે લેવા આવતા હતા બધું. શું કહેવાય તમારો એ અભ્યાસ.

મુમુક્ષુ :- નાના કુંવરો હોય ને એને તૈયાર કરવા માટે...

ઉત્તર :- તૈયાર કરવા માટે એ રાજ પાસે લાવતા. રાજા પાસે લાવતા. એ રાજાના કુંવરો બધા વ્યાખ્યાનમાં આવતા તે દિ' ૯૬માં. ત્યાં અમે જુનાગઢથી આ બાજુ નીકળ્યા હતા. મારે તો બીજું કહેવું છે. લોકોને તો એમ કે આ રાજા આવો હુશિયાર, જેને ઘરે રાજના કુંવરો ભણવા આવે

અભ્યાસ કરવા. રાજની પદ્ધતિ કેમની. એની રાણી તે કેવી હશે? લોકોને જોવાનું મન થાય. એમાં અમારે આહાર ટાણાની વિનંતી કરી દરબારે. મહારાજ! ઘરે આહાર લેવા પધારો. ત્યાં બ્રાહ્મણની રસોઈ છે. રાજા તો ઠેકાણા વિનાના હોય ને. પણ બ્રાહ્મણની રસોઈ હતી. અંદર જ્યાં ગયા તો રાણી હતી તે જુઓ તો તમારે મોટું કોથળા જેવું (શરીર). કોઠી હોય ને કોઠી? લબડતું. કાંઈ ઠેકાણું ન મળે. ત્યારે ઊભી હતી, આવી હતી. છોડી હતી અંદર ઓજલમાં હતી. અંદર ગયા હતા. આમ બીજાને એમ હશે કે રાણીસાહેબ કેવા હશે આવા રાજાની રાણી? એની વિસ્મયતા જગતને લાગે છે.

એમ વિકલ્પની આડમાં પ્રભુ છે એની એને ખબર નથી અને એની વિસ્મયતા એને લાગતી નથી. એ વળી તો ઠેકાણા વિનાની દેખાણી. આ તો ઠેકાણાવાળો છે અંદર. પ્રવિણભાઈ! આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર છે એ. અતીન્દ્રિય આનંદ પણ જેનામાં પરિપૂર્ણ સત્ત્વ, સત્‌ના સત્ત્વ તરીકે, સત્ એવો આત્મા તેના ભાવ તરીકે, સત્ત્વ એટલે ભાવ. એના ભાવની પરિપૂર્ણતા આનંદ જેમાં પડ્યો છે. આહાહા..! સિદ્ધને જે આનંદ થાય એ તો એક સમયની પર્યાયનો આનંદ છે. એવો તો અનંત... અનંત... અનંત... અનંત આનંદ પડ્યો છે. એની એને અંતરમાંથી સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન થઈને સન્મુખ થઈને નિરંતર પ્રયત્ન કરે (તો) પરમાત્મા થયા વિના રહે નહિ. બહારની ક્રિયાકાંડ કરીને વ્યવહારથી ન થાય. વ્યવહાર આવે ખરો વચમાં જ્યાં સુધી (પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી), પણ એ વ્યવહાર દખલરૂપે છે. આહાહા..!

---

**ननु आत्मनि सिद्धे तस्य तत्पप्राप्तिः स्यात् न चासौ तत्त्वचतुष्टयात्मकाच्छरीरात्तत्त्वान्तरभूतः सिद्ध इति चार्वाकाः। सदैवात्मा मुक्तः सर्वदा स्वरूपोपलम्भसम्भवादिति सांख्यास्तान् प्रत्याह–**

**अयत्नसाध्यं निर्वाणं चित्तत्त्वं भूतज यदि।**
**अन्यथा योगतस्तस्मानन्न दुःखं योगिनां क्वचित्॥१००॥**

**ચેતનભૂત જ હોય તો મુક્તિ યત્ન જ હોય,**
**નહીં તો મુક્તિયોગથી યોગીને દુઃખ ન હોય. ૧૦૦.**

**टीका :– चित्तत्त्वं चेतनालक्षणं तत्त्वं यदि भूतजं पृथिव्यप्तेजोवायुलक्षणभूतेभ्यो जातं यद्यभ्युपगम्यते तदाऽयत्नसाध्यं निर्वाणं यत्नेन तात्पर्येण साध्यं निर्वाणं न भवति। एतच्छरीरपरित्यागेन विशिष्टावस्थाप्राप्तियोग्यस्यात्मन एव तन्मते अभावादित्यात्मनो मरणरूपविनाशादुत्तरकालमभावः। सांख्यमते तु भूतजं सहजं भवनं भूतं शुद्धात्मतत्त्वं तत्र जातं तत्स्वरूपसंवेदनकत्वेन लब्धात्मलाभं एवंविधं चित्तत्त्वं यदि तदाऽयत्नसाध्यं निर्वाणं यत्नेन ध्यानानुष्ठानादिना साध्यं न भवति निर्वाणं। सदा शुद्धात्मस्वरूपानुभवे सर्वदैवात्मनो निरुपायमुक्तिप्रसिद्धेः। अथवा निष्पन्नेतरयोग्यपेक्षया अयत्नेत्यादिवचनम्। तत्र निष्पन्नयोग्यपेक्षया चित्तत्त्वं भूतजं स्वभावजं। भूतशब्दोऽत्र स्वभाववाची। मनोवाक्कायेन्द्रियैरविक्षिप्तमात्मस्वरूपं भूतं तस्मिन् जातं तत्त्वस्वरूपसंवेदकत्वेन**

लब्धात्मलाभं एवंविधिं चित्तत्त्वं यदि तदाऽयत्नसाध्यं निर्वाणं तथाविधमात्मस्वरूपमनुभवतः कर्मबंधाभावतो निर्वाणस्याप्रयाससिद्धत्वात् अथवा अन्यथा प्रारब्धयोग्यपेक्षया भूतजं चित्तत्त्वं न भवति। तदा योगतः स्वरूपसंवेदनात्मकचित्तवृत्तिनिरोधाभ्यासप्रकर्षान्निर्वाणं। यत एवं तस्मात्क्वचिदप्यवस्थाविशेषे दुर्धरानुष्टाने छेदनभेदनादौ वा योगिनां दुःखं न भवति। आनन्दात्मकस्वरूपसंवित्तौ तेषां तत्प्रभवदुःखसंवेदनासम्भवात्।।१००।।

---

આત્મા છે એવું સિદ્ધ હોય, તો તેને તે પદની પ્રાપ્તિ સંભવે, પણ તે (આત્મા) ચાર તત્ત્વોના સમૂહરૂપ શરીરથી ભિન્ન અન્ય તત્ત્વરૂપ સિદ્ધ થતો નથી એવું ચાર્વાકો માને છે; અને સર્વદા સ્વરૂપની ઉપલબ્ધિનો સંભવ હોવાથી આત્મા સદાય મુક્ત છે-એવો સાંખ્યમત છે. તેમના પ્રતિ કહે છે :-

શ્લોક – ૧૦૦

અન્વયાર્થ :- (चित्तत्वं) ચેતના લક્ષણવાળો આ જીવ (यदि भूतजम्) જો ભૂત-ચતુષ્ટયથી ઉત્પન્ન થયેલા હોય, તો (निर्वाणं) મોક્ષ (अयत्नसाध्यं) યત્ન સાધવા યોગ્ય રહે નહિ, (अन्यथा) અથવા (योगतः) યોગથી એટલે શારીરિક યોગક્રિયાથી (निर्वाणं) નિર્વાણની પ્રાપ્તિ થાય, તો (तस्मात्) તેનાથી (योगिनां) યોગીઓને (क्वचित्) કોઈ પણ અવસ્થામાં (दुःखं न) દુઃખ હોય નહિ.

ટીકા :- ચિત્તત્વ એટલે ચેતનાસ્વરૂપ તત્ત્વ જો ભૂતજ હોય અર્થાત્ પૃથ્વી, પાણી, તેજ અને વાયુરૂપ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું માનવામાં આવે, તો નિર્વાણ અયત્નસાધ્ય રહે અથવા યત્નથી નિર્વાણ સાધવા યોગ્ય ન રહે. આ શરીરના પરિત્યાગથી વિશિષ્ટ અવસ્થાની પ્રાપ્તિ યોગ્ય આત્માનો તેના મતમાં (ચાર્વાકના મતમાં) અભાવ છે, કેમ કે (તેઓ) મરણરૂપ (શરીરના) વિનાશથી ઉત્તરકાલે આત્માનો અભાવ (માને છે).

'સાંખ્યમત'માં ભૂતજ એટલે સહજ ભવન તે ભૂત અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વ-તેમાં ઉત્પન્ન થયેલું તે. તેના સ્વરૂપના સંવેદકપણાથી જેનો આત્મલાભ પ્રાપ્ત થયો છે એવા પ્રકારનું ચિત્તત્વ જો હોય, તો નિર્વાણ અયત્નસાધ્ય થાય અર્થાત્ યત્નથી એટલે ધ્યાનના અનુષ્ઠાનાદિથી નિર્વાણ સાધવા યોગ્ય રહેતો નથી, કારણ કે નિત્ય શુદ્ધાત્મસ્વરૂપના અનુભવમાં સર્વદા જ આત્માની નિરુપાય (અયત્નસાધ્ય) મુક્તિ પ્રસિદ્ધ છે.

અથવા (આ શ્લોકમાં) અયત્ન ઈત્યાદિ વચન છે તે નિષ્પન્ન ઈતર યોગીની અપેક્ષાએ છે. ત્યાં નિષ્પન્ન યોગીની અપેક્ષાએ ચિત્તત્વ જો ભૂત જ એટલે સ્વભાવ જ હોય, (ભૂત શબ્દને અહીં સ્વભાવના અર્થમાં સમજવો)-અર્થાત્ મન, વાણી, કાયા, ઈન્દ્રિયો, આદિથી અવિક્ષિપ્ત આત્મસ્વરૂપ ભૂત એટલે તેમાં ઉત્પન્ન થયેલું હોય અર્થાત્ તેના સ્વરૂપમાં સંવેદકપણાથી જેનો આત્મલાભ પ્રાપ્ત થયો છે એવા પ્રકારનું ચિત્તત્વ જો હોય,

તો નિર્વાણ અયત્નસાધ્ય છે, કારણ કે તેવા પ્રકારના આત્મસ્વરૂપનો અનુભવ કરનારને કર્મબંધનો અભાવ હોવાથી નિર્વાણ વગર પ્રયાસે સિદ્ધ છે.

અથવા-અન્ય પ્રકારે પ્રારબ્ધ યોગીની અપેક્ષાએ ભૂતજ ચિત્તત્વ ન હોય, તો યોગ દ્વારા સ્વરૂપસંવેદનાત્મક ચિત્તવૃત્તિના નિરોધના પ્રકર્ષ અભ્યાસથી નિર્વાણ થાય, તેથી ક્વચિત્ પણ અવસ્થાવિશેષમાં અર્થાત્ દુર્ધર અનુષ્ટાનમાં કે છેદન-ભેદનાદિમાં યોગીઓને દુઃખ ન હોય, કારણ કે આનંદાત્મક સ્વરૂપના સંવેદનમાં તેમને તેનાથી ઉત્પન્ન થતાં દુઃખના વેદનનો અભાવ છે.

ભાવાર્થ :- 'ચાર્વાકમત' અનુસાર જીવતત્ત્વ ભૂતજ છે-અર્થાત્ પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ-એ ભૂતચતુષ્ટયથી ઉત્પન્ન થાય છે. જો ભૂતચતુષ્ટયથી ઉત્પન્ન થયેલા શરીરને જ આત્મા માનવામાં આવે, તો શરીરના નાશને જ મોક્ષ માનવાનો પ્રસંગ આવે અને તેથી મોક્ષ અયત્ન સાધ્ય રહે; નિર્વાણ માટે અન્ય કોઈ પુરુષાર્થની જરૂર રહે નહિ. માટે શરીરનો નાશ થતાં આત્માનો અભાવ માનવો અને આત્માના અભાવને મોક્ષ માનવો-એવી ચાર્વાકોની જીવાત્મા સંબંધી કલ્પના ભ્રમમૂલક-મિથ્યા છે.

'સાંખ્યમતાનુસાર' આત્મા ભૂતજ અર્થાત્ સર્વથા સ્વભાવસિદ્ધ શુદ્ધસ્વરૂપ જ છે. તેને સર્વ અવસ્થાઓમાં શુદ્ધ જ માને છે. નિર્વાણ માટે સમ્યક્જ્ઞાન, ધ્યાન, તપાદિરૂપ પુરુષાર્થની તેમને આવશ્યકતા નહિ જણાતી હોવાથી, તેમના મતે મોક્ષ અયત્નસાધ્ય છે. માટે સાંખ્યની કલ્પના પણ યુક્તિસંગત નથી.

'જૈનમતાનુસાર' સ્વરૂપ-સંવદનાત્મક ચિત્તવૃત્તિના નિરોધના દૃઢ અભ્યાસ દ્વારા સર્વ વિભાવ પરિણતિને હઠાવી શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિરતારૂપ નિર્વાણ 'યત્નસાધ્ય' છે. અને તેવા પ્રકારના આત્મસ્વરૂપનો અનુભવ કરનારને કર્મનો અભાવ સ્વયં થવાથી નિર્વાણની સિદ્ધિ કર્મ અપેક્ષાએ પ્રયત્ન વિના અર્થાત્ 'અયત્નસાધ્ય' થાય છે, કેમકે કર્મ પુદ્ગલ છે. તેની અવસ્થા જીવ કરી શકતો નથી; તેથી તેના અભાવ માટે જીવને કોઈ પ્રયત્ન કરવો પડતો નથી.

યોગીજનોને, અતિ ઉગ્ર તપ યા ધ્યાનાદિ કરતી વખતે કોઈ પણ પ્રકારનો ખેદ કે દુઃખ થતું નથી, પરંતુ પોતાના લક્ષ્યની સિદ્ધિ થતી જોઈ તપ-ધ્યાનાદિ કરવામાં આનંદ માને છે. તેઓ શરીરને આત્માથી ભિન્ન સમજે છે, તેથી શરીર કૃશ થતાં તેઓ ખેદ ખિન્ન થતા નથી તથા ઉપસર્ગ સમયે પોતાના સામ્યભાવની સ્થિરતાને છોડતા નથી.

'જેમ સુવર્ણ, અગ્નિથી તપાવા છતાં તેના સુવર્ણપણાને છોડતું નથી, તેમ જ્ઞાની કર્મના ઉદયે તપ્ત હોવા છતાં તે પોતાના જ્ઞાનીપણાને છોડતો નથી.'૧ ૧૦૦.

---

૧. જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહિ તજે.
ત્યમ કર્મ-ઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. (૧૮૪)
(શ્રી સમયસાર ગુ. ગાથા ૧૮૪)

# શ્લોક-૧૦૦ ઉપર પ્રવચન

હવે અહીં કહે છે ૧૦૦માં. '**આત્મા છે એવું સિદ્ધ હોય, તો તેને તે પદની પ્રાપ્તિ સંભવે, પણ...**' આત્મા છે એ વસ્તુનું નક્કી નથી. છે એવું ચાર્વાકની અપેક્ષા રાખી. આત્મા છે એવું સિદ્ધ હોય તો તેને પદની પ્રાપ્તિ સંભવે. '**પણ તે (આત્મા) ચાર તત્ત્વોના સમૂહરૂપ શરીરથી ભિન્ન અન્ય તત્ત્વરૂપ સિદ્ધ થતો નથી...**' ચાર્વાક કહે છે. ચાર તત્ત્વ જે છે પૃથ્વી, પાણી એના મેળાપથી આ અંદર જીવ દેખાય છે. વસ્તુ જીવ જુદો છે એવી કોઈ ચીજ નથી. '**એવું ચાર્વાકો માને છે;...**' એની સામે વાત કરશે. '**અને સર્વદા સ્વરૂપની ઉપલબ્ધિનો સંભવ હોવાથી...**' અને બીજા એમ માને છે કે સદા નિર્મળાનંદ જ મુક્ત અનાદિથી સુખરૂપ છે પર્યાયમાં. અનાદિ મુક્ત જ છે. એમ માનનારને '**એવો સાંખ્યમત છે. તેમના પ્રતિ કહે છે :-**' ઓલો બિલકુલ નથી માનતો એ અને બિલકુલ પવિત્ર જ છે, અનાદિથી પર્યાયમાં પણ મુક્ત જ છે, એના પ્રત્યે આ વાત કરે છે.

મુમુક્ષુ :- ચાર્વાક...

ઉત્તર :- ચાર્વાક અને ઓલો સાંખ્યમત.

**अयत्नसाध्यं निर्वाणं चित्तत्त्वं भूतज यदि।**
**अन्यथा योगतस्तस्मानन्न दुःखं योगिनां क्वचित्।।१००।।**
**ચેતનભૂત જ હોય તો મુક્તિ અયત્ન જ હોય,**
**નહીં તો મુક્તિ યોગથી યોગીને દુઃખ ન હોય. ૧૦૦.**

'**ટીકા :- ચિત્તત્વ એટલે ચેતનાસ્વરૂપ...**' છે ને? ચિત્તત્વ. ચિત્તત્વ-ચેતનપણું '**ચેતનાસ્વરૂપ તત્ત્વ જો ભૂત જ હોય અર્થાત્ પૃથ્વી, પાણી, તેજ અને વાયુરૂપ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું માનવામાં આવે, તો નિર્વાણ અયત્નસાધ્ય રહે...**' તો મોક્ષને માટે યત્ન કરવો એ છે નહિ. વસ્તુ નથી ત્યાં પછી કોનું યત્ન કરે? આહાહા..! કારણ કે પર્યાય એક સમયની દશામાં ઓલું પૂર્ણ સ્વરૂપ છે એ તો નથી એમ થઈ ગયું છે એને. એ જાણે પૃથ્વી, પાણી એને લઈને ઊભું થાય છે આ આત્મા. જેમ આ દ્રાક્ષને .. છે ને પછી દારૂ ઉત્પન્ન થાય છે ને એમાંથી? દ્રાક્ષ-દ્રાક્ષ. દ્રાક્ષ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એનો સડો કરે ત્યારે કેફ ઉત્પન્ન થાય. એમ કહે છે કે આ તો ચાર ભેગા થઈને આત્મા ઉત્પન્ન થયો છે. એય..! પછી એને યત્નસાધ્યથી મુક્તિ થાય એવું કાંઈ રહેતું નથી. આહાહા..! એમ આ અંદરની વાત છે હોં! ખરેખર પર્યાય જેટલો માને એ બૌધમતિ છે. અને આખું તત્ત્વ છે એને ન માને તો એ નાસ્તિક છે. આહાહા..!

આ મદ ઊભો થાય છે ને કેફનો? ઓલું શું કહેવાય એ? દ્રાક્ષ-દ્રાક્ષ. દ્રાક્ષ હોય છે ને. એક

ફેરી માલ... લેવા ગયેલા ત્યાં. ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૬૫-૬૬ની. ભરૂચ માલ લેવા ગયેલો હું. માલ લેવા હું જાતો ત્યાં. એમાં પારસીને કીધું મેં. પારસીની દુકાન હતી. એ અમારા સંબંધવાળો હતો. મેં કીધું, એક દ્રાક્ષની પેટી મોકલજો પાલેજ. પેટી આ દ્રાક્ષની આવે છે ને? પેટી દોઢ-બે મણની. દ્રાક્ષ-દ્રાક્ષ. શું કહેવાય આ કિસમીસ કહેવાય? શું કહેવાય? હા એ કિસમીસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ .. નહિ. એ તો અમારે હરિચંદભાઈને ઘરે. સાગરના. હરિચંદભાઈ! ઓલી તમારી દ્રાક્ષ શું કહેવાય એ? એ નહિ. મોટી દ્રાક્ષ આવે છે. સાગરમાં આવડી મોટી. એનું નામ જ બીજું હોય છે. આ તો આમ વેપારમાં હતા એ વાત છે. એને કહીને આવ્યો તો મોકલી પેટી.

મુમુક્ષુ :- કિસમીસ કહે.

ઉત્તર :- કિસમીસ કહે. પણ એવી કે સડો બધી ઈયળું. જ્યાં ખોલી આમ તો તો ઈયળું... ઈયળું... ઈયળું. સડો બધો. અરેરે..! અમે વાણિયા અમારે ન હોય આ. કોણે મોકલી? તમને આવી મોકલવાનું કહ્યું (હતું)? આ પાટિયા ચોડ્યા હોય ને? દ્રાક્ષ બે મણ દ્રાક્ષ. પાટિયા ચોડ્યા. પાટિયું જ્યાં ઊંચુ કર્યું જરી ઓલો હોય કાળો, ઊંચુ કર્યું ત્યાં તો એકલી ઈયળું. અરેરે..! આ શું? તમારે ભરોસે કહ્યું કે મોકલજો આ. મોકલી દ્યો પાછી. એમાંથી દારૂ થાય. એ સડો કરીને દારૂ થાય.

એમ કહે છે કે બધી ચીજ ભેગી થઈને આત્મા થાય એમ કહે છે. સમજાણું કાંઈ? હવે એવો જો આત્મા હોય તો પછી એને યત્ન કરવાની કાંઈ જરૂર (રહેતી નથી). વસ્તુ નથી પછી યત્ન કરવો શા માટે? અને બીજો એમ કહે છે કે મુક્ત જ છે આત્મા પર્યાયે પણ. અનાદિ શુદ્ધ સ્વરૂપ છે. એમ જો કહે તો એને યત્નથી સિદ્ધ કરવું એ પણ રહેતું નથી. આહાહા..!

આ સમાધિતંત્ર છે ને. એટલે જેટલો સ્વભાવ એનો પૂર્ણ સમાધિ, આનંદ સ્વરૂપ છે, એને જ્યારે શક્તિની પ્રતીતિ કરી ત્યારે એનું જ્ઞાન કર્યું ત્યારે એના પર્યાયમાં સમાધિ આવે. સમાધિ આવે કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય થાય કહો. તો એ સમાધિમાં જેટલો જે રાગ રહે છે એ અસમાધિ છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ જેટલો રાગ રહે... આપણે પહેલા આવી ગયું છે આમાં કે સમાધિ વસ્તુ છે આત્મા, એની શક્તિમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના કારણે જે શક્તિની વ્યક્તતા થઈ થોડી એ તો સમાધિ છે. એ સમાધિ શાસ્ત્રનું વાચ્ય એ છે. અને એ સમાધિ ઔષધિ છે. મોક્ષનો માર્ગ છે બંધને છોડવાનો. પણ તેમાં જેટલો હજી રાગ બાકી રહે છે શુભ અને અશુભ એ અસમાધિ છે. આ તો સવારની વાત ઓલી. એ દુઃખ છે. અમરચંદભાઈ! આહાહા..! જ્ઞાનીને પણ એ દુઃખ છે. આહાહા..!

મુમુક્ષુ :- સમાધિને દુઃખ, અસમાધિને દુઃખ—એમાં ફેર શું પડ્યો?

ઉત્તર :- જ્ઞાનીને આનંદ સહિતનું દુઃખ વેદન છે. આનંદનું પણ છે અને દુઃખનું બેયનું છે. અજ્ઞાનીને એકલા દુઃખનું વેદન છે. અસમાધિનું એકલું વેદન છે. કેવળીને એકલું સમાધિનું વેદન છે. અજ્ઞાનીને એકલું અસમાધિ દુઃખનું વેદન છે. સાધકવાળાને આનંદ અને દુઃખનું બેય ભેગું મિશ્ર વેદન

છે. આહાહા..! વજુભાઈ! આવી ચીજ છે જ્યાં પ્રત્યક્ષ. આહાહા..! એને આનંદનો સ્વાદ આવ્યો હોય તો પણ એને આનંદની સાથે દુઃખ મેળવે (મેળવણી કરે) કે આ દુઃખ છે. તિર્યંચોને સમ્યગ્દૃષ્ટિ થતાં એને આટલું બધું જ્ઞાન હોતું નથી, પણ એ આત્માના આનંદ તરફ ઢળીને જે આનંદનો સ્વાદ આવ્યો એટલે એને પ્રતીતમાં આવ્યું કે આ આત્મા આનંદમય છે. ઓલો સ્વાદ આવ્યો એનો. અને એ સિવાય જરીક રાગ બાકી રહે છે એ આનંદ નથી. એટલે એનાથી વિરુદ્ધ ભલે 'દુઃખ છે' એવા શબ્દો નથી એને, પણ વાચ્ય દુઃખને વેદે છે એ. આહાહા..! તેથી આનંદના તરફના પ્રયત્નમાં તત્પર રહીને મુક્તિ કરવા માગે-ઈચ્છે છે તિર્યંચ પણ. સમજાય છે કાંઈ? આ આનંદ. આ બાજુ ઢળીને જે આનંદ આવ્યો અને આ દુઃખ પણ હજી કાંઈ છે આ. ભલે એ આનંદ ને દુઃખના શબ્દો ન જાણે, પણ એના વેદનની ખબર પડે છે. તો એ વેદનમાં અંતરમાં જેટલો આનંદ (આવે છે) એટલી સમાધિ છે. અને એથી થોડું દુઃખ છે અને એની સાથે મેળવીને જોવે તો આ નહિ. એથી એ આત્મા તરફનો ઘસારો કરી અને એ દુઃખને ટાળવા માગે છે. ભલે પછી સંવેગ ને ફલાણા નામ એવા (ન આવડતા હોય). આહાહા..! આનંદનો ડુંગર અંદર પડ્યો એને પકડ્યો એણે. આહાહા..! જેમ બરફનો ડુંગર હોય ને પછી ઝરણા અંદરથી વહે, એમ આનંદનો ડુંગર પ્રભુ એ આત્મા.

એમ જેણે અંતર્મુખ થઈને શ્રદ્ધા-જ્ઞાન કર્યું એને સમાધિ અને આનંદ આવ્યા વિના રહે નહિ. અને એ સમાધિની સાથે જરી 'આ રાગ છે' એવા નામ ન આવડે ભલે. પણ આ જાત અને આ જાત જુદી. એથી તેમાંથી ખસી અને સ્વભાવ તરફ ઢળવા માંડ્યો. ઢળતાં... ઢળતાં.. પૂર્ણ રાગનો ત્યાગ થઈ જાય ને કેવળ થાય, એ તો મનુષ્યપણામાં આવે ત્યારે કરે. ત્યાં તો કાંઈ કેવળ થઈ શકે નહિ. પણ એની પ્રતીતમાં છે કે આ સ્વભાવને આ બાજુમાં ઢળતા-ઢળતા પૂર્ણ થશે. પૂર્ણ એટલે મોક્ષ. સમજાણું કાંઈ? આહાહા..! એ અહીં કહે છે.

**'ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું માનવામાં આવે, તો નિર્વાણ અયત્નસાધ્ય રહે...'** આહાહા..! છે જ નહિ વસ્તુ એમ માનવામાં આવે તો પછી યત્નસાધ્ય રહ્યું ક્યાં? એને યત્નથી સાધીને પ્રગટ કરવો, શક્તિરૂપ સત્ત્વ છે એમ માને તો તો એને યત્નસાધ્યથી પર્યાયમાં વ્યક્તતા પ્રગટ કરવાનો પ્રયત્ન રહે. પણ વસ્તુ જ નથી જ્યાં,.. જુઓને! એકદમ ઉપાડ્યું અહીં એકદમ. એકદમ પહેલું અહીં લઈ લીધું કે પૂર્ણાનંદનો નાથ પ્રભુ પૂર્ણ છે. એની જેને સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન થયા અને નિરંતર ત્યાં પ્રયત્ન કરે છે એને પરમપદની પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. અસ્તિપણે આવો ભગવાન છે તેની પર્યાયમાં તેની અસ્તિપણાનું સત્ત્વ પૂર્ણ થયા વિના રહેતું નથી. આહાહા..! છોકરાઓને આ સમજાય એવું છે હોં! આ કાંઈ ન સમજાય એવું નહિ. ધ્યાન રાખો. અમે છોકરા છીએ બાળકબુદ્ધિ એમ નહિ. રસિક આવ્યો છે કે નહિ? બધા આ છોકરાઓ નાના એને ન સમજાય એમ નહિ. આઠ વર્ષના છોકરા કેવળ પામ્યા છે. આહાહા..! ચક્રવર્તીના દીકરા, તીર્થંકરના પુત્રો.

મુમુક્ષુ :- વાણિયાના પુત્રોનું શું?

ઉત્તર :- વાણિયાના.. આ તો મોટા ભગવાનના પુત્ર, ચક્રવર્તીના પુત્રો આઠ આઠ વર્ષે કેટલાક

ચાલી નીકળ્યા. આહાહા..! મારો નાથ અહીં બિરાજે છે. માતા! એકવાર રજા દે મા! અરે.. દીકરા! તું શું જાણ આમાં? માતા! હું જાણતો નથી કે ક્યારે દેહ છૂટશે? પણ દેહ છૂટશે એમ મને ખ્યાલ છે. સમજાણું કાંઈ? દેહ છૂટી જશે અને હું રહીશ એકલો. એ એકલો જો દેહ છૂટવા ટાણે પૂર્ણ આનંદમાં રહીશ ને, એ દેહ છૂટે તો તો આનંદમાં રહીશ. અને દેહ છૂટવા ટાણે આત્મા શું છે એના આનંદનું ભાન ન થયું તો હું દુઃખમાં રહીશ. આહાહા..!

જેણે આત્માના આનંદનો રસ ચાખ્યો છે એ આ અંદરના રસમાં આગળ જવા માટે માતાને એમ કહે છે, બા! રજા દે બા! જનેતા! તેં જન્મ આપ્યો શરીરને, મને નહિ. આવે છે ને? પ્રવચનસારમાં ચરણાનુયોગમાં આવે છે. આ રીતે આવે છે એમાં. બા! જનેતા શરીરને તેં જન્મ આપ્યો નિમિત્ત તરીકે. હું તો આત્મા છું. મને જન્મ કોણ આપે? હું તો મારા સ્વરૂપને સાધવા માટે અંતરના પ્રયત્ન માટે—ઉગ્રપણે મારો પ્રયત્ન કામ કરે એ માટે—હું વનવાસમાં જઈશ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાદી હોય એને મણિરત્નની લાદી હોય. તમારા પથરા જેવી લાદી ન હોય ત્યાં. નીચે લાદી મણિરત્નની. હવે આ તો સાધારણ ધૂળના મકાન. ઓલા તો મણિરત્નના. ભીંતું મણિરત્નની. નિલમણીની ભીતું અને હીરાના દળ એવા એને અહીં નીચે શું કીધું? લાદી. એમાંથી નીકળીને મારે જાવું છે, બા! ક્યાં ભાઈ જાઈશ? કે હું જ્યાં છું ત્યાં જઈશ. હું જ્યાં નથી ત્યાંથી નીકળવા માગું છું. આહાહા..! આ જુઓને એને આઠ વર્ષે રસ પડે છે અંદરથી. એને વર્ષનું ક્યાં છે? એ તો અનાદિનો છે. આહાહા..! અને એટલો આનંદના રસને જોયો છે ને. એ આનંદમાં પ્રયત્ન ઉગ્ર કરવા માટે આ કરે છે. મા રોવે છે. બા! રોવું હોય તો રોઈ લે એકવાર. અમે આત્માના સાધનમાં જઈશું. બીજી મા નહિ કરીએ. આહાહા..! હવે અમારે બીજી જનેતા નથી. મા! તારા પુત્ર તરીકે છેલ્લો અવતાર. આહાહા..! એવા અંતરમાં પ્રયત્નમાં તત્પર થઈને જ્યારે ઉગ્રપણે રાગનો ત્યાગ થાય છે ત્યારે તત્પરથી અંદરમાંથી કેવળજ્ઞાન પ્રગટ્યા વિના રહેતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો આ વાત છે બાપુ! અહીં તો સ્વર્ગ મળે, ઢીંકણું મળે, ધૂળ મળે. એવા અનંત વાર મળ્યા અને અનંત વાર ટળ્યા. એ શું ચીજ છે ભાઈ? શાશ્વત વસ્તુ મારી છે, તેને હું સાધવા જાઉં છું. એક વાત. અને એ શાશ્વત વસ્તુ નિમર્ળપણે છે અનાદિની પર્યાયમાં એમ નથી. માટે તેને મલિનતા ટાળવા અને નિર્મળતા પ્રગટ કરવા હું જાઉં છું. આ બેની વાત છે. એક જણો ભૂતથી જીવને માને છે આ પૃથ્વી આદિ. એક જણો પવિત્ર જ છે આત્મા મુક્ત શિવ. સદાશિવ. સદાશિવ કહે છે ને એ? એને પ્રયત્ન રહેતો નથી સદાશિવને. બેય ખોટા છે. આહાહા..!

**'આ શરીરના પરિત્યાગથી વિશિષ્ટ અવસ્થાની પ્રાપ્તિ યોગ્ય આત્માનો તેના મતમાં અભાવ છે,...'** શરીરના ત્યાગ પછી આત્માની પ્રાપ્તિ થાય, (પણ) આત્માને તો માનતા નથી જુદો. એથી આત્માનો એને અભાવ છે. આહાહા..! પણ જેને એ સત્તા છે એવો સ્વીકાર થયો છે એને અંદર પ્રયત્ન કરવાનો વખત રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સમાધિ છે ને? તંત્ર એટલે અંતર

સમાધિ જોઈ છે. આ તો સમાધિસ્વરૂપ જ પ્રભુ છે. આહાહા..! અનાકુળ આનંદ શાંતિનો રસ જ આત્મા તો છે. એવી જેને અંતર પ્રતીત અને જ્ઞાનમાં ભાસ્યું છે એ અંદર પ્રયત્ન નિરંતર કરવા મથે છે. પ્રવિણભાઈ! એ પ્રવિણતા છે. આહાહા..!

ત્યાં આવે છે ને ભાઈ ચરણાનુયોગમાં. મારી અનુભૂતિની સાથે હું રહેવા માગું છું. એમ આવે છે. ચરણાનુયોગમાં. સ્ત્રીને કહે છે. હે આ શરીરને રમાડનારી સ્ત્રી! શરીરને. મને નહિ. આહાહા..! હવે તો મારી અનાદિ અનુભૂતિ જે આનંદનો અનુભવ એ અનુભૂતિ પાસે હું જવા માગુ છું. છોડ. આહાહા..! સમજાણું કાંઈ? છે ને આપણે રજા માગવાના ઘણાં બોલ છે ચરણાનુયોગમાં. માતા, પિતા, ભાઈ અને પત્ની આદિ પાસેથી જાય છે. એને એમ કહે છે, હે પત્ની! શરીરને રમાડનારી સ્ત્રી રમણીય, શરીરને રમવામાં નિમિત્તપણું તારું એ રમણી. હવે હું મારા આનંદની અનુભૂતિરૂપ રમણીમાં જાઉં છું. આહાહા..! મને ક્યાંય બીજે ચેન પડતું નથી હવે. સમજાણું કાંઈ? મારી વૃત્તિ ક્યાંય થંભતી નથી બીજે હવે. મારો ભગવાન જ્યાં છે ત્યાં હવે હું જવા માગું છું. એને વન કે દેશ ને કાળ કાંઈ છે નહીં, એ તો પોતાના સ્વરૂપને સાધવા માટે પછી એકાંત લે છે. આહાહા..! આમ તો કહ્યું છે ને, જ્ઞાનીને સાધકપણે ગૃહસ્થાશ્રમમાં હોય કે વન હોય. એને કાંઈ વનમાં વધારે સાધન થાય એવું કાંઈ છે નહિ. બહાર ક્ષેત્રનું કાંઈ છે નહિ. આહાહા..!

**'સાંખ્યમતમાં ભૂતજ એટલે સહજ ભવન તે ભૂત અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વ-તેમાં ઉત્પન્ન થયેલું તે. તેના સ્વરૂપના સંવેદકપણાથી જેનો આત્મલાભ પ્રાપ્ર થયો છે એવા પ્રકારનું ચિત્તત્વ જો હોય, તો નિર્વાણ અયત્નસાધ્ય થાય...'** એટલે ભૂતથી ઉત્પન્ન થયેલો આત્મા હોય તો અયત્નસાધ્ય મોક્ષ એટલે મોક્ષ એને છે નહિ. આહાહા..! એક તો એ વાત કરી કે આ આત્મા અંદર છે. એ નથી ને મેં માન્યું છે એમ નથી. આનાથી ઉત્પન્ન થયેલું (એમ નહિ), એ તો છે જ અંદર ભગવાન. આહાહા..! ચાર્વાક તો કહે કે શરીર છૂટે તો પછી કાંઈ આત્મા રહેતો નથી. પણ હું તો શરીર વિનાનો અનાદિનો છું. શરીર હોય તો પણ છૂટો છું અને શરીર ન હોય તોપણ છૂટો (છું). આહાહા..! આવી વાત છે. આહાહા..!

ઓલો સિંહ છે ને ભગવાનનો જુઓને દસમો ભવ. છે ને એટલામાં ક્યાંક છે. અહીં નથી ઓલામાં છે. ઉપરથી સાધુ ઉતરે છે. અહીં હરણને ખાય છે મારીને. જુઓ! પેટમાં માંસ પડ્યું છે હજી. સાધુ ઉપરથી ઉતરે છે. એના ખ્યાલમાં આવી ગયું કે અમારી નજીક હોય એ દૂર ભાગે, પણ આ દૂર છે અને આકાશમાંથી નીચે ઉતરે છે. છે કોણ આ? એટલી તો વિસ્મયતા સિંહને આવી જાય છે એકદમ. અમારી નજીક ઢોર હોય કે માણસ હોય, અમને ભાળીને ભાગે. એને ઠેકાણે આ તો દૂર તો ક્યાં આકાશમાં. હવે એની સાથે.. આહાહા..! આમ જ્યાં જોવે છે. ઓહોહો..! આમ હાથ કરીને કહે છે અરે.. આત્મા! તું દસમે ભવે તો તીર્થંકર થવાનો છો. એમ અમને સંતોએ, કેવળીએ કહ્યું છે. આહાહા..! જુઓને! મેળ કેવો ખાય? કોણ જાણે એ ભાષા કેમ સમજી ગયા હશે! હવે એ આની ક્યાં ભાષા અને એ મુનિઓ ક્યાં ઉપર જાતા એની કઈ ભાષા! મેળ ખાય ત્યારે કેવો મેળ ખાઈ જાય!

તમે દસમે ભવે (થનારા) મહાવીર તીર્થંકરનો જીવ તમે છો. આહાહા..! આંખમાં આંસુની ધારા ચાલે છે. અંદરમાં ઉતરવા માગે છે હવે. આહાહા..! અંદર સ્વરૂપ અંદર. જાતિસ્મરણ થાય છે. એકદમ સમ્યગ્દર્શન થઈ જાય છે. આહાહા..! પેટમાં માંસના ટૂકડા પડ્યા છે. એને ક્યાં નડે છે? આહાહા..! પાછું આમ રાખેલું. હરિભાઈએ (ચિત્ર) બનાવ્યું છે ને એ. બે હાથ આમ છે. આહાહા..! એ તો એમાં ઉતરવા માગે છે હવે. જ્યાં (જે ભવમાં) હું છું એને તીર્થંકરપણાનો અવતાર એ હું! તીર્થંકર થવાનો જીવ એ હું! આહાહા..! આ શું! અંતરમાં ઉતરવા માગે છે તો એકદમ સમ્યગ્દર્શનની સમાધિ થઈ જાય છે. સમ્યગ્દર્શનનો આનંદ આવે છે એમ કહેવું છે. આહાહા..! એ છે એમાંથી આવે છે. છે ત્યાંથી. તું અનાદિનો (તો છો),પણ તારો આત્મા તીર્થંકર થવાની લાયકાતવાળો અનાદિનો છે. ભગવાનના જ્ઞાનમાં તીર્થંકર થવાની લાયકાતવાળો તું જીવ છો. આહાહા..! એવું તારું મંગળિક તીર્થ જ તું પોતે છો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જેણે આવો સ્વીકાર્યો નથી આત્મા એ તો ભૂતથી ઉત્પન્ન થયેલો (માને છે) એને આ તત્ત્વને પ્રતીત કરીને યત્નથી સાધવો એ રહેતું નથી.

‘**સાંખ્યમતમાં ભૂતજ એટલે સહજ ભવન તે ભૂત અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વ-તેમાં ઉત્પન્ન થયેલું તે. તેના સ્વરૂપના સંવેદકપણાથી જેનો આત્મલાભ પ્રાપ્ત થયો છે...**’ એ તો શિવસ્વરૂપ છે જ પર્યાયમાં. સાંખ્યમતવાળો કહે છે હવે. છે ને? ‘**એવા પ્રકારનું ચિત્તત્વ જો હોય, તો નિર્વાણ અયત્નસાધ્ય થાય...**’ તો મુક્તિને માટે યત્ન કરવો તે રહેતું નથી. મુક્તસ્વરૂપ જ છે. સદાશિવ એમ કહે છેને એ લોકો? અનાદિનો સદાશિવ સ્વરૂપ જ છે. પર્યાયમાં હોં! જીવસ્વરૂપ છે એ શક્તિ તો બરાબર છે. પર્યાયે પણ મુક્ત જ છે. એને બંધન નહિ, મેલ નહિ, કાંઈ નહિ. એવું માનનારને પણ ‘**યત્નથી એટલે ધ્યાનના અનુષ્ઠાનાદિથી નિર્વાણ સાધવા યોગ્ય રહેતો નથી,...**’ આહાહા..! પૂર્ણ સદાશિવ સ્વરૂપ જ માને તો પૂર્ણ સ્વરૂપ થવાનો જે યત્ન કરવો એ એને રહેતો નથી. આહાહા..! પણ જે કાંઈ પૂર્ણ સ્વરૂપ છું મારી શક્તિએ, એને પર્યાયમાં મારે પૂર્ણતા નથી, તો પ્રયત્ન કરે.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં તો આવ્યું છે ને કે પોતાને પ્રભુ તરીકે સ્વીકારે છે વસ્તુથી, પણ જ્યાં પર્યાયમાં આમ જોવે છે સમ્યગ્દષ્ટિ, અરે..! ક્યાં હું પામર! આહાહા..! ક્યાં કેવળજ્ઞાનની પર્યાય! એ તો પૂર્ણ થાય એવી મારી તાકાત છે અને હું આ ક્યાં? સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં છે. અરે..! આ મારી પર્યાય પામર છે. આહાહા..! એક કોર પ્રભુ છે (અને એક કોર) પ્રગટેલી પર્યાયમાં પામર-તા ભાળે છે. ક્યાં કેવળજ્ઞાનની પર્યાય અને ક્યાં આ દશા! એટલાથી એને સંતોષ થઈ નથી ગયો. સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું છે એથી એ સંતુષ્ટ નથી થઈ ગયો. છે એટલો સંતોષ છે. પણ હું પૂર્ણ થઈ ગયો છું એમ નથી. આહાહા..! મારી પર્યાય તો ઘણી તુચ્છ છે. ઘણો હું પામર છું. આહાહા..! એવું પર્યાયમાં જે જાણે તે સ્વરૂપ તરફના પ્રયત્નમાં તત્પર થાય. પણ પર્યાયમાં આ રીતે પામરતા ન જાણે. સમજાણું કાંઈ? પ્રભુત્વ હોવા છતાં પર્યાયમાં પામરતા છે. આ તો કહે છે, પર્યાયે પૂર્ણ છે શિવ-સદાશિવ. એમ નથી બાપુ! સદાશિવ તો એનું સ્વરૂપ છે. પણ પર્યાયમાં સદાશિવ છે એમ

નથી. આહાહા..! ભારે વાત કરે છે. અસ્તિ તત્ત્વનો સ્વીકાર કરાવવા અને એના તરફનો પ્રયત્ન ચાલુ રાખવા આ દૃષ્ટાંત દીધું છે.

**'કારણ કે નિત્ય શુદ્ધાત્મસ્વરૂપના અનુભવમાં સર્વદા જ આત્માની નિરુપાય (અયત્નસાધ્ય) મુક્તિ પ્રસિદ્ધ છે.'** ઉપાય વિના જ મુક્તિ છે. એને ઉપાય કરવાનું રહેતું નથી. આહાહા..! જુઓ! આચાર્યોએ સમાધિશાસ્ત્રમાં એક આ વાત મૂકી. બિલકુલ આત્મા જ નથી. ખરેખર તો એક સમયની પર્યાય માનનારો ત્રિકાળ આત્મા છે એમ માનતો નથી. ભલે જૈનના વાડામાં હોય, પણ પર્યાયની એક સમયની દશા છે તેટલો હું છું (એમ માન્યું છે) એ બૌદ્ધ છે.. કેમ કે પર્યાયમાં આખું દ્રવ્ય આવ્યું નથી. અને એક સમયની પર્યાયની પાછળ મોટો ભગવાન બિરાજે છે એ એને નજરમાં આવતો નથી. સમજાણું કાંઈ? એથી એના અસ્તિત્વની પ્રતીત આવતી નથી એને. આહાહા..! આ વળી પર્યાયમાં આખું જ્ઞાન વળી અંદર પરિપૂર્ણ ક્યાં હશે આ તે? એ પણ પર્યાયને જ માનનારા છે. બૌદ્ધમતિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રણ વાત લીધી. એક ભૂતથી ઉત્પન્ન થાય આત્મા એને યત્ન કરવાનો રહેતો નથી. કારણ કે આત્મા નથી તો યત્ન શું? એક પરિપૂર્ણ દશાવાળો જ અનાદિથી છે એને યત્ન રહેતો નથી. અને એક સમયની પર્યાય જેટલો જ આત્મા છે એમ માને.. આહાહા..! સમજાણું કાંઈ? વળી પર્યાય પાછળ પાછળ ક્યાં હશે વસ્તુ? કહે છે. બાપુ! પર્યાયવાન વસ્તુ છે. આ તો એક સમયની દશા છે. રાગની નહિ પણ જે ક્ષયોપશમના જ્ઞાનની પણ એક સમયની દશા છે એ તો નાશવાન છે. આહાહા..!

આમ આવે ને શુદ્ધભાવ અધિકારમાં નહિ? કેવળજ્ઞાનાદિ પર્યાયો બધી નાશવાન છે. અવિનાશી તો ત્રિકાળ વસ્તુ તે અવિનાશી. આપણે નિયમસાર વાંચવાનું છે. આ અધિકાર વાંચવાનો છે શુદ્ધ. આ હિન્દી લોકો આવે ને. હિન્દી આવશે. શુદ્ધભાવ અધિકાર નિયમસાર. અને આજે પ્રવચનસાર એ પણ અધિકાર મોક્ષનો માર્ગ છે ને. ૨૩૨. એ પણ વાંચવાનું છે આ શિક્ષણ શિબિરમાં. મોક્ષમાર્ગ આવે છે ને ૨૩૨? બહુ સરસ છે. અને આ શુદ્ધભાવ અધિકાર. ઓહોહો..! ક્ષાયિકભાવ જેમાં નથી. તો એક સમયની પર્યાય માનનારને ત્રિકાળી દ્રવ્ય છે એ બેસતું નથી. આહાહા..! કેમ કે અનાદિની રમતું એક સમયની પર્યાયમાં છે એને. એક સમયનો વિકાસ-ઉઘાડ અને એમાં જ એનો.. આખું તત્ત્વ અંદર અસ્તિત્વ પડ્યું છે મોટું, મૂળ તો એ આત્મા છે. ખરો આત્મા તો એ છે. પર્યાય એ ખરો આત્મા નથી. એ વ્યવહારુ આત્મા, અભૂતાર્થ આત્મા (છે). આહાહા..! એવો ભગવાન સત્યાર્થ આત્મા એવી જેને દૃષ્ટિ અને જ્ઞાન થયા નથી એ પ્રયત્ન કેમ કરશે તેની સન્મુખનો? સમજાણું કાંઈ? આહાહા..! એ તો દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પમાં પ્રયત્ન કરીને મરશે. મરવાનું છે. આહાહા..!

**'અથવા (આ શ્લોકમાં) અયત્ન ઈત્યાદિ વચન છે તે નિષ્પન્ન ઈતર યોગીની અપેક્ષાએ છે. ત્યાં નિષ્પન્ન યોગીની અપેક્ષાએ ચિત્તત્વ જો ભૂત જ એટલે સ્વભાવ જ હોય, (ભૂત શબ્દને અહીં સ્વભાવના અર્થમાં સમજવો)-અર્થાત્ મન, વાણી, કાયા, ઈન્દ્રિયો, આદિથી અવિક્ષિપ્ત આત્મસ્વરૂપ ભૂત એટલે તેમાં ઉત્પન્ન થયેલું હોય અર્થાત્ તેના સ્વરૂપના**

**સંવેદકપણાથી જેનો આત્મલાભ પ્રાપ્ત થયો છે એવા પ્રકારનું ચિત્તત્વ જો હોય,...**' નિર્મળ પરિણતિની પ્રાપ્તિ છે એવો જો આત્મા હોય. એમ કહેવું છે. ભાષા જરી આકરી છે. જેની પર્યાયમાં નિર્મળપણાની પ્રાપ્તિ જ હોય.. આહાહા..! '**તો નિર્વાણ અયત્નસાધ્ય છે,...**' તો પછી એને મોક્ષનો પ્રયત્ન કરવો એ રહેતો નથી. મોક્ષ છે જ. એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

'**કારણ કે તેવા પ્રકારના આત્મસ્વરૂપનો અનુભવ કરનારને કર્મબંધનો અભાવ હોવાથી નિર્વાણ વગર પ્રયાસે સિદ્ધ છે.**' શિવસ્વરૂપ જ છે અનાદિથી. આહાહા..! ઓલામાં આવે છે ને ૨૦૦ ગાથામાં? અમે સમકિતી છીએ, અમને બંધ નથી. ૧૩૭. કળશ. સમયસાર. અમને સમ્યક્ (છે), અમારે બંધ નથી—એમ કરીને સ્વચ્છંદે ચડી જાય એને કહે છે, ઊભો રહે બાપુ! ભાઈ! સમજાણું કાંઈ? હવે ગમે તે ક્રિયા કરીએ, ગમે તે અમે તો અબંધ સ્વરૂપી સમકિતી છીએ. અરે..! ભાઈ! એમ રહેવા દે. આહાહા..! અમને કાંઈ દુઃખ પણ નથી અને અમારે કાંઈ રાગ પણ નથી. અમે તો સમ્યગ્દષ્ટિ છીએ, નિર્મળ અને અબદ્ધસ્વરૂપી છીએ. આહાહા..! એને ત્યાં તરછોડ્યા છે એ કળશમાં બહુ. ૧૩૭ કળશ છે એમાં ૨૦૦મી ગાથામાં. ૨૦૦ ગાથાનો કળશ છે. ઘણો વિસ્તાર કર્યો છે ત્યાં. પંચ મહાવ્રત પાળે, આ કરે એમાંથી. આહાહા..!

એટલે સમ્યગ્દર્શન થયા પછી પણ એને પૂર્ણ યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી એને પ્રયત્ન હોય છે. પણ એવું જે ન માને અને અમે આ થઈ ગયા અમે પરમાત્મા પૂર્ણ, એ પણ મિથ્યાદષ્ટિ સ્વચ્છંદી છે. એ પણ વાસ્તવિક આત્માને... અપૂર્ણમાંથી પર્યાયને પૂર્ણ કરવું એ એને રહેતું નથી. એ પણ નાસ્તિક છે. વગેરે કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## શ્રાવણ સુદ ૩, રવિવાર તા. ૧૦-૦૮-૧૯૭૫
## શ્લોક – ૧૦૦,
## પ્રવચન – ૧૧૫

અથવા સમાધિતંત્ર એટલે સમાધિરૂપ ઔષધિ. ભવસાગરના નાશ કરવા માટે સમાધિરૂપી ઔ-ષધિ છે. બ્રહ્મચારીજી! સમાધિતંત્ર છે ને? આહાહા..! સંસારના દુઃખ ટાળવા માટે અને આત્માના આનંદની પ્રાપ્તિ માટે આ સમાધિ એક ઔષધિ છે. એ સમાધિ એટલે આત્મા પૂર્ણાનંદ સ્વરૂપી પરમ-ાત્મસ્વરૂપે જ છે. પરમાત્મા થયા અને આ આત્મામાં વસ્તુ(પણે) ફેર કાંઈ નથી. આહાહા..! એવું હયાતીવાળું એ તત્ત્વ છે. આ તો થોડું ગુજરાતી ચાલે છે. સવારથી હિન્દી ચાલે છે. કાલે સવારથી. સવાર, બપોર. સવારમાં પ્રવચનસાર અને બપોરે નિયમસાર. નિયમસારમાં શુદ્ધભાવ અધિકાર છે

ને? પ્રવચનસારમાં અલિંગગ્રહણ ચાલે છે. એના ચાર બોલ બાકી છે. એ તો ચાલી ગયા છે પણ ફરીને લીધા છે. ચાર બાકી છે.

તો કહે છે કે સમાધિરૂપી ઔષધિ કોને હોય? કે એક તો આત્મા પૂર્ણાનંદરૂપી શક્તિરૂપે હોય, તો એને પ્રગટ કરવા માટે સમાધિરૂપી ઔષધિ હોય. પણ એ આત્મા જ ન માને. એ બોલ આવી ગયા છે એમાં. ચાર્વાક તો આત્મા જ માનતા નથી. પાંચ ભૂત બધું ભેગું થઈને પછી આત્મા થયો છે. એમ હોય તો આત્મામાં યત્નસાધ્ય કરવાનું રહેતું નથી. સમજાય છે કાંઈ? અસ્તિ છે, તત્ત્વ છે. અનંત-અનંત આનંદ અને જ્ઞાનરૂપી સ્વભાવથી ભરેલો પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા છે. આહાહા..! સાક્ષાત્ વસ્તુ પરમાત્મસ્વરૂપી છે. આહાહા..! એય.. પ્રવિણભાઈ! એવી ચીજ જો ન હોય અને પાંચ ભૂતથી ઉત્પન્ન થયેલું આત્મતત્ત્વ હોય તો તો એને યત્નસાધ્ય કરી સમાધિ—પૂર્ણાનંદ છે એનું સાધન કરીને પ્રાપ્ત થવું—એ એને રહેતું નથી. એક વાત.

બીજી વાત. કાલે હિન્દી ચાલશે. અને બીજી વાત કે સદા પવિત્ર જ જો પ્રગટ સદા સિદ્ધરૂપ હોય, અનાદિથી પવિત્રતાની પર્યાયથી પરિપૂર્ણ જ હોય, એને યત્નસાધ્ય રહેતું નથી કરવાનું. બરાબર છે? આહાહા..! જેને આત્મા જ નથી, એને આત્માને યત્નસાધ્ય સમાધિ અને ઔષધિ લાગુ ન પડે (કેમકે) એ તો વસ્તુ નથી. એક વાત. બીજી વાત કે અનાદિથી, આત્મા જેમ વસ્તુએ શુદ્ધ પરમાત્મસ્વરૂપે છે એમ અનાદિ સદાશિવ છે પર્યાયમાં પણ. પર્યાયથી પણ સદા મુક્ત છે, આનંદમય છે. એમ હોય તો એને યત્નસાધ્ય મુક્તિ કરવાનું રહેતું નથી. સમજાય છે કાંઈ?

ત્રીજું. આમાં ત્રણ પ્રકાર વર્ણવ્યા છે. કે આત્મા છે પરમાત્મસ્વરૂપે એને અંતરના યત્નસાધ્યથી પ્રગટ થાય, પણ કર્મને માટે અયત્નસાધ્ય છે. અયત્નસાધ્ય શબ્દ પડ્યો છે ને ભાઈ! એ ત્રણને લાગુ પાડ્યો છે. સમજાણું કાંઈ? ફરીને. કે જો આત્મા વસ્તુ જ ન હોય અને આ પાંચ ભૂતથી ઉત્પન્ન થયેલું તત્ત્વ હોય તો શરીરના નાશે એનો પણ નાશ થઈ જાય. તો એને યત્નસાધ્ય નામ સ્વભાવનું સાધન કરીને પ્રગટ કરવાનું (રહેતું નથી). વસ્તુ જ નથી ત્યાં સાધન કરવાનું રહ્યું ક્યાં? સમજાણું કાંઈ? આ અયત્નસાધ્યમાં ત્રણ બોલ નીકળ્યા છે. ભાષા થોડી થોડી ખ્યાલમાં લેવી. પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ હોય તો પછી આત્માનું અનુષ્ઠાન, અંદર આનંદનું અનુષ્ઠાન કરીને સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને આનંદની દશા કરીને મુક્તિ થવી એ તો એને રહેતું નથી. અને બીજા બોલે. ઓલો બિલકુલ નકાર કરે છે, તો બીજો એમ કહે છે કે એ અનાદિથી પર્યાયથી શિવસ્વરૂપ જ છે. અનાદિથી મુક્ત છે સદાશિવ છે. એ પણ જૂઠી વાત છે. જો સદાશિવરૂપ હોય પર્યાયે—અવસ્થાથી, તો એને શક્તિમાંથી પ્રગટ કરવાની વ્યક્તિનો અનુષ્ઠાન ભાવ રહેતો નથી. સમજાય છે કાંઈ?

ત્રીજો બોલ. આ અયત્નસાધ્ય છે. શી રીતે? કર્મને નાશ કરવા માટે યત્નસાધ્ય છે નહિ. એ કરી શકતો જ નથી. પોતાનું આત્મસ્વરૂપ શુદ્ધ અખંડાનંદ પરમાત્મસ્વરૂપ છે, શક્તિરૂપે પૂર્ણાનંદ જ છે. પરમાત્મા સાક્ષાત્ છે. આહાહા..! સ્વભાવથી શક્તિથી—એના સામર્થ્યના બળથી એ પૂર્ણ

પરમાત્મસ્વરૂપ છે. પણ એને પ્રયત્ન કરીને પ્રગટ કરવું એ યત્નસાધ્ય છે. પણ કર્મનો નાશ કરવો એ યત્નસાધ્ય નથી. એ અયત્નસાધ્ય છે. એ તો એને કારણે નાશ થાય છે. પ્રવિણભાઈ! સમજાણું કાંઈ આમાં? એ ત્રણ બોલ અહીં સિદ્ધ કર્યા છે આમાં. આહાહા..!

ભગવાન! તું પૂર્ણાનંદસ્વરૂપ, પૂર્ણ આનંદ પરમાત્મા સાક્ષાત્ પરમાત્મા, વસ્તુએ તો સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! એને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો એ ચીજમાં તો અભાવ છે. મલિનતાની દશાનો પણ વસ્તુસ્વભાવમાં તો અભાવ છે. કર્મ અને શરીર બે અને ભાવકર્મ, એ ત્રણેનો વસ્તુ છે એમાં તો અભાવ છે. કેમકે એ આત્મા તો અબદ્ધસ્પૃષ્ટ છે. કર્મ અને રાગથી બંધાયેલી ચીજ નથી. સમજાય છે કાંઈ? બીજી રીતે કહીએ તો એ અબદ્ધસ્પૃષ્ટ છે એટલે મુક્તસ્વરૂપ જ છે એ. વસ્તુ તો મુક્તસ્વરૂપ જ છે. આહાહા..! બ્રહ્મચારીજી! વસ્તુ છે એ તો મુક્ત જ છે. વસ્તુ ક્યાં બંધાણી છે? એ તો પર્યાયમાં રાગનો સંબંધ અને રાગમાં રોકાવું એવું બંધપણું તો પર્યાયમાં છે, વસ્તુમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવી જે આત્મચીજ પ્રભુ.. આહાહા..! જેને વિશ્વાસને સરાણે ચડાવીને. સરાણ સમજો છો? છરી ને ચાકુ હોય છે ને? ચાકુ? પછી કાઢે છે ને? ધાર કાઢવા માટે. અમારે સરાણ કહે છે સરાણીયું.

અહીંયાં આત્માના આનંદસ્વરૂપ ભગવાન, એને સરાણે ચડાવવો છે. અંતરના સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પર્યાય એના અવલંબે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એ કોઈ વ્યવહારરત્નત્રયના વિકલ્પથી પ્રગટ થાય એવી ચીજ નથી. કેમકે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે છે એનો તો સ્વરૂપમાં અભાવ છે, એ સ્વભાવમાં છે નહિ. સ્વભાવમાં નથી પછી એ મદદ કરે સ્વભાવને પ્રગટ કરવા. આ વ્યવહારરત્નત્રય ઊડી જાય છે આ.

મુમુક્ષુ :- વ્યવહાર પણ સિદ્ધ થાય છે.

ઉત્તર :- વ્યવહાર સિદ્ધ થાય છે (કે) એ એનામાં નથી. આહા..!

ભાવાર્થ લ્યો ત્યાંથી. ઓલો અથવા શબ્દ છે એ ત્રીજો અયત્નસાધ્યને સિદ્ધ કરી છે. પણ ભાષા જરી અટપટી છે.

**'ભાવાર્થ :- ચાર્વાકમત અનુસાર જીવતત્ત્વ ભૂત જ છે-અર્થાત્ પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ-એ ભૂતચતુષ્ટયથી ઉત્પન્ન થાય છે.'** એમ ચાર્વાક માને છે. બીજી રીતે કહીએ તો અનાદિની એક સમયની પર્યાય ઉપર એની દૃષ્ટિ છે. પ્રગટ અવસ્થાના અંશ ઉપર એની રુચિ ને દૃષ્ટિ છે. એથી એક સમયની પર્યાય સિવાય આખો પદાર્થ છે એને દૃષ્ટિમાં બેસતો નથી. કારણ કે પર્યાયની જ રમતું અનાદિની છે. એક સમયની જે પ્રગટ અવસ્થા વ્યક્ત અને પ્રભુ તો અવ્યક્ત છે—એમ કીધું છે ને? ૪૯ ગાથા. સમયસાર. કે છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે એ વ્યક્ત છે. ભગવાન આત્મા એનાથી ભિન્ન તે અવ્યક્ત છે. એ આ પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત છે એમ કહ્યું. શું કીધું સમજાણું?

૪૯ ગાથા સમયસાર. એનો પહેલો બોલ અવ્યક્તના છ બોલ છે. અવ્યક્તના છ બોલ. એનો પહેલો બોલ એ છે કે ભગવાન આત્મા બધી પરવસ્તુ તે પરજ્ઞેય છે, વ્યક્ત છે. પરવસ્તુ તે જ્ઞેય છે,

અને તે વસ્તુ તે વ્યક્ત પ્રગટ છે. એનાથી આત્મા અન્ય છે માટે અવ્યક્ત છે. આહાહા..! ત્યાં તો ધર્મદાસ ક્ષુલ્લકે તો એમ લીધું છે કે પર્યાયની અને બહારની જે વ્યક્તતા છે એનાથી (મારી) ચીજ ભિન્ન છે એમ ભાન થયું ત્યારે એ સપ્તમ થઈ જાય છે. શું કહ્યું? સાતમું તત્ત્વ થઈ જાય છે એ. કેમકે એકકોર છ દ્રવ્યનું જ્ઞેયપણું ભિન્ન. આહાહા..! અને એનાથી અહીંયાં તો એમ જ કહ્યું છે કે છ દ્રવ્ય જે વ્યક્ત છે, જ્ઞેય છે, એનાથી આ અવ્યક્ત છે, એનાથી એ ભિન્ન છે. અમરચંદભાઈ! આહાહા..! એટલે કે એ સપ્તમ થઈ જાય છે. એક બાજુ જ્ઞાયકભાવ અને એક બાજુ છ દ્રવ્ય જ્ઞેય અને પ્રગટપણું તે. એક બાજુ ભગવાન આત્મા, કે જેની પર્યાયમાં છ દ્રવ્યનું જાણવું થાય, એવી પર્યાયથી પણ તે ભિન્ન ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો પરમાત્માની રમતું છે. આહાહા..! પરમાત્મસ્વરૂપ સમાધિસ્વરૂપ, સમાધિ નામ આનંદસ્વરૂપ, પરમ વીતરાગ અવિકારી વીતરાગી નિજાનંદના સમરસથી ભરેલો ભગવાન છે. એવું જે તત્ત્વ છે, એ તત્ત્વ ન માને અને ભૂતથી માને, (તો) આવું તત્ત્વ સ્વભાવ છે એનો પ્રયત્ન કરું તો પર્યાયમાં આનંદ આવે એ ચાર્વાકને રહેતું નથી. એ કહ્યું જુઓ.

'**જો ભૂતચતુષ્ટયતી ઉત્પન્ન થયેલા શરીરને જ આત્મા માનવામાં આવે, તો શરીરના નાશને જ મોક્ષ માનવાનો પ્રસંગ આવે...**' શરીરનો નાશ થાય તો મોક્ષ થઈ ગયો એમ. આહાહા..! '**અને તેથી મોક્ષ અયત્નસાધ્ય રહે;...**' તેથી મોક્ષ કરવો એ અયત્નસાધ્ય રહે, યત્નસાધ્ય ન રહ્યું. સમજાય છે કાંઈ? આ તો લોજિકથી વાત કરી છે ને? જ્યારે શરીરનો નાશ થાય ત્યારે આત્માનો મોક્ષ થયો. છૂટી ગયો એમ. પણ એને યત્નસાધ્યપણું ન રહ્યું, એટલે અયત્નસાધ્ય થયું એને તો. જરી અટપટા શબ્દો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રહ્યું નહિ કાંઈ. છે નહિ પછી. હોય એને પ્રગટ કરવો હોય, પણ ન હોય એને પ્રગટ કરવો એ રહ્યું ક્યાં એને? અહીંયા વિશ્વાસને મોટી વાત પહેલી કીધી છે. સમજાણું કાંઈ? આહાહા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં—એક સમયમાં એક સમયની પર્યાયની પાછળ આખું તત્ત્વ મોજૂદ પડ્યું છે. આહાહા..! જેમાં અનંતા સિદ્ધની એક સિદ્ધની એક પર્યાય, એવી અનંત પર્યાયો જેના ગુણમાં, શક્તિમાં, સ્વભાવમાં પડી છે. આહાહા..! એનો જેને વિશ્વાસ આવે એ જ્ઞાનની પર્યાય એને ઝીલી શકે, શ્રદ્ધાની પર્યાય એને ઝીલી શકે, પચવી શકે. સમજાણું કાંઈ?

દૃષ્ટાંત આપ્યો હતો ને અગ્નિનો? અગ્નિમાં પાચક, દાહક અને પ્રકાશક. અગ્નિ. ત્રણ શક્તિ મુખ્ય-મુખ્ય. અનંતી શક્તિ છે. એમ ભગવાન આત્મામાં, પાચક, પ્રકાશક, દાહક એવી ત્રણ શક્તિ છે. એટલે સમકિત તે પાચક છે, જ્ઞાન તે પ્રકાશક છે, ચારિત્ર તે દાહક છે. અમરચંદભાઈ! આહાહા..! અહીં એટલું ઉપાડવું છે આ વાતમાં કે જેને સમાધિ પ્રગટ કરવી છે, એ સમાધિ કરવી છે એ તત્ત્વ શું છે? એ પૂર્ણ તત્ત્વ અને પૂર્ણ સ્વભાવથી ભરેલો ન હોય તો એને યત્નથી શક્તિમાંથી વ્યક્તતા કરવાનું રહેતું નથી. આહાહા..! સમ્યગ્દર્શનની પર્યાયમાં એ પૂર્ણને પચાવવાની શક્તિ છે. જેમ અગ્નિને

અનાજને પકાવવાની શક્તિ છે. અનાજને. આહાહા..! એમ સમ્યગ્દર્શનની પર્યાયમાં એ આખું દ્રવ્ય આવતું નથી. પર્યાયમાં દ્રવ્ય ન આવે, પણ દ્રવ્યની સામર્થ્ય—શક્તિની પ્રતીતિ એની પર્યાયમાં આવી જાય. આહાહા..! ધન્નાલાલજી! આહાહા..! એ પર્યાયનું એટલું સામર્થ્ય છે કે જે આખી ચીજ પૂર્ણ પરમાત્મા છે, એ પરમાત્મસ્વરૂપ પર્યાયમાં આવતો નથી. પર્યાયમાં ક્યાંથી આવે આખી ચીજ? પણ પર્યાયમાં પાચનશક્તિ છે કે આ પૂર્ણ છે એવી પ્રતીત કરવાની પાચન શક્તિ છે એની. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! થોડું થોડું ગુજરાતી સમજો છો ને? તમારા ભાઈ અમરચંદભાઈ. ગયા હતા ને તમારા ઘરે. ત્યાં દૂધ પીધું હતું ને. ખબર છે ને. ગામડામાં નહિ? આહાહા..!

કહે છે, પ્રભુ! એકવાર મુદ્દાની રકમની વાત છે અહીંયાં તો. સમાધિ છે ખરી ને? સમાધિ ઔષધિ કોને લાગુ પડે? કે જેને રોગ હોય અને વસ્તુ હોય. તો એ ઔષધ લાગુ પડે. એમ આત્મા છે અને મલિનની પર્યાય છે. એમ હોય તો તેને સમાધિનો ઔષધ લાગુ પડે. આહાહા..! તો કહે છે કે ચાર્વાક જે કહે છે કે (જીવતત્ત્વ) નથી, ભૂત(તત્ત્વ) છે—એને આ લાગુ પડતું નથી. નાસ્તિક છે. પણ આસ્તિક જે છે. આહાહા..! એ પણ પોતાની પર્યાયમાં, પર્યાય એટલે અવસ્થા, હાલત-હાલત, દશા. તેમાં પૂર્ણ પૂર્ણ વસ્તુ પરમાત્મા સાક્ષાત્. એવી સમ્યગ્દર્શનમાં પચાવાની શક્તિ છે. આહાહા..! એટલું અસ્તિત્વ છે એવું, એની સત્તાની મોજુદગી આવી પૂર્ણ છે એ શ્રદ્ધાની પર્યાય એને અડ્યા વિના. પર્યાય કાંઈ દ્રવ્યમાં અડતી નથી, અડતી અને સ્પર્શતી નથી. પર્યાય પર્યાયમાં રહીને... આહાહા..! એ આ સમાધિ કહેવાય એનું નામ. સમ્યગ્દર્શનરૂપી સમાધિ. ધન્નાલાલજી! આહાહા..!

કરવાનું હોય તો આ છે. બધી લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો. આવે છે ને છ ઢાળામાં. લાખ વાત શું અનંત વાતની વાત નિશ્ચય ઉર આણો. 'છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' નિજ આત્મ. ભગવાન નહિ. ભગવાન ભગવાનને ઘરે રહ્યા. ભગવાનને આરાધવા નથી અહીં તો. અહીં તો આ ભગવાનને આરાધવાની વાત છે. આહાહા..! આવો મોટો આત્મા મહા પરમાત્મસ્વરૂપ, એને ત્યાં અવ્યક્ત કીધો. એટલે જાણે પોતે સમમું દ્રવ્ય છે. કેમકે દુનિયાનું આખું તત્ત્વ જ્ઞેય અને એ વ્યક્ત છે એટલે બહાર છે. ત્યારે ભગવાન આત્મા એનાથી ભિન્ન અવ્યક્ત છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! પ્રથમ સમ્યગ્દર્શનની પર્યાયમાં તાકાત છે એ વાત બેસવી, પચવી... આહાહા..! પછી શરૂ થાય સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર પછી. આહાહા..!

'**અન્ય કોઈ પુરુષાર્થની જરૂર રહે નહિ**' એને. કેમકે વસ્તુ જ જ્યાં નથી અને શરીરને સંયોગે ઉત્પન્ન થઈ એનો નાશ થતા નાશ થઈ જાય, તો અયત્નસાધ્ય રહે છે. '**નિર્વાણ માટે અન્ય કોઈ પુરુષાર્થની જરૂર રહે નહિ. માટે શરીરનો નાશ થતાં આત્માનો અભાવ માનવો અને આત્માના અભાવને મોક્ષ માનવો-એવી ચાર્વાકોની જીવાત્મા સંબંધી કલ્પના ભ્રમ-મૂલક-મિથ્યા છે.**' આહાહા..! ખરેખર તો આ તો નથી જ એમ કહે છે. પણ એક સમયની પર્યાયને માનનારો, એ પણ વસ્તુ નથી એમ છે એને. એક સમયની પર્યાય જેમ બૌદ્ધ. પણ એ બૌદ્ધ એટલે જે એક સમયની પર્યાયને આત્મા માને એ બૌદ્ધ છે બધા. આહાહા..! કેમકે વર્તમાન વર્તતી પ્રત્યક્ષ

જે છે ચીજ, એને—પર્યાયને જ આત્મા માને છે, પણ પર્યાયથી કોનાથી ખડી, કોના ઉપર થઈ? એ પર્યાય ઊભી-ખડી કોને આધારે થઈ? અદ્ધર થઈ? કોઈ ચીજ દળ છે, ચૈતન્યદળ ધાતુ પૂર્ણાનંદનો નાથ વજ્ર જેવો, એને આધારે ઉત્પન્ન થઈ છે. એટલે જે ક્ષણિક પર્યાયને જ માનનારા છે, એ પણ મિથ્યાદૃષ્ટિ ક્ષણિક એ પણ બૌદ્ધની જેવા નાસ્તિક છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો કહે છે કે એ (જીવ) નથી માનનારા એ ભ્રમમાં પડ્યા છે. બીજી વાત. '**સાંખ્યમ-તાનુસાર આત્મા ભૂતજ અર્થાત્ સર્વથા સ્વભાવસિદ્ધ શુદ્ધસ્વરૂપ જ છે.**' એમ માને. આ બીજો બોલ. છે આ બાજુ પાછળ છે. એ સદાશિવ છે આત્મા તો. ઓલાએ ના પાડી, ત્યારે આ કહે પવિત્ર અને સદાય શુદ્ધ જ છે પર્યાયથી. ઓલો કહે આત્મા જ નથી. આ કહે કે આત્માને સાધન કરવાનું છે જ નહિ. છે ખરો. પણ એ પૂર્ણાનંદ સ્વરૂપ પર્યાયમાં હોં. સદાશિવસ્વરૂપ છે. એવા માનનારને પણ '**તેને સર્વ અવસ્થાઓમાં શુદ્ધ જ માને છે.**' છે? બધી અવસ્થાઓમાં પણ એ શુદ્ધ જ પર્યાયને માને છે.

'**નિર્વાણ માટે સમ્યક્જ્ઞાન, ધ્યાન, તપાદિરૂપ પુરુષાર્થની તેમને આવશ્યકતા નહિ જણાતી હોવાથી,...**' આહાહા..! જ્યારે અવસ્થા પણ.. એમ તો કહ્યું છે નહિ? શ્રીમદ્‌માં આવ્યું છે ને કે દિગંબરના આચાર્યોએ આત્માને મુક્તસ્વરૂપ જ જાણ્યો છે. મોક્ષસ્વરૂપ કહો (કે) મુક્તસ્વરૂપ જ છે. એને મોક્ષ કરવો પર્યાયમાં એ તો પર્યાયની વાત છે. વસ્તુ તો મોક્ષસ્વરૂપ જ છે. ફક્ત માન્યું હતું કે રાગના સંબંધવાળો છું. સંબંધ કહો કે બંધ કહો. વિકલ્પની વૃત્તિ છે તેની સાથે સંબંધ કહો કે બંધ કહો. એ માન્યું હતું એ વિચારમાંથી છૂટી ગયું કે હું રાગના સંબંધમાં-બંધમાં છું જ નહિ. વસ્તુ એના સંબંધમાં અને બંધમાં કેમ હોઈ શકે? એવી જે ધારણા મિથ્યા હતી એ છૂટી ગઈ, એ જે છે એ છે. એ તો મોક્ષસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? પણ એ શુદ્ધનયને અનુસારની વાત છે. પર્યાયનયના અનુસરનારા આ રીતે માને તો રખડી મરે. પર્યાયમાં પણ આ પ્રમાણે અશુદ્ધતા નથી અને (ત્રિકાળ) શુદ્ધતા છે એમ માને તો અંદર શુદ્ધતા તરફ પ્રયત્ન કરીને શુદ્ધતા પ્રગટ કરવી એ એને રહેતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! બધું બહુ સમજવા જેવી વાત છે આ. લાદીમાં બધા કેટલા વર્ષ ગાળ્યા લ્યો! ઘણાં વર્ષ. આહાહા..!

બીજાને જોવાને જે નજરું તેં કરી છે તે બંધ કર. બીજાને જોવા માટે તું આંધળો થા. એમ કહે છે. છે? અનુભવપ્રકાશમાં. અને પોતાને જોવા માટે હજાર આંખ પ્રગટ કર. હજાર નેત્ર. બીજાને જોવા માટે આંધળો થઈ જા, કેમકે બીજી ચીજ તારામાં નથી એને જોઈને શું કામ છે તારે? આહાહા..! પોતાને જોવા માટે.. પોતાને સમજ્યાને? અપનેકો. પોતાને જોવા માટે હજાર નેત્ર ખોલ. જેમ ભગવાનના શરીરને જોવા માટે ઈન્દ્રે હજાર નેત્ર કર્યા હતા. શરીરનું રૂપ ઈન્દ્રે જોયું ને? એક આંખે તૃપ્તિ ન થઈ. હજાર આંખ બનાવી. એ તો પરને એના શરીરની સુંદરતાને જોવાને માટે હજાર આંખ કરી. પણ ભગવાન આત્મા સુંદર પવિત્ર કેવો છે એને માટે તારે હજાર નેત્ર ખોલવા પડશે. સમજાણું કાંઈ? આવી વાતું ભારે ઝીણી.

મુમુક્ષુ :- મોક્ષનો યત્ન છે.

ઉત્તર :- હા અંદર છે.

જ્ઞાનની પર્યાયમાં દ્રવ્યને જ્ઞેય બનાવીને, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ધ્યાનનો વિષય એને ધ્યેય બનાવીને. ધ્યેય બનાવીને કહો, જ્ઞેય બનાવીને કહો, તે પર્યાયનું અંદરમાં ધ્યાન સ્વમાં જ્યારે જાય છે ત્યારે એને હાથ આવે છે કે આ આત્મા. સમજાણું કાંઈ? આહાહા..! એ અહીં કહે છે. સાંખ્યમત તો સર્વથા શુદ્ધ માને છે. સર્વથા શુદ્ધ છે. શુદ્ધ છે એને પછી શુદ્ધ કરવાનું રહેતું નથી. એ અયત્નસાધ્ય થઈ ગયું એને.

'**સમ્યગ્જ્ઞાન, ધ્યાન, તપાદિરૂપ પુરુષાર્થની તેમને આવશ્યકતા નહિ જણાતી હોવાથી, તેમના મતે મોક્ષ અયત્નસાધ્ય છે.**' અયત્નસાધ્ય છે એટલે કે મોક્ષ કરવો છે એવું છે નહિ. આહાહા..! સમ્યગ્દર્શનમાં... આહાહા..! અનંત પ્રયત્ન છે એ. સમ્યગ્દર્શન એ પર્યાયમાં છે. એ પર તરફના વલણથી શ્રદ્ધા જે રોકાય છે એને અંતરમાં વાળવામાં અનંત પુરુષાર્થ છે. એના પુરુષાર્થમાં એ શ્રદ્ધાની પર્યાયમાં આખો ભગવાન પાચન થઈ જાય છે. ઓહો..! વાણીથી નહિ, વિકલ્પથી નહિ, સ્વભાવની શ્રદ્ધા દ્વારા આખો સ્વભાવ શ્રદ્ધામાં આવી જાય છે, ત્યારે તેને પાચનશક્તિ પ્રગટ થઈ. આખો આત્મા પાચન કરી નાખ્યો, અને જ્ઞાનનો સ્વભાવ પ્રકાશક છે. સમ્યગ્દર્શનનો સ્વભાવ પાચક છે, પૂર્ણાનંદને પચાવે છે.

મુમુક્ષુ :- આ વાત તો અનોખી છે.

ઉત્તર :- અનોખી છે. આહાહા..!

એથી તો આ ચાલે છે એ વાતને એમ થયું છે ને? કે ભાઈ! સમ્યગ્દર્શન છે એ તો નિર્વિકલ્પ છે. અને તેનો વિષય પણ નિર્વિકલ્પ છે. એમાં એનો વિષય પર્યાય નથી. સમ્યગ્દર્શનનો વિષય પર્યાય નથી. પણ જે સમ્યગ્દર્શન થયું, પૂર્ણાનંદને પાચન કરીને પ્રતીત જે નિર્વિકલ્પ ઉત્પન્ન થઈ. આહાહા..! અને સુખના સ્વાદ લેતી ઉત્પન્ન થઈ દશા. સમજાણું કાંઈ? એની સાથે જે જ્ઞાન થયું, એ જ્ઞાનનો તો સ્વપરપ્રકાશક બેયને જાણવાનો સ્વભાવ છે. શ્રદ્ધાને તો પોતે કોણ છે એને જાણવાનો સ્વભાવ નથી. એ જ્ઞાન જે થયું એને તો ત્રિકાળી દ્રવ્યનું પણ પ્રતીત છે, ખ્યાલ છે અને પર્યાયમાં અપૂર્ણતા છે અને મલિનતા છે તેનો પણ એને જ્ઞાનમાં ખ્યાલ છે. સમજાણું કાંઈ? જ્ઞાન બેય પડખાને જાણે છે. આહાહા..! પ્રકાશક છે ને?

ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય જે સમકિતનો વિષય છે એને એ નિશ્ચયનયથી જાણે છે અને એ જ નયનો જ્ઞાનનો એક વ્યવહાર ભાગ વર્તમાનમાં પર્યાયની અપૂર્ણતા, મલિનતા અને દુઃખ છે એ પણ જાણે છે. ત્યારે તે દ્રવ્ય અને પર્યાયનું સાચું જ્ઞાન ભેગું થયું. સમજાણું કાંઈ? એ જ્ઞાનમાં પ્રકાશનો સ્વભાવ છે. દ્રવ્ય છે એવું જાણે, પર્યાય અપૂર્ણ અને મલિનતા એને પણ જાણે. જ્યાં સુધી પૂર્ણ પરમાત્મા થયો નથી ત્યાં સુધી પર્યાયમાં મલિનતા છે, દુઃખ છે, ત્યાં સુધી દુઃખ છે. સાધક છે તો બાધકપણાનો ભાવ એને થયો છે ને? એ બાધકપણું છે એ દુઃખ છે. સાધકસ્વભાવમાં ત્રિકાળીને આશ્રયે પ્રતીત

થઈને જે રમણતા આદિ અંશ થયો એ તો નિર્મળતાનો અંશ છે. પણ હજી બાકી પૂર્ણ નથી થયું, એથી એનો મલિનતાનો ભાગ એક દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ પ્રશ્ન આવ્યો છે હમણાં બે દિ' પહેલાં. શેઠિયાથી. દીપચંદ શેઠિયા છે ને? સરદારશહેર. એ પહેલા દૃષ્ટિમાં બહુ ફેર છે ને? બહુ ફેર છે. એ તો આ એની દીકરી છે. દીકરાની દીકરી. દીકરાની દીકરી. એની પાસે લખાવ્યું છે. છે કાગળ ક્યાંક. શેમાં છે? પરમાત્મપ્રકાશમાં છે. બાર દિ' પહેલાં. વિનય વંદન. સરદાર શહેર. 'બહોત દિનોં સે મેરી તુચ્છ બુદ્ધિમેં યહ આ રહા હૈ.' દીકરી લખે છે. પણ ભાવ એનો છે ને. 'કિ જ્ઞાની દોષ કો દોષ જાનકર દોષસે હટતા હૈ, યહ તો આગમ પ્રમાણ હૈ. યા જ્ઞાની દોષ કર્તા-ભોક્તા બનકર દુઃખી બનતા હૈ યહ આગમ પ્રમાણ હૈ?' એમ પ્રશ્ન કર્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એ પોતે પ્રશ્ન. એ તો છોકરી લખે છે. એમ કરીને અહીં સમાધાન માગે છે. એમ કે મારી તુચ્છ બુદ્ધિ અનુસાર સત્ય આ છે. એમ. કે જ્ઞાનીને દુઃખનું કર્તાપણું, ભોક્તાપણું, દુઃખનું વેદન નથી એમ કહે છે. એમ એ આગમ પ્રમાણ છે એમ. પણ જ્ઞાનીને દુઃખનો રાગાદિનો કર્તા, એનો ભોક્તા અને એ દુઃખી—એવું કોઈ આગમપ્રમાણ છે? પણ એ જ આવ્યું આગમપ્રમાણમાં. હઠે છે દોષથી, એમ તો આવ્યું ને? જ્ઞાની દોષથી હઠે છે આમ. આ બાજુનું વલણ છે ને? તો હઠે છે, એ છે એમાંથી હઠે છે કે નથી એમાંથી હઠે છે? તો છે કે નહિ એ? રાગ અને દ્વેષનો અંશ એને કર્તાપણે જ્ઞાનીને પણ છે. કર્તવ્ય તરીકે નહિ, કરવા લાયક છે એ તરીકે નહિ. પણ પરિણમન કરે છે તો છઠ્ઠા ગુણસ્થાનવાળા ગણધરને પણ મહાવ્રતનો વિકલ્પ ઉઠે, (તો) કર્તાપણે પરિણમન છે. આહાહા..! બ્રહ્મચારીજી! આવી વાતું છે.

ભોક્તાપણે રાગ છે. ધર્મી રાગને કરે છે અને રાગને ભોગવે છે અને એ દુઃખનું વેદન છે એને. આહાહા..! રાગ છે એ તો દુઃખ છે. એ આવ્યું છે ને છ ઢાળામાં નહિ? 'રાગ આગ દાહ દહે સદા...' એ છ ઢાળામાં આવે છે ને? 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' ધન્નાલાલજી! ધર્માત્મા ગણધરને, અરે.. તીર્થંકર પોતે જ્યારે મુનિ હોય છદ્મસ્થમાં, એને પણ જે વિકલ્પ ઉઠે છે તે દુઃખ છે. એ દુઃખનું વેદન છે. આનંદનું વેદન સ્વભાવને આશ્રયે છે એ તો ચારિત્રનું કીધું ને કે દાહક છે. સ્વરૂપમાં રમણતા કરતા રાગનો એ નાશ કરે છે. દાહક છે. જેમ અગ્નિ લાકડાને બાળે છ, એમ ચારિત્ર રાગને બાળે છે, નાશ કરે છે. પણ નાશ કરે છે, એ છે એનો નાશ કરે છે ને? પણ જ્યાં સુધી છે ત્યાં સુધી સુખ ક્યાંથી છે? જ્યાં સુધી રાગ છે... આ આગમ પ્રમાણ છે? એ આગમ પ્રમાણ નથી એમ એને ખ્યાલમાં છે. એ છે ને

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છે ને. એ પહેલા પ્રશ્ન બધું ઘણું ચાલ્યું હતું. પણ એમાં કહ્યું કે દોષથી હઠે છે એ આગમપ્રમાણ છે. પણ હઠે છે એવો જ્યાં શબ્દ છે ત્યાં 'છે' એમ તો થઈ ગયું. દોષ છે હજી. તો છે એ શું ચીજ છે?

ધર્માત્મા સંતને અને મુનિઓને અને શ્રાવકને અને સમકિતીને. છે રાગ એ શું ચીજ છે? દુઃખ છે. દુઃખનું વેદન છે. દુઃખનું વેદન ન હોય તો પૂર્ણ આનંદનું વેદન હોવું જોઈએ. મિથ્યાદષ્ટિને પૂર્ણ દુઃખનું વેદન છે. કેવળીને પૂર્ણ આનંદનું વેદન છે. સાધકને આનંદની સાથે થોડું દુઃખનું વેદન છે. ધન્નાલાલજી! કાલે તો બહુ ખુલાસો આવ્યો હતો. કાલનું વ્યાખ્યાન જિંદગીમાં નહોતું કર્યું એવું હતું કાલે. પણ એ તો આવ્યું હતું જરી ઓલું આ. દરેક કર્મ ઉપર ઉતાર્યું હતું.

ભાઈ! ચોથે ગુણસ્થાને કાંઈ કર્મબંધન છે કે નહિ? કે તદ્દન અબંધ છે? ત્યારે જે ચોથે ગુણસ્થાને જે કર્મ બંધાય છે એનું નિમિત્તપણું એ શું ચીજ છે?

મુમુક્ષુ :- વિભાવભાવ.

ઉત્તર :- એ વિભાવભાવ છે, દુઃખ છે. એ એને નથી બેસતું. કારણકે ઓલા ભાઈ નિહાલભાઈએ એમ કીધું છે ને કે અમને તો વિકલ્પ ભટ્ઠી જેવું લાગે છે. એ એને એમ થઈ ગયું આ શું? એવું હોઈ શકે નહિ. એમ. આહાહા..! પણ રાગ દાહ અગ્નિ છે, ચાહે તો શુભરાગ પંચમહાવ્રતનો વિકલ્પ હોય એ અગ્નિ છે. 'રાગ આગ દહે સદા...' શાંતિને જલાવે છે, રાગ જલાવે છે. આહાહા..! 'તાતૈં સમામૃત સેઈએ.' સમામૃત સમભાવ, રાગથી હઠીને સમામૃત-વીતરાગભાવરૂપી અમૃતનું સેવન કર. છ ઢાળામાં આવે છે ને.

અહીં કહે છે કે એ જ્ઞાન પ્રકાશે. એ તો સ્વદ્રવ્યને જાણે છે અને પર્યાયમાં જેટલું કર્મનો બંધ થાય તો એને કારણે થાય, પણ એને નિમિત્તપણે જે ભાવ હોય એ જીવની પર્યાયનો છે ભાવ. ચોથે, પાંચમે, છઠ્ઠે કર્મ છે કે નહિ? બંધાય છે કે નહિ? કે બિલકુલ કર્મબંધન વિનાની એ ચીજ છે પર્યાયમાં? દ્રવ્યમાં બંધ વિનાની ચીજ છે. શશીભાઈ! આ તમારા ઓલા લખાણ પુસ્તકમાંથી આ બધું કાઢ્યું છે એનો વિરોધ કર્યો લ્યો. લાલભાઈ અને આ બેયે ભેગા થઈને લખ્યું કે નહિ? પુસ્તક. સોગાનીનું. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. આપ્યું ને? આપ્યું છે. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. આ બેયે ભેગા થઈને કર્યું છે. આ અને લાલભાઈ, લાલચંદભાઈ. હમણાં રહી ગયા, છ દિવસ રહી ગયા. મુંબઈ. એમ એ વાંચીને એને ધડાકા લાગ્યા. આ વળી કોણ નીકળ્યું? કહે અને કહે, અમને દુઃખ લાગે છે, ભટ્ઠી લાગે છે, હવે આ શું?

બાપુ! જ્યાં સુધી વીતરાગતા નથી પર્યાયમાં, ત્યાં સુધી વીતરાગી પર્યાયનો અંશ પણ છે અને રાગનો અંશ પણ છે. એક પર્યાયના બે ભાગ છે. એટલે દુઃખ વેદે છે. કેમકે બંધનના નિમિત્તરૂપે ભાવ એ રાગ અને દોષ હોઈ શકે. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- બંધરૂપ છે ને?

ઉત્તર :- બંધનું કારણ થાય છે ને. બંધનું કારણ થાય છે ને? બંધનું કારણ એ ધર્મ થાય? નિર્દોષદશા બંધનું કારણ થાય? આહાહા..!

કહે છે કે જ્ઞાન તો બેયને જાણે અને સ્વરૂપની રમણતા, ચારિત્ર એ રાગને બાળે. જેમ અગ્નિ બીજાને દાહક લાકડાને બાળીને રાખ કરે, એમ ભગવાન આત્મા, પ્રતીતિની પર્યાયમાં પાચક, જ્ઞાનની

પર્યાયમાં સ્વ અને પર્યાયનો પ્રકાશક, ચારિત્રની પર્યાયમાં રાગની અનુત્પત્તિરૂપી દાહક. ઓહોહો..! આવું વસ્તુસ્વરૂપ છે ત્યાં.. આહાહા..! એ અહીં કહ્યું જુઓ! કે જો એ આત્મા તદ્દન પવિત્ર જ હોય તો એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ધ્યાન આદિ પુરુષાર્થની તેમને આવશ્યકતા રહેતી નથી. આહાહા..! '**તેમના મતે મોક્ષ અયત્નસાધ્ય છે.**' એને અયત્નસાધ્ય છે જ એમ કહે છે. અનાદિ શુદ્ધ જ છે. એ પણ વાત ખોટી છે. '**માટે સાંખ્યની કલ્પના પણ યુક્તિસંગત નથી.**'

હવે ત્રીજું. '**જૈનમતાનુસાર...**' વાસ્તવિક વીતરાગ પરમાત્માના અભિપ્રાયને અનુસારે '**સ્વરૂપ-સંવેદનાત્મક ચિત્ત્વૃત્તિના નિરોધના...**' સ્વરૂપ સંવેદનાત્મક ચિત્તવૃત્તિના નિરોધના '**દૃઢ અભ્યાસ દ્વારા સર્વ વિભાવ પરિણતિને હઠાવી...**' આહાહા..! '**શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિરતારૂપ નિર્વાણ યત્નસાધ્ય છે.**' વીતરાગના અભિપ્રાય અનુસાર સ્વરૂપ સંવેદન સ્વરૂપ એવી જ્ઞાનની પરિણતિનું નિરોધના દઢ અભ્યાસ દ્વારા. એટલે કે ચિત્તવૃત્તિ અસ્થિરતાના નિરોધ દ્વારા 'દઢ અભ્યાસ દ્વારા સર્વ વિભાવ પરિણતિને હઠાવી શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિરતારૂપ નિર્વાણ યત્નસાધ્ય છે.' આહાહા..!

કળશટીકામાં તો એમ કહ્યું છે યત્નસાધ્ય નથી. આવે છે ને? એ કળશ. ત્યાં એણે કાળ ઉપર જરી વજન આપ્યું છે. અહીં તો યત્નસાધ્ય છે. કેમકે કાળલબ્ધિ વખતે પ્રાપ્ત થાય, પણ એ કાળલબ્ધિનું જ્ઞાન થાય કોને? કે ધારી દેવી છે વાત એકલી કાળલબ્ધિ... કાળલબ્ધિ? કાળલબ્ધિનું જ્ઞાન એને થાય યથાર્થ કે જેણે સ્વભાવ સન્મુખ પ્રયત્ન કરીને નિર્મળદશા પ્રગટ કરી છે એને કાળલબ્ધિનું જ્ઞાન તેના જ્ઞાનમાં થાય. આહાહા..! વસ્તુ એવી છે. પાંચેય સમવાય ત્યાં સિદ્ધ થાય. જેણે ભગવાન આત્મામાં પ્રયત્નથી જ્યાં પુરુષાર્થથી સાધન ઊભું કર્યું, ત્યાં પુરુષાર્થ આવ્યો, સ્વભાવ આવ્યો, એ એ જ કાળે પ્રગટ થવાનો હતો કાળલબ્ધિ એનું જ્ઞાન થયું અને તે કાળે તે જ ભાવ થવાનો હતો ભવિતવ્યતા પણ થઈ, અને તે કાળે કર્મના નિમિત્તનો જેટલો અભાવ છે એ પણ સિદ્ધ થઈ ગયું એ નિમિત્તનો અભાવ. આહાહા..! સમજાણું કાંઈ? કળશટીકામાં છે એ યત્નસાધ્ય અને સહજસાધ્ય. એ અપેક્ષાથી વાત કરી છે.

અહીં કીધું કે યત્નસાધ્ય છે. કેમકે એ આ કાળે થશે એવું જાણ્યું કોણે? જ્ઞાનમાં એને આવ્યું ક્યારે? સમજાણું? કે જ્યારે એણે એ પુરુષાર્થથી યત્નસાધ્યથી—યત્નથી જેણે સ્વભાવને સાધ્યો. આહાહા..! પુરુષાર્થ દ્વારા જેણે શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ કરી, ત્યારે તેને સ્વભાવની શ્રદ્ધા થઈ, પુરુષાર્થની થઈ, કાળલબ્ધિની થઈ, ભવિતવ્યતાની થઈ અને તેટલો કર્મનો અભાવ છે એમ પણ એની શ્રદ્ધામાં આવી ગયું. પાંચેય સમવાયની શ્રદ્ધા. આહાહા..! એક કારણ હોય અને બીજા કારણ ન હોય એને કારણ કહેતા નથી. છે? ક્યાં? મોક્ષમાર્ગ પ્રકાશક. એક કારણ હોય અને બીજા કારણ (ન હોય) એ વસ્તુ જ નથી. એક કારણ હોય ત્યાં બધા કારણ હોય જ સાથે. મોક્ષમાર્ગ પ્રકાશક. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકે તો બહુ કામ કર્યું, ઘણું કામ કર્યું છે.

મુમુક્ષુ :- આપે ખુલાસો કર્યો છે.

ઉત્તર :- વસ્તુ જ આ છે ને. વસ્તુ જ એવી છે ત્યાં... આહાહા..!

એ અમારે તો બહુ ચર્ચા ચાલતી હતી ને સંપ્રદાયની? એક દામોદર શેઠ હતા. અહીં ગૃહસ્થ હતા. તે વખતે ૬૦ વર્ષ પહેલાં તો પૈસા બહુ નહોતા ને બહારમાં. એને દશ લાખ રૂપિયા હતા. ૬૦-૭૦ વર્ષ પહેલાં. દામનગર. એની શ્રદ્ધા પુરુષાર્થથી થાય એવી શ્રદ્ધા નહોતી એની. જે કાળે થવાનું હશે ત્યારે થાશે. ભગવાને દીઠું ત્યારે. અને એ તો ત્યાં સુધી કહેતા કે ભગવાન જ્યારે સર્વજ્ઞ છે એણે તો દીઠું છે (તો) એ પુરુષાર્થ કરવાનું કેમ કહે? અરે.. આ વખતે આમ થાશે એ તો જોયું ને. પુરુષાર્થ કરવાનું ભગવાને કહ્યું છે કે તું પૂર્ણાનંદનો નાથ છો એની દૃષ્ટિ કર એ પુરુષાર્થ છે. એ પુરુષાર્થ છે. પુરુષાર્થ બહારમાં કૂદવું છે?

મોટી ચર્ચા થઈ હતી. તે કાળલબ્ધિને આપતા. પણ કીધું કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય? કે કાળલબ્ધિ છે એટલું બસ ધારી રાખવું છે? કાળલબ્ધિ (એટલે) આ પ્રાપ્તિ આ જ કાળે થઈ. એનું જ્ઞાન કોને થાય? આહાહા..! ઝીણી વાતું થોડી છે. એ યત્નસાધ્ય છે પુરુષાર્થ કર્યો સ્વભાવ સન્મુખ, ત્યારે સ્વભાવનું જ્ઞાન, પુરુષાર્થનું જ્ઞાન, કાળલબ્ધિનું જ્ઞાન, ભવિતવ્યતાનું જ્ઞાન અને નિમિત્તના અભાવનું જ્ઞાન. આહાહા..! પાંચેય કારણનું જ્ઞાન એક સમયમાં થાય છે. આહાહા..!

પછી તો એની સાથે વાત ચાલતી હતી ભાઈ એક વાત ચાલતી હતી. એક શબ્દ છે. આચારાંગમાં પહેલા શ્રુતસ્કંધમાં. '**आणाणाए जे सोवठाणा, आणाए जे निरुवठाणा एवं ते मा होउ**' એવો શબ્દ છે પહેલા શ્રુતસ્કંધનો. હે ગૌતમ! ત્યાં તો એમ બોલતાને એ લોકો. '**आणाणाए जे सोवठाणा,**' એક એક જીવો જ્ઞાનમાં પુરુષાર્થ આજ્ઞા પ્રમાણે કરતા નથી અને એક '**आणाए जे**' એ આજ્ઞા બહારનો પુરુષાર્થ કરે છે. '**एवं ते मा होउ**' એવો શબ્દ છે ભાઈ આચારંગમાં. એ લોકોને બરાબર બેસતું નહોતું. અમારા ગુરુ હતા બિચારા એ પણ ભદ્રિક હતા. શાંત, પ્રસિદ્ધ બહુ હતા, પણ આ જાતનું નહોતું તો એ... પછી હું કરતો ત્યાં. ૭૧ની સાલ હોં. જુઓ શું કહે છે આ?

'**आणाणाए जे सोवठाणा, आणाए जे निरुवठाणा**' આજ્ઞામાં પુરુષાર્થ કરતા નથી અને આજ્ઞા બહારમાં પુરુષાર્થ કરે છે એ શિષ્ય અમને ન હજો. ભાઈ! સમજાણું? '**मा होउ**' તે દિ' વ્યાખ્યાન ચાલતું ને. અહીં તો ૫૮ વર્ષથી ચાલે છે આ. વ્યાખ્યાન હજારો માણસમાં ૫૮ વર્ષ થયા. ૭૪ની સાલથી ધારાવાહી ચાલે છે વ્યાખ્યાન. સંપ્રદાયમાંથી. હજારો માણસો. હે શિષ્ય! ભગવાન એમ કહે. ત્યાં એ રીતે બોલે છે ને. એને તો ક્યાં વાણી છે ભગવાનને એવી? એ તો દિવ્યધ્વનિ. એક વ્યક્તિને ઉદ્દેશીને નથી. પણ એ લોકોમાં એ વાત છે એનામાં. હે શિષ્ય! '**आणाए जे निरुवठाणा**' વીતરાગની આજ્ઞામાં પુરુષાર્થ કરતા નથી અને આજ્ઞા બહારમાં પુરુષાર્થ કરે છે, હે શિષ્ય! '**एवं ते मा होउ**' આ થોડું-થોડું આવતું હતું ૮૨માં. હતા કે નહિ તમે? થોડું-થોડું? વજુભાઈ હતા વજુભાઈ. કહો, વજુભાઈ! ૮૨ની સાલ. વઢવાણ-વઢવાણ ચોમાસામાં. ૧૮ ને ૩૧, ૪૯ વર્ષ થયા. ભાઈ હતા ત્યાં નોકરી હતી. નહિ નોકરી હતી કે નહિ? નહોતી. નહોતી.

મુમુક્ષુ :- નોકરી નહોતી પણ..

ઉત્તર :- પણ એ પછી એણે નાખ્યું ને ઓલું? વીર વાક્ય. આ વ્યાખ્યાનમાંથી કાઢીને. ૮૨ની સાલમાં. સ્થાનકવાસીમાં આવતા. આહાહા..! ત્યારે આમ કહેતા હોં. હે શિષ્ય! સર્વજ્ઞની આજ્ઞામાં પુરુષાર્થ નથી અને આજ્ઞા બહારનો તને પુરુષાર્થ છે, ન હજો. કીધું, આ શું કીધું આ? આ પુરુષાર્થ કરવાનું કીધું કે નહિ? પણ એમ કે એ તો એમ કીધું એણે કે આજ્ઞામાં પુરુષાર્થ નથી તે કરજે અને અણાગમ.. એટલી વાત એણે કરી. પણ એમાં શું આવ્યું? કીધું. આહાહા..!

આજ્ઞા બહારનો પુરુષાર્થ તને વર્તે છે અને આજ્ઞામાં પુરુષાર્થ, ભગવાનની આજ્ઞાનો પુરુષાર્થ નથી. શિષ્ય એ ન હશો તને. એટલે કે આજ્ઞા પ્રમાણે પુરુષાર્થ કરજે. આજ્ઞા બહાર પુરુષાર્થ કરીશ નહિ. આ યત્નસાધ્ય. આહાહા..!

કહે છે, '**અને તેવા પ્રકારના આત્મસ્વરૂપનો અનુભવ કરનારને કર્મનો અભાવ સ્વયં થવાથી નિર્વાણની સિદ્ધિ કર્મ અપેક્ષાએ પ્રયત્ન વિના...**' કર્મનો અભાવ પ્રયત્ન વિના થાય છે. એમ જડ તો જડ છે, એને ક્યાં પ્રયત્નથી નાશ કરવો છે? એ તો એને કારણે નાશ થવાની લાયકાતથી નાશ થાય છે. કેમકે '**અયત્નસાધ્ય થાય છે, કેમકે કર્મ પુદ્ગલ છે.**' તે મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. '**તેની અવસ્થા જીવ કરી શકતો નથી;...**' કર્મને બાંધવાની અવસ્થા કરે અને તોડવાની, એ આત્મા કરી શકતો નથી. એ તો પુરુષાર્થ સ્વભાવમાં લગાવ્યો અને તે કાળે તે કર્મની પર્યાય અકર્મપણે થવાની લાયકાતથી તે થઈ, એનું નામ કર્મનો નાશ... કર્મનો નાશ.. એટલે શું? કર્મની પર્યાયપણે પરમાણુનું પરિણમન હતું એ અકર્મરૂપે થયું, એ એને કારણે થયું છે. યત્નથી અકર્મરૂપે થયું છે (એમ નથી). સમજાણું કાંઈ?

'**તેના અભાવ માટે જીવને કોઈ પ્રયત્ન કરવો પડતો નથી.**' અયત્નસાધ્ય સિદ્ધ કર્યું. અયત્નસાધ્ય ત્રણ પ્રકારે સિદ્ધ કર્યું. કે જે આત્માને ચાર્વાકની પેઠે માનતો નથી એને પણ યત્નસાધ્યપણું રહેતું નથી, અયત્નસાધ્ય થઈ ગયું એને. જેને પૂર્ણાનંદની પ્રાપ્તિ જ છે, શિવસ્વરૂપ જ છે સિદ્ધ સમાન અનાદિથી, એને મુક્તિ કરવા માટે યત્નસાધ્ય નથી, એને અયત્નસાધ્ય છે. અને ત્રીજો આ કે પોતાના પુરુષાર્થથી જ્યારે સાધન યત્નસાધ્ય કરે છે ત્યારે કર્મ અયત્નસાધ્ય એની મેળાએ નાશ થાય છે. સમજાણું કાંઈ? એ વગેરે વગેરે વાત છે ત્રણની... વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પાઠકોની નોંધ માટે

Vitragvani
www.vitragvani.com